|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

✻

વર્ષ ૫ : અંક ૧ લો
એપ્રિલ, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૨૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નમ્ર નિવેદન

શ્રી વલ્લભ સુધા આ અંકથી પાંચમાં વર્ષમાં પ્રવેશે છે. વિતેલ ચાર વર્ષોમાં આપણે યત્ કિંચીત્ ભગવદ્ ગુણાનુવાદનો લાભ આ પત્રિકા દ્વારા મેળવેલ છે. તેમ જ આં રા. પુ. વૈષ્ણવ પરિષદના સંગઠન કાર્યની પણ પ્રેરણા પૂ. પા. આચાર્ય ચરણો દ્વારા મેળવી છે તે પરંપરા આ નવા વર્ષમાં વધુ સારી રીતે આપણે જાળવીએ-માણીએ. તેજ જીવનનું સાફલ્ય છે.

શ્રી વલ્લભ સુધામાં સારું સરળ અને ઉચ્ચ ભાવના યુકત સાહિત્ય આ નવા વર્ષમાં અપાય અને વૈષ્ણવો હોંશે હોંશે શ્રી વલ્લભ સુધા વાંચે તેવી અમારી ભાવના છે. અને ભગવદ્ કૃપાથી તે ભાવનાને પોષણ મલે તેવા કેટલાંક સુયોગ્ય લેખકનો સહયોગ અમોને આ વર્ષમાં પ્રાપ્ત થયો છે. તથી, પૂ. પા. શ્રીપ્રથમેશજી મહારાજશ્રીએ કૃપા વિચારી અમોને આ નામ સેવાના કાર્યમાં યોજયા છે તે કાર્ય-પરિષદનું સગઠન કાર્ય વધુ સુચારૂ રૂપે કરવા શ્રીહરિ, શ્રીગુરૂદેવ, અને ભવદિઓની કૃપા વાંચ્છીએ છીએ.

-સંપાદક

પૃષ્ઠ પ્રકાશન સહાય (વાર્ષિક) રૂા. ૫૦૧/-
પ. ભ. શ્રી અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા
(કલકત્તા)
તરફથી પ્રાપ્ત થયેલ છે. જય શ્રીકૃષ્ણ

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૩૮મો)

ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા ભૂત્વા પ્રલીયતે ।
રાત્ર્યાગમેઽવશઃ પાર્થ પ્રભવત્યહરાગમે ॥૧૯॥

હે પૃથાના પુત્ર અર્જુન તે જ આ પરવશ ભૂતસમુદાય ઉત્પન્ન થઇ થઇને રાત્રિ થાય છે ત્યારે લયને પામે છે અને દિવસ થાય છે ત્યારે ઉત્પન્ન થાય છે. ॥૧૯॥

અવ્યક્ત એવા અક્ષરમાં પ્રવેશ પામેલાઓ ફરીને જન્મ પામે છે, એમ 'ભૂતગ્રામઃ' વગેરે શબ્દોથી કહે છે. પહેલાં કહ્યા પ્રમાણે જ, આ ચોતરફ દેખાઈ રહેલો અને મારા સંબંધ વગરનો તે ભૂત–સમૂહ એટલે કે ચર અને અચર બધું ઉત્પન્ન થઇ થઇને બ્રહ્માની રાત્રિ થતાં પરવશ એવા તેઓ અવ્યક્તમાં સમાઇ જાય છે. 'હે પાર્થ,' એવું સંબોધન સાવધાનતાથી તું સાંભળ, એમ સૂચવે છે. તે જ બ્રહ્માનો દિવસ શરૂ થતાં પરવશ એવા તેઓ ઉત્પન્ન થાય છે, એમ અર્થ છે. ॥૧૯॥

પરસ્તસ્માત્તુ ભાવોઽન્યોઽવ્યક્તોઽવ્યક્તાત્સનાતનઃ ।

યઃ સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ ॥૨૦॥

પરંતુ તેનાથી પર બીજો ભાવ છે તે અવ્યક્ત છે. અવ્યક્તથી જે સનાતન ભાવ છે તે સર્વે ભૂતો નાશ પામે છે ત્યારે નાશ પામતો નથી. ॥૨૦॥

એ પ્રમાણે બ્રહ્મલોકને પામેલાઓનો પુનર્જન્મ થાય છે, એમ કહીને ભગવાનની પ્રાપ્તિ થવામાં તેઓની નિષ્ફળતા દર્શાવવા માટે પોતાના સ્થાનનું સ્વરૂપ 'પરસ્તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે. 'તુ' શબ્દથી પહેલાં કહેલાનું શ્રેષ્ઠત્વ દૂર કરે છે. 'તસ્માત્' એટલે તેનાથી પહેલાંની ઉત્પત્તિના કારણરૂપ જે છે તેનાથી અન્ય ભાવ અવ્યક્ત છે, તેનું પણ મૂળભૂત છે તે સર્વશ્રેષ્ઠ છે, એમ કહેવાનું તાત્પર્ય છે. અવ્યક્તથી તે સનાતન, અનાદિસિદ્ધ, સર્વોત્તમ છે, એમ અર્થ છે. તેનું સ્વરૂપ કહે છે. સર્વ ભૂત નાશ પામે છે, છતાં તે નાશ પામતું નથી, વિકારને પામતું નથી, એમ અર્થ છે. ॥૨૦॥

અવ્યક્તોઽક્ષર ઇત્યુક્તસ્તમાહુઃ પરમાં ગતિમ્ ।
યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ॥૨૧॥

અવ્યક્ત એ કારણે અક્ષર કહેવાયેલ છે. તેને પરમ ગતિ કહે છે. જેને પામીને પાછા ફરતા નથી, તે મારું પરમ ધામ છે. ॥૨૧॥

એ પ્રમાણે અવ્યક્તનું સ્વરૂપ કહીને તેની જાણકારી માટે 'અવ્યક્તઃ' વગેરે શબ્દોથી વિશેષ કહે છે. અવ્યક્ત એટલે પ્રગટ નહિ તે, જાણવાને અશક્ય એવો જે ભાવ છે તે અક્ષર છે. અક્ષર એટલે જેનો ક્ષય થતો નથી, જે

ચલાયમાન થતું નથી તે. તે મારા ચરણના અંશરૂપ છે, એમ કહ્યું છે તે અક્ષરને વેદ વગેરેના જાણનારાઓ પરમ ગતિ કહે છે. પરમ ગતિ એટલે શ્રેષ્ઠને મળવા યોગ્ય ગતિ. અરે, તેઓ અક્ષરને પરમ ગતિ શી રીતે કહે છે? એવી શંકાના પ્રત્યુત્તરમાં 'યં પ્રાપ્ય ન નિવર્તન્તે' વગેરે શબ્દોથી કહે છે. જે સ્થાનને પ્રાપ્ત કરીને પછી પુનર્જન્મ થતો નથી તેથી તેને પરમ ગતિ કહે છે, એમ અર્થ છે. તેનું પરમ હોવાપણું ભગવાનના સંબંધથી છે, એમ 'તત્' વગેરે શબ્દોથી કહે છે. અક્ષરાત્મક એવું તે મારું ઉત્કૃષ્ટ ધામ છે, તે મારું ગૃહ છે, એમ અર્થ છે. તે મારું ઘર હોવાથી તેને પામીને પુનરાવૃત્તિ થતી નથી, એવો ભાવ છે. ।।૨૧।।

પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા ।
યસ્યાન્તઃસ્થાનિ ભૂતાનિ યેન સર્વમિદં તતમ્
।।૨૨।।

હે પૃથાના પુત્ર અર્જુન, જેની અંતર્ગત ભૂતો (ચર અચર બધું) છે અને જેના વડે આ બધું વ્યાપ્ત છે, તે પરમ પુરુષ અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. ।।૨૨।।

અરે, જેના ધામમાં ગયેલાઓ પાછા આવતા નથી, તેવા ભગવાન શી રીતે પ્રાપ્ત થવા યોગ્ય છે? એવી આકાંક્ષાવાળાઓને 'પુરુષઃ' વગેરે શબ્દોથી કહે છે. હે પાર્થ, હે મારા ભક્ત, તેવો હું સર્વથી પર, પુરુષોત્તમ અનન્ય ભક્તિથી એટલે કે ઐહિક અને પારલૌકિકમાં એક મારા શરણરૂપી અને મારા સિવાય અન્ય કશાના જ્ઞાન વગરની ભક્તિ વડે પ્રાપ્ત થવા યોગ્ય છું. તેવા ભગવાન કેવા પ્રકારના છે? એવા પ્રશ્નના ઉત્તરમાં 'યસ્ય' વગેરે શબ્દોથી કહે છે. જેની અંદર રહેલાં ભુતો એટલે કે ચર અને અચર, રમણના હેતુરૂપ જેની મધ્યે સમ રૂપે સ્થિત છે, જેના વડે આ ચારે તરફ દેખાતું સકળ જગત વ્યાપ્ત છે, તેવા પ્રકારનો તે છે. અહીં આ ભાવ છેઃ લૌકિક બધા ક્રીડામાં ઉપયોગી નથી હોતા. કારણ કે તેઓ વ્યવહારમાં આસક્ત હોય છે. આથી તેઓ જ્ઞાન વગેરે વડે મારા ધામને પ્રાપ્ત કરીને, મારામાં લીન થઈને ત્યાં જ મુક્ત થઈ જાય છે, એમ અર્થ છે જે ક્રીડાને માટે પ્રગટ થયા છે તેનાથી, અને તે તેનું અધિષ્ઠાન હોવાથી, આ જગત મારામાં વ્યાપ્ત છે, તે વિસ્તૃત થયેલું જગત દેખાઈ રહ્યું છે, એવો ભાવ છે. ।।૨૨।।

યત્ર કાલે ત્વનાવૃત્તિમાવૃત્તિં ચૈવ યોગિનઃ ।
પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ ।૨૩।

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન, હવે જે સમયે પ્રયાણ કરનારા યોગીઓ મોક્ષને અને વળી પુનરાગમનને પામે છે, તે કાળને હું કહીશ. ।।૨૩।।

અરે, અહીંથી ગયેલા જેઓ પાછા આવે છે તેઓ અહીં શી રીતે ઓળખાય? વગેરે શંકાના ઉત્તરમાં 'યંત્ર' વગેરે શબ્દોથી કહે છે. જે કાળે પ્રયાણ કરનારા યોગીઓ પુનર્જન્મને પામતા નથી અને વળી જે કાળે પ્રયાણ કરનારા પુનર્જન્મને પામે છે, હે ભરતશ્રેષ્ઠ, હે જ્ઞાનને યોગ્ય કુળમાં જન્મેલા, તે કાળને હું કહું છું, એવો અર્થ છે. ।।૨૩।।

અગ્નિર્જ્યોતિરહઃ શુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્ ।
તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ
।।૨૪।।

✓

તાપયુકત, પ્રકાશયુકત દિવસ, અજવાળિયું અને છ મહિના ઉત્તરાયણ, તેમાં પ્રયાણ કરનારા, બ્રહ્મના સ્વરૂપને જાણનારા પુરુષો બ્રહ્મને પામે છે. ।।૨૪।।

તેમાં પહેલાં પાછા નહિ ફરવાનું દર્શાવનારો કાળ કયો છે, તે 'અગ્નિઃ' વગેરે શબ્દોથી કહે છે. તાપયુકત અને પ્રકાશયુકત દિવસ, અજવાળિયું, છ મહિના ઉત્તરાયણનો સમય તેવી ગતિ થવામાં કારણભૂત છે. બ્રહ્મને જાણનારા એટલે કે ભકત જનો તે સમયમાં પ્રયાણ કરે છે. જ્યાથી પાછા ફરવાનું થતું નથી તેવા બ્રહ્મને તેઓ પામે છે, એટલે કે તેઓ ભગવાનના સ્વરૂપને પામે છે. અહીં આ ભાવ છે : આયુષ્યની સમાપ્તિથી કાળવશાત્ ઉત્તરાયણ વગેરે વિશિષ્ટ કાળમાં મરણ પામેલા બધાજ તેવા સ્વરૂપને પામે છે એવું નથી, પરંતુ ભગવાનના ભકતો ભીષ્મની જેમ તેવો સમય આવે છે ત્યારે ભગવાનમાં એક નિષ્ઠાને કારણે જેઓ પ્રાણ છોડીને પ્રયાણ કરે છે તેઓ તેવા સ્વરૂપને પામે છે, એમ અર્થ છે. એવો અર્થ દર્શાવવાને 'બ્રહ્મવિદઃ' (બ્રહ્મને જાનારાઓ) એમ કહ્યું છે. 'બ્રહ્મવિદઃ' એવો શબ્દ જ એમ જણાવનારો છે, એમ અર્થ છે. ।।૨૪।।

ધૂમો રાત્રિસ્તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ।
તત્ર ચાંદ્રમસ જ્યોતિર્યોગી પ્રાપ્ય નિવર્તતે ।।૨૫।

ધુમાડો, રાત્રિ તથા કૃષ્ણપક્ષ, છ મહિના સુધીનું દક્ષિણાયન, તે સમયમાં (પ્રયાણ કરનાર) યોગી ચંદ્રની જ્યોતિને પામીને પાછો આવે છે. ।।૨૫।।

પાછા ફરવાનું દર્શાવનારો કાળ કયો છે, તે 'ધૂમઃ' વગેરે શબ્દોથી કહે છે. તાપ અને પ્રકાશને અટકાવનારો ધુમાડો, રાત્રિ, અંધારિયું તેમ જ છ મહિના સુધીનું દક્ષિણાયન, તેવા સમયમાં પ્રયાણ કરનારો યોગી એટલે કે સકામ યોગી, સ્વર્ગ વગેરેનાં શીતલાત્મક સુખને મેળવીને, સુખનો ભોગવટો કરીને પાછો ફરે છે, પુનર્જન્મને પામે છે, એમ અર્થ છે. ।।૨૫।।

શુકલકૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે ।
એકયા યાત્યનાવૃત્તિમન્યયાઽઽવર્તતે પુનઃ ।।૨૬।।

અધિકારવાળાની આ જ શુકલ અને કૃષ્ણ બે ગતિઓ શાશ્વત મનાયેલી છે. એકથી મોક્ષને પામે છે, બીજીથી ફરીને પાછો આવે છે. ।।૨૬।।

એ પ્રમાણે બે પ્રકારનું સ્વરૂપ કહીને 'શુકલકૃષ્ણે' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે શુકલા અને કૃષ્ણા બે પ્રકારની ગતિ છે. પહેલાં કહેવાયેલી શુકલા અને બીજી કૃષ્ણા છે. આ બે પ્રકારની ગતિ જ્ઞાનીઓના પ્રયાણની સાથે સંબંધવાળી અને અધિકાર પ્રમાણેની છે. તે શાશ્વત મનાયેલી છે, એવો મારો મત છે. પહેલાં કહેવાયેલી શુકલા ગતિથી મોક્ષને પામે છે અને બીજી કૃષ્ણા ગતિથી ફરીને આવે છે. આ ભેદવાળા પ્રયાણ વગેરેથી અહીં તેનું સ્વરૂપ જ જાણવું, એમ અર્થ છે. ।।૨૬।।

નૈતે સૃતી પાર્થ જાનન્યોગી મુહ્યતિ કશ્ચન ।
તસ્માત્ સર્વેષુ કાલેષુ યોગયુકતો ભવાર્જુન।।૨૭।।

હે પૃથાના પુત્ર અર્જુન, આ બે માર્ગોને જાણનારો કોઇ પણ યોગી મોહ પામતો નથી તેથી સર્વ સમયે, હે અર્જુન, તું યોગયુકત થા. ।।૨૭।।

એવું જ્ઞાનનું ફળ દર્શાવીને 'નૈતે' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે. હે પાર્થ, હે મારા ભક્ત, આ બે માર્ગને જાણનારો કોઇ પણ યોગી મોહ પામતો નથી, એટલે મારા સંબંધ વગર માત્ર યોગી થઇને મોહ પામતો નથી. તે કામનાવાળો થઇને કેવળ યોગ' વગેરેને વળગી રહેતો નથી, એમ અર્થ છે. કારણ કે એવા જ્ઞાનીઓને મોહ થતો નથી. તેથી મેં કહેલા જ્ઞાનવાળો અને સર્વમાં મોહ વગરનો થઇને, સર્વ કાળમાં એટલે કે લૌકિક કે અલૌકિક, પહેલાં કહેવાયેલ સર્વ કાળમાં, હે અર્જુન, હે મોક્ષકુળ એવા નામ સાથે જોડાયેલ, તું યોગયુક્ત થા, એટલે મારા યોગ સાથે જોડાયેલો તું થા એમ અર્થ છે. ।।૨૭।।

વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ
દાનેષુ યત્પુણ્યફલ પ્રદિષ્ટમ્ ।
અત્યેતિ તત્સર્વમિદં વિદિત્વા
યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ ।।૨૮।।

યોગી આને જાણીને વેદોમાં, યજ્ઞોમાં, તપોમાં અને દાનોમાં જે પુણ્યનું ફળ દર્શાવાયેલું છે તે બધાંને જ ઓળંગી જાય છે અને આદ્ય પરમ સ્થાનને તે પ્રાપ્ત કરે છે. ।।૨૮।।

એ પ્રમાણે આઠ પ્રશ્નોના ઉત્તર આપીને એવા જ્ઞાનવાળા યોગીઓને સર્વ કાળ મારી પ્રાપ્તિ રહે છે, એમ કહીને 'વેદેષુ' વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે. વેદોમાં, યજ્ઞોમાં તપમાં તેમજ દાનમાં જે પુણ્યફળ દર્શાવ્યું છે, એટલે કે અધ્યયન વગેરેથી, યજ્ઞનાં કાર્યો વગેરે કરવાથી, અતિ સંતાપથી થતો કલેશ સહન કરવાથી, પુરુષના વજન જેટલો પદાર્થ દાનમાં આપવો વગેરેથી થતું પુણ્યનું ફળ જે કહેલું છે તે બધું પુણ્યફળ, આ આખાયે અધ્યાયનો અર્થ સમજીને મેળવાય છે. તેથીયે અધિક પુણ્યફળ મારા યોગ સાથે જોડાઇને, મારી સેવારૂપી શ્રેષ્ઠ, આદ્ય એટલે બધાના કારણરૂપ મારા ચરણસ્વરૂપને તે પ્રાપ્ત કરે છે, મારી સમીપતાને પામે છે, એવો ભાવ છે. ।।૨૮।।

[દરેક અધ્યાયને અંતે કારિકા લખાયેલી છે જ, પરંતુ આ અધ્યાયના અંતમાં ટીકાકાર પૂ. પા. શ્રીએ લખેલ કારિકા મૂળ ગ્રંથમાં છપાયેલી નથી, તેથી તેનું ભાષાંતર આપી શકાયું નથી.]

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અમૃતતરંગિણી ટીકામાં 'અક્ષરબ્રહ્મયોગ' નામનો આઠમો અધ્યાય પૂરો થયો. ।।૮।।

શ્રદ્ધાંજલી

પ. પૂ. ગોસ્વામીની શ્રી મહાલક્ષ્મીજી દાદીજી મહારાજ તા. ૨૨-૧-૮૬ ને બુધવારે નિત્ય લીલામાં પધારતા જામનગર વૈષ્ણવોની શોક સભા શેઠ શ્રી જેઠાલાલ રૂગનાથ બદીયાણાના પ્રમુખ સ્થાને તા. ૨૫-૧-૮૬ ના રોજ મળેલ. તેમાં પૂ. શ્રી દાદીજી મહારાજના સેવામય જીવનના ગુણગાન કરી હાર્દિક શ્રદ્ધાંજલી અર્પેલી.

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક આઠમો)

હવે અમે પ્રસ્તુત વિષય ઉપર આવીએ છીએ. પહેલાંના દોષોની નિવૃત્તિ ભલે એ પ્રમાણે હોય, તેમ છતાં દોષો થવાના કારણરૂપ કર્મ, દેશ અને કાળ વિદ્યમાન હોવાથી તેઓની સાથે સંબંધ થતાં તે બેથી (કર્મ અને દેશ–કાળથી) થતા દોષો શી રીતે નિવારાય? એવો પ્રશ્ન થાય તો 'અસમર્પિત' વગેરે શબ્દોથી કહે છે.

અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્વર્જનમાચરેત્ ॥૪॥
નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।

તેથી જે વસ્તુ ભગવાનને સમર્પણ કરાઇ નથી તેનો ત્યાગ કરવો. ॥૪॥ બ્રહ્મ સંબંધ પામેલ જનોએ ભગવાનને સમર્પણ કરીને જ (લૌકિક વૈદિક) બધું કરવું, એ પ્રમાણે નિશ્ચિત નિયમ છે.

જે કારણે બ્રહ્મસંબંધ વિના કોઈ દોષની નિવૃત્તિ થતી નથી, તે કારણે ભગવાનને સમર્પણ કર્યા વગરની વસ્તુઓનો એટલે કે બ્રહ્મસંબંધ કર્યા પછી (આત્મા સહિત બધાનું સમર્પણ કર્યા પછી) પ્રાપ્ત થયેલ અસમર્પિત પદાર્થોનો ત્યાગ કરવો. 'સર્વ લાભોપહરણમ્' (પ્રાપ્ત બધાનું સમર્પણ) એમ કહેવાયેલી રીતે ભગવાનને સમર્પણ કર્યા વગરના પદાર્થોનો ત્યાગ કરવો. 'વૃજ' ધાતુ ત્યાગ કરવાના અર્થમાં છે. વર્જન એટલે સંસર્ગ રહિતતા, તે પ્રમાણે કરવું. પ્રાપ્ત વસ્તુઓ ભગવાનને સમર્પણ કર્યા વગર પોતે ઉપયોગમાં લેવાય નહિ. નિશ્ચિત થયેલી સામગ્રીને મેળવવાના કાર્ય વિના, પ્રારબ્ધ વગેરે સંયોગજ અને સ્પર્શજ દોષોને ઉત્પન્ન કરી શકતાં નથી, અને તે મેળવેલી સામગ્રી અસમર્પિત હોવાથી દોષને ઉપજાવનારી છે, પરંતુ સમર્પિત થયેલી તે દોષોને ઉપજાવતી નથી; કારણ કે તેમાં ભગવાનનું સ્વામિત્વ છે. તેથી અસમર્પિત વસ્તુ સાથે સંબંધ ન રહે તો તેમાં તેની સાથેનો સંયોગ અને સ્પર્શ પણ રહે નહિ, અને સંયોગ તથા સ્પર્શ ન રહે તો તેનાથી થતા સંયોગજ અને સ્પર્શજ દોષો પણ થાય નહિ. અને તે જ તેનું વારણ છે, એમ અર્થ છે.

ભલે, કાળ વગેરેથી થતા દોષોનું નિવારણ એ રીતે થાય, તો પણ પ્રારબ્ધવશાત્ જીવંત દેહ વગેરેનો નિર્વાહ તો ભગવદીયે પણ અન્ન વગેરેથી જ કરવો જોઇએ. એમ છે ત્યારે પોતાના સ્વામીની વસ્તુનો ઉપભોગ કરવાથી થતો દોષ સેવાને અવરોધે, એથી એ દોષનું નિવારણ શી રીતે થાય? એવો પ્રશ્ન થાય તો 'નિવેદિભિઃ' વગેરે શબ્દોથી કહે છે. 'નિવેદિભિઃ' શબ્દ કરણ અર્થે ત્રીજી વિભક્તિમાં છે. 'નિવેદઃ' એટલે નિવેદન, ભગવાનને સમર્પણ એવું સમર્પણ જેણે કર્યું છે તે નિવેદી. 'ઇન' પ્રત્યય 'વાળું' એવા અર્થમાં છે. નિવેદન એટલે સમર્પણ. સમર્પણ કરાયું હોય તેનાથી, એટલે કે નિર્વાહ કરવા યોગ્ય

હોય તે બધું સમર્પણ કરીને તેનાથી બધો નિર્વાહ કરવો. પોતાના આત્મસમર્પણના અવસરે ભગવાનને સમર્પણ કરાયેલ પત્ની વગેરે ચેતનવંતા છે તેઓના વડે, અને ગૃહ, ધન વગેરે અચેતન છે તેના વડે જે કંઇ કરાય તે બધું તેઓના ઉચિત વિનિયોગરૂપે ભગવાનને સમર્પણ કરીને જ ઉપયોગમાં લેવું.

શાસ્ત્રમાં નિવેદન, દાન અને અર્પણ એમ ત્રણ પ્રકાર ગણવામાં આવ્યા છે. (૧) નિવેદન, ઉત્તમ પ્રકારે હેતુપૂર્વક દ્રવ્યાદિ ધરવાં તેને નિવેદન કહેલ છે. (૨) દાન, પોતાપણાનો ત્યાગ કરીને, અન્યને વિધિપૂર્વક દ્રવ્યાદિ આપવાં તે દાન કહેવાય. (૩) અર્પણ પોતાના સ્વામીને ભોગવવા યોગ્ય હોય તે સ્વામીને ધરવું તે અર્પણ કહેવાય. સારી રીતે કહેવાયેલા નિશ્ચિત દ્રષ્ટાંતથી તે જ ત્રિવિધ યથાર્થ જ્ઞાન છે. એમ વૈષ્ણવનિબંધમાં કયાંક જોવામાં આવેલ છે. તેથી જ અહીં 'નિવેદ્ય' એમ નહિ કહેતા 'સમર્પ્ય' એવો શબ્દ કહ્યો છે.

અને વળી, (ભાર્યા, પુત્રાદિ) ચેતનવંતાને ભગવાનની સેવામાં નિયુકત કરીને, (વિત્ત, ગૃહાદિ) અચેતનને ભગવદર્થે ઉપયોગમાં લઇને, અન્ન વગેરેને નૈવેદ્યરૂપે ધરાવીને વસ્ત્ર-અલંકારને યોગ્ય રીતે ભગવાનના શૃંગાર માટે ઉપયોગમાં લઇને 'ભગવાનને માળા, ગંધ, વસ્ત્ર, અલંકાર, સુગંધી લેપ વગેરે અર્પણ કરનારાઓ અને ભગવાનને ધરાવેલ પદાર્થોનું ભોજન કરનારા ભગવાનના દાસજનો ભગવાનની માયાને વશ કરે છે.' એ પ્રમાણે કહેવાયેલી રીતે તેમના આપેલા પ્રસાદથી પોતાનો નિર્વાહ કરવો એ નિશ્ચિત નિયમ છે. દોષરહિત આ ભકિતમાર્ગની મર્યાદા છે.

અહીં (મૂળ શ્લોકમાં) 'સર્વમ્' પદ છે, તેનાથી લૌકિક અને વૈદિક જે કરવા ધારેલ હોય તે બધાં કાર્ય, એમ કહેવાયું છે. 'નિવેદિભિઃ' એટલે નિવેદન કરનારાઓએ વિશિષ્ટ વસ્તુનું સમર્પણ કરીને સમર્પણ કરવાની ક્રિયાથી સર્વત્ર અવશિષ્ટનો ઉપયોગ કરવાનો છે. તેનાથી ભગવાનના સમર્ગણનું સુચન થયું છે. અને વળી, એ પ્રમાણે, એ પ્રસાદ વડે પોતાનો અને પોતાનાં કુટુંબીજનોનો બધાંનો નિર્વાહ કરાય ત્યારે સ્વામીએ જ તેના નિર્વાહ પોતાની વસ્તુઓને પ્રસાદ સ્વરૂપે આપણને આપેલ છે, એવા અનુસંધાનપૂર્વક તેનો ઉપભોગ કરવામાં દોષ નથી, એમ અર્થ છે.

કહેવાયેલા એ વાકયનો વિષય અવતાર સમયનો હોવાથી, હવે (અનવતાર સમયમાં) પ્રસાદરૂપે આપવાના અનુસંધાન પૂર્વકનું ખાવાપણું રહેતું નથી, તો પછી તેનાથી દોષની નિવૃત્તિ શી રીતે થાય? એવી શંકા કરાય તો કહે છે કે, એવા પ્રકારનું અનુસંધાન પણ ફળ સાધી આપનાર છે. 'એ પ્રમાણે અર્પણ થયેલી અને મેં આપેલી માળાને શિર પર આદરપૂર્વક ધારણ કરીને, તેને મારો આપેલો પ્રસાદ સમજે. જો વિસર્જન કરવું હોય તો સ્વરૂપમાંથી નીકળેલી જયોતિ મારા હૃદયમાં રહેલી જયોતિમાં લીન થઇ ગઇ છે, એવી ભાવના કરવી તે વિસર્જન છે.' (ભાગ ૧૧-૨૭-૪૭), એ પ્રમાણેના ભગવાનના વાકયથી તે પ્રમાણેનો નિશ્ચય છે. અન્ય પુરાણોમાં પણ એમ જ કહેવાયુ છે.

'હે અંબરીષ, નવાં નવાં વસ્ત્ર, ફળ, અન્ન, રસ વગેરે શ્રીવિષ્ણુને સમર્પણ કરીને જ સદાય વૈષ્ણવોએ પોતાના ઉપયોગમાં લેવાં જોઇએ.' અને 'વિષ્ણુને અર્પણ થયેલ અન્ન વડે અન્ય દેવતાનું યજન કરવું, અને પિતૃઓને પણ તે દેવા યોગ્ય છે, એમ થાય તો તે અનંતપણાને પામે છે,' એમ પણ કહેલ છે. અને કાદવવાળો પગ ધોવની આપત્તિથી (કાદવવાળા પગને ધોવા કરતાં પગ જ કાદવવાળા ન થાય તે ઉત્તમ છે.) એ ન્યાયે ઘરની વસ્તુઓને સમર્પણ કર્યા પહેલાં ભગવદિયપણું જ માન્ય થતું નથી. આત્મ સમર્પણ કરવાના પ્રસંગમાં વિત્તનો ઉલ્લેખ છે. તે જેમ મૃત્યુ નજીક હોય ત્યારે (કોઇ કાર્ય સિદ્ધિ શક્ય નથી) તેમ વીતી ગયેલા સમય પછી વિત્તના સંબંધમાં પણ એમ કહેવું યોગ્ય છે કે, માત્ર અભિમાનની નિવૃત્તિથી તે ભગવદીયતાને અપાવનાર થતું નથી.

સમર્પણ પહેલાં પણ ખરી રીતે તો બધાંનું ભગવદીયપણું છે, તેથી જયારે પોતાને જ નજર સમક્ષ રાખવાનું ત્યજાય છે ત્યારે, વધુ સારું હોય તેમ, તેવી રીતથી, કહેવાયેલી રીતિ વગર, પહેલાં કહેવાયેલા દોષોનો તેમનામાં અભાવ હોય છે. 'માણસનું પેટ ભરાય તેટલું જ તેના અધિકારનું છે, તેનાથી અધિક ઈચ્છે તે ચોર છે, અને તે દંડને પાત્ર છે,' (ભાગ. ૭–૧૪–૮), એવા જનો પણ દોષને પાત્ર નથી. એ પ્રમાણે સાતમા સ્કંધના વાક્યથી માત્ર નિર્વાહ પૂરતું ગ્રહણ કરવામાં દોષનો સંભવ નથી, એમ કહેવું યોગ્ય છે; કારણ કે એ તો સામાન્ય છે.

આત્મ નિવેદન કરીને તેનું પઠન ન કરે તો તેમનામાં અભિમાનથી થતા દોષોનો અભાવ હોવા છતાં, તેટલા પુરતું અભિમાન હોવાથી, તેના કરતાં પહેલાં કહ્યું છે તેની શ્રેષ્ઠતા છે. એ પ્રમાણે અહીં સર્વ વસ્તુનું સમર્પણ કરવાના ઉપદેશથી સ્વામીની વસ્તુ ગ્રહણ કરવા સંબંધેના દોષોનું નિવારણ કર્યું છે. ।।૪।।

અમે પુષ્ટિમાં મસ્તાના

અમે કૃષ્ણ કૃષ્ણ રટવાના, ના એમાંથી હટવાના;
ગોવિન્દના ગુણ ગાવાના, ના રહીશું છાનામાના.
નિત વલ્લભને સ્મરવાના, ના અન્યાશ્રય કરવાના:
સત્સંગ સદા કરવાના, ના દુ:સંગે ડગ ભરવાના.
અમે શ્રીજી સેવા કરવાના, ના અસમર્પિત લેવાના;
અમે પુષ્ટિમાં મસ્તાના, ના થઇશું જગે દિવાના.

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

ભ્રમસંબંધ ભાંગ્યો ને બાંધ્યો બ્રહ્મસંબંધ

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

શહેરમાં આચાર્યશ્રીની પધરામણીના ખબર પુષ્ટિ સમાજમાં ઘેર ઘેર ફરી વળ્યા. રાત્રે આઠ વાગે શ્રીનાથજીના મંદિરમાં સત્સંગ સભા યોજાઈ. મહારાજશ્રીનાં દર્શન કરવા અને વચનામૃતનુ પાન કરવા વૈષ્ણવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

કુતૂહલવશ કેટલાક અન્ય લોકો પણ ઓળખીતા–પાળખીતા સાથે ખેંચાઇ આવેલા, મંદિરના પ્રાંગણમાં આ સત્સંગસભા રાખવામાં આવી હતી.

લલિતા પોતાની સખી પલ્લવીને પણ સાથે ખેંચી લાવી હતી. બંને યુવતિઓ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. લલિતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કુટુંબમાં જન્મી હતી. તે બાલ્યાવસ્થાથી ધાર્મિક વાતાવરણમાં ઊછરી હતી, તેથી તેને પુષ્ટિધર્મમાં ખૂબ આસ્થા હતી.

પલ્લવી લગભગ નાસ્તિક જેવી હતી. ધર્મનો વિષય ચર્ચાય ત્યારે તે તેની ટીખળ ઉઠાવતી. લલિતાને ખાતરી હતી કે સભા પુરી થયા પછી પલ્લવી આજના પ્રવચન પર પ્રતિકારાત્મક શબ્દબાણનો મારો ચલાવશે.

મંગલાચરણના શ્લોકોથી સભાનો આરંભ થયો. તે પછી મહારાજશ્રીએ શ્રીમહાપ્રભુજીના ષોડશગ્રંથમાંથી સિદ્ધાંત–રહસ્ય’ ગ્રંથ પર મનનીય અને અત્યંત રસપ્રદ પ્રવચન કર્યું.

સુંદર વસ્તુનિરૂપણ, ભાવવાહી શૈલી અને સચોટ વક્તવ્ય પુર્ણ પ્રવચનથી તેઓશ્રીએ લોકોને લગભગ સવા કલાક સુધી આનંદ સાથે બોધ આપ્યો. વૈષ્ણવોને ‘સિદ્ધાંત રહસ્ય’ સમજવાની જાણે નવી દૃષ્ટિ મળી.

પ્રવચન પુરું થયા પછી કેટલાક વૈષ્ણવોએ મહારાજશ્રીને પ્રશ્નો પુછી ધર્મપાલન સંબંધી પોતાની શંકાઓનું સમાધાન કર્યું.

પલ્લવીથી ન રહેવાયું. તેણે થોડી ટીખળવૃત્તિથી પ્રશ્ન કર્યો.

“મહારાજશ્રી, સંસારમાં રચ્યા–પચ્યા રહીને ઇશ્વરને પ્રાપ્ત કરવાનો કોઇ ઉપાય ખરો ?”

મહારાજશ્રી તેનો મનોભાવ કળી ગયા. તેઓશ્રીએ કહ્યુ, ‘આ બહેનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં હું એક દૃષ્ટાંત કહું.’

“એકવાર એક વૈષ્ણવ ભક્તને ઘેર જવાનો પ્રસંગ સાંપડયો. તે શ્રીજીબાવા પ્રત્યે ખૂબ આસ્થાવાળા હતા. કોણ જાણે કેમ, તે દિવસે તે વૈષ્ણવ કોઇ ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયા હોય તેવો ભાવ તેમના મુખ પર પ્રસરાયો હતો. તેમની આંખો અશ્રુ વહાવી રહી હતી.

મેં તેમને પુછ્યું: “વૈષ્ણવ, આપને કોઇ દુઃખ છે ? કોઇ અનિષ્ટ વસ્તુ કુટુંબમાં બની છે ?”

“હા પ્રભુ,” તે વૈષ્ણવે કહ્યુ. “એક મોટું દુઃખ મનને કોંચ્યા કરે છે. આપશ્રીની કૃપા ઉતરે તો આ દુઃખ દુર થઈ શકે.”.

"શું દુ:ખ છે, વિના સંકોચે કહો." મેં તેમને હૈયાધારણ આપતાં કહ્યુ,

વૈષ્ણવે કહ્યું: "મહારાજશ્રી, જીવનના વ્યવહારમાં પળે પળે મારું હૃદય પીગળી ઊઠે છે પરંતુ મારા નાથ પાસે મારું હૃદય કેમ પીગળતું નથી? કોઇ માંરા પર થોડો શો ઉપકાર કરે તો મારા હૃદયમાં આભારની લાગણી ગંગધારે વહેવા માંડે છે. પરંતુ ઇશ્વર મારા પર અનેક ઉપકારોની વૃષ્ટિ વરસાવે છે છતાં મારું હૃદય કેમ ભીંજાતું નથી? લૌકિક વ્યવહારમાં પ્રસંગે-પ્રસંગે મારું હૃદય કોમળ બનતું હોય છે. પરંતુ અલૌકિક પ્રભુ માટે એ પથ્થરહૃદય કેમ બની જાય છે?

"હું આ સંસારમાં એક સફળ નાગરિક બની શક્યો છું પણ પ્રભુના દરબારમાં સ્થાન પામતા હું કેમ અસફળ રહ્યો? જગતમાં સગાં-વહાલાં, મિત્રો-પડોશીઓ, પરિચિત લોકો અને ઉપરી અધિકારીઓને હું પ્રસન્ન કરી શક્યો છું પરંતુ જગદાધાર પ્રભુને હું કેમ પ્રસન્ન કરી શકતો નથી?"

મહારાજશ્રીએ કહ્યું: "વૈષ્ણવો, આ વૈષ્ણવભક્તના દૃષ્ટાંતમાં બહેને પ્રસ્તુત કરેલ પ્રશ્નનો ઉત્તર આવી જાય છે. આ દૃષ્ટાંતથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે ઈશ્વર પ્રાપ્તિને માટે આપણામાં સાચી આર્તિ, ભાવના, રતી, લગની હોવાં જોઇએ. આપણે ઈશ્વર પ્રત્યેના આપણા વ્યવહારને બદલવો જોઇએ.

આપણે લોકો પ્રત્યે મીઠો વ્યવહાર રાખીએ અને અલૌકિક શ્રીનાથજી પ્રત્યે લુખો વ્યવહાર રાખીએ, સગાંસંબંધી અને મિત્રો પ્રત્યે સ્નેહ, પ્રેમ અને વફા બતાવીએ અને આપણને બધું આપનાર ઇશ્વર પ્રતિ સ્નેહ-શ્રદ્ધા વિહોણો વ્યવહાર અપનાવીએ, એના હજારો ઉપકારોને અપકારોથી વાળીએ, શુભ પ્રસંગોએ પ્રભુને સાથે નહીં રાખતાં તેમને વિસ્મરી દઇએ તો પ્રભુ આપણા પર કેમ રીઝે? આપણને ઇશ્વરપ્રાપ્તિ ક્યાંથી થઇ શકે?

પલ્લવીના મુખ પર ભાવપલટો આવી રહ્યો. મહારાજશ્રીમાં તેને મહાપ્રભુ શ્રી વલ્લભનાં દર્શન થયાં. જાણે તેના હૃદય પર પથરાયેલ **ભ્રમની** જાળને કોઇ કાપી રહ્યું હોય અને હૃદયમાં ઊંડે ઊંડે કોઇ **બ્રહ્મની** ઝાંખી કરાવતું હોય એવું તેને લાગ્યું, તે મહારાજશ્રીના વચનામૃતને ઝીલવા આતુર બની.

મહારાજશ્રીએ વાત આગળ વધારી: "સજ્જનતા, દૈન્યતા, ખાનદાની અને સેવાની ભાવના નૈતિક જીવનના પાયામાં રહેલી છે, આપણા પ્રતિ લોકો સારી રીતે વર્તે એવું આપણે ઇચ્છતા હોઇએ તો આપણે પણ બીજા પ્રત્યે માનવતા, સજ્જનતા, ખાનદાની અને સેવાભાવનાથી વર્તવું જરૂરી છે. સામાજિક જીવનની જેમ ધાર્મિક જીવનમાં પણ આપણે આવો સરળ, ઋજુ અને વ્યવહારુ નિયમ અપનાવવો જરૂરી છે. આપણા સામાજિક જીવનમાં જે ઔદાર્ય, સ્નેહ અને ભાવની લાગણી દર્શાવીએ છીએ એ ધાર્મિક જીવનમાં પણ ઉતરવાં જોઇએ.

થોડું અટકી તેમની વાણી આગળ ચાલીઃ "જે વૈષ્ણવ એમ બોલે કે 'મેં કદી મારા હાથે કોઇનું બૂરું કર્યું નથી, મેં સરકારશ્રીના નિયમોનો કદી ભંગ કર્યો નથી' તે બેધડક એમ કહી શકશે ખરો કે એણે કદી ભગવાનનું નુકશાન કર્યું નથી, ભગવાનની ઉપેક્ષા કરી નથી, ભગવાનને અસુખ થાય તેવું કંઇ કર્યું નથી? સરકારનાયે સરકાર એવા શ્રીનાથજી પ્રભુના નિયમોનો કદી ભંગ કર્યો નથી એવું એ કહી શકશે ખરો? શ્રદ્ધાથી અને અંતઃકરણપૂર્વક એમ કહી શકે ત્યારે એ વૈષ્ણવની વૈષ્ણવતા સાચી. એમ કહી શકે ત્યારે એ સંસારમાં રચ્યો–પચ્યો રહેતો હોય તો પણ તેને પ્રભુપ્રાપ્તિ થાય છે. આપણે પ્રભુને ભાવ પુર્વક પ્રેમ કરીએ તો પ્રભુ આપણને મળશેજ."

અંતમાં સર્વ વૈષ્ણવોએ આનંદથી શ્રી વલ્લભ, શ્રી વલ્લભકુલ, શ્રી યમુનાજી અને શ્રીનાથજીનો જયજયકાર બોલાવી 'દ્રઢ ઇન ચરણનકેરો ભરોસો' પદ ગાયું.

સભા પુરી થતાં અત્યંત પુલકિત ભાવે પલ્લવીએ આચાર્યશ્રીને સાષ્ટાંગ દંડવત કર્યા અને કહ્યું: "મહારાજશ્રી, આપશ્રીએ મારો ભ્રમસંબંધ ભાંગ્યો. હવે કૃપા કરી મને **બ્રહ્મસંબંધ** લેવાની અનુમતિ આપો"

મહારાજશ્રીની અનુમતિ મળતાં પલ્લવી આનંદિત બની. ત્રીજે દિવસે મહારાજશ્રી પાસેથી બ્રહ્મસંબંધ લેનારા વૈષ્ણવોમાં પલ્લવી પણ હતી. પોતાની પ્રિય સખી પલ્લવીએ બ્રહ્મસંબંધ લીધો તેથી લલિતાને ઘણો આનંદ થયો.

પ્રકાશન સહાય –

રૂા. ૫૧ – કંસારા દીવાળીબેન ચતુરદાસની માળા પહેરામણી પ્રસંગે ભેટના હ. શ્રી કાંતિલાલ મોહનલાલના સપરીવારના જયશ્રીકૃષ્ણ **રાજકોટ.**

॥ શ્રીવલ્લભ ચરણકમલ મહિમા ॥

શ્રી હરિરાય મહાપ્રભુકૃત પદની ભાવાર્થ ટીકા

લેખક **શ્રીવલ્લભ પાદ પદ્મમિલિન્દ**

[ગત અંકોમાં શ્રી હરિરાયજીના ગૂઢ પદનો વિસ્તારથી ભાવાર્થ લખીને (૧) શ્રીમહાપ્રભુજીના નામ મહિમાનું (૨) શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ મહિમાનું દિગ્દર્શન કરાવ્યું અને હવે આ ત્રીજા પદ દ્વારા શ્રીમહાપ્રભુજીના ચરણ કમલ મહિમાનું દિગ્દર્શન કરાવવાનો પ્રારંભ લેખક શ્રી કરે છે.

—સંપાદક]

પદ

જોપેં શ્રીવલ્લભ ચરણ ગહે ।
તો મન વૃથા કરત કયોં ચિંતા હરિ હિય આય રહે ॥૧॥
જનમ જનમ કે કોટિક પાતક, છિનહીમાં જ દહે ।
સાધન કર સાધો જિન કોઉ, સબ સુખ સુગમ લહે ॥૨॥
કોટિ કોટિ અપરાધ ક્ષમા કર, સદા નેહ નિભહે ।
ભૂલ જિન કરો કોઉ મન શંકા, કરૂણા સિન્ધુ કહે ॥૩॥
અબલોં બિન સેવે શ્રીવલ્લભ ભવ દુઃખ બહુત સહે ।
'રસિક' મહાનિધિ પાય ઓરફલ મન વચ કર્મ ન ચહે ॥૪॥

આ પદમાં શ્રીવલ્લભનો દૈવી જીવો સાથે જે સંબંધ છે તે દિવ્ય પ્રેમનો છે. તેવા દિવ્ય પ્રેમના સંબંધવાળા આપશ્રીના સ્વરૂપનું શ્રીહરિરાય પ્રભુ જ્ઞાન કરાવે છે.

ભાવાર્થ–"જો પેં શ્રીવલ્લભ ચરણ ગહે" શ્રી હરિરાય પ્રભુ પોતાના મનના મીષે શ્રીવલ્લભ જનના મનને ઉપદેશ કરે છે કે હે મન ! તું શ્રીવલ્લભના ચરણ કમલને ગ્રહણ કર, વૃથા ચિન્તા શું કામ કરે છે ? શ્રીવલ્લભ ચરણ ગ્રહણ કરવાથી સર્વ પ્રકારના દુઃખોને હરનાર હરિ તારા હૃદયમાં નિવાસ કરશે. દેહનું તંત્ર ચલાવવામાં મનની મુખ્યતા હોવાથી અથવા અહંતા મમતાત્મક સંસારના બંધનનું કારણ અને તેનાથી મુક્ત થવાનું કારણ મન હોવાથી મનને જ ઉપદેશ કરે છે.

પ્રશ્ન–સાક્ષાત્ શ્રીવલ્લભ બિરાજતા હોય ત્યારે આપણના ચરણ કમલ ગ્રહણ કરી શકાય. પરન્તુ દૈવી જીવની ભૌતિક દશામાં આપશ્રીનો સાક્ષાત્ સંબંધ હોતો નથી. તો ચરણ કમલ કેવી રીતે ગ્રહણ થઇ શકે ?

ઉત્તર–ચરણ કમલનું સ્વરૂપ ત્રણ પ્રકારનું છે. (૧) ભૌતિક (૨) આધ્યાત્મિક (૩) **આધિદૈવિક.** ભાગવત્ અને સત્સંગ એ પ્રભુનું આધિભૌતિક ચરણ છે. જ્ઞાન અને ભક્તિ

એ પ્રભુનું આધ્યાત્મિક ચરણકમલ છે. અને સાક્ષાત્ પ્રભુ પ્રગટ થાય તે સમયના આપના ચરણ કમલને આધિદૈવિક કહેવાય છે.

અનેક જન્મોથી જીવ કાલ માયાકૃત જન્મ–મરણના આવાગમનમાં ભ્રમણ કરી રહ્યો છે. તે દુઃખમાંથી છોડાવવા પ્રભુ દયા વિચારે છે, ત્યારે ભૌતિક દશાવાળા જીવને પ્રભુ પોતાના ભૌતિક ચરણ કમલ પ્રાપ્ત કરાવે છે. એટલે કે ભૌતિક ચરણ કમલ ભાગવત્ અને સત્સંગ છે તેમાં જીવની રુચિ ઉત્પન્ન કરે છે. ભાગવત્ દશમ સ્કંધમાં પુષ્ટિ પ્રભુની રસાત્મક લીલા ચરિત્રનું વર્ણન કર્યું છે, તેના શ્રવણમાં દૈવી જીવની રૂચિ થાય છે. પુષ્ટિ પ્રભુની લીલા ચરિત્રનું જે જે ગ્રંથોમાં વર્ણન કર્યું હોય (શ્રીમતિ સુબોધીનીજી વિગેરે) તે સર્વ ભાગવત્ કહેવાય છે. અને 'સત્સંગ'માં તદીય જનનો સંગ પ્રભુ પ્રાપ્ત કરાવે છે, અથવા તદીય જનના સંગમાં પ્રભુ રૂચિ ઉત્પન્ન કરે છે. અહીં 'તદીય' શબ્દનો અર્થ પ્રભુની લીલાના સાક્ષાત દર્શન કરીને લીલા ગુણગાન કરનારા અષ્ટસખાદિ મહાનુભાવો છે. તેમની વાણીમાં રૂચિ ઉત્પન્ન થાય છે. આ સિવાય દૈવીજીવની ભૌતિક દશામાં શ્રી સર્વોત્તમજીના પાઠથી આપશ્રીનું યશોગાન કરવું અથવા માત્ર આપશ્રીના નામનું સ્મરણ કરવું તેમાં પણ આપશ્રી વલ્લભના ભૌતિક ચરણકમલનો સંબંધ રહેલો છે. શ્રી સર્વોત્તમ સ્તોત્ર તો ભાગવતનું પણ ભાગવત છે. આધિદૈવિકનું પણ આધિદૈવિક છે. સાક્ષાત પ્રભુ પ્રાપ્તિના સમગ્ર સાધનોમાં શિરોમણિ છે. તેથી તેનું નામ શ્રી સર્વોત્તમજી છે. ભાગ્યના પૂરા હોય તેને જ સર્વોત્તમજીના યશોગાનમાં રૂચિ થાય છે.

ઉપરોક્ત પ્રકારે આપશ્રીના ભૌતિક ચરણ કમલની સન્મુખ રહેવાથી 'જ્ઞાન અને ભક્તિ' રૂપ આધ્યાત્મિક ચરણકમલ સ્વતઃ પ્રાપ્ત થાય છે. આ આધ્યાત્મિક ચરણકમલ આપશ્રીના સાક્ષાત પ્રાગટયની ભૂમિકાને સિદ્ધ કરાવે છે. આપશ્રીનો ભક્તહૃદયમાં જયારે પ્રાદુર્ભાવ થાય છે ત્યારે આપના સાક્ષાત ચરણકમલનો સ્પર્શ થતા માત્રમાં દૈવી જીવ પોતાના આધિદૈવિક દેહને પ્રાપ્ત કરી લીલા ધામમાં પ્રવેશ કરે છે. 'ચરણ'નું કાર્ય ગતિ કરાવવાનું છે. એટલે કે ભૌતિક ચરણ કમલ દૈવી જીવને લીલા ધામમાં પહોંચાડનારા છે.

આપશ્રીવલ્લભ સુ. ૧૦–૩–૨૭ માં આજ્ઞા કરે છે કે આ ત્રણ પ્રકારના ચરણ કમલ પૈકી એક પ્રકારના ચરણ કમલ પણ જીવને કૃતાર્થ કરનારા છે. કારણ કે મૂલમાં જન્મ મરણના દુઃખ દાવાનલમાં ભુંજાતા દૈવી જીવ પ્રત્યે આપને દયા ઉત્પન્ન થઇ છે. તેથી જ પોતાના ભૌતિક ચરણ કમલ પ્રાપ્ત કરાવ્યા છે. આગળ આધ્યાત્મિક અને આધિદૈવિક ચરણ કમલ પણ પોતે જ પ્રાપ્ત કરાવી લીલાધામથી વિછુરેલા દૈવી જીવને લીલાધામમાં પહોંચાડે છે.

અથવા શ્રી વલ્લભ નામમાં જ શ્રી વલ્લભનું ભાવાત્મક રસાત્મક સ્વરૂપ રહેલું છે. તેથી શ્રી વલ્લભ નામનું સ્મરણ કરતા રહેવું તેને આપના ચરણ કમલ ગ્રહણ કર્યા કહેવાય.

ચરણનું કાર્ય ગતિ કરવી ચાલવું તે છે. એથી શ્રી વલ્લભ નામ સ્મરણથી શ્રી વલ્લભ સન્મુખ રહેવું – ગતિ કરવી તેને ચરણ કમલ ગ્રહણ કર્યા કહેવાય. તેથી પ્રાણ પ્રિય વલ્લભની પ્રાપ્તિ માટે તારે ચિન્તા નહીં કરવી. કારણકે ચરણ ગ્રહણ કર્યા તેની સાથે સ્વરૂપ પણ રહેલું જ છે. ચરણ હોય ત્યાં સ્વરૂપ પણ હોય જ છે. માટે વૃથા ચિન્તા ન કરીશ આવો હિતોપદેશ શ્રી વલ્લભના મુગ્ધ સ્વકીય જનોને શ્રી હરિરાય પ્રભુ વાત્સલ્ય સભર કરી રહ્યા છે.

મનનો સ્વભાવ ખોટા વિચારો–સંકલ્પ–વિકલ્પ કર્યા કરવાનો છે. આ આસુરભાવના આવેશવાળા મનનો સ્વભાવ છે. તેવા સ્વભાવને વશ નહીં નામ સ્મરણરૂપી ચરણ કમલને ગ્રહણ કર.

પ્રશ્ન – મનમાં ખોટા વિચારો (જેને આપશ્રીએ સેવાફલ ગ્રંથમાં કુસૃષ્ટિ કહી છે તે) ઉત્પન્ન થવાનું કારણ શું હશે ?

ઉત્તર – મન બે પ્રકારનું છે. એક આસુર ભાવના આવેશવાળું. બીજું દૈવી ભાવના આવેશવાળું. દૈવીજીવની સાધન દશામાં આસુર ભાવના આવેશવાળા મનની પ્રબળતા હોય છે. તેથી ખોટા વિચારો કરતું જ હોય છે. આવા મનની શુદ્ધિ અગ્નિ સ્વરૂપ શ્રી વલ્લભના નામ સ્મરણથી સત્વરે થાય છે. તેમજ પ્રભુને ભોગ ધરીને અધરામૃતના સેવનથી મનની શુદ્ધિ થાય છે. મનને કાર્ય કરવાની શકિત અન્નમાંથી પ્રાપ્ત થાય છે. તે અન્ન જો અસમર્પિત લેવાશે તો આસુર ભાવને ઉત્પન્ન કરશે. તેથી આવા મનની શુદ્ધિ માટે પ્રભુને સમર્પિત અન્નાદિકથી નિર્વાહ અને શ્રી વલ્લભ નામનું સ્મરણ કરવું અતિ આવશ્યક છે.

પ્રશ્ન – નિજજનોને શ્રી વલ્લભની પ્રાપ્તિ માટે ચિન્તા તો રહેવાની જ. તેવી ચિન્તા ન કરે તો આપશ્રીથી વિમુખ થઈ જવાય તો શ્રીહરિરાય પ્રભુ ચિન્તા નહીં કરવી તેમ આજ્ઞા કરે છે. તેમાં શું કારણ રહેલું છે ?

ઉત્તર – ચિન્તા અને વિરહ બન્નેમાં તારતમ્ય છે, મારૂં શું થશે ? તેવો વિચાર રહે તેને ચિન્તા કહેવાય છે, અને તેવી ચિન્તાથી પ્રભુની સન્મુખતા છૂટી જાય જયારે વિરહમાં તો સતત સ્મરણથી અને પ્રાણપ્રિય શ્રી વલ્લભના ધ્યાનથી સન્મુખતા રહે છે. અથવા વિરહમાં પ્રભુ પ્રાપ્તિના દુઃખ પૂર્વક સ્મરણ ધ્યાન થયા જ કરે છે. તેથી શ્રી વલ્લભની સન્મુખતા રહી આવે છે. જયારે ચિન્તામાં ખોટા વિચારો ઉત્પન્ન થાય છે. તેથી પ્રભુને ભૂલિ જવાય છે. આવી ખોટી ચિન્તા નહિ કરવી. અથવા ખોટી ચિન્તા ઉત્પન્ન થવાના કારણોનો પણ ત્યાગ કરવો તેવો ઉપદેશ શ્રીહરિરાય પ્રભુ કરી રહ્યા છે.

અથવા શ્રીવલ્લભ નામ અને સ્વરૂપ જુદા નથી. એટલે કે જયાં નામ છે ત્યાં નામનું સ્વરૂપ પણ છે જ. જેમકે આપણા કોઇ સંબંધીનું નામ યાદ આવે ત્યારે તેનું રૂપ પણ યાદ આવે જ છે. તે રૂપ, નામ સાથે જ હોય છે. તેમ શ્રી વલ્લભ નામ સાથે શ્રીવલ્લભનું

ભાવાત્મક સ્વરૂપ નામની ભીતર રહેલું છે. પણ નામનું સ્વરૂપ પહેલા આપણી હૃદય ભૂમિને શુદ્ધ કરે છે. એટલે કે નામ સ્મરણ હૃદયને આવરણ વિનાનું બનાવે છે. અથવા પ્રાણ વલ્લભને ભૂલાવે તેવો (ભૌતિક અને આધ્યાત્મિક) અવિદ્યાજનીત ભાવ પ્રપંચ, નામના સ્મરણથી દગ્ધ થાય છે, પછી નામમાં રહેલું ભાવાત્મક સ્વરૂપ પ્રગટ થઇ જાય છે. અથવા જેમ ખેડુત લોકો પહેલા ખેતરમાં ઉગેલા કાંટાળા છોડવાઓને કાઢી ખેતરને સાફ કરીને પછી તેમાં બીજ વાવે છે અને તે બીજને જલ મળતાં અંકુરીત થઇ બહાર નીકળે છે. તેમ શ્રી વલ્લભ નામ સ્મરણથી આપણા હૃદયમાં રહેલા કામ ક્રોધાદિક આસુર ભાવો રૂપી કાંટાળા છોડવાઓ રહેલા છે તેને દૂર કરે છે. પછી શુદ્ધ થયેલા હૃદયમાં આપના નામરૂપી બીજમાંથી આપનું ભાવાત્મક સ્વરૂપ પ્રગટ થઇ જાય છે. તેથી નામ અને સ્વરૂપ બન્ને સાથે જ રહેતા હોવાથી શ્રી વલ્લભની પ્રાપ્તિ માટે ખોટી ચિન્તા ન કરીશ. શ્રી વલ્લભના વિયોગ દુઃખને સહન કરી અથવા વિયોગ દુઃખને ધારણ કરી નામ સ્મરણથી સતત સન્મુખ રહે તેવો બોધ કરે છે. ૧

નામનું સ્મરણ પ્રથમ ઉચ્ચ સ્વરે જીભથી થાય છે, પછી કંઠથી લેવાય છે. પછી આ નામો હૃદયમાં પ્રવેશ કરે છે, એટલે કે સતત મનથી નામ લેવાય. ત્યારે હૃદયમાં પ્રવેશ કર્યો કહેવાય. અને નામ આધિદૈવીક રૂપથી પ્રવેશ કરે છે ત્યારે તેજ સમયે અનેક જન્મોના પાપ સમૂહને ભસ્મ કરી નાખે છે. કારણ કે શ્રી વલ્લભ નામ કોટિ સૂર્યાગ્નિ સમાન છે. તેથી હૃદયમાં પ્રવેશ કરી અનેક જન્મોના સંચિત પાપોને ભસ્મ કરી આપશ્રીને બિરાજવા લાયક હૃદય ભૂમિને શુદ્ધ કરે છે. તેથી કહ્યું—

> "જનમ જનમ કે કોટિક પાતક છિનહીમાંજ દહે"

પ્રભુથી આપણે વિખૂટા પડયા, ભૂતલમાં આવ્યા અનેક જન્મો થઇ ગયા અને દેહનો આપણને સંબંધ થયો. આ ભૌતિક દેહ સંબંધી વિચારો આપણા હૃદયમાં સાગર જેવા ભરેલા છે. તેથી સંસાર પ્રપંચને સાગર જેવો કહેવાય છે.

આવા વિચારોરૂપી સાગરને શ્રી વલ્લભ નામ રૂપી વડવાનલ અગ્નિ એક ક્ષણમાં જ શોષણ કરી લે છે. જેમ જલ ભરેલા સાગરમાં વડવાનલ અગ્નિ રહે છે તે અગ્નિ જ્યારે ઇશ્વર ઇચ્છાએ બહાર પ્રગટ થાય છે ત્યારે સાગર જલને એક ક્ષણમાં જ શોષણ કરી સુકાવી નાખે છે. તેમ શ્રી વલ્લભ નામમાંથી દિવ્ય અગ્નિ પ્રગટ થઈ જાય છે. ત્યારે પ્રાકૃત ભાવોના ભરેલા સાગરનું શોષણ કરી નાખે છે. (ત્રિમાયાકો પ્રલય કરી હરિ મિલાવે હરિનામ) માટે આપશ્રીના નામનો આવો અદ્ભૂત પ્રભાવ જાણીને ચિન્તા નહીં કરવી. તેથી કહ્યું–"જનમ જનમ કે કોટિક પાતક છિનહીમાંજ દહે" !

— ક્રમશઃ

જય શ્રીવલ્લભ ! જય શ્રીવિઠ્ઠલ !
જય વૈશ્વાનર ! જય પુરુષોત્તમ !

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

વૈષ્ણવ સમાજમાં લોકો દૃઢ આસ્થા ધરાવે છે કે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના મુખાવતાર અને પાવક સ્વરૂપ વૈશ્વાનરના અવતાર છે તેમજ તેમના તનુજ શ્રીવિઠ્ઠલેશજી સાક્ષાત શ્રીકૃષ્ણના અવતારરૂપથી પ્રસિદ્ધ છે.

શ્રીવલ્લભ સંપ્રદાયમાં લોકોની દૃઢ માન્યતા છે કે પૃથ્વીતલપર પ્રકટ થયા તે પૂર્વે શ્રીમદ્‌વલ્લભાચાર્યજી આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી પાસે લીલાધામમાં તેમની નિત્યલીલામાં વિરાજમાન હતા.

ભારતભૂમિની દુર્દશા અને વિશેષ કરી નિજ વ્રજમંડલની દયનીય અવદશા જોઇને ભગવાનનું હૃદય કરુણાથી દ્રવિત થઇ ઊઠયું.

તેમણે જોયું કે ગોપીજનોએ તેમનો અનુગ્રહ મેળવી જે પુષ્ટિમાર્ગ ભારતભૂમિમાં પ્રવર્તાવ્યો હતો તે લુપ્તપ્રાય થઇ ગયો હતો. તેઓશ્રીએ આ પુષ્ટિ માર્ગનો પુનરુદ્ધાર કરવા સંકલ્પ કર્યો.

તેથી પોતાના શ્રીમુખસ્વરૂપ શ્રીવલ્લભાધીશને તેઓશ્રીએ આદેશ આપ્યો: ‘આપ મર્ત્યલોકમાં ભારતની પવિત્ર ભુમિ પર પ્રકટ થઇ પુષ્ટિમાર્ગનો પુનરુદ્ધાર કરો. શ્રી યજ્ઞનારાયણ ભટને મેં વચન આપ્યો છે કે જ્યારે તેમના વંશધરો સો સોમયજ્ઞ પૂરાં કરશે ત્યારે હું તેમના કુળમાં અવતાર લઇશ. હવે તેમના વંશધરોએ સો સોમયજ્ઞો પૂરાં કરી પોતાના વંશને પર્યાપ્તરૂપે પવિત્ર કરેલ છે, તેથી આપ નિશ્ચિંત થઇ અવતાર ધારણ કરી શકો છો. ત્યાં પ્રકટ થઇ આપ મારા સાક્ષાત સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતજીનો ગૂઢાર્થ પ્રકટ કરી તેનું વાસ્તવિક તત્ત્વ બધાને સમજાવો, જેથી ભાગવત સંબંધમાં ફેલાયેલ અપવાદ સમાપ્ત થાય અને તેનો વિશુદ્ધ અર્થ સર્વ ભક્તજનોને સુલભ બને.’

ગોપીજન-વલ્લભ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીનો આ આદેશ માની શ્રીવલ્લભપ્રભુએ શ્રી લક્ષ્મણ ભટજીના સાધ્વી પત્ની શ્રીમતિ ઇલ્લમાગારુદેવીની કૂખે અવતાર લઇ કેવળ તેમના કુળને જ નહીં, પરંતુ સમસ્ત ભારતવર્ષને અને વિશ્વને પૂનિત-પાવન કરી દીધાં.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ભગવાને કહ્યું છે:

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
ઐશ્વર્યયુકત જે પ્રાણી શ્રીયુત શૌર્યવાન જે ।
तत्तदेवावगच्छत्वं मम तेजोंश-सम्भवम् ॥
જીવ તે જાણતું મારા ઉદ્ભવ્યા તેજ અંશથી ॥

‘સંસારમાં જેટલા લોકો વિભૂતિમાન, શ્રીયુકત અને ઊર્જસ્વી જોવામાં આવે છે તે સર્વ મારા જ તેજના અંશથી ઉત્પન્ન થયેલા જાણો.’

આ દૃષ્ટિથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી અને પ્રભુચરણ શ્રીવિઠ્ઠલેશજી શ્રીકૃષ્ણચંદ્રજીના

વિગ્રહાવતાર હતા તેમાં કોઇ સંદેહને સ્થના નથી.

તેમનાં પ્રાકટયના પ્રમાણો વેદ, પુરાણ, સંહિતા વગેરે અનેક પ્રાચીન ધર્મગ્રંથોમાંથી મળી આવે છે.

શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુસાંઇજી સાક્ષાત પુષ્ટિ પુરુષોત્તમ સ્વરૂપ છે તેનું શાસ્ત્રોક્ત પ્રમાણ અગ્નિપુરાણનું ભવિષ્યોત્તર ખંડ પ્રસ્તુત કરે છે.

अग्निरुपो द्विजाचारो भविष्यामि हि भूतले ।
અગ્નિરૂપ દ્વિજાચારી ભૂતલે પ્રકટીશ હું ।
वल्लभो अग्निख्यः स्याद्विठ्ठलः पुरुषोत्तमः ॥
વલ્લભ 'અગ્નિ'ના નામે, વિઠ્ઠલ પુરુષોત્તમઃ ॥

'આ ભૂતલપર બ્રહ્મણના આચાર પાળનાર શ્રી વલ્લભ વૈશ્વાનર નામે અને પુરુષોત્તમરૂપે તેમના તનુજ શ્રી વિઠ્ઠલ નામે હું અવતાર ધારણ કરીશ.'

વળી અગ્નિસંહિતામાં કહ્યું છે:
धनुर्मासेऽथ कृष्णे तु नवम्यांमुनिसत्तम
ધનુર્માસે કૃષ્ણપક્ષે શ્રેષ્ઠ એ નોમના દિને
गोप्यावतारः कृष्णस्य द्विजरुपेण भूतले ।
ગુપ્ત કૃષ્ણાવતારે હી ભૂતલે દ્વિએ રૂપથી ।
भविष्यति महाप्राज्ञो दौव प्रोद्धरणाय च
જન્મ લેશે મહાપ્રાજ્ઞ દૈવ ઉધ્ધાર હેતુથી
वल्लभस्य गृहे नूनं गिरिराजधरो हरिः ॥
શ્રીવલ્લભ ગૃહે નિશ્ચે ગિરિરાજધર પ્રભુ ॥

'પૃથ્વી પર દૈવી જીવોનો ઉધ્ધાર કરવાના હેતુથી પોષ વદ નોમના શુભ દિને શ્રીમદ્‌ વલ્લભાચાર્યજીને ઘેર પરબ્રહ્મ શ્રી ગિરિરાજધારી શ્રીકૃષ્ણ સ્વયં મહાજ્ઞાની બ્રાહ્મણરૂપે અવતાર ધારણ કરશે.'

ગૌરીતંત્રમાં કાળ ભગવાને કહ્યું છેઃ

पोष कृष्ण नवम्यां च विठ्ठलेशोतिसंज्ञकः ।
પોષ માસે વદી નોમે નામે શ્રીવિઠ્ઠલેશજી ।
भविष्यति कलौमध्ये प्रथम नंदनन्दनः ॥
પ્રાકટય કલિમાં લેશે સ્વયં શ્રી નંદનંદન ॥

'પોષ મહિનામાં કૃષ્ણપક્ષે નવમીના દિને કલિયુગમાં નંદનંદન શ્રીકૃષ્ણ સ્વયં શ્રીવિઠ્ઠલેશના નામે પ્રગટ અવતાર ધારણ કરશે.'

આવી એક આગાહી શ્રી મહાપ્રભુજીના પ્રાકટય પહેલાં થઇ ગયેલા ગુજરાતી ભાષાના આદ્યકવિ ભકત શ્રી નરસિંહે પોતાના એક ભકિતકાવ્યમાં કરેલ છે જેથી પુષ્ટિસંપ્રદાયના વધૈયા તરીકે તેમનું બહુમાન કરવામાં આવે છે.

'શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ, ભૂતલે પ્રગટીને પુષ્ટિમાર્ગ તે વિશદ કરશે.'

પૃષ્ઠ પ્રકાશન સહાય

રૂા. ૧૦૧-૦૦ સોની બેચરદાસ કાલીદાસ પારેખ હસ્તે રતનબેનના જયશ્રીકૃષ્ણ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૨૧ મું

નામ મહિમા ઐસી જુ જાનો,
મર્યાદિક કહૈ, લૌકિક સુખ લહે;
પુષ્ટિકો પુષ્ટિ પથ નિશ્ચે માનો. ૧
સ્વાંતિ જલ બુંદ પરતહૈ જાહિમેં,
તાહિમેં હોત તેસો જુ બાનો;
શ્રીયમુને કૃપાસિંધુજાની, સ્વાંતિજબ બહુમાની
'સૂર' ગુણ પૂર કહાલો લખાનો. ૨

અર્થ – શ્રીયમુનાજીના પરમ પુનિત નામ મહાત્મ્યનું સ્મરણ કરવું અને સમજવું એમાં પણ વિવિધતા રહેલી છે. જીવ જેવા ભાવથી એનું સ્મરણ કરે છે તેવા પ્રકારની ફળ પ્રાપ્તિ થાય છે. મર્યાદા અને પ્રવાહી જીવો ભૌતિક સુખ માટે નામ સ્મરણ કરે, તો તેને એવા પ્રકારનું ફળ મળે છે. પરંતુ પુષ્ટિ ભકતો ભગવદ્ લીલા સંબંધી અલૌકિક સુખ સિવાય અન્ય ઇચ્છા કરતા નથી અને શ્રીમહાપ્રભુજીની કૃપાથી એ સુખ એને અવશ્ય મળે જ છે.

શ્રીયમુનાજીનું નામ સ્મરણ જેવા ભાવથી કરે તેવું ફળ મળે છે. જેવી રીતે સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું જળ જેવા પાત્રમાં પડે ત્યાં તેવું રૂપ ધારણ કરે છે. કૃપાના સિંધુ શ્રીયમુનાજીનો પ્રભાવ પણ સ્વાંતિના જલ સમાન છે. આપના આવા ગુણના વખાણ હું કયાં સુધી કરૂં ? એમ શ્રી સૂરદાસજી કહે છે.

વિવેચન – શ્રી યમુનાજીને **'વિવિધ લીલોપયોગીની'** કહયા છે. તે આપના આધિદૈવિક સ્વરૂપને લીધે કહ્યા છે પરંતુ આ વિશેષણ આપના આધિભૌતિક સ્વરૂપમાં પણ સાર્થક છે. મર્યાદા–પ્રવાહી જીવો જેવા ભાવથી અને જેવી અભિલાષાથી શ્રી યમુનાજીનું સ્મરણ કરે છે તેને તેવા પ્રકારની ફળ પ્રાપ્તિ થાય છે. ત્યાં સૂરદાસજી દૃષ્ટાંત આપીને સમજાવે છે કે—સ્વાંતિ નક્ષત્રના વરસાદના જલ બિંદુઓ જો કેળના વૃક્ષમાં પડે તો ત્યાં કપુર ઉત્પન્ન થાય. છીપમાં પડે તો મોતી ઉત્પન્ન થાય. સર્પના મુખમાં પડે તો ઝેર ઉત્પન્ન થાય. એવી જ રીતે મર્યાદા પ્રવાહી વગેરે જીવો ભૌતિક સુખ માટે શ્રી યમુનાજીનું નામ સ્મરણ કરે છે તો એની ઇચ્છા મુજબ એ ફળ પ્રાપ્તિ પણ થાય છે.

મર્યાદા ભકતો જેમ પ્રભુને પ્રાર્થના કરી પ્રભુ પાસે લૌકિક કાર્યો કરાવે છે, એવી જ રીતે શ્રીયમુનાજી પાસેથી પણ લૌકિક ફળ પ્રાપ્ત કરે છે. પરંતુ પુષ્ટિ ભકતોને આવા ભૌતિક સુખની અભિલાષા નથી. પુષ્ટિ ભકતોની અભિલાષા માત્ર શ્રીયમુનાજીની કૃપા અને ભગવદ્ પ્રાપ્તિ હોય છે. અને શ્રીમહારાણીજીની કૃપાથી એની આ અભિલાષા પણ પૂર્ણ થાય છે. નિષ્કામતા એ વૈષ્ણવોનું મુખ્ય લક્ષણ છે. પ્રભુના સુખનો વિચાર એજ વૈષ્ણવોની અભિલાષા હોય છે. – **ક્રમશ**

શ્રી વલ્લભ

શિશુ શૌર્યનું મંગલ પ્રસ્થાન
શ્રીગોવર્ધન,ના "ચહુડા"ભાઈ લીલામાં "બનરાની"

જન કલ્યાણ મય પુષ્ટિમાર્ગ

(સંગઠ્ઠનનો સાક્ષાત્કાર)

લે. રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી

વૃંદા – મન્નુ....ઓ....મન્નુ....ક્યાં ગયો ?

માધવી – તમારો મન્નુ તો પહોંચ્યો વન જંગલમાં વૃંદાબહેન !

વૃંદા – (તેના પતિને) અરે સાંભળો છો ને ? તમારો મન્નુ તો ઘડીભર પણ પગવાળીને બેસતો નથી અને વન જંગલમાં જ ફર્યા કરે છે તમે પણ તેને કાંઈ કહેતા નથી.

ગેંદા – વૃંદા ! એ તો બાળક છે. એ આજ નહીં રમે તો ક્યારે, ડોકરો થયા પછી રમશે ! બાળકો તો જેમ રમે, ફરે તેમ બુદ્ધિશાળી અને ચપળ, બહાદુર બને છે.

વૃંદા – મન્નુ ને તમે જ બગાડો છો. લાડ કરવાની રીતે લાડ કરાય પણ બગાડાય નહીં સમજ્યા ? રાત–દિવસ રખડયા જ કરે એ, કંઇ સારૂં કહેવાય ? વનમાં હિંસક પશુઓ અને જીવજંતુઓનો પણ ભય હોય છે આપણા ગોવર્ધન ગામની દાન ઘાટીથી આગળ જઇએ ત્યાં વન પણ ઘાટું અને બીહામણું છે. તેને કાંઇક શિખામણ આપો તો સારૂં તમારા બન્ને થી હું તો થાકી છું અને બહુ થશે તો મારે પીયર જતી રહીશ પછી તમને ઠીક પડે તેમ કરજો આજે પણ વહેલો ચાલ્યો ગયો છે.

ગેંદા – (હસતાં હસતાં) હું....હું.... વૃંદા ! એવી પીયર જવાની બહુ ઉતાવળ ન કરતાં હો મન્નુ આવશે એટલે તેને ઠપકો આપીશ.

વૃંદા – તમે શું ઠપકો આપશો જ્યારે કહું ત્યારે તમારો તો આજ જવાબ છે અને પરીણામમાં શુન્ય....

° ° °

પહેલો સર્પ – કેમ ભાઇ ! આજે તો બહુ જ ઉતાવળો દોડી રહ્યો છે ?

બીજો સર્પ – હા ભાઈ ! આજે તો મારે પ્રભૂએ નિશ્ચિત કરેલ એક જીવનું સાભાગ્ય સિધ્ધ કરવા જવું છે. સમય થઇ ગયો છે તેથી દોડવું પડે છે.

પ. સર્પ – સૌભાગ્ય સિધ્ધ કરવા કે પ્રાણ લઈ અને યમરાજ પાસે મોકલવા ? લેવો છે કોઈ બીચારાનો પ્રાણ અને વાતો કરવી છે સૌભાગ્ય સેવાની, જેમ જગતના કોઈ તક સાધુઓ પોતાના કાર્યને સેવા કહે છે, ખરૂંને ?

બી. સર્પ – ઉપર ઉપરથી જોતાં તો એમ જ લાગે પરંતુ ભીતરનાં રહસ્યો જુદાં જ....હોય છે નજરે જોયેલી વાત પણ ખોટી

હોય છે એ. હું, આજે તને પ્રત્યક્ષ બતાવીશ તેનો પ્રાણ લીધા પછી જ તેના સૌભાગ્ય સુર્યનો ઉદય થવાનો છે સમજ્યો ? શ્રી વ્રજ તો શ્યામા શ્યામનું વિહાર ધામ છે, તેમાં વૈર-દ્વેષ, ઇર્ષ્યા વીગેરે કંઇ પણ હોતું જ નથી વ્રજના જીવો એક બીજાની સુખ સેવા કરવા માટે જ જન્મે છે. યોનિ અને જાતિ તો દેખાવ પુરતાં જ હોય છે તેમાં પણ વૈર-દ્વેષ અને કોઇના પ્રાણ લેવાનું આપણને પ્રત્યક્ષ દેખાય છે તેમાં પણ ભીતરનું રહસ્ય તો પરસ્પરની સુખ સેવા જ હોય છે. પરંતુ તે જોવા માટે દિવ્ય દ્રષ્ટિની જરૂર હોય છે. સર્વ સાધારણ લોકો એ જોઇ કે સમજી શકતા નથી. કોઇના પ્રાણ લેવામાં પણ શું સુખ સેવા છે. તે, તેને આજે સમજાશે.

પ. સર્પ – તું પણ આજે કંઇક નશામાં લાગે છે શું બોલે છે તેનું તને ભાનતો છે ને ? નશો વધારે થઇ ગયો લાગે છે.

બી. સર્પ – ભાઇ ! હું જે કહું છું તે સભાનતા પૂર્વક કહું છું અને જે કહું છું તે આજે જ તને પુરવાર કરી આપીશ ચાલ જલદી મોડું થાય છે.

પ. સર્પ – ચાલ ત્યારે આજે તો હું પણ તારી બરાબર પરીક્ષા કરીશ.

બી. સર્પ – જો ભાઇ ! સામેથી ચાલ્યો આવતો દસ વર્ષનો બાલક મારા ડંસનો ભોગ બનવાનો છે અને તેના ઉપર પ્રભુના સાક્ષાત અવતાર સમા એક મહાપુરુષની કૃપા થવાની છે અને તેનાં હજારો વર્ષથી બંધ થયેલાં સુખ સૌભાગ્યનાં દ્વાર આજે ખુલી જશે અને તે લીલા સાગરમાં લીન થઇ જશે એ પણ તું પ્રત્યક્ષ જોઇ શકીશ આપણે દેવયોની હોવાથી અદ્રશ્ય રહી બધું જોઇ શકીશું જો હવે હું તેને ડંસ આપુ છું. અને સામેથી ચાલ્યા આવતા દસ વર્ષના કીશોર ચહુડાને ડંસ દઇ બંને સર્પો અદ્રશ્ય રહી જોવા લાગ્યા.

બરાબર તે સમયે શ્રી ગોકુલથી જતિપુરા પધારતા શ્રી ગુસાંઇજી મહારાજે રસ્તામાં બાલકને પઠેલો જોઇ.

શ્રી ગુસાંઇજી – (ખવાસને) અરે ! જુઓ તો ! આ રસ્તા વચ્ચે કોણ પડેલ છે ખવાસે જઇ અને જોયું તો મૃત બાલકને જોયો અને કહ્યું કે પ્રભૂ ! કોઈ બાલક છે અને મૃત અવસ્થામાં પડેલ છે. કોઇ ઝેરી જંતુએ ડંસ કર્યો હોય તેવું લાગે છે.

આ સાંભળી કરૂણા વત્સલ દિનબંધૂ શ્રી ગુસાંઇજી ઘોડા ઉપરથી નીચે ઉતરી બાલક ઉપર અમૃતમયી કૃપા દ્રષ્ટિ કરી અને તેના લીલાત્મક સ્વરૂપ શ્રી "બનરાની"ને જોઈ આપશ્રી એ શ્રી હસ્તમાં જલ લઇ વેદમંત્રનો ઉચ્ચાર કરી મૃત બાલક ઉપર છીરક્યું અને બાલક સજીવન થયો અને આપશ્રીને સાષ્ટાંગ દંડવત કર્યા.

શ્રી ગુસાંઇજી – તું અહીં કેમ પડયો હતો ? શું થયું હતું તને ?

ચહુડો – મહારાજ ! હું ચહુડો છું મન્નુ મારૂં નામ છે હું ગોવર્ધનમાં રહું છું ગોવર્ધનથી જતિપુરા જતો હતો ત્યાં રસ્તામાં મને સર્પે ડંસ દીધો હતો. પ્રભૂ ! આપશ્રીએ કૃપા કરી મને જીવન દાન આપ્યું

કૃપાનાથ ! હું હવે આપનો છું અને આપને શરણે છું.

મન્નુની વિનંતી સાંભળી લીલાનો દૈવી જીવ જાણી અને તેને શ્રી ગુસાંઇજીએ નામ સંભળાવ્યું અને આજ્ઞા કરી કે તું આ નામ મંત્ર "શ્રી કૃષ્ણઃ શરણં મમ" નો જપ સદા સર્વદા કરજે આ પ્રમાણે આજ્ઞા કરી અને આપશ્રીતો ગોપાલપુર પધાર્યા અને મન્નુ ઘેરે આવ્યો. કોઇને કાંઇ કહ્યું નહીં પરંતુ શ્રી ગુસાંઇજી ની કૃપા થયા પછી મન્નુ ગંભીર અને શાન્ત બની ગયો અને અષ્ટ પ્રહર શ્રી કૃષ્ણઃ શરણં મમનો જય શ્રી ગુસાંઇજીના ધ્યાન સહિત કરવા લાગ્યો. શ્રી ગોવર્ધન દાનઘાટી તરહટી બીલછુ આદી સ્થળોએ બેસી રહેતો.

ગેંદા – જોયું ને વૃંદા ! મન્નુ હવે કેવો શાન્ત અને ડાહ્યો થઇ ગયો છે બાલકોતો સહુને વહાલાં હોય છે જ પરંતુ તેના વિકાસને રૂંધે એવા પ્રયોગો જેવાં કે ધાક-ધમકી ડર-માર-ભૂખ્યા રાખવાં-બાંધી રાખવાં વિગેરે મા બાપે કદી પણ કરવાં ન જોઇએ ફક્ત તે સ્વછંદી ન થઇ જાય એટલો જ ખ્યાલ રાખવો જોઇએ.

વૃંદા – ખરૂં છે સ્વામી ! આપની દરેક વાતને હું શિરોધાર્ય કરૂં છું પરંતુ સ્ત્રીઓના સ્વભાવ આકળા હોય છે એ તો આપ જાણો છો ને ?

આમ કેટલાક દીવસ થયા ત્યાં તો ગેંદા અને વૃંદા બન્ને હરી શરણ થયાં એટલે મન્નુ નિવૃત થયો અને બીલછુ ઉપરની પોતાની ખેતી કરવા લાગ્યો. શ્રી ગુસાંઇજીની કૃપાથી શ્રીનાથજી તેને સાક્ષાત દર્શન આપતા અને નિકુંજાદિકની વાર્તા વિનોદનું પણ સુખ આપતા. મન્નુની આસકિત શ્રી ગોવર્ધન-ધરણમાં એવી લાગી કે તે દર્શન વીના વ્યાકુળ અને અધિરો થઇ જતો અને શ્રીનાથજી પણ મન્નુને દર્શન આપ્યા વગર અગરતો તેને જોયા વીના રહી શકતા નહીં. તેને દર્શન આપવા પ્રભૂ મંદિરની બહાર પધારતા. દર્શન આપતા અને નિકુંજાદિક લીલાઓ ની રહસ્ય વાર્તાઓ પણ કરી અને પ્રસન્ન થતા.

શ્રી નાથજી – મન્નુ ! હમારે પ્રિય ભકતનકોં વિરહ દાન કરકેં અધિક સુખદાનાર્થ ઓર ભૂતલ પેં ક્રીડા કરવે કી હમારી ઇચ્છા ભઇ, સો ભૂતલ પેં, શ્રી વ્રજ દેશ શ્રી યમુનાજી, શ્રી ગિરિરાજજી શ્રી કુંજ-નિકુંજા દિક સબ સામગ્રી પ્રગટ કરી પરંતુ કાર્ય કારન બીનાં સબ ગોપીજન ભૂતલ ઉપર કૈસે આય સકે ? યાતેં હમને નિર્ગુણ ઓર લીલા સ્થાન મેં હું શ્રાપાદિક લીલા પ્રગટ કરી અન્યથા બ્રજ લીલામેં શ્રાપાદિક કી કોઇ સંભાવના નહી હેઃ કયોં ? જો સબ ભકત નિર્ગુણ હે, એસેં ગુણાતીત લીલાત્મક જીવ સબ ભૂતલ પેં આયે. કયોં જો ભકત બીના લીલાકી સિધ્ધિ હું નહીં સો લીલાત્મક સબ જીવનકો જડ, ચૈતન્ય રૂપમેં બ્રજ મેં પ્રાગટય ભયો.

મન્નુ – સ્વામિન ! જેઓ આપના છે અષ્ટ પ્રહર જે આપમાં જ તન્મય રહે છે. જેઓના આંખની કીકી અને નયનના તારા આપ જ છે તેઓને આપ વીના ઘડી પણ

કેમ ચાલે ? પલકાન્તર પણ દુઃખદાય બને છે આવી રીતે મન્નુ અને શ્રી નાથજી વચ્ચે વાતો થયા કરતી એક સમય શ્રી ગુસાંઇજીએ આ બધું જોયું અને બહુ જ પ્રસન્ન થયા.

શ્રી ગુસાંઈજી – મન્નુ ! આજે તો શ્રીનાથજીએ તારી સાથે ઘણો સમય વાતો કરી, શ્રી નાથજી તને શું કહેતા હતા ?

મન્નુ – મહારાજ ! આપની કૃપાથી શ્રી નાથજી મને દર્શન આપ્યા કરે છે આજે તો ગાયો–ગ્વાલ–વન–ઉપવન અને કુંજાદિક ના વિહારોની વાત તેમજ બીજી અનેક રહસ્ય વાર્તાઓ કરી પણ હું આ પ્રવાહ કેવી રીતે ધારણ કરી શકું ? પ્રભૂ ! જયારે મને શ્રી નાથજીનાં દર્શન થતાં નથી તે દીવસે હું અન્નજલ લેતો નથી એટલે બીજે દિવસે શ્રી નાથજી મંદિર બહાર પધારી મને દર્શન આપે છે તે પછી જ હું અન્ન જલ લઉં છું આ વાતો સાંભળી પરમકૃપાળુ શ્રી ગુસાંઇજીનું હ્રુદય દ્રવી ગયું લીલાત્મક સ્વરૂપની યાદી આવી અને મન્નુ(ચહુડા)ને આજ્ઞા કરી.

શ્રી ગુસાંઇજી – મન્નુ ! નિત્ય રાજભોગ સમયે માલાજી બોલે. તે સમયે મંદિરની દોઢી દરવાજા પાસે બેસજે તને સર્વથી પહેલાં દર્શન થશે આ પ્રમાણે આજ્ઞા કરી આપશ્રીએ ઝાપટીયાજીને બોલાવી આજ્ઞા કરીકે રાજભોગ સમયે આ મન્નુને નિત્ય પહેલાં દર્શન કરાવી દેજો પછીજ બીજા માટે દ્વાર ખોલજો જો જો. ભૂલ ન થાય તેમ કાળજી રાખજો, આમ આજ્ઞા કરી અને આપશ્રી ભીતર પધાર્યા. ત્યાર પછી મન્નુ નિત્ય નાહી શુદ્ધ વસ્ત્ર પહેરી મંદિરને દરવાજે બેસતો એને તેને નિત્ય નિયમ પુર્વક દર્શન થતાં હતાં.

– ક્રમશઃ

આ માસના ઉત્સવ

ચૈત્ર શુદ ૧ તા. ૧૦–૪–૮૬ ગુરૂવાર સંવત્સરોત્સવ, ચૈત્ર નવરાત્રારંભ.

ચૈત્ર શુદ ૨ તા. ૧૧–૪–૮૬ શુક્રવાર મત્સ્ય જયંતિ, મન્વાદિ તિથિ.

ચૈત્ર શુદ ૩ તા. ૧૨–૪–૮૬ શનિવાર ગણગૌરી

ચૈત્ર શુદ ૬ તા. ૧૫–૪–૮૬ મંગળવાર શ્રી ગુસાંઇજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનું પ્રાકટ્ય (સં. ૧૬૧૫) શ્રી યમુનાજીનું પ્રાકટ્ય

ચૈત્ર શુદ ૯ તા. ૧૮–૪–૮૬ શુક્રવાર શ્રી રામનમી વ્રત.

ચૈત્ર શુદ ૧૨ તા. ૨૧–૪–૮૬ સોમવાર કામદા એકાદશી વ્રત. શ્રી મહાપ્રભુજીની વધાઇ બેઠી.

ચૈત્ર શુદ ૧૫ તા. ૨૩–૪–૮૬ બુધવાર મહારાસની સમાપ્તિ. વૈશાખ સ્નાનારંભ મન્વાદિ તિથ.

ચૈત્ર વદ ૭ તા. ૩૦–૪–૮૬ બુધવાર શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ (શ્રી નાથદ્વારા)

ચૈત્ર વદ ૧૦ તા. ૩–૫–૮૬ શનિનાર શ્રી ગોવર્ધનલાલજી કૃત પાંચ સ્વરૂપનો ઉત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૪–૫–૮૬ રવિવાર શ્રી મહાપ્રભુજીનો પ્રાકટયોત્સવ (સં. ૧૫૩૫) વરુથિની એકાદશી વ્રત શ્રીનાથજીના મુખારવિંદનું પ્રાગટય (સં. ૧૫૩૫) શ્રી કુંભનદાસજીનો જન્મદિન (સં. ૧૫૨૫)

(ટાઈટલ બીજા પાનાનું ચાલુ)

બહાદરપુર – તા. ૧૯–૧–૮૬ ના રોજ મંગલ ગ્રામ સેવા નિધિ દ્વારા નિર્મિત થતા દવાખાનાના મકાનનું ખાત મુહૂર્ત પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહોદયના વરદ કર કમલો દ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે સંસ્થાના સ્થાપક શ્રી નવનીતભાઈ શાહ, શ્રી નિરંજનભાઈ શાસ્ત્રી, શ્રી પ્રદ્યુમનભાઈ શાસ્ત્રી, આં. રા. પુ. વૈ. પરિષદના કેન્દ્રિય મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે પ્રવચન કરેલ.

સિહોર – વધાઈ પદ, કીર્તન ગાન શિબીરનું આયોજન તા ૧૨–૨–૮૬ થી તા. ૧૮–૨–૮૬ સુધીનું થયું હતું. શીબીર સમાપન સમારોહ વખતે ભાવનગર થી પૂ પા. ગો. શ્રી નવનીતલાલજી બાવાશ્રી પધાર્યા હતા. આ શિબિરમાં ૯૦ વૈષ્ણવો એ ભાગ લીધો હતો. સંચાલન પ. ભ શ્રી વિઠલદાસભાઈ બાપોદરાએ કરેલ.

મહુવા તથા કુતિયાણા – પૂ. પા. ગો. શ્રી પ્રભુજી મહોદય(સુરત) ની અધ્યક્ષતાએ "ષોડશ ગ્રંથ" (શ્રી વલ્લભ ગીતા) સપ્તાહનું આયોજન થયેલ. તેના વકતા વિસનગરવાળા શ્રી વ્રજેકુમાર શાસ્ત્રીજી હતા. આ બન્ને સપ્તાહ અંતરગત શ્રી દામોદરદાસ હરસાનીજીનો તથા શ્રી ગુસાંઈજીનો પ્રાગટય મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો.

જુનાગઢ – (૧) પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહર બાવાશ્રી(જામનગર)ના વચનામૃતનો કાર્યક્રમ ગુલાબવાડીમાં અને પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલ બાવાશ્રી(સુરત) ના વચનામૃતનો કાર્યક્રમ મોઢ વણિક વાડીમાં યોજાયેલ હતો તથા શ્રી ગુસાંઈજીનો પ્રાગટય મહોત્સવ શ્રી મોટી હવેલીમા ધામધૂમપૂર્વક ઉજવાયો હતો.

(૨) શ્રી નાથદ્વારા તિલકાયત શ્રી પૂ. પા. ગો. શ્રી ગોવિંદલાલજીના લાલબાવાશ્રી દાઉજી મહોદય ઝનના સરદાર સાથે શ્રી મહાપ્રભુજીની સૌરાષ્ટ્રની બેઠકજી કરતા કરતા જુનાગઢ પધાર્યા ત્યારે વૈષ્ણવોએ ભવ્ય સ્વાગત કરેલ હતું.

વીરડી – સત્સંગ-ભગવદ્ ગુણગાનનો કાર્યક્રમ શ્રી મધુભાઈ કાકડીયાને ત્યાં યોજવામાં આવેલ હતો. તેમાં સ્થાનિક તેમજ બહાર ગામના બસોક વૈષ્ણવો એ હાજરી આપેલ. ઓળીયા ગામના વૈષ્ણવ બહેનોના રાસ–પદોનો કાર્યક્રમ રજુ થયેલ.

દુધાળા – સત્સંગ-ભગવદ્ ગુણગાનનો કાર્યક્રમ તા. ૨૫/૨૬–૧–૮૬ એમ દિવસનો શ્રી નંદલાલભાઈ મીસ્ત્રીને ત્યાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલીવાળા પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજ શ્રી તથા પૂ પા. ગો. શ્રી જીવનેશજીના પૂ. ગો. ચારૂલત્તાબેટીજી પધારેલ અને વૈષ્ણવોને વચનામૃતનો લાભ આપેલ.

નાનીવાવડી – શ્રી જીવરાજભાઈ ખૂંટને ત્યાં સત્સંગ-ભગવદ્ ગુણગાન તથા લોટી ઉત્સવ નો કાર્યક્રમ અમરેલીવાળા પૂ. પા. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજીની સાન્નિધ્યમાં તા. ૧૦-૨-૮૬ ના રોજ યોજાયેલ હતો. જામનગર વિભાગની વૈષ્ણવ મંડલી તથા પિયાવા ગામના વૈષ્ણવ બહેનોના રાસ-પદો, હીંચહમચીની ખૂબ જ ઝમાવટ થઈ હતી. સ્થાનિક તેમજ બહારગામ હજારેક વૈષ્ણવોએ લાભ લીધેલ.

માણસા – આં. રા. પુ. વૈ. પરિષદ ની નવી શાખ શરૂ થઈ તેની એડહોક સમિતિની જીલ્લા પ્રમુખ પ્રા. રમેશભાઈ પરીખે જાહેર કરી તેમાં પ્રમુખ શ્રી કાંતિભાઈ બળદેવદાસ શાહ, મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મૂળચંદદાસ કંસારા વગેરે બાર સદસ્યોની રચના કરવામાં આવી હતી.

વધાઇ

રાજકોટમાં બિરાજતાં પૂ. પા. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના નાનાલાલબાવા. પૂ. પા. શ્રીગોપીકાલંકારજી બાવાશ્રીને ત્યાં ફાગણ સુદ ૨ ના શુભદિને લાલબાવાનું પ્રાકટ્ય થતાં વૈષ્ણવ સમાજમાં ખુબ જ હર્ષ થયો નંદમહોત્સવ થયો. છઠ્ઠી પ્રસ્તાવમાં અનેક ગો. બાળકો, સજાતીય ભટ્ટજીવર્ગ તેમજ સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

હરદ્વાર કુંભમેળા પ્રસંગે શ્રીવલ્લભાચાર્યનગરનું આયોજન

આગામી કુંભપર્વ પ્રસંગે હરદ્વારમાં આં. રા. પુ. વૈ. પરિષદ તરફથી શ્રીવલ્લભાચાર્યજી નગરનું તા. ૯ થી ૨૪ એપ્રીલ '૮૬ સુધી આયોજન કરવામાં આવ્યું છે જેમાં કલ્પવાસ કરનાર માટે તંબુ-આવાસની વ્યવસ્થા કરવામાં આવી છે. તંબુમાં રહેવા માટે ન્યોછાવર આ પ્રમાણે છે.

ઈ. પી. ટેન્ટ (મોટો તંબુ)	રૂ. ૮૦૧
છોલદારી મોટી	રૂ. ૩૦૧
ત્રણ વાંસની નાની છોલદારી	રૂ. ૨૦૧

મંડાણમાં મનોરથની સેવા એક દિવસના રૂ. ૫૦૦૧/- પાંચ હજાર એક

મુખ્ય સ્નાન : ચૈત્રી અમાસ તા. ૯ એપ્રીલ બુધવારે
નવસંવત્સર તા. ૧૦ એપ્રીલ ગુરૂવાર
મેષ સક્રાંતી (મુખ્ય સ્નાન) તા. ૧૪ એપ્રીલ સોમવાર
શ્રીરામનવમી તા. ૧૮ એપ્રીલ શુક્રવાર
પુર્ણિમા ચંદ્રગ્રહણ તા. ૨૩ એપ્રીલ ગુરૂવાર

આં. પુ. વૈ. પરિષદ દ્વારા આયોજન

૧. શ્રીમદ ભાગવત પારાયણ કથા.
૨. પૂ. આચાર્યશ્રીઓના વચનામૃત
૩. વિદ્વાનોના પ્રવચન.
૪. રાસલીલા
૫. પરિષદનું પ્રચાર અધિવેશન તા. ૧૨-૧૩ એપ્રીલ

વધુ માહિતી માટે પરિષદના કેન્દ્રીય કાર્યાલય :
૯/૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઈ-૧

હરદ્વારમાં શ્રીવલ્લભાચાર્ય નગરનું સરનામું :-

ગૌરીશંકર સેક્ટર, પુલ પસાર કર્યા બાદ બજરંગીથી લખનૌ જતી સડક પર, હરદ્વાર ઉ. પ્ર.

ગ્રંથ સમીક્ષા

સ્મૃતિ ગ્રંથ : સંપાદક : રવજી પ. પટેલ, પ્રકાશક
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ધોરાજી શાખા (સોરાષ્ટ્ર)

ધોરાજીમાં ચાલતી અનેકવિધ પુષ્ટિમાર્ગીય પ્રવૃત્તિઓ પ્રત્યેક શહેર તેમ જ ગામડાને માટે અનુસરણીય છે. આ શહેરનો પ્રારંભ જ ચારણી ગાયોની પદરજથી થયો છે. વળી ગોંડલ રાજ્યની રાજરાણીઓ 'સદીબા'થી પ્રારંભીને 'મોંઘીબા' સુધીનાં રાણીઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતાં, તેઓનાં નામની હવેલીઓ ધોરાજી અને ગોંડલમાં આજેય તેની સાક્ષી પૂરે છે.

એવા પુષ્ટિનું પ્રાબલ્ય ધરાવતા ધોરાજી શહેરમાં અનેક પ્રકારની પુષ્ટિ પ્રવૃત્તિઓ વિશાળ પાયે થઇ રહી છે. તેમાં ઉત્તરોત્તર વધતા જતા પ્રજાના ઉત્સાહ સાથે અનેકવિધ ફાલીફૂલેલી પ્રવૃત્તિઓમાં સમગ્ર પુષ્ટિ-સાહિત્યને ગુજરાતની પુષ્ટિજનતા સમક્ષ જાણે કે પહોંચાડી દેવાની મહેચ્છા દેખાય છે, અને અનેક દળદાર ગ્રંથો એક પછી એક પ્રકાશિત થતા જાય છે. આવા બૃહદ ગ્રંથોનાં પ્રકાશનોમાં હવે 'સ્મૃતિ ગ્રંથ'નો ઉમેરો થાય છે. આ ગ્રંથની ભૂમિકામાં પુષ્ટિદૃષ્ટિથી લખાયેલો ધોરાજી શહેરનો ઈતિહાસ ખરેખર મનોરંજક છે.

આ 'સ્મૃતિ ગ્રંથ' તેના નામ પ્રમાણે અનેક પ્રકારની અમૂલ્ય સ્મૃતિઓનો સંગ્રહ ગ્રંથ છે. આ ગ્રંથ ક્રાઉન સાઈઝ આઠપેજી ૫૫૨ + ૩૨ = ૫૮૪ પૃષ્ઠોમાં પુષ્ટિમાર્ગનાં કેટલાંક વીસરાતાં જતાં તેમજ કેટલાંક અતિ મહત્વ ધરાવતાં ઐતિહાસિક, ભૌગોલિક અને સાંપ્રદાયિક ગૌરવવંતાં સંસ્મરણોથી છલોછલ ભરેલો છે. તેમાં પુષ્ટિપથના જાણે કે અખિલાઈથી ભરી દેતા શ્લોકો, સ્તોત્રો, અષ્ટકો, લેખો, ઉપદેશક વર્ણનો, સંસ્કૃતમાંથી ઉતારેલાં મહત્ત્વનાં ભાષાંતરો, જન્મપત્રિકાઓ અને તેનું મહત્ત્વ, અનેક ચિત્રજી અને નકશાઓ તેમ જ કલાચિત્રો, પુષ્ટિપથના પ્રવરજનોનાં જીવન, કાર્યો અને આચારવિચાર, અષ્ટછાપ ચરિત્રો, યાત્રાધામોનાં વર્ણનો, બેઠકો અને તેનું માહાત્મ્ય પુષ્ટિજનોને ઉપકારક થઈ પડશે. પુષ્ટિપથના ઉજજવળ મૂળરૂપ બ્રહ્મસંબંધ અને તેની મહત્તા ઉપરાંત બ્રહ્મસૂત્ર, ઉપનિષદો, ગીતાજી અને શ્રીમદ ભાગવત તેમજ ષોડશગ્રંથોમાંથી પણ ઘણું ઘણું તેમાં સંગ્રહાયેલું છે, ધોળપદો અને મંગળ ગીતો પણ ભુલાયાં નથી. એ રીતે પુષ્ટિપથના પ્રણેતા, જ્ઞાતા, પોષક, સંવર્ધક, ભકતો, સેવકો અને મરજાદીઓ, તે પ્રત્યેકના આચારવિચાર અને કાર્યો, પુષ્ટિપથનો ઉદેશ, પ્રણાલિકા, ફળ વગેરે બધું જ તેમાંથી જાણી શકાય તેમ છે. આ બધું પુષ્ટિપ્રેમીઓને અનેક રીતે પ્રેરક, ઉપકારક અને મંગલપ્રદ થઈ પડશે, એમાં શંકા નથી.

અહીં વિશિષ્ટતાથી નોંધનીય છે કે, તેમાં શ્રીનાથજી અને મહાપ્રભુજીથી પ્રારંભીને આધુનિક સમય સુધીના અનેક આચાર્યશ્રીઓનાં ચિત્રજી ભાવિક ભકતોને દર્શનીય છે. વળી તે સાથે તેઓશ્રીની ઓળખ આપતી રસપ્રદ માહિતીઓ અને ઉપદેશક લેખો, કાર્યો વગેરે ધ્યાનકર્ષક છે.

પુષ્ટિપથનાં બધાં જ પાસાંઓને આવરી લેતું આવું ઉત્તમ પ્રકારનું વાચન પુષ્ટિજનોને પોતાના કર્તવ્ય ઉપરાંત પુષ્ટિસંબંધી જ્ઞાન–વિજ્ઞાન આપનારું અને આનંદ ઊભરાવનારું બની રહેશે. આ અને આવા ઉત્તમ ગ્રંથો પ્રત્યેક પુષ્ટિપ્રેમીના ગૃહનું આભૂષણ બની રહે અને તેનું શ્રવણ, વાચન, મનન નિયમિત થતું રહે, એ જ અભ્યર્થના ! –સમીક્ષક

સ્મૃતિ ગ્રંથ : સંપાદક : રવજી પ. પટેલ, પ્રકાશક : આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ,
ધોરાજી શાખા (સૌરાષ્ટ્ર),

પ્રાપ્તિસ્થાન : (૧) ગિરિરાજ એમ્પોરિયમ, ત્રણ દરવાજા પાસે, ધોરાજી (૩૬૦ ૪૧૦),
(૨) રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે,
રાજકોટ, (૩૬૦૦૦૧).
ન્યોછાવર રૂ. ૬૦–૦૦, પોસ્ટેજ–પેકિંગ રૂ. ૫–૦૦

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

॥ શ્રી હરિ: ॥

તપોવન-ધામ

(દરબારી કાનડા)

મારું તન તપોવન-ધામ,
તનની કુંજગલીમાં ખેલે નંદનંદન ઘનશ્યામ
તનમાં કાશી, તનમાં મથુરા, અડસઠ તીરથધામ,
તનમાં ગંગા, તનમાં યમુના, તન સંગમ અભિરામ;
સિંધુ-સરસ્વતિ સાથ કાવેરી, નિશદિન વહંત તમામ.
મારું તન તપોવન ધામ.

તન તણો આ તંબુર બોલે 'તુ હી તું હી એક શ્યામ,'
મનની મુરલી છેડે મધુરી મીઠી મીઠી એક તાન;
રોમરોમ આ તનમન ડોલે અનહદ ગુંજત ગાન.
મારું તન તપોવન ધામ.

તનનો તાણી તંબુ બેઠો એક જ આતમરામ,
સાંજ-સવારે, જ્યારે-ત્યારે વારે વારે એક નામ;
શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે હે નાથ નારાયણ નામ !
મારું તન તપોવન ધામ.

–દેવેન્દ્ર આર. પાલેજા
'નિર્મલ'
કોઇમ્બતુર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेऽस्मिन्मार्ग रक्षका:

શ્રીવલ્લભસુધા

॥ શ્રી હરિઃ ॥

રાગ-બિહાગ

શ્રીવલ્લભહીકો નીકૌ, મારગ શ્રીવલ્લભહીકો નીકૌ;
કુબુદ્ધિ કીચ, કુટિલતા ન કંટક, નહીં કપટ કંકરીકૌ ૧

સરલ સુગમ સાધુમન રંજન, સુગદ સંગ દૈવીકૌ;
શ્રીવિઠ્ઠલ આદિ કલ્પતરુ છાયા, માનવાંછિત ફલજીકૌ ૨

શ્રી સુક વ્યાસ સુધા સરિતા તટ, સુખદ સમીર સૌરભ હીકૌ;
બાવન બિપિન વિશ્રાંત ચૌરાસી, હરત તાપ ભવહીકૌ ૩

શૈવી, શકિત, અધર્મી, દ્વેષી, આય સકે ન નજી (ક) કૌ;
વિષય વિગ્રહ બિમુખ હોઇ ભજે, અતુલ પ્રતાપ ધનીકૌ ૪

પદ પદ ઓચ્છવ આનંદ અનુભવ, તહાં કામન આવે નજિકૌ;
'હરખદાસ' યહ મારગ ચલિએ, બેગિ મિલે જુ પતિકૌ ૫

卐

વર્ષ ૫ : અંક ૨ ❖ મે, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

આંતરરાષ્ટ્રીય [illegible] શ્રી [illegible] સંગીત
મહોત્સવ [illegible] શાળામાં
[illegible]

ડાબી બાજુથી : આયોજક સંજય ગેસ સર્વીસ વાળા શ્રી હસમુખભાઈ ખખ્ખર, પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી, પૂ. પા. ગો. શ્રી કુમિલકુમાર બાવાશ્રી, ભૂતપૂર્વ મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજા, મ્યુ. કોર્પોરેશનના મેયર અને ગુજરાત ધારા સભાના સભ્ય શ્રી વજુભાઈ વાળા, આં. રા. પુ. ગો. પરિષદ ગુજરાત પ્રદેશ સમિતિના મંત્રીશ્રી ડાયાભાઈ ડેલાવાળા



[illegible]

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* શ્રી મગનભાઇ લા. તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિદ
* શ્રી રવજીભાઇ પ. પટેલ

❋

વર્ષ ૫ : અંક ૨ જો
મે, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રજાકોટ-૩૬૦૦૦૧

આનંદનો અવસર

આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો ચૈત્ર વદી ૧૧ ના રોજ આપણે ૫૦૮મો પ્રાકટ્ય મહોત્સ ઉજવીશું. આચાર્ય ચરણોએ હજારો વર્ષથી વિખુટા પડેલા દૈવી જીવોને શરણે લેવા ભૂતલ ઉપર પ્રાકટ્ય લીધું. અને ભૂલેલ ભટકેલા જીવ ઉપર કૃપા વિચારી પોતાના કર્તવ્નું જ્ઞાન કરાવી જીવને બ્રહ્મ સબંધ આપી પોતાના શરણે લીધો.

આપણે સર્વે પણ અનુગ્રહ માર્ગના અનુયાયીઓ છીએ, પરંતુ આપણું કર્તવ્ય શું છે તેના તરફ અજ્ઞાત રહીએ. આચાર્ય ચરણોએ દૈવી જીવો ઉપર કૃપા વિચારી ષોડશ ગ્રંથોની રચના સાથે જીવન કેવી રીતે જીવવું તેના માટે ૮૪ વૈષ્ણવોનું જીવન દર્શન મૂક્યું.

શું આપણે આપણા કર્તવ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવા કદી પ્રયત્ન કરેલ છે ? તે તરફ આપણે જવું હોય તો નિત્ય સત્સંગ જરૂરી છે પણ આ કલિકાલમાં સાચા તાદશી જનને ગોતવા જીવનું સામર્થ્ય નથી જેથી આપણે આચાર્ય ચરણોનાં ગ્રંથોનું વિવરણ આચાર્યશ્રી તેમજ વિદ્વાનોનાં લેખોનું મનન ચિંતન સાથે અધ્યયન કરવું જોઇએ તો જ આપણને શ્રીમદ્ વલ્લભાચાર્યજી દ્વારા પ્રસ્થાપિત થયેલ પુષ્ટિમાર્ગ જાણવા મળે અને આપણા જીવનને ધન્ય બનાવી શકીએ.

આપ શ્રી વલ્લભસુધા ના ગ્રાહક હો તો તમારૂ તેમજ તમારા દ્વારા નવા બે ગ્રાહકો બનાવી અને તેનું લવાજમ નિયમીત સ્વરૂપમાં ભરપાઈ થાય તે સૌ વૈષ્ણવ નું કર્તવ્ય થઇ પડે છે.

—શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ.

પૃષ્ઠ પ્રકાશન સહાયક :— પ. ભ. શ્રી અરવિંદભાઇ ઝવેરચંદ મહેતા (કલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

અધ્યાય નવમો

શ્રીભગવાનુવાચ–

ઇદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂચવે ।
જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ॥૧॥

શ્રી ભગવાને કહ્યું, હવે ઇર્ષ્યા રહિત એવા તને આ પરમ ગોપનીય, વિજ્ઞાન સહિત જ્ઞાનને વર્ણવીશ, જેને જાણીને તું અશુભથી મુક્ત થઇશ. ॥૧॥

નવમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાના ઐશ્વર્યનું જ્ઞાન આપતો 'રાજવિદ્યા-રાજગુહ્યયોગ' કૃપા કરીને પાંડુપુત્ર અર્જુનને પ્રસન્નતાપૂર્વક કહ્યો.

એ પ્રમાણે આગળના અધ્યાયમાં એક માત્ર ભક્તિથી પ્રાપ્ત થાય એવું પોતાનું સ્વરૂપ વર્ણવીને હવે ભગવાન શ્રીકૃષ્ણ કૃપા કરીને ભક્તિના સ્વરૂપનું જ્ઞાન 'ઇદં તુ' વગેરે શબ્દોથી કહે છે. આ જ્ઞાન તો અત્યંત ગુપ્ત, ભગવાન સંબંધી વિચાર કરનારું, ભક્તિથી ભરપૂર, વિજ્ઞાન સહિત, એટલે અનુભવ સહિત, ભક્તિનું ફળ પણ ભક્તિ, એવા સ્વરૂપનું છે તે ઇર્ષ્યા રહિત એવા તને હું કહીશ, એટલે કે પ્રતિક્ષણ ઉત્તરોત્તર અતિ કઠિનતાવાળી એક માત્ર ભક્તિથી પ્રાપ્ત થાય તેવા તેના સ્વરૂપના કથનમાં પણ દોષ વગરના એક માત્ર શ્રવણ-પરાયણ મનવાળા તને હું અધિકતાથી કહીશ. પ્રકર્ષેણ એટલે સ્વરૂપના જ્ઞાન સહિત કહીશ, એમ અર્થ છે. જે સ્વરૂપને જાણીને તું અશુભથી મુક્ત થઇશ, એટલે કે મારા સ્વરૂપના અજ્ઞાનવાળા સંસારથી અથવા મોહમાંથી તું છૂટીશ, એમ અર્થ છે. મૂળ શ્લોકમાં 'તુ' શબ્દ છે, તેનાથી આ જ્ઞાન બધાને કહેવા યોગ્ય નથી, એમ દર્શાવ્યું છે. 'તે' એટલે તને, એવા કથનથી કૃપા કરીને કહીશ, એમ સૂચવ્યું છે. ॥૧॥

રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમિદમુત્તમમ્ ।
પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખ કર્તુમવ્યયમ્ ॥૨॥

આ (વિજ્ઞાન સહિત જ્ઞાન) ગૂઢ ભાવોમાં શ્રેષ્ઠ, પાવન કરનાર, ઉત્તમ, પ્રત્યક્ષ ફળ આપનાર, વિશિષ્ટ ગુણોથી યુક્ત, પરમ સુખ ઉત્પન્ન કરવાને યોગ્ય અને અવિનાશી છે, (તે) વિદ્યાઓનો રાજા છે. ॥૨॥

જ્ઞાનનું સર્વથી અતિ ગૂઢપણું છે, એમ જણાવવાને માટે કહેવાઇ રહેલાનું સર્વોત્તમપણું 'રાજવિદ્યા' વગેરે શબ્દોથી કહે છે. આ કહેવાઇ રહેલું જ્ઞાન રાજવિદ્યા છે, એટલે કે વિદ્યાઓમાં સર્વશ્રેષ્ઠ વિદ્યા છે, તે બ્રહ્મવિદ્યા

સ્વરૂપે છે, એટલે કે સૌથી વધારે ગોપનીય છે. વિદ્યાઓમાં તે મુખ્ય હોવાથી અને ગુપ્ત રાખવા યોગ્ય છે તે તે બધામાં તે મુખ્ય હોવાથી કોઈનેય આ વિદ્યા કહેવા યોગ્ય નથી, એવો ભાવ છે. તે પવિત્ર છે, એટલે કે તે પરમ પાવન કરનારી છે, એમ અર્થ છે તે ઉત્તમ છે, એટલે કે તે સર્વથી શ્રેષ્ઠ છે. તે પ્રત્યક્ષ ફળ આપનારી છે, એટલે કે જેનું ફળ જોઇ શકાય તેવી તે વિદ્યા છે, એમ અર્થ છે તે વિશિષ્ટ ગુણોને ઉત્પન્ન કરનારી છે, તે સુખપૂર્વક સાધવા યોગ્ય છે, તે અવિનાશી છે અથવા તે પોતાના સુખને પરમ સુખરૂપ અવિનાશી કરવાને શક્તિમાન છે, એમ અર્થ છે. ॥૨॥

અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરંતપ ।
અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ॥૩॥

હે શત્રુને તપાવનાર અર્જુન, આ ધર્મ ઉપરની શ્રદ્ધાવગરના પુરુષો મને પામ્યા વિના મૃત્યુયુક્ત સંસારના માર્ગમાં ભમ્યા કરે છે. ॥૩॥

એ પ્રમાણે પહેલાં (પ્રથમ શ્લોકમાં) 'હું તને કહીશ' એમ કહ્યું છે, તેથી શ્રદ્ધાવાળા એવા તને હું કહું છું, એમ પ્રોત્સાહિત કરીને, તેમાં શ્રદ્ધા નહિ રાખનારાઓ સંસારને (જન્મમરણના ચક્રને) પામે છે. એ પ્રમાણેના કથનથી, 'અશ્રદ્દધાનાઃ' વગેરે શબ્દોથી તેનું ઉત્તમપણું સિદ્ધ કરે છે.

હે પરંતપ, હે મારી કૃપારૂપી શ્રેષ્ઠ તપવાળા, એવાં મારા વાક્યરૂપી જ્ઞાનને અશ્રદ્દધાળુ પુરુષો, યોગને જાણનારઃ હોય તો પણ આ ધર્મના ફળરૂપ મને પામ્યા વિના મૃત્યુવાળા સંસારના માર્ગમાં ભમ્યા કરે છે. 'તું જન્મને પામ, તું મરણને પામ,' એ પ્રમાણેના ત્રીજા માર્ગમાં તેઓ આસક્તિવાળા થાય છે, એમ અર્થ છે. 'અશ્રદ્દધાનાઃ' એટલે શ્રદ્ધા વગરના, એવા કથનથી માત્ર શ્રદ્ધાથી જ સંસારનો અભાવ સૂચવ્યો છે. ॥૩॥

મયા તતમિદં સર્વં જગદવ્યક્તમૂર્તિના ।
મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ॥૪॥

અવ્યક્ત સ્વરૂપ એવા મારા વડે આ બધું જગત વ્યાપ્ત છે. સર્વે જડ–ચેતન મારામાં રહેલાં છે, પણ હું તેઓમાં રહેલો નથી. ॥૪॥

એ પ્રમાણે નિશ્ચયપૂર્વક કહીને અને રાજવિદ્યાની વિશિષ્ટતાની પ્રશંસા કરીને "મયા' વગેરે શબ્દોથી પ્રારંભ કરીને બે શ્લોકથી તેને વિષે જ આગળ કહે છે. ઉત્તમ જનોને પણ જે દૃશ્યમાન નથી, એટલે કે લૌકિક ઇંદ્રિયોથી જે અગમ્ય છે અને જે પોતાના કાર્યોથી અને પોતાની એક માત્ર ઇચ્છાથી દૃશ્યમાન થાય છે તેવી મૂર્તિ એટલે કે તેવું સ્વરૂપ જેનું છે તે, તેમ જ આગળ (૧૧–૮ માં) કહેવાશે કે 'દિવ્યં દદામિ તે ચક્ષુઃ' (હું તને દિવ્ય ચક્ષુ આપું છું અને (૧૧–૫૪ માં) 'ભક્ત્યા ત્વનન્યયા' (પરંતુ અનન્ય ભક્તિથી) વગેરે, એવા પ્રકારના મારાથી આ જડ અને જંગમ સ્વરૂપ, તૃણથી માંડીને સ્તંભ પર્યંતનું આ સઘળું જગત મારાથી વિસ્તર્યું છે, એટલે કે સર્વે વસ્તુમાં તે તે સ્વરૂપે હું જ છું. અવ્યક્ત હોવાથી

તેવા પ્રકારનો હું બધાથી ઓળખી શકાતો નથી. જો એમ હોય તો તે તે રૂપે આપનો પ્રવેશ આધિદૈવિક ન્યાયથી સંભવિત હશે; એમ 'મત્સ્થાનિ' વગેરે શબ્દોથી કહે છે. સર્વનો આધાર હોવાથી બધાંની સ્થિતિ મારા સ્વરૂપમાં છે. ક્રીડાની ઇચ્છાથી તેવા તેવા ભિન્નરૂપે હું પ્રગટ થાઉં છું, એવો ભાવ છે. અપરિચ્છિન્ન (અમર્યાદ, અસીમ) હોવાથી પ્રગટ થયેલું જગત પણ મારામાં જ રહેલું છે, તેઓમાં હું નથી. તેઓ પરિચ્છિન્ન (મર્યાદિત, સીમિત) હોવાથી તેઓમાં હું સમાયેલો નથી, એમ અર્થ છે. ।।૪।।

ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્
ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ ।।૫।।

વળી ભૂતમાત્ર (જડ-ચેતન બધું) મારામાં રહેલાં નથી, મારા દિવ્ય યોગને તું જો. ભૂત માત્રને ઉત્પન્ન કરનાર અને ભૂતમાત્રનું ભરણપોષણ કરનાર મારો આત્મા ભૂતોમાં સ્થિતિ કરીને રહેલો નથી. ।।૫।।

જડ-ચૈતન્ય બધું મારામાં રહેલું છે, એવા કથનથી ભગવાનથી તેઓ ભિન્ન હશે, એવી સમજથી ભગવાનના વ્યાપકપણામાં ભ્રમ ન થાય તે માટે 'ન ચ મત્સ્થાનિ' વગેરે શબ્દોથી ફરીને કહે છે. 'ચ' નો અર્થ પુનઃ ફરીને, એવો અહીં છે. તે જડ-ચૈતન્ય ઉત્પન્ન થયેલાં છે છતાં મારામાં ભિન્નતાથી રહેલાં નથી, પરંતુ મારા સ્વરૂપ જ છે, એમ અર્થ છે.

અરે, તો પછી, અલગ અલગ કેમ દેખાય છે ? એના પ્રત્યુત્તરમાં 'પશ્ય મે યોગમૈશ્વરમ્ વગેરે શબ્દોથી કહે છે. મારા દિવ્ય યોગને તું જો, એટલે કે 'કર્તુમ્, અકર્તુમ્ અન્યથા કર્તુમ્' નવું ઉત્પન્ન કરવાને, હોય તેનો નાશ કરવાને તેમજ રૂપાંતરિત કરવાને શક્તિમાન) એવા સામર્થ્યવાળા ક્રીડાત્મક યોગને તું જો.

અહીં આ અર્થ છે મારાથી ક્રીડાને માટે અભેદમાં ભેદ દર્શાવાયો છે. તેથી જ 'ભૂતભૃત' વગેરે શબ્દોથી સ્પષ્ટતા કરે છે. 'ભૂતભૃત' એટલે ભૂતમાત્રને આધાર વડે ધારણ કરે છે, પોતાના રસને માટે પોષે છે તે. ભૂતભાવન' એટલે ભૂતમાત્રનું પાલન કરે છે તે, ઉત્પન્ન કરે છે, સ્વભાવ સિદ્ધ કરે છે તે એવા પ્રકારનો હોવા છતાં મારું આત્મસ્વરૂપ ભૂતમાત્રમાં રહેલું નથી.

અહીં આ ભાવ છે: તેઓમાં ક્રીડા કરનાર હોવા છતાં જેવી રીતે તેઓને ક્રીડા કરાવા માટે ઉત્પન્ન કરાયા છે, તેમાં તેઓ સ્થિત છે, પોતપોતાની કામનાથી ભિન્નતામાં રહેલા છે, તેમ હું રહેલો નથી. ।।૫।।

યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।
તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ।।૬।।

જેવી રીતે સર્વત્ર વિચરનાર મહાન વાયુ સદા આકાશમાં રહેલો છે, તેવી જ રીતે ભૂતમાત્ર (જડ-ચેતન બધું) મારામાં રહેલું છે, એમ તું જાણ. ।।૬।।

તો પછી આપનું વ્યાપકપણું હોવાથી અને જીવનું અણુપણું હોવાથી તેમજ અવ્યાપકપણું હોવાથી મારામાં રહેલાં છે. એમ આધાર-આધેય ભાવ (આશ્રયનો ભાવ અને આશ્રય આપવાનો ભાવ) શી રીતે હોઈ શકે? એમ હોવાથી 'યથા' વગેરે શબ્દોથી દૃષ્ટાંત

સહિત કહે છે. જેવી રીતે સર્વત્ર વિચરનારો મહાન વાયુ નિત્ય આકાશમાં રહેલો છે, પરંતુ તેને આકાશ સ્પર્શતું નથી. અહીં નિત્ય શબ્દ છે, તેનાથી આકાશમાંજ સર્વત્ર ગતિમાન છે, એમ સૂચવ્યું છે. તેવી જ રીતે ભૂતમાત્ર (જડ–ચેતન બધું) સર્વત્ર ગતિમાન છે, મારી ક્રીડા કરવાની ઇચ્છાથી જ તેઓ મારામાં રહેલાં છે, એમ તું જાણ. 'ઉપધારય' માં ઉપ એટલે સમીપે, મારી સમીપે અને ધારય એટલે તું જો, એમ અર્થ છે. ।।૬।।

સર્વભૂતાનિ કૌંતેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્ ।
કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ।।૭।।

હે કુંતીપુત્ર અર્જુન, કલ્પને અંતે, ભૂતમાત્ર (જડ–ચેતન સર્વ) મારી પ્રકૃતિમાં વિલય થાય છે. કલ્પના પ્રારંભમાં ફરીથી હું તેઓને સર્જું છું. ।।૭।।

અરે, ભગવાનમાં સ્થિત થયેલાં તેઓનો નાશ શી રીતે થાય? એમ શંકા કરીને 'સર્વભૂતાનિ' વગેરે શબ્દોથી કહે છે. હે કેવળ મારી કૃપાને પાત્ર, કલ્પની સમાપ્તિ થતાં ભૂતમાત્ર મારી ઇચ્છારૂપ પ્રકૃતિમાં વિલયને પામે છે. પુનઃ કલ્પના આરંભમાં સંસાર રૂપી ક્રીડા કરવાની ઇચ્છાથી હું વિશેષે કરીને તેઓનું સર્જન કરું છું, એટલે કે વિવિધતા માટે ઉચ્ચ–નીચ પ્રકારે હું તેઓનું સર્જન કરું છું. ।।૭।।

પ્રકૃતિં સ્વામવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ ।
ભૂતગ્રામમિમં કૃત્સ્નમવશં પ્રકૃતેર્વશાત્ ।।૮।।

પોતાની પ્રકૃતિને આશ્રય આપીને, પ્રકૃતિના પ્રભાવથી આ સમગ્ર પરાધીન ભૂતસમૂહને હું ફરી ફરીને ઉત્પન્ન કરું છું. ।।૮।।

અરે, આપનામાં લય પામેલાંઓનું, એટલે કે આનંદમાં ડૂબેલાંઓનું ફરીથી સર્જન કવાવામાં શું તાત્પર્ય છે? એવી શંકા કરીને 'પ્રકૃતિમ્' વગેરે શબ્દોથી કહે છે. રમણના આશયવાળી પોતાની અસાધારણ પ્રકૃતિને વશમાં લઇને રમણભાવને સ્વીકારીને વારંવાર મારી ક્રીડાને યોગ્ય અને મારા દર્શનને યોગ્ય, પૂર્ણ રીતે અવશ એવા ચતુર્વિધ (અંડજ, ઓરજ, ઉદ્ભિજ અને સ્વેદજ એમ ચાર પ્રકારના) ભૂત સમુદાયને મારી ઇચ્છાને અધીન એવી પ્રકૃતિના યોગમાં એટલે કે ક્રીડાત્મક સ્વરૂપના યોગમાં હું સર્જન કરું છું. એમ ન થાય તો સર્જેલામાં પહેલાં કહેવાયેલ દોષ આવે. પોતાની ક્રીડાને માટે સર્જેલાંની અહીં પણ આનંદરૂપતા જ છે, એવો ભાવ છે. ।।૮।।

સુરત તેમ જ સુરતની આજુબાજુનાં વૈષ્ણવોએ શ્રીવલ્લભ સુધાનું લવાજમ ભરવાનું સ્થળ.

પ. ભ. શ્રી વલ્લભદાસ એમ. શાહ
શ્રી કૃપા રત્ન કોર્નર
મોટા મંદિર કમ્પાઉન્ડ, **સુરત.**

શ્રીમદ્ વલ્લભાચાર્યજી હમાપ્રભુ-વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક નવમો)

એથી વિશેષ, સમર્પણ જે રીતે દૂષિત ન થાય તેવો પ્રકાર કહેતાં પહેલાં, દૂષિત હોય તેને સ્પર્શવાનો નિષેધ છે, એમ 'ન મતમ' વગેરે શબ્દોથી કહે છે.

ન મતં દેવદેવસ્ય સામિભુક્તસમર્પણમ ।।૫।।

અર્ધ ભોગવેલ હોય તેનું સમર્પણ દેવોના દેવ ભગવાન શ્રીકૃષ્ણને સ્વીકાર્ય નથી. ।।૫।।

દેવોના દેવ એટલે પૂજ્યના યે પૂજ્ય ભગવાનને અર્ધ ભોગવ્યું હોય તેનું સમર્પણ સ્વીકાર્ય નથી ભોગ એટલે સુખ અને દુઃખ માંથી કોઇ એકનાં ફળનો ભોગવટો, સુખ અને દુઃખને ભોગવ્યાં હોય તે અને વળી, વસ્તુ લઇ આવીને તેનો ઘરમાં સંગ્રહ કર્યા પછી તેમાંથી વપરાતાં જે વધ્યું હોય તે 'ભુક્તશેષ' કહેવાય આવેલમાંથી વપરાયું હોવાથી જે વધ્યું તે અર્ધ ભોગવેલું કહેવાય. વસ્તુ સારી છે કે ખરાબ તેની ચકાસણી કરવા માટે તેમાંથી લઇને ચાખવાથી, સુંઘવાથી કે હાથ ફેરવીને પરીક્ષા કરવાથી તે વસ્તુ અર્ધભુક્ત ગણાય નહિ; કારણ કે તેમ કરવાથી તેનો ઉપયોગ થયો નથી, અને વપરાશ થયો ન હોવાથી તે અર્ધભુક્ત કહેવાય નહિ. તેમાં યે મૂળ કારણ વસ્તુ ઉપર કરેલી દૃષ્ટિ વગેરેથી તેમાંથી કંઇ પણ ભોગવવાનો તેમાં રહેલો અભાવ એ છે, અથવા ભોગવવાની ઇચ્છા ન હોવા ઉપરાંત પોતાને માટે સ્વીકારવાનો પણ તેમાં પ્રયાસ નથી. તેમ છતાં જો કોઇને ખાવાની ઇચ્છા ઉદ્ભવે તો તેમાં તેના મનનો જ અપરાધ છે; કારણ કે તેમાં માનસિક વિચલન થયું છે, પરંતુ જ્યારે ભોગવવાની ઇચ્છા થવા ઉપરાંત ઇંદ્રિયો દ્વારા તેનો વપરાશ થાય છે ત્યારે તો વસ્તુમાં પણ દોષ આવે છે. એ પ્રમાણે છે તેથી તેવા પ્રકારનું સમર્પણ ક્રિયા દ્વારા દોષવાળું થયું હોવાથી તે ભગવાનને માન્ય નથી, એમ અર્થ છે. અને એ પ્રમાણે શ્રી ગોકુલનાથજીએ પણ દર્શાવ્યું છે. ભગવાન અર્થે કોઇ વસ્તુ લાવવામાં આવેલ હોય ત્યારે કોઇ વાર, કોઇનાથી તેમાંથી થોડુંક પોતાને માટે કે અન્ય કોઇને માટે ગ્રહણ કરીને જો ઉપયોગમાં લેવાયું હોય તો, ત્યારે તે વસ્તુનું જે અર્ધભુક્તપણું કહેવાયું છે તે અહીં કૌમુતિક ન્યાયે (એમાં તો પૂછવું જ શું ? એવા અર્થથાં)જ નિશ્ચત થયેલું જાણવું.

અને વળી, જે પોતાના જ વપરાશને માટે લાવેલું હોય તે વસ્ત્ર વગેરેમાંથી માત્ર

થોડુંક ભગવાનને સમર્પીને પોતાના ઉપયોગમાં લીધેલું હોય તેનો ઉપયોગ કરતાં, પછી જે વધ્યું હોય તેને સમર્પણ કરવા ઇચ્છે તો તે પણ અર્ધભુક્ત ગણાય. થોડું વપરાશમાં લીધું હોય અને થોડું વધ્યું હોય તે વધેલું અર્ધભુક્ત ગણાય, તેથી તેવું પણ ભગવાનને સમર્પણ કરવું નહિ, એમ કહે છે. તેમાં પોતાના ભોગ માટેનું પ્રયોજન જ દોષનું મૂળ કારણ છે. તેવા પ્રકારના સમર્પિતનું ગ્રહણ કરવામાં ભગવાને આપેલ પ્રસાદ હોવાનું સમજવું તે વ્યવહારુ નથી, અથવા ગૌણ છે, એમ અમને લાગે છે. તેમજ ખાવાની ઇચ્છાના અપરાધમાં તો, મારો આ અપરાધ ક્ષમા કરો, બીજી વાર તેવો અપરાધ ન થાઓ, એ પ્રમાણે દીનભાવથી ભગવાનને જ પ્રાર્થના કરવી, અને વજ્રના ચિહ્નવાળા ભગવાનના ચરણારવિંદનું ધ્યાન કરવું, કારણ કે ભગવાનની પ્રસન્નતા એ દૈન્યનો હેતુ છે 'જે ચરણોને ધોવાથી નીકળેલાં, નદીઓમાં શ્રેષ્ઠ એવાં ગંગાજીનાં પવિત્ર જલને મસ્તક ઉપર ધારણ કરીને શિવજી મંગલકારી થયા. જે ચરણોનું ધ્યાન કરનારનું મન, પાપરૂપી પર્વતો ઉપર છોડેલા વજ્રની સમાન છે (તેનું મન સર્વે માનસિક પાપોથી છુટી જાય છે) એવાં ભગવાનનાં ચરણારવિંદનું ચિરકાલ ધ્યાન કરવું, (ભાગ ૩–૨૮–૨૨), એ પ્રમાણે ત્રીજા સ્કંધમાં શ્રી કપિલજીના વાક્યથી જાણવું, કારણ કે, પાપનો નાશ કરનારી ભક્તિની પૂર્વે સિદ્ધ કરાયેલ ભગવાનના ચરણના ધ્યાનમાં અને સ્મરણમાં પણ તેવી યોગ્યતા રહેલી છે. વિશેષ શું ? ભગવાનનાં ચરણમાંના ચિહનરૂપ અંકુશનું પણ ધ્યાન કરવું જોઈએ 'હે બેટા, નાગશિક્ષા માટે જેવું અંકુશ હોય છે. તેવું તે ચિહન હોય છે.' એમ પદ્મપુરાણમાં ચરણચિહન અધ્યાયમાં તેવા આકારનું હોવાની સમજ આપવા માટેનું કથન છે, પંચાધ્યાયીમાં (ગોપી કહે છે કે,) 'કારણ કે તેમાં ધ્વજ, કમલ, ચક્ર, અંકુશ, યવ આદિ ચિહનો સ્પષ્ટ દેખાય છે તેથી (આ ચરણચિહનો ઉદારચરિત નંદ–નંદનનાં જ છે; ભાગ ૧૦–૩૦–૨૫); તેના ઉપરનાં સુબોધિનીજીમાં મનના નિગ્રહ માટે અંકુશને મનમાં સ્થિર કરવું, એવું તેનું તાત્પર્ય પ્રસંગથી કહેવાયેલું હોવાથી, એ પ્રમાણે અમને લાગે છે. ॥૫॥

એ પ્રમાણે દોષવાળું હોય તેની સાથેના સંબંધનો નિષેધ દર્શાવીને હવે સમર્પણ માટે દોષ રહિત હોય તેની વિશેષતા 'તસ્માત્' વગેરે શબ્દોથી કહે છે.

તસ્માદાદૌ સર્વેકાર્યે સર્વવસ્તુસમર્પણમ્ ।
દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ॥૬॥
ન ગ્રાહ્યમિતિવાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્ ।

તેથી સર્વે કાર્યોમાં સર્વપ્રથમ બધી વસ્તુઓનું ભગવાનને સમર્પણ કરવું. સમર્પણ કરીને પાછું લેવાનું વચન તથા બધું શ્રી હરિનું છે, ॥૬॥ અને પાછું લેવાય નહિ, એ પ્રમાણેનું અન્ય માર્ગનું વાક્ય એ બધું નિશ્ચિતતાથી વિચારાયું છે.

જે કારણે અસમર્પિતનો સંબંધ અને અર્ધભુક્તનું સમર્પણ અયોગ્ય છે તે કારણે સર્વ વૈદિક, સ્માર્ત અને લૌકિક બધાં કાર્યોમાં,

તે તે કાર્ય કરતાં પહેલાં જ તેમાં અપેક્ષિત બધી વસ્તુઓનું સમર્પણ કરવું ઉચિત છે, એમ અર્થ છે. તેની એ પ્રમાણેની શૈલી જ એમ કરવાની યોગ્યતા દર્શાવે છે. 'જગતને ધારણ કરનાર મહેશની દિવ્ય આજ્ઞાનું પાલન કરનારા અમે આ સંસારમાં નિત્યકર્મ કરીએ છીએ. તેઓ પ્રેમાળ છે અને તેઓ જ વૈષ્ણવ છે.' એ પ્રમાણે ગરુડ પુરાણમાં વૈષ્ણવોનાં લક્ષણો દર્શાવતું વાકય છે. અને એકાદશ સ્કંધમાં પણ (વૈદિક, તાંત્રિક કે મિશ્રિત) વિધિ પ્રમાણેનાં સંધ્યા, ઉપાસના આદિ કર્મો મેં પ્રેરેલાં છે. તે કર્મો વડે થયેલો, કર્મોને પાવન કરનારો દઢ સંકલ્પ મારી પૂજાને સફળ બનાવશે, (ભાગ ૧૧-૨૭-૧૧), એ પ્રમાણેના વાકયથી અને પોતે ભગવાનના આજ્ઞાકારી હોવાનું તેમ જ શ્રૌત, સ્માર્ત કર્મોનો વિચાર કરીને, વિષ્ણુધર્મોત્તર શંકર ગીતામાં 'શ્રીહરિની આજ્ઞા લીધા વિના આર્યમર્યાદાવાળો જે છે તે કોઇ પણ માણસ ક્રિયાનો પ્રારંભ કરતો નથી, તેના ઉપર કેશવ (શ્રીકૃષ્ણ) પ્રસન્ન થાય છે.' એ વાકયથી અને પોતાનો ધર્મ હોવાથી તે કાર્ય કરવા માટે ભગવાનને પ્રાર્થના કરીને તેને સંબંધિત સામગ્રીને સમર્પણ કરીને, કાર્ય કરવા માટે આજ્ઞા મેળવવા ફરીને વિનતિ કરીને મહાપાક (અનસખડી) વગેરેનું સમર્પણ શકય ન હોય તો મનથી અને વાણીથી સમર્પણ કરવું. શ્રાદ્ધ વગેરેમાં થોડાક રાંધેલ પદાર્થમાં તો સિદ્ધ કરેલ પ્રત્યક્ષ વસ્તુનું સમર્પણ કરવું જોઇએ. લૌકિકમાં પણ પહેલાં એ પ્રમાણે કરીને પછી તે તે કાર્ય કરવું જોઇએ. પણ નિવેદનમાં સમર્પણ કરવાની પ્રથાના અભાવથી એમ છે, એવી શંકાને સ્થાન નથી; કારણ કે વિજ્ઞાપન એટલે વિશેષે કરીને જણાવવું તે, વિષયને સારી રીતે જણાવવો, એમ છે. તેમાં 'તુ' શબ્દનો પ્રયોગ દેખાય છે; કારણ કે સમર્પણ કરવાનું આ વાકય છે, અથવા સમર્પણ નહિ કરનારનો આ શબ્દ છે, એ પ્રમાણે વિદ્વાનોનો વ્યવહાર હોય છે. આના ઉત્તમ જ્ઞાનમાં જ તેની પરિસમાપ્તિ છે. એ પ્રમાણે નિવેદન શબ્દમાં પણ જાણવું; કારણ કે 'નિવેદિતોઽજેગિરસા' વગેરેમાં એ પ્રમાણે જોવામાં આવે છે. અરે કહેવાયેલી એવી રીતે સર્વના સમર્પણમાં દોષનો અભાવ ભલે હોય, તોપણ 'સંત જનો આદર કરે છે તેવા પ્રકારની આપની ભકિત કેવી રીતે કરવી જોઇએ ?' (ભાગ. ૧૧-૧૧-૨૬) એવા ઉદ્ધવજીના પ્રશ્નના પ્રત્યુત્તરમાં, 'મારી મૂર્તિ, મારા ભકતજનનાં દર્શન, સ્પર્શ, અર્ચન (સેવા, સ્તુતિ અને પ્રણામ કરે, મારા ગુણોનાં ને લીલાનાં કીર્તન કરે. ભાગ. ૧૧ ૧૧-૩૪), વગેરેથી જ્યારે ભગવાને ભકતમાર્ગનો ઉપદેશ આપ્યો ત્યારે તેમાં પણ 'મને સમર્પિત કરાયેલ દીપકથી પણ પોતાનું કામ ન કરે,' (ભાગ. ૧૧-૧૧-૪૦), એ પ્રમાણે આજ્ઞા કરી છે. તે પ્રમાણે ન કરવાથી આજ્ઞાભંગનો દોષ શી રીતે નિવારાય ? એમ આનાથી તે પ્રમાણે ફરીને કહીને હવે તે વિષયક વ્યવસ્થા 'દત્તાપહાર' વગેરે શબ્દોથી કહે છે. 'દત્તાપહાર' એટલે ભગવાનને અર્પણ કરેલાનો અપહાર, ફરીને જીવના ઉપયોગ માટે ગ્રહણ કરવાનું કહેવાય છે, તે સંબંધમાં નિષેધતાથી કહેવાય છે. જેમાં 'દત્તાપહારવચનમ્', 'અપિ દીપાવલોકમ્' વગેરે વાકયો

વ્યક્તિના ધર્મ અનુસાર ભક્તિમાર્ગના ઉપદેશમાં આવે છે, એટલું અધ્યાહ. અને વળી શ્રીહરિના સંબંધમાં બધું સમર્પણ કરીને પણ ગ્રહણ કરવા યોગ્ય નથી, એમ એવા અર્થનું અન્ય માર્ગને માન્ય અને કહેવા ધારેલ એવું ભક્તિમાર્ગથી ભિન્ન માર્ગ વિષયક વિચારાયું છે.

અહીં આ અર્થ છેઃ આજ વાક્ય અગિયારમા અધ્યાયમાં ભગવાનમાં અચળ મનોધારણાની શક્તિમાં–'જો તું તારું મન મારામાં, બ્રહ્મમાં સ્થિર કરવાને શક્તિમાન ન હોય તો (તું અપેક્ષા રહિત થઈને મારા માટે બધાં કર્મો સારી રીતે કર)', (ભાગ. ૧૧–૧૧–૨૨), વગેરેથી તેના ગૌણ પણ વિહિત વિકલ્પના કથનમાં જે ભક્તિ, ઉપાસના શેષતાથી કહેવાઇ છે તેનો પ્રકાર ઉદ્ધવજીએ પૂછવાથી મલ્લિંગ મદ્ભક્તજન' (ભાગ. ૧૧–૧૧–૩૪) થી આરંભીને આઠ શ્લોક વડે તેનો માર્ગ ઉપદેશ્યો છે, તેમાં છે. (આ આઠેય શ્લોકનું પૂરેપૂરું વર્ણન પ્રારંભમાં જ પ્રથમ શ્લોકની ટીકા નીચે અપાઇ ગયું છે, તેથી તેનું પુનરાવર્તન કર્યું નથી, પ્રથમ શ્લોકનું વિવરણ જોવું.)

રંગ લાગ્યો કનૈયા મને તારો

(રાગ : રંગ લાગ્યો કનૈયા મને તારો, જગત બધું ઝાંખુ દીસે)

રંગ લાગ્યો કનૈયા મને તારો
જગે દીસે બધે વાસ તારે;
તારા પ્રેમનો પ્રસાદ માણ્યો ન્યારો
હવે લાગે સંસાર શેં અસારો ? રંગ લાગ્યો.
લાગે વૈકુંઠ–લોક ના પ્યારો
બ્રહ્મલોકે ન લાગે આવો સારો;
ના માગું મુક્તિ કે છૂટકારો
ભવો ભવ માગું મનખાવતારો. રંગ લાગ્યો.

પ્રા. **એમ. આર. પાલેજા**
(રાજપીપળા)

શ્રી વલ્લભ

શિશુ શૌર્યનું મંગલ પ્રસ્થાન

શ્રીગોવર્ધન,ના "ચહુડા"ભાઈ લીલામાં "બનરાની"

જન કલ્યાણ મય પુષ્ટિમાર્ગ

(સંગઠ્ઠનનો સાક્ષાત્કાર)

લે. રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી

મન્નુ–અરે ! આજે તો કામમાં ગુંચવાઇ ગયો અને દર્શનને મોડું થઇ ગયું. આમ આતુરતાથી દોડી મંદિરે ગયો તો દ્વાર બંધ અને તાળું લાગી ગયું હતું. હ્રદયમાં વિરહગ્નિ ભડકી ઉઠયો અને જવર આવી ગયો. તે નિરાશ થઇને મંદિરના પાછળના ભાગમાં પડી રહ્યો. હ્રદયમાં દુઃખનો સમુદ્ર ઉમગ્યો. પરંતુ શ્રીનાથજીતો ભકતનું દુઃખ જરાપણ સહન કરી શકતા નથી. ચહુડાનું દુઃખ પ્રભુથી સહન થયું નહીં.

'ભકત વિરહ કાતર કરૂણામય–ડોલત પાછે લાગે' અને આપશ્રી ગોવર્ધન ધરણ સીંહાસન ઉપરથી ઉભા થયા અને પાછળ જયાં મન્નુ પડયો હતો તે, દીવાલમાં પ્રભૂએ છડીથી મુખ દેખાય તેવો મોખો (ગોંખલો) કર્યો અને આજ્ઞા કરી કે મન્નુ ! ઉઠ દર્શન કર લે ઓર યે દોય પ્રસાદી લાડુ હે સોતું ખાયલે, તું ભૂખ્યો પર્યો હે સો મોકોં હું ખડો શ્રમ હોય હે

શ્રીનાથજીની મધુર વાણી સાંભળી અને મન્નુ ઉઠયો અને દર્શન કર્યા–ભકત અને ભકત વત્સલ શ્રીનાથજી બન્ને પ્રસન્ન થયા. મન્નુએ બન્ને લાડુ લીધા એક પોતે લીધો અને બીજો છેડે બાંધ્યો.

* * *

રામદાસજી–અરે ભગવાનદાસ ! જુઓતો ખરા મંદીરની પાછલી દીવાલમાં કોઇએ, મોખો પાડયો છે હું શ્રી ગુંસાઈજીને ખબર આપું છું અને તમે મંદીરનાં પાત્રો–સાજ શ્રૃંગાર વીગેરે તપાસી જુઓ.

ભગવાનદાસ–ભલે રામદાસજી તમે જાઓ અમે બધું તપાસીએ છીએ અને આનંદદાસ વિશ્વંભરદાસ ઉત્તમશ્લોકદાસ વિ. સહુ ભીતરીયા બધી વસ્તુ તપાસવા લાગ્યા બધું બરાબર હતું.

રામદાસ–મહારાજ ! મંદિરમાં પાછલી દીવાલે કોઇએ મોખો કર્યો છે આપ પધારો. આ સાંભળી શ્રી ગુંસાઇજી તુરત સ્નાન કરી મંદીરમાં પધાર્યા અને મોખો જોઇ. ઉદાસ થયા.

શ્રીગુંસાઇજી–રામદાસજી ! મંદીરની ચીજ વસ્તુ બરાબર છે ને ?

રામદાસજી–મહારાજ ! બધું બરાબર છે કંઇ પણ ગયું નથી.

પરંતુ મોખો થવાથી આપશ્રીનું ચીત્ત ઉદાસ થઇ ગયું આપશ્રી નીચે આપની બેઠકે પધાર્યા–મન્નુએ આ વાત સાંભળી એટલે પોતે તુરતજ શ્રી ગુંસાઇજી બીરાજતા હતા ત્યાં જઈ અને વિનંતિ કરી પ્રભૂ આજે આપ ઉદાસીન અને મૌન કેમ ?

શ્રી ગુંસાઇજી–મન્નુ ! શ્રી નાથજીના મંદીરમાં પાછળ કોઇએ મોખો કર્યો છે નજાણીએ કે શ્રીનાથજીની શું ઇચ્છા છે તેથી મન ઉદાસ થયું છે.

મન્નુ–પ્રભૂ ! આપતો બાલક શ્રીનાથજીના સ્વભાવને જાણો છો ભકતને માટે શ્રીનાથજી શું નથી કરતા ? આ બધો પ્રકાર આપશ્રીને એકાંતમાં કહીશ આ સાંભળી શ્રીગુંસાઇજીએ સર્વને વિદાય કર્યા અને આપશ્રી એકલા બીરાજયા અને મન્નુએ સર્વ વાત આપશ્રીને નીવેદન કરી. પ્રભૂ ! આપશ્રીની આજ્ઞા પ્રમાણે હું નિત્ય દર્શન કરવા આવતો હતો, પરંતુ આજે કામકાજમાં મને ખબર ન રહી અને મોડું થઇ ગયું મંદીરે આવ્યો ત્યાંતો દ્વાર મંગલ થઇ ગયાં હતાં મને દર્શન થયાં નહીં તેથી બહુ દુઃખ થયું. અને જવર આવી ગયો અને હું મંદીરની પાછળ ભૂખ્યો તરસ્યો પડી રહ્યો. મારૂં આ દુઃખ શ્રીનાથજીથી સહન થયું નહીં અને આપશ્રી એજ છડીથી ખોદી મોખો કર્યો અને મને દર્શન આપ્યાં અને આજ્ઞા કરીકે તું ભૂખ્યો છો તો આ મહાપ્રસાદ લઇલે એમ કહી મને બે લાડુ આપ્યા તેમાંથી એક મેં ખાધો અને બીજો આ ચાદરને છેડે બાંધ્યો છે એમ કહી મન્નુએ તે લાડુ શ્રીગુંસાઇજીને બતાવ્યો. શૈયા ભોગનો લાડુ જોઈ આપશ્રીનું હૃદય ભરાઇ આવ્યું જેના ઉપર શ્રીનાથજીની પુર્ણ કૃપા હોય તેનેજ શૈયા ભોગનો લાડુ આપ શ્રી હસ્તથી આપે છે. પછી આપશ્રીએ ઝાપટીયા ભીતરીયા પૌરીયા મુખીયા વીગેરે સર્વને બોલાવી અને આજ્ઞા કરી કે મન્નુ જે સમયે જયારે આવે ત્યારે કોઇપણ સમયમાં તેને પહેલાં દર્શન કરાવી દેજો–ટેરો આવી ગયો હોય તો સરકાવીને પણ મન્નુને, દર્શન કરાવજો જોજો એ દર્શન વગર રહી ન જાય તેનું બરાબર ધ્યાન રાખજો પછી આપશ્રીએ એ મોખો બંધ કરવાની આજ્ઞા કરી ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી મોખો બંધ કરશો નહીં એતો મન્નુ અને મારી પ્રેમ આશકિત પ્રતિક રૂપે રહેશે (આ સર્વ બન્ને સર્પોએ અદ્રષ્ય રહી અને જોયું).

બી. સર્પ–(પહેલા સર્પને) કેમ ભાઇ ! એ ચહુડાનાં પરમ સૌભાગ્યના સુર્યોદયનાં દર્શન થયાં ? મારો ડંસ તેને કૃપાના દ્વાર રૂપ બની ગયો ને ? વ્રજના સર્વ જીવો લૌકીક દ્રષ્ટિથી ગમે તેવા દેખાતા હોય પરંતુ તેઓ

એકો બીજાની આવી રીતે જ સેવા કરતા હોય છે.

પ. સર્પ-ખરૂં છે ભાઇ ! તેં મને આજે અલૌકીક રીતે સચોટ દર્શન કરાવ્યાં છે. સૌભાગ્યવાન દૈવી જીવોને શ્રાપ અને સર્પ દંશ પણ મુકિતના દ્વાર રૂપ બની જાય છે ચહુડાને અને પરિક્ષિત મહારાજને પણ અનુક્રમે-પમાનંદની પ્રાપ્તિ અને મુકિતનાં દ્વાર રૂપ બની ગયાં. કાલિયનાગને પ્રણ સૌભરી ઋષિના શ્રાપ દ્વારા શ્રી બાલકૃષ્ણ પ્રભૂનાં ચરણાવિંદની છાપ મસ્તક ઉપર અખંડ બીરાજી રહી અને ગરૂડનો ભય સદાને માટે ગયો નલ કુબર અને મણીગ્રીવ કુબેર પુત્રોને નારદજી દ્વારા શ્રાપથી નંદાલયનાં આંગણામાં વૃક્ષો થતાં સાક્ષાત શ્રી શ્યામસુંદરનાં દર્શન થયાં હતાં. રામાયણમાં ગૌતમ ઋષિના શ્રાપ દ્વારા અહલ્યાને પરમ કૃપાળુ શ્રીરામચંદ્રજીનાં સાક્ષાત દર્શન અને કૃપા પ્રાપ્ત થયાં હતાં આમ જ્યારે મહાપુરૂષોના શ્રાપ દ્વારા પણ ઘણા જીવોનાં પરમ કલ્યાણ થયાં છે તે તેઓની સુખ સેવાથી કેવા ઉત્તમ ફલની પ્રાપ્તિ થાય છે તેવાં દ્રષ્ટાંતોનાં આપણી વાર્તા સાહિત્ય અને શ્રીમદ્ ભાગવતમાં દર્શન થાય છે ત્યારે ચહુડાભાઇ (બનરાની) ઉપર સાક્ષાત શ્રી ગોવર્ધનધરપ્રભૂની કૃપા દ્વારા અનેક પ્રકારનાં અંતરંગ સુખો મળ્યાં હોય એતો શ્રીગોવર્ધન ધર અને બનરાનીજી-જાણે આપણે તો તેઓનું સ્મરણ કરી અને પરમ પાવન થઇએ.

શ્રી નાથજીને વિજ્ઞપ્તિ

શ્રીનાથજી, શ્રીનાથજી, શ્રીનાથજી !
રહે સદા તમારો સાથજી.
શ્રીનાથજી, શ્રીનાથજી, શ્રીનાથજી !
કૃપા કરી ધરો માથે હાથજી.
શ્રીનાથજી, શ્રીનાથજી, શ્રીનાથજી !
છૂટે તમારો ના સંગાથજી.
શ્રીનાથજી, શ્રીનાથજી, શ્રીનાથજી !
નારે અનાથ, તમથી સનાથજી.

પ્રા. આર. એમ. પાલેજા
(રાજપીપળા)

ભાવથી રીઝે છે મારો વાલમો

'શ્રી વલ્લભપદ રેણુ'

(રાજપીપળા)

(૧) ત્રિપુરદાસની મનોવ્યથા

હર સાલ જ્યારે ઠંડીની ઋતુ આવતી ત્યારે ત્રિપુરદાસનું હૈયું આનંદથી નાચી ઊઠતું. પરંતુ આ વખતે શીતઋતુ આવી તો પણ તેમના હૃદયમાં આનંદનો કોઇ પ્રતિઘોષ પડયો નહીં. ચહેરો ચિંતાતુર જણાતો હતો. હૈયુ નિસાસા નાખી રહ્યું હતું. ઉદાસીન મનથી તે શૂન્યમનસ્ક અવસ્થામાં બેસી રહ્યા હતા.

તેમના ધર્મપત્ની પતિની આ દશા જોઈ સ્તબ્ધ થઇ ગયા. થોડી વાર પછી તેમણે કહ્યું: "નાથ! આપ ચિંતાતુર કેમ જણાઓ છો? દીવાનગીરી અને માલમત્તા ગયાં તેથી? એ ગયાં તો બલા ટળી આપણે આપણા ઠાકોરજીની વધુ સેવા કરી શકીશું, પ્રભુએ આપેલાં હાથપગ અને હૈયું તો સાબૂત છે. હાથપગ હલાવી રોટલો રળી લઇશું અને ભાવભર્યાં હૈયે પ્રભુના ભકિતભજન કરીશું."

ત્રિપુરદાસે કહ્યું: "નહીં નહીં દેવી, હું ચિંતાતુર છું, નહીં કે દીવાનગીરી ચાલી ગઇ તેથી હું ઉદાસીન છું, નહીં કે આપણા ઘરબાર લૂંટાઇ ગયાં તેથી મને આ વાતનું કોઇ દુઃખ નથી."

તેમના પત્ની કહે: "તો પછી આ ઉદાસીનતા શાને? આપની આંખોમાં આ આંસુ શાથી? જરૂર આપના હૃદયમાં કંઇક દુઃખ છે જેની ચાડી ખાધા વિના આપનો ચહેરો રહી શકતો નથી."

ત્રિપુરદાસ કહે: "દેવી, તમે તો જાણો છો કે હર સાલ શિયાળામાં મારા હૃદયેશ્વર શ્રીનાથજી પ્રભુ માટે હું સુંદર ગરમ ડગલો ભેટ મોકલતો. અને એ ડગલો પણ કેવો? કાશ્મીરથી ખાસ મંગાવેલ ગરમ કાપડમાંથી તૈયાર કરાવેલો, પ્રભુના સુકોમલ શ્રીઅંગે અસુખ ન થાય એટલા માટે સુંવાળા રેશમી અસ્તરથી જડાવેલો, મૂલ્યવાન અત્તરથી મઘમઘતા રૂથી ભરેલો, સોનાચાંદીના તારના સુંદર વેલબુટ્ટાથી શોભતો અમૂલ્ય એવો ડગલો પ્રતિવર્ષ શીતઋતુમાં હું મારા પ્રભુ શ્રીનાથજીને સમાર્પત કરતો. પરંતુ રે નિર્ધન દશા! આજે મારાથી આવો ડગલો પ્રભુને ભેટ નહીં ધરી શકાય. આજે પહેલીવાર મારો આ સેવાવ્રત તુટશે એ વિચાર મારા હૈયાને કોરી રહ્યો છે!"

ત્રિપુરદાસના શબ્દો થંભ્યા, હયું હીબકવા માંડ્યુ, આંખો અશ્રુ વરસાવવા લાગી.

ત્રિપુરદાસના પત્નીને પતિના મનની પ્રભુમય ભાવના સ્પર્શી ગઇ. તેમને પણ દુઃખ થયું.

થોડીવાર મૌન સેવી તેમણે પતિને ધૈર્ય આપતાં કહ્યું: "નાથ આપણા પ્રભુ તો વસ્તુના ભાવથી નહીં પરંતુ મનના ભાવથી રીઝાય છે. આપણા ઘરમાં જાહોજલાલી રહી ત્યાં સુધી આપણે પ્રભુને મૂલ્યવાન ડગલો ભેટ ધરાવ્યો. આજે હવે આપણી દશા પલટી છે. પ્રભુએ આપણને જે સ્થિતિમાં મૂકયા છે એ

સ્થિતિ અનુસાર આપણા પ્રભુને વસ્ત્ર અર્પણ જરૂર શકીશું."

"દેવી, આજે તો એ પણ ક્યાં શક્ય છે? આપણી આવી નિર્ધન અવસ્થામાં એક સામાન્ય ડગલો ધરાવવાની પણ આપણી શક્તિ ક્યાં છે?"

"નાથ! આમ નિરાશ ન થાઓ. આપણી સારી ઘરવખરી રાજાએ ભલે જપ્ત કરી પણ ઘરમાં પિત્તળનો એક ખડિયો અને કલમ પડેલાં છે. એ વેચી જે કંઇ ઉપજે તેમાંથી શ્રીનાથજી માટે ડગલો બનાવી શકાશે."

(૨) ત્રિપુરદાસનો સંદેશો

પત્નીના હૈયાધરપત આપતા શબ્દોથી ત્રિપુરદાસને થોડું આશ્વાસન મળ્યું. તેમણે પિત્તળનો ખડિયો અને કલમ વેંચી તેમાંથી ઉપજેલા ત્રણ આનામાં એક લાલ રંગનું શેલું ખરીદ્યું.

વધારે પૈસા તો એમની પાસે હતા નહીં એટલે સીવડાવેલ ડગલાને બદલે એ લાલ શેલું એક યાત્રિક સાથે શ્રીનાથદ્વારા મોકલાવી આપ્યું.

સાથે સંદેશો કહેવડાવ્યો: "ભાઇ, આ કાપડ શ્રીનાથજીના ભંડારીને સોંપજો અને કહેજો કે નિર્ધન અવસ્થાને લીધે ત્રિપુરદાસ આવી ક્ષુલ્લક ભેટ મોકલતાં ક્ષોભ અનુભવે છે. શક્ય હોય તો આ શેલામાંથી ડગલો સીવડાવી મારા નાથને પહેરાવજો, નહીં તો કોઇ સેવાના કામમાં વાપરજો."

(૩) શેલાની અવગણના

યાત્રિકે શ્રીનાથદ્વારા પહોંચી સર્વ પ્રથમ શેલું ભંડારીને સુપરત કરતાં કહ્યું, "ભંડારીજી, લો આ શેલું ત્રિપુરદાસે શ્રીનાથજીબાવાના ડગલા માટે મોકલાવ્યું છે."

"ત્રિપુરદાસ દિવાને?"

"હા ભંડારીજી, ત્રિપુરદાસ દિવાને આ શેલું મોકલાવેલ છે."

ભંડારીએ કહ્યું: "આવું મામુલી શેલું બીજા કોઇએ નહીં અને ત્રિપુરદાસ દિવાને મોકલાવેલ છે? હર સાલ તો એમના તરફથી અતિ મૂલ્યવાન સરસ ડગલાની ભેટ આવે છે."

યાત્રિકે કહ્યું: "સમય સમયની બલિહારી છે. ભંડારીજી ત્રિપુરદાસ દીવાન હતા પરંતુ આજે તેમની દીવાનગીરી રહી નથી. એમની નિર્ધન હાલતમાં એમને ખાવાના પણ સાંસા પડે છે. તેથી એમણે કહેવડાવેલ છે કે આ શેલામાંથી ડગલો સીવડાવી પ્રભુને અંગીકાર કરાવજો અને એ ન બને તો કોઇ સેવાના કાર્યમાં એને ખપમાં લેશો."

આમ કહી યાત્રિક પ્રભુના દર્શન કરી વિદાય થયો.

શેલું હજી ભંડારીના હાથમાં હતુ. "નજીવી કિંમતના આ મામૂલી શેલામાંથી ડગલો શીવડાંવવાનો અને શ્રીજીબાવાને અંગીકાર કરાવવાનો! વાહ ભઇ! દોકડાની ડોશી અને ઢબુની મુંડામણ! શ્રીજીબાવાને શું ખોટ છે કે આવો સાવ સામાન્ય ડગલો અંગીકાર કરે?"

આવા વિચારથી ભંડારીએ ત્રિપુરદાસના લાલ શેલાની અવગણના કરી અણગમાના ભાવથી એને ભંડારિયામાં ધકેલી દીધું.

(૪) ભાવભરી ભેટનો અંગીકાર

મંગળાની આરતીનો સમય થવા આવ્યો.

શિયાળાની કડકડતી ઠંડી હતી એટલે શ્રીનાથજીબાવાને ઋતુ પ્રમાણે વસ્ત્રાભૂષણ અંગીકાર કરાવવામાં આવ્યા હતા શ્રી અંગ પર મૂલ્યવાન ડગલો અને સુંદર કાશ્મીરી શાલ ઓઢાડવામાં આવી હતી. વાતાવરણને હુંફાળું બનાવવા શ્રીજીબાવાની સન્મુખ સગડીઓ તાપવા માટે મૂકવામાં આવી હતી.

આમ છતાં શ્રીજીબાવાનું શ્રીઅંગ ઠંડીથી કંપી રહ્યું. હતું એમના શ્રીમુખ પર ઠંડીની ધ્રુજારી, અસંતોષ અને રોષનો ભાવ સ્પષ્ટપણે વર્તાઇ રહ્યા હતા. મુખિયાંજી આ જોઇ ગભરાઇ ગયા અને શ્રી વિઠ્ઠલેશજી પાસે દોડી ગયા.

તેમણે કહ્યુંઃ “પ્રભુ, શ્રીજીબાવાના શ્રી અંગ પરથી ઠંડીની ધ્રુજારી કોઈ ઉપાયે જતી નથી. આપ તરત પધારો અને કોઇ ઉપાય કરો.”

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણ વિના વિલંબે ત્યાં પધાર્યા નેઓશ્રીએ શ્રીજીબાવાના શ્રીઅંગ પર દુશાલો ઓઢાડ્યો અને મોટી સગડી એમના સન્મુખ મૂકાવી પરંતુ શ્રીજીના શ્રીઅંગની ધ્રુજારી ગઇ નહીં.

શ્રી વિઠ્ઠલેશે ભાવપૂર્વક પૂછ્યુંઃ “બાવા ! આપને કંઇ અસુખ છે? આપનું શ્રીઅંગ કેમ એટલું ધ્રુજી રહ્યું છે?”

શ્રીજીબાવાએ કહ્યુંઃ “કાકાજી, મને ત્રિપુરદાસની ભેટનો અંગીકાર કરાવવામાં આવ્યો નથી એના વગર મારી ઠંડી જશે નહી”

મહાપ્રભુના અનન્ય સેવક અને નિજભકત ત્રિપુરદાસ પ્રત્યે શ્રીજીબાવાનો આટલો બધો ભાવ જોઇ પ્રભુચરણ ગદ્ગદ્ થઈ ગયા.

શ્રી વિઠ્ઠલેશે તરતજ ભંડારીને બોલાવી પુછ્યુંઃ “ભંડારીજી. ત્રિપુરદાસ તરફથી આવેલ ભેટ શ્રીજીબાવાને કેમ અંગીકાર કરાવવામાં આવી નથી ?”

ભંડારીએ કહ્યું : “પ્રભુ, આ વખતે તો એમના તરફથી એક મામૂલી શેલું આવેલું છે. એ શ્રીજીને અંગીકાર કરાવવા યોગ્ય નહીં લાગતાં એને ભંડારિયામાં પડી રહેવા દીધું છે.”

શ્રીવિઠ્ઠલેશે કહ્યું : “ભંડારીજી, તમે ક્યાંથી સમજી શકો કે ત્રિપુરદાસે મોકલાવેલ શેલું મામૂલી નહીં પણ મહામૂલી છે. ત્રિપુરદાસના પ્રીતિસભર હૈયાની હૂંફથી એ હૂંફાળું છે, એમના હૃદયની રેશમી ભક્તિથી એ મુલાયમ છે, એમના અંતરના અત્તરથી એ તરબત્તર છે, અને એમના પ્રભુ સેવાલીન હૃદયના સુવર્ણતારોના અવનવા રંગોના સુંદર વેલબુટ્ટાઓથી એ શેલું શોભિતું છે ! એથી શ્રીજીબાવાને એ કેટલું પ્રિય છે એની તમને કેમ ખબર પડી શકે ?

“જાઓ, એ શેલું લાવો અને દરજીને બોલાવી તરત તેમાંથી ગદલ સીવડાવી અહીં હાજર કરો.”

ભંડારીએ જતાં જતાં કહ્યું : “પ્રભુ, ક્ષમા કરો. ફરીથી આવી ભૂલ નહીં થાય.”

તાબડતોબ દરજીને બોલાવવામાં આવ્યો. અને એ લાલ શેલામાંથી રૂથી ભરેલ ગદલ સીવડાવી તૈયાર કરાવી.

શ્રીવિઠ્ઠલેશે સ્વહસ્તે શ્રીજીબાવાને આ ગદલ અંગીકાર કરાવી. પ્રભુની ઠંડી દૂર થઇ. મુખિયાજી અને ભંડારીજીને પણ હાશ થઇ.

તરત જ મંગલાના દર્શન ખૂલ્યાં, પ્રસન્નતાની ઝલક અને અનેરી આભાથી ઉજ્જવલ લાગતા શ્રીજીબાવાના શ્રીમુખ પર અનેરું સ્મિત વિલસી રહ્યું હતું. વૈષ્ણવજનો શ્રીજીબાવાના કમનીય મુખકમલના દર્શન કરી ભાવવિભોર બની ગયા.

(૫) ભાવથી રીઝે છે મારો વાલમો

શેરગઢ જતા એક વૈષ્ણવ દ્વારા શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણે ત્રિપુરદાસ કાયસ્થને ખબર કહેવડાવ્યા કે પ્રભુએ સામેથી માગીને તેમની ભેટ અંગીકાર કરી છે.

ત્રિપુરદાસે આ ખબર જાણ્યા ત્યારે તેમની ખુશીનો પાર રહ્યો નહીં તે અત્યંત ભાવવિભોર બની ગાઇ ઊઠયા.

'ભાવથી રીઝે છે મારો વાલમો
યશોદા નંદજીનો લાલનો.'

એમના આનંદસભર હૃદયમાંથી એક ભક્તિગીત સ્ફુર્યું. નાચતાં નાચતાં એ આ કીર્તન ગાવા લાગી ગયા.

રાગ આસાવરી

નવરંગ લાલન બિહારી મેરો કહે :
જાડો મોહિ અધિક સતાય ।
પહેરી કંવાઇ, ઓઢી લઇ ફરગુલ,
તોહુ સીત સતાવત આય ।।૧।।
અચરજ ભયે સુનિ વલ્લભ–નંદન,
અવર અંગીઠી ધરી મંગાય ।
પુનિ જીય સોચિ મંગાઇ "રંગી",
ઉઢાઇ, ભજી સીત, હંસે જદુરાય ।।૨।।
ઐસે પરમ કૃપાલ દયાનિધિ,
બિસરત નહીં, સુધિ કરત સદાય ।
'ત્રિપુરારિ' ગિરિધારીકી બાતેં,
કહા જાને કોઉ દેહુ બતાય ।।૩ ।।

શ્રદ્ધાંજલિ

જુનાગઢના અગ્રણી અને આદર્શ વૈષ્ણવ પ. ભ શ્રી અમુભાઈ રાજા તા. ૧–૪–૮૬ના રોજ શ્રીજી ચરણ પામતાં અં. રા. પુ. વૈષ્ણવ પરિષદ જુનાગઢ શાખા અને શ્રીવલ્લભ સેવા મંડળના ઉપક્રમે તા. ૩–૪–૮૬ના રોજ શ્રી નાનજી ભાઈ જેઠાભાઈ મેખડીવાળાના નિવાસ સ્થાને મળેલી સભામાં સદ્‌ગતને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

અનન્યાશ્રયના પંથે

શ્રીવલ્લભપદરેણુ

(રાજપીપળા)

પ્રભાબેન : વાસંતીબેન, ઓ વાસંતીબેન ઘરમાં છો કે ?

વિશાખા : આવો પ્રભામાસી, બેસો બા ઠાકોરજીને ભોગ ધરાવી થોડીવારમાં જ આવશે.

વાસંતીબેન : (બહારના ખંડમાં આવતા) પ્રભાબેન, માફ કરજો, તમને થોડીવાર બેસી રહેવું પડયું. ઠાકોરજી માટે મેવો સિદ્ધ કરતી હતી તે સમર્પી આવી એટલે થોડી વાર થઇ. પણ પ્રભાબેન, તમને આજે સવારના પહોરમાં મારા જોગું શું કામ આવી પડયું તે તો કહો.

પ્રભાબેન : વાસંતીબેન, આ તો ચૈત્ર મહિનો હમણા બેઠો છે અને લોકો નવચંડી હોમ વગેરે કરાવવા માંડયા છે. એથી તમારા ભાઇને પણ નવચંડી હોમ કરાવવાની ઇચ્છા થઇ છે.

વાસંતીબેન : બોલો બેન, આમાં હું તમને શી રીતે કામ આવી શકું ?

પ્રભાબેન : તમે અવારનવાર પાઠ વગેરે કરાવો છો ત્યારે કયાંકથી પાથરણાં અને અન્ય સાધનસામગ્રી લાવો છો તો મને થયું, લાવ તમને પૂછી જોઉં કે આ બધું કયાંથી મળી શકે ?

વાસંતીબેન : પ્રભાબેન, એક વાત પૂછું ? અવિવેક લાગે તો માફ કરશો.

પ્રભાબેન : લો પૂછવા હું આવી ત્યારે સામેથી તમે પૂછવાનું શરૂ કર્યું જરૂર પૂછો બેન.

વાસંતીબેન : પ્રભાબેન, તમે પણ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ખરા કે નહીં ?

પ્રભાબેન : કેમ નહીં ? મેં તો બ્રહ્મસંબંધ પણ લીધો જ છે ને ?

વાસંતીબેન : મને ખબર છે પ્રભાબેન. તમે દરરોજ શયનભોગના દર્શન કરવા શ્રી નાથજીના મંદિરે નિયમિત આવો છો. તેથી જ તો મને એક વાત સમજાતી નથી તે હું તમને પૂછવા માંગુ છું પ્રભાબેન, તમે નવચંડી આગ્રહ કેમ રાખો છો ?

પ્રભાબેન : વાસંતીબેન, આ તો અમારા કિશોરને તેના ધંધામાં સારી કમાણી થઇ. તેમાંથી થોડા પૈસા ધાર્મિક કાર્ય નિમિત્તે જુદા તારવ્યા છે. તેથી મનમાં થયું કે આપણે પણ ચૈત્ર માસમાં નવચંડી હોમ કરાવીએ.

વાસંતીબેન : પણ બેન, આપણે તો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ રહ્યા. પછી આપણાથી આવો અન્યાશ્રય કરાય ખરો ? આપણા પ્રભુ તો સર્વ સમર્થ એવા શ્રીકૃષ્ણ પરમાત્મા છે. એ તો સર્વેશ્વરેશ્વર-દેવોનાય દેવ છે. તેથી આપણે આપણા પ્રભુને ભૂલી જઇ બીજા દેવ-દેવીઓની બાધા-માનતા રાખીએ તો

એ તો અન્યાશ્રયનો દોષ થયો ગણાય અને આપણા માર્ગમાં તો એ બાધાજનક ગણાય.

પ્રભાબેન : વાસંતીબેન, તમે બોલો છો ત્યારે થાય છે કે બસ સાંભળ્યા જ કરીએ. મને અન્યાશ્રયનો આવો કોઇ ખ્યાલ જ ન હતો. આવી સમજણ આપવા બદલ આભાર.

વાસંતીબેન : પ્રભાબેન, આપણા શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી 'વિવેક ધૈર્યાશ્રય' ગ્રંથમાં આ વિષે જે આજ્ઞા કરે છે તે સ્મરણમાં રાખવા જેવી છે. આપશ્રી કહે છે;

અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમન મેવચ
પ્રાર્થના: કાર્ય માત્રેડપિ તતો ન્યત્ર વિવર્જયેત્
અવિશ્વાસો નકર્તવ્ય: સર્વથા બાધકસ્તુ સ:
બ્રહ્માસ્ત્ર ચાતકૌ ભાવ્યો પ્રાપ્તં સેવેત નિર્મમ:

અન્યને ભજવું ને ત્યાં જવું સ્વેચ્છા થકી વળી ।
પ્રાર્થવી કાર્યસિદ્ધિયે, તો બીજે કયાં જવું નહીં ।।
અશ્રદ્ધા કરવી તો ના બાધક સર્વથા જ તે ।
બ્રહ્માસ્ત્ર–ચાતકીભાવે મળ્યું નિર્મમ માણવું ।।

ભગવાન સિવાય અન્ય દેવોનું આરાધન, અન્ય દેવ સમીપ પોતાની ઇચ્છાથી જવું અને કાર્યસિદ્ધ માટે અન્ય દેવોની પ્રાર્થના કરવી તે પણ બાધક છે માટે પોતાના પ્રભુ સિવાય અન્યત્ર જવું નહીં–બીજા દેવોના આશ્રયનો સર્વથા ત્યાગ કરવો.

ભગવદાશ્રયમાં કદી અવિશ્વાસ ન કરવો. અવિશ્વાસ સર્વ રીતે બાધક છે. આ બાબતમાં બ્રહ્માસ્ત્ર અને ચાતક વિચારણીય છે. જે કંઇ અનાયાસે મળે તેનું મમતા રહિત સેવન કરવું.

પ્રભાબેન : બેન, અમારા ઘરમાં ધાર્મિક વાતાવરણ ભેળસેળિયું છે. અનેક દેવદેવીઓને માનીએ. માર્ગીય પુસ્તકોનું વાંચન પણ નથી. કોઇ પૂછે તમારો કયો ધર્મ ? તો અમે કહીએ કે પુષ્ટિમાર્ગ પણ તેથી આગળ અમે કંઈ પણ કહી ન શકીએ. સારું થયું કે આજે હું તમારે ત્યાં આવી. આજે મારી આંખ ઊઘડી છે, અને સાચું શું, ખોટું શું, એ હવે મને કંઇક સમજાય છે.

વાસંતીબેન : પ્રભાબેન, તમે કહો છો કે તમે બ્રહ્મસંબંધ લીધો છે. પણ બ્રહ્મસંબંધ લેતી વખતે બોલેલ નામનિવેદન મંત્ર તમે ભુલી ગયા ? તમે આપણા ઇષ્ટદેવને કોલ નો'તો આપ્યો: 'હે કૃષ્ણ, હું તારી દાસી છું, હું તારી છું' ?

પ્રભાબેન, આ સંસારમાં બધા પુરુષો અને સ્ત્રીઓને પતિ અને પત્ની તરીકે કૌટુંબિક જીવન જીવવાનું છે. પણ એ બધા પુરુષો અને સ્ત્રીઓ લૌકિક પતિ અને પત્ની ગણાય. આપણા ગુરુવર્યે નામ નિવેદન મંત્ર દ્વારા આપણો સંબંધ શ્રીકૃષ્ણ સાથે બાંધ્યો છે. એથી શ્રીકૃષ્ણ આપણા બધા વૈષ્ણવોના, બધા પુરુષો તેમજ સ્ત્રીઓના અલૌકિક પતિ છે. આપણે વચનબદ્ધ ન રહીએ, વચન ન પાળીએ તો આ અલૌકિક પતિ રીઝે કે ખીજે કહો જોઇએ ?

પ્રભાબેન : વાહ ! આવું તો આ પહેલીવાર સાંભળ્યું. વાસંતીબેન, બ્રહ્મસંબંધ તો લીધો પણ સાંસારિક માયાના બળના પ્રભાવે એ મંત્ર સમજવા અને એ પ્રમાણે આચરણ કરવા પ્રતિ બેધ્યાન રહ્યા. પોતાને પુષ્ટિ માર્ગીય વૈષ્ણવો કહેવડાવતા હોય અને નિત્ય શ્રીનાથજીના મંદિરે દર્શન કરવા આવતા હોય એવા તો અમારા જેવા કેટલાય વૈષ્ણવો છે વાસંતીબેન, કે જે બ્રહ્મસંબંધને બાજુએ મૂકી અન્યાશ્રય કરે છે અને અનેક દેવદેવી-

ઓને માને છે, બાધા રાખે છે અને તેમના દર્શન કરવા જાય છે.

વાસંતીબેન : જાણું છું. પ્રભાબેન આજે આ વસ્તુ આપણા માર્ગમાં એક મોટા કોયડા રૂપ બની ગઇ છે. આપણે સામેથી કંઇ કહેવા જઇએ તો વણમાગી સલાહ આપી કહેવાય. આ તો તમે અમારા સ્નેહીજન રહ્યા અને સામેથી પુછવા આવ્યા ત્યારે બે શબ્દ જે યોગ્ય લાગ્યા તે કહ્યા.

બેન, આજે આપણામાં પુષ્ટિમાર્ગનું જ્ઞાન ક્ષીર્ણ થતું જાય છે. ધર્મમાં શિથિલતા આવતી જાય છે એ ખરેખર શોચનીય છે. છેલ્લા થોડા વર્ષોમાં જો કે થોડી જાગૃતિ આવી છે ખરી, પરંતુ આપણો પુષ્ટિમાર્ગ એક વિશાળ ધર્મ સંપ્રદાય છે એથી એના ઉત્કર્ષ માટે પ્રયત્નો પણ વિશાળ કરવાં પડે.

પ્રભાબેન : વાસંતીબેન, તમે જે બોલો છો એ બધું તો મને સમજાતું નથી પરંતુ થોડી ઘણી વાત મારા ગળે ઉતરી છે. નવ ચંડી હોમ નો વિચાર કરવા બદલ મને પસ્તાવો થાય છે. પણ હવે આ અલગ તારવેલા પૈસાનો આપણા માર્ગની રીતિ પ્રમાણે કેવી રીતે વિનિમય કરવો એ પણ કૃપા કરી મને સમજાવો.

વાસંતીબેન : જુઓ બેન, ચૈત્ર માસમાં જ તમારે આ દ્રવ્યનો ઉપયોગ કરવો હોય તો આ માસ આપણા શ્રી યમુના મહારાણીજીના ઉત્સવથી, શ્રી ગુસાંઇજીનાં છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજીના પ્રાકટયોત્સવથી અને શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાકટયોત્સવથી અલંકૃત બનેલો છે, તેથી આ માસ આપણા માટે મહિમાવંતો છે 'શ્રી યમુનાષ્ટક'ના તેમ જ 'યમુનાસહસ્ત્ર નામ'ના પાઠ રાખી શકાય અને શ્રી યમુનામાને વિવિધ પ્રકારનો ભોગ ધરાવી વૈષ્ણવોને પ્રસાદ લેવડાવાય. આપણા મંદિરમાં 'શ્રી સર્વોત્તમજી'ના અખંડ પાઠ રાખી શકાય અને આપણા શ્રી ઠાકોરજીને રાજભોગની સામગ્રી સમર્પી શકાય. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના અને શ્રી યદુનાથ મહાપ્રભુજીના પ્રાકટયોત્સવોમાં શોભાયાત્રાનો કાર્યક્રમ અને સત્સંગમાં કીર્તન-ભજનનો કાર્યક્રમ રાખી વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવો વધુ સુવિધા હોય તો 'ષોડષગ્રંથ' કે 'શ્રી સર્વોત્તમજી' પર સપ્તાહ પારાયણ યોજી શકાય. આમાંથી જે સાનુકુળ હોય તે કરી શકાય. તમે કિશોરને તેમજ નવીનભાઇને સમજાવી આવું કંઇક કરો તો આપણા માર્ગની રીતિ જળવાશે અને સાત્વિક આનંદ મળશે,

પ્રભાબેન : વાસંતીબેન, આજે તમને મળી મને બહુ આનંદ થયો. તમે મને અન્યાશ્રયના દોષમાંથી બચાવી છે અને અનન્યાશ્રયના પંથે વાળી છે આજે તમે મારા પર બહુ કૃપા કરી.

વાસંતીબેન : પ્રભાબેન, મેં તો વિશેષ કંઇ જ કર્યું નથી. આપણા માર્ગનો સિદ્ધાંત હું જેમ સમજી છું તેમ તમને કહી બતાવ્યો.

ત્યાં તો બાજુમાં જમનામા કીર્તન ગાતા હતા તે સંભળાયું:

'સાંચો વૈષ્ણવ સોઇ દયા રાખત મન માંહીં,
ભૂલે ભટકે જીવ તિનહિં સન્માર્ગ દિખાહીં.'

પ્રભાબેન : વારુ ત્યારે. વાંસતીબેન, આવજો. જયશ્રીકૃષ્ણ.

વાંસતીબેન : પ્રભાબેન, લો આ પ્રસાદ લેતા જાઓ આવજો, જયશ્રીકૃષ્ણ.

પ્રભાબેન કીર્તન સાંભળતાં સાંભળતાં મનમાં નવો ઉલ્લાસ ભરી પોતાના ઘર તરફ જવા લાગ્યા.

અનન્યતા

લે. પ. ભ. શેઠ નટવરલાલ મહાસુખલાલ (અરાદ)

વ્હાલા વલ્લભીઓ ! હું તો એક તુચ્છ બુદ્ધિનો અલ્પમતિ જીવ છું, એ આપથી ક્યાં અજાણ છે ? શ્રીવલ્લભકૃપાથી સૌ સુલભ થાય છે. કર્તા કારિયતા હરિઃ જીવ નિમિત્ત માત્ર જ છે. શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય, એ જ એક માત્ર આપણા પુષ્ટિમાર્ગમાં ખુબ જ મહત્ત્વની અને પાયાની વાત છે.

ભાઇ ! અન્યાશ્રય ભયંકર ખતરનાક છે. અન્યને વિસ્મૃત કરીશું, એટલે અન્યમાંથી આસક્તિ છોડીશું તો જ અનન્ય બની શકીશું. અન્યનો આદર અવશ્ય કરીએ, કિન્તુ ! આસક્તિ એકમાં કરીએ.

અનન્ય એને કહેવાય, પતિવૃતા એને કહેવાય કે, પોતાના સ્વામિ સિવાય, સામામાં આસક્ત ન થાય. પોતાના સ્વામિમાં એનું સર્વ સમર્પણ થઇ ગયું. પછી એનું સર્વસ્વ એક માત્ર એનો સ્વામિ જ ગણાયને ! એનું શરણ સ્વીકારી, એના ચરણની સેવા અને એક માત્ર એનું જ સ્મરણ મરણ પર્યંત કરે. એમાંથી ચલાયમાન ક્યારેય ન થાય. ત્યારે જ અનન્ય પતિવૃતા કહેવાય અને ત્યારે જ અહીં અને તહીં જેવું કંઇ જ સ્મરણ એને રહેતું નથી. પ્રપંચનું વિસ્મરણ થતાં સદા સર્વદા પૂર્ણ ભાવથી અખંડિત પતિ પાસે જ એનો અચલિત નિવાસ થાય છે. ચિત્તબીજું કઇ ચિંતવતું જ નથી. સેવા સ્મરણમાં બધું જ ભૂલાય. આશ્રય દઢ થાય, પ્રપંચનું તદ્દન વિસ્મરણ થઈ જાય. સ્વામી સિવાય કંઇ જ યાદ ન રહે. પળ પણ એને યુગ જેવી થઈ જાય.

ત્યારે "ચેતસ્તત્ પ્રવણં સેવા" પ્રભુમાં ચિત્તનું સંપૂર્ણપણે પ્રવિષ્ટ થવું, ચિત્તમાં એક માત્ર પ્રભુનું જ સ્મરણ રહેવું – સ્મરણથી શરણ દઢ થાય છે. અને એની સેવાનો પ્રભુ અંગીકાર કરે છે. પ્રભુને અનન્ય ભકત ખૂબ જ પ્રીય છે.

પ્રભુના પ્રીય બનવા, પ્રભુની પ્રીત કરવા માટે આપણે અન્યતા ધારી એવા અનન્ય બનીએ, તો પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય, એવા અનન્ય ભગવદીયજનોનું મને દાસત્વ પ્રાપ્ત થાઓ.

વ્હાલા વલ્લભીઓ ! દેહથી માંડીને આત્મા સહિત સર્વ પ્રભુનું જ છે, આપણે સર્વનો આદર કરીયે, આસક્તિ એક માત્ર આપણા ઉદ્ધારક, વલ્લભીઓના ઉદ્ધારક સર્વેશ્વર શ્રીમદ્ વલ્લભાધીશ–શ્રીવિઠ્ઠલેશ પ્રભુમાં જ કરીયે.

ભગવદ્ કૃપા અનન્યો પર જ ઉતરે છે. એવા અનન્યજનોના સંગથી જ ભગવદ્ પ્રાપ્તિ થાય છે. એ વાત નિશ્ચિત છે.

"સર્વદા સર્વ ભાવેન, ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાય મેવ ધર્મો હિ નાન્ય કવાપિ કદાચન ॥"

–જયશ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાક્પતિર્વિઠ્ઠલેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ : શ્રીવલ્લભાયન મહાકાવ્ય
રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

શ્રીકૃષ્ણ અને શ્રીવલ્લભની લીલા સામ્ય અંતિમ સુધી છે.

આનંદ પૂર્વક જાતક કર્માદિ સંસ્કાર કરાવ્યા પછી દિવસ પાંચ પસાર થયા. રાજા અને પ્રધાન દિવસના ત્રણ ત્રણ વખત કાર્ય માટે આજ્ઞા લેવા આવતા. બાલકના દર્શન કરી પરમાનંદ પામતા.

એક મુકુન્દદાસ બ્રહ્મચારી અને એક માધવાનન્દ સંન્યાસી આ બન્નેની ઘનિષ્ટ મૈત્રી હતી. બન્ને કાશીમાં રહેતા હતા. એમણે ભગવદ્ લીલા સંબંધી અનેક ગ્રંથોનું પઠન પાઠન કરેલ હતું. ભગવાનની નિત્યલીલા છે. જયારે ઇશ્વર ચાહે તે સમયે અવતારોની સર્વ લીલાનું દર્શન કરાવી શકે છે.

શંકા – માયા મત વાળાઓના મત પ્રમાણે સબલ બ્રહ્મની નિત્ય લીલાનું દર્શન કહેવા માત્રનું છે.

આવા પ્રકારની દ્વિધામાં બન્નેનું ચિત્ત સાકાર બ્રહ્મનું ભજન કરી ભગવાનને જ પૂછવું કે આપની લીલા નિત્ય છે કે થઇ તેટલી જ છે. આ બન્ને વિદ્યાના પાંચ અંગો (જ્ઞાન, વૈરાગ્ય, તપ, યોગ અને ભકિત) થી દીનતા પૂર્વક ભજન કરવા લાગ્યા. સમય જતા આકાશ વાણી થઇ 'તમે બન્ને મારી નિત્ય લીલા જોવી હોય તો ચંપારણ્યમાં જાઓ.' તે બન્ને ચાલતા પૂછતા જયારે ચંપારણ્યમાં આવ્યા ત્યાં પ્રાકટયના સર્વ ચિન્હો જોયા. શ્રી વલ્લભને પ્રકટ થયાનો પાંચમો દિવસ હતો. કોને પૂછવું? અતિશય દીન બનેલા નદીમાં સ્નાન કરી વાણી ગદ્ગદ્ કંઠે સ્તુતિ કરતા ભગવદ્ પ્રેરણા થઇ કે તમે ચૌડા નગરમાં જાવ. ચૌડા નગરમાં આવતા લોકોને પૂછતા શ્રી લક્ષ્મણ ભટ્ટજીના મુકામે આવ્યા. અને વિનતિ કરવા લાગ્યા કે ભગવદ્ આજ્ઞા સંબંધી આકાશવાણી ઉપર પૂર્ણ વિશ્વાસ કરી આપના પુત્રના દર્શન કરવા આવ્યા છીએ. અમો બીજું કંઇપણ ચાહતા નથી.

શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ તે વખતે તેમનું સ્વાગત કરી શ્રી વલ્લભને પોતાના ખોળામાં ગાદી સાથે પધરાવી હસતા કહેવા લાગ્યા કે તે આ બાળક છે.

ચોપાઈ

સુનત બચન ભટજી હરખાયે, દર્શન હિત લાલન પધરાયે દર્શન કરત સન્ત સુખ પાયે, પ્રભુ પિતુ અંક રહત મુસકાયે લખત સન્ત પ્રભુ લેત જંભાઇ, સદન બદન શોભા

પલટાઇ નન્દાલય યશુમતિ મહતારી, ષષ્ઠી પૂજન કરત સુખારી આવત જાવત અગણિત ગ્વાલા, વિવિધ ભેટ લાવત બ્રજ બાલા સન્ત દિવ્ય લીલા લખ પાયે, સન્ત મગન તન સહિત સમાયે નહિ જગ નહિં લછમન ભટ ગેહા, દ્વિજ હરિલીલા પાય સદેહા સુત પ્રભુતા ભટજી લખ પાયે ષષ્ઠી પૂજન કર હરખાયે.

ત્યાર પછી શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ પોતાને ત્યાં છઠ્ઠી પૂજનનો પ્રસ્તાવ આનંદ પૂર્વક કરી બાલકની મહતા સ્વદેહે બન્નેનો લીલામાં પ્રવેશ થયેલો જોઇ પોતાની પત્નિને સર્વ હકીકત કહી.

દિવસ દશ થતાં રાજ સચિવ કૃષ્ણદાસને ત્યાં પુત્રનો જન્મ થયો જાણી વધાઇ મલતા શ્રી લક્ષ્મણભટ્ટજી પોતે પણ ત્યાં ગયા. જાતક કર્માદિ સંસ્કાર કરાવી. ભિક્ષુકોને દાન દેવરાવી, બ્રાહ્મણોને દાન-માનથી સંતોષાવ્યા અને પુત્રનું નામ પુરુષોત્તમ ધરાવ્યું તેથી પ્રધાનના આનંદનો પાર રહ્યો નહિ.

શ્રી લક્ષ્મણભટ્ટજીએ પોતાના આત્મજ શ્રીવલ્લભના બારમે દિવસે નામઃ કરણાદિ કરાવ્યા શ્રીવલ્લભ નામ તેમનું મુખ્ય. પુત્રના લક્ષણો બ્રાહ્મણોએ વર્ણવ્યા ત્યાં શ્રીલક્ષ્મણભટ્ટજીના હર્ષનો પાર રહ્યો નહિ.

ચોપાઈ

જન્મ પત્રિ સુત લચ્છન ગાયે, માતપિતા સુન અતિ સુખ પાયે
ઇશ્વર સમ સબ યહ સુત ચિન્હાં, ધરમ પ્રચાર કરન તનુ લિન્હાં
ધનિક નૃપત કોવિદ આચારી, ચરણ પૂજ ભવ દેહિં નિવારી
વાત કરત પેખહિં વાગીશા, દીન દયાલ મનહું જગદીશા
ગુરુ વશિષ્ઠ સમ મહત પ્રતાપી, ભ્રમણ કરહિં વસુધા પદ નાંપી
વિરકત રઘુવર સમ વ્રતધારી, શ્રીવામન સમ ગહન વિચારી
ભોગ વિભવ તૃણ સમ સુખત્યાગી, ઇશ ભકિત મંડન અનુરાગી
ધરમ કરમ સદગુણ તનુ વૈસે, હૃદય ગુપ્ત વૈશ્વાનર જૈસે
માયામત હરહિં જગ કૈસે, ઉદિયાચલ રવિ આવત જૈસે
દ્વય સુત પેખહિં જગ ઉપકારી, પિતુ સમ ધરમ કરમ અધિકારી
સુભગ નામ સુત વલ્લભઠાનેં, સદ્દગુણ વિવશ અનેક પ્રમાનેં
સફલ સોમશત હરિ તનુધારી, જગ પ્રસિદ્ધ વલ્લભ આચારી

આન્ધ્રમાંથી શ્રી જનાર્દન ભટ્ટ શ્રી લક્ષ્મણ ભટ્ટજીના બન્ને સંતાનોને લઇ ચૌડાનગર અઠવાડીયું રોકાયા. શ્રીવલ્લભના પ્રાકટયનો વિષય સાંભળી પોતાના પૂર્વજોનો મહત્ત ઉપકાર માનવા લાગ્યા. શ્રી વલ્લભને આઠ દિવસ સુધી ખૂબ લાડ લડાવી પોતે આન્ધ્રમાં ગયા.

શ્રી લક્ષ્મણ ભટ્ટજીને ચૌડાનગરમાં નિવાસ કર્યા એક માસ પૂર્ણ થતાં રાજસચિવ કૃષ્ણદાસને બોલાવી તેમજ પોતાના સર્વ શિષ્યોને સાથે રાખી પ્રધાન દ્વારા પૂર્વ પ્રબંધ કરાવી અગીયાર વરસ સુધીનો કાશીમાં નિવાસ કરવા માટે વ્યવસ્થિત વિદાય લીધી.

ચોપાઇ

સચિવ સજાવત વાહન નાના, ભોગ વસન રક્ષક અરુમ્યાના
ભેટ ધરત નૃપ સચિવ સયાને, ગદગદ કંઠ બચન સન્માને
તોષે લછમન ભટ મૃદુબાની રીત રાવરી હૃદય પ્રમાની
મુદિત નગરસેં લેત વિદાઇ, નૃપત સચિવ અખિયાં જલ છાઇ

દોહા

શિબિકામેં સુત માતુ સહ, અન્ય શકટ કિય વાસ
આવત કાશી પથ મુદિત બીત જાત ઇક માસ

ચોપાઇ

સબ વિધ સુખદ સુભવન વિરાજે, નેક પદારથ ભટજી સાજે
દંપતિ ગૃહ સબ સંપતિધાઇ, માનહું કશ્યપ અદિત જુડાઇ
દ્વય સુત દ્વય દુહિતા સુખરાશી, આશા પૂરત ભટ અભિલાષી
મિલ સબસન્ત સુજન સુખપાયે, શ્રીવલ્લભ લખ વિસ્મય છાયે
માતા પિતા ભગિની અરુભાઇ, રસધન વલ્લભ ચૂમત ધાઇ
મૃદુધ્વનિ સહ કરતાલ બજાઇ, વાદ્યગાન કરદેત હસંઇ
સુભગ દિવસ ઘટિકા શુભ ધારી, ગંગાપૂજન ચલિ મહતારી
મંગલ કલસ લિયે મૃદુ હાસી, વેદોચ્ચાર કરતદ્વિજ કાશી
બાજે મધુર મધુર ધ્વનિ બાજે, લિય ઉછંગ શિશુ માતુ બિરાજે
સુર સરિતા પૂજત મહતારી, સુરસરિ પ્રકટત હસ્ત પ્રસારી
વલ્લભ પદ પરસત દિખલાઇ, સુનત માતુ મહિમા મુખ ગાઇ
ધન ધન માત પિતા ઉજિયારે, કલિજન તારન ઇશ પધારે
સુરસરિ વદત સુનત સબ કાના, લછમન ભટ દેવત દ્વિજ દાના
વિધિ સહ પૂજન કર હરખાયે, આશિષ દેતવિપ્ર ગૃહ ધાયે

દોહો

ચરણ પરસ કિય સુરસરિ, દંપતિ કરત વિચાર;
પેખત સબ લચ્છમ મિલત, યજ્ઞ પુરુષ અવતાર;

શ્રી લક્ષ્મણભટ્ટજીએ પુત્રની ઇશ્વરમય ઝાંખી કરી પરમાનંદ પામેલા પતિ-પત્નિએ ત્રણ માસ પસાર થતાં એક દિવસે એવો બનાવ બન્યો. શ્રી ઇલ્લંમાગારુજી શ્રી વલ્લભને સ્તનપાન કરાવતા મુખ ચુમતા તું શું વ્રજેશ છે ? તું તારૂં વ્રજ છોડી કાશીમાં રહેવાની

કેઇ જરૂર હતી. અમો જયારે જયારે વ્રજમાં ગયા ત્યારે અમારા ભાગ્યમાં ઉપદ્રવો આવવાથી ઇચ્છા પ્રમાણે વ્રજમાં રહી શકયા નહિ. હવે તો બેટા તું વ્રજેશ હોવાથી અમારો વાસો વ્રજમાં સતત કરાવ. એમ કહી કહી વારંવાર પુત્રના મુખને જોતાં હસાવતા દીન બની વ્રજધીલાની માગણી કરતાં હતાં. એટલામાં શ્રી લક્ષ્મણભટ્ટજી અગ્નિહોત્રની ઇષ્ટિઓ પૂર્ણ કરી પાસે આવી પૂછવા લાગ્યા. તમે શું આ બાલક સાથે વાતો કરો છો? તમારી ઇચ્છા પ્રમાણે બોલ બોલ કરો છો કે શું બાલક તમને જવાબ આપે છે? મને તો લાગે છે કે તમારામાં તો પુત્ર પ્રેમમા પાગલપણું પ્રવેશ પામેલું હોય તેમ મને તો લાગે છે.

શ્રીઇલ્લંમાજી કહેવા લાગ્યા કે આપના જેવા ભગવદ્ સ્વરૂપ આચાર્ય તો હું માનું છું કે વશિષ્ઠ કે કશ્યપછો તેમની પત્નિના કયા મનોરથો અપૂર્ણ રહયા ? તે પરમાનંદમાં કેમ ન હોય ? હું તો આપને હાથ જોડીને વિનતિ કરૂં છું કે ભલે આપે કાશીમાં વાસ કરવાનો વિચાર નિશ્ચયાત્મક કર્યો. આ બાલક તો આપના અને મારા અનુભવથી તેમજ દાદાઓની પુન્યકૃતિ અને ભકિતથી પ્રાપ્ત થયેલ છે. એ જ વ્રજમાં મારી ઇચ્છા છ મહિના હાલમાં રોકાવાની છે. આટલી પ્રાર્થના ધ્યાનમા લેશો ?

શ્રી લક્ષ્મણભટ્ટજી કહેવા લાગ્યા કે હું હમણાં હમણાં બહુ ફરી ફરીને કંકાળેલો છું. તેમજ વલ્લભની વય નાની છે. જયારે વલ્લભ પાંચ વરસનો થશે ત્યારે જરૂર આપણે વ્રજમાં ચારથી છ મહિના રહેવાનું રાખીશું. તેમ કહી શ્રી લક્ષ્મણભટ્ટજી તાકીદે યજ્ઞકુંડ તરફ ગયા.

દોહા

અભિલાષા નિજ પત્નિકી, ભટજી હેત ન ધ્યાન;
આવત મખશાલા મુદિત, બૈઠ કરત ગુણગાન.

(હવે પછી શ્રીવલ્લભ માતાને શ્રીમુખમાં વ્રજ મંડલની ઝાંખી કરાવે છે અને શ્રી કાશીવિશ્વેશ્વર શ્રીવલ્લભના દર્શન કરવા આવે છે તે પ્રસંગો આવશે) —ક્રમશઃ

શુભ સુચના

ગરૂડ ચયનમ્ સોમ યાગ

પૂ. પા. શ્રી રણછોડાચાર્યજી મહારાજ (પ્રથમેશજી) દિક્ષીત સોમ યાજી આગામી નવેમ્બર માસની તા. ૧૨ થી ૧૯ સુધી કલકત્તા મુકામે બીજો ગરૂડચયનમ્ સોમ યાગ સંપાદન કરશે.

આ પ્રસંગે આ. પુ. વૈ. પરિષદનું પૂર્વાંચલ વિભાગનું સંમેલનવી. કાર્યક્રમો થશે વિગતવાર સુચન હવે પછી જાહેર થશે.

॥ શ્રી વલ્લભ: ॥

સમાચાર

રાજકોટ – પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (રાજકોટ) ના આશીર્વાદથી આં રા. પુ. વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે કલાક્ષેત્રે આગવું સ્થાન ધરાવતી 'સાજન' સંસ્થાના સહયોગ અને સંજય ગેસ સર્વીસવાળા શ્રી હસમુખભાઇ ખખ્ખર આયોજીત શ્રી બાલકૃષ્ણલાલજી હવેલીમાં બંધાનાર ગૌશાળાના લાભાર્થે શ્રી કૃષ્ણલીલાના પ્રસંગોને આવરી લેના હવેલી સંગીત મહોત્સવ ફૂલડોલના વિશિષ્ટ કાર્યક્રમનુ ભવ્ય આયોજન રંગભવન–રાષ્ટ્રીયશાળામાં પૂ. પા. ગો. શ્રી ગોપિકાલકારજી બાવાશ્રી (રાજકોટ) પૂ. પા. ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી અને પૂ પા. ગો. શ્રી દ્રુમિલકુમારજી બાવાશ્રી (સુરત–વડોદરા) ની સાન્નિધ્યમાં તા. ૨૨–૩–૮૬ ના રોજ થયું હતું.

આ સમારંભના અધ્યક્ષસ્થાને ભૂતપૂર્વ મંત્રી શ્રી મનોહરસિંહજી જાડેજા અને અતિથિવિશેષ તરીકે રાજકોટ મ્યુ. કોર્પોરેશનના મેયર અને ગુજરાત ધારાસભાના સભ્ય શ્રી વજુભાઇ વાળા ઉપસ્થિત હતા.

કલાકારો શ્રી વિઠલદાસ બાપોદરા શ્રીમતી પુષ્પાબેન છાયા તથા ''સાજન'' કલાવૃન્દના કલાકારોએ પોતાનો ભકિતરસ–અષ્ટસખાના પદો તથા કૃષ્ણ લીલાના પ્રસંગો નૃત્ય, રાસ, ગરબા વગેરે મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રાજકોટના વૈષ્ણવ સમાજ સમક્ષ રજુ કરેલ હતો. આ કાર્યક્રમની વીડીઓ ફીલ્મ પણ ઉતારી લેવામાં આવેલ છે. પૂ. પા. ગોસ્વામી બાલકોએ આ અલૌકિક કાર્યક્રમની સરાહના સાથે આયોજક તથા કલાકાર વૃન્દને આશીર્વાદ આપ્યા હતા.

આવકાર

આશ્રય – માસિક વર્ષ ૧ ના અંક ૧–૨ ગુજરાતી હિંદી ભાષામાં પ્રસિદ્ધ થઇ ચૂકયા છે. આ પુસ્તકાકારે માસિકમાં દર મહિને જુદા જુદા વિષય ઉપરનો લેખ આપવામાં આવશે. જેમના લેખક શ્રી પ્રા. રમેશભાઇ પરિખ છે અને પ્રકાશક – કૃપાનિધિ ટ્રસ્ટ, ઠે. શ્રી ગોવિંદલાલજી મહારાજની હવેલી, ગોપીપુરા સુરત–૩૯૫૦૦૨ વાર્ષિક લવાજમ રૂ. ૨૦–૦૦

આચાર્ય શ્રી વલ્લભ – હિન્દી માસિકનો શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડલ ટ્રસ્ટ વડોદરા દ્વારા પ્રારંભ થયો છે. જેનો પ્રથમ અંક તા. ૨૫–૩–૮૬ ના રોજ પ્રસિદ્ધ થયો છે. જેના સંપાદક પૂ. પા. ગો. શ્રી ચન્દ્રગોપાલજી મહોદય શ્રી છે.

વાર્ષિક લવાજમ રૂ. ૫–૦૦

સરનામુ – આચાર્ય શ્રી વલ્લભ
''રાધા કૃષ્ણ કુંજ'' મરી માતાલેન
રાજ મહેલ રોડ, વડોદરા–૧

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212 L.P.W.P. 43

॥ શ્રી હરિ : ॥

"દિવ્ય પ્રેમ પથ શૂરાઓ માટે જ"

ભકિત નગરની પ્રેમ ગલીમાં –
વલ્લભ વહલો રહે છે રે;
ડહાપણ ડાહ્યાનું રજ ન ચાલે
ઘેલાંને દર્શન દે છે રે.
વલ્લભનું ઘર વાંકુ–ચુકું,
ઝટપટ હાથ ન આવે રે
વલ્લભી વિના મારગ ન સૂઝે,
ભોમિયા પંથ બતાવે રે.
શ્રદ્ધા અને વિશ્વાસ બે સંગી –
સાથે લઈને જાજો રે;
સંકટ પડે તો સામનો કરજો,
મનમાં નવ મુંજાશો રે.
લોભ–મોહની ખાઇ ભયંકર –
ધીરજ થી કૂદી જાજો રે;
કામ ક્રોધના કીલ્લા એ મજબૂત–
જીતી આગળ ધાજો રે.
તૃષ્ણા રૂપી એક કૃત્યા ત્યાં ઉભી –
ભલભલાને ખાતી રે;
નામ સ્મરણનું હથીયાર રાખજો –
મજબૂત રાખજો છાતી રે.
માથા સાટે મિલન વલ્લભનું –
જેવા તેવાનું નહી કામ રે;
મારા તારાની મૂકે માથકુટ –
પોંચે તે નિજ ધામ રે.
પ્રેમ શૂરા પડે ન પાછા –
સામો મોરચો માંડે રે,
વલ્લભ રૂપના ઘેલા ભગતડા –
માયાની મહોબ્બત મૂકે રે

સંકલન – "મધુકર"

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेहिसन्मार्गरक्षकाः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિ ॥

પદ: રાગ-કલ્યાણ

શ્રીજી સાર સરવનો છે છે છે. શ્રીજી (ટેક)
શ્રીજી શ્રીવૃષભાનુનંદિની એક વસ્તૂ છે,
નથી બે બે બે. શ્રીજી ૧
પ્રાપ્તિ અનન્ય ભકિત થકિ તે'ની,
તે શ્રીગુરુ જ્યારે દે દે દે. શ્રીજી ૨
તે દીનભાવે દાસપણૂં ગ્રહી,
એકાશ્રિત થઈ રહે રહે રહે. શ્રીજી ૩
દુષ્ટસંગ થકી દૂર પળાજે,
અહિ, સરખો લહી ભે ભે ભે. શ્રીજી ૪
મૂળ, **'દયા'** સહુનું સદ-જનની,
પદ-રજ શિર પર લે લે લે. શ્રીજી ૫
(પાઠાન્તર) તે સહુનું મૂળ **'દયા'** સદ-જનની,
પદ-રજ શિર પર લે લે લે. શ્રીજી ૫

પળાજે-રહેજે. અહિસરખો-સર્પ જેવો

卐

વર્ષ ૫ : અંક ૩ ✠ જુન, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સમાચાર

રાજકોટ જગદગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે શ્રી જસુબાઈ મંડાણમાં મળેલી ધર્મસભામાં ગો. શ્રી લલિત નાથજીએ સત્સંગનું મહત્વ સમજાવ્યું હતું. ગો. શ્રી મથુરેશ્વરજી (પોરબંદરવાળા) એ શ્રી વલ્લભાચાર્યજીના જીવન પ્રસંગોનું વર્ણન કરી સમાજને સંગઠીત બનવા અનુરોધ કરેલ તેર વર્ષના ગોસ્વામી બેટીજી શ્રી વૃજ વનીતા બેટીજીએ વચનામૃતમાં જણાવેલ કે આજે સમાજ બોલે છે કાંઈ અને આચરણ કરે છે કાંઈ તેમાંથી બહાર નીકળવા અનુરોધ કરેલ સાથે આચાર અને વિચાર શુદ્ધિ આવશે તો પ્રભુપ્રાપ્તિનો માર્ગ સરળ બનશે તે દાખલા દલીલો સાથે સમાજને સમજાવી શ્રોતાને ભાવ વિભોર બનાંવી દીધેલ.

વૈષ્ણવ પરિષદના મંત્રીશ્રી ડાયાભાઈ ડેલાવાળાએ બોલના જણાવેલ કે આજના ઉત્સવ નાયક શ્રી વલ્લભાચાર્યજીએ ત્રણ ત્રણ વખત પૃથ્વિ પરિક્રમાં કરી સમાજને જાગૃત બનાવી સંગઠિત કરવા અથાગ પરિશ્રમ ઉઠાવેલ હતો.

આગળ બોલનાં ડાયાભાઈ ડેલાવાળાએ જણાવેલ કે શ્રી વલ્લભાચાર્યજીએ કોમવાદનો ભોરીંગ પ્રથમ ડાંભી દીધો અને સમગ્ર સમાજમાં વૈષ્ણવતાના લક્ષણોનું સ્થાપન કરી એક જ માળામાં સંગઠીત કર્યા હતાં. આચાર્યશ્રીએ આશકરણ રાજાને સેવક કર્યા તો સાથે રસખાન તેમજ તાજબીબીને પણ સેવક બનાવ્યા તેમજ મોહનજી ભંગીને પણ સેવક બનાવ્યા પરંતુ આગ્રહ એટલો રાખ્યો કે આચાર અને વિચારની શુદ્ધિ હોવી જરૂરી છે.

આ પ્રસંગે પ્રોફેસર જીવણભાઈ જોષી–વાળા સાહેબ, ઘનશ્યામભાઈ શાસ્ત્રી વૈષ્ણવ પરિષદનાં પ્રમુખ જીવણભાઈ રાણપુરા–મદન મોહન યુવક મંડળના સભ્ય હિમતભાઈ પટેલ વિગેરેએ ઉદ્બોધન કરેલ સભાનું સંચાલન તથા આભારદર્શન હસમુખભાઈ ખખ્ખરે કરેલ.

આંતર રાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ તેમજ રાજકોટ વૈષ્ણવ સમાજના ઉપક્રમે જગદગુરૂ શ્રી વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે એક વિશાળ શોભાયાત્રા શ્રી બાલકૃષ્ણ લાલજી હવેલીએથી નીકળેલ.

શોભાયાત્રામાં સર્વપ્રથમ વૈષ્ણવી પહેરવેશમાં વૈષ્ણવ પરિષદનાં ધ્વજ લઈ ઘોડેસ્વાર બેન્ડ પરિષદના ધ્વજ સાથે યુવાનો, ગીતા વિદ્યાલયની ૫૧ બાળાઓ સાથે અન્ય કળશધારી બાલીકાઓ–કેસરી ટોપી પહેરી વિશ્વ હિન્દુ પરિષદના તથા બજરંગ મિત્ર મંડળના કાર્યકરો વગેરે જોડાએલ. સુખપાલમાં મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીના ચિત્રજી પધરાવેલ તથા રથમાં બિરાજમાંન વૈષ્ણવાચાર્ય ગો. શ્રી લલિતનાથજી–ગો. શ્રી મથુરેશ્વરજી, રાસ લેતી મહિલાઓ–શ્રી વલ્લભાચાર્યજીની જયનાદ કરતાં વૈષ્ણવ યુવકો–તેમજ વિશાળ વૈષ્ણવજન સમુહ જોડાયેલ.

સાથો સાથ શોભાયાત્રામાં રાજકોટના મેયરશ્રી વજુભાઈ વાળા, નાગરિક બેન્કના ચેરમેન શ્રી લાલજીભાઈ રાજદેવ, વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશ ઉપ પ્રમુખ જીવણભાઈ રાણપુરા–વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશના સહમંત્રી ડાયાભાઈ ડેલાવાળા. કોર્પોરેટરો શ્રી જે: પી પારેખ, શ્રી લાલુભાઈ પારેખ, પ્રોફેસર જીવણભાઈ જોષી, સંજય ગેસવાળા હસુભાઈ ખખ્ખર. સરગમ કલબના પ્રમુખ ગુણવંત ડેલાવાળા વિગેરે આગેવાનો જોડાયેલ.

ઠેર ઠેર શ્રી વલ્લભાચાર્યજીના ચિત્રજીને તેમજ પૂ. ગોસ્વામી આચાર્યોને ફુલહાર તથા શોભાયાત્રા ઉપર પુષ્પ વૃષ્ટિ થતી હતી.

(વધુ માટે જુઓ ટાઈટલ ૩જું)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિંદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

❋

વર્ષ ૫ : અંક ૩ જો
જૂન, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

નિવેદન

'શ્રી વલ્લભ સુધા' ના વાંચક વૃંદમાં ધીમે ધીમે વૃદ્ધિ થતી રહી છે તે અમારે માટે આનંદનો વિષય છે. છતાં પણ હજુ આં. પુ. વૈ. પરિષદ જેવી માતબર સંસ્થા સંચાલિત પત્રિકાનો જેટલો ફેલાવો હોવો જોઈએ તેના પ્રમાણમાં અત્યારની સભ્ય સંખ્યા ઘણીજ ઓછી છે. આનું કારણ એક તો આપણામાં સંગઠ્ઠનની ભાવના અને કેન્દ્રવર્તી સંસ્થા પ્રત્યે જે સમર્પણની ભાવના જોઈએ તેનો અભાવ જણાય છે. પરંતુ આપણે જરા ઊંડાણથી વિચારીશું તો જણાશે કે આપણા પૂર્વવર્તી પૂ. આચાર્ય મહાનુભાવો અને ભગવદીય વૈષ્ણવોએ અથાક પરિશ્રમ લઈ જે સંસ્થાને સ્થાપી, ઉછેરી મોટી કરી, સુદૃઢ કરી તેની જાળવણી અને વૃદ્ધિ માટે આપણે સામાન્ય વૈષ્ણવોનું પણ કંઈ કર્તવ્ય ખરૂં કે નહીં ?

અવશ્ય, એક એક વૈષ્ણવના હૃદયમાં પોતાની સંસ્થા પ્રત પૂર્ણ આદરભાવ અને કર્તવ્યની ભાવના હોવી જોઈએ તો જ સંસ્થા સાચા અર્થમાં આપણી પ્રતિનિધી સંસ્થાના રૂપમાં વિકસીત થઈ સકે. આજે આપણે 'પરિષદ'ના સભ્ય બનવામાં, પરિષદના પ્રકાશનોના સભ્ય બનવામાં જોઈતો ઉત્સાહ બતાવીએ છીએ ખરાં ? કાર્યકર્તા આવીને સભ્ય નોંધી જાય પછી નિયમીત સભ્ય ફી, પ્રકાશનોનું લવાજમ વગેરે ઉત્સાહપૂર્વક ભરવાની આપણી ફરજ ખરી કે નહીં ? આટલું તો સહુ સામાન્ય સભાસદો પોતાની મેળે કરી શકે, એટલું જ નહીં પોતાના વર્તુળમાં આવતાં લોકોને પરિષદની પ્રવૃત્તિઓ, પ્રકાશનો અંગે માહિતી આપી 'પરિષદ'ના કાર્યમાં મોટું યોગદાન આપી શકે. આ કંઈ દ્રવ્ય સાધ્ય વસ્તુ નથી. પરંતુ પોતાની સંસ્થા પ્રત્યેના અનુરાગની ભાવનાની વાત છે. આવો અનુરાગ એકેએક વૈષ્ણવોના હૃદયમાં પ્રકટે અને શ્રીમહાપ્રભુજીના ઉજ્વળ, દિવ્ય સિદ્ધાંતોનો સંદેશ ફેલાવતી આપણી આ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ પામે એજ અભ્યર્થના.

—શ્રી વલ્લભસુધા સંપાદક મંડળ

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઇ તન્ના

(લેખાંક ૪૦મો)   બી.એ. (ઓનર્સ), કોવિદ

ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનંજય !
ઉદાસીનવદાસીનમસક્તં તેષુ કર્મસુ ।।૯।।

હે ધનંજય, તે કર્મોમાં આસક્ત રહિત અને ઉદાસીનની જેમ રહેલા મને તે કર્મો બંધન કરતાં નથી. ।।૯।।

અરે, રમણ કરવાની શકિતને વશ રહીને બધાનું સર્જન થયું છે, એ જ રીતે તેઓ તને વશ કરીને સંસારના રમણમાં કેમ સ્થાપિત કરતા નથી ? એવી શંકા કરીને 'ન ચ મામ' વગેરે શબ્દોથી કહે છે. હે ધનંજય, હે માત્ર લૌકિકતાને વશ રહેવામાં તલ્લીન, તે ભૂતમાત્ર કે જેમાં હું ઉદાસીનની જેમ રહેલો છું, એટલે કે પરમ કૃપાથી કૃતાર્થ કરવાને માટે તેઓમાં રહેલો હું એવા મને તેઓ બાંધી શકતા નથી, એટલે કે વશ કરી શકતાં નથી. અને વળી, કર્મો ક્રીડાત્મક છે, તેઓ મને વશ કરી શકતાં નથી. કેમકે તે કર્મો ક્રીડાત્મક હોવા છતાં તેમાં હું અનાસક્ત છું, કારણ કે હું આત્મારામ છું, અને શકિતઓમાં રસદાન કરવા માટે ક્રીડા કરું છું. એમ પણ કહેવાયું છે કે, લક્ષ્મીજીએ પ્રાર્થના કરવાથી દેવીજીની તે મનગમતી ઇચ્છાથી, જેમનાથી વૈકુંઠ લોકની રચના થઇ તે પ્રભુ લોકોથી નમન કરાયેલા છે. ।।૯।।

મયાડધ્યક્ષેણ પ્રકૃતિઃ સુયતે સચરાચરમ્ ।
હેતુનાડનેન કૌન્તેય જગદ્વિપરિવર્તતે ।।૧૦।।

હે કુંતીપુત્ર અર્જુન, નિયમન કરનાર મારા વડે પ્રકૃતિ જડ અને ચેતનસ્વરૂપ જગતને ઉત્પન્ન કરે છે. આ કારણથી જગત પરિવર્તન પામ્યા કરે છે. ।।૧૦।।

અરે, તેઓમાં જો આપ ઉદાસીનની જેમ રહેલા છો તો પ્રકૃતિને વશ ઉત્પન્ન થયેલા જીવો ક્રીડાને યોગ્ય શી રીતે થાય ? અથવા આપ શી રીતે કર્તા ગણાઓ ? એવી શંકા કરીને 'મયા' વગેરે શબ્દોથી કહે છે. ચોતરફ દેખાય રહેલા, અધિષ્ઠાતા એટલે કે સઘળી રચના કરનારા અને ક્રીડાના અધિષ્ઠાતા એવા મારાથી સતી પ્રકૃતિ સચરાચર જગતને એટલે કે જડ અને જીવ સહિત જગતને ઉત્પન્ન કરે છે. આ ક્રીડાત્મક કારણથી જગત વિશેષે કરીને પરિવર્તનને પામે છે, અને ઉત્પન્ન થાય છે. તેથી જીવો પણ ક્રીડાને યોગ્ય છે, એમ અર્થ છે ।।૧૦।।

અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ।।૧૧।।

મારા પરમ ભાવને નહિ જાણનારા મૂઢ જનો મનુષ્યદેહને આધારે રહેલા, પ્રાણી માત્રના મહાન ઇશ્વર એવા મને તિરસ્કારે છે.।૧૧।

અરે, આ સ્વરૂપ સર્વનું અધિષ્ઠાતા છે એમ બધા કેમ જાણતા નથી ? એમ પ્રશ્ન થાય તો 'અવજાનન્તિ' વગેરે શબ્દોથી બે શ્લોકથી કહે છે. મૂઢ એટલે અસુરજનો માત્ર

ઇચ્છાથી સર્જાયા છે. ભૂતમાત્રના મહેશ્વર, સર્વના અધિષ્ઠાતા એટલે કે સર્વના આધિદૈવિક રૂપ એવા મારા પરમ ભાવને એટલે કે પુરુષોત્તમ સ્વરૂપને તેઓ જાણતા નથી, પોતાના અજ્ઞાનથી માનવ દેહધારી જાણીને મને તેઓ તિરસ્કારે છે. અહીં આ ભાવ છે; આ પુરુષોત્તમ જે સ્વરૂપથી તે કહે છે તે જ સ્વરૂપ આનંદમય બ્રહ્મરૂપ છે, એવા તેને તેઓ માનવદેહને આશ્રયે રહેલ જાણે છે; કારણ કે તેઓ અજ્ઞાની છે. ।।૧૧।।

મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ ।
રાક્ષસીમાસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ।૧૨।

(તેઓ) નિષ્ફળ ભોજન કરનારા, નિરર્થક ક્રિયાવિધિમાં રત. વૃથા જ્ઞાનવાળા, વ્યગ્રચિત્તવાળા. રાક્ષસી, આસુરી અને વળી મોહ પમાડનારી પ્રકૃતિને આશ્રયે રહેલા છે. ।।૧૨।।

તેઓનું મૂઢપણું 'મોઘાશા' વગેરે શબ્દોથી સ્પષ્ટ કરે છે. 'મોઘાશાઃ', મોઘ એટલે નિષ્ફળ, અસમર્પિત અન્ન માત્ર દેહના પોષણ માટે 'અશ્નન્તિ' એટલે તેઓ ખાય છે, તથા 'મોઘકર્માણઃ' એટલે ભગવાનની સેવા સિવાયનું નિષ્ફળ કામ કરનારાઓ, 'મોઘજ્ઞાનાઃ' એટલે નિષ્ફળ મોહ ઉત્પન્ન કરનારાં શાસ્ત્રોમાં કહેવાયેલ, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન સિવાયનુ જ્ઞાન ધરાવનારા, 'વિચેતસઃ' એટલે અવ્યવસ્થિત મનવાળા, 'રાક્ષસીમ' એટલે પોતાના દેહના પોષણવાળુ તન જેનું છે તેવા તેઓ છે. 'ચ' એટલે અને વળી, 'આસુરીમ' એટલે અન્યને ઉપદ્રવ કરવાવાળી અને 'મોહિનીમ' એટલે મારુ વિસ્મરણ કરાવનારી માયાવાળી, 'પ્રકૃતિમ' એટલે પ્રકૃતિને, સ્વભાવને, 'આશ્રિતાઃ' એટલે આશ્રયે રહેલા તેઓ હોય છે. આથીજ માનવ દેહને આશ્રયે રહેલ જાણીને તેઓ મને પહેલાં કહ્યું તે પ્રમાણે તિરસ્કારે છે. ।।૧૨।।

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ ।
ભજન્ત્યનન્ય મનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ ।૧૩।

પરંતુ હે પૃથાના પુત્ર અર્જુન, દૈવી પ્રકૃતિના આશ્રયે રહેલા મહાત્માઓ મને ભૂતમાત્રના મૂળ કારણરૂપ અને નિત્ય યથાર્થરૂપે જાણીને અનન્ય મનથી ભજે છે. ।।૧૩।।

એ પ્રમાણે અસુર જનોનું પરમાત્મા વિષેનું અજ્ઞાન કહીને હવે દૈવી જીવોનું પરમાત્મા વિષેનું જ્ઞાન 'મહાત્માનઃ તુ' વગેરે શબ્દોથી કહે છે. હે પાર્થ, હે ભકતસ્વરૂપ એક માત્ર શ્રવણને યોગ્ય, 'મહાત્માન;' એટલે મહાન એવો હું જ આત્મસ્વરૂપે જેઓમાં છું તે મહાત્માઓ છે. 'તુ' શબ્દ આંતર પ્રકરણ દર્શાવવા માટે છે, તે જ કહે છે. દૈવી એટલે ક્રીડાત્મિકા અથવા દેવસ્વરૂપા પ્રકૃતિને આશ્રયે રહેલા, અનન્ય મનવાળા એટલે કે મારા સિવાય અન્યત્ર જેઓનું મન જતું નથી તેવા તેઓ મને ભૂત વગેરે સમગ્ર જગતના કારણ રૂપ અને અવ્યય એટલે નિત્ય યથાર્થરૂપે જાણીને ભજે છે. ।।૧૩।।

સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દઢવ્રતાઃ ।
નમસ્યન્તશ્ચ માં ભકત્યા નિત્યયુકતા ઉપાસતે ।૧૪।

નિરંતર મને સ્તવતા અને (તે માટે) યત્ન કરી રહેલા, દઢ નિશ્ચયવાળા, નમસ્કાર કરતા અને નિત્ય જોડાયેલા તેઓ ભકિતથી મને ઉપાસે છે. ।।૧૪।।

તેઓ ભકતો અને જ્ઞાનીઓ એમ બે પ્રકારના છે. તેમાં પહેલા ભકતોનો ભજવાનો પ્રકાર 'સતતમ' વગેરે શબ્દોથી કહે છે. સતત એટલે નિરંતર તેઓ મારું કીર્તન કરનારા હોય છે. લીલાના સ્વરૂપના જ્ઞાનથી શ્રી ભાગવતજીમાં કહ્યા પ્રમાણે તેઓ મારા ગુણોનુ ગાન કરનારા હોય છે. સર્વત્ર મારી જ ઉત્કૃષ્તાને વર્ણવનારા, કીર્તન વગેરેમાં ઉત્સાહ દાખવનારા અને ઈંદ્રિયોનો નિગ્રહ કરનારા તેઓ હોય છે. મૂળમાં 'ચ' અક્ષરથી શ્રવણ વગેરે દર્શાવાયું છે, એટલે કે તેઓ શ્રવણમાં આદર રાખનારા હોય છે.

અને વળી કેવા પ્રકારના? તેઓ દઢ વ્રતવાળા એટલે કે ઐહિક અને પારલૌકિક વિષયમાં મારામાં એક નિષ્ઠાવાળા અને મોહ ઉપજાવનારાં શાસ્ત્રોમાં આદર નહિ રાખવાના દઢ નિશ્ચયવાળા તેઓ હોય છે. તેઓ નમસ્કાર કરનારા છે, એટલે શું? એમ પુછાય તો કહે છે કે, 'ગરુડનું આસન ધરાવનારાને એનાથી બીજું શ્રેષ્ઠ આસન કયું હોઇ શકે' વગેરે પ્રમાણે પરાકાષ્ઠાએ પહોંચેલ વસ્તુરૂપ નમસ્કાર કરનારાઓ, એટલે કે પોતામાં પ્રકટેલા દૈન્ય ભાવે તેઓ નમસ્કાર કરનારા હોય છે. મૂળમાં 'ચ' અક્ષરથી એમ દર્શાવાયુ છે કે, ભગવાન સમક્ષ નાચી રહેલા તેઓ હોય છે. અને પુનઃ કેવા પ્રકારના? નિત્ય જોડાઇને રહેલા, એટલે કે તેઓ સાવધાન અને માત્ર મારામાં જ ચિત્ત રાખનારા હોય છે. ભકિતથી સ્નેહપૂર્વક, નહિ કે માત્ર શાસ્ત્રની આજ્ઞા છે માટે કરવું, એવી રીતે તેઓ મારી ઉપાસના કરે છે, એટલે કે મને સેવે છે, એમ અર્થ છે. ।।૧૪।।

જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામુપાસતે ।
એકત્વેન પૃથકત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ।।૧૫।।

અને વળી, બીજા જ્ઞાનયજ્ઞ વડે પૂજનારાઓ અભેદભાવથી, ભેદભાવથી, વિવિધ પ્રકારે ચોતરફ મુખવાળા મને ઉપાસે છે. ।।૧૫।।

એ પ્રમાણે ભકતોનો ભજવાનો પ્રકાર કહીને હવે જ્ઞાનીઓનો ભજવાનો પ્રકાર 'જ્ઞાનયજ્ઞેન' વગેરે શબ્દોથી કહે છે. અન્ય એટલે બીજા, જ્ઞાનીઓ જ્ઞાનયજ્ઞથી અને એ રીતે જ્ઞાનાત્મક યજન કરવાની રીતથી પણ યજ્ઞ કરનારાઓ હૃદયમાં મને જ પૂજે છે, મને જ ઉપાસે છે, મને જ ભજે છે, એમ અર્થ છે. 'અપિ' (પણ) શબ્દથી અને 'ચ' અક્ષરથી પહેલાં કહેવાયેલ ભજન કરતાં બીજાની હીનતા સૂચવાયેલ છે. જ્ઞાનીના ભજનમાં ઘણા પ્રકાર છે. એકત્વથી 'સોઽહમ્' (તે હું છું), 'અહં બ્રહ્માસ્મિ' (હું બ્રહ્મ છું) એ પ્રકારે અને પૃથકતાથી યોગ વડે શરણે આવવાની રીતથી મોટે ભાગે સર્વત્ર તે રૂપે 'વિશ્વતોમુખમ્' (ચોતરફ મુખવાળા), 'સર્વાત્મકમ' (સર્વાત્મક), એવા મને તેઓ ઉપાસે છે. એ પ્રમાણે અનેક પ્રકારે જ્ઞાનીઓ મને ઉપાસે છે, ભજે છે, એમ અર્થ છે. ।।૧૫।।

અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમહમૌષધમ્ ।
મંત્રોઽહમહમેવાજ્યમહમગ્નિરહં હુતમ્ ।।૧૬।।

યજ્ઞનો અધિષ્ઠાતા દેવ હું છું, યજ્ઞ હું છુ, સ્વધા અન્ન હું છું, ઔષધ હું છું, મંત્ર હું છું, હોમવાનું દ્રવ્ય હું છું, અગ્નિ હું છું, આહુતિ હું છું. ।।૧૬।।

અરે, એ પ્રમાણે તને એકને જ બહુ પ્રકારે જેઓ ભજે છે તેઓ જ્ઞાની જ છે.

તેઓની જ્ઞાનયજ્ઞમાં રુચિ શી રીતે થાય? એમ શંકા કરીને કહે છે કે, તે તે સ્વરૂપે મને જાણીને જ તેઓ ભજે છે, એમ દર્શાવવા માટે 'અહં ક્રતુઃ' વગેરે શબ્દોથી પોતાનું સર્વાત્મપણું સ્પષ્ટ કરે છે

ક્રતુ એટલે યજ્ઞનો અધિષ્ઠાતા દેવ હું છું, એટલે કે તેના ફળના દાતા આધિદૈવિક રૂપ હું છું, એમ અર્થ છે. યજ્ઞ હું છું, એટલે ધર્માત્મક અગ્નિહોમ આદિ યજ્ઞસ્વરૂપ હું છું. સ્વધા એટલે પિતૃ અર્થે શ્રદ્ધા વગેરે પિતૃયજ્ઞરૂપે હું છું. ઔષધ એટલે સઘળા રોગનું નિવારણ કરનાર એવું ભૈષજ્ય ઔષધ રૂપ અથવા અન્ન રૂપ હું છું. મંત્ર એટલે ઋગ્વેદ વગેરેના મંત્ર રૂપ હું છું. આજ્ય એટલે હોમવાનું દ્રવ્ય હવિ હું છું. અગ્નિસ્વરૂપ હું છું, એટલે કે આહવનીય વગેરે અગ્નિ મારું સ્વરૂપ છે. હુત એટલે આહુતિ હું છું. ।।૧૬।।

પિતાહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ ।
વેદ્યં પવિત્રમોંકાર ઋક સામ યજુરેવ ચ ।।૧૭।।

આ જગતનો પિતા, માતા, ધારણ કરનાર, પિતામહ, જાણવા યોગ્ય, શુદ્ધ કરનાર સાધન, ૐકાર, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ હું જ છું. ।।૧૭।।

અને વળી, મારા આત્મસ્વરૂપ આ જગતનો પિતા, એટલે કે ઉત્પાદક હું જ છું. માતા એટલે યોનિ, ઉત્પતિસ્થાન અને ધાતા એટલે કર્મનું ફળ આપનાર, પિતામહ એટલે બ્રહ્મા, વેદ્ય એટલે જ્ઞાનનાં સર્વે સાધનોથી જાણવા યોગ્ય તત્ત્વ, પવિત્ર એટલે પાવન, શુદ્ધ કરનાર, ૐકાર એટલે અક્ષરાત્મક બ્રહ્મબીજ, ઋગ્વેદ આદિ ત્રણ વેદ સ્વરૂપ હું છું. ।।૧૭।।

ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્ ।
પ્રભવઃ પ્રલયઃ સ્થાન નિધાન બીજમવ્યયમ્ ।।૧૮।।

સ્થિતિ, પોષણ કરનાર, સર્વસમર્થ, સાક્ષી, વાસસ્થાન, શરણ, સુહૃદ, સર્જનહાર, લયસ્થાન, આધાર, રક્ષક અને મૂળ કારણ હું છું. ।।૧૮।।

મોક્ષ વગેરે ફળરૂપ ગતિ હું છું. ભર્તા એટલે પોષણ કરનાર, પ્રભુ એટલે સમર્થ, સર્વનું નિયમન કરનાર, સાક્ષી એટલે દ્રષ્ટા એમ અર્થ છે. નિવાસ એટલે સર્વના દેહરૂપી સ્થાન, શરણ એટલે અભયદાતા, મૃત્યુ વગેરેના ભયથી રક્ષણ કરનાર, સુહૃદ એટલે યાચના કર્યા વિના હિત કરનાર, પ્રભવ એટલે જેનાથી ઉત્કૃષ્ટતાથી થાય છે તે, જગતનું સર્જન કરનાર, પ્રલય એટલે જેમાં આત્યંતિક રીતે લય થાય છે તે લયસ્થાન, સ્થાન એટલે જેમાં રહે છે તે સ્થાન, બધાંનો આધાર, નિધાન એટલે જેના વડે રક્ષાય છે તે રક્ષક, એમ અર્થ છે. અવ્યય બીજ એટલે અવિનાશી બીજ, મૂળ કારણ, એમ અર્થ છે. ।।૧૮।।

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧/-

ગો. વા. સુખલાલ મુલચંદભાઇ પાઉંની માલા પેરામણી પ્રસંગે જય શ્રીકૃષ્ણ.
હા. ગો. વા. સુખલાલ મુલચંદભાઇના પરિવારના જય શ્રીકૃષ્ણ

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુ-વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક દશમો)

તેમાં જેમ ભગવાનની મૂર્તિના દર્શન વગેરે ધર્મો અલગ કહેવાયા છે, તેમ જ વૈદિકી અને તાંત્રિકી દીક્ષા પણ અલગ કહેવાયેલ છે. એવી દીક્ષા આ માર્ગમાં નથી. અહીં ભક્તિમાર્ગીય ઉપદેશને કહેવા ધારેલ છે. તેમજ દાસ્યભાવથી આત્મનિવેદન પણ તે પ્રમાણે કહેલ છે. તે પણ અહીં અલગ ધર્મથી કહેલ નથી. અધિકારની રીતે તેને અહીં પહેલાં કહેલું છે. તેમ જ પહેલાં 'સૂર્ય', અગ્નિ, બ્રાહ્મણ, ગાય', (વૈષ્ણવ, આકાશ, વાયુ, જલ, ભૂમિ, આત્મા અને સમદષ્ટિથી સર્વે પ્રાણીઓ) વગેરે અગિયાર પૂજાનાં સ્થાનો દર્શાવેલાં છે, (ભાગ. ૧૧-૧૧-૪૨), અને સમાપ્તિમાં, 'એ પ્રમાણે યજ્ઞયાગાદિ અને વાવ-કૂવા આદિ પુણ્યકર્મો દ્વારા મારું યજન કરે છે તે મારી ઉત્તમ પ્રકારની ભક્તિને મેળવે છે અને સંતોની સેવાથી મારું સ્વરૂપજ્ઞાન પ્રાપ્ત થાય છે,' (ભાગ. ૧૧-૧૧-૪૭), એમ કહ્યું છે. તે પ્રમાણેના કાર્યમાં ભક્તિની પ્રાપ્તિ રહેલી છે, અને ભક્તિની પ્રાપ્તિના ફળરૂપે સ્વરૂપજ્ઞાન થવાનું કહેલું છે. અહીં કહેવા ધારેલો માર્ગ તો, 'હે ઉદ્ધવ, હવે આ અત્યંત ગોપનીય પરમ રહસ્ય પણ હું કહીશ; કારણ તું મારો સેવક, સુહૃદ અને સખા છે,' (ભાગ. ૧૧-૧૧-૪૯), એ પ્રમાણે સુગોપ્ય કથન નિશ્ચયપૂર્વક કહીને પછી બારમા અધ્યાયમાં એવી ભક્તિને કહીને તેનાથી આગળ છ અધ્યાયો અને ઉદ્ધવજીના પ્રશ્ન પ્રમાણે બીજુ પણ કહીને પછી ઓગણીશમા અધ્યાયમા 'હે વિશ્વેશ્વર, હે વિશ્વમૂર્તિ, આત્યંતિક રીતે યાચવા યોગ્ય આપનો ભક્તિયોગ પણ મને કહો,' (ભાગ. ૧૧-૧૮-૮), એ પ્રમાણે ઉદ્ધવજીએ અત્યંત ઇચ્છનીય ભક્તિનો પુનઃ પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને 'હે નિષ્પાપ ઉદ્ધવજી, ભક્તિયોગ મેં તને પહેલાં જ કહી દીધો છે, પરંતુ સંતુષ્ટ થતા એવા તને મારી ભક્તિનું પરમ સાધન ફરીથી કહીશ.' (ભાગ. ૧૧-૧૯-૧૮), એ પ્રમાણે બાર અધ્યાયમાં કહેલી ભક્તિનો વિચાર કરીને, તે પરમ સાધન હોવાથી કહેવાયેલ અર્થનું

પુનરાવર્તન નિશ્ચયપૂર્વક જણાવીને 'મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા' (ભાગ. ૧૧–૧૯–૨૦) વગેરે ચાર શ્લોકથી વર્ણવીને કહે છે કે, (આ ચાર શ્લોકનો અર્થ આ પ્રમાણે છેઃ 'મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા રાખે નિરંતર મારા ગુણોનું કીર્તન કરે, મારી પૂજામાં પૂર્ણ શ્રદ્ધા રાખે, સ્તોત્રો ગાઇને મારી સ્તુતી કરે, સેવા કે પૂજામાં પરમ પ્રેમ રાખે, મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે, મારા ભકતોની પૂજા મારી ભકિતથી અધિક માને, સર્વે પ્રાણીઓમાં મારો જ ભાવ રાખે, પ્રત્યેક અંગની ગતિ મારે માટે કરે, વાણીથી મારા ગુણોનું ગાન કરે, બધી જ કામનાઓ છોડી દે, પોતાનું મન મને અર્પણ કરે, ધન, ભોગ અને સુખનો પણ મારે માટે પૂર્ણપણે ત્યાગ કરે અને પૂજન, દાન, હોમ, જપ, તપ, અને વ્રત જે કાંઇ કરે તે મારે માટે જ કરે.' (ભાગ. ૧૧–૧૯–૨૦ થી ૨૩), 'હે ઉદ્ધવ, એ પ્રમાણેના ધર્મોથી આત્મ નિવેદન કરનારા મનુષ્યોમાં મારી ભકિત પ્રકટ થાય છે. પછી એને માટે બીજું કાંઇ પણ મેળવવાનું શેષ રહેતું નથી,' (ભાગ. ૧૧–૧૯–૨૪), એ પ્રમાણે (ઉપર કહેલા ચાર ઉપરાંત) પાંચમા શ્લોકમાં આગળ કહેલી ભકિતની પ્રાપ્તિથી પુરુષાર્થની સમાપ્તિ દર્શાવીને સમાપન કરે છે. એનાથી અધિકારની ભિન્નતાથી, સાધનની ભિન્નતાથી અને ફળની ભિન્નતાથી મર્યાદા માર્ગ અને પુષ્ટિમાર્ગની ભિન્નતા સિદ્ધ થતાં 'અર્પણ કરેલા ગ્રહણનું' એવું વાકય જયાં કહેવાયું છે ત્યાં તે તે વ્યકિતના ધર્મ અનુસાર જ છે, પરંતુ પુષ્ટિમાર્ગ અનુસાર નથી. તેથી અહીં સમર્પણ કરીને ગ્રહણ કરવામાં આજ્ઞા ભંગનો દોષ થતો નથી, અથવા વાકયનો વિરોધ પણ નથી, એમ જાણવું. ॥૬॥

વાકયના વિરોધનું નિરાકરણ વગેરે ભલે તે પ્રમાણે હોય તો પણ બધાં કાર્યો કરતાં પહેલાં સર્વે વસ્તુનું સમર્પણ અને અસમર્પિત વસ્તુનો ત્યાગ, એવી રીતે વર્તવાનું જે ઉપદેશરૂપે કહ્યું તેનું આચરણ કરવું શકય નથી. બધાં જ કાર્યો પહેલેથી જાણી શકાતાં નથી. કારણ કે તાવ વગેરેમાં વૈદ્યોએ પથ્ય વસ્તુ આપવાનું કહ્યું હોય ત્યારે તે પહેલેથી જાણવું અશકય છે. તેમ જ કોઇ વિશ્વાસપાત્ર સંબંધીએ, અથવા કોઇ શિષ્યે, અથવા સવિનય બળ વગેરેથી રાજાએ, અથવા પોતાના ઘરમાં ભોજનમાં, અથવા વસ્ત્ર અને અલંકારમાં અથવા દાનમાં, એવા સંજોગોમાં તેમ કરવું અશકય છે. તેમ હોવાથી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો શકય નથી. એમ હોય ત્યારે સ્વધર્મનો નિર્વાહ શી રીતે થાય ? એમ હોય તો 'સેવકાનામ્' વગેરે શબ્દોથી કહે છે.

સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિધ્યતિ ॥૭॥
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।

લોકમાં જેવી રીતે સેવકોનો વ્યવહાર સિદ્ધ થાય છે. ॥૭॥ તેવી જ રીતે બધાંનું સમર્પણ કરીને જ કાર્ય સફળ થાય છે. તેમ કરવાથી બ્રહ્મપણું (બ્રહ્મ સાથે અભેદ) પ્રાપ્ત થાય છે.

જે સેવા કરે છે તે સેવક, સેવા કરનાર, એમ અર્થ છે. લોકમાં જેમ તેઓનું વર્તન પ્રસિદ્ધ છે, તેમ જ તેઓનું કાર્ય પણ પ્રસિદ્ધ છે કે, ભગવાનને સમર્પીને કાર્ય કરવું. નિષ્કપટ સેવકો પોતાના ગુરુને કે પોતાના પ્રભુને કાર્યની પહેલાં કે કાર્યની પછી અને કયારેક બંને સમય વિજ્ઞાપન (વિનતિ) કરે છે. તે પ્રમાણે સમર્પણ કરીને ઉપભોગ કરવો જોઇએ; કારણ કે વિજ્ઞાપનમાં સમર્પણ શબ્દ પ્રયોગ પણ સાધ્ય છે. વળી, ગુણના સમુદાય રૂપ ઇદ્રિયો અને આધ્યાત્મિક જીવનની ક્રિયાઓ બધી સફળ થાય તે રીતે સેવકોએ સમર્પણ કરીને જ દરેક કાર્ય કરવું જોઇએ. 'જયારે કામના ઉદ્ભવે છે ત્યારે તેની રુકાવટ કોઇ રીતે શકય નથી. તો પછી બંધન રહિત આસકિતવાળા કામમાં રચ્યાપચ્યા રહેલ હોય તેને માટે તો પૂછવું જ શું?' એવા વાકયથી કામનાને રોકવાનું અશકય કહેવાયું છે. તે પ્રમાણે પોતાને કોઈ વસ્તુ ભોગવવાની ઇચ્છા થાય ત્યારે પ્રભુને વિનતિ કરીને અને વિનતિ પછી સમર્પણ કરીને પછી તેનો ઉપભાગ કરવો જોઇએ. 'લોકમાં જે કાંઇ અત્યંત પ્રિય છે અને જે કાંઇ પોતાને પ્રિય છે તે બધું ભગવાનને સમર્પણ કરવું. એમ કરવાથી તે શાશ્વત બની જાય છે,' (ભાગ. ૧૧-૧૧-૪૧) એ પ્રમાણે એકાદ સ્કંધમાં સદાય આદરણીય એવી ભકિતના કથનમાં ભગવાનનું વાકય છે.

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧/-

ગો. વા. રતિલાલ વિઠ્ઠલદાસ છાટબારની માલા પેરામણી પ્રસંગે જય શ્રીકૃષ્ણ.

હા. ધીરજલાલ વલ્લભદાસ છાટબારના
જય શ્રીકૃષ્ણ

કુન્તામાતાનો શ્રીકૃષ્ણમાં દૃઢ આશ્રય

(શ્રીવલ્લભ પદરેણુ)

(૧) વિપત્તિનું વરદાન

(અનુષ્ટુપ)

“विपदः सन्तु नः शश्वत्त्र तत्र जगद्गुरो ।
भवतः दर्शनं यत्स्याद पुनभवदर्शनम् ॥

(હરિગીત)

“આવો સદા જગદગુરુ !
આપત્તિ અમ પદ પદ પરે
જેથી થાય દર્શન આપનાં,
ફેરા ટળે ભવના ખરે.”

‘હે જગદગુરુ શ્રીકૃષ્ણ સદા સર્વદા અમારા પર વિપદવર્ષા થતી રહો, જેથી આપના દુર્લભ દર્શન અમને સુલભ બને અને ભવના ફેરામાંથી અમને મુક્તિ મળે.’

ભક્તિસાગર શ્રીમદ્ ભાગવતજી સુંદર સ્તુતિઓના મહાન ભંડાર છે. એમાં વહેતા વિવિધ સ્તુતિઓરૂપી સ્નિગ્ધ ઝરણાં આપણને ઋજુતા, નમ્રતા અને આર્જવતાના ભાવોથી આર્દ્ર બનાવે છે. દીનતા, શરણાગતિ, આત્મસમર્પણ અને પ્રણિપાતના ભાવોથી યુક્ત આ સ્તુતિઓમાં પ્રગટ થતા પ્રભુના પ્રભાવશાળી, મહિમાવંતા અને લીલામય સ્વરૂપ અને ચરિત્ર આપણા મનને અહોભાવથી ભરી દે છે.

પાંડવોને યુદ્ધમાં વિજય અપાવી, અભિમન્યુની પત્ની ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતની રક્ષા કરી, પોતાનું કાર્ય પૂરું થયું માની ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકા પ્રતિ પ્રસ્થાન કરવા રથ પાસે ઊભા છે. આ સમયે પાંડવોના માતા અને શ્રીકૃષ્ણનાં ફોઇ કુન્તાજી વિરહવ્યાકુળ દશામાં તેમની પાસે દોડી આવે છે. ભાવવિભોર બની કુન્તાજી શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. સ્તુતિમાંના ઉપરોક્ત શ્લોકમાં તે શ્રીકૃષ્ણ પાસેથી વિપત્તિના વરદાનની યાચના કરે છે. આ શ્લોકરત્ન આપણને વિપત્તિનો મહિમા બતાવે છે.

(૨) સંકટવિમોચન શ્રીહરિના દર્શન

કુન્તાજી શ્રીકૃષ્ણમાં માત્ર પોતાના સ્નેહીજનના જ નહીં, પરંતુ પરમાત્વસ્વરૂપના દર્શન કરે છે. ભક્તિભાવથી આર્દ્ર અને પુલકિત બની તે જ્યારે ગદ્‌ગદ્ કંઠે તેમની સ્તુતિ કરે છે ત્યારે તેમનામાં રહેલાં દૈન્ય, કારુણ્ય, અસ્તિકતા, વિનમ્રતા અને ભાવમય ભક્તિના ગુણો આ સ્તુતિમાં પ્રગટ થાય છે. પોતાના સ્નેહીજન, શુભેચ્છક અને કુળરક્ષક શ્રીકૃષ્ણમાં તેમને સંકટવિમોચન શ્રીહરિના દર્શન થાય છે. ભયંકર વિષારી ભોજન, લાક્ષાગૃહ–દાવાનળ, હિડિંબ આદિ રાક્ષાસોનો ત્રાસ, દ્રૌપદીચીરહરણ, દારુણ વનવાસ, ગુપ્તનિવાસ, અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્રવિમોચન, વિકટ યુદ્ધો અને અનેક દુઃસહ પ્રસંગો અને સંકટો તેમની નજર સામેથી ચિત્રોની હારમાળાની જેમ પસાર થાય છે. આ દારુણ દુઃખો અને સંકટોમાંથી શરણાગતવત્સલ શ્રીકૃષ્ણ ભગવાને પાંડવોને વારંવાર ઉગાર્યા છે, તાર્યા છે, રક્ષ્યા છે. તેથી કૃતજ્ઞતા, ભક્તિ અને કારુણ્યના ભાવોથી ધબકતી આ સ્તુતિ આપણા હૃદયને સ્પર્શી જાય છે.

(૩) પ્રભુમાં અપાર વિશ્વસનિયતા

પાંડવો અને કૌરવો વચ્ચેના લાંબા અણબનાવના કારણે ઉત્પન્ન થયેલાં જીવનના અનેક ઝંઝાવાતો, અનિષ્ટો, દુઃખો અને સંકટોના દારુણ અનુભવોમાંથી કુન્તાજી પસાર થયેલાં છે. તેથી તેમનામાં ગહન દૃષ્ટિ, નમ્રતા અને વિરક્તિના ગુણો કેળવાયાં છે. તેઓ એક ઊંડી સમજ ધરાવે છે કે સુખની જેમ દુઃખ પણ પ્રભુએ નિર્માણ કરેલ છે, અને સુખ કરતાં દુઃખ વધુ શ્રેયસ્કર છે, કારણ કે તે કસોટીરૂપે આવે છે અને તે પ્રભુની સંનિધિ અને અનુગ્રહ અપાવે છે. કુન્તાજીએ પર્યાપ્ત માત્રામાં અનુભવ્યું છે કે પ્રભુકૃપા વિના, પ્રભુના અનુગ્રહ વિના આપત્તિઓમાંથી રક્ષણ થઇ શકતું નથી. ઇશ્વરમાં રહેલી તેમની આ અપાર વિશ્વસનિયતાની ઝલક આ સ્તુતિમાં આપણને દેખાય છે. તેથી આ સ્તુતિ આહ્લાદક અને અસરકારક બને છે.

(૪) પ્રભુસ્મરણ એ જ સાચી સંપત્તિ

કુન્તા માતાએ જીવન યાત્રામાં અનેક દુઃખો–સંકટો પાર કર્યાં છે. તેમણે અપાર દારુણ દુઃખો ભોગવ્યાં છે. પરંતુ આ દારુણ દુઃખો તેમને હતાશ કરી શકયાં નથી, તેમને ભાંગી શકયાં નથી. તેનું કારણ એ જ છે કે તેમનામાં પ્રભુ પ્રત્યે દૃઢ આસક્તિ અને સંસાર પ્રત્યે અનાસક્તિભાવ છે. પ્રભુમાં તેમને દૃઢ આશ્રય છે. તેઓ કહે છે કે ઉચ્ચ કુળમાં જન્મ, સત્તા, વૈભવ, વિદ્યા, સંપત્તિ વગેરે લોકોને ભૌતિક સુખ આપે છે. પરંતુ એવા સુખો શા કામના કે જે આપણને પ્રભુથી વિમુખ બનાવે ? જે આપણામાં અહં, અભિમાન, મોહ અને મદનાં આવરણ ઊભાં કરી પ્રભુપ્રાપ્તિમાં બાધા ઉત્પન્ન કરે ? તેથી પ્રભુપ્રિય ભકતો સંપત્તિ કરતાં વિપત્તિને વધુ પ્રિય ગણે છે. વિપત્તિરૂપી સગડીના તાપથી તેમનામાં રહેલ અશુદ્ધિઓ દૂર થાય છે અને ગુણો સુવર્ણની જેમ વિશુદ્ધ બને છે. તેથી ભૌતિક સંપત્તિ નહીં પણ પ્રભુસ્મરણ એ જ તો તેમની સાચી સંપત્તિ છે. પ્રભુનું વિસ્મરણ તેમને મન નર્કસમાન છે. તેથી કુન્તાજી શ્રીકૃષ્ણને પ્રાર્થે છે.

(अनुष्टुप)

'त्वयि मेऽनन्यविषया मतिर्मधुपतेऽसकृत ।
रतिमुद्वहतादद्धा गंगावौघमुदन्वति ॥'

(હરિગીત)

'હે મધુપતિ ! મતિ મારી હો દૃઢ
આપમાં, અન્યત્ર ના,
વહેતી રહે પ્રીતિ આપમાં,
જયમ ગંગધાર સમુદ્રમાં.'

(૫) અશરણશરણ પ્રભુની શરણાગતિ

વ્યવહારિક જગતમાં માણસ કોઈવાર પોતાના અહમને પોષતા આપત્તિઓને આહ્વાન આપે છે. અધમ કક્ષાનું અહમ માણસને પતનના પંથે દોરી જાય છે. પરંતુ સાત્વિક અહમ તેને ઉન્નતિના શિખરે લઇ જાય છે અને જગતને માટે પણ શુભ નીવડે છે.

કોઇ તત્વજ્ઞાની કે વિરકત ભકતજન પ્રભુ પાસેથી વિપત્તિના વરદાનની માગણી કરે તો એ આશ્ચર્યકારક ન લાગે. પરંતુ કુન્તાજી જેવા સંસારી જીવ જ્યારે સામે ચાલીને વિપત્તિની માગણી કરે ત્યારે એ પ્રથમ દૃષ્ટિએ આશ્ચર્યકારક તો લાગે.

વ્યવહારિક જગતમાં કુન્તાજી એક વિરલ નારી ગણાય છે. એટલે એમની વાત નિરાળી છે. વિપત્તિ માટેની એમની દીન યાચના અહમના અંશ–દંશ વિનાની છે એટલે સાત્વિક છે, નમ્રતાના પરિપાકરૂપ છે એટલે ભાવભીની છે અને વેદનામાંથી ગળાઇને આવી છે એટલે શુદ્ધ છે. સંસારની અસારતાની સભાનતાએ તેમને ભકિત પ્રતિ વાળ્યાં છે અને આ વિશુદ્ધ ભકિતએ તેમને અશરણશરણ પ્રભુની પ્રભુની શરણાગતિ આપી છે. વિપત્તિઓમાં અનેકવાર તેમને પ્રભુના દર્શનનો અમૂલ્ય લાભ મળેલો છે. તેથી સામે ચાલીને તેઓ પ્રભુ પાસેથી 'વિપત્તિ'નું વરદાન માગી લે છે.

(૬) અચળ કૃષ્ણાશ્રય

સંકટોની શૃંખલા કુન્તાજીને શ્રીકૃષ્ણની ભકિતથી [illegible]લિત કરી શકી નથી. કારણ કે દુઃખોની ઘટમાળરૂપી ગળણીમાંથી તેમના જીવનમાં સંસારની અસારતાના અને પ્રભુની શરણાગતિના ભાવો નીતરી આવ્યા છે. મહાભારતના યુદ્ધ પછી તો આ ભાવો દઢતર બન્યા છે. જીવન અનેક અભિશાપો લઇને તેમને ઉત્તપ્ત કરવા જાણે આવેલું છે અનૌરસ પુત્ર કર્ણના જન્મ–જીવન–મરણના દારુણ અંતર્વેદના, પતિ પાંડુરાજાને મળેલો અભિશાપ, વૈધવ્યની વેદના, કૌરવો સાથેનો સંઘર્ષ પાંડવોએ સહેલી પારાવાર યાતનાઓ, ધૃતરાષ્ટ્રના કુટુંબ સાથે પસાર કરેલું કષ્ટમય જીવન, દ્રૌપદીના પાંચ પુત્રોનો વધ વગેરે અનેક વિકટ યાતનાઓ અને અભિશાપોથી તેમનું જીવન ક્ષતિ–વિક્ષત બનેલું છે. આમ છતાં આ અભિશાપો તેમને પરિતપ્ત કરવામાં નિષ્ફળ નીવડેલ છે, કારણ કે અવિચળ કૃષ્ણાશ્રયમાં તેમણે સુખનો સ્વાદ માણ્યો છે, દુઃખમાં ધૈર્ય મેળવ્યું છે, અશાંતિમાં શાન્તિ અનુભવી છે. જગતની અસારતામાં ભગવાન પ્રત્યેની અનન્યતાને અને ભકિતભાવમાં સારતત્વને તે પામ્યા છે. તેથી શ્રીભાગવતજીનાપ્રથમ સ્કંધના આઠમા અધ્યાયમાં આવેલી કુન્તાજીની આ સ્તુતિ શ્રીમદ્દ ભાગવતજીની અનેક સ્તુતિરત્ન માલાઓમાં એક અનોખું સ્થાન ધરાવે છે, અને સાંપ્રત કાળમાં વૈષ્ણવોને શ્રીકૃષ્ણ ભગવાનમાં દઢ આશ્રય રાખવા પ્રેરિત કરે છે.

પૃષ્ઠ પ્રકાશન સહાયક :- **પ. ભ. શ્રી અરવિંદભાઇ ઝવેરચંદ મહેતા** (કલકત્તા) ના જય શ્રીકૃષ્ણ.

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૧/-

ગો. વા. ગોરધનદાસ વલ્લભદાસ છાટબારની માલા પેરામણી પ્રસંગે જય શ્રીકૃષ્ણ

હા. વલ્લભદાસ વિઠ્ઠલદાસ છાટબારના
પરિવારના જય શ્રીકૃષ્ણ

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિઘ્નેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

પ્રાર્થના પત્રિ : શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

(લેખાંક આઠમો) (ગતાંકથી ચાલુ)

શ્રીવલ્લભ માતાને શ્રી મુખમાં વ્રજની ઝાંખી કરાવે છે.

ચોપાઇ

સુન બિલંબ ઇલ્લંમા ચિત ક્ષોભા, વ્રજયાત્રા મન લોભા
ગદગદ કંઠ ભરત જલ નૈના, કહિન સકત નિજ ઇચ્છિત બૈના
ગોદ રહે વલ્લભ મુખ દેખી, કિય ઉર સોચ ભાગ્ય બલ લેખી
કરત મનોરથ જીવ અનેકા, હરિ ઇચ્છા બિન સૈફલ ન એકા
હૃદય ઇલ્લંમા ધરત ઉદાસી, સુત પેખત માતા અભિલાષી
કિય વિચાર વલ્લભ વ્રજરાજા, હમ પ્રકટે વ્રજહિત કર કાજા
મમ માતા ચાહત વ્રજવાસા, પૂર્ણ કરેં ઇનકિ અભિલાષા
માતુ બિકલ લખ લેત જંભાઇ, વ્રજ મંડલ લીલા મુખ પાઇ
શ્રી ગોકુલ ગિરિરાજ સમેતે, કાનન કુંજ ગાંવ સ્થલ જે તે
ગોપ ગ્વાલ ગૈયાં સહ હેરે, આવત જાવત લોગ ઘનેરે
મુખ નહિં બન્ધ કરત દ્વિજરાઇ, માતા મુખ લખ અચરજ પાઇ
પેખત વ્રજ મંડલ ભ્રમપાઇ, સુત પધરાય માતુ ચલ પાઇ
બેગિ બુલાય લિયે ભટજી કો, પેખહિં સુત મુખ કૌતુટ નીકો
આવત શ્રીલછમન ભટ તાહીં, મુખ સુન્દત વલ્લભ મુસકાહીં

દોહા

૮

ઘટના સબ પતિ સોં કહી, સુન ભટજી સુખ પાય;
વદત ધન્ય સતિ ભાગ્ય તવ, નિજ અનુભવ પ્રકટાય.

શ્રી લક્ષ્મણ ભટ્ટજી કહેવા લાગ્યા કે હે સતિ ! થોડાક દિવસ પહેલાં આ બાલકે મને જે અનુભવ યજ્ઞશાલામાં કરાવ્યો તે વાત મેં મારા હૃદયમાં રાખી હતી. તમો સ્ત્રી હોવાથી મેં તમોને ન કહી. પણ મારી પંડિતાઇ ઉપર તમારો ભાવ મહાન જોતાં તમોને શ્રી વલ્લભે મુખમાં વ્રજનું દર્શન કરાવ્યું. મારો અનુભવ તમને કહેવા જેવો છે.

એક દિવસે હું યજ્ઞકુંડમાં હોમ કરી રહ્યો હતો. ત્યાં અગ્નિદેવ ઘી થી પ્રજવલિત હતા, ત્યાં મને એમ થયું કે શ્રી વલ્લભ હવે ઘુંટણે ચાલતા થશે, તે વખતે આવી રીતે

અગ્નિ પ્રકટ હોય અને અમો ચૂકી જઇએ અને આ બાલક કદાચ અગ્નિમાં પડી જાય તો અમારી શું દશા થાય. ઘી હોમી રહયો હતો, વિચારથી મારૂં ચિત્ત મુંઝાયેલું હતું. ત્યાં તો બાલકને અગ્નિમાં ઘુંટણથી દોડતા મારી સામે જોતાં અને હસતા એકાએક જોતા હું કોઇ નિંદ્રા કે તંદ્રાના આધીન થઇ ગયેલો હોઉં, દેહાનુસંધાન રહિત છઉં કે શું ? તેમજ આ દેખાય તે શું ? ત્યાંતો એકદમ અગ્નિ નારાયણ પ્રકટ થયા ને હસીને કહેવા લાગ્યા કે શું બાલક તમારો અગ્નિમાં પડી ગયો ? કેમ મુંઝાયા છો ? અગ્નિમાં દહન શકિત મારી છે. હું પોતે જ વલ્લભ છું. તમારા મનની ભ્રાંતિ દૂર કરવા માટે મેં અગ્નિ મારૂં આસન અને હું પ્રાણ છું હવેથી આવો ભય ના કરશો. તમો મને ચંપારણ્યના અગ્નિકુંડમાં બચાવવા આવ્યા હતા કે શું ? (હાસ્ય) હાસ્ય સાથે અંતર્ધ્યાન થયા હે સતિ તમારે આ વાત કોઇને કહેવી નહિ.

શ્રી વલ્લભની બાલ લીલા

આનંદમાં દિવસો પસાર થતા પુત્ર સ્નેહમાં શ્રી લક્ષ્મણ ભટ્ટજી વૈદિક કર્મને પણ ભૂલી જતા. વલ્લભને જોતાં આંખમાં અશ્રુનો પ્રવાહ પણ અકસ્માત ચાલુ થઈ જતો હતો. પોતાના દાદાઓને વારંવાર યાદ કરી હું કયાં રંક અને કયાં આ રાજા. મારુ કયું પુન્ય ? અને કઇ ભકિત ? આમ વિચારી કંઠ રૂંધાતો હતો.

મહિના છ થતાં ઘુંટણે ચાલતા શ્રી વલ્લભ કોઇ સમયે પુસ્તકોને જોઇ એકદમ ખોલી નાખી જાણે વાંચતા હોય અથવા વાંચી લીધેલા હોય તેમ વ્યવસ્થિત મૂકીને હસતા. કોઇ સમયે નાના પાટલા ઉપર બેસી જમણા હાથની જ્ઞાનમુદ્રા કરી મોટી સભાને ઉદ્દેશીને કંઇક હર્ષમાં, કંઇક નેત્રમાં રોષ ધરીને તોતરી વાણી બોલતા. આજુબાજુમાં સંતાયેલા માતા પિતા બાલકના લક્ષણો જોઈ ગહન વિચારમાં પડી જતા હતા. વળી કાગળો ભેગા કરી કોઇ મહાન લેખક જાણે મોટા ગ્રંથોનું લેખન કરતા હોય તેમ કલમ પણ પાણી ભરેલા ખડીયામાં બોળીને સમજાવતા સમજતા કોઇ સામે હોય તેમ જોઇને લખવાનું શરૂ કરી દેતા હતા અને અટકી પણ જતા હતા. આ બધું કૌતુક માતા પિતા જોઇ અને પૂછતા કે શું ભાગવત લખાય છે કે ગીતા ? કોઇ સામે બેઠા છે કે શું ? અમે બેસી જઇએ ? અમને સમજાવશો ? એ પ્રમાણે કહેતા શ્રી વલ્લભ શરમાય જતા અને પુનઃ બાલકની માફક સ્નેહાધીન માતાના ખોળામાં આવી આળોટવા લાગી જતા હતા.

શ્રી કાશી વિશ્વેશ્વર શ્રી વલ્લભના દર્શને પધારે છે.

એક દિવસ શ્રી કાશીવિશ્વેશ્વરે વિચાર કર્યો કે મેં ચંપારણ્યમાં દેવોના સમૂહમાં દર્શન સ્તુતિ નિયમ પ્રમાણે યજ્ઞાત્માનું કર્યા બાદ મારા સ્થાનમાં આવ્યો, છતાં ગામના સંબંધે તેમની પાસે મલવા ગયા નહિ. આજે હું જરૂર સાધુરૂપ ધારણ કરી-શ્રી વલ્લભ

બાલક હોવાથી વાઘનખો ધારણ કરાવી દર્શન કરી એટલું તો પૂછી જોઉં કે તમે શું મારા માયામતનું ખંડન કરશો? તમે શું સારસ્વત કલ્પની લીલાનું મંડન કરશો? શું વિચાર્યું છે?

શ્રી વલ્લભ ઇશ્વર હોવાથી મારા મનના અભિપ્રાયને સમજી જશે. કેમ થાય તે જોવું તુરત જ હાથમાં સોનાથી મઢેલો વાઘનખો લઇ અલખ, અલખ પોકારતા સાધુ સ્વરૂપે નિલકંઠ શ્રી લક્ષ્મણભટ્ટજીના દરવાજા આગળ ઉભા રહયા તે સમયે શ્રીલક્ષ્મણ ભટ્ટજી ઘણા વિદ્વાનો સાથે શાસ્ત્રીય ચર્ચા કરી રહયા હતા. શ્રી વલ્લભ પાછલા ઓરડામાં એક પલનામાં પોઢેલા હતા. શ્રી ઇલ્લંમાગારૂજી ઘરમાં ન હતા. સાધુ ને દરવાજા આગળ ઉભો રહેલો જોઇ શ્રી લક્ષ્મણભટ્ટજીના પટ્ટ શિષ્ય શંભૂ ભટ્ટજી મહારાજને પૂછવા લાગ્યા કે ભોજન કરશો? કંઇ લેશો? આપના માટે શું લાવું?

સાધુ કહેવા લાગ્યા કે "ન તો હમારે ભોજન ચહિયે, ન હમારે દક્ષિણા ચહિયે, હમારી ઇચ્છા તો મકાનકે ભીતર જાને કી હૈ, કામ હૈ"

શંભુભટ્ટજી કહેવા લાગ્યા કે હમારે ગુરુ શાસ્ત્રીય ચર્ચા મેં હે ઔર બહોત પંડિત બૈઠે હેં! લેના હો તો કુછ લે લો. આપકો અંદર નહિ જાના મીલેગા.

શિવજીને પોતાને મળવા માટે આવેલા જાણી શ્રી વલ્લભે કારમી ચીસ પાડી, કારણ કે શંભુભટ્ટજીએ દરવાજો બંધ કરી દીધો હતો. આ કારમી ચીસ સાંભળી એકદમ શ્રી લક્ષ્મણભટ્ટજી દોડી બાલકને ઉઠાવી છાના રાખવાનો ઘણો પ્રયત્ન કર્યો, છતાં શ્રી વલ્લભે પોતાની ચીસ આક્રંદ રૂપમાં હોય તેવી બંધ ન કરી. શ્રી લક્ષ્મણભટ્ટજીએ આ બાલકનું રૂદન જોઇ અતિશય ક્લેશગ્રસ્ત બન્યા. પોતે બાલકને લઇને ફરતા છાનો રાખવાનો પ્રયત્ન કરતા પંડિતોને પૂછવા લાગ્યા. આવું રૂદન કે આવી ચીસ આ બાલકે હજી સુધી કોઇ દિવસે કર્યું નથી. કારણ શું હશે?

શ્રી વલ્લભે પંડિતોની વાણી ફેરવી નાખી. પંડિતોના મુખમાંથી એમ નીકળી ગયું કે આ બાલકને બાલગ્રહ વળગેલા દેખાય છે. માટે એક વાઘનખો પહેરાવો. –

શ્રી લક્ષ્મણભટ્ટજી પોતાના શિષ્યને કહેવા લાગ્યા કે એક વાઘનખો બજારમાંથી લાવ. ત્યાં ઉતાવળા શંભુભટ્ટજી દરવાજો ખોલે છે, ત્યાં આ યોગી કહેવા લાગ્યા "મેં કહેતા હું વો સુનતા નહિ હે. બાલક કો બલા લગ ગઇ, ઉસ બલાકો અભી મેં બાઘનખા પહેના કર કે દૂર કર દેતા હું. મેં ઇસકે લીયે હિ આયા હું." એમ કહી યોગી એકદમ અંદર પેસી ગયા અને વગર પૂછયે બાલકના કંઠમાં સુવર્ણથી જડેલ વાઘનખો એકદમ ધરાવતા વલ્લભ ખડખડાટ હસી પડયા અને કહેવા લાગ્યા કે "**સર્વેશ્વરશ્વ સર્વાત્મા, નિજેચ્છાતઃ કરિષ્યતિ.**"

આ પ્રમાણે બાલકને બોલતા જોઇને કોઈ પંડિત બાલકની મોટાઇ અને કોઈ પંડિત યોગીની મોટાઇ બોલવા લાગી ગયા. શ્રી વિશ્વેશ્વરજી હસતા સાંભળી રહયા હતા. એમના મનની શંકાનું સમાધાન વલ્લભે કરી દીધું તે વખતે સંસ્કૃતમાં બોલતા બાલકને અને વાઘનખાનું કૌતુક અને યોગીનું અકસ્માત પેસી જવું વગેરે જોઇ શ્રી લક્ષ્મણભટ્ટજીએ યોગીના સામે જોતાં નિલકંઠ જોયો. પોતે સમજી ગયા કે આ તો પોતે શિવજી છે. તુરત શ્રી લક્ષ્મણભટ્ટજીએ પ્રણામ કરતા શ્રી વિશ્વેશ્વરજી એકદમ બહાર નીકળી અંતર્ધ્યાન થઈ ગયા. શ્રી ઇલ્લંમાગારૂજી ઘરમાં આવી ગયા.

દોહા

કોઉ વદત બાલક મહત, બોલત સંસ્કૃત બેન;
કોઉ કહત યોગી પરમ, ભટજી પાય અચેન.
લછમન ભટ યોગી નિરખ, ગુપત રૂપ સમજાય.
નિલકંઠ યોગી ધરત કિય પ્રણામ શિરનાય.

– ક્રમશઃ

કેન્દ્ર સરકારે "વ્રજ મંડલ" માટે લગભગ ચાંર કરોડ રૂપિયા ફાળવ્યા છે એવી માહિતીથી આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠ અત્યંત આનંદની લાગણી વ્યકત કરી કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવે છે. કેન્દ્ર સરકારે આવી મોટી રકમ ફાળવી હોય તો તેનો ચોકકસ પ્રબંધ "વ્રજ મંડલ" માટે કરવો જોઈશે.

વ્રજ ભૂમિના દર્શન માટે લગભગ લાખો લોકો દરરોજ આવતા હોય છે. વળી દર વરસે હજારો વૈષ્ણવોનો સમૂહ લગભગ દોઢ મહીના સુધી વ્રજભૂમના ખાસ યાદગાર, ઐતિહાસિક અને પવિત્ર સ્થાનો પર વ્રજ પરિક્રમા યાત્રા કરતા કરતા મુકામ કરતા હોય છે. એ ટાણે સ્વચ્છ પાણીનો પ્રબંધ, વિજળી વ્યવસ્થા, તાત્કાલિક સારવાર માટે ફરતું દવાખાનું, રસ્તાઓનું સમારકામ, પડાવ મુકામના સ્થાનની વ્યવસ્થા વગેરે ખાસ સુંદર વ્યવસ્થા કરવા સંગઠન મંત્રી શ્રી શેઠ સરકારને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

ગુજરાતમાં ખાસ કરીને હજારો વૈષ્ણવો વ્રજ પરિક્રમા યાત્રા માટે જતા હોય છે ત્યારે તેઓ માટેની આવી બધી વ્યવસ્થા ઉભી કરાવવા માટે ગુજરાતમાંથી ચૂંટાયેલા લોક સભાના સભ્યોએ અને મુખ્ય મંત્રીએ કેન્દ્ર સરકાર સમક્ષ જોરદાર રજૂઆત કરવા શ્રી શેઠે સૌને અનુરોધ કર્યો છે.

ચીમનભાઈ શેઠ
સંગઠન મંત્રી
આ. પુ. વૈષ્ણવ પરિષદ
ગુજરાત પ્રદેશ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત) પદ ૨૨ મું

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

ભકતકોં સુગમ શ્રીયમુને અગમ ઓરે.
પ્રાતહિ નહાત અઘ જાત તાકે સકલ;
યમહુ રહત તાહિ હાથ જોરે. ૧
અનુભવી બિના અનુભવ કહા જાનહી.
જાકો પિયા નહીં ચિત્ત ચોરે;
પ્રેમકે સિંધુકો મરમ જાન્યો નહીં.
‘સૂર’ કહે કહા ભયો દેહ બોરે. ૨

અર્થ : શ્રીયમુનાજીના સ્વરૂપનો અનુભવ માત્ર પુષ્ટિ ભકતોને જ થઈ શકે છે, મર્યાદા કે પ્રવાહી જીવોને એ અનુભવ નથી થઇ શકતો. એવા જીવો તો માત્ર શ્રીયમુનાજીના ભૌતિક સ્વરૂપને જ જાણે છે. છતાં એવા જીવો પણ પ્રાતઃકાળે યમુના સ્નાન કરે છે તો તે પણ યમ યાતનાથી મુકત બને છે. યમરાજ તેની સામે હાથ જોડીને રહે છે. પરંતુ એવા જીવોને શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ થતો નથી. એ સૌભાગ્ય તો પુષ્ટિભકતોનું જ છે અને એ પણ ભગવદીયોના સત્સંગથી જ સુલભ બને છે. ત્યારે પછી યુગલ સ્વરૂપના લીલારસનો અનુભવ થાય છે. શ્રીઠાકોરજીની કૃપાથી એના ચિત્તનો નિરોધ થાય છે. સૂરદાસજી કહે છે કે સ્નેહના સાગર શ્રીયમુનાજીના સ્વરૂપનું રહસ્ય સમજ્યા વિના માત્ર દેહ બોળવાથી (પાપનો નાશ સિવાય) લીલારસનું સુખ મળતું નથી.

વિવેચન :– શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપનો અનુભવ એ પુષ્ટિભકતોનું સૌભાગ્ય છે. લીલા સમયના પ્રભુના શ્રમજલનું સ્વરૂપ સાક્ષાત્ શ્રીયમુનાજી છે. આપ પુષ્ટિમાર્ગના અંતરંગ ભગવદીય અને ભકતોના ભાગ્ય વિધાતા છે. ઉપરાંત લીલા મધ્યપાતિની પણ છે. એટલે જ આપના સંપર્કમાં આવવાવાળા જીવોના દેહને પણ આપ અલૌકિક બનાવે છે. શ્રીયમુનાજીનો આ સહજ સ્વભાવ છે. આવા સ્નેહના સિંધુ શ્રીયમુનાજીનો મર્મ જાણ્યો નહીં તો માત્ર દેહ બોળવાથી શું સાર્થકતા છે ?

સૂરદાસજીને શ્રીગુસાંઇજીએ પુષ્ટિમાર્ગના જહાજ કહ્યા છે. ભગવદ્‌ગુણાનુવાદ ગાઈ જીવોને માર્ગદર્શન કરાવવા અને પ્રભુને રીઝવવા માટે ભૂતળ પર પધાર્યા છે. આવા ભગવદીયને શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપના અનુભવ સિવાય કયાંથી સંતોષ થાય ? સ્વરૂપને જ જાણે છે અને માત્ર સ્નાનાદિકથી જ જેને સંતોષ છે, એવા જીવોને માટે શ્રીયમુનાજીના ભૌતિક સ્વરૂપનું માહાત્મ્ય પણ સામાન્ય નથી. માત્ર જળપાન અને સ્નાનાદિકથી પાપોનો નાશ થાય, યમયાતનાથી મુકિત મળે એ પુષ્ટિ સિવાયના અન્ય જીવોનું પણ પણ પરમ સૌભાગ્ય છે.

શ્રીયમુનાજીના આધિદૈવિક સ્વરૂપને શિવ, બ્રહ્માદિક અને વેદો પણ જાણતા નથી તો પછે સામાન્ય જીવોની તો વાત જ શું ? છતાં બલિહારી છે. શ્રીમહારાણીજીની કે આવા જીવોને પણ પોતાના પુત્ર તુલ્ય સમજી એના પાપોનો નાશ કરી યમરાજનો ભય દૂર કરે છે.

આવા શ્રીયમુનાજીનો સદા જય હો !

સોરઠો–સુગમ ભકતને, અગમ અન્યને,
શ્રીયમુનાજી;
–જેવી જેની ભાવના, તેવું ફળ વિખ્યાત.

સ્મરણ પુષ્ટિ માર્ગીય સાધન છે. પુષ્ટિમાર્ગમાં પ્રભુ પોતે જ સાધનરૂપ થાય છે તેવો પુષ્ટિ માર્ગનો નિયમ છે. તેથી કહ્યું– "સબ સુખ સુગમ લહે" તેમ કહેવાનું કારણ એ છે કે શ્રીવલ્લભ નામની ભીતરજ લીલાધામ રહેલું છે. શ્રી વલ્લભજનને લીલાધામમાં જવું પડતું નથી, પણ તેના હૃદયમાં જ લીલાધામ પ્રગટ થઇ જાય છે.

"ભોર ભયો ભાવસો લે શ્રી વલ્લભ નામ,
હરિ વશ છિનહીમેં હોત,
સ્ફુરત સગરો ભકિત મારગ
રૂપ હૃદય વસે અરૂ રસ સમૂહ ધામ"

ઉપરોકત પદ પંકિતમાં નિજજનોના હૃદયમાં 'રસ સમૂહ ધામ' પ્રગટ થઇ જાય છે. અર્થાત્ નિજજનોના હૃદયને જ લીલાધામ રૂપ બનાવી દે છે તેને લીલા ધામમાં પ્રવેશ કરવો પડતો નથી. ઉકત વિષય, કથનમાં સરલ દેખાય છે. પરંતુ સિદ્ધ કરવો અતિ કઠીન છે. નિરંતર વિરહના અનુભવથી વિરહની કષ્ટ સાધ્ય અવસ્થાનો અનુભવ કર્યા પછી સર્વાત્મભાવ જ્યારે સિધ્ધ થાય છે ત્યારે ભકતનું હૃદય જ લીલાધામરૂપ બની જાય છે. બ્રહ્માંડનું ભેદન કરીને લીલાધામમાં જવાનું રહેતું નથી.

સેવા–ગુણગાન–ધ્યાન બને તો તે પણ કરવા અને સ્મરણ પણ કરવું. સેવા સમયે સેવા કરવી. સેવા–ગુણગાન–ધ્યાન અષ્ટ પ્રહર તો ન બની શકે. પરંતુ નામ સ્મરણ તો અષ્ટ પ્રહર થઇ શકે છે. તે માટે નામ સ્મરણનો આગ્રહ કર્યો છે. વળી કલિયુગમાં સેવા-ગુણગાન–ધ્યાન–સત્સંગ વગેરે સાધનો સર્વ કોઇ માટે સુગમતાથી થઇ શકતા નથી. તેમ વિચારી કરૂણાસાગર શ્રી વલ્લભ પ્રભુએ નવરત્ન ગ્રંથમાં અષ્ટાક્ષર મહામંત્રનું સતત સ્મરણ કરવું તેવી આજ્ઞા કરી છે. નામ સ્મરણ સાથે સ્વરૂપ ધ્યાન કરવાથી સ્વરૂપમાં પ્રેમ પ્રગટ થાય છે. તેથી સ્વરૂપ ધ્યાન પણ કરવું. કદાચ સ્વરૂપ ધ્યાનમાં ન આવે તો સતત નામ સ્મરણથી હૃદય જ્યારે શુદ્ધ થાય છે ત્યારે નામનું ભાવાત્મક સ્વરૂપ ભકતે હૃદયમાં પ્રગટ થઇ જાય છે, ત્યારે નામ સ્મરણ સાથે સ્વતઃ સ્વરૂપ ધ્યાન પણ થવા લાગે છે. જેમ ગોપીજનોના નેત્રો પ્રિય પ્રભુના શ્રીમુખ લાવણ્યનું પાન સર્વત્ર કરતા હતા. શ્રી ગોપીજનોને પ્રિયતમનું ભાવાત્મક–માનસી સ્વરૂપ, આગળ-પાછળ, ઉપર–નીચે, બહાર–ભીતર એમ સર્વત્ર દર્શન આપતું હતું. કારણ કે તેમના નેત્રોમાં પ્રિયતમનું સ્વરૂપ વસી ગયું હતું. તેથી તેમને માનસી ભાવાત્મક સ્વરૂપના સર્વત્ર દર્શન થતાં હતા. શ્રી ગોપીજનોનું જીવન જ પ્રભુનું સ્વરૂપ હતું. તેથી સ્વરૂપ સંબંધ વિના એક ક્ષણ રહી શકતા નહીં. તેવી રીતે પ્રાણ પ્રિય શ્રી વલ્લભના સ્મરણથી જ્યારે હૃદય શુદ્ધ થાય છે, ત્યારે નામનું સ્વરૂપ હૃદયમાં પ્રગટ થતાં સ્વરૂપનું ધ્યાન સહજ જ સર્વત્ર થવા લાગે છે. વળી શ્રી વલ્લભમાં દિવ્ય પ્રેમ પણ પ્રગટ થઇ જાય છે. પ્રેમ પ્રગટ થતા જ આપણા ભૌતિક જીવનને પલટાવી નાખે છે. અથવા અલૌકિક બનાવી દે છે, તેથી કહ્યું છે કે–

"પ્રેમ પ્રગટ જબ હોય હે, ભૂલે જગત કો ભાન;
તુ તુ તુ રહી જાય છે, હું કો મિટે નિશાન."

॥ શ્રીવલ્લભ ચરણ કમલ મહિમા ॥

શ્રી હરિરાય મહાપ્રભુકૃત પદની ભાવાર્થ ટીકા

લેખક **શ્રીવલ્લભ પાદ પદ્માંમલિન્દ**

(ગતાંકથી ચાલુ)

પ્રશ્ન :– શ્રી વલ્લભ નામ સ્મરણ અથવા સેવા સ્મરણાદિ સાધનો સિવાય બીજા સાધનો કરવા કે નહિ. જેમકે શાસ્ત્રોમાં બતાવેલા તપ–તીરથ–નેમ–ધરમ–વ્રત–દાન વગેરેથી પણ હૃદયની શુદ્ધિ થાય છે તો આવા સાધનો કરવા કે નહીં ?

ઉત્તર – માં શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે–

"સાધન કર સાધો જિન કોઉ,
સબ સુખ સુગમ લહે" ॥૨॥

શ્રીવલ્લભના જ સેવા–સ્મરણ ગુણગાન ધ્યાન આદિ સાધનોથી જ લીલા ધામનું મહાન દિવ્ય સુખ સુગમતાથી પ્રાપ્ત થાય છે. સેવા–ગુણગાન–ધ્યાનના સાધનો ન બને તો માત્ર શ્રીવલ્લભ નામના સ્મરણથી પણ પુષ્ટિ પ્રભુનું દિવ્ય લીલા સુખ પ્રાપ્ત થાય છે. આવો પ્રકાર મર્યાદામાં નથી. કારણકે પુષ્ટિ સૃષ્ટિ પોતાની શ્રી અંગમાંથી પ્રભુએ પ્રગટ કરેલી હોવાથી પુષ્ટિ પ્રભુ પુષ્ટિ સૃષ્ટિનો પ્રભુ સાથે સંબંધ સ્નેહનો છે. સ્નેહ સંબંધમાં પ્રભુ નિજ દાસો માટે સાધનરૂપ થાય છે. પોતે જ સાધનરૂપ થઇને પોતાની પ્રાપ્તિ કરાવે છે. શ્રી ગોપીજનોના નિરોધ માટે પ્રભુએ અનેક પ્રકારની લીલા કરી તેમાં પોતે સાધનરૂપ થઇ ભકતોનો નિરોધ સિદ્ધ કર્યો. તેમ શ્રી વલ્લભનામ સ્મરણથી નિરોધ સિદ્ધ થાય છે.

પોતાના નામ સ્મરણમાં પોતેજ સાધન રૂપ થાય છે તેથી શ્રી વલ્લભ નામનું જ નિરંતર સ્મરણ કરવું. શાસ્ત્રોમાં બતાવેલા મર્યાદા માર્ગના સાધનોમાં મનને જવા નહીં દેવું. આપશ્રી પોતાના નામમાં પોતાનું સામર્થ્ય પ્રગટ કરીને નિજજનોના સર્વ દુઃખો દૂર કરી લીલા ધામનું સુખ સુગમતાથી પ્રાપ્ત કરાવે છે. આવો આપના નામનો પ્રભાવ હોવાથી શ્રી હરિરાય પ્રભુ આજ્ઞા કરે છે–

"સાધન કર સાધો જિન કોઉ,
સબ સુખ સુગમ લહે"

આપશ્રી વલ્લભના નામ સ્મરણ માત્રથી જ લીલા ધામનું સુખ સુગમતાથી પ્રાપ્ત થાય છે, તેનું કારણ નામનું સ્વરૂપ ધર્મી છે, આ ધર્મી સ્વરૂપ નામની ભીતર ભાવાત્મકરૂપે રહેલું છે. બહારનું પ્રગટ સ્વરૂપ ધર્મરૂપ કહેવાય છે. ધર્મરૂપ કરતા ધર્મી સ્વરૂપમાં વિશેષ સામર્થ્ય રહેલું છે જેમ બીજમાં વૃક્ષ રહેલું છે. તેમ નામમાં ભાવાત્મક સ્વરૂપ રહેલું છે. તેને ધર્મી કહેવાય છે. તે નામમાં રહેલા ધર્મી સ્વરૂપનુ અદ્દભૂત સામર્થ્ય શ્રી હરિરાય પ્રભુ જાણતા હોવાથી કહે છે કે શ્રીવલ્લભને પ્રાપ્ત કરવા શ્રી વલ્લભ નામ સ્મરણ વિના બીજા મર્યાદા માર્ગીય સાધનો કરવાની જરૂર નથી. શાસ્ત્રોમાં કહેલા તપ–તીરથ વગેરે મર્યાદા માર્ગીય સાધનો છે અને શ્રી વલ્લભ નામનુ

દિવ્ય પ્રેમ પ્રગટ થતાં જ જગત પ્રપંચને અને પોતાને ભૂલાવી દે છે અને સર્વત્ર પ્રાણ વલ્લભના સ્વરૂપનાં જ દર્શન થાય છે. ૨

પ્રશ્ન – ભૌતિક દશાવાળો જીવ અનેક અપરાધોથી ભરેલો છે. વળી આસુરભાવના આવેશે અપરાધો કરતા રહેવા એવો સ્વભાવ બની ગયો છે. શ્રી હરિરાય પ્રભુએ એક પદ માં કહ્યું છે – "ક્ષણક્ષણમેં અપરાધ પરત હે, ગીનત ન આવે લેખો, શ્રી વલ્લભ મેરી કૃતિ જિન દેખો." આવા અપરાધી જીવને મહાન અલૌકિક શ્રી વલ્લભ સ્વરૂપની પ્રાપ્તિ કેમ થશે ?

ઉત્તર – પરમકૃપાળુ શ્રી હરિરાય પ્રભુ શ્રી વલ્લભના મહાન ઉદાર ગુણોનો નિજજનોને પરિચય કરાવે છે–

"કોટિ કોટિ અપરાધ ક્ષમા કર, સદા નેહ નિભહે"

આપણો પ્રભુ સાથે જે સંબંધ થયો છે તે 'સ્નેહ લગ્ન' જેવો છે. એટલે કે બ્રહ્મ સંબંધથી પ્રભુને આપણે વર્યા તે સંબંધ સ્નેહ લગ્ન જેવો છે. શ્રી હરિરાય પ્રભુએ બ્રહ્મસંબંધને સ્વયંવરની ઉપમા આપી છે. એટલે કે જેમ રાજકુમારી સ્વયંવરની રચનામાં પોતાના પસંદગીના રાજકુમારને વર માળા પહેરાવે છે. આ સ્વયંવર પ્રેમલગ્ન કહેવાય છે. આવું પ્રેમલગ્ન દૈવી જીવનું પ્રભુ સાથે થયેલું છે. વળી પુષ્ટિ માર્ગ તો દિવ્ય પ્રેમનો જ છે. વધાઇમાં ગાયું છે કે–

"રતિપથ પ્રગટ કરનકું પ્રગટે,
કરૂણાનિધિ શ્રી વલ્લભ ભૂતલ"

આ રતિપથમાં પ્રેમનો જ સંબંધ હોય છે. જ્યારે માર્ગ જ પ્રેમરૂપ છે તો તેમાં પ્રવેશ કરેલા દૈવી જીવનો પ્રભુ સાથે સંબંધ પણ પ્રેમનો જ હોય શકે. લીલાલોકમાં પણ આ દિવ્ય પ્રેમનો જ સંબંધ અને સર્વ વ્યવહારમાં, સર્વ લીલામાં, સર્વ પરિકરમાં દિવ્ય પ્રેમજ રહેલો છે.

લીલાધામમાં કુંજો નિકુંજો પશુ, પક્ષી આદિ લીલા સામગ્રી પ્રેમરૂપ જ છે. પ્રેમનાજ બનેલા છે જેમ સાકર રસની મૂર્તિમાં સર્વાંગ રસ જ રહેલો છે તેમ લીલાધામમાં સર્વ દિવ્ય પ્રેમ રૂપ જ છે. પરંતુ દૈવી જીવ લીલા ધામમાંથી ભૂતલમાં આવવાથી પોતાના દિવ્ય પ્રેમ સ્વરૂપને અને પ્રભુ સાથે દિવ્ય પ્રેમના સંબંધને ભૂલિ ગયેલ છે. બ્રહ્મ સંબંધથી આ દિવ્ય પ્રેમનો સંબંધ પ્રભુ સાથે જોડાવી – દિવ્ય પ્રેમના સંબંધનું જ્ઞાન કરાવ્યું છે.

આવો આપણો શ્રી વલ્લભવર સાથે પ્રેમનો જ જ્યાં સંબંધ હોય ત્યાં પોતાના પ્રેમી પાત્રના અપરાધોનો વિચાર જ ઉત્પન્ન થતો નથી. (દાસ અપરાધ જાન સિન્ધુ સમ, બુંદ ન એકો જાન) દિવ્ય પ્રેમ સંબંધનો આવો સહજ સ્વભાવ છે. તેથી શ્રી હરિરાય પ્રભુ શ્રી વલ્લભના આવા સ્નેહ સ્વરૂપને જાણતા હોવાથી આગળની તુકમાં કહે છે કે–

"ભૂલ જિન કરો કોઉ મન શંકા,
કરૂણા સિન્ધુ કહે"

તમારા દોષોથી કે અપરાધોથી શ્રી વલ્લભ તમને પ્રાપ્ત નહીં થાય તેવી ભૂલથી પણ શંકા કરશો નહીં. કારણકે શ્રી વલ્લભ કરૂણાના સાગર છે. "કરૂણા"નો અર્થ વાત્સલ્ય

સ્નેહ થાય છે. તેથી જેમ માતાનો વાત્સલ્ય પ્રેમ તેના બાલકમાં હોવાથી બાલકના દોષો માતાની નજરમાં આવતા જ નથી અને વાત્સલ્ય પ્રેમથી બાલકનું લાલન પાલન કરે છે. તેમ શ્રી વલ્લભ વાત્સલ્ય સ્નેહના સિન્ધુ છે. તેથી તમારા દોષો આપની નજરમાં આવે તેમ નથી.

વળી માતા જેમ દોષવાળા બાલક તરફ એકધારા વાત્સલ્ય પ્રેમનું સિંચન કરતી હોય છે. તેમ આપણી સાથે શ્રી વલ્લભનો પ્રેમ સંબંધ હોવાથી આપણા દોષોને નહિ જોતા સદા પ્રેમ સંબંધ નિભાવે છે. આવો દૈવી જીવનો પ્રેમ સંબંધ બ્રહ્મસંબંધથી શ્રી વલ્લભ સાથે જોડાયેલો છે. તેને દૈવી જીવ ભૂલી જતો હોવાથી દુષ્ટ મન ખોટી શંકાઓ ઉત્પન્ન કરતું હોય છે. તેથી શ્રી હરિરાયજી પ્રભુ કહે છે કે –

'ભૂલ જિન કરો કોઉ મન શંકા કરૂણા સિન્ધુ કહે'

મહાન અલૌકિક વિરહાગ્નિ વલ્લભની પ્રાપ્તિ સર્વ ત્યાગ પૂર્વક નિતાન્ત વિરહના અનુભવથી જ થાય છે. તેથી સ્વકીયોને આપે વિરહ ભાવનું દાન કર્યું છે. આ વિરહના અનુભવમાં અન્ય સંબંધની ગંધ પણ રહે ત્યાં સુધી મહાન અલૌકિક વલ્લભ વિરહાગ્નિનો સાક્ષાત સંબંધ થતો નથી.

આવી સ્થિતિમાં આ વિરહી જન નિઃસાધન દીન બની ગયો હોય છે. અથવા બાલક જેવી નિઃસાધન સ્થિતિ બની ગઇ હોય છે. આવા વિરહી (બાલક જેવા) સ્વકીયનું રક્ષણ પરોક્ષ રહીને કરે છે. પરોક્ષ રીતે ભાવાત્મક સ્વરૂપથી વાત્સલ્ય સ્નેહનું સીંચન કરે છે. કારણકે દીનોના આપ બન્ધુ છે. 'બંધુ' એટલે બંધાઇને રહેવું. ભાવાત્મક સ્વરૂપથી વિરહી સ્વકીયના હૃદયમાં રહીને વિરહભાવનું રક્ષણ અને વાત્સલ્ય સ્નેહ સીંચનથી પોષણ કરતા જ રહે છે. તેથી મહાનુભાવ શ્રી સૂરદાસજીએ ગાયું છે કે-

"ભકત વિરહ કાતર કરૂણામય ડોલત પાછે લાગે।
'સૂર' એસે પ્રભુનકો કયોં દીજે પીઠ અભાગે।।

આપનો કરૂણા ધર્મ દીન જનો પ્રત્યે જ પ્રગટ થાય છે અને દીન ભાવ વિરહના અનુભવમાં નિઃસાધન બનેલા વિરહી સ્વકીયમાં જ હોય છે. વિરહના અનુભવ વિના તો શ્રી વલ્લભ વિરહાગ્નિનું સાનિધ્ય પણ પ્રાપ્ત થતું નથી. તો આપશ્રીની પ્રાપ્તિ કેમ થઇ શકે?

આ પદમાં શ્રી હરિરાય પ્રભુએ જે વર્ણન કર્યું છે. તે વિરહી સ્વકીયોને અનુલક્ષીને કર્યું છે, અથવા વિરહી જનોના અધિકાર અનુસાર કર્યું છે.

– ક્રમશ

ચિંતન

અત્તરની શીશી અનેક વર્ષ પર્યંત ભલેને નર્કાગારમાં પડી રહે, પરંતુ! જયારે તેમાંથી કયારેક છૂટકારો થાય અને બુચ ખોલવામાં આવે ત્યારે તેમાંથી દુર્ગંધ નહિ સુગંધ જ આવે,

અલૌકિક પ્રતિબંધોમાં પણ ભગવદ્ સ્મરણ ન ત્યજવું. નામ નામીને પરવશ બનાવી શકે છે.

જયાં સુધી અંતઃકરણ સ્વીકાર ન કરે. ત્યાં સુધી દુઃસંગ કે સત્સંગ અસર ન કરી શકે. આશ્રય હૃદયની પકકડ છે.

–પ ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ–અરાદ.

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

આવતો નથી તો પછી અશ્વને ખરીદનાર તેના (અશ્વના) ભ્રમથી હાથીને પણ ખરીદી લેત અથવા ઘટ લેનાર વ્યક્તિને પટ દેખાડવાથી તે આમ નહિ કહેત કે ‘મારે આ પટ લેવો નથી’ પ્રત્યુત તેણે ‘અસ્તિ કિંચિત્’ (છે કંઇ)ની અટકળથી તેને પણ ખરીદી લેવો જોઇએ. પરંતુ આજ સુધી એવું જોવામાં કે સાંભળવામાં પણ નથી આવ્યું, વધારે તો શું કહીએ પણ એટલું જ અત્રે કહેવું છે કે આવી રીતે ભેદને ન માનનારા અને જ્ઞાન માત્રનો ‘અસ્તિ કિંચિત’ આમ નિર્વિશેષ વિષય માનનારા, દંપતિ (સ્ત્રી પુરૂષ) એક વખતે વિખુટાં પડયા પછી હજારો યુગ સુધીનાં પણ પોતપોતાના સહચરને મળી શકતાં નથી. કારણ કે જ્યારે જ્ઞાનને સવિશેષ તથા ભેદગ્રાહક માનો તો ઠીક ઠીક રહેશે, પણ જયારે જ્ઞાનને સવિશેષ તથા ભેદ ગ્રાહક ન માનશો તો મહાબૂરી વીતશે. અમારા ધારવા પમાણે તો આવા નિર્વિશેષ પ્રિય પતિ અને પત્ની બંને પોતાની ‘અસ્તિ કિંચિત્’ની લાકડી લઇ ભલે હજારો યુગ સુધી આમ તેમ ઠોકરાયા કરે પણ કદાપિ પરસ્પર એક બીજાનો પત્તો મેળવી શકવાના નથી. એ માટે જ્ઞાન માત્ર નિર્વિશેષ નહિ પણ સવિશેષ હોય છે અને બ્રહ્મ વિષેની વાત જ તો ઓર જ છે, તે અમે આગળ કહીશું જયા કોઇ સ્થળે નિર્વિશેષનું ભાન થાય છે ત્યાં પણ અતિ સુક્ષ્મ અથવા અવ્યકત જાતિગુણાદિ નિમિત્તક જ ભાન થાય છે, અથવા ગ્રાહક–શકિતની ખામીને લીધે જ આવું જ્ઞાન થાય છે એ પણ આગળ કહીશું.

બીજું પૂર્વપક્ષમાં જે એ કહ્યું છે કે ‘ઘટોસ્તિ’ વિગેરે અનુભવમાં અનુવભ સિવાય બીજા બધાં ઘટાદિ પદાર્થોનો બાંધ હોવાથી તેઓનું વ્યાવર્તન થાય છે આ પણ એક માત્ર અનાલોચિત (વિચાર કર્યા વગરનું) સાહસ જ લેખાય. વિરોધ હોવાથી બેમાંથી એકનો બાધા થાય છે પણ જયાં અવિરોધ હોય ત્યાં કોઇ એકનો પણ થતો નથી. અહીં (ઘટાનુભવ–પટાનુભવમાં) ભિન્ન ભિન્ન અનુભવોમાં દેશ, કાલ, ઇત્યાદિનો ભેદ હોવાથી બાધ તો દૂર રહ્યો પણ વિરોધ જ નથી. અગર ઘટાનુભવ અને (વિરોધનો) પટાનુભવ એક કાલમાં હોત તો જરૂર વિરોધ આવી પડવાથી બાધ થઈ શકતો હતો. પરંતુ તેનો (વિરોધનો) સંભવ જ નથી. માટે અનુભવ માત્રમાં દેશ કાલાદિનો ભેદ હોવાથી વિરોધ રહેતો નથી

અને અવિરોધ હોવાથી કોઇનો પણ બાધ શકતો નથી. અને જ્યારે કોઇનો બાધ જ ન રહ્યો તો પછી ઘટપટાદિની વ્યાવૃત્તિ પણ થઇ શકતી નથી. ધારો કે કદાચ બાધ પણ થાય તો શું તેટલાથી પદાર્થને અસત્ય કહેશો કે ? વાહરે !!!

બીજું સર્વ પદાર્થોનો અનુભવ કરતી વખતે 'અસ્તિ' અને અનુભવનો સંબંધ લાગેલો જ રહે છે. માટે સદ્રુપ અનુભવ જ પરમાર્થ તત્ત્વ છે. આ કથન પણ માત્ર સિદ્ધ સાધન છે કારણ કે 'સત્ ચિત્' (અનુભવ) આ બન્ને બ્રહ્મરૂપ જ છે. માટે એની સર્વત્ર અનુવૃત્તિ સ્વતઃ સિદ્ધ છે. માટે આવા શતગામી ઉંટના જેવા લાંબા ડગલાં ભરવા એક ખાલી પરિશ્રમ નહિ તો બીજું શું ? આટલું તો 'સત્યં વિજ્ઞાનમાનંદં બ્રહ્મ' ઇત્યાદિ શ્રુતિથી જ સિદ્ધ થઈ ચૂક્યું હતું.

બીજું, જ્ઞાનપદાર્થ અન્ય કોઇનો વિષય નથી અર્થાત્ તે જ્ઞેય કે જ્ઞાપ્ય નથી. તે સ્વયંપ્રકાશ છે, એટલે જ્ઞાનનું ગ્રાહક બીજું કોઈ નથી. તો આ કથન પણ ભૂલ વગરનું નથી. કારણ કે પરનો અનુભવ (જ્ઞાન) નિજાનુભવનો વિષય થાય છે અને અતીત સમયના અનેકાનેક અનુભવો પણ વર્તમાનકાલીન જ્ઞાનના વિષયો થાય છે. જે પદાર્થ અન્યનો વિષય હોય છે તે જડ છે. આ યુક્તિકથન પણ સ્વપ્નના બરાડવા જેવું છે કારણ કે અગર એવો નિયમ માનતા હો તો પછી પરનો અનુભવ અને અતીત સમયનો પોતાનો અનુભવ અનુભવજ નહિ રહેશે, તે પણ જડ કહેવાશે. માટે જ્ઞાન કોઇનો વિષય નથી એ કહી શકતા નથી સ્વયંપ્રકાશ રહેતા છતાં પણ જ્ઞાન અન્યના અનુભવમાં આવે છે કારણ કે તે વસ્તુ જ એવી છે જ્યાં વસ્તુસ્વભાવજ એવો હોય ત્યાં તર્ક કોઇ કામનો નથી રહેતો.

બીજું જે વસ્તુ પોતાની સત્તાથીજ ઇતરને પ્રકાશ કરવાવાળી હોય છે તે વસ્તુ અજડ છે. અને અજડ હોવાથી અનુભૂતિ (જ્ઞાન) જ આત્મા છે આ કથન પણ ભૂલભરેલું છે, કારણ કે જે દીપક પોતાની સત્તાથી અન્યને પ્રકાશ કરનારી વસ્તુ છે, માટે તેને પણ અજડ (ચેતન) અને આત્મા માનવો જોઇએ. શાબાશ રે માયાવાદીઓ !! ધન્ય છે તમને ! તમારાં નિયમો તો ખરેખર અજબ છે. જેમ છેદ્ય (છેદવા લાયક વસ્તુ) અને છેત્તા (છેદનાર) ના અભાવમાં છેદનની સિદ્ધિ કરવી માત્ર સ્વપ્નમાં લડુ ઉડાવવા જેવી છે. તેમ અહંરૂપ જ્ઞાતા અને જ્ઞેય પદાર્થના અભાવમાં જ્ઞાનની સિદ્ધિ પણ ગળા વગરનું ગાવા જેવી છે. માટે આત્મા સ્વયંપ્રકાશ રહેતા છતાં પણ અહંવેદ્ય છે અર્થાત્ 'અહં' પદ પ્રત્યયથી જાણી શકાય છે અથવા એમ કહો કે 'અહં' આત્માનું સ્વરૂપ છે અને અનુભૂતિ (જ્ઞાન) તેનો ધર્મ છે.

અગર કહો કે 'અનુભૂતિ અને અહં બન્ને એક છે ભ્રમથી જુદાં જુદાં દેખાય છે. તો પણ ઠીક નથી. કારણકે યદિ બન્ને ભ્રમથી જુદાં દેખાતાં હોત પણ વાસ્તવમાં એક હોત તો શુક્તિરજતની જગ્યાએ જેમ 'રજતામિદં' (આ ચાંદી) આમ 'રજત' અને 'ઇદં' બન્નેનું ઐક્ય પ્રતીત થાય છે. તેમ 'અનુભુતિરહં' 'હું જ્ઞાન છું' આવો ઐક્યનો અનુભવ

પણ થવો જોઇએ. પરંતુ કોઇપણ પ્રાજ્ઞ પુરૂષને આવી પ્રતીતિ થતી નથી, પ્રત્યુત આવો અનુંભવ થાય છે કે, 'અનુભવામ્યહ' 'મમેદં જ્ઞાનં જાત' હું અનુભવ કરૂં છું, 'મને આ અજ્ઞાન થયું છે! અને બીજું પણ જે કહેવું છે કે 'આત્મા વિકાર રહિત છે અને જ્ઞાન ક્રિયાનો કર્તારૂપ જ્ઞાતૃત્વ (જ્ઞાતાપણું) વિકાર છે અને તે જ્ઞાતૃત્વ વિકાર આત્મામાં સંભવતો નથી; પરંતુ તે જ્ઞાતૃત્વ ધર્મ અહંકારરૂપ અંતઃકરણનો છે. ઉપચારથી અથવા અજ્ઞાનથી આત્મામાં ભાસે છે તો એવું કથન પણ પોતાના સાહસને જ માત્ર સાબીત કરે છે. કારણ કે જ્ઞાતાપણું એ ચેતનધર્મનોજ અસાધારણ ધર્મ છે. અને અહંકાર તો જડ છે. તેમાં તે ચેતનધર્મને રહેવું અસંભવિત છે, અગર જબરદસ્તીથી જ્ઞાતૃત્વને જડ અંતઃકરણનો ધર્મ માનશો તો પછી ભીંત પત્થર વિગેરે જડ પદાર્થોને પણ જ્ઞાતા માનવા જોઇશે. માટે 'અહ' જ્ઞાતા છે અને તેજ આત્મા છે! હા, એટલું સત્ય છે કે તે ચેતનને પણ પોતામાં દેહધર્મો પોતાના કરીને જે સમજી રાખ્યાં છે તે અસત્ય છે.

અગર કહો કે જેમ લોહાપિંડમાં ઉષ્ણતા (ગરમી) નથી તો પણ અગ્નિનો સંબંધ થવાથી તેમાં ગરમી માલુમ પડવા લાગે છે, તેમ અંતઃકરણરૂપ અહંકાર જડ હોવા છતાં પણ ચિદ્રુપ આત્માના સંબંધ માત્રથી તે જ્ઞાતા થઇ શકે છે તો તે પણ ઠીક ન કહેવાય કારણ કે દ્રષ્ટાંતમાં તો અગ્નિની ગરમી લોહપિંડમાં આવે છે માટે જ તે ગરમ માલમ પડે છે. પરંતુ પ્રકૃતમાં તો આપ આત્મામાં જ જ્ઞાતૃત્વ માનતા નથી તો પછી તે અહંકારમાં કયાંથી આવશે ? યદિ કહો કે 'વસ્તુતઃ અહંકાર અને આત્મા બન્નેમાં જ્ઞાતૃત્વ નથી છતાં પણ જેમ દર્પણમાં મુખડું જોવાથી દર્પણ તેના જ મુખનો તેને અનુભવ કરાવે છે કારણ કે તે દર્પણ તેનું અભિવ્યંજક (પ્રકાશક) છે, તેમ અહંકાર આત્માનો અભિવ્યંજક છે. માટે આત્માને નિજસ્વરૂપનો અનુભવ કરાવે છે. તો આમ કહેવાથી પણ કાર્ય સરતું નથી. કારણ કે આપના મતમાં અનુભવને સ્વયંપ્રકાશ અને અંતઃકરણાદિ સર્વપદાર્થોનો પ્રકાશક માન્યો છે. અને હવે અગર તે સ્વયંપ્રકાશ આત્મારૂપ અનુભવનો પ્રકાશક અચિત (જડ) અહંકારને માનશો તો જેમ 'મારી માતા વંધ્યા છે' આ કથન ઉપર લોકો દિલ્લગી ઉડાવે છે તેમ આત્મવિચારક પુરૂષોને પણ આપની ઉકત વાતમાં કરૂણસંમિશ્ર હાસ્ય આવ્યા વગર રહેશે નહિ. માટે 'અહ' પદાર્થ જ જ્ઞાતા છે અને તેજ આત્મા થઇ શકે છે.

યદિ 'મામપ્યહં ન જ્ઞાતવાન' હું આજ એટલું બધું ઉંઘ્યો કે મને પોતાની જ ખબર નહિ રહી આ પૂર્ણ સુષુપ્તિના સ્મરણને લઈ એમ કહો કે આવી અવસ્થામાં જ્ઞાતૃત્વ અને 'અહ' પ્રત્યય બંને નથી રહેતાં, પરંતુ અજ્ઞાન સાક્ષી જ્ઞાન તો ત્યાં પણ મૌજુદજ (હાજર) છે, માટે જ્ઞાન જ આત્મા છે. જ્ઞાતા નહિ તો આ પક્ષ પણ યુકિત સહ નથી, કારણ કે ઊંઘીને ઉઠનાર પુરૂષ કહે છે કે આજ હું બહુ સુખથી ઉંઘ્યો 'તો અહીં 'અહ' અને જ્ઞાતાને જ તો સુખથી સુવાવાળો અને જ્ઞાતા કહ્યો છે, અગર તે વખતે જ્ઞાતા ન હોત

તો સુખસ્વપ્નનું જ્ઞાન શી રીતે થાત ? બીજું 'અહં માં ન જ્ઞાતવાન' અહીં પણ જ્ઞાતાની સુષુપ્તાવસ્થા તથા ત્રિકાલમાં અનુવૃતિ રહેવાથી આપ પણ એ તો કહી શકતા નથી કે આ સ્વરૂપનો નિષેધ છે ! પરંતુ એ કહી શકો છો જ્ઞાતા સુષુપ્તાવસ્થામાં પોતાનો વર્ણવા જાત્યાદિને જાણતો ન હતો માટે આત્મા જ્ઞાતા છે અને જ્ઞાન અથવા અનુભૂતિ તેનો ધર્મ છે' એ સિદ્ધ થયું.

'અંહ' આ પદ સુષુપ્તાવસ્થામાં જ્ઞાતાનું બોધક છે, જયારે 'મા' પદ જાગરિત દેહ-વર્ણાશ્રમાદિ વિશિષ્ટનું વાંચક છે. માટે જ્ઞાતાનો નિષેધ થતો નથી પરંતુ વર્ણાશ્રમાદિ વૈશિષ્ટનોજ નિષેધ કરાય છે અને માટે જ પર (અન્યભેદ) હોવાથી 'માં' પદમાં કર્મસંજ્ઞા અને દ્વિતીયા થઇ શકી. અન્યથા જ્ઞાનવર્જ બધાનો નિષેધ માનશો તો 'પરસમવેતક્રિયા ફલશાલિ' ન હોવાથી કર્મસંજ્ઞા થવી જ મુશ્કેલ છે, માટે સુષુપ્તાવસ્થામાં પણ આત્મા જ્ઞાતા જ છે, 'અહં જાનામિ 'જ્ઞાન' મે જાત' એ વાત અવશ્ય છે કે પ્રભા અને તેનો આશ્રય સૂર્ય કે દીપ એ જેવી રીતે વાસ્તવમાં એક છે, તેમજ જ્ઞાતા અને જ્ઞાનમાં પણ પરસ્પર ઐકય જ છે. (ક્રમશ)

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૧ તા. ૮–૬–૮૬ રવિવાર ગં. ગા. દશહરા પ્રારંભ

જેઠ સુદ ૫ તા. ૧૨–૬–૮૬ ગુરુવાર રશિમકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટય દિન

જેઠ સુદ ૧૦ તા. ૧૭–૬–૮૬ મંગળવાર ગંગાદશયરા શ્રી યમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૧૮–૬–૮૬ બુધવાર નિર્જલા એકાદશી વ્રત.

જેઠ સુદ ૧૪ તા. ૨૧–૬–૮૬ શનિવાર જયેષ્ઠાભિષેક-સ્નાનયાત્રા ઘટ સાવિત્ર વ્રન.

જેઠ વદ ૧૧ તા. ૨–૭–૮૬ બુધવાર યોગિની એકાદશી વ્રન.

પુસ્તક પરિચય

અમૃતનું આચમન :-

આ પુસ્તકમાં વિવિધ સ્થળોએ વિવિધ વ્યકિતઓની મુંઝવણ અને જિજ્ઞાસામાંથી ઉદ્‌ભવેલા પ્રશ્નોના: શાસ્ત્ર અને સિદ્ધાંત સંમત વિસ્તૃત ઉત્તરો આપ્યા છે જે વૈષ્ણવ સમાજને ખૂબ જ ઉપયોગી છે.

શ્રી વલ્લભ ગ્રંથમાળા પુષ્પ ૧ લાના પ્રવકર્તા, સંકલન–સંપાદન કર્તા પ્રકાશક સસ્થાને અભિનંદન પ્રવકતા–પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી (કિશનગઢ–મુંબઈ) સંકલન–સંપાદન પ. ભ. પ્રા. રમેશભાઈ પરીખ મહેસાણ પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન–શ્રી કૃષ્ણાર્પણ ટ્રસ્ટ ૧૫, દારબથા લેન, ઓફ નીપીઅન સી. રોડ મુંબઈ–૪૦૦૦૬

શ્રદ્ધાંજલી

આ. રા. પુ. વૈ. પરિષદની મધ્ય પ્રદેશ સમિતિના મંત્રી પ. ભ. શ્રી મનુભાઈ (આગર મ.પ્ર.)ના માતુશ્રી તા, ૨૩ એપ્રિલના શ્રી હરિ: શરણ થયાં. શ્રી વલ્લભ સુધા સંપાદક – વ્યવસ્થાપક મંડલના કાર્યકર્તા ઓ હાર્દિક શ્રદ્ધાંજલી પાઠવે છે.

સર્વોત્તમ સ્તોત્ર મંડળ-વિશ્વ હિન્દુ પરિષદ-કંસારા સોશ્યલ ગૃપ જયગુરૂદેવ મંડળ વિગેરેએ રસ્તામાં મીઠા જલની વ્યવસ્થા કરી હતી.

શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી શ્રી જસુભાઈ મંડાણમાં ધર્મસભાના રૂપમાં ફેરવાઈ ગયેલ.

જુનાગઢ – આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ જુનાગઢ શાખા પ્રેરિત શ્રી વલ્લભ સેવા મંડળના ઉપક્રમે શ્રી વલ્લભાચાર્ય જન કલ્યાણ ટ્રસ્ટ-પોરબંદરની પ્રચાર યોજનાની અન્તર્ગત કરાતા જુદે જુદે સ્થળે શિબિરોમાંનું એક "પુષ્ટિ માર્ગીય સિદ્ધાંત શિબિર"નું આયોજન શ્રી લોઢીયા વાડીમાં તા. ૧૬-૪-૮૬ થી તા. ૨૮-૪-૮૬ એમ ત્રણ દિવસ માટે પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજ શ્રીએ કૃપા વિચારી અષ્ટાક્ષર મંત્ર, ગદ્ય મંત્ર, સમૂહ સ્તોત્ર પાઠ, કીર્તન પદગાન, ષોડશ ગ્રંથ ચર્ચા વગેરે નિત્ય નૂતન કાર્યક્રમો દ્વારા સુધારસ પાન સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોને કરાવેલ.

પરિષદની જુનાગઢ શાખાની કારોબારી સમિતિના હોદેદારોની ચુંટણી તા. ૨૩-૪-૮૬ ના રોજ થતાં આ પ્રમાણે હોદેદારોને ચુંટવામાં આવેલ. પ્રમુખ – શ્રી નાનજીભાઈ જેઠાભાઈ મેખડીવાળા, ઉપ પ્રમુખ – શ્રી રતિલાલ જીવરાજભાઈ આદર્શ મસાલાવાળા. મંત્રી – શ્રી પોપટલાલ જમનાદાસ જોબનપુત્રા, સહમંત્રી – શ્રી જયેન્દ્રભાઈ મોનજીભાઈ રાજપરા, ખજાનચી શ્રી વલ્લભદાસ નાનજીભાઈ દલાલ, સહ ખજાનચી – શ્રી ધીરુભાઈ દેવરાજભાઈ પટેલ.

જામનગર – શ્રીમદ્ અખંડ ભૂમંડલાચાર્ય વર્ય જગતગુરુ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુ જયંતિ મહોત્સવ પૂ. પા. ગો શ્રી વ્રજભુષણલાલજી મહારાજ શ્રી અધ્યક્ષ સ્થાને અને પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરલાલજી મહોદય શ્રીના કાર્યાધ્યક્ષ સ્થાને તા. ૧-૫-૮૬ થી તા. ૫-૫-૮૬ સુધીના પાંચ દિવસના **"પુષ્ટિ ભકિત સત્ર કાર્યક્રમ"** ના આયોજનથી ઉજવવામાં આવેલ હતો.

આ વિવિધ અને નૂતન કાર્યક્રમ દ્વારા જેવા કે પુષ્ટિમાર્ગ વિષે પ્રશ્નોતરી, વકૃત્વ સ્પર્ધા આચાર્ય મહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્ય. ભકત કવિ સુરદાસજી સંબંધે, પ્રવચનો – અણુ ભાષ્યમાં વિરુદ્ધ ધર્માશ્રય, શ્રીમદ ભગવત ગીતામાં પુરૂષોત્તમ યોગ, સ્તોત્ર પાઠ અને ઈનામ વિતરણ થી ઉજવવામાં આવેલ હતો.

જુનાગઢ, ધોરાજી, સિહોર, ગોંડલ, પાટડી, વાંકાનેર, સુરેન્દ્રનગર વગેરે સ્થાનોમાં આ. રા. પુ. વૈ. પરિષદની સ્થાનીક શાખા તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્યજીનો પ્રાકટ્ય મહોત્સ શ્રી સર્વોત્તમ સ્તોત્રના સમૂહ પાઠ, શોભાયાત્રા, રાસ ગરબા, સભા વગેરે વિવિધ કાર્યક્રમોના આયોજનથી ધામધૂમથી ઉજવવામાં આવેલ.

ગોંડલ નિ. લી. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ શ્રી કોટાવાળાના પૌત્ર અને પૂ. પા. ગો. શ્રી ગોવિન્દલાલજી મહારાજશ્રીના તૃતીય લાલજી પૂ પા. ગો. શ્રી વિજયબાવાના સૌ. વ્રજાંગના વહુજી (ઉ. વ. ૨૪) તા. ૨૦-૪-૮૬ ના રોજ નિત્ય લીલામાં અચાનક પધારતા તેમના કુટુંબીઓને અસહય આઘાત થયો છે અને ઠેર ઠેરના વૈષ્ણવ સમાજે સમવેદના વ્યકત કરી છે.

"શ્રી વલ્લભ સુધા"નું લવાજમ નીચે દર્શાવેલ સેવાભાવી કાર્યકરો પાસે ભરી શકાશે.

(૧) શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ, તા. હાલોલ મુ. **અરાદ**

(૨) પ્રો. કૃષ્ણકાન્ત એસ. શાહ, બી/૬ આણંદ આર્ટસ કોમર્સ કોલેજ
સ્ટાફ કવાટર્સ, ટાઉન હોલ પાસે, **આણંદ**

(૩) શ્રી દેવેન્દ્રભાઈ આર. પાલેજા, રંગાઈ ગોવદર સ્ટ્રીટ, **કોઇમ્બતુર ૬૪૧૦૦૧**

(૪) શ્રી રજનીકાંત બી. મણીયાર, ૫૧ સનમુંગ થીએટર રોડ, **કોઈમ્બતુર ૬૪૧૦૦૨**

(૧) ॥ શ્રીકૃષ્ણ ॥

[રાગ–શ્રીજી બાવા છે શામળા રે, ગાયોના ગોવાળ જો]

શ્રીજી દર્શન વિના મુજને રે. નથી ગમતું લગાર જો;
ક્યારે તેડાવશો વ્હાલમા રે, મન મારૂં મૂઝાય જો. ૧
નયણાં છલકાય છે નીરથી રે, ચાલે આંસુની ધારજો;
દર્શન દ્યોને ઓ શ્રીનાથજી રે, જીવ ઝૂરે અપાર જો ૨
દિલડું દોડે છે અતિ વેગમાં રે, આડે માયાની પાળ જો;
ચિત્તડું રહે છે ઉદ્વેગમાં રે, હાલે હૈયાના તારજો; ૩
વનમાં દાસી ઊભી એકલી રે, કરે આર્ત પોકાર જો
જોતી વલ્લભ વરની વાટડી રે, મારા હૈયાના હારજો. ૪
તારા વિના નથી ગોઠતું રે, તારા દર્શનની આશજો;
તારો ભરૂંસો તારો આશરો રે. વ્હાલા તારો આધાર જો. ૫
અપરાધો મારા અનેક છે રે, નથી દોષોનો પારજો;
અવગુણનો હું તો ભંડાર છું રે, નથી ઉત્તમ આચાર જો ૬
ઝંખુ શ્રીનાથજી હું તુજ ને રે, મારા જીવનનો સાર જો;
ઝૂરૂં છું તારા વિયોગમાં રે, તને મળવું છે નાથ જો. ૭
'નટવર' કિંકરના શ્રીનાથજી રે, આપો વ્રજમાં નિવાસ જો;
બીજું કશું યે નથી જોઈતું રે, રાખો ચર્ણોની પાસજો. ૮

—શેઠ નટવરલાલ મહાસુખલાલ—અરાદ

(૨) તુમ બિન લાગે જગ યે વિરાના

કા'ના રે કા'ના, કા'ના રે કાના !
તુજ કો પુકારું, અવિલંબ આના,
કા'ના રે કાના !
તુમ બિન લાગે જગ યે બિરાના,
તૂ આયે તો કિતના સુહાના !
કા'ના રે કા'ના, કા'ના રે કા'ના !
તુજ કો પુકારું, અવિલંબ આના,
કા'ના રે કાના !

—પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભ સુધા

વર્ષાઋતુ આગમન પદ

(રાગ-બિહાગ)

તપત તપત તન સબહી જર્યો,
ગ્રીષ્મ ઋતુ દુઃખ ભારો;
કહા કરે કેસેં હોય સજની,
મિલે કબ નંદ દુલારો. ૧

સૂકે તાલ તલૈયા બનકે,
તપત સૂર્ય અતિ ભારો;
'સૂરદાસ' વરષા ઋતુ આઇ,
કર્યો ગ્રીષ્મ મોહ કારો. ૨

卐

વર્ષ ૫ : અંક ૪ ✠ જુલાઇ, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સમાચાર

જંત્રાલ : અત્રેની પુષ્ટિમાર્ગીય હવેલી જંત્રાલ મરજાદી મંદિરનો શતાબ્દી મહોત્સવ તા. ૨૧–૫–૮૬ થી તા. ૨૩–૫–૮૬ ત્રણ દિવસના શાનદાર કાર્યક્રમથી પૂ. પા. ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રીની અધ્યક્ષતાએ ઉજવવામાં આવ્યો હતો.

શોભાયાત્રા, નંદમહોત્સવ, મહાદેવલીલા. સાચા સગાશ્રી નાથજી (નાટક), વચનામૃત વગેરે આનંદનો લાભ સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ લીધો હતો. આ પ્રસંગે "સ્મૃતિ ગ્રંથ"નું વિમોચન કરવામાં આવ્યું હતું.

જુનાગઢ : મોટી હવેલીમાં તા. ૧૨–૬–૮૬ના રોજ પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી શ્યામસુંદરજીએ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીનું નામ "સ્વવંશે સ્થાપિતાશેષ સ્વમાહાત્મ્યઃ" છે તેના ઉપર વચનામૃત કરીને વૈષ્ણવોને સ્વધર્મ પ્રત્યેની ફરજ અને શ્રી ગુરુદેવના સ્વરૂપની સમજણ આપેલ.

રેશમડી ગાલોળ : પૂ. પા. ગો. શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજશ્રીના સાનિધ્યમાં આપશ્રીના લાલબાવાશ્રીનો જન્મદિન તા. ૨૪–૫–૮૬ના ધામધુમથી મનાવ્યો. વધાઈકિર્તન ઢાઢીલીલા આદિ કાર્યક્રમો થયેલ.

આબરા : પૂ. પા. ગો. શ્રી ત્રિલોકભૂષણ મહારાજશ્રીના સાનિધ્યમાં આપશ્રીના પિતાશ્રી નિ. લી. ગો. શ્રી ત્રિકમરાયજી મહારાજશ્રીનો ઉત્સવ તા. ૧૧–૬–૮૬ના ધામધુમથી ઉજવાયો. રાજકોટ, ધોરાજી તથા અન્ય ગામોના વૈષ્ણવોની મોટી હાજરી હતી. વધાઈકિર્તન, મહોત્સવ થયેલ.

વડોદરા : પૂ. પા. ગો. શ્રી ઈન્દિરાબેટીજી પ્રસ્થાપિત શ્રી વૈષ્ણવ મહિલા મંડળ–વડોદરાનો રજત જયંતી મહોત્સવ સમારોહનુ આયોજન તા. ૨૫–૧૨–૮૬ થી તા. ૨૮–૧૨–૮૬ સુધીનું કરવામાં આવ્યું છે. આ સમારોહ અંતર્ગત હવેલી સંગીત સંમેલન રાખેલ. ગુજરાત વૈષ્ણવ મહિલા સંમેલન, પુષ્ટિમાર્ગીય કલા પ્રદર્શન, વચનામૃતો, નાટકો તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે, તેનો લાભ લેવાનું ચૂકશો નહિ.

પત્રવ્યવહાર તથા સંપર્ક માટે :– રજતજયન્તી મહોત્સવ કાર્યાલય 'રાધાકૃષ્ણ કુંજ' મરી માતાનો ખાંચો,
રાજમહેલ રોડ, **વડોદરા**–૩૯૦૦૦૧. ફોન : ૫૫૦૦૫૯

ઉત્તર ગુજરાતના ઐતિહાસિક નગરી પાટણમાં વિષ્ણુ ભગવાનની શેષનાગની પ્રાચીન મૂર્તિને તોડી નાખવાના હિચકારા કૃત્યને સખ્ત શબ્દોમાં વખોડી કાઢતા આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠ અત્રે પ્રેસ નિવેદનમાં જણાવે છે કે ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રીએ આવા હિચકારા કૃત્યને ચોકકસ તપાસ કરાવી મૂર્તિભંજકને પકડી પાડી તેને સખ્તમાં સખ્ત શિક્ષા કરતી જોઈએ.

આવી ગંભીર ઘટનાથી સમગ્ર વૈષ્ણવ સમાજની લાગણીને આઘાત લાગ્યો છે જેથી સરકારે તાકીદે તે દિશામાં યોગ્ય અને ઝડપી કાર્યવાહી કરવી જોઈએ. આવું દુષ્કૃત્ય કરનાર કોઈ પાગલ માનસનું કાર્ય ન જ હોય પરંતુ તેની પાછળ ચોક્કસ બદઈરાદાથી યોજનબદ્ધ કાર્યવાહી થઈ હોય એવી આ શંકા જન્મે છે. તેથી રાષ્ટ્રીય એકતા જોખમમાં મૂકાય અને કોમવાદી તત્વોને બળ મળે તે પહેલા સરકારે સવેળા જાગૃત બની ચોક્કસ સંગીન પગલાં ભરવા જોઈએ એવું નિવેદનના અંતે પ્રો. શેઠે જણાવ્યું છે.

જુનાગઢ હવેલીની મિલ્કત સંબંધી કેસમાં ના. ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં કેટલીક બાબતો પુષ્ટિમાર્ગીય સંપ્રદાયની પરંપરા અંગે કુઠારાઘાત સમાન છે તેને ના. સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી પડકારવામાં આવેલ છે. આ દાવામા ઈન્ટરવીનર્સ તરીકે વૈષ્ણવો વ્યકિતગત અને સંસ્થાગત રીતે જોડાઈ પોતાની લાગણી વ્યકત કરી રહ્યા છે પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી (મુંબઈ–પારલા)ની આગેવાની માં આ કાર્ય થઈ રહ્યું છે અને તે અંગે વૈષ્ણવોની એફીડેવીટ મોટી સંખ્યામાં થાય તેવી વૈષ્ણવો માં જાગૃતી લાવવા મુંબઈથી પ્રદેશવાર કાર્યકરોને મોકલવામાં આવ્યા છે.

સૌરાષ્ટ્રમાં આવેલ પ. ભ. ધીરેન્દ્રભાઈએ બાર દિવસ સૌરાષ્ટ્રના જુદા જુદા શહેરો ગામોમાં પ્રવાસ કરી આ અંગે માર્ગદર્શન માહિતી આપેલ. દરેક ગામો શહેરોમાંથી સર્વે વૈષ્ણવો તેમજ પૂ. આચાર્યશ્રીઓનો ખૂબજ સહયોગ મળેલ. રાજકોટ– ગોંડલ, જેતપુર. ધોરાજી, ઉપલેટા, બાંટવા, માણાવદર, જુનાગઢ, પોરબંદર, અને બીજા ગામોમાં સારૂં પ્રચાર કાર્ય થયેલ મોટી સંખ્યામાં વૈષ્ણવોએ એફીડેવીટ (સોગંદનામા) ભરેલ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
* પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
* શ્રી મગનભાઇ લા. તન્ના
બી. એ. (ઓનર્સ), કોવિંદ
* શ્રી રવજીભાઇ પ. પટેલ

◆

વર્ષ ૫ : અંક ૪ થો
જુલાઈ, ૧૯૮૬

વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

॥ શ્રી હરિ ॥

એક પડકાર

કેટલાએક સમય થયાં જુનાગઢ હવેલીની મિલ્કત અંગે ત્યાંના કહેવાતાં વૈષ્ણવો -કે કાર્યકરો દ્વારા કોર્ટ-કેસ ચાલી રહેલ છે. એ કેસના સંદર્ભમાં ના. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગયે વર્ષે એક ફેંસલો આપવામાં આવ્યો, જેમાં મૂળ મુદ્દો જુનાગઢ હવેલીની મિલ્કતની માલિકી નક્કી કરવાનો હતો તેના સંદર્ભમાં. તે કહેવાતા વૈષ્ણવ દાવાદારની તરફથી થયેલી અસૈદ્ધાંતિક રજુઆત ધ્યાનમાં લઇ ના. કોર્ટે એવું ઠરાવેલ કે વૈષ્ણવ આચાર્યોને જે કંઈ ભેટ ધરવામાં આવે છે તે તેઓ શ્રીઠાકોરજીની સેવા કરે છે માટે. અને શ્રી ઠાકોરજીના ઉપયોગ માટે જ કરવામાં આવે છે. આવી મતલબનો નિર્ણય તે ચુકાદામાં દર્શાવાયો છે. આ વાતને આપણા સંપ્રદાયમાં ગંભીરતાથી પહેલાં તો જોવામાં ન આવેલ, પરંતુ પૂ. પા શ્રી પ્રથમેશજી મહારાજશ્રી પૂ પા. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રી (મુંબઇ-પારલા) વગેરે પૂ. આચાર્યશ્રીઓએ પ્રથમથીજ આ ફેંસલાને સુપ્રીમ કોર્ટમાં પડકારવા આજ્ઞા કરેલ. કારણ કે જો ફેંસલાની રીતે વિચારવામાં આવે તો વૈષ્ણવો અને શ્રી ઠાકોરજી વચ્ચે આચાર્યોનું સ્થાન માત્ર વૈષ્ણવની આપેલ રકમ શ્રી ઠાકોરજીને પહોંચાડનાર જેવું ગણાયું છે, જ્યારે આપણા માર્ગની રીત-પરંપરા અનુસાર વૈષ્ણવ જે ભેટ આદી કરે છે તે પોતાના જીવનનો ઉદ્ધાર કરનાર શ્રી ગુરુદેવને પોતાનો ભકિતભાવ એઓશ્રી પ્રત્યે વ્યકત કરવાના પ્રતિકરૂપે ફુલ પાંખડી ગુરુભેટ રૂપે આપે છે, અને શ્રી ગુરુદેવ પોતાના સર્વસ્વ સેવ્યનિધીની સેવામાં અગર અન્યત્ર દ્રવ્યની યોગ્યતાઅનુસાર, સ્વઇચ્છાનુસાર ઉપયોગ કરે છે. જો આ સિદ્ધાંતથી અલગ કોઇ વાત નિશ્ચિત થાય તો સંપ્રદાયના મુલ સિદ્ધાંતનો જ લોપ થાય તેવો ભય છે. બધાં સમજુ વૈષ્ણવો આ જ સિદ્ધાંત સ્થિર સમજે છે કે પોતે પોતાના

(અનુસંધાન જુઓ પાના ૧૦ ઉપર)

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

(લેખાંક ૪૧મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

તપામ્યહમહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।
અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદસચ્ચાહમર્જુન ॥૧૯॥

હું તપાવું છું અને હું વર્ષાને વશમાં રાખું છું અને ફરીને વરસાવું છું હે અર્જુન, જીવન અને મૃત્યુ તથા સ્થુલ અને સૂક્ષ્મ હું જ છું. ॥૧૯॥

હું તપાવું છું, એટલે કે રસના આસ્વાદને માટે સર્વને તાપ કરુ છું. જયારે તાપ કરું છું ત્યારે રસાત્મક વર્ષાને આકર્ષું છું. પોતાનામાં સ્થાપિત કરું છું, 'ચ' એટલે પુનઃ, ફરીથી તાપ આપવાના સમયે ફરીને વર્ષા કરું છું. અમૃત એટલે જીવન, અક્ષય મૃત્યુ એટલે મૃત્યુરૂપ. સત એટલે સ્થુલ, ચોતરફ દેખાતું, અસત્ એટલે સૂક્ષ્મ, નહિ દેખાતું. હે અર્જુન, એ બધું પહેલાં કહેવાયું છે તેમ હું જ છું, એમ અર્થ છે. એમ અનેક રીતે મને તેઓ ઉપાસે છે એ પ્રમાણે પહેલાની સાથે સબંધ છે. ॥૧૯॥

ત્રૈવિદ્યા માં સોમયાઃ પૂતપાપા
યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।
તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોક–
મશ્નન્તિ દિવ્યાન્દિવિ દેવભોગાન્ ॥૨૦॥

ત્રણે વેદોને જાણનારા, સોમપાન કરનારા, પાપથી મુક્ત થયેલા, તેઓ મને યજ્ઞ વડે પૂજીને સ્વર્ગની ગતિ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. તેઓ પવિત્ર સ્વર્ગલોકને પ્રાપ્ત કરીને સ્વર્ગમાં દેવોને યોગ્ય દિવ્ય ભોગોને ભોગવે છે. ॥૨૦॥

એ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ કે જે અનેક પ્રકારનું છે તેને કહ્યું. તેને જાણ્યા વિના તેઓ યજ્ઞ વગેરેને નિષ્ફળ કરે છે. તેઓ કામનાવાળા હોય છે, જન્મવું અને મરવું એવા સંસારમાં તેઓ જીવે છે, એમ 'ત્રૈવિદ્યાઃ' વગેરે શબ્દોથી બે શ્લોકથી કહે છે. 'ત્રૈવિદ્યાઃ' એટલે ત્રણ વેદોમાં વર્ણવાયેલાં કર્મને કરનારાઓ, 'સોમપાઃ' એટલે યજ્ઞમાં અવશેષ રહેલા અમૃતનું પાન કરનારા, 'પૂતપાપાઃ' એટલે કર્મ કરવામાં પાપનો સંભવ હોવાથી તેવાં પાપ જેઓનાં નષ્ટ થયાં છે તેઓ અથવા યજ્ઞો દ્વારા જ નષ્ટ થયેલાં છે પાપ જેઓનાં તેઓ, મને યજ્ઞો દ્વારા પૂજીને મારી આજ્ઞા રૂપે, યજ્ઞો ભક્તિબંધને દૂર કરનારા છે, તેવું જાણ્યા વિના, અને ભક્તિનું સ્વરૂપ જાણ્યા વિના સ્વર્ગની ગતિને એટલે કે ઇંદ્રાદિક લોકને મેળવવાની તેઓ આકાંક્ષા રાખે છે. ॥૨૦॥

તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં
ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ ।
એવં ત્રયીધર્મમનુપ્રપન્ના
ગતાગતં કામકામા લભન્તે ॥૨૧॥

તેઓ તે વિશાળ સ્વર્ગલોકને ભોગવીને જયારે પુણ્યનો ક્ષય થાય છે ત્યારે મૃત્યુલોકને પ્રાપ્ત કરે છે. એ પ્રમાણે વેદોમાં વર્ણવેલ ધર્મને અનુસરનારાઓ, ભોગ ભોગવવાની ઇચ્છાવાળાઓ આવાગમનને પામે છે. ॥૨૧॥

તે પુણ્યશાળી સુરેન્દ્રલોકને પામીને વિશાળ સ્વર્ગલોકમાં ભોગવવા યોગ્ય સઘળા ભોગોને ભોગવીને, ભોગવવાથી પુણ્ય ખપી જતાં મૃત્યુલોકને પ્રાપ્ત કરે છે, એમ અર્થ છે. એ રીતે ઇષ્ટનો સંપૂર્ણ રીતે ત્યાગ કરીને, વેદોકત ધર્મને અનુસરનારાઓ ભોગો ભોગવવાની કામનાવાળા થઇને, જન્મમરણની પરંપરાને પામે છે, એમ અર્થ છે. ।।૨૧।।

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુકતાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ।૨૨।

અનન્ય ભાવવાળા, મારું ચિંતન કરનારા જે લોકો મને ઉપાસે છે તેઓમાંના નિત્ય જોડાઇને રહેલાઓનો યોગક્ષેમ હું ચલાવું છું।।૨૨।।

હવે, પહેલાં કહેવાયું છે તેમ, મને સર્વસ્વરૂપ, અદ્વિતીય સામર્થ્યયુકત જાણીને, સર્વનો પરિત્યાગ કરીને જેઓ મને ભજે છે તેઓનું બધું જ હું કરું છું. તેઓ ઉત્તમ છે, એવું તેઓનું સ્વરૂપ ‘અનન્યાઃ’ વગેરે શબ્દોથી દર્શાવે છે. લૌકિક અને અલૌકિક બધાંમાં તેના જેવા બીજા કોઈ નથી તેવા, પ્રબળ અભિલાષાવાળા, અથવા મારા સિવાય બીજા કોઈ ફળની જેઓને અભિલાષા નથી તેવા, માત્ર મારું જ ચિંતન કરનારા, એટલે કે પૂર્ણતાથી મનનો નિરોધ કરીને મારું જ સ્મરણ કરનારા દુર્લભ જનો, સેવા માટે જ જન્મેલાઓ અને સેવા વિષયક જ્ઞાનવાળા તેઓ મને પૂર્ણ રીતે ઉપાસે છે, એટલે કે તેઓ સર્વાત્મભાવે મારી સેવા કરનારા છે, એમ અર્થ છે. નિત્ય જોડાઇને રહેલા તેઓના યોગને, એટલે કે મારા નિત્ય સ્વરૂપની સેવામાં પરાયણ રહેલાઓના યોગને હું વહન કરું છું, એટલે કે સેવા અર્થે ધન વગેરેની સંપત્તિના લાભને અથવા સેવામાં મારી સાથે જોડાવાના યોગને હું વહન કરું છું. અને ક્ષેમને એટલે કે તેનું પાલન કરવાના ભાવને અથવા ભકિત માટે આતુર થવાના મારા પ્રત્યેના ભાવને પુરુષોત્તમ એવો હું પોષું છું, એમ અર્થ છે. વહન કરું છું, એવા કથનથી, તેની અશકિતમાં મારી શકિતનો આવિર્ભાવ કરીને તેમ કરું છું, એમ સૂચવ્યું છે.।।૨૨।।

યેડપ્યન્યદેવતાભકતા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।
તેડપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્ ।।૨૩।।

હે કુંતીપુત્ર અર્જુન, તેમ છતાં શ્રદ્ધાથી યુકત જે ભકતો બીજા દેવોને પૂજે છે, તેઓ પણ અવિધિપૂર્વક મને જ પૂજે છે. ।।૨૩।।

અરે, અન્ય દેવનું ભજન કરનારાઓ પણ આપનો અંશ હોવાથી આપનું જ ભજન કરે છે, એમ છે તેથી તેઓના ઉપર આપની કૃપા કેમ નહિ ? અન્ય દેવનું ભજન ભોગમાં જ કેમ પરિણમે છે ? એવો પ્રશ્ન થાય તો ‘યેડપિ’ વગેરે શબ્દોથી કહે છે. જેઓ શ્રદ્ધાવાળા છે તેઓ પણ તેઓમાં આસકિતવાળા છે. અન્ય દેવોને યજ્ઞ વગેરે સાધનોથી તેના અધિષ્ઠાતારૂપે મારા અંશના અજ્ઞાનથી ભજે છે. તેઓમાં મારો અંશ હોવાથી મારું જ ભજન કરે છે, પરંતુ મારા સ્વરૂપનું અજ્ઞાન હોવાથી તેઓ અવિધિપૂર્વક ભજે છે, તેથી તેઓને તેવા ભજનને યોગ્ય, ક્ષય પામે એવું (અનિત્ય) જ ફળ મળે છે, અને હું પણ તેના ઉપર કૃપા કરતો નથી એમ અર્થ છે, આથી જ સ્મૃતિઓમાં અવિધિપૂર્વક કરવાનો નિષેધ દર્શાવ્યો છે: ‘અજ્ઞાની અને અતિ મૂર્ખ જનનું વિધિ રહિત, મલિન ભાવનાવાળું,

અશ્રદ્ધાથી કરેલું જે હોય તેને અસુરો હરણ કરી જાય છે,' એમ સ્મૃતિમાં કહ્યું છે. ॥૨૩॥

અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ ।
ન તુ મામાભિજાનન્તિ તત્ત્વેનાશ્ચયવન્તિ તે ॥૨૪॥

સર્વ યજ્ઞોનો ભોક્તા અને સ્વામી પણ હું જ છું, પરંતુ તેઓ મને સાચા સ્વરૂપે જાણતા નથી; આથી જ તેઓ પતનને પામે છે. ॥૨૪॥

વિધિ રહિત કોને કહેવાય તે 'અહમ્' વગેરે શબ્દોથી કહે છે. 'હિ' એટલે નિશ્ચયપૂર્વક સર્વે યજ્ઞોનો ભોક્તા હું છું; એટલે કે મારો અંશ હોવાથી તેના અધિષ્ઠાતા દેવરૂપે રહેલો હું ભોક્તા છું. મૂળમાં 'ચ' અક્ષર છે તેનાથી તે રૂપે હું છું, એમ અર્થ છે. તેનો સ્વામી હું છું અને ફળ આપનાર પણ હું છું, એમ અર્થ છે. 'એવ' શબ્દ છે તેનાથી અને બીજો 'ચ' અક્ષર છે તેનાથી સર્વનો સ્વામી અને ભોક્તા હોવાથી મારા એક અંશને પ્રસન્ન કરનાર તે થાય છે, પરંતુ પૂર્ણ સ્વામિત્વને તૃપ્તિ આપનાર થતું નથી, એમ દર્શાવ્યું છે. વળી, એવા પ્રકારના મને તેઓ મૂળ સ્વરૂપે, સર્વ પ્રકારે જાણતા જ નથી, એટલે કે હું જે છું, જેવો છું, જેવડો છું તે તેઓ જાણતા નથી. તેથી તેઓ પતનને પામે છે, એટલે કે પુનઃ પાછા આવે છે. અથવા મારાથી તે દૂર થતો જાય છે. અહીં આ ભાવ છે; ભગવાનના અંશરૂપ દેવના ભજનથી અથવા યજ્ઞ વગેરેથી જે ફળ મળે છે, તે ફળ મહાપ્રભુજીના ભજનથી મળે છે. 'મૂળમાં પાણી સિંચવાથી શાખાને પણ તે મળે છે,' એ ન્યાયે પ્રભુના ભજનથી દેવો પણ પ્રસન્ન થાય છે, દેવના ભજનથી તેઓ જ પ્રસન્ન થાય છે અને તેનો અંશ પ્રકટતાને પામે છે. આથીજ યુધિષ્ઠિરે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે, હે ગોવિંદ, યજ્ઞોમાં શ્રેષ્ઠ એવા રાજસૂય યજ્ઞથી આપનું અને આપની પાવનકારી વિભૂતિઓનું હું યજન કરીશ, તેવો યજ્ઞ આપ સંપન્ન કરો, તેનાથી ભગવાનની ઇચ્છાથી ભગવાનનું ભજન કરનારે ભગવાનની ઇચ્છા જાણીને તેના અંશનું પ્રાગટય થાય તે રીતે જ કાર્ય કરવું, નહિ તો કરવું નહિ તેના અજ્ઞાનથી યથાર્થ જ્ઞાનનો અભાવ રહે છે. ॥૨૪॥

યાન્તિ દેવવ્રતા દેવાન્પિતૄન્યાન્તિ પિતૃવ્રતાઃ ।
ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોઽપિ
મામ્ ॥૨૫॥

દેવોની ભક્તિ કરનારા દેવોને પામે છે. પિતૃકર્મ કરનારા પિતૃઓને પામે છે, ભૂતોને પૂજનારા ભૂતોને પામે છે. પરંતુ મારું યજન કરનારા મને પામે છે. ॥૨૫॥

અરે, આપનો અંશ હોવાના અજ્ઞાનમાં યજન કરનાર પતનને પામે છે, પરંતુ જેઓને આપના અંશની જાણકારી છે તેઓને તે દેવનું યજન કરવાથી શું ફળ મળે ? એવો પ્રશ્ન થાય તો 'યાન્તિ' વગેરે શબ્દોથી કહે છે. દેવોની ભક્તિ કરનારાઓ એટલે કે ઇંદ્ર વગેરે મારો અંશ છે, એવા જ્ઞાનથી તે રૂપ પ્રત્યે ભક્તિવાળાઓ તે દેવોને જ પામે છે. પિતૃનું વ્રત કરનારાઓ એટલે કે શ્રાદ્ધ વગેરે વિધિઓથી પિતૃનું યજન કરનારાઓ પિતૃઓને પામે છે. ભૂતોને પૂજનારાઓ એટલે કે વિનાયક (શ્રીગણેશ), દુર્ગા વગેરેને પૂજનારાઓ તે તે ભૂતને પામે છે. અહીં આ અર્થ છે; તે તે દેવોને પામીને, તેના સંગથી, પરંપરાથી

તેઓ મને પામે છે. મારું યજન કરનારાઓ કર્મ વગેરેથી તેના આધિદૈવિક રૂપ એવા મને પણ મેળવે છે. તેઓ પરંપરાથી મને પામે છે. આ સાક્ષાત્ મને પામે છે, એટલી વિશિષ્ટતા છે. 'અપિ' શબ્દથી કર્તાના અંગપણાથી ભજન કરવામાં તો મુક્તિ સ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ થવા રૂપ વિશિષ્ટતા વ્યક્ત કરી છે. ॥૨૫॥

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ ।
તદહં ભક્ત્યુપહૃતમશ્નામિ પ્રયતાત્મનઃ ॥૨૬॥

જે કોઇ ભક્તિપૂર્વક પત્ર, પુષ્પ, ફળ, જલ મને અર્પણ કરે છે, વશ કરાયેલા મનવાળાનું ભક્તિપૂર્વક અર્પણ કરેલું તે હું આરોગું છું. ॥૨૬॥

ભક્તો માટે 'પત્રમ્' વગેરે શબ્દોથી વિશેષ કહે છે. પત્ર એટલે પાન, તુલસી વગેરે જે પ્રિયરૂપ છે તે, પુષ્પ એટલે ફૂલ, જે અલંકારાત્મક છે તે, ફળ એટલે સામગ્રી રૂપે જે છે તે, તોય એટલે જલ, ભિન્ન સામગ્રી રૂપે જે છે તે, જે જનો મને ભક્તિ પૂર્વક એટલે કે સ્નેહથી, નહિ કે શાસ્ત્રમાં કહ્યું હોવાથી, વિશિષ્ટતાથી, એટલે કે ભાવાત્મકતાથી અર્પણ કરે છે, તે પહેલાં કહેવાયેલ બધું ભક્તિથી અર્પણ કરેલું, એટલે કે સ્નેહથી સમર્પિત કરેલું, પ્રયતાત્માનું એટલે કે મારે એકને જ પરાયણ, વશ કરેલા મનવાળાનું સમર્પિત કરાયેલ હોય તેને પુરુષોત્તમ એવો હું આરોગું છું, એમ અર્થ છે. અનાયાસે પ્રાપ્તિના અર્થમાં પત્ર વગેરે કહેલું છે. 'અશ્નામિ' (હું આરોગું છું) એમ કહેવામાં તેના અંગીકારથી પોતાના ભોગને યોગ્ય એવી બધી સામગ્રીનું સંપાદન કહેવાયું છે. આથી જ સુદામાં માટે પોતાની સંપત્તિ આપવામાં મૂઠી પૌંઆ સ્વીકાર્યા હતા. ॥૨૬॥

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥૨૭॥

હે કુંતીપુત્ર અર્જુન, તું જે કરે છે, તું જે ખાય છે, તું જે હોમે છે, તું જે આપે છે, તું જે તપ કરે છે, તે તું મને અર્પણ કર. ॥૨૭॥

ભક્તિપૂર્વક અર્પણ કરેલું હું અંગીકાર કરું છું, તેથી પહેલાં કહેવાયેલાં અને અત્યારે કરાતાં કર્મના ફળને ભોગવવારૂપ પ્રતિબંધને નિવારવા માટે, તે બધું તું મને અર્પણ કર, એમ 'યત્કરોષિ' વગેરે શબ્દોથી કહે છે. તું લૌકિક કે વૈદિક જે કરે તે, તું જે ભોગવે છે તે, તું જે હોમ કરે છે તે, તું જે દાન કરે છે તે તું બધું મને અર્પણ કર. દેહના ધર્મોને, વિવાહ, પુત્રોત્પત્તિ માટે કામભોગ વગેરેને અને ઉંઘ, ઉજાગરો, મળ–મૂત્રનો ત્યાગ વગેરેને ભગવાનની સેવા વગેરે માટે પ્રતિબંધના અભાવના વિચારથી કરવાં, પણ પોતાના સુખના વિચારથી કરવાં નહિ તે જ પ્રમાણે ભોજન વગેરે માટે પણ સમજવું તેમાં પ્રસાદથી થતી પુષ્ટિ સેવા અર્થે બળની પ્રાપ્તિ માટે છે. અને હોમ તેના વિયોગથી થતા દુઃખને દૂર કરવામાં થતા પ્રતિબંધની નિવૃત્તિ માટે છે. દાન તદીયપણાથી શુદ્ધ દ્રવ્યથી ભગવાનને વિનિયોગ કરવામાં થતા પ્રતિબંધની નિવૃતિ માટે છે, તપ ભગવાનનું કારુણ્ય પ્રગટે તે માટે છે, એમ છે તેથી એ બધું ભગવાનને સમર્પણ કરાય છે. ॥૨૭॥

શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુ-વિરચિતમ્

સિદ્ધાંતરહસ્યમ્

(ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીકૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક અગિયારમો)

એ પ્રમાણે પોતાની અશક્તિથી એટલે કે બધા પાક (સખડી પાક) કરવાની અશક્તમાં પોતાને માટે જાતિ અને કુળની મર્યાદા પ્રમાણે નિર્વાહ કરવા માત્ર તેટલા પૂરતો પાક (સખડી પાક) કરીને ભગવાનને સમર્પણ કરવામાં દોષ નથી; કારણ કે લોકાચારમાં તેવી રીતે પણ સિદ્ધિ છે. તેનું અધિક સર્વોત્તમ વિવરણ જે (ભાગવતજીના એકાદશ સ્કંધના) ૧૯મા અધ્યાયમાં ભક્તિ પરમ હેતુરૂપ હોવાથી આત્મ નિવેદન કરનારાઓના જે ધર્મો કહેલા છે તે 'શ્રદ્ધામૃતકથાયાં મે' (મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા) વગેરે શબ્દોથી પ્રારંભ કરીને સાડા ચાર શ્લોકથી કહેલ છે. (આ ભાગ. ૧૧–૧૯–૨૦ થી ૨૪નું સંપૂર્ણ ભાષાંતર આગળ છઠ્ઠા શ્લોક નિચેની ટીકામાં અપાઈ ગયું છે, તેથી અહીં તેનું પુનરાવર્તન કરેલ નથી, ત્યાં જોઈ લેવું.) તેમાં સર્વ કામનાના ત્યાગના વિરોધીઓ, તે ભગવદર્થે છે, એમ હોવાના વિરોધીઓ, અને વિષયસુખ ભોગવવાના પૂર્ણ ત્યાગના કથનથી વિરુદ્ધ હોય તેઓ આ મુખ્ય સાધન સુધી પહોંચવાની અવસ્થાને પામતા નથી. તેથી કરનારથી 'તેવી કામનાઓને આત્યંતિક રીતે ચાહનારો' એ ન્યાયે ગ્લાનિ જ છવાઈ રહે એમ કરાતું હોય છે. 'કરવું સંભવિત ન હોય ત્યારે કે કરવું સરળ હોય ત્યારે શરણ તો પૂર્ણપણે શ્રીહરિ જ છે, (વિવેકધૈર્યાશ્રય–૧૧), એમ ચિંતન કરવું યોગ્ય છે, અને અંકુશ, વજ્રના ચિહ્નવાળા શ્રી હરિના ચરણનું ધ્યાન ધરવું જોઇએ. તેનાથી જે આ મનનો દોષ છે તે તરતજ નષ્ટ થાય છે, એમ પ્રસંગથી કહેવાયું છે. અહીં સમાન બે કર્તાઓની બે સમાન ક્રિયાઓમાં પૂર્વકાળમાં અનુશાસનથી સમર્પણ કરીને, એમ નહિ, એવા પ્રયોગથી કાર્ય પહેલાં સમર્પણનો સમય પ્રાપ્ત થાય છે, એમ છે તો અથવા પછીથી એમ કહેવાય છે? એવી શંકા કરીને કહે છે કે, અહીં સેવકના લોકવ્યવહારની જેમ ભગવાનના સેવકનો વ્યવહાર સિદ્ધ કરવા માટે, તેમ કરવાની યોગ્યતાથી સમર્પણ કરીને, એવા તેના કાર્યની માત્ર વિશિષ્ટતામાં હેતુપૂર્વકના પુનઃ કથનથી કાલની જાણકારીમાં તેના તાત્પર્યનો અભાવ રહેલો છે. અન્યથા, સર્વ પ્રથમ સમર્પણના વાક્યથી જ કોઈ પણ કાર્ય કર્યા પહેલાં સમર્પણની સ્વીકૃતિમાં તેની પુનરુક્તિથી નિષ્ફળતાનો પ્રસંગ આવે, એમ છે.

આથી કોઇ દોષ નથી. એ પ્રમાણે સર્વે દોષોની નિવૃત્તિનું સ્વરૂપ અને તેથી સાથે

સંબંધ ન રહેવાનો ઉપાય, પાછળથી સમર્પણ કરવાની ક્રિયાનો દોષ ન આવે તેવી રીત વિરોધી વાક્યની નિશ્ચિતતાની આજ્ઞાનું પાલન કરવાનો પ્રકાર, આચારના નિયમોના પાલનમાં પણ દોષ થવાનો અસંભવ વગેરેનો ઉપદેશ કરીને 'સર્વેષાં બ્રહ્મતા તતઃ' વગેરે શબ્દોથી તેનું ફળ કહે છે.

'તત્' શબ્દથી પહેલાં કહેવાયેલ સાધન સમુચ્ચયનો વિચાર છે, અને તેથી કહેવાયેલી રીત પ્રમાણે બ્રહ્મ સંબંધથી આરંભીને સાધન કરવાથી આત્મનિવેદન કરનાર બધાંમાં બ્રહ્મપણું એટલે કે દોષ રહિત થવાપણું અને સર્વત્ર સામ્ય આવે છે. 'નિર્દોષં હિ સમં બ્રહ્મ' (બ્રહ્મ નિર્દોષ અને સમાન છે,–ગીતાજી ૫–૧૯) પ્રમાણે બ્રહ્મનું તાદૃશપણું હોવાથી તેમની આજ્ઞામાં પ્રમાદ ન રાખવાથી તે પ્રમાણે થાય છે. એવી રીતે કલિ વગેરેના દોષોનો તેમાં અભાવ હોવાથી ભગવાનની કરેલી સેવાના અંગીકારમાં સુખપૂર્વક સફળતા મળે છે, એમ અર્થ છે. ॥૭½॥

એ પ્રમાણે બધા દોષોની નિવૃત્તિનો ઉપાય ઉપદેશીને, વસ્તુતઃ દોષો વિદ્યમાન હોવાથી તેનું સેવામાં અપ્રતિબંધકપણું જાણવું શક્ય નથી. એમ છે તેથી નિંદ્ય અધિકારીઓના અવિશ્વાસમાં કે શંશયમાં ઊલટાનું સર્વનાશની આપત્તિ આવી રહે છે, એમ છે, તેના નિવારણ માટે સિંહાવલોકનથી વિચારતાં પહેલાં ઉત્તમ દૃષ્ટાંતથી તે દોષોને નિવારવાનો નિશ્ચિત જ્ઞાનવાળો ઉપાય 'ગંગાત્વમ્' વગેરે શબ્દોથી કહે છે.

ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ।
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્તદ્વદત્રાપિ ચૈવ હિ ।૮½।

(ગંગાજી સાથે ભળેલ) બધી અશુદ્ધિઓ ગંગાજીરૂપપ થઈ જાય છે અને તેના ગુણ, દોષ વગેરેની પ્રશસ્તિ ગંગાજીપણાથી નિરૂપાય છે. તેની તેમ જ અહીં પણ (બ્રહ્મસંબંધના વિષયમાં પણ) અવશ્ય છે. ॥૮½॥

અહીં આગળ દૃષ્ટાંત આપીને વર્ણવેલા વાક્યમાં 'તદ્વત' (તેની જેમ) એવા પદથી પહેલાના વાક્યમાં 'યદ્વત્' (જેવી રીતે) કે 'યથા' (જેમ) એ શબ્દો અધ્યાહાર છે. ગંગા જળનું બાહુલ્ય હોવાથી ગંગાજીમાં ભળેલી સર્વ અશુદ્ધિઓથી યુક્ત રસ્તાનાં પાણી પણ જેમ ગંગાજલમાં ગણાય છે, અને જેવી રીતે ગંગાજળમાં રહેલ તેના અન્ય ગુણ અને દોષ યુક્ત માટીની વિશેષતાનું વર્ણન વિચારવા જેવું નથી; બધાંએ ગંગા જળનું પાન કર્યું છે, સ્નાન કર્યું છે, તેનાથી મારો આ તાવ વગેરે દૂર થયાનું અનુભવે છે; પરંતુ ગંગાજીમાં મળેલાં રસ્તા ઉપર પાણીનાં પાનના કે સ્નાનના ગુણ દોષોને તેઓ અનુભવતા નથી.

અહીં મૂળમાં 'હિ' શબ્દ છે તે નિશ્ચિતતાના અર્થમાં છે. 'અત્રાપિ' અહીં પણ, બ્રહ્મસંબંધ કરવામાં પણ, કહેવાયેલી રીતે ભગવદીયતાની અને મૂળમાં 'ચ' અક્ષર છે તેનાથી ભગવાનનું અનુસંધાન વગેરેની અતિશયતા છે. તેની જેમ જ એટલે કે ગંગામાં મળેલા બધા દોષોની જેમ જ પહેલાં (શ્લોક ૨–૩માં) કહેવાયેલ પંચવિધ દોષોનુ વર્ણન લક્ષમાં લેવા જેવું નથી. અને વળી, તે જ પ્રમાણે તેઓનું સ્વરૂપથી અસ્તિત્વ હોવામાં જાણ્યે કે અજાણ્યે ગંગામાં છે તેઓની જેમ આ દોષોનો પણ સ્વરૂપથી જ નાશ છે. એમ છે તેથી ઊતરતી કક્ષાના અધિકારીઓથી પણ

એમ જાણીને પોતાના આત્માનું રક્ષણ કરવું જોઇએ. શ્રુતિમાં અને સૂત્રોમાં તત્કેતુન્યાયની સિદ્ધતા છે, તેથી સર્વદા ભગવદીયપણાના અનુસંધાનથી ભગવદીયપણાની સિદ્ધિ છે, એમ અર્થ છે. આ બધું અહીં પહેલાં કહેવાયેલ પ્રમાણે વ્યાખ્યા કરેલી છે.

પરંતુ મને તો અહીં કંઇક બીજું પણ સ્ફુરણ થાય છે. જો આટલું જ અહીં સ્વીકાર્ય થાય તો 'એ દોષોને કોઇ પણ રીતે માન્ય રાખવા જેવા નથી,' (શ્લોક ૩), એમ કહીને 'ગંગાત્વમ' વગેરે દર્શાવવું જોઇએ. ત્યાં તેમ કહ્યા વગર 'તેનાથી સર્વનું બ્રહ્મપણું છે,' એમ પછીથી ફળનું કથન કર્યું છે, તેનાથી ફળની જાણકારી પણ સ્વીકારાયેલી છે, એમ કહ્યું છે. અને વળી, અહીં પહેલાં બ્રહ્મસંબંધથી દોષની નિવૃત્તિ થાય છે, એમ કહીને પછી ભવિષ્યમાં દોષો સ્પર્શે નહિ તે માટે જે સમર્પણ કરવાનું છે તે ભગવદ્ધર્મ અનુસાર અને લૌકિક વ્યવહાર અનુસાર. એવા બે ભેદથી કહેલ છે. તેમાં પ્રથમ કહેલ છે તેમ કરવામાં તેનું ફળ બ્રહ્મરૂપ થવાનું થયું છે. પરંતુ બીજું કહેલ છે તેમ કરવામાં ગંગાજી સાથે સંબંધિત દોષોની જેમ એ દોષોની માત્ર નિવૃત્તિ સિદ્ધ થાય છે. તેનાથી સેવાફલગ્રંથમાં (ષોડશગ્રંથમાંના છેલ્લા ગ્રંથમાં) કહેલ મધ્યમ અને ઊતરતી કક્ષાના ફળને યોગ્ય, સેવામાં નિર્દોષતા ક્રમે કરીને સિદ્ધ થાય છે, એમ છે. તેનાથી અન્ય માર્ગે જે દોષની નિવૃત્તિ એ સેવાના અધિકારને પ્રાપ્ત કરાવનારું આનુષંગિક ફળ છે, એમ છે. એ પ્રમાણે એનાથી આની સિદ્ધાંત રહસ્યતા કહી છે, એમ પણ છે. ॥૮॥

એ પ્રમાણે જે કહેવાયું છે તે મારી પોતાની બુદ્ધિથી નહિ, પરંતુ પ્રભુની પ્રેરણાથી પ્રકાશિત થયું છે. તેથી પોતાના દાસ ઉપર કૃપા વરસાવી રહેલા આપજ (શ્રીમહાપ્રભુજી) મારા અંતઃકરણને વિશુદ્ધ કરો. ॥૧॥

અહીં જીવબુદ્ધિથી ક્યાંક સત્ કે અસત્ પણ જે કહેવાયું હોય તેવા મારા દોષને કૃપાવાળા હે આચાર્યચરણશ્રી, ક્ષમા કરો. ॥૨॥

એ પ્રમાણે એકમાત્ર શ્રી વલ્લભાચાર્યજીના ચરણમાં તલ્લીન, શ્રી પીતાંબરજીના આત્મજ પુરુષોત્તમજીએ રચેલું સિદ્ધાંત રહસ્યનું વિવરણ પૂરું થયું.

* * *

પૃષ્ઠ પ્રકાશન દાન

રૂા. ૨૫૧-૦૦ પ. ભ. શ્રી અરવિંદભાઇ જવેરચંદ મહેતા (કલકતા) ના જય શ્રી કૃષ્ણ

॥ શ્રીવલ્લભ ॥

મંગલા ચરણ

(કવિત)

સંપાદક : **પ્રો. જીવનલાલ જોશી**

શ્રી દયારામભાઇના પટ્ટ શિષ્ય જોષી રણછોડભાઇના પ્રપૌત્ર, ડભોઇ જિ. વડોદરા)

बंदत श्रीगुरू पाय, चाहे फल सोही पाय,
बिना हि किये उपाय, पाप—ताप भाजे है;
जाकीं बिन करूना, श्री हरि हू प्रसन्न नाँही;
साखी देन वारे शास्त्र, अब लों बिराजे हैं;
हरि रूठे, गुरू राखे, गुरू रूठे हरि हू नां;
गुरू-कृपा-अंश आगे, कोटि यत्न लाजे हैं;
ऐसे श्रीबल्लभ-गुरू, तिनकों प्रणाम कोटी;
करे दयो दास जाके, सीस सदा गाजे हैं (१)

૧ શ્રીગુરુ-ઐસે બલ્લભ ગુરુ :-

પુષ્ટિમાર્ગના પ્રણેતા, શુદ્ધાદ્વૈત-સિદ્ધાંતના સંસ્થાપક, રસિકોના વલ્લભ શ્રી વલ્લભ, જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી (પ્રા-સં-૧૫૩૫, ૧૫૨૯, ચૈત્ર વદી-૧૧, શનિવાર-રવિવાર-પ્રાકટ્ય સ્થાન-ચંપારણ્ય મધ્ય પ્રદેશ, રાયપુર.)

૧ શ્રીદયારામભાઇને, શ્રીનાથદ્વારામાં, નિકુંજ નાયક શ્રીનાથજીના સાન્નિધ્યમાં બ્રહ્મસંબંધ (નામ અને નિવેદન બંને) આપનાર શ્રીવલ્લભજી શ્રીવલ્લભલાલજી (પ્રા-સં-૧૭૯૩, ગોકુલ કટરા, પ્રથમ ઘરની પાંચમી શાખા-૧/૫) મહારાજશ્રી નિકુંજ નાયક શ્રીનાથજીના મંદિરની અડોઅડ આવેલા, પાઘડીપને સરિયામ રસ્તે જતાં જમણા હાથે આવેલા શ્રીવનમાળીજીના મંદિરના અધિપતિ નિકુંજનાયક શ્રીનાથજીના સેવા રસિક પરિચારક શ્રી-કાકાવલ્લભજીના (પ્રા-સં-૧૭૦૩, શ્રાવણ-વ્રજ ભાદ્રપદ-વદિ ૧૩, પ્રાકટ્ય સ્થાન-ગોકુલ) પ્રપૌત્ર પ્રદીપકાર શ્રી ઈચ્છારામ ભટજીના શ્રીમદ્ ગુરુદેવ શ્રીગોપાલજીના (પ્રા-સં-૧૭૩૩, મહાવદી બીજ) પૌત્ર, શ્રીયદુનાથજીના (પ્રા-સં-૧૭૫૬) પંચમ પુત્ર (પ્રા-સં-૧૭૯૩)

૨ ચાર પ્રકારનાં પાપ-કાયિક દેહથી થતાં વાચિક-વાણીથી થતાં, માનસિક-મનથી થતાં, સાંસર્ગિક-સંસર્ગથી થતાં (મનસા વાચા કર્મણાદિ)

૩ ત્રણ પ્રકારના તાપ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક.

(૨)

શ્રીમદ્ ગુરુદેવના ચરણકમલને સ્પર્શ સહિત સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાથી–જે મન ઇચ્છે તે ફલ પ્રાપ્ત થાય મળે મનના મનોરથ પૂર્ણ થાય. કોઇપણ પ્રકારના ઉપાય સાધન કર્યા વિના ચાર પ્રકારનાં પાપ અને ત્રણ પ્રકારના તાપ આપોઆપ ભાગી નાસી જાય જેમની કરુણા વિના શ્રીહરિ પણ પ્રસન્ન થતા જ નથી એની સાચી સાક્ષી અત્યાર સુધી બિરાજતા શાસ્ત્રો પૂરી રહ્યા છે હરિ રિસાય–ક્રોધે ભરાય તો ગુરુ પક્ષપાત કરે, રક્ષણ કરે પણ ગુરુ રિસાય, ક્રોધે ભરાય તો હરિ તેનો પક્ષ ન લઇ શકે, તેને રાખી ન શકે ગુરુ કૃપાના અંશ આગળ કરોડો યત્ન સાધન લાજી મરે છે એ એના આગળ કશી વિસાતમાં ગણત્રીમાં નહિ એવા શ્રીવલ્લભ ગુરુ તેમને, દાસાનુદાસ દયારામ–જેમના મસ્તકે અખંડ બિરાજે તેમને, અનંત કોટી સદૈન્ય પ્રણામ કરે છે. (૧)

(૩)

(૧) પુષ્ટિમાર્ગમાં કૃપા એજ સાધન કૃપા એજ ફલ; સાધન પણ કૃપા ફલ પણ કૃપા.

(૨) જે માર્ગમાં સાધન અને ફલ એક જ છે તે પુષ્ટિ માર્ગ; સાધન પણ સેવા–ફલ પણ સેવા.

(૩) અનુગ્રહ જ પુષ્ટિમાર્ગમાં નિયામક છે.

(૪) પ્રભુ અહંકારથી દુર, દીનતાથી હજુર.

(૫) શ્રીકૃષ્ણ, શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી તેમજ તેમનાં બધાંનાં પરિવાર, પરિકર અને ઉપસ્કરાદિ બરાબર કોઇ જ નથી પુષ્ટિ માર્ગમાં

(પાના નં. ૧ ઉપરનું ચાલુ)

શ્રી ગુરુદેવ–શ્રીવલ્લભ વંશજ આચાર્યશ્રીને જે કંઇ ભેટ આપે છે તે શ્રી ગુરુભેટ રૂપે આપે છે, –નહીં કે શ્રી ઠાકોરજીની ભેટ રૂપે. વૈષ્ણવોએ જાગૃત થઈ આ સિદ્ધાંત સ્થિર કરાવવા ઉપરોકત કેસમાં ના. સુપ્રીમકોર્ટ સમક્ષ જે અપીલ દાખલ થઈ છે, અને તેમાં પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી મહારાજશ્રીના નિર્દેશનથી મુંબઈની કેટલીક વૈષ્ણવ સંસ્થા ઇન્ટરવીનર્સ તરીકે જોડાઇ છે તે કેસને સંગીન બનાવવા હજારોની સંખ્યામાં પોતપોતાના ગામમાંથી એફીડેવીટ (સોગંદનામા) રજુ કરે જે બધાં સુપ્રીમ કોર્ટ સમક્ષ રજુ થાય અને વૈષ્ણવ આચાર્યોનું ગૌરવ અક્ષુણ્ય રહે તે માટે સંગઠીત અવાજ રજુ કરે.

—સંપાદક

૨૫૨

એક સત્સંગી તરુવર

લેખક : શ્રી વલ્લભપદરેણુ

(૧) શ્રી વિઠ્ઠલેશકૃપાથી બ્રહ્મસંબંધ

પ્રભુચરણ શ્રી વિઠ્ઠલેશજીએ પુષ્ટિમાર્ગના ઉત્કર્ષ અને પ્રચારાર્થે અને જીવોના ઉદ્ધારાર્થે છ છ વાર ગુજરાતની યાત્રા કરી હતી અને અનેક સ્થળોએ પધરામણી કરી હતી.

એક વખત શ્રી ગુસાંઇજી પોતાના સેવકગણ સાથે દ્વારકા પધારી રહ્યા હતા. બપોરનો સમય હતો. ધોમ ધખતો તાપ પડી રહયો હતો. રસ્તામાં એક નાનું સરખુ ગામ આવ્યું આ ગામના પાદરે તળાવના કિનારે એક તોતિંગ તરુવર નીચે વિશ્રામ કરવા આપ બિરાજ્યા.

શ્રી વિઠ્ઠલેશજીની પધરામણીથી અત્યંત ખુશી ઉપજી હોય તેમ તે તરુવરે પોતાના પાંદડાના કર્ણમધુર મર્મર ધ્વનિથી આનંદ વ્યકત કર્યો અને ડાળીઓ પ્રસારી જાણે પવન નાખવા લાગ્યો !

આ સમયે દૈવાનુ યોગે આ ગામના નરુ બ્રાહ્મણ ત્યાં આવી ચડયા. શ્રી વિઠ્ઠલેશજીના દર્શન થતાં વાર તેમનું હૃદય ભકિતભાવથી ઊભરાવા લાગ્યું. તેઓશ્રીમાં તેમને સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપના દર્શન થયા. કોટિ કંદર્પ લાવણ્યરૂપ શ્રીકૃષ્ણ પમાત્માના દર્શન કરી તે કૃતકૃત્યતા અનુભવવા લાગ્યા.

નરુ બ્રહ્મણે ભાવપૂર્વક દંડવત્ કરી અત્યંત વિનમ્ર ભાવે કહ્યું: 'પ્રભુ ! કૃપા કરી મને આપના શરણમાં લો અને આપનો સેવક બનાવો.'

આ બ્રાહ્મણ લીલાના દૈવી જીવ હોવાથી પરમદયાળ શ્રીગુસાંઇજીએ તેમના પર અનુગ્રહ કરી તેમને નામ નિવેદન મંત્ર આપ્યો અને બ્રહ્મસંબંધ કરાવી તેમને વૈષ્ણવ બનાવ્યા.

આ સમયે વૃક્ષ પણ જાણે આનંદવિભોર બન્યું હોય તેમ પવનમાં ઝુમવા લાગ્યું.

શ્રી વિઠ્ઠલેશજીએ નરુને ધાર્મિક બોધ આપ્યો અને આત્મકલ્યાણાર્થે શ્રીનાથજી બાવાની સેવા અને સત્સંગ કરતા રહેવા આજ્ઞા આપી.

વધુ રોકાઇ શકાય તેમ નહીં હોવાથી શ્રી વિઠ્ઠલેશજી પોતાના સેવકો સાથે દ્વારકા જવા પધાર્યા.

(૨) નરુ અને તરુનો સત્સંગ

શ્રી વિઠ્ઠલેશજીની કૃપાથી નરુ બ્રાહ્મણને ભકિતનો પાકો રંગ લાગી ગયો. તે પોતાના જીવનનો અધિકતર સમય પ્રભુ સેવા અને ભકિતમાં નિર્ગમન કરવા લાગ્યા.

ગામમાં આ બ્રાહ્મણ સિવાય અન્ય કોઈ વૈષ્ણવ હતા નહીં બીજા કોઈ ધર્મ અંગીકાર કરવા માટે અધિકારી પણ ન હતા. આથી આ વૈષ્ણવને ગામમાંથી કોઇ સત્સંગી ભાઇ મળી શકે તેમ ન હતું.

પરંતુ પરમ દયાળ શ્રી વિઠ્ઠલેશજીની કૃપાથી તેમની આ ખોટ અજબ રીતે પૂરાઇ હતી. જે વૃક્ષ નીચે શ્રીપ્રભુચરણે તેમને બ્રહ્મસંબંધ આપેલ તે વૃક્ષનો સત્સંગ તેમને સાંપડયો હતો.

આથી સત્સંગ માટે ગામના પાદરે આવેલ આ વૃક્ષ પાસે જવાનો તેમનો એક રોજનો ક્રમ બની ગયો. આ તરુવર સાથે સત્સંગ કરવાનો તેમને એટલો તો નેહ લાગ્યો કે કોઈ દિવસે કોઈ કારણવશાત્ મોડા પડી જાય અથવા તેમનાથી ન આવી શકાય તો તે બેચેન બની જતા.

આ વૃક્ષરાજને પણ જાણે સત્સંગનો અનેરો રંગ લાગ્યો હોય તેમ વૈષ્ણવનું આગમન થતાં વાર પોતાની ડાળીઓ અને પાંદડાંથી નૃત્ય કરી આનંદ પ્રકટ કરતો. ડાળીઓ ઝૂલાવી જાણે હાથ પ્રસારી તેમને આવકારતો હોય !

સત્સંગમાં કોઇ ભાવયુકત ભકિતની વાત આવે ત્યારે પોતાના પાંદડાંના મર્મરાટથી આ વૃક્ષરાજ જાણે આનંદની લાગણી પ્રકટ કરતો. સત્સંગ પૂરો થાય ત્યારે પણ ડાળી ઝૂલાવી સત્સંગથી પ્રાપ્ત થયેલ આનંદને જાણે તે વાચા આપતો !

આમ નરુ બ્રાહ્મણ નિત્ય નિયમ તરીકે હૃદયના ભાવપૂર્વક શ્રીનાથજી બાવાની સેવા ભકિત કરતા આ તરુવર સાથે સત્સંગ કરતા આ સત્સંગી તરુવર સાથે તેમને સ્નેહભર્યો સંબંધ બંધાયો હતો.

(૩) શ્રી વિઠ્ઠલેશની પધરામણીની વધામણી.

ઘણાં વર્ષો વીતી ગયા. નરુ વૈષ્ણવ હવે વૃદ્ધ થયા હતા. સેવા, ભકિત અને સત્સંગ પરાયણ રહેવાથી તેમને અલૌકિક આનંદની અનુભૂતિ થતી.

વૈષ્ણવ અને વૃક્ષનો સત્સંગ ભકિતના રંગથી રંગાયલો હતો. સત્સંગથી અરસપરસ બંને જણના અંગ અંગમાં જાણે ઉમંગ ઉછળતો. આથી એમનો સત્સંગ સદા અભંગ રહેતો–એમાં કોઇ બાધા આવતી નહીં.

એક દિવસ વૈષ્ણવને સંદેશ મળ્યો કે શ્રી ગુસાંઇજી મહારાજ આ ગામના રસ્તે થઇ ફરી દ્વારકા પધારી રહ્યા છે. આ શુભ સમાચારથી વૈષ્ણવના હૃદયમાં અપાર આનંદની અનુભૂતિ થઈ.

તે હરખભેર ગામના પાદરે આવ્યા. પોતાના સત્સંગી સ્નેહીજન સમા વૃક્ષ નીચે ઊભા રહી ઉત્કંઠિત ભાવે શ્રી વિઠ્ઠલેશજીના શુભ આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યા.

તેમણે પોતાના હૃદયના આનંદને સત્સંગી ભાઇ સમાન તરુવર પાસે પ્રકટ કર્યો. તે ફરી ફરી વૃક્ષને કહેવા લાગ્યાઃ "સત્સંગી ભાઈ, આજે આપણા બંનેના ગુરુ વર્ય શ્રી વિઠ્ઠલેશ પ્રભુ પધારવાના છે. ગયા વખતે તેઓશ્રીએ તમારી છાયામાં પધરામણી કરી તમારા પર અનુગ્રહ કર્યો હતો. તેથી આ સમયે મારે ત્યાં તેમની પધરામણી કરાવીશું"

આ વાત સાંભળી વૃક્ષરાજને જાણે આનંદ થયો હોય તેમ તે હવામાં ઝૂમવા લાગ્યો.

(૪) વૈષ્ણવના જીવનનિર્વાહની અલૌકિકતા

નરૂ વૈષ્ણવે સારી એવી પ્રતીક્ષા કરી. આખરે શ્રીપ્રભુચરણ પધાર્યા. વૃક્ષરાજે તેમને ફૂલોથી વધાવી તેમનો સત્કાર કરી પોતાનો આનંદ પ્રકટ કર્યો. વૈષ્ણવ શ્રી ગુસાંઇજીના આગમનથી આનંદવિભોર બની ગયા.

શ્રીવિઠ્ઠલેશપ્રભુ પધાર્યા ત્યારે તેમને દંડવત કરી ભાવભરી વાણીથી વૈષ્ણવે કહ્યું: “પ્રભો ! હવે તો આ ગામમાં આપના પોતાના સેવકનું ઘર છે. તેથી અહીં વિશ્રામ નહીં કરતાં મારે ત્યાં પધારી મારા ઘરને પાવન કરો અને આપના આ દાસની યથાશકિત સેવાનો અંગીકાર કરો.”

વૈષ્ણવનો હૃદયપૂર્વકનો ભાવ જોઇ શ્રી વિઠ્ઠલેશજી પોતાના સેવકો સાથે તેમને ત્યાં પધાર્યા.

વૈષ્ણવનું ઘર તો તદ્દન સાદું સીધું હતું. પરંતુ તેમણે શ્રી વિઠ્ઠલેશજી અને તેમની સાથે આવનાર વૈષ્ણવોની સેવા–સુશ્રુષા કરવામાં કોઇ કમી રાખી નહીં શ્રી વિઠ્ઠલેશજી તેમની ભાવભરી સેવાથી પ્રસન્ન થયા.

ભોજન કરી શ્રી પ્રભુચરણ વિશ્રાંતિ લઈ રહ્યા હતા. નરૂ વૈષ્ણવ તેમની ચરણસેવા કરી રહ્યા હતા.

આ સમયે શ્રી વિઠ્ઠલેશજીએ તેમને પૂછ્યું: “વૈષ્ણવ, તમે અહીં તમારો જીવન નિર્વાહ શી રીતે કરો છો ?”

શ્રી ગુસાંઇજી મહારાજે તો બ્રાહ્મણને ઉદરનિર્વાહ અંગે પૂછ્યું. પરંતુ આ વખતે વૈષ્ણવના મનમાં અલૌકિક ભાવો રમી રહ્યા હતા તેથી ઉદરનિર્વાહ જેવી ક્ષુલ્લક, લૌકિક વસ્તુનો ખ્યાલ તેમના મનમાં પ્રવેશી શકયો નહીં.

તેમણે પ્રત્યુત્તર વાળ્યો, “પ્રભુ, આ ગામમાં કોઈ સત્સંગી તો કયાંથી મળે ? પણ આપશ્રીની કૃપાથી મને પાદરના વૃક્ષનો સત્સંગ લાધ્યો છે. એટલે હું તેની સાથે સત્સંગ કરી મનને નિર્મલ કરવા અને ભકિતને દઢ બનાવવા પ્રયત્ન કરું છું, અને આ રીતે મારો જીવનનિર્વાહ ચલાવી રહ્યો છું.

‘મારી સાથે સાથે આ તરુવરે પણ આપશ્રી પાસેથી નિવેદન મંત્ર સાંભળી બ્રહ્મસંબંધ લીધો હોય તેવો ભાવ મારા મનમાં સ્ફુર્યો છે. જેની છાયામાં બિરાજી આપશ્રીએ સેવાનો અંગીકાર કર્યો એવા ભાગ્યશાળી આ વૃક્ષને આપના કૃપાપાત્ર સેવક સમજી, વૈષ્ણવજન જાણી, તેને મારા ગુરુભાઇ ગણી તેની સાથે આનંદથી સત્સંગ કરી અત્યાર સુધી મારું જીવન નિર્ગમન કરેલ છે.

‘પ્રતિદિન સાંજે હું એ વૃક્ષના સાનિધ્ય સત્સંગ કરું છું. આપના ગુણગાન ગાઉં, માર્ગીય પુસ્તકોનું વાચન કરું કે કીર્તન કરું હું બોલું, વાંચું કે ગાઉં અને આ વૃક્ષ સાંભળે. આમ કરવામાં મારામાં દઢ પુષ્ટિભાવનું પોષણ થવા લાગ્યું. મને હંમેશાં મનમાં એમ થયા કર્યું છે કે આ કોઇ સામાન્ય વૃક્ષ નથી પરંતુ વૃક્ષયોનિમાં જન્મેલો પૂર્વનો કોઇ લીલાનો જીવ છે.’

શ્રી વિઠ્ઠલેશજી વૈષ્ણવના હૃદયની ઉચ્ચ ભાવના જાણી આનંદ પામ્યા. તેમના જીવન નિર્વાહની અલૌકિકતાથી શ્રી પ્રભુચરણ અત્યત પ્રસન્ન થયા.

તેઓશ્રીએ પ્રશ્નો પૂછી બ્રાહ્મણ પાસેથી વૃક્ષ વિષે જાણવા યોગ્ય માહિતી મેળવી લીધી

થોડીવાર વિશ્રાંતિ લીધા પછી શ્રી વિઠ્ઠલેશજીએ બ્રાહ્મણને કહ્યું: ‘વૈષ્ણવ, મારે પાદ-

રના તમારા સત્સંગી તરુવરને મળવા જવું છે, માટે મારા ઘોડાને તૈયાર કરો.'

(૫) તરુવરનો ઉદ્ધાર

શ્રી વિઠ્ઠલેશ્વર અશ્વ પર સવાર થયા અને પાછળ પાછળ વૈષ્ણવ ચાલવા લાગ્યા. વૈષ્ણવે નિશાની કરી દૂરથી તેમને વૃક્ષ બતાવ્યું

અને આ તરુવર પણ ઝુકી ઝુકીને પોતાની શાખાઓ રૂપી હસ્તથી વંદન કરી જાણે શ્રી પ્રભુચરણને આવકારી રહ્યો હોય ! તેમના આગમનથી જાણે તેને અત્યાનંદ થયો હોય તેમ તે પોતાના અંગ પ્રત્યંગથી જાણે નૃત્ય કરી રહયો હોય તેમ લાગ્યું !

હવે તેઓ વૃક્ષની નિકટ આવી ગયા. શ્રી વિઠ્ઠલેશજી શાંતિથી વૃક્ષનું નિરીક્ષણ કરતા થોડા અંતરે ઊભા રહયા.

એવામાં અચાનક વાવાઝોડું શરૂ થયું. શ્રી વિઠ્ઠલેશજી કરુણાના ભાવથી વૃક્ષ સામે જોતા જ રહ્યા. થોડીવાર થઇ ત્યાં તો આ તોતિંગ તરુવર મૂળસમેત નીચે પડયો. અને શ્રી વિઠ્ઠલેશ પ્રભુના ચરણ કમલને પોતાના પર્ણોથી સ્પર્શી જાણે એ શ્રી પ્રભુચરણને સાષ્ટાંગ દંડવત કરતો હોય એવું દ્રશ્ય ત્યાં સર્જાયું !

આ અચાનક બનાવથી નરુ ગૈષ્ણવ આશ્ચર્યચકિત બની સ્તબ્ધ ઉભા રહ્યા.

થોડી વાર પછી તેમણે પ્રશ્ન કર્યો: પ્રભુ, આ તો એક અદ્ભુત ઘટના કહેવાય. કેટલાયે વર્ષોથી અડીખમ ઉભેલો આ તરુવર આજે અચાનક આ ઘડીએ કેવી રીતે મૂળસમેત ધરાશાયી થયો ? આની પાછળ કોઇ રહસ્ય હોય તો કૃપા કરી મને કહો.”

“વૈષ્ણવ,” પ્રભુચરણે કહ્યું, “આ તરુવર પોતાના પૂર્વજન્મમાં લીલાનો દૈવી જીવ હતો. તે શ્રી નંદરાયજીને ઘેર ગ્વાલ તરીકે સેવા બજાવી રહ્યો હતો. તેના અપરાધને કારણે તેનો પૃથ્વી પર માનવરૂપે અતિ વિષયાસક્ત જીવન ગાળવાથી પછી તેનો વૃક્ષયોનિમાં જન્મ થયો.

“પરંતુ આજે આ શુભ ઘડીએ તમારા સત્સંગથી અને મારા સંબંધથી તેનો વૃક્ષયોનિમાંથી ઉધ્ધાર થયો છે. સત્સંગથી એના દોષોની નિવૃતિ થતાં અને બ્રહ્મ સાથે તેનો સંબંધ થવાથી વૃક્ષદેહમાંથી છૂટી તે લીલાધામમાં ગયો.”

ગૈષ્ણવે અતિ આર્જવભરી વાણીમાં કહ્યું: “કૃપાનાથ, આ વૃક્ષરાજનો આપશ્રી થકી ઉધ્ધાર થયો એ તો ખરેખર આનંદની વાત થઈ પરંતુ એથી મેં તો મારો એકમાત્ર સત્સંગી ભાઈ હતો તેને ખોયો હોય તે પ્રકારનું વિરહદુઃખ મને લાગે છે. તે મારો મોક્ષ કયારે થશે તે કૃપા કરી મને જણાવો..”

શ્રી વિઠ્ઠલેશે કહ્યું : “ગૈષ્ણવ, એ બાબતમાં નિશ્ચિંત રહો. તમે શુધ્ધ ભાવથી પ્રેમપૂર્વક શ્રીજીબાવાની ભક્તિ કરી છે. તમારી મુક્ત તદ્દન નિકટ છે. થોડા સમયમાં જ તમને પણ લીલાધામની પ્રાપ્તિ થશે.”

શ્રી વિઠ્ઠલેશના આ વચનામૃતનું પાન કરી ગૈષ્ણવ અત્યંત ખુશ થયા. તેમણે પોતાની પાસે જે કંઇ ઘરવખરી હતી તે શ્રી વિઠ્ઠલેશજીના શ્રી ચરણમાં સમર્પિત કરી દીધી.

ગૈષ્ણવે આચાર્યશ્રીને વધુ રોકાવા માટે ભાવભર્યો આગ્રહ કર્યો. પરંતુ તેમને દ્વારકા

ત્વરિત પધારવાની આવશ્યકતા હોવાથી તેમણે વિદાય લીધી.

પોતાની મુકિતને ઝંખતા વૈષ્ણવ ભાવપૂર્વક શ્રીજી-સેવા કરતા રહ્યા. આખરે તેમની વિનંતિ પ્રભુએ સાંભળી. થોડા દિવસમાં નરુ વૈષ્ણવ શ્રીજીચરણ પામ્યા. જીવનના અંત સુધી શુદ્ધ હૃદયથી સેવા કરી તે શ્રીજીના પ્યારા બની ગયા.

હંસ-હંસણી અને કબૂતતર-કબૂતરી જેવા પક્ષીયોનિમાં રહેલા જીવોને શરણમાં લઇ જેમણે કરુણાભાવથી તેમનો ઉધ્ધાર કર્યો એવા શ્રીગુસાંઇજી મહારાજ વૃક્ષયોનિમાં પીડાતા આર્ત દૈવી જીવનો ઉદ્ધાર કરે એમાં શું આશ્ચર્ય ? શ્રીકૃષ્ણપરમાત્મા સ્વરૂપ પરમદયાળ શ્રીવિઠ્ઠલેશપ્રભુનું આપણે વૈષ્ણવો સદા સ્મરણ કરીએ અને ભકિતભાવપૂર્વક તેમના ગુણગાન ગાતા રહીએ તો આપણી વૈષ્ણવતા વિશુધ્ધ બને એ નિર્વિવાદ છે.

આ માસના ઉત્સવ

અષાડ સુદ ૨ તા. ૯-૭-૮૬ બુધવાર રથયાત્રા, શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આસુર વ્યામોહલીલા (સં. ૧૫૮૭)

અષાડ સુદ ૫ તા. ૧૨-૭-૮૬ શનિવાર શ્રી દ્વારકાધીશજી (કાંકરોલી)નો પાટોત્સવ, ગ્રીષ્મ ઋતુ પૂરી થઈ.

અષાડ સુદ ૬ તા. ૧૩-૭-૮૬ રવિવાર કસુંબા છઠ્ઠ, દક્ષિણના શ્રી વિઠ્ઠલનાથજીનો પાટોત્સવ વર્ષા ઋતુની શરૂઆત થઈ ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૧૦ તા. ૧૭-૭-૮૬ ગુરુવાર બેંગણ દશમ.

અષાડ સુદ ૧૨ તા. ૧૮-૭-૮૬ શુક્રવાર દેવશયની એકાદશી વ્રત, ચાતુર્માસના વ્રતના નિયમનો પ્રારંભ.

અષાડ સુદ ૧૫ તા. ૨૧-૭-૮૬ સોમવાર વ્યાસ-ગુરુ પૂર્ણિમા, મનવાદિતિથિ, કચોરી પૂનમ

અષાડ વદ ૨ તા. ૨૩-૭-૮૬ બુધવાર હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૨૫-૭-૮૬ શુક્રવાર શ્રી ગોકુલનાથજી (ગોકુલ) તથા શ્રીગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ.

અષાડ વદ ૮ તા. ૨૯-૭-૮૬ મંગળવાર જન્માષ્ટમીની વધાઈનો પ્રારંભ.

અષાડ વદ ૧૦ તા. ૩૧-૭-૮૬ ગુરુવાર શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૧-૮-૮૬ શુક્રવાર કામિકા એકાદશી વ્રત.

અષાડ વદ અમાસ તા. ૫-૮-૮૬ મંગળવાર હરિયાળી અમાસ, દિવાસો,

।। શ્રીવલ્લભ ચરણ કમલ મહિમા ।।

શ્રી હરિરાય મહાપ્રભુકૃત પદની ભાવાર્થ ટીકા

લેખક શ્રીવલ્લભ પાદપદ્મમિલિન્દ

(ગતાંકથી ચાલુ)

આપ શ્રીવલ્લભ વિરહાગ્નિ સ્વરૂપ છે. આપે પ્રગટ કરેલો માર્ગ વિરહાત્મક છે. “ભકિત માર્ગે સર્વ માર્ગ વૈલક્ષણ્યાનુભૂતિ કૃત્” અને પૃથક શરણ માર્ગોપ દેષ્ટા” આ બન્ને નામો વિરહાત્મક માર્ગનો નિર્દેશ કરનારા છે. આ વિરહાત્મક માર્ગમાં અંતરંગ સ્વકીયો જ ચાલી શકે છે, તેમને આપશ્રીએ વિરહભાવનું દાન કરેલું છે.

શ્રીવલ્લભવરકો મારગ વાંકો ।
તામેં ચલે રસિક વિરહી જન,
બિચમેં કઠીન પ્રેમકો નાકો ।।
ક્ષણુ ક્ષણુ પ્રાણુ અકોર દેત હે,
તોઉ નહીં સંતોષ હી યાકો ।
‘રસિકદાસ’ શ્રીવલ્લભવર હે,
ફલરૂપ વિરહજિન જાકો ।।

વલ્લભ વિરહાગ્નિ સ્વરૂપની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. પરન્તુ વિરહાનુભવમાં સ્થિત સ્વકીયો માટે સુલભ છે. જેમ અગ્નિમાંથી પ્રગટ થતી નીલ જવાલાએ અગ્નિની પત્નિ છે. તે તો અગ્નિથી લપટાયેલી જ છે. અગ્નિનો સંબંધ તેને સહજ સુગમ છે. તેમ વિરહાગ્નિમાં લપટાયેલા વિરહી સ્વકીયને વલ્લભ વિરહાગ્નિ સ્વરૂપની પ્રાપ્તિ દુર્લભ નથી પણ સુલભ છે. ૩

હવે દૈવી સ્વકીયજનની ભાતિક દશામાં મનમાં મિથ્યા વિચાર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને તેથી આપ શ્રીવલ્લભનું સ્મરણ ભૂલાય જાય છે અને તેથી દૈવી જીવને દુઃખ ભોગવવું પડે છે, કારણ કે પ્રભુનું વિસ્મરણ થાય ત્યારે કાલ માયાના આસુરી ભાવોનો પ્રવેશ થવાથી દૈવી જીવને દુઃખ થાય છે. તેથી આગળની તુકમાં કહે છે કેઃ–

“અબલો બિન સેવે, શ્રીવલ્લભ
ભવદુઃખ બહુત સહૈ,”

દિવ્ય પ્રેમના–ઉદારતાના કરૂણતાના મહાસાગર સ્વરૂપ શ્રીવલ્લભને જાણ્યા નહીં, અને જાણીને આપનું સેવન ભજન કર્યું નહીં, તેથી દૈવીજીવ આપથી વિમુખ રહીને દુઃખ ભોગવે છે. આપણને દૈવીજીવોને સુખ તો આપ શ્રીવલ્લભના સ્મરણાદિથી સન્મુખ રહેવાથી થાય છે જેમ કોઇ પ્યાસો મનુષ્ય સરોવરના તટ પર જાય તો જલ પાન કરી શકે છે. તેમ શ્રીવલ્લભ જનોને વલ્લભની સન્મુખતાથી દિવ્ય પ્રેમાનંદનો અનુભવ થાય છે શ્રીવલ્લભની કૃપાવિના દિવ્ય સુખ મળી શકતું નથી. અને તેથી ભવ દુઃખ (જનમ–મરણ) દૂર થતું નથી.

સારસ્વત કલ્પમાં પુષ્ટિ પ્રભુ વ્રજમાં પ્રગટ થઇ શ્રી યમુનાજી દ્વારા દૈવી જીવોનો

ઉદ્ધાર કર્યો. અથવા શ્રી યમુનાજી દ્વારા તનુનવત્વતાને સિદ્ધ કરાવી પોતાના સ્વરૂપાનંદનો અનુભવ કરાવ્યો. તેમ કલિયુગમાં પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપ શ્રીવલ્લભ દૈવીજીવોના ઉદ્ધારાર્થ પ્રગટ થયા છે. તેથી શ્રી વલ્લભને પૂર્ણ પુરૂષોત્તમ જાણી આપશ્રીનું જે સેવન ભજન કરતા નથી, તેનું ભવદુઃખ દૂર થતું નથી. તેથી કહ્યુ “અબલો બિન સેવે શ્રીવલ્લભ ભવદુઃખ બહુત સહે.” લીલાધામથી વિછુરેલા દૈવી જીવ ને જ શ્રીવલ્લભ પૂર્ણ પુરૂષોત્તમ છે તેવું જ્ઞાન થાય છે. જે લીલાના જીવો નથી તેવા પણ પુષ્ટ માર્ગમાં ભળી ગયા છે. આવા જીવોને શ્રીવલ્લભમાં ભાવ થતો નથી અને આવા જીવોને દુઃસંગથી પુષ્ટિનો દૈવીજીવ શ્રીવલ્લભથી વિમુખ ન થાય તે માટે શ્રી હરિરાય પ્રભુ સાવધાનતા આપે છે કે શ્રી વલ્લભના સેવન ભજન વિના ભવદુઃખ દૂર નહિ થાય.

લીલાથી વિછૂરેલા દૈવીજીવ આધિદૈવિક દેહને પ્રાપ્ત કરી લીલાધામમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી જનમ-મરણરૂપ ભવદુઃખ દૂર થતું નથી.

અને આધિદૈવિક દેહની પ્રાપ્તિ તો શ્રીવલ્લભ સેવન ભજનથી સન્મુખ રહેવાથી જ થાય છે.

હવે પદની અંતિમ તુકમાં પરમ કારૂણિક શ્રીહરિરાય પ્રભુ વલ્લભજનોને આગ્રહ પૂર્વક શ્રીવલ્લભ જેવા મહાનિધિ સ્વરૂપનું જ મન વચન કર્મથી ભજન કરવું તેવી આજ્ઞા કરી રહ્યા છે–

‘રસિક’ મહાનિધ પાય ઓર ફલ મન
વચ કર્મ ના ચહે.”

‘મહાનિધિ’ એટલે મહાસાગર શ્રીવલ્લભ દિવ્ય પ્રેમના મહાસાગર રૂપ છે. આપશ્રીના સ્વરૂપમાં દિવ્ય પ્રેમનો મહાસાગર ભરેલો રહે છે કારૂણ્યતા, મહોદારતા, વાત્સલ્યતા, સૌન્દર્યતા, લાવણ્યતા, માધુર્યતા, મૃદુલતા ઇત્યાદિ પ્રેમના અનંત ગુણોના મહાસાગર સ્વરૂપ શ્રીવલ્લભને છોડીને બીજા કોઇ પણ લૌકિક કે અલૌકિક સુખોની ચાહના, મનથી, વાણીથી કર્મથી નહીં કરવી. શ્રીવલ્લભ જનને લૌકિક સુખની તો ચાહના હોતી જ નથી. પરંતુ શ્રીવલ્લભના સાક્ષાત્ સ્વરૂપથી મળતા સુખ સિવાય બીજા અલૌકિક સુખોની પણ શ્રીવલ્લભ જનને ચાહના હોતી નથી. તેનું કારણ શ્રીવલ્લભજન પતિવ્રતા ધર્મવાળા છે અને પતિવ્રતાનો એવો નિયમ છે કે પોતાના પતિના સાક્ષાત્ સ્વરૂપથી મળતા સુખ સિવાય બીજા સુખોની સ્વપ્ને પણ આશા કરતા નથી.

જેમકે શ્રીમદ્ દમલાજીને શ્રીવલ્લભનો સાક્ષાત્ સંબંધ ન થયા ત્યાં સુધી વિરહનો અનુભવ કરતા હતા. શ્રી દમલાજી ભૂતલમાં પ્રગટ થઇને પોતાના માતા પિતા કે ભાઇઓ સાથે દૃષ્ટિ મિલાવી નથી. માતાના સ્તનપાનનો પણ ત્યાગ કર્યો છે. મનુષ્યની જેમ શ્રી દમલાજીનો જન્મ નથી. તેઓ ગર્ભયોગી છે. બહાર પ્રગટ થઇને શિશુ અવસ્થામાં જ શ્રી વલ્લભના વિપ્રયોગ ભાવાત્મક સ્વરૂપનું નિરંતર ધ્યાન કરી શ્રીવલ્લભના શ્રીમુખલાવણ્ય માધુર્યસુધાનું પાન કરી પોતાના જીવનને ટકાવતા. શ્રીદમલાજીની જન્મતા જ આંતર દૃષ્ટિ રહી આવી છે. પોતાના હૃદયમાં શ્રી વલ્લભ પ્યારાનું વિપ્રયોગ-ભાવાત્મક (સ્વાત્મ-

રૂપે) બિરાજતું હતું. તેના લાવણ્ય સુધાનું પાન સતત કરતા હતા. મન વાણી કર્મથી બધાય સુખોનો બધાય સંગોનો ત્યાગ કરી શ્રી વલ્લભના વિરહમાં શ્રી વલ્લભ પ્યારાના ભાવાત્મક સ્વરૂપના ધ્યાનમાંથી મળતા દિવ્ય લાવણ્યામૃત સુધાના પાનથી જીવન ટકતું હતું. આવું જીવન પતિવ્રત ધર્મવાળું કહેવાય છે / અને આ પ્રકારના પતિવ્રત ભાવથી જ મહાન અલૌકિક વલ્લભ વિરહાગ્નિની પ્રાપ્તિ થઇ શકે છે.

ચાતકમાં અનન્ય પ્રતિવ્રત ધર્મ છે તે સ્વાતિના જલ સિવાય પતિત પાવની શ્રીગંગાજી જેવા પવિત્ર જલને પણ ગ્રહણ કરતો નથી. તેની અનન્યતા કેવી આદર્શમય છે તે નીચેના દોહાથી જાણી શકાય છે.

‘પવન વેગ પર્યો ગંગ મેં, દૃષ્ટિ રહી ઘન ઓર;
ચાતક વાચિત્ત આશમેં, નેક ચાંચ નબોર.’

ગંગાજીના તટ પર એક વૃક્ષ ઉપર ચાતક બેઠો છે તે સમયે પ્રબળ વાવાઝોડું આવ્યું અને તેથી ચાતક ગંગાજીમાં પડી ગયો. ગંગાજીમાં પાડવા છતાં ચાતકે પોતાની ચાંચને બંધ કરીને પોતાના પ્યારા નવઘનનું જ ધ્યાન કરી રહ્યો છે. ગંગાજલ પાન કરનારને મોક્ષ મળે તેવું તેનું માહાત્મ્ય છે. ચાતક આવા અલૌકિક મોક્ષ સુખનો પણ લોભીયો નથી. વળી મોક્ષ માટે ગંગાજીની આશા કરે તો તેના પતિવ્રત ભાવનું ખંડન થાય છે. ચાતક મોક્ષને પણ પોતાના પતિવ્રત ધર્મ આગળ તુચ્છ સમજે છે. મોક્ષસુખ અલૌકિક છે તેવા સુખનો પણ ત્યાગ કરી પોતાના પતિવ્રત ધર્ધને નભવે છે. નવઘન પ્યારાના અસહ્ય વિયોગ દુઃખને સહન કરે છે પણ બીજા અલૌકિક સુખોની ચાહના કરતો નની. ચાતકની સ્થિતિ કેવા પ્રકારની છે તે નીચેના દોહામાં વિચારીયે....

“ઘન હી જીવન પ્રાણ ઘનસો, પ્રીત ઘનપતિ વર;
ઘનકો સુમરણ ધ્યાન, ઘનઘન રટતે ઘન ભયે.”

શ્રીવલ્લભજી જીવન પ્રાણ શ્રીવલ્લભમાંજ પ્રેમ. શ્રીવલ્લભજ પતિવર શ્રીવલ્લભનુંજ ધ્યાન અને સ્મરણ પણ વલ્લભનામનુંજ. આમ સર્વ પ્રકારથી શ્રીવલ્લભનોજ સંબંધ અને શ્રીવલ્લભથીજ સુખની આશા રાખી જીવનાર જનો પતિવ્રત ધર્મવાળા કહેવાય છે. અને આવા જનનેજ શ્રી વલ્લભ વશ થઇને રહે છે. પતિવ્રત ધર્મ મહાન છે. કરૂણાસાગર શ્રીવલ્લભ પોતાના જનને આવો પતિવ્રત ધર્મ સિદ્ધ કરાવવા ચારે કોરથી રક્ષણ કરે છે. તેથી શ્રી હરિરાય પ્રભુ કહે છે કે–

“રસિક” મહાનિધિપાય ઓર ફલ
મન વચ કર્મ ના ચહે.” ૪

* * *

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

પદ ૨૩ મું

ફલ ફલિત હોય ફલ રૂપ જાને
દેખી હું ના સુની, તાહીકી આપુની;
તાહિકી બાત કહો કૈસે જુ માને. ૧
તાહિકે હાથ નિરમોલ નગદિજીયે,
જોઇ નિકે કર પરખ જાને;
'સૂર' કહે ક્રુરતે દૂર બસિયે સદા,
શ્રીયમુનાજીકો નામ લિજે જુ છાને. ૨

અર્થ :– શ્રીયમુનાજીના ફલરૂપ સ્વરૂપનું જેને જ્ઞાન થયું હોય તેને જ પુષ્ટિફળ પ્રાપ્ત થાય છે પરંતુ જેણે કાંઇ જોયું કે સાંભળ્યું નથી તેવા જીવો કોઇની કહેલી વાત કયાંથી માની શકે ? માટે શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપની વાત એના અધિકારી હોય એની સમક્ષ જ કરવી. જે અમૂલ્ય રત્નનું મૂલ્ય આંકી શકતા હોય તેને જ એ આપી શકાય. અન્ય ને નહીં. એવી જ રીતે જે ભકિત માર્ગના અધિકારી નથી, પરંતુ વિરોધ વ્યકત કરનારા હોય એવા ક્રુર જનોથી તો સદા દૂર જ રહેવું. શ્રીયમુનાજીનું અલૌકિક નામ અને સ્વરૂપ આવા લોકોથી ગુપ્ત જ રાખવા.

વિવેચન :– શ્રીયમુનાજીએ કૃપા કરીને જેને પોતાના પુષ્ટિ સ્વરૂપનો અનુભવ કરાવ્યો હોય તેને જ શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન અને પુષ્ટિ ફળ ફલિત થાય છે. એટલા માટે શ્રીયમુનાજીની કૃપા પ્રાપ્ત કરવા અનુભવી ભગવદીયોના સંગની ખૂબ આવશ્યકતા છે. બીજાને એનો અનુભવ થવાનો નથી. તેમ એવાની સમક્ષ શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપની વાત પણ કરવી નહીં, કારણ કે આવા જીવો એ માનવા તૈયાર પણ હોતા નથી. પરંતુ સત્સંગ દ્વારા જે જિજ્ઞાસુ બન્યા હોય એની સમક્ષજ આવી વાત કરવી. જેમ અમૂલ્ય રત્નની પરિક્ષા તો ઝવેરી હોય તે જ કરી શકે, શાકભાજીનો વેપારી એનું મૂલ્યાંકત કરી શકતો નથી, પરંતુ એને સાધારણ કાચ સમજી એની અવજ્ઞા પણ કરે.

આ સિદ્ધાંત અનુસાર શ્રીયમુનાજીના અલૌકિક સ્વરૂપની વાત એવા અજ્ઞાની અને નાસ્તિકો સમક્ષ કદી કરવી જ નહીં.

એથી જ સૂરદાસજી કહે છે કે–શ્રીયમુનાજીનું નામ સ્મરણ આવા જીવોથી ગુપ્ત રાખી આપણે આપણા ભાવનું પોષણ કરવું. પ્રગટ કરવાથી રસાભાસ થાય અને મનમાં ઉદ્વેગતા થાય.

શ્રી દયારામભાઇએ કહ્યું છે કે—
'ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે,
તદપિ ન અર્થ સરે;
ક્ષાર સિંધુનું માછલડું જયમ
મીઠા જળમાં મરે.'

સોરઠો—શ્રીયમુના રત્ન અમૂલ્ય છે, ઝવેરી ભકત સમાજ; કૃપા શ્રી વલ્લભ જો કરે, સફળ હોય સહુ કાજ.

પૃષ્ઠ પ્રકાશન સહાયક :– **પ. ભ. શ્રી અરવિંદભાઇ ઝવેરચંદ મહેતા** (કલકત્તા) ના જય શ્રીકૃષ્ણ.

શ્રી સાકરલાલ ભગત (કીર્તનીયા)

લેખક : **પ. ભ. શ્રી વિઠ્ઠલદાસ વ. શાહ, છોટા ઉદેપુર**

શ્રી સાકરલાલ મોહનલાલ ભગતનો જન્મ સંવત ૧૯૬૮ ના અષાડ સુદિ ૪ નો રોજ થયેલો. તેઓ દિવસનો મોટો ભાગ મંદિરમાં શ્રીઠાકોરજીની ટહેલમાં વિતાવતા કાયમ શ્રી ઠાકોરજીના સુખનો વિચાર કરતા. પખાવજ વગાડતા અમારા આ ભગત અતિ ઉતાવળીયા સ્વભાવ શ્રીઠાકોરજીની બાબતમાં સહેજ મોડું થાય તો એમનાથી સહન થાય જ નહીં.

અમે હિંડોળા ભરતા હોઇએ, ફુલ, કેવડો કેળ કે સુકા મેવાના હિંડોળા હોય ત્યારે મોડું થાય પણ અમારા આ ભગત તો સમયસર કીર્તન કરવા આવી જ જાય. હજુ હિંડોળો ભરવાનું ચાલુ છે જોતાં જ કહે કે તમે શ્રીઠાકોરજીને પરિશ્રમ આપો છો ?

અમે કહેતા કે સુંદર હિંડોળો ભરવાનો હોય ત્યારે થોડું મોડું પણ થાય. શ્રીઠાકોરજી પણ સરસ હિંડોળે ઝૂલવાનું હોય ત્યારે પરિશ્રમને પ્રસન્નતાથી સ્વીકારી લે છે. મારી આ વાત સાંભળી ભગત હસી પડતા.

તેઓ અધિકારી કે વહીવટ કર્તા ન હતા છતાં શ્રીઠાકોરજીની સેવામાં સદાય તત્પર રહેતા. એક મુખીયાજી હનુમાનજીનો ભગત, શનિવાર કરે અને હનુમાનજીને તેલ ચઢાવે આ વાતની ખબર અમારા આ ભગતને પડી શનિવારના દિવસે રાજભોગના દર્શન કરવા આવી લાગ્યા. તે વખતે રાજભોગ સન્મુખ હું કીર્તન કરતો હતો. આરતિ થઈ રહેતાં હું ઘરે જતો હતો. મને રોકયો અને મુખીયાજીને કહ્યું કે બે પાતર બનાવી દો. અમે અહીંઆ મહાપ્રસાદ લેવાના છીએ.

મુખીયાજીના તો હોશકોશ ઉડી ગયા ! કારણ કે મુખીયાજી એક વખત સાંજે જમે. મહાપ્રસાદની પાતર બનાવી ખરી, પણ દાળ, સખડી કશું જ નહીં. લીલી મકાઇના ભજીયા બનાવેલાં પણ તદ્દન કાચાં ભગતે મુખીયાજીને તતડાવી નાખ્યા. તમે હનુમાનજીના ભગત છો એટલે શનિવારે તમે અમારા ઠાકોરજીને ભૂખ્યા રાખો તે નહિ ચાલે. સરપ્રાઇઝ વિઝીટ કરવાની તેમની આ રીત જોઇ હું આશ્ચર્ય પામ્યો.

સદાય શ્રી ઠાકોરજીનું જ સુખ વિચારતા એવા અમારા આ કીર્તનીયાજીને લકવો થયો. પથારીવશ થઇ ગયા. પણ ઉત્સવ પ્રસંગે ઝાંખી કરવા મંદિર આવે. એમના પ્રિય કીર્તનો હોળીમાં "યા ગોકુલ ચૌહટે રંગ રાચી ગ્વાલ" અન્નકુટમાં "ગોદ બેઠે ગોપાલ" જન્માષ્ટમી ઉપર "સબનસો કહતી જશોદા માય" અને તુલસી લગ્નને દિવસે વ્યાહમાં "વ્રજ વેદ વિદિત બરસાનો, વૃષભાન ગોપ તહાં રાણો" ગાઇ શકાય તો નહીં પણ સાંભળવાનો ખાસ આગ્રહ રાખતા અને મારી પાસે ગવડાવતા. પોતાનાં પ્રિય કીર્તનો સાંભળીને ભાવ વિભોર થઈ જતા.

જીવન દીપ બુઝાતા સુધી શ્રીઠાકોરજીની સેવામાં સદાય તત્પર રહેતા એવા અમારા આ કીર્તનીયાજી સંવત ૨૦૨૭ ના આસો સુદિ ૫ ને દિવસે શ્રીઠાકોરજીની રાસ લીલામાં કીર્તનનો આનંદ માણવા ચાલી નિકળ્યા. પિતાશ્રીને પગલે તેમના બન્ને પુત્રો સેવા અને કીર્તનમાં અવિરત રસ લઇ રહ્યા છે.

"એવો દિવસ કયારે આવશે,
સુહાગી મારે એવો દિવસ કયારે આવશે ?"
કુંજ નિકુંજમાં બીરાજેલા શ્રી સ્વામીનીજી,
"આવ સખી" એમ કહી બોલાવશે."

નવું પ્રકાશન

'શ્રીમુખ બોલ્યા શ્રીહરિ': લેખક શ્રીવલ્લભપાદપદ્મમિલિંદ, પ્રકાશક–શ્રી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, કંસારા બજાર, સિહોર, ૩૬૪,૨૪૦, પૃષ્ઠ સંખ્યા–ક્રાઉન સોળપેજી ૪+૮+૩૬=૪૮, ન્યોછાવર રૂા. ૬-૦૦

શ્રીવલ્લભપાદપદ્મમિલિંદના નામથી વલ્લભ સુધાના વાચકો સુપરિચિત છે જ, કારણ કે તેમના લેખો અવારનવાર 'વલ્લભસુધા'માં પ્રગટ થતા રહ્યા છે.

તેમણે ધારણ કરેલું પોતાનું ઉપનામ, નામ પ્રમાણેના ગુણોને પ્રગટ કરે છે. ભ્રમરને જેમ કમળથી દૂર જવું ગમતું નથી. અને રાત્રે પણ કમળ પરના અતિ પ્રેમને કારણે તેમાં જ પુરાઇ રહે છે. તેમ જ આ શ્રીવલ્લભનાં ચરણરૂપી કમળનો ભ્રમર વલ્લભ સાહિત્યથી પૃથક્ ન રહેતાં પુષ્ટિ સાહિત્યમાં જ નિમગ્ન રહેવાથી આવું સુંદર ભાથું પુષ્ટિ પ્રેમીઓને બંધાવી રહેલ છે.

તેમનો પુષ્ટિ પ્રેમ, તેમનું પુષ્ટિજ્ઞાન અને તેમની લેખનશૈલી રસપ્રદ છે. આ પુસ્તિકામાં પ્રસ્તાવના શ્રી રમેશભાઇ પરીખે લખેલી છે.

આ પુસ્તિકામાં 'શ્રીમુખ બોલ્યા શ્રીહરિ' શબ્દોથી પ્રારંભાયેલું ભકત કવિ શ્રી દયારામભાઇનું એક પદ લેવામાં આવ્યું છે, અને તેના ઉપર તેને સમજાવતા ચતુર્વિધ અર્થો આપીને કરેલું વિવરણ સૌને ગમી જાય તેવું સરસ છે, તેનો પ્રથમ અર્થ સમગ્ર પદનો અર્થ છે. દૈવી જીવ છતાં દુઃખ શા માટે ? તેના ઉપરનું પોતાનું સચોટ, વિસ્તૃત મંતવ્ય આપ્યું છે. બીજો અર્થ તે ચરણાર્થ અથવા વાકયાર્થ છે. તેમાં આખુંયે ચરણ લઇને તેના ઉપર વિવરણ કરવામાં આવ્યું છે. ત્રીજો અર્થ તે વાકયાંશનો અર્થ છે. તેમાં એક વાકયખંડ આપીને તેને સમજાવવા પ્રયત્ન કરેલો છે. અને ચોથો અર્થ તે શબ્દાર્થ છે. આમ ચતુર્વિધ અર્થો કરીને તેને સમજાવવા માટે શ્રીમદ્ ભાગવતજી, શ્રીસુબોધિનીજી, તત્વાર્થ નિબંધ, ષોડશ ગ્રંથો અને તેના ઉપરની આચાર્યશ્રીઓએ કરેલી ટીકાઓ તેમ જ સૂરદાસજીનાં પદ વગેરેમાંથી અનુરૂપ દૃષ્ટાંતો આપીને સુલભ જ્ઞાનસભર કરી દેવામાં આવેલ છે. તેમાં ઉલ્લેખાયેલા પુષ્ટિમાર્ગના લાક્ષણિક શબ્દો વિષે કંઇ ને કંઇ વિશેષ જાણવા મળે છે. અને તેથી પુષ્ટિમાર્ગના મહત્વના કેટલાક શબ્દોની આપેલી વ્યાખ્યા પુષ્ટિજ્ઞાનમાં પુષ્ટિકારક બની રહે છે. જેમાં અતિશય અનુગ્રહ, અગણિતાનંદ, વિપ્રયોગ, ભૂમા, સ્વાનંદ, સ્વસત્તા, બ્રહ્મસંબંધ, અલૌકિક દેહ, ત્રિવિધ અધિકાર, ગોલોકધામ, તાપ કલેશ, અહંતા

મમતા, અવિદ્યાનું બંધન, દીનતા, વૈરાગ્ય, દિવ્ય પ્રેમ, પ્રમાણ અને પ્રમેય, પુષ્ટિ સૃષ્ટિ, વિરુદ્ધ ધર્માશ્રય, પ્રેમ લક્ષણા ભક્તિ, કર્મોનું બંધન, વિરહાગ્નિ, નિ:સાધનજન, લીલાધામ, દૈવી જીવ, સર્વજ્ઞ સેવા–સ્મરણ–ગુણગાન, કર્તુંમ્–અકર્તુંમ્–અન્યથા કર્તુંમ્ સમર્થ અને એવા અન્ય શબ્દોના માત્ર ઉલ્લેખમાં પણ પુષ્ટિ દૃષ્ટિથી થતા અનોખા અર્થ વિષે કંઇ ને કંઇ વિશેષ સમજ મળી રહે છે. આમ આ પુસ્તિકામાં પુષ્ટિ જ્ઞાનનો ધોધ વહેવરાવીને લેખકે તેને અમૂલ્ય બનાવી છે. આથી જ સર્વે વૈષ્ણવજનોને પોતાના પુસ્તકાલયમાં સ્થાન આપીને તેનું વાચન, મનન કરવા વિનંતિ છે. પ્રકાશકની વિશેષ વિનંતિ છે કે, આ પુસ્તિકાનું ચિંતન કરીને તેના વિષે પોતાનો વ્યક્તિગત અભિપ્રાય પ્રકાશકને અવશ્ય મોકલે.

–**સમીક્ષક**

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

અને બીજું જે એવું કથન છે કે મોક્ષદશામાં ‘અહ’ પદ અને તેનો અર્થ બંને નથી રહેતાં પણ અહંભાવ રહેવાથી મુક્તને પણ સંસારિક કહેવો પડશે. કારણ કે અહંકારને (અહંભાવવાળાને) જ સંસારી કહેવામાં આવે છે એ લોક પ્રસિદ્ધ છે તો આ પણ કહેવું માત્ર સમુદ્રમાં ધુળનો પુલ બાંધી પાર જવા જેવું છે. કારણ કે મુક્તનો ‘અહ’ શબ્દ સ્વરૂપપરામર્શક છે અને સંસારીનો ‘અહં’ શબ્દ સ્વરૂપને બદલે દેહનો પરામર્શક (ઉપદેશક) છે, ઉભયનો અર્થ ભિન્ન ભિન્ન હોવાથી કોઇપણ જાતનો વિરોધ રહેતો નથી.

સચ્ચિદાનંદાત્મક બ્રહ્મે પોતાની ઇચ્છાથી પોતાના ધર્મોનો પરિણામ અને અન્યોન્યમાં એક બીજાનાં ધર્મોનો તિરોભાવ કરી આ ચરાચર સૃષ્ટિ બનાવી છે, તેમાં મહાન સૂત્ર અહંકાર વિગેરે ૨૮ તત્વો જેને અમે જડ રૂપે ઓળખીએ છીએ તે સર્વ સંદશનુ પારણામ છે. જીવ ચિદંશનો પરિણામ અને અંતરયામી આનંદાંશનો અવિકૃત પરિણામ છે. રૂપના

પરિવર્તનને અર્થાત્ બીજી અવસ્થા લઇ લેવાનેજ પરિણામ કહે છે, જેમ સોનાનું કુંડળ અને સ્વરૂપપરિવર્તનને વિકાર કહે છે, જેમ દૂધનું દહીં, યદ્યપિ ત્રણે બ્રહ્મનાંજ અવિકૃત પરિણામો છે છતાં પણ સદંશમાં પ્રકૃતિનું (જેમ સુવર્ણજ સાંચામાં ઢળી, ભૂષણ, ક્રીડનક (ખિલૌના) થઇ જાય છે તેમ બ્રહ્મ જ સદંશથી પ્રકૃતિને વશ કરી જગતને એકરૂપ થઇ જાય છે. તો સાંચાની જગ્યાએ પ્રકૃતિનો સંયોગ છે) મિશ્રણ છે, એ માટે પ્રકૃતિગત અહંકાર (અહંભાવ), જુદો છે અને સ્વરૂપ પરામર્શક આત્મજ્ઞાપક આ (અહં) અહંભાવ જુદો છે 'અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ઇત્યાદિ શ્લોકોથી જે અહંકારનું નિરૂપણ છે તે હેય (ત્યાજ્ય) છે. મુખ્ય 'અહં' અને 'અહંકારમાં' અર્થનો ભેદ છે, અર્થાત્ નિજ સ્વરૂપ ન હોવા છતાં પણ જેથી સ્વસ્વરૂપ જેવું સમજાય જાય તેને અહંકાર કહેવો જોઇએ. માટેજ તે અહંપદાર્થ આત્માથી જુદો છે કોઇ કોઇ સ્થળે તો એવા અહંકારને 'અહં' પણ કહી દે છે અને તેનીજ શાસ્ત્રમાં નિંદા કરી છે પરંતુ વાસ્તવમાં તો 'અહં' શબ્દ આત્માર્થક છે. પ્રત્યુત 'અહં' શબ્દનો પ્રયોગ બ્રહ્મ તથા મુક્તોને માટે જ વેદાદિ શાસ્ત્રોમાં સેંકડોવાર આવે છે. 'હંતાહમિમસ્તિસ્નો દેવતાઃ 'બહુસ્યાં પ્રજાયેય' 'બ્રહ્માહમસ્મિ' 'અહં મનુરભવં અહં સર્વસ્ય પ્રભવઃ 'તેષામહં સમૃદ્ધર્તા 'વેદાહં સમતીતાનિ' યસ્માત્ક્ષરમતીતોઅહમ્' વિષ્ટભ્યાહમિદં તસ્મિન્ ગર્ભં દધ્યામ્યહમ્ ઇત્યાદિ

બીજું જે એવું કહેવું છે કે–'અજ્ઞાનરૂપ અનિર્વચનીય અવિદ્યા અથવા માયાના સંબંધથી બ્રહ્મ જ પોતાનામાં જીવ, ઇશ, બંધ, મોક્ષ, જ્ઞાતા, જ્ઞેય, લોક, તથા વેદ વિગેરેની કલ્પના કરી લે છે, 'તત્ત્વમસિ' ઇત્યાદિ શાસ્ત્રોનાં શ્રવણ દ્વારા જ્યારે તે દોષરૂપ માયાની નિવૃત્તિ થાય છે ત્યારે તેને નિજ સ્વરૂપનું ભાન થાય છે ઇત્યાદિ તો આ કથન પણ આકાશમાં લહેરાતી લત્તાના ફ્લોના સ્વાદ લેવા જેવું છે. અસ્તુ (ઠીક) પ્રથમ અમે એ પૂછીએ છીએ કે જે શાસ્ત્રો દ્વારા પ્રતિબંધ કે દોષોની નિવૃત્તિ થાય છે તે શાસ્ત્ર સત્ય છે કે કલ્પિત ? અગર સત્ય માનશો તો દ્વૈતાપત્તિ આવી પડશે. અને કલ્પિત કહેશો તો એવા અસત્ય શાસ્ત્રોથી સત્યજ્ઞાનની પ્રાપ્તિ અથવા પ્રતિબંધનિવૃત્તિ કેવી રીતે થશે ? જેમ સ્વપ્નમાં દૂધપાક ભક્ષણથી તૃપ્તિ થતી નથી તેમ અપરમાર્થ શાસ્ત્રથી સ્વરૂપસ્મૃતિ અથવા બ્રહ્મજ્ઞાન કેમ થશે ?

કદાચ કહો કે 'જેમ સ્વપ્નમાં અસત્ય હાથી ઇત્યાદિના દર્શનથી સત્ય શુભાશુભ ફ્લો મળે છે અથવા બાજીગરે દેખાડેલા જુઠા પદાર્થોથી સત્ય, હર્ષશોકાદિક, અથવા અસત્ય

રજ્જુસર્પાદિથી ભયકંપાદિ થાય છે એવી રીતે અપરમાર્થ વેદાદિશાસ્ત્રોથી સત્ય બ્રહ્મપ્રાપ્તિ થઈ શકે છે, તો પણ આ કથન સુચારૂ ન કહેવાય કારણ કે સ્વપ્નમાં, નટલીલામાં અથવા રજજુસર્પમાં દેખાતા અસત્ય પદાર્થોથી શુભાશુભ ફલ અથવા હર્ષભયાદિ થતાં નથી પરંતુ જાગરિત પુરૂષને જે સત્યપદાર્થોનું જ્ઞાન હતું તો તેજ જ્ઞાને અથવા સ્મરણે ઉઘ્યાં બાદ શુભાશુભ ફલ અથવા હર્ષભયાદિ સત્ય ફલ આપ્યું છે પણ કાંઇ અસત્ય સત્ય ફલ અર્પંતુ નથી.

‘સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ’ અહીં જે ત્રણે પદોની લક્ષણથી એકાર્થ પરતા કરી છે તે પણ યુકિત અને મર્યાદાથી શુન્ય છે, કારણ કે જ્યારે એક જ (સત્યં અસત્યવ્યાવૃતં) પદથી બ્રહ્મની પ્રતિપત્તી (જ્ઞાન) થઇ ગઇ છે તો પછી અન્ય જ્ઞાનાદિ બે વિશેષણો પણ વ્યર્થ થઇ ગયા. વ્યાવૃત્તિમાત્ર જ બ્રહ્મસ્વરૂપ હોવાથી એક વ્યાવૃત્તિદ્વારા સ્વરૂપનું લક્ષણ થઇ ગયું.

‘સત્યં જ્ઞાનં ઇત્યાદિ શ્રુતિઓમાં પણ સવિશેષ બ્રહ્મનુંજનિરૂપણ છે. બીજું આના પર આ દોષ આવી ઝઝુમે છે કે ‘બ્રહ્મ અસત્યાભાવરુપ હોવાથી બ્રહ્મ પણ અભાવરૂપ કહેવાશે. અને આવી રીતે આધાર અને આધેય બંને બ્રહ્મનેજ માનવું પડશે. તે યુકત નથી. કારણ એકજ વસ્તુ આધાર તથા આધેય બની શકતી નથી અને શાસ્ત્રજ્ઞાન દ્વારા નષ્ટ થનારૂં અજ્ઞાન (માયા–અવિદ્યા) જ યદિ સ્વયંપ્રકાશ જ્ઞાનરૂપ બ્રહ્મના સ્વરૂપને ભૂલાવી દે છે’ તો પછી આમ જબરદસ્તી અજ્ઞાનને દુર કરવાવાળુ અને બ્રહ્માજીને પોતાના સ્વરૂપનું ભાન કરાવનારૂં જ્ઞાન કયાં મળશે ? કદાચ કહો કે ભ્રમ સમયમાં રજ્જુ અથવા શુકિત બન્ને પોતાના સ્વરૂપ જ્ઞાન કરવામાં અસમર્થ છે, માટે તેઓનું સ્વરૂપજ્ઞાન કરાવવા જેમ અન્ય જ્ઞાનની અપેક્ષા રહે છે તેમ જ્ઞાન સ્વરૂપ બ્રહ્મ પણ પોતાનું સ્વરૂપજ્ઞાન કરાવવામાં અસમર્થ છે, માટે તેને શાસ્ત્ર જ્ઞાનની અપેક્ષા રહે છે. (સત્યં જ્ઞાન મનન્તં બહ્મ–શ્રુતિ) બ્રહ્મ જ્ઞાન સ્વરૂપ છે. ઇત્યાદિ શાસ્ત્રીય જ્ઞાન દ્વારા બ્રહ્મને પોતાના સ્વરૂપનું ભાન થાય છે, અને તે અવિદ્યાની નિવૃત્તિ થાય છે.

તો વાહરે ! માયાવાદીઓ ! ! તમારો મત તો અજબ છે. દુનિયા જરાક જો ગફલતમાં પડી હોય તો તરત જ તમે તેની પાઘડી ગેબ કરી લો છો. સાંભળો ! ! રજ્જુ અથવા શું કિત બન્ને પોતાનું સ્વરૂપ જ્ઞાન કરવામાં અથવા કરાવવામાં અસમર્થ છે, કારણ કે તે જડ છે માટે તેના જ્ઞાન વાસ્તે અન્ય જ્ઞાનની આવશ્યકતા પડે છે એ ઠીક છે પરંતુ જે બ્રહ્મ સ્વયંપ્રકાશ છે, જ્ઞાનરૂપ છે તેને પણ પોતે પોતાને જાણવા માટે અન્ય જ્ઞાનની અપેક્ષા છે એ તો ચકરદાર ચકરાવનારીની ચોરી જ કહેવાય. સુતેલાને જગાડનાર જોઇએ, પણ જાગતાને શું જગાડવું ?

—ક્રમશ.

શ્રીવલ્લભવરનું આગમન

ધન્ય ધન આવ્યા ઓ કૂંજબિહારી;
વ્હાલાજી હું તો જોતીતી રાહ તમારી (૨) ટેક.

કૃપાનાથ ! દીધાં છે દરશન પધારી;
દયાસિંધુ ! દીન પર વ્હાલ વધારી (૨) ૧

અંતર્યામિ ! વલ્લભ છો વ્રજના વિહારી;
પુરુષોત્તમ ! પ્રાણજીવન ગિરિધારી (૨) ૨

વ્હાલા ! હું છું ચરણકમળની રે દાસી;
નથી કોઇ આપ વીના અવિનાશી (૨) ૩

કૃપા સિંધુ ! અમિભરી આંખ તમારી;
અભયદાન દીધાં છે કૃપા વિચારી (૨) ૪

દીનાનાથ ! શરણું આપ્યું છે મોરારી;
જેવી તેવી તો યે છું દાસી તમારી (૨) ૫

દોષો મારા જનમો જનમના છે ભારી;
દયાસિંધુ ! દેજો એ સઘળા વિસારી (૨) ૬

શરણાંગતને કીધાં છે રે અધિકારી;
રહેજો મારા અંતરિયે ઓ મોરારી (૨) ૭

આશ્રય મારો આપજ, આપે ઉગારી;
વાસો વ્રજમાં આપોરે, જાઉં બલિહારી (૨) ૮

વલ્લભ વ્હાલા એક જ વિનંતી મારી;
રાખો ચરણે કિંકરી બિરૂદ વિચારી (૨) ૯

લે. દાસાનુદાસ દીનકિંકરી **નટવરલાલ**
મહાસુખલાલ અરાદવાળાના જયશ્રીકૃષ્ણ

વિઠ્ઠલવરને વરીયે રે

(રાગ–વૈષ્ણવજન તો તેને કહીયે)

કર્મે લખ્યા જે કર્મો કરીએ,
શ્રી હરિ ચરણે ધરીયે રે;
તૃષ્ણાને તૃષ્ણાથી ત્યાગી;
તર્કવિતર્ક પરહરીયે રે –કર્મે લખ્યા–

રાગ–દ્વેશ, મદમત્સરે મોહને,
મનના વિષવત ગણીયે રે;
માનસરના નીતર્યાં જળમાં,
નિર્મળ જળ થઈ વહીયે રે–કર્મે લખ્યા–

સુખ–દુઃખના આ અવરમાંહી,
જલ કમલવત્ રહીયે રે;
નહીં શોકના ક્લેશ કશોના
નિજાનંદમાં ફરીયે રે –કર્મે લખ્યા–

નામ તણો આ સેતુ બાંધી,
ભવ સાગરને તરીયે રે;
પ્રિતમના કરી દર્શન પ્રેમે,
પ્રેમનગર જઇ વસીયે રે –કર્મે લખ્યા–

એક જ ધૂન અહર્નિશ રટીએ,
ભાવે પ્રભુને ભજીયે રે.
જય ગોવિંદ ઘનશ્યામ મુરારિ,
વિઠ્ઠલવરને વરીએ રે –કર્મે લખ્યા–

– દેવેન્દ્ર ર પાલેજા (કોઇમ્તુર)

SHREE VALLABH SUDHA Regd No G/RJ. 212 L.P.W.P. 43

શ્રીનાથજીનું ધોળ

ધન્ય ધન્ય રાણા રાયસંગ હો લાલ,
હાંરે ધન્ય ધન્ય રે મેવાડો દેશ
કૃપા કરીને શ્રીનાથજી પધારીયા હો લાલ. ૧
વૃજમાંથી વહાલોજી પધારીયા હો લાલ,
હારે આવી વસીયા રે મેવાડે દેશ –કૃપા કરીને૦ ૨
તળાવે તે તંબુ તાણીયા હો લાલ,
હાંરે આવી ઉતર્યો રે મારા વૃજનો સાથ –કૃપા કરીને૦ ૩
ડુંગર કોરીને વહાલે મંદિર કર્યાં હો લાલ,
તહાં બિરાજે રે શ્રી ગોવર્ધન નાથ –કૃપા કરીને૦ ૪
શ્રીનાથજી ને શ્રી દ્વારકાનાથજીનાં જોડલાં હો લાલ,
હાંરે શ્રી નવનીત પ્રિયાજીને શ્રી વિઠ્ઠલનાથજીની જોડ –કૃપા કરીને૦ ૫
શ્રી ગોકુલનાથને શ્રી મથુરનાથનાં જોડલાં હો લાલ,
હાંરે શ્રી ગોકુલચંદ્રમાજી ને શ્રી મદન મોહનની જોડ -કૃપા કરીને૦ ૬
તહાં મધ રાતે ગોવર્ધન ભયો હો લાલ
તહાં તળેટી રે ગોપાળપુર ગામ –કૃપા કરીને૦ ૭
ઝરણાં તે ગોવિંદ કુંડ ભયો હો લાલ
હાંરે ત્યહાં બનાસ રે મહારાણીજીના નીર –કૃપા કરીને૦ ૮
આસોટીયું વૃંદાવન ભયું હો લાલ,
હાંરે તહાં કાંકરોલી રે બંસીબટનો ચોક –કૃપા કરીને૦ ૯
કમળ ચોકમાં ઝૂલે ઘમર હાથીયા હો લાલ,
હાંરે તહાં ટોડલીયે રૂડા ટૌકે છે મોર –કૃપા કરીને૦ ૧૦
થાળ ભર્યો સગ મોતીએ હો લાલ,
હાંરે વધાવે રે શ્રી વલ્લભ પરિવાર –કૃપા કરીને૦ ૧૧
સાકર કેરા કરા પડયા હો લાલ,
હાંરે તહાં દૂધડે રે રૂડા વરસ્યા છે મેઘ –કૃપા કરીને૦ ૧૨
'અજબકુંવરી' ની વિનતી હો લાલ,
તમે સુણજો રે શ્રી ગિરિધરજી મહારાજ –કૃપા કરીને૦ ૧૩
સઘળા વૈષ્ણવની વિનતી હો લાલ,
અમોને આપો રે શ્રી વૃજમાં વાસ –કૃપા કરીને૦ ૧૪

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर् - राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेऽस्मिन्मार्गरक्षकाः

શ્રીવલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

બાલ લીલાનું પદ

(રાગ - બિલાવલ)

બ્રજકી રીત અનોખી રી માઇ;
જો કોઉ નંદભવનમેં આવત,
તાકો મન હરિ લેત કન્હાઈ. ૧

ઉર વઘના મુખ માખન સોહૈ,
તનકી કહા કહોં જુ નિકાઇ;
ઘુટુરુન ચલત છાંહકો પકરત,
કિલકત હસત ખેલત અંગનાઇ. ૨

માત જસોદા લેત બલૈયા,
મનમેં મોદ બઢયો ન સમાઈ;
'કલ્યાન' કે પ્રભુ યહ છબિ નિરખત,
પલક કી ઓટ સહી નહિં જાઈ. ૩

卐

વર્ષ ૫ : અંક ૫ ✿ ઓગષ્ટ, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભ વિજ્ઞાન રાજકોટ
તા. ૩૧-૩-૮૩ ના રોજ પુરા થતા
વર્ષનો આવક ખર્ચનો હિસાબ

પી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
બસ સ્ટેશન સામે,
ઢેબરભાઈ રોડ, **રાજકોટ**

આવક	રૂ	ખર્ચ	રૂ.
વ્યાજ આવક	૩૭૬-૦૦	સ્ટેશનરી ખર્ચ	૫૮૦-૩૦
વાર્ષિક લવાજમ	૬૫૫૮-૦૦	મુસાફરી ખર્ચ	૩૦૪-૦૦
પ્રકાશન સહાય	૨૨૬૬-૦૦	પરચુરણ ખર્ચ	૧૨૨-૫૦
સામાયિક વેચાણ	૩૦૧-૦૦	પ્રકાશન ખર્ચ	૧૦૩૮૩-૦૦
આવકનો ઘટાડો	૨૫૭૭-૦૫	ટપાલ ખર્ચ	૬૮૮-૨૫
કુલ રૂ.	**૧૨૦૭૮-૦૫**	કુલ રૂ.	**૧૨૦૭૮-૦૫**

તા. ૩૧-૩-૧૯૮૩ ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી		મિલકત તથા લેણા	
આજીવન સભ્ય ફી	૮૨૫૫-૦૦	**રોકડ બેંક બેલેન્સ**	
એડવાન્સ લવાજમ ૮૩-૮૪	૨૬૭૧-૦૦	રાજકોટ ના. સ. બેંક ફી. ડી.	૬૦૦૦-૦૦
		રાજ. ના. સ. બેંક બચત	૩૮૨-૪૦
		સીટીઝન્સ કો-ઓ. બેંક બચત	૧૩૫૮-૧૦
		શ્રી પુરાંત સિલક	૬૦૮-૪૫
		શ્રી આવક ખર્ચ ખાતે ચાલુ સાલનો ઘટાડો	૨૫૭૭-૦૫
કુલ	**૧૦૯૨૬-૦૦**	કુલ	**૧૦૯૨૬-૦૦**

રાજકોટ
તારીખ ૧૯-૫-૮૬

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

શ્રદ્ધાંજલિ

(કાંદીવલી મુંબઇ) વાળા પ. ભ. શ્રી લક્ષ્મીદાસબાપા તા. ૧૨-૭-૮૬ ના દિવસે શ્રી ભગવદ્ ચરણારવિંદ પામ્યાં. સેવા ભાવનાથી ઓતપ્રોત અને શ્રીહરિ ગુરૂ વૈષ્ણવની ટહેલમાં આજીવન રચ્યા પચ્યા રહેનાર આવા ભગવદીયના ગોલોકવાસથી આપણે આદર્શ વૈષ્ણવનો સત્સંગ ગુમાવ્યો છે. શ્રી વલ્લભ સુધા-સંપાદક, પ્રકાશક મંડળ તરફથી હાર્દિક શ્રદ્ધાંજલિ.

ધોરાજી નિવાસી આં રા. પુ. વૈષ્ણવ પરિષદના આજીવન સદસ્ય પ. ભ. સોની જેઠાલાલ નાથાલાલ વઢવાણા ઉ. વ. ૪૨ તા. ૧૧-૬--૮૬ના રોજ વાહન અકસ્માતમાં શ્રી જીચરણ પામતાં પરિષદે ઉત્સાહી યુવાન કાર્યકર ગુમાવ્યા છે. તેમના કુટુંબ પરિવારની આ લૌકિક આપત્તિમાં સવેદના વ્યકત કરીએ છીએ.

-સંપાદક

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

: સંપાદક મંડળ :
*** પ્રો. શ્રી જીવનલાલ છ. જોષી**
એમ. એ., એડવોકેટ
સાહિત્ય રત્ન
*** શ્રી મગનભાઇ લા. તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિંદ
*** શ્રી રવજીભાઇ પ. પટેલ**

◆

વર્ષ ૫ : અંક ૫ મો
ઓગષ્ટ, ૧૯૮૬

વાર્ષિક લવાજમ રૂા. ૧૦/-
વિદેશમાં પૌંડ ૩
ડોલર ૧૦
આજીવન સદસ્ય રૂા. ૧૫૧/-
વિદેશમાં પૌંડ ૪૫
ડોલર ૧૫૦

પત્ર વ્યવહાર :
વ્યવસ્થાપક શ્રી
શ્રી વલ્લભ વિજ્ઞાન કાર્યાલય
૫૫૧, તક્ષશિલા સોસાયટી,
આકાશવાણી સામે,
રાજકોટ-૩૬૦૦૦૧

॥ શ્રી હરિ ॥

સ્નેહી વૈષ્ણવ વૃંદ,

આજે જ્યાં જુઓ ત્યાં માનવ અશાંત દેખાય છે

- અશાંતી નિર્માણ થવાનું કારણ તપાસીએ તો માનવ મુળભુત ધર્મો ભુલ્યા છે.
- નૈતિક મુલ્યોનાં આચરણમાં ઢીલાશ આવી છે.
- ભૌતિક સુખોની તૃષ્ણા વધી છે.
- સ્વસુખ અને સ્વકિર્તિ પ્રાપ્ત કરવાની મહેચ્છાને કારણે આડંબર અને દંભ વધ્યા છે.
- સમાજ ઉપર જેની પકકડ છે તેવા અનેક સમાજ સેવકો અને ધર્મના વડાઓમાં પણ ધર્માચરણમાં ઢીલાસ આવવાને કારણે સમાજ ઉપર યોગ્ય પ્રભુત્વ રહ્યું નથી.

આપણે સૌ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ શરણે લીધેલ દૈવીજીવો નો આદર્શ માનવતાથી પણ ઉચ્ચ વૈષ્ણવતા છે ત્યારે આપણી ફરજ અનેક ગણી વધી જાય છે.

આપણે આપણા મુળભુત સિદ્ધાંતો પ્રત્યે દુર્લક્ષ સેવીએ છીએ અને સામાન્ય સમાજની સાથે દંભ આડંબર, સ્વસુખ, અને સ્વકિર્તી જે આચાર્ય ચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ત્યાજ્ય ગણ્યા હોવા છતાં તેને જીવનમાં વધુને વધુ અપનાવતા જઈએ છીએ.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બતાવેલા માર્ગ મુજબ સ્વસુખ નહિ જોતાં શ્રી ઠાકોરજીનાં સૂખનો વિચાર કરવો સ્વગુણગાનમાં નહિ રાચતાં ભગવાને કરેલી લીલાના ગુણગાન એટલે કે ભકિતમાં આપણું ધ્યાન કેન્દ્રીત કરીશું તેમજ દંભ અને આડંબર રહિત આપણું જીવન બનાવીશું તો જીવનનો સાચો આનંદ પ્રાપ્ત કરી શકીશું. પરંતુ આ બધુ જાણવા છતાં મનની ચંચળતા તેમજ ડગલેને પગલે થતાં દુ:સંગને કારણે જીવ સાચો આનંદ પ્રાપ્ત કરી શકતો નથી.

મનની ચંચળતા તેમજ દુ:સંગને દૂર કરવા નિત્ય સત્સંગ

(જુઓ પાનું ૧૬)

।। શ્રીહરિઃ ।।

દશ દિગન્ત વિજયી પંડિત ધુરંધર શ્રી પુરુષોત્તમજી મહારાજ વિરચિત વેદાન્ત તાત્પર્ય નિરુપણ

હિન્દી અનુવાદ કર્તા :- **શાસ્ત્રી હરિશંકર ઓમકારજી**
ગુજરાતી અનુવાદ કર્તા :- **નિરંજનજી શાસ્ત્રી ઉમરેઠવાળા**
સહયોગ :- **કૃષ્ણદત્ત નિ. શાસ્ત્રી ઉમરેઠવાળા**

શ્રુતિ શિરસિયસ્ય નિરુપાધિરીશોઽપિ યસ્યખલુ મહિમા ।
તં કૃષ્ણમાદિમૂર્તિં નમામિ નિરવદ્ય સદ્ગુણં બ્રહ્મ ।।

જેનો મહિમા શ્રુતિઓમાં શ્રેષ્ઠ મૂર્ધન્ય સ્વરુપ વેદાન્ત ઉપનિષદોમાં ગવાયો છે, જે ઉપાધિ રહિત છે અને જેની વિભૂતિ મંગલમય છે. જે માયાથી પર છે એટલું જ નહિ પણ સૃષ્ટિત્વ છે, શ્રેષ્ઠત્વ છે સર્વ શકિત સ્વરુપે છે દીન બંધુત્વ અને પતિત પાવનત્વ આદિ સદ્ગુણ યુકત છે તેવા સદ્ ચિદ આનંદ પરબ્રહ્મ આદિમૂર્તિ શ્રી કૃષ્ણચન્દ્ર ને હું પ્રણામ કરૂ છું.

ઉપક્રમ

શ્રીમદ્ ભગવદ્ વદન વૈશ્વાનર અવતાર પૂજ્ય પાદ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજી પ્રણીત (લિખિત) તત્વદીપ નિબંધમાં સચ્ચિદાનંદ પરબ્રહ્મ શ્રી કૃષ્ણનેજ આદિમૂર્તિ કહેલા છે (આદિ મૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્ય કામ્યયા) તે સ્વરુપ જ બ્રહ્મસૂત્રના ભાષ્યમાં પણ કહેવામાં આવેલ છે. (સિધ્ધ કરેલ છે) અર્થાત્ નિબંધ અને અણુભાષ્યમાં કહેલ આદિમૂર્તિ ઉપાધિ રહિત અને માયાથી પર સચ્ચિદાનંદ પરબ્રહ્મ શ્રી કૃષ્ણ કે જેઓ જગતના કારણરૂપ છે તેમને પ્રણામ કરૂ છું.

પ્રહસ્તવાદમાં અવાન્તર ત્રણ વાદ છે (૧) વેદાન્ત તાત્પર્ય નિરૂપણ (૨) ભ્રાન્તશૈવ નિરૂપણ અને (૩) મૂલ સ્વરૂપ નિર્ધાર આ ત્રણે વાદોને મંગલાચરણના ત્રણ પાદમાં સમાવેશ કર્યો છે.

જીજ્ઞાસુએ શંકા કરી કે વાહ બહુ જ સુંદર ! સોપાધિક બ્રહ્મને વેદાન્તમાં પ્રકટ કર્યા છે. અને આપ તેનો મહિમા નિરૂપાધિક કહો છો બ્રહ્મનો મહિમા નિરૂપાધિક છે એમ કઇ રીતે જાણ્યું ?

સાંભળો ત્યારે તેનો જવાબ આ છે. ભગવાન વેદવ્યાસજીએ બ્રહ્મસૂત્ર જેને વ્યાસસૂત્ર પણ કહેવામાં આવે છે તે બતાવ્યાં છે. જેના ચાર અધ્યાય અને સોળપાદ વગેરે વ્યવસ્થા છે. જેમાં પ્રથમ અધ્યાય જેના પહેલા અધ્યાયમાં બધાજ વેદાન્ત વાકયોનો સમન્વય કર્યો છે. બીજા અધ્યાયમાં અવિરોધનું પ્રતિપાદન કરેલું છે. બધાંજ વેદાન્ત વાકયો પરસ્પરમાં અવિરોધ પૂર્વક પર બ્રહ્મનું આધિપત્ય સ્વીકારે છે. વેદાન્ત દ્વારા બ્રહ્મ જ કારણ

રૂપ છે, આન્તર છે, ભોકતા છે, અન્તર્યામી છે વગેરે પ્રકારથી તે અનેકવિધ મહિમાયુકત છે આવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે બ્રહ્મ વિભિન્નરૂપે છે તો તે કેવી રીતે ? તેનાં કયા સ્વરૂપો છે ઇત્યાદિ નિર્ણય પણ સમયોચિત કરેલો જ છે. અર્થાત સર્વ વેદાન્ત વાકય પરમાત્માના મહિમાનું જ વર્ણન કરે છે નિરૂપણ કરે છે આથી જ સર્વ વાકય પરબ્રહ્મવાચક છે તે વાત તો નિર્વિવાદ સિધ્ધ જ છે.

તો શું બ્રહ્મ જગતનું કારણ છે. ?

બ્રહ્મ જગતનું કારણ છે આ વિચાર શ્રી વેદવ્યાસજીએ પોતાના સૂત્રોમાં સર્વપ્રથમ વ્યાસ સૂત્રના પહેલા અધ્યાયના પહેલા પાદના પ્રારંભમાં બીજા અધિકરણમાં "જન્માદ્યસ્ય યતઃ શાસ્ત્રયોનિત્વાત્" આ સૂત્રમાં તેમાં બતાવ્યો છે. જેમકે જેનાથી જન્મઆદિ થાય છે તે બ્રહ્મ છે કેમકે શાસ્ત્રમાં વેદમાં તેને કારણ કહે છે. અહીં જેનાથી એ સર્વભૂત અર્થાત્ પંચભૂતાત્મક ઉત્પન્ન થાય છે આના પ્રમાણરૂપે "યતો વા ઈમાનિભૂતાયિ જાયન્તે" તે વાકયને પ્રમાણ સ્વીકારીને વિચાર કર્યો છે.

પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે બ્રહ્મમાં કર્તંત્વ છે કે અકર્તૃંત્વ ? કારણકે "સત્યં-જ્ઞાનમનન્તં બ્રહ્મ" સત્ય જ્ઞાનરૂપ અને અનન્ત બ્રહ્મ છે. આ બ્રહ્મ સ્વરૂપ પ્રતિપાદક શ્રુતિ વાકયમાં બ્રહ્મને જગતના પ્રતિકર્તા માંનેલા નથી. આગળ જયાં જયાં કયાંય પણ વ્યાખ્યા કરતી વખતે કર્તૃંત્વ કહેલું છે ત્યાં અન્યગત્ કર્તૃંત્વનો આરોપ કરવાથી પણ પૂર્વાપર વાકયોની અસંગતિ લાગી જાય છે. એટલા માટેજ સ્વરૂપ પ્રતિપાદક વાકયોના ઉપજીવક કાર્યપ્રતિપાદક વાકયોમાં પણ આરોપ માનવો ઉચિત છે આથી બ્રહ્મકર્તા નથી એમ કેમ નથી માનતા ?

આ બ્રહ્મને જગતના પ્રતિકર્તા કેમ માનીએ છીએ તે પણ સાંભળો. જેનાથી આ પંચમહાભૂતાત્મક પ્રપંચ ઉત્પન્ન થાય છે સર્વનામથી પ્રપંચને બતાવી તેના જન્માદિ કહ્યા છે અથવા તો એમ કહો કેઃ- "આ વાકયનું વિવરણ કરતી વખતે "તમસ્માદ્ વા એતસ્માત્ આત્મનઃ આકાશઃ સમ્ભૂતઃ" તે પરમાત્મામાંથી જ આકાશ ઉત્પન્ન થયું. તેમાં આદ્ય અર્થાત આકાશનો જન્મ કહેલો છે. આનાથી સિદ્ધ થાંય છે કે શાસ્ત્રવેદ પૂર્વકાંડ તથા ઉતર કાંડનો સ્રષ્ટિ વાકયોમાં કારણરૂપ બ્રહ્મને જ કહ્યા છે. કાર્યપ્રતિપાદક વાકયો સ્વરૂપ પ્રતિપાદક વાકય પર આધારિત (નિર્ભર) રહેવાને કારણે સ્વરૂપ પ્રતિપાદક વાકય શેષ ઉપસંહારમાં બ્રહ્મકર્તા નથી એવો નિષેધ જોવામાં આવતો નથી. પરંતુ બ્રહ્મને કારણ કહેલું છે. "અસ્થૂલમનણુ' આનાથી તે સ્થૂલ નથી અણું નથી ઇત્યાદિ ધર્મ નિષિદ્ધ વાકયોમાં નકારાત્મક ધર્મ હોવા છતાં બ્રહ્મ અલૌકિક વિરૂધ્ધ ધર્માશ્રયત્વ હોવાને કારણે નિષેધમાં લૌકિક રીતના કતૃત્વનો નિષેધ હોવાથી અલૌકિક કતૃત્વ સિધ્ધ થઇ જ જાય છે. આપના મત પ્રમાણે લક્ષણા કરીને પરબ્રહ્મ પર કર્તૃંત્વનો આરોપ અધમ અને નિંદનીય હોવાના કારણે શ્રુતિસિદ્ધ કર્તૃંત્વનો ત્યાગ કરવો ઉચિત છે. આથી સર્વનું આદિકારણ બ્રહ્મ છે એમ સિદ્ધ થયું. આનંદમય અધિકરણમાં બ્રહ્મને આનંદમય કહેલા છે. અને તે જ અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમયથી પણ ભિન્ન આનન્દમય છે.

સર્વાન્તર બ્રહ્મ છે

"આ જે સૂર્યાલોકાન્તર્ગત હિરણ્મય પુરૂષનાં દર્શન થાય છે તે સર્વપ્રકારથી ચરણથી મસ્તક પર્યન્ત આ નખ શિખાન્ત સુવર્ણમય છે. જેમ કવિનું આસન હોય છે તેમ અને પુંડરીક કમળના આસન સમાન લાલ તેમના નેત્ર છે તેનો ઉદય થાય છે એવું જે જાણે છે તે સર્વપાપથી મુકત યાય છે" વગેરે વાકયો દ્વારા છાંદોગ્ય ઉપનિષદમાં કહે છે ત્યાં પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે:- શું ઉપરોકત છાંદોગ્ય શ્રુતિમાં જે પ્રકારથી કહ્યું છે તેવી જ રીતે તેવું જ વાસ્તવિક સૂર્યમંડલ અન્તર્ગત જે પુરૂષ છે તે અધિષ્ઠાતૃત્વ દેવતા શરીર છે કે બ્રહ્મ શરીર ? તેમાં વિકારવાદી હિરણ્મયાદિ પદોથી અને દેહધર્મના કથનથી નેત્રવાલા કહેવાથી તે શરીર જીવતુંજ છે. અગર કહેવામાં આવે કે નિષ્પાપપણું આદિ ધર્મ કહ્યા છે જીવમાં પૂર્વદોષ વિદ્યમાન હોવાથી તે જીવ શરીર નથી તો બ્રહ્મ શરીર કઇ રીતે હોઇ શકે ? કારણ બ્રહ્મ શરીર કર્મજન્ય ન હોવાથી નિષ્પાપ હોઇ શકે છે. શરીરનો સ્વીકાર કરવાથી ઇન્દ્રિયોનો પણ સ્વીકાર કરવો પડે છે. દ્રષ્ટાંતમાં આરકત વર્ણનો સ્વીકાર કરવાથી વર્ણમાત્રનું પરિગ્રહણ કરી લઈશું તો કોઇપણ પ્રકારનો દોષ નહિ કહે. જો આ પ્રકારનો પૂર્વ પક્ષ કરવામાં આવે તો તેનો પ્રત્યુત્તર આ પ્રમાણે છે.

આદિત્યાન્તર્ગત જે પુરૂષ દેખાય છે તે પરમાત્મા જ છે કે કેમ ? અથવા તો શ્રુતિમાં ઉદય વગેરે બ્રહ્મના ધર્મોનો ઉપદેશ છે. "તાત્પર્ય એ છે કે કારણ બ્રહ્મ છે અને જગત તેનું કાર્ય છે" તેમાં કાર્યના અસાધારણ ધર્મ કારણમાં નથી જતા તે જ પ્રમાણે કારણના અસાધારણ ધર્મ કાર્યમાં નથી જતા. (પ્રત્યેકના ધર્મ સ્વતંત્ર જ રહે છે.) લોક વ્યવહારમાં પણ જોઇએ છીએ કે ઘડો કાર્ય છે માટીનો પિંડ કારણ છે. જલ ભરીને ગ્રહણ કરી રાખવું વગેરે માટીના પિંડમાં નથી અને તેવી જ રીતે માટીના પિંડના અસાધારણ ધર્મ ઘડામાં નથી. અગર જો કાર્ય અને કારણના ગુણ ધર્મ એક બીજામાં ચાલ્યા જાય તો પછી કાર્ય અને કારણની વિશેષતા-વિલક્ષણતા શું રહે ? અગર કાર્યકારણની વિશેષતા ન રહે તો વ્યવહાર પણ નષ્ટ થઇ જશે. એટલા માટે નિયમને માનવો પડશે કે અસાધારણ ધર્મ પોતપોતાની અંદર જ રહે છે.

પ્રસ્તુત વાકયમાં પણ તેનો ઉદય થાય છે એમ કહેવાથી તે સર્વ પાપોથી ઉદિત થાય છે ઇત્યાદિ પ્રકારથી વર્ણન થયેલું હોવાને કારણે તે "અપહત પાપ્મા છે" (પાપ વગરના છે) એમ સિદ્ધ થયું. સાથે સાથે મૂલ છાંદોગ્ય શ્રુતિમાં "આદિ" પદ હોવાથી તે અક્ષી પુરૂષનું વર્ણન કરવાવાળી ઋચા છે. તે સામ છે યજુષ છે તે બ્રહ્મ છે આ પ્રકારથી અન્ય શ્રુતિઓમાં પણ બ્રહ્મના અસાધારણ ધર્મ કહેલા છે. તે બ્રહ્મ છે એવું જણાય છે. શ્રી વ્યાસજીએ "અન્તસ્તદ્ધર્મોપદેશાત" ૧-૧-૧૮ સૂત્રમાં 'અન્તઃ' પદનો પ્રયોગ કર્યો છે. આનાથી એ પણ જાણવા મળે છે કે સ્થાનાંતરમાં પણ જ્યાં જ્યાં બ્રહ્મના ધર્મોનું વર્ણન કરેલું (કર્યું) છે ત્યાં પણ બ્રહ્મ જ અર્થ કરવો જોઇએ નહિ કે જીવ અથવા જડ આપ

એવી શંકા નહિ કરી શકો કે કેશ નખ આદિ કાર્યધર્મોનું વર્ણન છે તેમાં કોઇ પ્રમાણ નથી. કારણ ધર્મ ઉપજીવ્ય અને નિત્ય હોવાથી કારણ બલવાન છે અપહતયાપ્મા આદિ બ્રહ્મ ધર્મના પ્રકૃતના ઉપદેશ હોવાને લીધે તે જ બ્રહ્મ છે.

હિરણ્ય શબ્દનો અર્થ હિરણ્યનો વિકાર નથી પાણિનીય વ્યાકરણ સૂત્ર "દ્વયચશ્છન્દસિ" (૪/૩/૧૫૦) ના અનુસાર જયાં બે સ્વર ન હોય ત્યાં વેદમાં વિકારાર્થક મયર પ્રત્યય થતો નથી. કેશાદિ નામ માત્રથી તુલ્ય છે નહિ કે વસ્તુતઃ "અણુથી પણ અણુ અને મહાનથી પણ મહાન છે." આ શ્રુતિ વાકયથી સિદ્ધ છે કે પરિચ્છેદ પણ બ્રહ્મ ધર્મ જ છે. "ચાક્ષુષત્વાદિ ભગવદિચ્છાથી છે નહિ કે ઇન્દ્રિયોના સામર્થ્યથી" શ્રુતિમાં પણ કહ્યું છે કે "તે બ્રહ્મ પોતાના શરીરનો સ્વયં વિસ્તાર કરે છે "ઇત્યાદિ શ્રુતિવાકયોથી સ્પષ્ટ સ્વરૂપે આવું સમજાય છે. અસ્થૂલાદિ વાકયોમાં સ્થૂલત્વાદિકનો નિષેધ છે નહિ કે અલૌકિ બ્રહ્મ ધર્મોના. આથી તે બ્રહ્મ સર્વાન્તર જ છે.

ભોકતા કોણ છે ?

કઠવલ્લીમાં વિચાર કરવામાં આવ્યો છે કે "બ્રહ્મક્ષત્ર" (બ્રાહ્મણ અને ક્ષત્રિય કે જે ધર્મોના આધારભૂત વર્ણ છે) જેમનો ભોજય પદાર્થ દહીં ભાત છે અને મૃત્યુ જેમનું ઉપસેચન અર્થાત ચટણી છે ઉપખાદ્ય છે. તે આત્મા કયાં છે તે કોણ જાણી શકે છે." આ શ્રુતિમાં દહીં અને ઉપસેચન શબ્દનો પ્રયોગ છે અર્થાત એમના કોઇ ભોકતા હોવા પણ જરૂરી છે તે કોણ છે અગ્નિ જીવ કે પરમાત્મા ?

"અગ્નિરન્નાદઃ" અર્થાત અગ્નિ અન્નને જમનાર છે" આ વાકયથી અગ્નિ ભોકતા બની શકે છે. અને "દ્વાસુપર્ણા સયુજા સખાય સમાનં વૃક્ષં પરિસસ્વ જાતે તયોરન્યઃ પિપ્પલં સ્વાદ્વત્તિ અનશ્નનન્યો (અનશ્નન્ અન્યઃ) અભિચાકશીતિ" બે પક્ષી એક સાથે મિત્ર બનીને એક જ વૃક્ષ પર રહેલાં છે. તેમાંનું એક પિપ્પલના ફળને ખાય છે બીજું ખાતું નથી." આ વાકયથી જીવ ભોકતા છે. પરમાત્મા ભોકતા હોવાનુ કોઇ પ્રમાણ મળતું નથી. આપ ઇશ્વરને ભોકતા પણ કહો છો તેનું પ્રમાણ શું છે ?

અગ્નિ અથવા જીવ ભોકતા નથી પરમાત્મા ભોકતા છે તેમાં આપે કઠવલ્લીની જે શ્રુતિનો આશ્રય લીધો છે તે જ પ્રમાણ છે કારણકે ઉપયુકત શ્રુતિ વાકયમાં બ્રહ્મ ક્ષત્રને દહીં અને મૃત્યુને ઉપસેચન કહ્યું છે. બ્રહ્મ ક્ષત્રનો વધ અવશ્ય છે અને ચરાચરનો નાશ કરવાવાળુ મૃત્યુ છે તેનું ભોજન કરનાર અગ્નિ અથવા જીવ માટે સર્વથા અસંભવ છે. પરમાત્માને જયાં "ભોકતા નથી" એવું કહેવામાં આવે છે તેનો અર્થ એવો થાય છે કે કર્મ ફળને તે ભોગવતા નથી તે ભોકતા નથી કારણકે ત્યાં કર્મફળનું જ પ્રકરણ રજુ કર્યું છે. "પરમાત્મા કર્મફલના ભોકતા નથી" કહી દેવાથી સંપૂર્ણ વિકારોનો સંહાર નથી કરતા એવો નિષેધ કરી શકીએ નહિ કારણકે સ્રષ્ટિ સ્થિતિ અને સંહાર આ બ્રહ્મના ધર્મ છે, માટે જ તે ભોકતા છે.

(ક્રમશઃ)

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૪૨મો)

શુભાશુભફલૈરેવં મોક્ષ્યસે કર્મબંધનૈઃ ।
સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામુપૈષ્યસિ ॥૨૮॥

એ પ્રમાણે સંન્યાસયોગમાં જોડાયેલા ચિત્તવાળો તું શુભ અને અશુભનાં ફળરૂપ કર્મનાં બંધનોમાંથી મુક્ત થઈશ અને મુક્ત થયેલો તું મને પામીશ. ॥૨૮॥

એ પ્રમાણે મને સમર્પણ કરાયું હોય તેમાં તેનાથી થતું બંધન નષ્ટ થશે. એમ ‘શુભાશુભફલૈઃ’ વગેરે શબ્દોથી કહે છે. એ પ્રમાણે મને સમર્પણ કરવાથી શુભ અને અશુભ ફળોથી તું મુક્ત થઇશ. શુભ ફળો શુભ પુત્રો વગેરેથી થતું ફળ અને અશુભ ફળો કલેશ, દરિદ્રતા વગેરે કે જે કર્મને કારણે થાય છે તેનાં ફળોથી તું મુક્ત થઇશ, એમ અર્થ છે. તે ફળો મારી સેવાને યોગ્ય હોય એવાં જ હોય છે, એવો ભાવ છે. તેનાથી સંન્યાસયોગમાં જોડાયેલું મન, સંન્યાસ એટલે બધાં કર્મોનું મને સમર્પણ કરીને, તેનાથી મારી ભક્તિવાળો યોગ અને તેની સાથે જોડાયેલું અંતઃકરણ જેનું છે તેવો થઇને તું કર્મનાં બંધનોમાંથી છૂટી જઇને મને પ્રાપ્ત કરીશ, એમ અર્થ છે. ॥૨૮॥

સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥૨૯॥

હું સર્વ ભૂતોમાં સમાન છું. મને (કોઇ) અપ્રિય નથી, (કોઇ) પ્રિય નથી. પરંતુ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું પણ તેઓમાં છું. ॥૨૯॥

એ પ્રમાણે કર્મને સમર્પણ કરવાથી તેના બંધનમાંથી નિવૃત થવાય છે, એમ કહીને, સમર્પણ નહિ કરનારાને બંધન નિશ્ચિત જ છે, એમ કહ્યું છે. તેનાથી ભગવાનની વિષમતા વિષે શંકા કરનારને ‘સમોઽહમ્’ વગેરે શબ્દોથી કહે છે. હું ભૂતમાત્રમાં સમાન છું. મને કોઇ અપ્રિય નથી કે કોઇ પ્રિય નથી. અહીં આ ભાવ છેઃ મારી ક્રીડાને માટે ભૂતમાત્રનું મેં સર્જન કરેલું છે, તેથી તે બધાંમાં હું સમાન છું. જેઓ ક્રીડા માટે હોવાનું જાણતા નથી અને તેથી અન્યથા કર્મો વગેરે કરે છે તેઓ મારામાં વિષમતા હોવાનું માને છે, તેથી તેમાં તો તેઓના આત્મદોષને કારણે જ બંધન વગેરે હોય છે. પરંતુ જેઓ મને ભક્તિથી જાણીને, એટલે કે સ્નેહથી ક્રીડા સ્વરૂપે જાણીને ભજે છે, તેઓ મારા ભજનના સ્વાભાવિક રીતે જ ધર્મવાળા હોવાથી મારામાં સ્થિર રહે છે. તેઓ પ્રત્યે હું તેઓના કાર્યથી પ્રસન્ન રહુ છું, તેથી મારામાં વિષમતા નથી, એવો ભાવ અહીં દર્શાવાયો છે. ॥૨૯॥

અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।
સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥૩૦॥

અતિ દુરાચારી છતાં જો અનન્ય નિષ્ઠાવાળો મને ભજે છે તો તે સાધુ જ માનવા યોગ્ય છે; કારણ કે તે યથાર્થ નિશ્ચયવાળો છે. ।।૩૦।।

અરે, જેઓ આપને ભજે છે તેઓમાં જો આપનો વાસ રહે છે તો પછી તેઓ વિષયો વગેરેમાં લાગી રહેલા હોય છે એમ કેમ ? એવો પ્રશ્ન થાય તો 'અપિ' વગેરે શબ્દોથી કહે છે. જો દુરાચારી હોય તો પણ, જે મને અનન્ય ભાવે ભજે છે તે સત્પુરુષ માનવા યોગ્ય છે. અહીં આ ભાવ છે: વિષય જેવા મહાપાપોનું વારંવાર આચરણ કરવાના અભાવવાળો પણ, તેવાં પાપોને નિવારવા માટે અન્ય દેવોનું ભજન, પ્રાયશ્ચિત વગેરે કર્તવ્ય કરે, એ એનો ઉપાય નથી, એવા જ્ઞાનથી અન્યનું ભજન નહિ કરનાર, એટલે કે એકનું જ ભજન કરવું, એવી કામનામાં દૃઢ નિશ્ચય રાખીને, પોતાનામાં પ્રગટેલા દૈન્યના ભાવથી જે મને ભજે છે તે સાધુ જછે, એમ માનવું જોઇએ. તારે એમ કરવું જોઇએ, એટલું અધ્યાહાર છે. 'અપિ ચેત' એવા શબ્દો વડે તેવા પ્રકારના આચારની અનન્ય ભજનમાં દુર્લભતા દર્શાવી છે. એમ શાથી ? એવો પ્રશ્ન થાય તો 'સમ્યગ્વ્યવસિતઃ' વગેરે શબ્દોથી કહે છે. કારણ કે પહેલાં કહેવાયેલ છે તેવા તેણે યથાર્થ નિર્ણય કર્યો છે કે, મારાં મહાન પાપોને નિવારવાર શ્રીકૃષ્ણ વિના બીજો કોઈ નથી. અહીં 'હિ' શબ્દ નિશ્ચિતતાના અર્થમાં છે, એમાં શંકા નથી, એમ અર્થ છે. ।।૩૦।।

ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ ।
કૌંતેય પ્રતિજાનીહિ ન મે ભકતઃ પ્રણશ્યતિ ।।૩૧।।

તે વિના વિલંબે ધર્માત્મા થઇ જાય છે અને સદાય શાંતિને પ્રાપ્ત કરે છે. હે કુંતીપુત્ર અર્જુન, તું પ્રતિજ્ઞા કર કે, મારો ભકત નાશ પામતો નથી. ।।૩૧।।

એવી રીતે પ્રવૃત્ત થયેલાના દુરાચાર વગેરે નાશ પામે છે, એમ 'ક્ષિપ્રમ' વગેરે શબ્દોથી કહે છે. તે ત્વરિત ધર્માત્મા થાય છે, એટલે કે મારી સેવાને યોગ્ય થાય છે, તેનાથી તે શાશ્વત શાંતિને પામે છે, એટલે કે મારા સ્વરૂપવાળી, સર્વથા ભાવાત્મક રૂપથી તે શાન્તિને પ્રાપ્ત કરે છે. તેથી હે કૌંતેય, હે મારી કૃપાને પાત્ર, તે પ્રમાણે દુરાચારી હોય તો પણ મારા ભકતમાં નિર્દોષ ભાવથી સાધુતા રહેલી છે, એમ માનીને મારા પ્રત્યે દોષદૃષ્ટિ અંગે પ્રતિજ્ઞા કર કે, મારો ભકત દુરાચાર જેવા દોષોથી નાશ પામતો નથી, પણ દોષો જ નાશ પામે છે, એમ અર્થ છે. એવી રીતે મારા ભકતના અધિક વર્ણનથી હું પ્રસન્ન થઇશ, એવો ભાવ છે. ।।૩૧।।

માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિ સ્યુઃ પાપયોનયઃ
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાસ્તેડપિ યાન્તિ પરાંગતિમ્ ।।

હે પૃથાના પુત્ર અર્જુન, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો, જેઓ અધમ કુળમાં જન્મેલા હોય છતાંય તેઓ પણ મને જ આશ્રયરૂપ સ્વીકારીને પરમ ગતિને પામે છે. ।।૩૨।।

અરે, એવી રીતે તો ભકિતમાં હીન અધિકારપણું આવે, એવી શંકા થાય તો 'માં હિ' વગેરે શબ્દોથી કહે છે. હે પાર્થ,

હે માતાના સંબંધથી થયેલ ભક્તિસ્વરૂપ, નિશ્ચયપૂર્વક વિશેષતાથી મારો આશરો લઇને, સારી રીતે સેવા કરીને, જે પાપયોનિમાં જન્મેલાં, એટલે કે અત્યંજ, મ્લેચ્છ, સ્ત્રીઓ વગેરે માત્ર પરાધીન યોનિઓમાં જન્મેલાં અને વૈશ્યો એટલે કેવળ કૃષિ પરાયણ રહીને પેટ ભરનારા, તેમ જ શોકથી દ્રવી ગયેલા શૂદ્રો ઉપદેશ આપવાને અયોગ્ય હોય તેઓ પણ પરમ ગતિને પામે છે, એટલે કે મોક્ષને પામે છે, સાયુજ્ય ગતિ મેળવે છે, એમ અર્થ છે. તેમાં 'યે' (જેઓ) એવા પદથી ભગવાનની સેવા માટે ઉત્પન્ન કરાયેલા હોય તે સિવાયના, એમ સૂચવ્યું છે. ॥૩૨॥

કિં પુન ર્બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા ।
અનિત્યમસુખં લોકમિમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ।૩૩।

(તો પછી) બ્રાહ્મણો, પુણ્યશાળીઓ, ભક્તો તથા રાજર્ષિઓ કેટલા અધિક ગણાય ? આ અનિત્ય, સુખ રહિત લોકને પામીને તું મને ભજ. ॥૩૩॥

જ્યાં હીન અધિકારીઓ પરમ ગતિને પ્રાપ્ત કરે છે ત્યાં ઉત્તમ અધિકારીઓ માટે કહેવાનું જ શું હોય ? એવા અર્થમાં 'કિં પુનઃ' વગેરે શબ્દોથી કહે છે. 'પુણ્યાઃ' એટલે પુણ્યશાળીઓ, વેદમાં કહેવાયેલ મારા સ્વરૂપના જ્ઞાનને માટે જીવનના પ્રારંભમાં વેદાધ્યયન કરનારા બ્રાહ્મણો તથા મંગલકારી ધર્મ વગેરે કાર્યોથી પ્રજાનું રક્ષણ કરનારા રાજર્ષિઓ એટલે કે રાજાઓ ક્ષત્રિય થઇને, ઋષિઓ બ્રહ્મકર્મમાં નિષ્ઠાવાળા, ઉત્તમ અધિકારીઓ, ભક્તો, સંતો પરમ ગતિને મેળવે એમાં શું કહેવાનું હોય ? તેઓની તો દેખીતી રીતે જ ભજનમાં યોગ્યતા છે, એવો ભાવ છે. તેથી જ્યાં હીન અધિકારીઓની યોગ્યતા હોય જ, એવા શબ્દોથી, 'જ્યાં અધિકનું અનુસરણ કરાયું હોય ત્યાં નિષ્ફળતા ન જ હોય,' એ ન્યાય દર્શાવેલ છે. એનાથી એવી ઉત્તમતાના અભાવમાં હીનતા જ હોય એમ કહેવાયું છે; જેથી ઉત્તમ અધિકારીઓને આવશ્યક છે તેથી તું ક્ષત્રિય હોવાથી, સ્વધર્મનિષ્ઠ હોવાથી અને ભક્તનો પુત્ર હોવાથી, ઉત્તમ અધિકાર હોવાથી તારે માટે અવશ્ય કર્તવ્ય છે, એમ 'અનિત્યમ્' વગેરે શબ્દોથી કહે છે. આ લોકને એટલે કે નિવાસનું સ્થાન એવા દેહને મેળવીને અનિત્ય, સુખ રહિત સંસારને (સાંસારિક જંજાળને) છોડીને તું મને ભજ, અથવા સંસારને જાણીને તું મને ભજ, એટલું અધ્યાહાર છે. ॥૩૩॥

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ ।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમાત્માનં મત્પરાયણઃ ।૩૪॥

મારામાં મનવાળો, મારો ભક્ત, મારું પૂજન કરનાર તું થા. તું મને નમસ્કાર કર. એ પ્રમાણે મારે આશ્રયે રહેલો તું મનને જોડીને મને જ પ્રાપ્ત કરીશ. ॥૩૪॥

ભજન કરવાની રીત 'મન્મનાઃ' વગેરે શબ્દોથી કહે છે. મારામાં જ મન જેનું છે તેવો થઇને, મારો ભક્ત એટલે કે મારામાં સ્નેહવાળો, મને પૂજનારો મારી સેવા કરવાના સ્વભાવવાળો થઇને તું મને નમસ્કાર કર. મનને તલ્લીન કરવામાં મનનું ભજન કહ્યું છે, પૂજનથી કાયિક ભજન કહ્યું છે અને નમસ્કારથી વાચિક ભજન કહ્યું છે. તેનાથી શરીર વાણી અને મનથી ભજન કર, એમ કહ્યું છે. એવી રીતે મારે પરાયણ થઇને, મનને મારામાં સ્થિર કરીને તું અવશ્ય પુરુષોત્તમ એવા મને

પ્રાપ્ત કરીશ. 'એવ' શબ્દથી અંશરૂપ અક્ષરની પ્રાપ્તિ નિવારી છે અને મને જ પામીશ, એમ કહ્યું છે. ।।૩૪।।

એ પ્રમાણે પોતાની ભક્તિં માહાત્મ્ય સાધન સહિત ભજનને માટે, શ્રી કૃષ્ણે તો અર્જુનને નિશ્ચિત રીતે નવમા અધ્યાયમાં વિશિષ્ટતાથી કહ્યું છે.

એ પ્રમાણે બ્રહ્મવિદ્યા, યોગશાસ્ત્ર અને ઉપનિષદ રૂપ, શ્રી કૃષ્ણ અને અર્જુનના સંવાદમાં શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભક્તિયોગ નામનો નવમો અધ્યાય પૂરો થયો.

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપરની અમૃતતરંગિણી ટીકામાં નવમો અધ્યાય પૂરો થયો. ।।૯।।

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૩ તા. ૮-૮-૮૬ શુક્રવાર ઠકુરાણી ત્રીજ.

શ્રાવણ સુદ ૫ તા. ૧૦-૮-૮૬ રવિવાર નાગ પંચમી શ્રીનાથજીની ડાબી ભૂજાનું પ્રાકટ્યં (સં. ૧૪૬૫)

શ્રાવણ સુદ ૯ તા. ૧૪-૮-૮૬ ગુરુવાર બગીચા નોમ, શ્રી ગોવિંદલાલજી કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૧૬-૮-૮૬ શનિવાર પુત્રદા એકાદશી વ્રત. પવિત્રા એકાદશી. સંયોગાત્મક—મહારાત્રિ.

શ્રાવણ સુદ તા. ૧૨ તા. ૧૭-૮-૮૬ રવિવાર પવિત્રા બારસ શ્રી ગુરૂને પવિત્રા ધરાવવાં.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૯-૮-૮૬ મંગળવાર રક્ષાબંધન. નાળિયેરી પૂનમ, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૨ તા. ૨૧-૮-૮૬ ગુરૂવાર હિંડોળા વિજય.

શ્રાવણ વદ ૭ તા. ૨૬-૮-૮૬ છઠ્ઠી પૂજન શ્રી વિષ્ણુ સ્વામીનો પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૨૭-૮-૮૬ બુધવાર જન્માષ્ટમી વ્રત ભાવાત્મક મહારાત્રિ.

શ્રાવણ વદ ૯ ૨૮-૮-૮૬ ગુરૂવાર શ્રીનંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૧ તા. ૩૧-૮-૮૬ રવિવાર અજા એકાદશી વ્રત.

શ્રાવણ વદ ૧૪ તા. ૩-૯-૮૬ બુધવાર શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સં. ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રી ગોપાલજીનો ઉત્સવ (સં. ૧૯૧૦)

ભાદરવા સુદ ૧ તા. ૫-૯-૮૬ શુક્રવાર શ્રી રાધાજીની વધાઈ પ્રારંભ

ભાદરવા સુદ ૩ તા. ૭-૯-૮૬ રવિવાર કેવડા ત્રીજ ગણેશ ચતુર્થી.

ભાદરવા સુદ ૪ તા. ૮-૯-૮૬ સોમવાર ઋષિ પંચમી દ્વિતીય સ્વરૂપોત્સવ શ્રી ચંદ્રાવલીજીનો પ્રાકટ્ય દિન.

ભાદરવા સુદ ૬ તા. ૯-૯-૮૬ મંગળવાર શ્રી લલિતાજીનો પ્રાકટ્ય દિન.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિત પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

ગ્રંથ પરિચય પૂ. પા. ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજ (મુંબઈ પારલા)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**

બી. એ. (ઓનર્સ) કોવિદ

(લેખાંક પહેલો)

[‘શ્રીવલ્લભ સુધા’ના વાચકો સમક્ષ પૂજ્યપાદ શ્રી મહાપ્રભુજીના ષોડશગ્રંથોમાંથી પ્રથમ પાંચ ગ્રંથો ઉપરની ટીકાઓનો અનુવાદ મૂળ ગ્રંથોની સાથોસાથ અપાઇ ગયેલ છે. હવે છઠ્ઠા ગ્રંથ નવરત્ન ઉપર પૂજ્યપાદ શ્રી વિઠ્ઠલેશ્વરજી વિરચિત પ્રકાશનો અનુવાદ શરૂ થાય છે, આ શબ્દશઃ અનુવાદ છે, તેમાં સ્વતંત્ર કશું જ ઉમેરાયું નથી કે કશું જ છોડી દેવામાં આવ્યું નથી. તેમ છતાં તેને સરળ બનાવવા વધુમાં વધુ લક્ષ આપવામાં આવ્યું છે. મૂળ ગ્રંથના શ્લોકો અને તેની નીચે તે શ્લોકનો અર્થ આપીને તેની નીચે ટીકાનું ભાષાંતર અપાય છે. શ્લોકમાંના શબ્દો, અર્થ અને ભાવ વગેરે ટીકામાંથી મળે છે. તેથી ટીકાનું ભાષાંતર ધ્યાનપૂર્વક વાંચવાથી ખૂબ આનંદ આવશે. પુષ્ટિ સાહિત્ય મૂળે તો સંસ્કૃતમાંજ લખાયેલ છે અને તેમાં કેટલાક પારિભાષિક શબ્દો આવે છે, તેનો ભાવ બહોળા વાચનથી જ સમજાશે. પ્રત્યેક વૈષ્ણવે ઓછામાં ઓછું એક કલાક તો પ્રતિદિન પુષ્ટિસાહિત્યનું વાચન કે શ્રવણ અને મનન અવશ્ય કરવું જ જોઇએ, પરિણામે તેમાં રસ આવશે અને બહોળા વાચનથી વિશેષ અને વિશેષ તેમાંનું રહસ્ય આત્મસાત્ થતાં આનંદ આવશે.

આ નવરત્ન નામનો છઠ્ઠો ગ્રંથ વિ. સં. ૧૯૮૧માં શ્રી મૂલચંદ તુલસીદાસ તેલીવાળા તથા શ્રી ધીરજલાલ વૃજદાસ સાંકળિયા દ્વારા સંપાદિત તથા પ્રકાશિત કરાયેલ હતો, તેનું જે સંસ્કરણ ઓફસેટ પ્રોસેસ દ્વારા પુનર્મુદ્રિત કરાયું છે, તેના પ્રારંભમાં પૂજ્યપાદ ગો. શ્રી શ્યામ મનોહરજી લિખિત ‘ગ્રંથ-પરિચય’નું ભાષાંતર તે જ ગ્રંથનો આરંભ કરતાં પહેલાં આપવામાં આવેલ છે, પુષ્ટિપ્રેમીઓ તેનું વાચન, શ્રવણ, મનન કરીને અનુસરણ કરે, એજ અભ્યર્થના !

–અનુવાદક]

ગ્રંથ-પરિચય

પૂર્ણપણે ચોક્કસ કહી શકાય નહિ એવી લોકો દ્વારા ઝિલાતી આવતી વાણી અનુસાર નવરત્ન ગ્રંથની રચના શ્રી મહાપ્રભુજીએ વિ. સં. ૧૫૫૮માં અડૈલમાં કરી હતી. આ ગ્રંથ ખેરાળુ ગામના ગોવિંદ દવે સાંચોરાને માટે લખવામાં આવેલ હતો.

પ્રારંભથી જ ગોવિંદ દવેની મનોવૃત્તિ વૈરાગ્યપ્રધાન હતી. નાની વયમાં જ તેઓ પોતાનાં માતાપિતાને છોડીને તીર્થયાત્રા માટે દ્વારકા પહોંચી ગયા હતા, અને પછી ત્યાં જ રહેવા માંડયા હતા. ભાવપ્રકાશ અનુંસાર તેઓ

મર્યાદાપુષ્ટિનો જીવ હતા, અને તેને અનુરૂપ તેમની આસક્તિ દ્વારકાલીલામાં વિશેષ હતી અને તેથી જ દ્વારકાના શ્રી રણછોડજીના સ્વરૂપમાં પણ અતિ અધિક આસક્તિ હતી. પોતાનાં માતપિતાના દેહાવસાન પછી, તેઓ શ્રાદ્ધ કરવાને માટે 'ગયા' ગયા હતા. પાછા વળતાં માર્ગમાં મણિકર્ણિકાના ઘાટ ઉપર મહાપ્રભુજી સાથે તેમનો મેળાપ થયો. દર્શન કરવાના સમયે તેમને ઇચ્છા થઇ કે શ્રીમહાપ્રભુજીની પાસે રહીને થોડું જ્ઞાન મેળવું. અનુંમતિ મળી જતાં કયાંકથી વ્યાકરણનું પુસ્તક લઇ આવ્યા, પરંતુ મહાપ્રભુજીએ મૂળ ગીતાજીના અધ્યયન દ્વારા જ સંસ્કૃત ભાષા, વ્યાકરણ તેમ જ સિદ્ધાંતનું જ્ઞાન પણ તેમને પ્રદાન કર્યું. તેનાથી પ્રભાવિત થઇને તેઓ પુષ્ટિ માર્ગમાં દીક્ષિત થયા અને આજ્ઞા પ્રમાણે ઘેર પાછા આવીને ભગવત્સેવામાં પ્રવૃત્ત થઇ ગયા.

૮૪ વૈષ્ણવોની વાર્તા પ્રમાણે—"ગોવિંદ દૂબેએ એક પત્ર આચાર્યશ્રીને લખ્યો—'મહારાજ, મારા મનમાં બહુ જ વ્યગ્રતા રહે છે, ભગવત્સેવામાં ચિત્ત ચોંટતું નથી, તો મારે શું કરવું ?' તે પત્ર આચાર્યશ્રીની પાસે આવ્યો. પત્રને વાંચીને, આપશ્રીએ નવરત્ન ગ્રંથની રચના કરી લખી મોકલ્યો, અને લખ્યું કે, 'આ નવરત્ન ગ્રંથનો પાઠ કરવાથી તારા મનની વ્યગ્રતા ટળી જશે.' તે રીતે પાઠ કરતાં આચાર્યજીની કૃપાથી વ્યગ્રતા—બધી ચિંતા ટળી ગઈ અને મન ભગવત્સેવા કરવામાં લાગી ગયું,"

આ પ્રસંગનું ઊંડુ રહસ્ય શ્રી હરિરાય ચરણજીએ ભાવપ્રકાશમાં બહુજ સુંદર શબ્દોમાં દર્શાવ્યું છે—"ગોવિંદ દૂબેના મનમાં વ્યાકુળતા થઇ, તેનો અર્થ એ છે કે, ગોવિંદ દૂબેનો જીવ દ્વારકાલીલાના સંબંધનો હતો અને સેવાભાવના વ્રજની કરે, તેથી તેનું મન તેમાં લાગતું નહોતું. તેમની દઢતા ન થઇ રાજલીલામાં કે ન થઇ વ્રજલીલામાં આમ તેમનું મન અનેક સાધન કરવામાં દોડયા કરતું હતું. તેમને થતું કે, તીર્થ કરું, વ્રત કરું. કોઈ જપ કરું, એમ મન અનેક ઠેકાણે ભટકતું હતું. તેથી આચાર્યશ્રી મહાપ્રભુજીએ નવરત્ન ગ્રંથ લખી મોકલ્યો,—'તું ચિંતા કર નહિ, ચિત્તની ઉદ્વેગતા છે, તેને પ્રભુની લીલા જાણીને અને શ્રી ઠાકોરજીમાંથી તારું મન અન્ય સ્થળે જાય તેને પણ ભગવદિચ્છા માનીને ચિંતા કરવી નહિ. જેટલી બને તેટલી સેવા કરવી. એવી મહાપ્રભુજીની આજ્ઞાથી ગોવિંદ દૂબેનું મન સ્થિર થઇ ગયું. મન લૌકિકમાં કે વૈદિકમાં જયાં જાય તેને ભગવદિચ્છા માને. શ્રી રણછોડજીમાં મન બહુ જાય તેને પણ ભગવદિચ્છા માને, અને ત્યાંની લીલામાં તલ્લીન રહે. શા માટે ? શાસ્ત્રોમાં અને પુરાણોમાં પ્રભુને મેળવવાના અનેક ઉપાય કહેલા છે. જીવને ઇચ્છા પ્રમાણેના માર્ગ બતાવ્યા છે. જે જેનો અધિકારી હોય તેમાં તેનું મન આપમેળે જ લાગી જાય છે.

તેથી જેમ માનવી રસ્તે જનારને દશ ગામના માર્ગ બતાવે, પરંતુ જનારે પોતાને જયાં જવું હોય તે જ એક માર્ગે તે જાય છે. તેવી જ રીતે કોઇ ભગવદીય દ્વારા, કોઈ ઇશ્વર દ્વારા, જેવો અધિકારી તેવો સંગ પામે અને તે માર્ગમાં તેનો ભાવ દઢ થઇ

જાય. તેવી રીતે ગોવિંદ દૂબેને શ્રી રણછોડજીમાં દઢભાવ થઈ ગયો.”

પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથમાં માર્ગભેદનું નિરૂપણ કરેલુંજ છે. બધા જીવોના માર્ગ અલગ અલગ છે. સ્વયં પુષ્ટિમાર્ગમાં પણ ભગવાનની પાસે, પહોંચવાની અનેક દિશાઓ એટલે કે અનેક રીતો છે. જે દિશામાં આપણો જવાનો પ્રયાસ અનાયાસે જ થઇ જાય છે. પોતપોતાના સ્વભાવ પ્રમાણે સરળતાથી જે માર્ગ ઉપર આપણે ચાલી શકીએ છીએ, તે માર્ગને છોડીને વિશેષ ને વિશેષ ફળ મળવાની અપેક્ષાને વશ થઇને અથવા ખોટું અનુકરણ કરવાના મનના વલણથી જ્યારે આપણે આપણા સ્વભાવથી વિરુદ્ધ માર્ગ ઉપર ચાલવા ઇચ્છીએ ત્યારે તેવા પ્રયત્નમાં ચિંતા, ઉદ્વેગ કે વ્યગ્રતાથી મનનું ઘેરાઈ જવું એ સ્વાભાવિક જ છે.

પુષ્ટિપથનો પથિક સ્વયં પોતાના સ્વરૂપનું અથવા પોતાના કર્તવ્યના સ્વરૂપનું અથવા પોતાને ભજવા યોગ્ય ભગવાનના સ્વરૂપનું ચિંતન કરે, એ તો સ્વાભાવિક અને અનિવાર્ય જ છે. પરંતુ એવા ચિંતનનું સ્થાન જો અસ્વાભાવિક એવી ચિંતા લેવા માંડે તો તે મહાપ્રભુજીને સોહાવે એવું નહિ થાય; કારણ કે ચિંતાનું મૂળ આપણી આસ્થા, ભક્તિ તથા જે સ્વીકાર્યું છે તેને અનુરૂપ મનોવૃત્તિમાં ન રહેતાં અનાસ્થા; ઉદ્વેગ તથા અસ્વીકારની મનોવૃત્તિમાં રહે છે. ભગવાનની શરણાગતિ સ્વીકાર્યા પછી આ લોક સંબંધી કે પરલોક સબંધી બધું જ ભગવાનને સમર્પિત કરી દેવું જોઇએ. ભગવાન તો સર્વજ્ઞ, સર્વસમર્થ, સર્વના હિતાષી, સર્વના સુહૃદ, કર્તા–કારવતા, અચિંત્ય લીલાવિહારી છે. એવા પ્રકારના ભાવવાળી ભૂમિકા ઉપર સંશય, ચિંતા કે પ્રાર્થનાનું ઝેરીલું અંકુર ફુટી જ નહિ શકે. જે કાંઇ થઇ રહ્યું છે તેને લીલાના જ્ઞાનની સાથે સ્વીકારવામાં જ સાચો વિવેક રહેલો છે. ભગવાનની કૃપાથી ભગવત્સેવામાં કે ભગવત્કથામાં જેટલું ચિત્ત તન્મય થતું જાય, તેમાં અધિક ને અધિક આનંદ લેતાં રહેવાની મનોવૃત્તિ એ એક ઉદ્વેગ રહિત શાંત સ્વીકારની મનોવૃત્તિ છે. જો કે અધિકાર વગરના પ્રયત્ન દ્વારા જે આદર્શ તન્મયતા આપણને પ્રાપ્ત નથી થઇ એમાં ચિંતા કે ઉદ્વેગની મનોવૃત્તિ એ અસ્વસ્થ અસ્વીકારની મનોવૃત્તિ છે. જે પ્રાપ્ય થયું તેનાથી અધિક પ્રાપ્તિનો મનોરથ અસ્વાભાવિક નથી હોતો, પરંતુ જે પ્રાપ્ત નથી થયું તેની ચિંતા અથવા તેનાથી થયેલો ઉદ્વેગ એ એક અસ્વાભાવિક મનોવૃત્તિ છે. તેવી જ રીતે લૌકિક કે વૈદિક યોગક્ષેમ અંગે પણ નિરતર ચિંતા કર્યા કરવી તે પણ ભક્તિ–વિરોધી મનોભાવ છે.

તેથી, ભગવત્સેવામાં પ્રવૃત થનારા પુષ્ટજીવોને મહાપ્રભુજી આ નવરત્ન ગ્રંથ દ્વારા બધા જ પ્રકારની ચિંતાઓથી મુક્ત કરવા ઇચ્છે છે.

વૈદિક કર્મો કરવાનો અધિકાર જેવી રીતે ગાયત્રી મંત્રનો ઉપદેશ ગ્રહણ કરવાથી પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં ભગવત્સેવાનો અધિકાર બ્રહ્મસંબંધની દીક્ષાથી પ્રાપ્ત થાય છે. આત્મ નિવેદનની સાર્થકતા ભગવત્સેવાની સિદ્ધિમાં જ રહેલી છે. આથી

જ પોતાનો લૌકિક વ્યવહાર પણ શકય હોય ત્યાં સુધી ભગવાનની સેવામાં ઉપયોગમાં લેવાયેલ હોય તે પદાર્થોથી ચલાવવો જોઇએ. તેમાં પણ પ્રયોજન તો ભગવત્સેવાનો નિર્વાહ અન્ય પર આશ્રિત ન હોય તે જ છે. ભગવાનને દાનરૂપે કોઇ વસ્તુની ભેટ કર્યા પછી તેને ફરીને પોતાના ઉપયોગમાં લેવાનું વર્જિત છે, પરંતુ નિવેદન કરાયેલ સમર્પણની પ્રક્રિયામાં કોઇ વસ્તુને ફરીને પોતાના ઉપયોગમાં લેવાનું વર્જિત નથી. ઉલટાનું આ રીત અનુસરવા જેવી છે. નહિ તો ભગવાનને નિવેદન કરાયેલ અન્ન વગેરેને પણ પ્રસાદના રૂપમાં પાછું લેવાનું વર્જિત માનવું પડે. સિદ્ધાંત રહસ્યમાં (શ્લો. ૪ માં) અસમર્પિત વસ્તુના ત્યાગનું જ વિધાન કરેલુ છે, તેથી આત્મનિવેદન કરેલ હોય તેને માટે એ સર્વથા ઉચિત વાત છે કે, પ્રભુને સમર્પણ કરાયેલ વસ્તુઓનો ઉપયોગ એવી રીતે કરવો કે, નિશ્ચિત રૂપે પહેલાં તો એક વાર ભગવાનની સેવામાં તેનો વિનિયોગ કરી જ દે, અને પછી પોતાના ઉપભોગ માટે તેને ગ્રહણ કરે. આ નિયમનું પાલન કરવાથી આત્મશુદ્ધિ થાય છે.

પરંતુ અન્ન, વસ્ત્ર વગેરે વસ્તુઓ એક વાર ભગવાનની સેવામાં આવી ગયા પછી બીજીવાર તેને ફરીને ભગવાનની સેવામાં કામમાં લેવાનો પ્રયત્ન કરવો ઇચ્છવા યોગ્ય છે કે નહિ ? જો તેમ ન કરાય તો આગળ જતાં સેવાનું સ્વરૂપ પણ નહિ નિભાવી શકાય, અને જો તેમ કરાય તો તે સંસારની રીતે જ કરવું પડશે. અને તે ઉપાર્જન કરવાની રીતિમાં ફરીને સંસારમાં ફસાવું પડશે, અને તો સેવામાં પણ વિઘ્નની સંભાવના રહેશે. એવા પ્રકારની ચિંતા ભગવદ્ભકતના મનમાં ઉઠી શકે છે. એ તો સ્પષ્ટ જ છે કે, એવી ચિંતા સ્વાર્થપ્રેરિત નથી હોતી, પરંતુ ભગવત્સેવા માટે જ હોય છે. પરંતુ મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સ્વાર્થપૂર્તિને માટે ચિંતા કરવી નહિ અને ભગવત્સેવા માટે પણ ચિંતા કરવી નહિ.

જેણે આત્મનિવેદન કરેલ છે તેને માટે એ આવશ્યક છે કે, જીવનમાં સુખ–દુઃખ જે કાંઇ આવે તેને ભગવાનની ઇચ્છા માનીને સ્વાભાવિક રીતે સ્વીકારી લેવું. કયારેય ચિંતા કરવી નહિ. લૌકક વ્યવહાર નિભાવવા માટે લૌકિક પ્રયાસોમાં વ્યસ્ત રહેવાથી સંભવ છે કે, એ મર્યાદા માર્ગીય વૈરાગ્ય સિદ્ધ ન પણ થાય. પરંતુ ભગવાને પુષ્ટિમાર્ગમાં અમારો સ્વીકાર કર્યો છે, તેથી પ્રવાહ માર્ગીય લૌકિક ગતિ પુષ્ટિજીવની નહિ થવા દે, એવી દઢ આસ્થા આપણે રાખવી જોઇએ.

ભગવત્સેવા નિભાવવા માટે વ્યાપાર, નોકરી વગેરે કરવાં છતાં સંભવિત એવી બહિર્મુખતાથી બચવાનો ઉપાય એ છે કે, પોતે આત્મનિવેદન કર્યું છે. તેનું સંસ્મરણ સતત રાખ્યા કરવું, 'હું કૃષ્ણનો છું–કૃષ્ણનો દાસ છું.'

કોઇ વિષમ પરિસ્થિતિમાં સેવા ન નિભાવાય ત્યારે પણ જેણે આત્મનિવેદન કર્યું હોય તેવા ભગવદીયોના સત્સંગ દ્વારા આત્મનિવેદન કર્યાનું સ્મરણ સતત રાખ્યા કરવું એ અત્યંત આવશ્યક છેઃ કારણકે એનું સંસ્મરણ મનના પડદા પરથી છુટયું કે તરત આસુરાવેશ આવી જવાની સંભાવના પ્રબળ થઇ જાય છે.

આત્મનિવેદન કરનારા બધા પુષ્ટિજીવો પછી ભલેને તે ઉચ્ચ કક્ષાનો હોય કે ઉતરતી કક્ષાનો હોય – બધાનો સંબંધ દાસના રૂપમાં ભગવાનની સાથે જોડાઇ જ ગયો છે, તો પછી ચિંતા શેની ? ભગવાન અમારો સ્વામી છે, તે જે કાંઇ નિજ ઇચ્છાથી કરે, તે આપણને સ્વીકાર્ય હોવું જોઇએ. અને તેમ છતાં ભગવાન તો ભકિતવશ પણ છે, તેથી પોતાના ભકતોની વિકાર વગરની બધી જ મનોકામના, કોઇ પણ પ્રાર્થનાની અપેક્ષા વિના ભગવાન એની મેળે જ પૂર્ણ કરશે, એવી આસ્થા આપણે રાખવી જોઇએ અને ચિંતાથી મુકત થવું જોઇએ.

આત્મનિવેદન તો આપણે ભગવાનને કરીએ છીએ, પરંતુ સેવા તો પોતાનાં પત્ની પુત્ર–પરિવારની પણ કરવી જ પડે છે, એવી ચિંતા પણ આત્મનિવેદન કરનારે કરવી ન જોઇએ; કારણ કે બ્રહ્મસંબંધની દીક્ષાના સમયે આપણે માત્ર પોતાનું જ નહિ પરંતુ સમસ્ત પરિવારનું સમર્પણ ભગવાનને કરી દઇએ છીએ. તેથી આપણી સાથે સંબંધિત બધું જ પ્રભુનું છે, અર્થાત બ્રહ્મની સાથે સંબંધિત થઈ જાય છે તેથી તેઓનું ભરણપોષણ કે સંરક્ષણ ભકિતવિરોધી ભાવ કે વ્યવહાર ગણાતો નથી તો પછી ચિંતા શા માટે કરવી જોઇએ ?

પરિવારના સદસ્ય જેવા કે પતિ–પત્ની, માતા-પિતા કે સંતતિ વગેરે, જો ભગવત્સેવામાં સહાયક નહિ થતાં બીજાં કોઈ સાંસારિક કાર્યોમાં રચ્યા પચ્યા રહેતા હોય તો તેમાં પણ ચિંતા કરવી નહિ; કેમ કે આપણું કર્તવ્ય તેઓને પ્રભુને સમર્પિત કરવાનું છે તેથી એ પ્રમાણે કરી દેવાથી બધું જ ભગવાનની ઇચ્છા ઉપર આધારિત રહે છે કે પ્રભુ તેમને કયારે પોતાની સેવામાં લે. સહજ સદભાવથી અને પ્રેરણાથી તેમને ભગવત્સેવામાં પ્રવૃત્ત કરાવી શકાય તો તે સારી વાત છે, નહિ તો તેઓની ભગવત્સેવામાં રુચિ કે પ્રવૃત્તિ ન દેખાતી હોય તો વ્યર્થ ચિંતા, કલહ કે કલેશ કરવો તે ભકિત વિરોધી ભાવ છે.

કોઇક વાર એમ પણ બને કે એવી વ્યકિતઓ સાથે કામ આવી પડે કે જેઓના સંબંધે, બ્રહ્મસંબંધ લેવાના સમયે તેઓને ભગવાનને સમાર્પિત કરવાનો મનોભાવ આપણામાં સર્વથા હોય નહિ. પરંતુ તેથી ચિંતા કરવાની કોઇ આવશ્યકતા નથી; કારણ કે એકવાર સર્વાત્મભાવથી પ્રભુ પ્રત્યે સમર્પિત થઇ ગયા પછી, ભલે તે સમર્પણ સમજપુર્વક ન પણ થયું હોય, તો પણ ચિંતાનું કોઇ કારણ રહેતું નથી.

કોઇ કોઇ વાર આપણને વિશ્વાસ નથી બેસતો કે અમારા આત્મનિવેદનને પ્રભુએ સાંભળ્યું કે નહિ, અમે તો બધું જ સમર્પણ કરી દીધું, પરંતુ ભગવાને તેનો સ્વીકાર કર્યો કે નહિ, એવી ચિંતા પણ નકામી છે; કારણ કે શ્રીકૃષ્ણ તો પુષ્ટિપુરુષોત્તમ છે, તેથી જેમ વ્રજભકતોનો અન્યાશ્રય છોડાવીને આપ મેળે જ પોતાના ભજનમાં તેઓને પ્રવૃત્ત કરે છે, તેમ જ જયારે અને જે ક્ષણે તે પોતાના ભજનમાં આપણને પ્રવૃત કરવા ઇચ્છશે તે જ ક્ષણે એની મેળે જ અમારો તથા અમારી

સાથે સંબંધિત બધી વસ્તુનો અથવા બધી વ્યક્તિઓનો સેવામાં વિનિયોગ અનાયસે સંપન્ન થઇ જશે. જો ભગવાનની ઈચ્છા પુષ્ટિમાર્ગમાં અમારો સ્વીકાર કરવાની ન હોય તો અમે આત્મનિવેદન જ નહિ કરાવી શકીએ. પ્રભુ તો સર્વસમર્થ છે, તેથી અમારી બધી જ અયોગ્યતાને દુર કરીને, કોઇ પણ સાધનની અપેક્ષા વગર અમને યોગ્ય પણ બનાવી શકે છે. તેથી આપણે નિવેદન કે સમર્પણ કરવાને યોગ્ય છીએ કે નહિ, એવી ચિંતા પણ પુષ્ટિ ભક્તે કરવી જોઇએ નહિ.

જ્યારે લૌકિક પ્રવૃત્તિઓ વગેરેમાં કોઇ કઠિનાઈ આવી પડે વૈદિક વર્ણાશ્રમ ધર્મના પાલનમાં કોઇ કઠિનાઇ ઊભી થાય ત્યારે પણ ચિંતા કરવી જોઇએ નહિ. ઉલટાનું એમ સમજવું જોઇએ કે ભગવાન વધુને વધુ ભક્તિમાર્ગ ઉપર આગળ વધવાનો અવસર અમારી સામે ઊભો કરી રહ્યા છે.

આવો, સર્વે પુષ્ટિ જીવો આવો, અને એવી વિષમ પરિસ્થિતિમાં પણ પોતાની પુષ્ટિભક્તિને નિભાવવાનો પ્રયત્ન કરો. જો પુષ્ટિમાર્ગની આત્મનિર્ભરતા ન હોય તો લૌકિક કે વૈદિક વ્યવહારોમાં તેની કશી જ કિંમત નથી. જો ભગવાન લૌકિક દૃષ્ટિએ કંઇક વિષમ પરિસ્થિતિ આપણી સામે ઊભી કરતા હોય તો નિશ્ચિંત થઇને તેને સહન કરી લેવી જોઇએ; કારણ કે, સંભવિત છે કે એવી રીતે ભગવાન આપણને પુષ્ટિમાર્ગ ઉપર આગળ વધારવા ઇચ્છે છે.

ભક્તિની પ્રારંભિક અવસ્થામાં ગુરુની આજ્ઞા અનુસાર જ ભગવત્સેવા કરવી જોઇએ પરંતુ ભગવાનની ઇચ્છાને અધીન કે ભગવાનની આજ્ઞાને આધીન સેવાના પ્રકારમાં કંઇક ભિન્નતા પણ આવી જાય તો તેમાં પણ ચિંતા જેવું કાંઇ નથી. ગુરૂની આજ્ઞા અનુસાર હોય કે ભગવાનની અજ્ઞા અનુસાર હોય, જેવી રીતે હોય તેમ, પણ કૃષ્ણસેવામાં તત્પરતા વધતી જાય તેવી જીવન પ્રણાલી સુખપ્રદ થાય છે.

નિશ્ચિંતતાના આ બધા સિદ્ધાંતો જાણવા છતાં પણ કોઇવાર પરિવાર સંબંધી ઊભુ થયેલ કષ્ટ વ્યક્તિને વિમાસણમાં મુકી દે છે. જેમ કે, પુત્ર, પતિ કે પત્નીનો વિયોગ થવાથી માનસિક સંતાપ થાય જ છે. પરંતુ જે કાંઇ બની રહ્યું છે તેને ભગવાનની લીલાના જ્ઞાનની સાથે સ્વાવિકપણે સ્વીકારી લેવાની મનોવૃત્તિ કેળવવી જોઇએ. ચિંતા, ઉદ્વેગ કે મનનો સંતાપ વગેરેથી જેમ બને તેમ વહેલામાં વહેલો છુટકારો પમાય એવી મનોવૃત્તિ રાખવી જોઇએ.

ભક્તિનાં નવ સોપાન બતાવાયાં છે: શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. તેમાં અપેક્ષા રાખવાની રીતે શ્રવણ અને કીર્તન જેવાં પ્રાથમિક સોપાનો ઉપર ચડવું તે પણ એક કઠિન કાર્ય છે, તો પછી અંતિમ સોપાન આત્મનિવેદન અને તે પછી પ્રાપ્ત થનારી નિશ્ચિંતતાથી અવસ્થા મેળવવી તે તો ઘણી જ કઠિન લાગે છે. પરંતુ એવી કઠિનતાના કારણે ચિંતાની આવશ્યકતા નથી, પણ તેથી ઊલટું સર્વાત્મભાવથી પ્રભુની શરણાગતિવાળા મનોભાવને ટકાવી રાખવાની આવશ્યકતા છે.

એવી નિરર્થક ચિંતાઓમાં જેટલી સમયની એકાગ્રતાની હાનિ થાય છે, તેટલો સમય અને તેટલી એકાગ્રતાથી નિરંતર 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' રટયા કરે તો પણ કામ થઇ જાય, એવી શકયતા છે.

એવું આશ્વાસન-એવો ઉત્તમ ઉપદેશ માત્ર ગોવિંદ દૂબે માટે જ નથી, પરંતુ સર્વે પુષ્ટિજીવોને મહાપ્રભુજી આપી રહ્યા છે.

ભગવાનના વિપ્રયોગનો સ્નેહપૂર્ણ અનુભવ કરવામાં પુષ્ટિજીવનું કૃશ થવું એ તો પરમપુષ્ટિ છે- "તિહારે સેવક ઐસે કૃશ કયોં ? બરજે હતે પર મારગમેં આયે તાકો ફલ પાય રહે હૈં ।" આ કૃશતા તો પુષ્ટિભકિતના સ્થાયીભાવનો એક રોચક સંચારીભાવ છે. અને તેથી જ તે રસમાં અભિવૃદ્ધિ કરનાર પણ છે. પરંતુ ચિંતા કે ઉદ્વેગ તો ભકિતના સ્થાયી ભાવથી વિપરીત એવા રસાભાસ ઉત્પન્ન કરનારી ચિંતાના વિવિધ પ્રકારોમાં થોડાક પ્રકાર અહીં સૂચવવામાં આવેલ છે. શ્રીમહાપ્રભુજી પુષ્ટિભકતના માનસને ચિંતા કે ઉદ્વેગથી દુષિત થતું બચાવવા ઇચ્છે છે. જેનાથી કૃષ્ણસેવા તનુજા સેવાથી અને વિત્તની સેવાથી માનસી સેવાના રૂપમાં ખીલી ઊઠે-આત્મનિવેદનનો બીજભાવ ભગવત્પ્રેમમાં પ્રગટી ઊઠે-ભગવાનની આસકિતમાં ફાલે ફૂલે અને અંતે ભગવદ્વ્યસનમાં તે સફળ થઇ જાય.

-ગો. શ્યામ મનોહરજી

(પહેલાં પાનાથી ચાલુ)

જરૂરી છે. સત્પંગ પ્રાપ્ત કરવા તાદૃશી જનનો મેળાપ અતિ દુર્લભ છે ત્યારે જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ગ્રંથોના વિવરણ અને ટીકા સાથેનાં લેખો આચાર્યો તથા ભગવદ્દી જનોનાં લેખોના નિત્ય ચિંતન-મનન સાથે વાંચન કરવાથી સત્સંગ પ્રાપ્ત થાય છે.

આ પ્રકારનું સાહિત્ય આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત નીકળતા માસિક "શ્રી વલ્લભ સુધા"માં પ્રાપ્ત થાય છે જેથી તેના વાંચન દ્વારા નિત્ય સત્સંગ કરવો એ દરેકનું કર્તવ્ય થઈ પડે છે.

આપ "શ્રી વલ્લભ સુધા"નાં ગ્રાહક છો લવાજમ આપે ભરેલ ન હોય તો તુરત જ કાર્યાલયમાં જમાં કરાવો. શકય હોય તેઓ આ જીવન લવાજમ ભરી સંસ્થાનાં કાર્યમાં મદદ રૂપ બનો તેમજ આપનાં દ્વારા અન્ય પાંચ ગ્રાહકો વધારી સંપ્રદાયની સેવાનાં યશભાગી બનો.

નિવેદક :
શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક

પ. ભ. શ્રી અરવિંદભાઈ જવેરચંદ મહેતા (કલકતા)
ના જય શ્રી કૃષ્ણ

॥ શ્રી હરિઃ ॥

॥ નિઃસાધનાધીશ શ્રી ગોપીજન વલ્લભાય નમઃ ॥

[વ્રજપરિક્રમામાં જતાં જતાં, વ્હાલા વલ્લભીયોને વિજ્ઞપ્તિ પત્ર]

કૃપાદ્રષ્ટિ રાખજો

મારા વલ્લભવરના ઓ ! લાડિલા;
ભગવદ્ સંબંધિ નરનારી બાળ,
કહું છું જીવન સાર કૃપા દ્રષ્ટિ રાખજો.
દૈન્ય ભાવે આ ભાવો વહેતા કરૂં;
વલ્લભ ચરણોમાં 'કિંકર'નું સ્થાન,
સદા ધરૂં ધ્યાન કૃપા દ્રષ્ટિ રાખજો.
પ્રાણ વલ્લભે આ જીવ પોષિયો;
રક્ષા કરતા શ્રી વિઠ્ઠલેશરાય,
શરણે લીધો દાસ-કૃપા દ્રષ્ટિ રાખજો.
ગુરુ ગિરિધરલાલે કૃપા કરી;
રસરૂપ દીધા હરિ હાથ
સોંપ્યા છે શ્રીનાથ-કૃપા દ્રષ્ટિ રાખજો.
વ્હાલા ! વલ્લભીઓએ કૃપા કરી;
સુધિ લીધી પ્રેમે પકડયો હાથ,
ઓળખાવ્યા શ્રીનાથ-કૃપા દ્રષ્ટિ રાખજો.
અંગે અંગમાં વિરહ જગાડીયો;
પ્રેમે પાયાં અમિરસ પાન,
કરાવ્યાં છે ગાન કૃપા દ્રષ્ટિ રાખજો.
મારા સૂના હૈયામાં ચૈતન્ય ભર્યું;
ઘોર વનવગડે દીધાં ભાન,
તજી મોભો માન-કૃપા દ્રષ્ટિ રાખજો.
મારા હૃદયે હૃદયેશ્વર બિરાજતા;
એમની ઇચ્છાએ સઘળું જ થાય,
'કિંકર' જશ ગાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
વનમાં ઊભો વલ્લભની કરૂણા ઘણી;
એની યાદે અંતરિયું ભરાય,
સ્મરણ નિત્ય થાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
સાચું નાણું નગદ વલ્લભરાયજી;
મારા અંતરિયે ઓળખાય,
ઝાંખિ નિત્ય થાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
મારો આશ્રયદાતાએ એક છે;
મારે શાં કરવાં છે પ્રમાણ ?
કરી છે પહેચાન-કૃપા દ્રષ્ટિ રાખજો.
ગુંજે હરનિશ ગુંજન નાથનું;
આનંદ અનુભવ પરગટ થાય,
લૌકિક ભૂલાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
રહયો સંસારે, વહું મારા નાથમાં;
વલ્લભ ઇચ્છાથી સહુ શુભ થાય,
સઘળું નિરખાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
લૌકિક બહાર, અલૌકિક અંતરે;
એ છે ભગવદીયોની કૃપાય,
નથી અંતરાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
મારા પાપોના પૂંજ હે ઊભા બળે;
દોષો અવગુણો ને અપરાધ,
જેનો નથી પાર-કૃપા દ્રષ્ટિ રાખજો.
સળગું સંસારે, અંતરિયે હરખાતો,
સૌનો રૂણી છું, પડતો હું પાય,
વલ્લભની છું ગાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
ચાલ અટપટી મનમાં ના લાવશો,
કૃતિ નિરખતાં, સંગ ભૂલાય,
વૃત્તિ વટલાય-કૃપા દ્રષ્ટિ રાખજો.
ચિત્તવૃત્તિ વલ્લભવરમાં રસબસે;
નિજાનંદે દિવસ રેન જાય,
વિરહ દુઃખ થાય-કૃપા દ્રષ્ટિ રાખજો.

કેમ કરીયે ? જીવન આ જગે માયું;
લોક વ્યવહાર કરીયે તમામ,
હૈયે હરિનામ–કૃપાદ્દષ્ટિ રાખજો.
દ્દઢ આશ્રય વલ્લભનાથનો;
કૃપા વલ્લભની વલ્લભીયો હાથ,
લખાવે છે નાથ–કૃપાદ્રષ્ટિ રાખજો.
ભગવદ્ સંબંધીયો મળવા દોહ્યલા;
દેહ સંગીયો મળશે ઘણાય,
અંતરિયે જણાય –કૃપાદ્રષ્ટિ રાખજો.
ભગવદ્ કૃપા ભગવદીયોના સંગમાં;
દેહ સંબંધે દુઃખડાં અપાર,
ના' વે જેનો પાર –કૃપા દ્રષ્ટિ રાખજો.
દેહ સંબંધી હરિને ભૂલાવશે;
ભગવદ્ સંબંધી હરિજશ ગાય,
પરમાનંદ થાય –કૃપાદ્રષ્ટિ રાખજો.
સત્સંગે લાગી જેને પ્રીતડી,
એને વ્હાલામાં વ્હાલ અપાર,
સંશય ના લગાર –કૃપા દ્રષ્ટિ રાખજો.
લૌકિક સંબંધો છે અલ્પ કાળના;
ભગવદ્ સંબંધો છે સદાકાળ,
તુટે ના લગાર –કૃપા દ્રષ્ટિ રાખજો.
સાચા સ્નેહને ઘટતાં ના આવડે;
વધતાં કલ્પોના કલ્પ વહી જાય,
પુરણ નવ થાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
જ્યાં ત્યાં વલ્લભના વ્હાલાઓ ના મળે;
જેને લૌકિક ના ગમતું લગાર,
નથી જેમાં પ્યાર –કૃપા દ્રષ્ટિ રાખજો.
રત્નો રહે છે ખજાનાના હાર્દમાં;
પત્ર માંહે છુપી રહે છે વાત,
સ્હેજે ના'વે હાથ –કૃપા દ્રષ્ટિ રાખજો.
અંતરિયાની વાતો અંતરિયે છુપી;
અંતરંગને એ કહેવાય,
સૌને ના કે'વાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
રસ છુપાયો છે ફલ મધ્યમાં;
બીજમાંહે છુપાં રહ્યાં વૃક્ષ,
સમજો ધરી લક્ષ્ય –કૃપા દ્રષ્ટિ રાખજો.
સન્મુખ જીવોની કૃતિ છે અવનવીઃ
સ્નેહ છુપાયો હ્રદયાર્નાં માંય,
આંતર સૃષ્ટિ જયાંય –કૃપા દ્રષ્ટિ રાખજો.
પ્રેમ તત્ત્વને પ્રેમીઓ જાણતા;
દર્દ દિલનાં ઘાયલને સમજાય,
જ્ઞાની ગોથાં ખાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
જગમાં માયાનાં પાયલ રણઝણે;
નિત્ય અવનવા દાવ ખેલાય,
ચતુર ચેતી જાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
તૃષ્ણાજલમાં સંસારીયો રાચતા;
મૃગજળ પાછળ દોડતા જાય,
આયુષ્ય ક્ષીણ થાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
પુષ્ટિ જીવો અનન્ય વ્રત આપણું;
ચાતક સ્વાતિજળ વિના તજે પ્રાણ,
અન્ય જળથી અજાણ –કૃપા દ્રષ્ટિ રાખજો.
વાણી વિમૂખની સ્નેહ બતાડશે;
હરિને વિસરાશે વગડાની માંય,
લઇ જાશે કયાંના કયાંય –કૃપા દ્રષ્ટિ રાખજો.
હરિ સન્મુખ જીવોના સંગથી;
સમરણ હરિવરનું સદા થાય,
પ્રપંચ ભૂલાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
મારૂં બળ શ્રીવલ્લભ-શ્રીનાથજી;
ભગવદ્ભકતોની કરૂણા અપાર;
જીવનનો છે સાર –કૃપા દ્રષ્ટિ રાખજો.
ભગવદ્ભકતોના ભાવો ને સ્નેહથી;
'કિંકર' વ્રજ પરિક્રમામાં જાય,
જીવતર ધન્ય થાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
કૈંક જન્મોની આશા પૂરણ થશે;

અમને તેડે શ્રી વલ્લભરાય,
મહારાણીજી સાથ –કૃપા દ્રષ્ટિ રાખજો.
માગું આશિષ અંતરની કરગરી;
કોશ ચોર્યાશી પરિપૂરણ થાય,
મન મોહનમાં જાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
આશ્રય મુજને મોટો હરિભકતનો;
એ જો રાજી તો રીઝે મારો નાથ,
કૃપા જેને હાથ –કૃપા દ્રષ્ટિ રાખજો.
નથી યોગ્યતા, માયા મુજ અંગમાં;
પૂર્ણ લૌકિકનો ચઢયો રંગ,
જીવ્યો છું એ ઢંગ –કૃપા દ્રષ્ટિ રાખજો.
મારા સઘળા મનોરથ પૂરણ કરે;
મારો ગિરિગોવર્ધન નાથ,
દોરી એને હાથ –કૃપા દ્રષ્ટિ રાખજો.
હું તો એના બળે જ ગાજું ઘણો;
મારે વલ્લભનો વિશ્વાસ,
નથી કશી આશ –કૃપા દ્રષ્ટિ રાખજો.
મોટા મનના છો દાસ નિભાવજો;
મારા રૂદિયામાં કરજો પ્રકાશ,
નિરખું અવિનાશ –કૃપા દ્રષ્ટિ રાખજો.
હૈયું થનગને વ્રજને નિહાળવા;
કયારે જઇને મળું યમુનામાય,
નિર્મળ ચિત્ત થાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
વિરહે વનમાં વલ્લભને પોકારતાં;
કયારે નિરખું વ્હાલો ગિરિરાજ,
સર્યાં સઘળાં કાજ –કૃપા દ્રષ્ટિ રાખજો.
કયારે વ્રજભૂમિમાં જઇ લોટી પડું ?
કયારે જઇને મળું વ્રજરાજ,
જેણે રાખી લાજ –કૃપા દ્રષ્ટિ રાખજો.
મારી રાહ વલ્લભવર જોતા હશે;
કયારે જઇને પડું એમને પાય,
જીવતર ધન્ય થાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
કૂંજે કૂંજે સાહેલીના સંગમાં;
કયારે અર્પણ કરૂં મારા ભાવ,
ઉત્તમ મળીયો દાવ –કૃપા દ્રષ્ટિ રાખજો.
સ્વામિ સન્મુખે યુગલચર્ણો ગ્રહી;
કહું પ્રીયતમને હૈયાની વાત,
તજીને ઉચાટ –કૃપા દ્રષ્ટિ રાખજો.
નયણે નિરખું, અંતરિયે હરખું ઘણો;
પૂર્ણાનંદે સઘળુંયે ભૂલાય,
વ્હાલાને મળાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
વ્રજમાં નિત્ય વસે, સ્વામી માહરો;
મારૂં સૌભાગ્ય જાઉં વ્રજ દેશ,
આતો છે પરદેશ –કૃપા દ્રષ્ટિ રાખજો.
વ્હાલે નિજજન જાણી કરૂણા કરી;
અમને મળશે, સખી વ્રજનાથ,
ઠકુરાણીજીને ઘાટ –કૃપા દ્રષ્ટિ રાખજો.
જન્મો જનમની 'કિંકર'ની ઝંખના;
વ્રજમાં વસવાનો કીધો તો પ્રેમ,
પૂરો થશે નેમ –કૃપા દ્રષ્ટિ રાખજો.
દૈવી સૃષ્ટિને વલ્લભે પાળીયાં;
જીવનદોરી વલ્લભવરને હાથ,
ચર્ણે રાખે નાથ –કૃપા દ્રષ્ટિ રાખજો.
સાર સંસારે વલ્લભ નામમાં;
વલ્લભકુળે શ્રીવલ્લભ સાક્ષાત્,
આ છે ગૂઢ વાત –કૃપા દ્રષ્ટિ રાખજો.
શરણું મળીયું સર્વેશ્વર નાથનું;
જેની કરૂણાનાં શા કરૂં ગાન,
લખું શા લખાણ –કૃપા દ્રષ્ટિ રાખજો.
વ્રજમાં અગ્નિ સ્વરૂપ દેખું મોખરે;
ઝાંખિ અનન્ય ભકતોની ત્યાં થાય,
નિકુંજે જવાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
અંતર્મૂખિ અનુભવો અનુભવશે;
શ્રદ્ધા વિશ્વાસ શતગણો થાય,

'કિંકરી' જશ ગાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
મારા દોષ કોશ ના સંભાળશો;
દયા દ્રષ્ટિએ નિરખજો દાસ,
એક જ મારી આશ –કૃપા દ્રષ્ટિ રાખજો.
મારા અવગુણો-દુર્ગુણો ભુલજો;
દીનતાથી સૌને લાગું પાય,
વ્હાલાની છું ગાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
ત્રણે લોકની સમૃદ્ધિ છો પડી;
મારે ખપ ના લાગે એ જરાય,
વૈષ્ણવની કૃપાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
મારા ગાંડા-ઘેલાં શબ્દો પદ્યમાં
હરિ સન્મુખ રહેવા પ્રયાસ,
કર્યો છે મેં ખાસ –કૃપા દ્રષ્ટિ રાખજો.
'નટવર' નામ ધર્યાં તેથી શું થયું ?
મહાસુખ હરિપદ રજ જો પમાય,
આંતર શાંતિ થાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
'નટવર' દાસનો દાસ છું તમ તણો;
વલ્લભ કૃપાથી સઘળું લખાય,
ચરણે ચિત્તડું જાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
હું છું વલ્લભના કિંકર ની કિંકરી,
એની કિંકરીનીયે છું દાસ,
માયામાં ઉદાસ –કૃપા દ્રષ્ટિ રાખજો.
જીવન થોડું અલૌકિક ના બન્યું;
કદિ લૌકિકનો નાવે પાર,
સમજી લેજો સાર –કૃપા દ્રષ્ટિ રાખજો.
દેહ સંગીઓ હરિને ભૂલાવશે;
જેની આસક્તિ માયાની માંય,
મળશે ક્યાંથી છાંય –કૃપા દ્રષ્ટિ રાખજો.
સાચા સ્વજનો હરિભક્તોને જાણજો;
એમને વશ શ્રીવલ્લભરાય,
કૃતાર્થ થવાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
આશિર્વાદ માગું છું હું ફરી ફરી;
વ્રજ પરિક્રમા ભાવાત્મક થાય,
લૌકિક છૂટી જાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
કૃપા કૃપાપત્રોએ વરસાવજો;
ધિરજ આવે, દ્રઢ અંતરિયું થાય,
રસામૃત પાય –કૃપા દ્રષ્ટિ રાખજો.
પ્રેમભાવ અખંડિત રાખજો;
એ છે અંતરની અભિલાષ,
શ્રીજી રાખે પાસ –કૃપા દ્રષ્ટિ રાખજો.
અંતે ભગવદ્ સ્મરણ સ્નેહી સમાજને;
સૌને કોટિ કોટિ છે પ્રણામ,
મારા હૈયે શ્યામ –કૃપા દ્રષ્ટિ રાખજો.
ઊભો વન વગડે કરડના કાંઠડે;
મારી જન્મભૂમિ છે અરાદ,
વણિક મોઢ જાત –કૃપા દ્રષ્ટિ રાખજો.
જનની માણેક બેનનો છું દીકરો;
મહાસુખલાલ અમારા છે તાત,
બતાડયા શ્રીનાથ –કૃપા દ્રષ્ટિ રાખજો.
ગિરિધરલાલ ગુરુદેવ માહરા;
એમના ચરણ કમલનો છું દાસ,
શ્રીજીમાં નિવાસ –કૃપા દ્રષ્ટિ રાખજો.
કલ્યાણરાય બાવાની કૃપા ઘણી;
વિઠ્ઠલેશરાયજી ગુરુવિભુ ત્યાંય,
ગુરુ ઘર જ્યાંય –કૃપા દ્રષ્ટિ રાખજો.
જય શ્રીકૃષ્ણ સૌને મારા સ્નેહથી;
આપો પ્રસન્ન વદનથી વિદાય,
લીલામાં જવાય –કૃપા દ્રષ્ટિ રાખજો.

–પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ
(અરાદ)

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૨૪મું

શ્રીયમુને પતિદાસ કે ચિન્હ ન્યારે
ભગવદિકેં ભગવદ સંગ મિલિ રહત હે,
જાકે હિયે બસત પ્રાણ પ્યારે. ૧
ગૂઢ શ્રીયમુને બાત, સોઇ અબ જાનહી
જાકે મન મોહન નયન તારે,
'સૂર' સુખસાર, નિરધાર વે પાવહિ;
જા પર હોય શ્રી વલ્લભ કૃપારે. ૨

અર્થ–શ્રીયમુનાજીના સ્વરૂપનો જેને અનુભવ હોય અને શ્રીકૃષ્ણ જેના પ્રાણ પતિ છે એવા ભગવદીયોના લક્ષણ તો ન્યારા જ હોય છે. એનું મુખ્ય લક્ષણ એ છે કે જેના હૃદયમાં પ્રાણ પ્યારા બિરાજી રહ્યા છે. એવા ભગવદીયોના સંગમાં તે રહે છે. ભગવદીયનો સંગ એ ભગવદ્ સત્સંગ તૂલ્ય છે. ૧

મનમોહન જેના નેત્રોના તારા છે એવાં શ્રી યમુનાજીના અલૌકિક લીલાની અતિ ગૂઢ વાતો એને જ સ્ફુરિત થાય છે. તદુપરાંત એવા ભગવદીયો પ્રત્યે શ્રીમહાપ્રભુજી કૃપા વિચારે છે ત્યારે તેને અલૌકિક સુખ સહજમાં પ્રાપ્ત થાય છે એમ સૂરદાસજી કહે છે. ૨

વિવેચન–ભકતોના લક્ષણ તો ગીતા, ભાગવત તથા અન્ય પુરાણોમાં પણ બતાવ્યા છે. પરંતુ અહીં તો શ્રીયમુનાજીના ભાવથી ભાવિત શ્રી કૃષ્ણ અને એના સર્વાત્મભાવી પુષ્ટિ ભકતોની વાત છે. આવા ભકતોના લક્ષણ તો ન્યારાજ હોય છે.

એનું મુખ્ય લક્ષણ એ કે જેના હૃદયમાં સદા–સર્વદા પ્રાણેશ્વર શ્રીકૃષ્ણ વસી રહયા હોય એવા ભગવદીયના સંગમાં જ એને સુખ મળે છે, કારણ કે આવા ભગવદીયને એ ભગવાન તુલ્ય માને છે.

શ્રી યમુનાજી કેવા છે કે મનમોહન–શ્યામ સુંદર આપના નયનના તારા છે. શ્રી ઠાકોરજીનું મનોહર સ્વરૂપ જેની દ્રષ્ટિથી એક ક્ષણ પણ દુર થતું નથી. ત્યારે શ્રી ઠાકોરજી શ્રી યમુનાજી વગર એક ક્ષણવાર રહી શકતા નથી.

શ્રીયમુનાજી જેના નિત્ય સંબંધી છે. ભગવદ્ ભાવથી જે પરિપૂર્ણ છે. એવા શ્રી યમુનાજીની લીલાનું ગૂઢ રહસ્ય પણ આવા ભગવદીયો સમજી શકે છે. આવા ભગવદીયો પ્રત્યે શ્રીવલ્લભાચાર્યજી પણ કૃપા કરે છે જેથી એને સર્વ સારના સાર એવી ભગવદ્ લીલાનો અનુભવ થાય છે.

ભગવદીયોના સત્સંગનું મૂલ્યાંકન, કોઈ વસ્તુથી થઈ શકે નહિ. અને સત્સંગ સિવાય અલૌકિક પુષ્ટિ ફળ પ્રાપ્ત થાય પણ નહીં એટલા માટે જ શ્રી મહાપ્રભુજીએ ભારપુર્વક આજ્ઞા કરી છે કે "નિવેદનં તુ સ્મર્તવ્યં, સર્વથા તાદશૈર્જનૈઃ" ભગવદ્ ભાવરૂપી અલૌકિક ખજાનો આવા ભગવદીયો પાસે જ હોય છે. એટલે દીનતાપુર્વક આવા ભગવદીયોનો સત્સંગ કરવાથી શ્રી ઠાકોરજી અને શ્રી મહાપ્રભુજીની કૃપા થાય છે, અને ત્યાર પછી જ શ્રી યમુનાજીના અલૌકિક સ્વરૂપનો અનુભવ થશે. "ભગવદીય જન સત્સંગ કો અનુસરે, ન દેખે દોષ અરુ સત્ય ભાખે" શ્રી હરિરાયજીએ પણ શિક્ષાપત્રમાં સત્સંગ માટે ડગલે અને પગલે આગ્રહપુર્વક આજ્ઞા કરી છે, કારણ કે સારમાં સાર સત્સંગ અને શ્રી યમુનાજીનું શરણ છે.

સોરઠો

નટવર જેના નયનમાં, મુખમાં શ્યામા-શ્યામ,
રીઝે વૈષ્ણવના સંગથી, શ્રી યમુને પુરન કામ.

-ક્રમશઃ

વલ્લભીની ઓળખ

"વલ્લભી એને કહેવાય કે પ્રાણવલ્લભના વિયોગ સમુદ્રમાં ડૂબ્યો રહે. આવા વિરહી વલ્લભીઓજ ત્રિવિધ માયાના બંધનમાંથી મુક્ત કરાવીને વિરહાત્મક મંજિલપર ચઢાવીને નિજધામ પહોંચાડી શકે. પરન્તુ વિરહી વલ્લભીઓનો સંગ પ્રાપ્ત થવો વલ્લભ કૃપા વિના દુર્લભ છે, કારણ કે તેવાઓ દિવ્ય પ્રેમ રાજયના કરફ્યુમાં રહે છે."

-મધુકર

પૃષ્ઠ પ્રકાશન સહાય

રૂા. ૫૧-૦૦ એક વૈષ્ણવના જયશ્રીકૃષ્ણ.

વૈષ્ણવજન તો તેને કહીએ.........

-શ્રી વલ્લભપદરેણુ

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણના પ્રપૌત્ર, તેમના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીના પૌત્ર અને શ્રીકલ્યાણરાયજીના પ્રથમ પુત્ર શ્રી હરિરાયજીનું પ્રાકટ્ય વિ. સં. ૧૬૪૭ ના ભાદરવા વદ પાંચમના શુભ દિને શ્રીનદગોકુલમાં થયું શ્રી હરિરાય મહાપ્રભુને પુષ્ટિમાર્ગના પર્યાયરૂપ ગણવામાં આવે છે, તેઓશ્રીએ શ્રીકૃષ્ણભક્તિ માધુરીથી ન કેવળ પુષ્ટિ સંપ્રદાયને પરંતુ સમસ્ત મધ્યકાલીન ભારતીય સાહિત્યક્ષેત્રને રસતરબોળ કર્યું છે.

પુષ્ટિમાર્ગની 'ગીતા'નું બિરુદ પામેલ 'શિક્ષાપત્રો' ના કર્તા શ્રી હરિરાયજી મહાપ્રભુ 'દીનતાસાગર' અને "શિક્ષાસાગર" તરીકે સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય, શ્રી વિઠ્ઠલેશજી અને શ્રી ગોકુલેશજીને અનુરૂપ ભગવદ્પ્રેમ, વિરક્તિ, દિવ્યતા, દીનતા ત્યાગ, સહિષ્ણુતા અને વૈષ્ણવો પ્રતિ અનુરાગ વગેરે અનેક ગુણો હોવાથી તેઓશ્રીને પુષ્ટિ સંપ્રદાયમાં 'પ્રભુચરણ' અને 'મહાપ્રભુ' ની ઉપાધિથી સન્માની અલંકૃત કરવામાં આવ્યા છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુ 'સત્સંગ' પર ખૂબ જ ભાર મૂકતા તેમને વૈષ્ણવો અતિ પ્રિય હતા. બાલ્યાવસ્થાથી જ તેમને વૈષ્ણવોની સંગે બેસી ભગવદ્ વાર્તા કરવાનું એક જાતનું વ્યસન થઇ ગયું હતું. હોં વારી ઈન વલ્લભિયન પર નામનું તેમનું પ્રસિધ્ધ પાદ વૈષ્ણવો પ્રતિ તેમના પ્રેમનું દ્યોતક છે. તેમના પદોમાં સાહિત્યમાં-વાણીમાં વૈષ્ણવો પ્રતિ તેમની પ્રીતિની સરિતા અસ્ખલિત વહેતી આવી છે અને વહેતી રહેશે. એ પુનિત સરિતામાં જે વૈષ્ણવો મજજન-અવગાહન કરશે તે સદાસર્વદા શ્રી હરિરાયજી મહાપ્રભુને ભાવપૂર્વક વંદન કરતા રહેશે અને કદીપણ પુષ્ટિભક્તિથી વિમુખ બનશે નહીં.

શ્રી હરિરાયજીનું સાહિત્ય વૈષ્ણવતાના ગુણગાનથી રસાળ બન્યુ છે. 'પુષ્ટિ દૃઢાવકી વાર્તા' માં તેઓશ્રીએ વૈષ્ણવતાના એક વિશિષ્ટ લક્ષણને દૃષ્ટાંતો આપી, સિધ્ધાંત તારવી સુંદર રીતે પ્રસ્તુત કરેલ છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુ કહે છે; 'આ સંસારરૂપી વિશાળ મહાસાગરમાં અનેક પાષાણ-પત્થરની ઉપસ્થિતિ રહેલી હોય છે. વૈષ્ણવજનોએ ગુરુભક્તિમાં-પ્રભુભક્તિમાં આવા પત્થરની ટેક રાખવી જોઇએ.

'સંસારરૂપી આ વિશાળ જલસાગરમાં પત્થરની જેમ વૈષ્ણવે અલિપ્ત રહેવું જોઇએ. પત્થરના આંતરિક ભાગને જલ સ્પર્શ કરી શકતું નથી અને તેથી પત્થરના કેન્દ્રસ્થાને રહેલ અગ્નિનું રક્ષણ થાય છે. અસાર એવા આ સંસારમાં પત્થરવત્ રહેતા વૈષ્ણવને આપણે પૂર્ણ વૈષ્ણવ કહી શકીએ. આવા વૈષ્ણવને સંસારરૂપી જલ ભેદી શકતું નથી. તેના અંતરને સ્પર્શી શકતુ નથી. સાચા પુષ્ટિવૈષ્ણવના હૃદયમાં આચાર્ય શ્રી વલ્લભ મહાપ્રભુ સદાસર્વદા વાસ કરતા હોય છે. આચાર્યશ્રી અગ્નિસ્વરૂપ છે. જે વૈષ્ણવ તેઓશ્રીને પોતાના હૃદયમાં ભાવપૂર્વક ધારણ કરે

વધુ માટે જુઓ પાનુ ૨૪)

સમાચાર

રાજકોટ – આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ તેમજ રાજકોટ વૈષ્ણવ સમાજના ઉપક્રમે તા. ૧૭-૬-૮૬ સુધી 'શ્રી વલ્લભ ચરિત્ર કથા' નું આયોજન પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દ્રુમિલ કુમારજી મહોદય શ્રી (સુરત-વડોદરા) ના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ કથાના સહ વકતા શ્રી દિવ્યેશભાઈ શાસ્ત્રી (અમદાવાદ વાળા) ઉપસ્થિત રહીને કથા રસ પાન કરાવેલ.

શ્રી વલ્લભ ચરિત્ર કથા દરમ્યાન, નંદ મહોત્સવ, કનકાભિષેક, વિવાહ મહોત્સવ, શ્રી ગુસાઈજીનો પ્રાકટયોત્સવ, વિજય તિલકના વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે રાજકોટના મેયર તથા ધારાસભ્ય શ્રી વજુભાઈ વાળા, ચેમ્બર ઓફ કોમર્સના મંત્રી શ્રી પ્રમોદભાઇ કલ્યાણી, પરિષદની રાજકોટ શાખાના પ્રમુખ શ્રી જીવણભાઈ રાણપરા, વૈષ્ણવ સમાજના અગ્રણી શ્રી કુંવરજીભાઈ પારેખ શ્રીમતી જશુબાઈ મંડાણ ના મંત્રી શ્રી હરિભાઈ વગેરે એ ઉપસ્થિત રહીને પ્રાસંગીક પ્રવચનો દ્વારા આયોજનને પ્રોત્સાહીત કરેલ.

આ આયોજનના સમગ્ર કાર્યક્રમનું શફળ સંચાલન શ્રી હસમુખભાઈ ખખ્ખરે કરેલ હતું. તેમજ શ્રી વિનુભાઈ ગણાત્રા, જયેશભાઈ ખખ્ખર, મધુભાઈ કલકત્તાવાળા, જગદીશભાઈ સોમૈયા, શ્રી કાંતિભાઈ કાટકોરિયા, શ્રી ચંદ્રકાંતભાઈ મચદેવ શ્રી નલીનભાઈ હેમરાજભાઈ બુધ્ધદેવ, શ્રી ઠાકરશીભાઈ વાછાણી શ્રી પ્રભુદાસભાઈ પડીયા વિ. સહકાર્યકર ભાઈઓએ આયોજનને સફળ બનાવવા અને દરરોજ હજારોની સંખ્યામાં હાજર રહેતા શ્રોતા વર્ગમાં વ્યવસ્થા જાળવવાની સેવા બજાવી હતી.

કુતિયાણા – શ્રી વલ્લભ સત્સંગ મંડળના ઉપક્રમે તા. ૨૮-૬-૮૬ થી તા. ૨-૭-૮૬ સુધી પાંચ દિવસ માટે 'શ્રી પુષ્ટિ માર્ગીય સિધ્ધાંત શિબિર' નું આયોજન પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજ શ્રી (પોરબંદરવાળા) ના અધ્યક્ષ સ્થાને પટેલ સમાજના ડેલામાં કરવામાં આવ્યું હતું. આ વચનામૃત સુધારસનું પાન સ્થાનિક તેમજ બહાર ગામના વૈષ્ણવ વૃન્દે મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

જામનગર – પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વ્રજ ભૂષણલાલજી મહારાજશ્રીના સેવ્ય પ્રભુ શ્રી મદનમોહનલાલજીને છપ્પનભોગ આરોગાવવાનો મહાન અલૌકિક દ્વિતીય શુભ મનોરથ તા. ૧૫-૭-૮૬ ના રોજ થયો હતો. આ મનોરથમાં હજારો વૈષ્ણવજનોએ સેવા-દર્શનનો લાભ લીધો હતો.

છે તેમને શ્રી આચાર્યશ્રીનો પૂર્ણ ભરોંસો હોય છે. આવા ઉત્તમ તાદશી વૈષ્ણવ સાથે ઘડી-બે ઘડી 'સત્સંગ' કરવાનું ભાગ્ય મળે તો પુષ્ટિભકિત ખીલી ઊઠે છે.

'આચાર્યશ્રી અગ્નિરૂપ છે. દીનતાના ભાવથી યુકત વૈષ્ણવ નવનીત-માખણ સમાન મુલાયમ-કોમલ હોય છે. અગ્નિનો આશરો લેવાથી જેમ નવનીત પરિપકવ બની માખણ મટી ઘીમાં રૂપાંતરિત થાય છે તેમ શ્રી વલ્લભ મહાપ્રભુનું અહર્નિશ શરણ લેવાથી લૌકિકતારૂપી માખણ ઓગળી જઈ વૈષ્ણવતારૂપી ઘીમાં રૂપાંતરિત થાય છે.'

અહીં પાષાણના ગુણધર્મની વ્યાખ્યા કરતાં શ્રી હરિરાયજી મહાપ્રભુએ વૈષ્ણવનું ઉત્કૃષ્ટ આચરણ કેવું હોવું જોઈએ, એક આદર્શ વૈષ્ણવ કેવો હોવો જોઈએ-સાચો વૈષ્ણવ આપણે કોને કહી શકીએ એ આ દૃષ્ટાંત દ્વારા સુંદર-સચોટ રીતે પ્રસ્તુત કરેલ છે. તેઓશ્રી સ્પષ્ટ પણે નિર્દેશ કરે છે કે જે વૈષ્ણવના હૃદયમાં આચાર્ય શ્રી મહાપ્રભુજી બિરાજે છે એ વૈષ્ણવનું મન મંદિરના જેવું શુધ્ધ અને પવિત્ર હોય છે અને તેથી તેની પુષ્ટિભકિત સદા ઉજ્જવલ રહે છે. આમાંથી આપણને શીખ મળે છે કે સંસારથી વિરક્ત રહી શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુમાં પ્રીતિ-ભકિતમય રહેવાથી આપણે વૈષ્ણવતાને દીપાવી શકીએ અને પ્રભુને પ્રાપ્ત કરી શકીએ.

સુરત અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાની આગામી પરીક્ષાઓ આ ૬૨ માં વર્ષ નીચે પ્રમાણે થશે.

તા. ૯–૮–૮૬ વાર શનિવાર સમય ૩ થી સાંજે ચતુર્થી પ્રથમ પ્રશ્ન પત્ર તથા પંચમી પ્રશ્ન પત્ર.

તા. ૧૦–૮–૮૬ વાર રવિવાર સમય ૮ થી ૧૧ સવારે–પ્રથમા, તૃતીયા, ચતુર્થી દ્વિતીય પ્રશ્ન પત્ર, પંચમી દ્વિતીય પ્રશ્ન પત્ર. અને સાંજના ૩ થી ૬ દ્વિતીયા પરીક્ષા.

પત્ર વ્યવહારનું–**શ્રી મધુસૂદન શાસ્ત્રીજી**
બંગલા નં. ૩. દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર
ફાટાયા, બસ સ્ટેન્ડ પાસે, તિરુપતિ કૃપા,
રાંદેર રોડ, **સુરત**, ૩૯૫૦૦૯

આ. રા. પુ. વૈષ્ણવ પરિષદના કાર્યને વધુ ગતિમાન કરવા, અને તેને વધુ સંગીન બનાવવાના ઉદેશથી ગુજરાત પ્રદેશનના સંગઠન મંત્રી પ્રા. શ્રી ચીમનભાઈ શેઠે જુલાઈની ૩ થી ૫ દરમ્યાન અમદાવાદ, બીલખા કેશોદ, જુનાગઢ, ધોરાજી, થાનગઢ, ખાતે ઝડપી પ્રવાસ દ્વારા કાર્યકરોની મીટીંગ યોજી વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ આપી માર્ગદર્શન આપેલ હતું. આ ઝડપી પ્રવાસમાં પ્રા. શ્રી ગોપાલભાઈ એસ. શાહ જોડાયા હતા. અને દરેક સ્થાનના આગેવાનો પણ પ્રવાસમાં સાથે રહ્યા હતા.

નવાં પ્રકાશન

(૧) સ્મારિકા : શ્રી મથુરાધીશ પ્રભુ: છપ્પન ભોગ મનોરથ: કોટા: **પ્રકાશક :** મદનદાસ મોહતા, મંત્રી છપ્પનભોગ આયોજન સમિતિ, **કોટા :** (રાજસ્થાન)

આ હિંદી પુસ્તિકા તેના નામ પ્રમાણે છપ્પનભોગ, પુષ્ટિપથ શ્રી મથુરાધીશ પ્રભુ, શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમદ્ વિઠ્ઠલેશજી અને અન્ય અનેક આચાર્યશ્રીઓનું સ્મરણ કરાવે છે. વિશેષ કરીને છપ્પન ભોગ વિષે આઠ જેટલા મનનીય લેખો તેમાં અપાયા છે. પ્રથમ પીઠ અને પ્રથમ પીઠના આચાર્યશ્રીઓની વંશાવલીથી આ પુસ્તિકા અદ્‌ભુત સ્મારિકા બની રહી છે. શ્રી મથુરાધીશ પ્રભુ, શ્રી મહાપ્રભુજી અને પ્રથમ પીઠાધીશ્વર–આચાર્યશ્રીઓનાં અનેક ચિત્રજીથી પુસ્તિકા સુશોભિત છે.

નિ:સાધન ભકિતમાર્ગ, શ્રીજીદ્વાર એવં વ્રજમંડલકી ઐતિહાસિક યાત્રા, અષ્ટાક્ષર મંત્ર, શ્રીમદ્ વલ્લભાચાર્યકા દિવ્ય સંદેશ અને અન્ય લેખો જ્ઞાન સાથે પ્રેરણાઓ આપનારા છે. કાવ્યો પણ આનંદમાં અભિવૃદ્ધિ કરનારાં છે.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ અને તેની શાખાઓ વિષે સારી એવી માહિતી આ સ્મારિકામાંથી મળે છે. એ રીતે પુષ્ટિ સાહિત્યની આ સ્મારિકા ઘણું ઘણું અલૌકિક સ્મરણ કરાવી જાય છે.

–સમીક્ષક

(૨) પુષ્ટિ–પાઠ : આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય (શ્રી મહાપ્રભુજી) પ્રાકટ્ય મહોત્સવ નિમિત્તે પાઠશાળા વિભાગ તરફથી પ્રકાશિત થયેલ છે. આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ: કાંદિવલી શાખા વિવિધ પ્રવૃત્તિઓ કરે છે, જે પુષ્ટિમાર્ગને અત્યંત ઉપયોગી હોય છે.

આ પુસ્તિકામાં ષોડશ ગ્રંથો વિષે ભાવવર્ધક માહિતીઓ આપી છે. દરેક ગ્રંથમાંથી એકેક શ્લોક લઈને તેની નીચે તે ગ્રંથ વિષે તેનું મહત્ત્વ દર્શાવાયું છે, જે રસપ્રદ છે. તેમાં અપાયેલાં બાળકો અને દાદાજીની પ્રશ્નોત્તરી બાલભોગ્ય સંસ્કાર પોષક જ્ઞાન આપે છે. પુષ્ટિપથનાં અન્ય ગદ્ય–પદ્ય લખાણો ઉપરાંત તેમાં આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની કાંદિવલી શાખાનો પરિચય પણ અપાયો છે, જે સૌને ઉત્તમ પ્રકારની પ્રેરણા આપી જાય છે.

શાખાનું કાર્યાલય : આ. રા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, કાંદિવલી શાખા,
C/o. નાગરદાસ સુંદરજી ધોળકિયા
ગોવિંદ ભુવન, બીજે માળે, મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ),
મુંબઇ. ૪૦૦૦૬૬.

–સમીક્ષક

SHREE VALLABH SUDHA Regd. No G/RJ. 212 L.P.W.P. 43

(૧)

સજની સાંભળ કહું એક વાતડી,
મુજને મળીયું શ્રીનાથજીનું શરણ
મારે જાવું શ્રીગોકુલ સાસરે. ટેક.
વલ્લ પ્રભુએ તે મારો કર ઝાલ્યો,
જઈને સોંપ્યો શ્રીનાથજીને હાથ –મારે. ૧
અષ્ટાક્ષરે સંબંધ મારો બાંધીયો,
પંચાક્ષરે બાંધી મારી પ્રીત –મારે. ૨
વ્હાલે તુલસી આપ્યા છે મારા હાથમાં,
ગદ્યમંત્ર એ કીધો મુને નિહાલ –મારે. ૩
મેં તો પ્રેમે પાનેતર પહેરીયું,
મેં તો વિરહની પહેરી વરમાળ –મારે. ૪
મેં તો ચુડલો પહેર્યો છે ભકિત ભાવનો,
ચુડલામાં મઢાવું દીનતાની હેમ –મારે. ૫
વિઠ્ઠલવરના તે આણા મુજને આવશે,
હરખ ભર જાઈશ મારે ઘેર –મારે. ૬
નિજ સખીયું સ્નેહે સામા આવશે,
પહેલી બતાવશે પહેલીની કુંજ –મારે. ૭
ત્યાં તો આનંદ સાગર ઉલટશે,
'ચંદ્રપ્રભા વહુજી'ની દાસી બની રહીશ –મારે. ૮

પ્રેષક–પ. ભ. **શ્રીમતી સુંદરબેન, રાણાવાવ**

(૨)

શ્રીવલ્લભ: શરણં મમ

[રાગ–'કદંબ કેરી ડાળો બોલે, શ્રી કૃષ્ણ: શરણં મમ]

શ્રી વલ્લભ: શરણં મમ, શ્રી વલ્લભ: શરણં મમ
હરતાં ફરતાં વૈષ્ણવ બોલો, શ્રી વલ્લભ: શરણં મમ
સૂતાં, બેસતાં, ઊઠતાં બોલો, શ્રી વલ્લભ: શરણં મમ
ભવન બંધન દુર કરવા બોલો, શ્રી વલ્લભ: શરણં મમ
તાપ ત્રિવિધનો હરવા બોલો, શ્રી વલ્લભ: શરણં મમ
સ્મરણ–રમણમાં રત થૈ બોલો, શ્રી વલ્લભ: શરણં મમ
ભકિત–સેવા રસ પીને બોલો, શ્રી વલ્લભ: શરણં મમ
સર્વે વૈષ્ણવ બોલો બોલો, શ્રી વલ્લભ: શરણં મમ

–પ્રા. **એમ. આર. પાલેજા (રાજપીપળા)**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अखिल-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहिसन्मार्गरक्षकाः

શ્રીવલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

વાત્સલ્ય પ્રેમ-પદ

ચલત દેખિ જસુમતિ સુખ પાવૈ
હુમુકિ-હુમુકિ પગ ધરની રેંગત,
જનની દેખિ દિખાવૈ. ૧

દેહરિ લૌં ચલિ જાત,
બહુરિ ફિરિ-ફિરિ ઇતહીં કૌં આગૈ;
ગિરિ-ગિરિ પરત,
બનત નહિં લાંઘત સુર-મુનિ સોચ કરાગૈ. ૨

કોટિ બ્રહ્માંડ કરત છિન ભીતર,
હરત બિલંબ ન લાગૈ;
તાકૌં લિએ નંદ કી રાની,
નાના ખેલ ખિલાગૈ. ૩

તબ જસુમતિ કર ટેકી સ્યામ કૌ,
ક્રમ ક્રમ કરિ ઉતરાગૈ;
'સૂરદાસ' પ્રભુ દેખિ-દેખિ,
સુર - નર - મુનિ - બુદ્ધિ ભુલાગૈ. ૪

卐

વર્ષ ૫ : અંક ૬ ✿ સપ્ટેમ્બર, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભ [illegible] રાજકોટ
તા. ૩૧-૩-૮૪ના રોજ પૂરા થતા
વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

પી. આર. [illegible] એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
બસ સ્ટેશન સામે,
ઢેબરભાઈ રોડ રાજકોટ.

આવક	રૂ.	ખર્ચ	રૂ.
વ્યાજ આવક	૧,૭૧૯-૩૫	સ્ટેશનરી ખર્ચ	૫૩-૫૦
વાર્ષિક લવાજમ	૭,૪૯૦-૦૦	મુસાફરી ખર્ચ	૩૨૦-૦૦
પ્રકાશન સહાય	૨,૬૨૬-૦૦	તાર-ટપાલ ખર્ચ	૬૧૦-૫૫
સામાયિક વેંચાણ	૯૪૧-૦૦	પરચુરણ ખર્ચ	૩૯-૦૦
આવકનો ઘટાડો	૪૫૬-૨૫	પ્રકાશન ખર્ચ	૧૨,૨૦૯-૫૦
કુલ રૂ...	૧૩,૨૩૨-૫૫	કુલ રૂ...	૧૩,૨૩૨-૫૫

તા. ૩૧-૩-૧૯૮૪ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી			મિલ્કત તથા લેણા		
આજીવન સભ્ય ફી		૨૦,૬૩૭-૦૦	શ્રી અરવિંદ પારપાણી		૨૩૧-૦૦
ગત વર્ષ	૮,૨૫૫-૦૦		શ્રી સુભાષભાઈ ભીખાલાલ		૮૦-૦૦
ચાલુ સાલ	૧૨,૩૮૨-૦૦		શ્રી ભોગીલાલ રમણલાલ		૧૯૧-૦૦
એડવાન્સ લવાજમ		૧,૭૭૨-૦૦	શ્રી રોકડ બેંક બેલેન્સ		
૧૯૮૪-૮૫	૧,૭૬૨-૦૦		શ્રી રા. ના. સહ. બેંક ફી. ડી.		૧૬,૦૦૦-૦૦
૧૯૮૫-૮૬	૧૦-૦૦		શ્રી રા. ના. સહ. બેંક બચત		૬૮૦-૭૦
			શ્રી સીટીઝન્સ કો. ઓ. બેંક બચત		૨,૨૨૫-૪૦
શ્રી ડાયાભાઈ કસ્તુરચંદ ખાતે		૨૦૧-૦૦	શ્રી પુરાંત સિલક		૧૭૮-૬૫
શ્રી ગુ. પુ. વૈ. પરિષદ કેન્દ્રિય કાર્યાલય		૧૦-૦૦	શ્રી આવક ખર્ચ ખાતે		૩,૦૩૩-૨૫
			ગત વર્ષ	૨,૫૭૭-૦૫	
			ઘટાડો	૪૫૬-૨૦	
કુલ રૂ...		૨૨,૬૨૦-૦૦	કુલ રૂ...		૨૨,૬૨૦-૦૦

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

રાજકોટ
તા. ૧૮-૫-૮૬

—: સને ૧૯૮૫ના અંક ૯ ના અનુસંધાને શ્રી વલ્લભસુધાના આજીવન સભ્યોની નામાવલિ :—

૧૮૧	સારા ચીમનલાલ પરસોત્તમ	રાજકોટ	૧૮૬	મોરારજી જમનાદાસ હીંડોચા	કલકત્તા
૧૮૨	નિરંજના વિઠલદાસ ચોટાઈ	રાજકોટ	૧૮૭	અમૃતલાલ ગિરધરલાલ શાહ	ઘાટકોપર
૧૮૩	વિનોદચંદ્ર માણેકલાલ શાહ	અમદાવાદ	૧૮૮	શ્રીમતી ચંપાબેન ભુલાભાઈ કોટક	થાણા
૧૮૪	વૈદરાજ વિષ્ણુપ્રસાદ જગન્નાથ પંડિત	સિદ્ધપુર	૧૮૯	શ્રીમતી જયાબેન મદનલાલ શાહ	સુરત
૧૮૫	અમુલખરાય અમૃતલાલ પારેખ	ઉરણ	૧૯૦	સોની [illegible] [illegible]	રાજકોટ

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૫ : અંક ૬ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮ * સપ્ટેમ્બર, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ **આજીવન રૂ. ૧૫૧**

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧

॥ શ્રીહરિઃ ॥

દશદિગન્તવિજયી પંડિત ધુરંધર શ્રી પુરુષોત્તમજી મહારાજ વિરચિત વેદાન્ત તાત્પર્ય નિરુપણ

હિન્દી અનુવાદ કર્તા : **શાસ્ત્રી હરિશંકર ઓમકારજી**
ગુજરાતી અનુવાદક કર્તા : **નિરંજનજી શાસ્ત્રી ઉમરેઠવાળા**
સહયોગ : **કૃષ્ણદત્ત નિ. શાસ્ત્રી ઉમરેઠવાળા**

અન્તર્યામી ઇશ્વર છે વ્યાસ સૂત્રના પહેલા અધ્યાયના બીજા પદના છઠ્ઠા અધિકરણમાં વિચાર આવે છે કે "બૃહદારણ્યા ઉપનિષદ"માં કહ્યું છે કે "ય ઇમં ચ લોકં પરં ચ લોકં સર્વાણિ ભૂતાન્યન્તરો યમયતિ" જે આ લોક અને પરલોક તથા સર્વ ભૂતમાત્રના અન્તરમાં રહે છે તથા તેમનું નિયમન કરે છે" "યઃ પૃથિવ્યાં તિષ્ઠન્ પૃથિવ્યા અન્તરો યંપૃથિવી ન વેદ, યસ્ય પૃથિવી શરીરં યઃ પૃથિવી મન્તરોયમયતિ, એષ ત અન્તર્યામ્યમૃતઃ ॥" જે પૃથિવી પર પૃથ્વીનું અન્તર= મધ્યમાં છે જેને પૃથ્વી નથી જાણતી, જેનું શરીર પૃથવી છે, જે પૃથિવીની અન્દર રહેનાર–નિયમન કરે છે, આ તારો અન્તર્યામી આત્મા છે–જેને અમૃત કહેવામાં આવે છે." અહીં શંકા થાય છે કે અધિદૈવાદિમાં જે અન્તર્યામી છે. તે શું પૃથિવી આદિ અભિમાની દેવતા છે? અણિમાદિ ઐશ્વર્યવાન જીવ છે કે પરમાત્મા છે? અન્તર્યામિ શબ્દનો અર્થ એવો થાય છે કે અન્દરથી નિયમન કરે છે તે આવો અર્થ પૃથિવ્યાદિ અભિમાનિના દેવતા પ્રકાશક છે અથવા યોગના દ્વારા જેમને સિદ્ધિ પ્રાપ્ત થઇ ગઇ છે તે જીવના પ્રકાશક હોઇ શકે છે નહિ કે પરમાત્માના કારણ કે પરમાત્મા વિષયમાં આ સંજ્ઞા અપ્રસિદ્ધ છે આથી પરમાત્મા અન્તર્યામી ન હોઇ શકે.

પરમાત્માજ અન્તર્યામી છે કારણકે સર્વ નિયમન આદિ ધર્મ તેમની અન્દર જ મળે છે બીજે કયાંય સર્વ નિયમન શકિત નથી, સાથે જ આત્માપન અને અમર પણું પણ

તેમનાં જ મુખ્યત્વે સિદ્ધ છે. જડમાં જ્ઞાનનો અભાવ છે એ પ્રત્યક્ષથી જ સિદ્ધ છે. આથી જ "પૃથિવી જેને નથી ઓળખતી" આ વાકયથી તદ્દ અભિમાનિની દેવતા કે જે ચેતન છે તેમનામાં જ્ઞાનનો અભાવ સિદ્ધ થાય છે. જીવમાં પણ નિયમન શકિત નથી આથી અન્તર્યામી પરમાત્મા જ છે.

જે રીતે પરમાત્મા કારણ, સર્વાન્તર, ભોકતા તથા અન્તર્યામી છે તેવી જ રીતે તે અદૃશ્યત્વ સર્વ પ્રસિદ્ધત્વ, વ્યાપકત્વ, સર્વાત્મત્વ, સર્વાધારકત્વ વગેરે સદ્ગુણો વાળા પણ છે.

આથીજ આ સદ્ગુણોથી તેમનો મહિમા મહાત્મ્ય ઉત્કર્ષ વાસ્તવિક જ છે, તે વાસ્તવિક મહિમા બ્રહ્મમાં જેમાં કે તે રહે છે નિરતિશય શ્રેષ્ઠત્વનું પર્યવસાન કરે છે અર્થાત્ આ મહામહિમ (તત્વ) જ પરબ્રહ્મ છે. યદિ આ મહિમાનું પર્યાવસાન ઉપાધિમાં કરવામાં આવે તો ઉત્કર્ષ પ્રતિપાદક વાકયોને બ્રહ્મકપરક થવામાં તે વાંધા જનક પ્રતિબંધક સિદ્ધ થાય.

પૂર્વપક્ષી ઉપાધિનું સમર્થન કરે છે કે—તે પ્રતિબન્ધક નથી બનતું વાકયાર્થનું જ્ઞાન તાત્પર્યથી થાય છે. તાત્પર્યનું લક્ષણ એવું બતાવાય છે કે "તત પ્રતીતીચ્છયો શ્ચરિત્વમ્ છે. (આ લક્ષણનું ખંડન વેદાન્ત પરિભાષામાં કરીને "તત્પ્રતીતિજનન યોગ્યત્વમ્" એવું લક્ષણ કર્યું છે અને પાછળથી તેમાં "તદિતર પ્રતીતીચ્છયાઽનુશ્ચારિતત્વમ્" આ વિશેષણનો નિવેશ કર્યો છે. આમ છતાં પણ તે બલવત્તર લક્ષણ હોવાથી પૂર્વ લક્ષણને જ માનીને માયાવાદી ઉપાધિનું સમર્થન કરે છે.) "એની પ્રતીતિની ઇચ્છાથી ઉચ્ચરિત વાકય છે" તદનુસાર અહીં પણ કરી શકીએ છીએ કે બ્રહ્મની પ્રતીતિની ઇચ્છાથી ઉચ્ચરિત પુર્વોકત મહિમા વાકયોના બ્રહ્મવિષયક અર્થ કરવાથી ઉપાધિ દ્વારા તેની પ્રતિતિમાં પ્રતિબંધક નથી અર્થાત્ આપ જે કહો છો કે મહિમા બોધક વાકયોથી વાસ્તવિક મહિમા ન માનીને યદિ તેમની ઉપાધિમાં પર્યવસાન કરવામાં આવે તો તે વાકય બ્રહ્મ વિષયક થવામાં સ્વયમ જ પ્રતિબંધક થશે તે યોગ્ય નથી. આપણે અહીં તાત્પર્યથી એમ માની લઇએ કે બ્રહ્મ પ્રતીતિની ઇચ્છાથી ઉચ્ચરિત વાકય બ્રહ્મપર થવાથી ઉપાધિ દ્વારા તેમની પ્રતીતિમાં અવરોધ કરનારા નથી.

આપ એમ પણ નથી કહી શકતા કે આમાં કોઇ જ્ઞાપક પ્રમાણ નથી. કેમકે તેમાં "યતો વાચો નિવર્તન્તે" જયાંથી વાણી પાછી વળે છે ઇત્યાદિ શ્રુતિ વાકયાનુસાર વાણીની નિવૃત્તિના બોધક વાકય જ પ્રમાણ છે, ઉપનિષદની શ્રુતિનો પણ વિરોધ નથી કારણ કે તાત્પર્યથી પણ ઉપાધિની સંભાવના છે જ. અભિધાવૃત્તિની અપેક્ષાએ તાત્પર્યવૃત્તિ બલિષ્ઠ છે.

એટલા માટે જ આપનો ઉપાધપક્ષ ત્યારે જ સિદ્ધ થઇ શકે જયારે શ્રુતિઓથી જ સમર્થન કરવામાં આવે અને તેવું થવું અસમ્ભવ છે. આપે આપના ઉપાધિ પક્ષના સમર્થનમાં જે શ્રુતિવાકયનો આશ્રય લઇને એમ કહ્યું હતું કે 'યતો વાચો નિવર્તન્તતે અપ્રાપ્ય મનસા

સહ; આનંદં બ્રહ્મણો વિદ્વાન્ ન બિભેતિ કદાચન ઇતિ' જ્યાંથી વાણી નિવૃત થાય છે અર્થાત વાણી દ્વારા જે અપ્રાપ્ય છે તેનો અર્થ લૌકિક વાણીથી અપ્રાપ્ય છે તેવો થાય છે નહિ કે વાણી માત્રથી. કેમકે તેની સાથે જ મનને પણ જોડી દીધું છે. તે સંપૂર્ણ વાકય આ પ્રમાણે છે 'જ્યાંથી વાણી તેને પ્રાપ્ત કરી શકયા વિના મનની સાથે નિવૃત્ત થઇ (પાછી વળે) છે આ બ્રહ્મના આનંદને જાણનાર કયારે પણ (કહીંથી પણ) ડરતા નથી.

કહેવાયેલી શ્રુતિમાં વાણીની સાથે મન પણ છે એટલા માટે તે લૌકિક વાણીની વાત છે તેવું સ્પષ્ટ પ્રતીત થાય છે. વૈદિકવાણી તેને પ્રાપ્ત કરી શકે છે. વેદ અપારુષેય છે. ઇશ્વરના નિઃશ્વાસસરુપે છે આથી તે વાણીની સાથે મનનું રહેવું સંભવ નથી. 'અનૃતં વૈ વાચા વદતિ' । વાણીથી જુઠું બોલે છે. 'અનૃતં મનસા ધ્યાયતિ' । મનથી મિથ્યાધ્યાન કરે છે. 'યદા હ્યેવૈષ એતસ્મિન્નદૃશ્યેઽનાત્મ્યે અનિરુક્તેઽનિલયેઽભયં પ્રતિષ્ઠાં વિન્દતે । અથ સોઽભયં ગતો ભવતિ ।' ઇત્યાદિ વાકયોમાં લૌકિક વાણી અને મનનું વર્ણન કરે છે. સાથે સાથે 'જ્યારે આ સાધક આ અદ્રશ્ય અશરીર, અવિશેષ, જે કોઇના ઉપર નિર્ભર નથી તે અનિલયન પરબ્રહ્મમાં નિર્ભય થઇને આત્મભાવને પ્રાપ્ત કરે છે ત્યારે તેણે અભય પ્રાપ્ત કર્યો (તે અભય સુધી પહોંચી શકયો) ઇત્યાદિ તૈત્તિરીય શ્રુતિનો પણ વિરોધ થશે. કારણ કે કહેવાયેલી આ શ્રુતિમાં બ્રહ્મને અવિશેષ=અનાસકત કહેલ છે. જે 'આ પ્રકારે છે' વગેરે શબ્દોથી પ્રતિપાદિત થાય છે તે નિરુકત અથવા સવિશેષ છે, તેનાથી ભિન્ન અનિરુકત અવિશેષ છે. 'તે (બ્રહ્મ) અનિરુકત છે' આ વાકય પણ વાણીનો વિષય છે અને આ વાકયથી જ તેનો (બ્રહ્મનો) બોધ થઇ શકે છે ત્યારે એવું કેવી રીતે માની લેવાય કે પૂર્વોકત શ્રુતિ અનુસાર વાણીની નિવૃત્તિ થવાથી વાણીનો વિષય નથી ? એટલા જ માટે આપણે માનવું પડશે કે જ્યાં વૈદિક વાણીનો વિષય નથી ત્યાં લૌકિક વાણીની નિવૃત્તિ જ ઉકત શ્રુતિનો અર્થ છે.

જો કે તાત્પર્ય બલવત્તર છે તો પણ વાસ્તવિક મહિમાના પ્રતિવાદન દ્વારા બ્રહ્મપરત્વ જ માનવું શ્રેષ્ઠ છે કેમકે ઘણીખરી શ્રુતિઓ મહિમાનું વર્ણન કરે છે પરંતુ અનેક સાવકાશ શ્રુતિઓના અનુગ્રહ પ્રાપ્ત કરવા કરતાં એક નિરવકાશ શ્રુતિનો અનુગ્રહ પ્રાપ્ત કરવો વધુ શ્રેષ્ઠ છે. એટલા જ માટે 'સત્યંજ્ઞાનમનન્તં બ્રહ્મ' અર્થાત્ સત્ય, જ્ઞાન અનન્ત બ્રહ્મ છે આ વાકયમાં સત્યનો અર્થ આસન્યથી વ્યાવૃત્ત જ્ઞાનનો અર્થ જડથી વ્યાવૃત્ત અને અનન્તનો સાન્તથી વ્યાવૃત્ત બ્રહ્મ છે એવો અર્થ શ્રી શંકરાચાર્યજીએ ભાષ્યમાં કર્યો છે. આ રીતે નિષેધશેષ બ્રહ્મનો સ્વીકાર કરવાથી 'નિષ્કલં નિષ્ક્રિયંશાન્તમ્' નિષ્કલ, નિષ્ક્રિય અને શાન્ત બ્રહ્મ છે. 'સાક્ષીચેતા કેવલો નિર્ગુણશ્ચ ।' તે સાક્ષી, ચેતા, કેવળ અને નિર્ગુણ છે. 'ન તસ્ય કાર્યં કરણં ચ વિદ્યતે' તેનું ન કોઇ કાર્ય છે ન કારણ. 'અસ્થૂલમનણુ' તે સ્થૂલ નથી. 'સર્વેન્દ્રિય ગુણાભાસં સર્વેન્દ્રિય વિવર્જિતમ્ ।' તેમની અંદર બધી જ ઇન્દ્રિયોના ગુણનો આભાસ થાય છે. તે બધી ઇન્દ્રિયોથી રહિત છે. 'અરુપવદેવહિ ।' 'તે અરુપ છે' આ

સમાધિભાષા શ્વેતાશ્વતર, બૃહદારણ્યક, ગીતા તથા બ્રહ્મસૂત્રના વાકયમાં પણ અર્થનું સમર્થન કરે છે. વેદાન્ત વાકય અવાસ્તવિક બ્રહ્મના મહિમાનું પ્રતિપાદન કરે છે, તો પણ તે સર્વ-વાકય બ્રહ્મવિષયક જ છે એમાં કોઇજ વિરોધ નથી.

આ પ્રમાણે માયાવાદીનો પૂર્વ પક્ષ હોવાથી ઉપાધિનું ખંડન કરવા માટે સિદ્ધાન્ત પક્ષ સગુણબ્રહ્મનું પ્રતિપાદન કરે છે જે (તે) આ પ્રકારથી છે.

આ વેદાન્ત દર્શન વૈદિક છે. વ્યાસદર્શનનો નિર્ણય પણ શ્રુતિથી જ કરવો યોગ્ય છે જો શ્રુતિઓનો આશ્રય લેવામાં આવે તો તે યુક્તિઓ પણ શ્રુતિમતથી વિરુદ્ધ ન હોય અર્થાત્ વેદ વિરુદ્ધ યુક્તિઓને છોડી દઇને તદનુકુલ યુક્તિઓથી તથા શ્રુતિવાકયોથી જ નિર્ણય કરવો ઉચિત છે. શ્રુતિપ્રતિપાદિત પ્રમેયનો નિર્ણય પણ વેદમાર્ગથી અને શ્રી વ્યાસજીના મતાનુસાર જ કરવો જોઇએ, નહિ કે કુતર્કથી. લૌકિક વાણી બ્રહ્મને પ્રાપ્ત કર્યા વગરજ પાછી વળી જાય છે અને વૈદિક વાણી પોતાની શકિત અનુસાર તેનું વર્ણન કરે છે.આ રીતે અર્થ કરવાથી કહેલા ઉપનિષદ વાકયોની સંગતિ બેસી શકે છે નહિ કે આપના કહ્યા પ્રમાણે. આપના કહ્યા પ્રમાણે તો કારણત્વ બોધક અને ઉપાસના બોધક વાકયોના અર્થ ઉપાધિ, આરોપ અપવાદ આદિ માનવાથી નિર્વિશેષ બ્રહ્મનુ જ્ઞાન જ ન થાય. પૂર્વોકત બન્ને શ્રુતિઓ (યતોવાચો અને અનિરુકત શ્રુતિ) માં વિવાદ ઉપસ્થિત થઇ જવાથી તે વિવાદને દૂર કરવા માટે આપની પાસે બીજું કોઇ સાધન ન હોવાથી તથા જ્યાં સુધી બન્નેની એક વાકયતા ન હોય ત્યાં સુધી તેમના અર્થનો પણ નિશ્ચય ન કરી શકવાની સાથે તેમના દ્વારા અન્ય શ્રુતિઓનું પણ તાત્પર્યજ્ઞાન હોવું અશકય બની જશે. જો આપ કહેશો કે વાકયમાં 'શકિત' ન હોવાથી અમે 'લક્ષણા' કહેશું તો લક્ષણા કરવાથી બન્નેમાં સમતુલા આવી જશે. તે પણ યોગ્ય નથી એમ કરવાથી વૃત્તિમાં દ્વિગુણતા આથી જાય છે અર્થાત્ વાકયમાં અને પદમાં ઉભયત્ર શકિત માનવાની આપત્તિ ઉભી થાય છે. જો આપ કહેશો કે બધાજ વૈદિક પદોને બ્રહ્મવાચક નહિ માનીએ અમે આગળ ઉપર અથર્વશિખાનું ઉપવાદન કરીશું ત્યાં બધા જ વૈદિક શબ્દોની બ્રહ્મમાં શકિત છે એવું સિદ્ધ કર્યું છે. સાથે જ વાકયમાં શકિત છે એવો વૈય્યાકરણીઓનો સિદ્ધાંત છે, વૃત્તિ દ્વૈગુણ્યથી આગળ ઉપર બતાવીશુ તે પ્રકાર વિરુધ્ધધર્માશ્રય માનવાથી પિંડ છૂટી જશે સાથે સાથે શ્રુતિઓ પણ વિરૂધ્ધ નહિ રહે. આથી જ 'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ' ઇત્યાદિ શ્રુતિઓમાં લક્ષણા માનવી પ્રમાણોના અભાવથી અનુપપન્ન જ છે.

(નોંધ :– અહીં મૂલમાં લક્ષ્યત્વ, વાચ્યત્વ, લક્ષણા, કેવલાન્વયી, અન્વયવ્યતિરેકી, ઉપાધિ આદિનો વિચાર કરવામાં આવ્યો છે, એ તાર્કિક વિચાર સર્વ સાધારણ વ્યકિતઓને સમજવામાં મુશ્કેલી થશે. આ વિષયની સરળ વ્યાખ્યા કરવામાં અને સમજવામાં અતિ વિસ્તાર કરવો પડશે સાથે સાથે આ અત્યંત શુષ્ક વિષય હોવાને કારણે પાઠકોને વાંચકોને

નિરસ લાગશે તેથી અહીં પૂર્વપક્ષના સિદ્ધાંન્તીના મત પ્રમાણે નિરાસ માત્ર કરવામાં આવેલ છે.)

જો લક્ષણાનો સ્વીકાર કરવામાં ન આવે તો 'એક મેવાદ્વિતીય બ્રહ્મ' આ શ્રુતિમાં અદ્વિતીય કહેલ છે, તે સિધ્ધ ન થાય એમ કહેવું પણ યોગ્ય નથી કારણ કે બ્રહ્મ ધર્મ પણ બ્રહ્મની સાથે જોડાયેલ અભિન્ન છે. જેવી રીતે 'પ્રકાશાશ્રયવદ્વા તેજસ્ત્વાત્' આ સૂત્રમાં શ્રી વેદ વ્યાસજીએ પ્રતિપાદિત કર્યું છે કે, જેવી રીતે સૂર્ય અને પ્રકાશ ભિન્ન ભિન્ન નથી, તેવી જ રીતે બ્રહ્મ અને બ્રહ્મના ધર્મ (અદ્વિતીયત્વાદિ) ભિન્ન ભિન્ન નથી. બન્નેને એક માનવાથી ધર્મ ભાવની હાની પણ નહિ થાય. આથીજ આપનો ઉપાધિ પક્ષ સર્વથા અસંગત છે. (ઉપાધિપક્ષ માનવાથી સતાવધિ શ્રુતિવાકય અને વ્યાસ સૂત્રનો યોગ્ય અર્થ થઇ શકે તેમ નથી.)

ભલે ઉપાધિપક્ષ ન હોય આપણે પ્રકારાન્તરથી (બીજી રીતે) તેને દ્દઢ કરીશુ. બ્રહ્મના મહિમાનું પ્રતિપાદન કરનાર વેદાન્તવાકયોને બ્રહ્મના સ્વરૂપની આશા અપેક્ષા રહે છે છતાં તે ઉપજીવક હોવાથી બહિરંગ છે. તથા બ્રહ્મના સ્વરુપનું પ્રતિપાદન કરનાર વાકય ઉપજીવક હોવાને લીધે અન્તરંગ છે. જે રીતે પૂર્વ મીમાંસામાં ઉત્પત્તિ વાકયનો બાધ અન્ય વાકય કરી શકતું નથી પરંતુ જરૂરત પડતાં ઉત્પત્તિ વાકય જ અન્ય વાકયોનો બાધ કરે છે. તે પ્રકારે જ અહીં પણ સ્વરુપ પરક નિર્વિશેષ વાકયો દ્વારા ધર્મ આકારાદિ બોધક વાકયોના બાધ થઈ જશે અને જ્યારે તેનો બાધ થઇ જાય ત્યારે તે ઉપાધિપક્ષમા પર્યવસિત થઇ જાય છે.

તો સાંભળો અમે આપના પક્ષનો પણ જવાબ આપીએ છીએ કે :– જો આપના કહેવા પ્રમાણે મહિમાનું નિરૂપણ કરવા વાળા વાકય કેવળ તેનું જ નિરૂપણ કરીને રહી જાય અને સ્વરૂપના વિષયમાં કંઇ પણ ન કહેતા હોય તો આપનું કહેવું પણ માની શકાય પરંતુ એવું નથી. જેવી રીતે "અસ્થુલમ્" આદિવાકય ધર્મ નિષેધ દ્વારા સ્વરૂપનું નિરૂપણ કરે છે તેવી રીતે 'વિશ્વતશ્ચક્ષુઃ' આદિ વાકય ધર્મ વિધિ દ્વારા સ્વરૂપનું પ્રતિપાદન કરે છે, ત્યારે આપ પૂર્વોકત ન્યાયથી ઉપાધિ પક્ષનું કોઈ પણ રીતે સમર્થન કરી શકતા નથી.

કોઇકનો મત છે કે :– 'અસ્થૂલ' આદિ વાકયમાં નિષેધાર્થક 'નંય–નમ્' નો અન્વય ક્રિયાની સાથે ન હોવાને કારણે અહીં 'પ્રતિષેધ' (બાધકર્તા) ન બનતાં પર્યુદાસ સાનુકુલ જ થશે. છતાં સાદ્રશ્ય અર્થ યોગ્ય છે 'બ્રહ્મહાથીના સમાન મોટો અને મચ્છરની જેમ નાનો છે' વગેરે શ્રુતિ વાકયોમાં પણ સાદશ્ય જ કરેલ છે ત્યારે આપ તો વ્યર્થ રીતે જ શ્રુતિઓના વિરોધભાસની ચિંતા કરો છો. શ્રુતિઓમાં વિરોધ છે જ નહિ પછી વિરોધાભાસની સ્થાપના કરવાની શું આવશ્યકતા છે ?

ભિક્ષુનો મત છે કે :– અહીં પર્યુદાસ શકય વચન નથી કારણ કે, 'અસંગમ્' ઇત્યાદિમાં અન્વય નથી સાથે સાથે 'અચક્ષુષ્કમ્' માં અહીં 'ક' પ્રત્યયમાં વિરોધ પણ થઇ જાય છે. આથી જયાં જેવી સંભાવના હોય (શકયતા હોય) ત્યાં તેવા પ્રતિષેધ અથવા પર્યુદાસ સ્વીકારી લેવા ઉચિત છે.

પરન્તુ આ મત યોગ્ય નથી કારણ કે, 'અસંગમ્' ઇત્યાદિ શ્રુતિનો 'સંગભિન્ન' કે 'સંગસદૃશ' એવો અર્થ કરવાથી સ્વરૂપ સંબંધ તો રહેછે આનાથી તદ્રુપતાનો બોધ થઇ જશે ત્યારે અન્વય અનુપન્ન નહી હોય અને 'અચક્ષુષ્કમ્' વગેરેમાં 'ક' પ્રત્યય સ્વાર્થમાં હોવાથી તે પર્યુદાસનો બોધ નહી કરે પરંતુ 'આ દેવ, અસુર, મનુષ્ય, પક્ષી, સ્ત્રી, ષંઢ, પુરુષ, જન્તુગણ, કર્મ, સત્ અસત્ નથી આવા નિષેધ સાથે રહેવાવાળા અશેષ પૂર્ણ બ્રહ્મનો જય હો' વગેરે પુરાણ વાકયોમાં પૂર્વોકત શ્રુતિઓનો જ વિસ્તાર અથવા વ્યાખ્યાન હોવાથી નિષેધની સાથે કહેવાથી તે અનુસાર અહીં પણ પ્રસજ્ય પ્રતિષેધને સંભવ હોવાને કારણે જે વિરોધાભાવના વિષયમાં વિચાર કરે છે તે યોગ્ય જ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૪૩મો)

અધ્યાય દશમો

શ્રીભગવાનુવાચ–

ભૂય એવ મહાબાહો શૃણુ મે પરમં વચઃ ।
યત્તોઽહં પ્રીયમાણાય વક્ષ્યામિ હિતકામ્યયા ॥૧॥

શ્રી ભગવાને કહ્યું, હે મહાબાહુ અર્જુન, મારું શ્રેષ્ઠ વચન ફરીથી પણ તું સાંભળ; કારણ કે પરમ આનંદ પામતા તને હિત કરવાની ઇચ્છાથી હું કહીશ. ॥૧॥

નવમા અધ્યાયમાં જે ભકિતનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું તેની સિદ્ધિને માટે શ્રી હરિએ પોતાની વિભૂતિઓનું સ્વરૂપ કૃપા કરીને દશમા અધ્યાયમાં કહ્યું.

આગળના (નવમા) અધ્યાયમાં (૯–૨૭)માં સર્વે કર્મોનું સમર્પણ કરવાનું કહ્યું અને પછી (૯–૩૩, ૩૪માં) ભકિત કરવાની આજ્ઞા કરી, ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ન હોય તો ભકિતનું કાર્ય કરવા છતાં ન કરવા જેવું મોટે ભાગે થાય. એમ હોવાથી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવાને માટે પોતાના સ્વરૂપને એટલે કે પોતાની વિભૂતિઓના સ્વરૂપને વર્ણવતાં પૃથાના પુત્ર અર્જુનને તેનું શ્રવણ કરવા માટે સાવધાનતાથી અભિમુખ કરીને નિશ્ચયપૂર્વક કહે છે.

✓

ભગવાને 'ભૂયઃ એવ' વગેરે શબ્દોથી કહ્યું, હે મહાબાહુ, હે ભજનને યોગ્ય કૃપાશક્તિવાળાં, ફરીને પણ મારાં વચનોનાં શ્રવણથી પરમ આનંદ પામતા તને તારું હિત કરવાની ઇચ્છાથી હું જે કહીશ તે પરમ એટલે પર એવા પરમાત્મા જેનાથી જણાય છે એવા પરમ અર્થરૂપ ઉત્કૃષ્ટ મારાં વચન તું સાંભળ. 'પ્રીયમાણાય' (પરમ આનંદ પામતા તને) એ શબ્દથી બીજાને નહિ કહેવા યોગ્ય અને ગોપ્ય પણું દર્શાવ્યું છે. 'હિતકામ્યયા' (હિત કરવાની ઇચ્છાથી) એ શબ્દથી પરમ કૃપા દર્શાવી છે. ।।૧।।

ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ ।
અહમાદિર્હિ દેવાનાં મહર્ષીણાં ચ સર્વશઃ ।।૨।।

મારી ઉત્પત્તિને દેવગણો જાણતા નથી, મહર્ષિઓ જાણતા નથી; દેવોનું અને મહર્ષિઓનું મૂળ રૂપ બધી રીતે હું જ છું ।।૨।।

હવે પરમાત્માની કૃપા વિના, કહેવાયેલા પરમાત્માના એ સ્વરૂપને જાણવું કઠિન છે, તેથી સ્વરૂપનું દુર્લભપણું 'ન મે' વગેરે શબ્દોથી કહે છે. મારા ઉત્કૃષ્ટ પ્રાદુર્ભાવને એટલે કે મારી ઉત્પત્તિને બ્રહ્મા, ઇંદ્ર વગેરે દેવગણો કે ભૃગુ વગેરે મહાષઓ જાણતા નથી. સર્વ પ્રકારે, આધિદૈવિકતાથી અને દેવ પણાથી બ્રહ્મા વગેરે દેવોનો આદિ એટલે મૂળભૂત હું છું. વળી તે જ પ્રમાણે મહર્ષિઓનો પણ આદિ હું છું. 'હિ' એટલે નિશ્ચય પૂર્વક, સંદેહ ન રહે તે રીતે, દેવપણાથી, ઋષિપણાથી પોતે મૂળભૂત છે તે પ્રમાણેનું જ્ઞાન આવશ્યક છે. એમ હોવા છતાં પૃથ્વીનો ભાર ઉતારવાને માટે, પોતાનાંની રક્ષા માટે, ધર્મના રક્ષણ માટે, મારો જન્મ છે એમ કેટલાક જાણે છે, પરંતુ જે માટે અને જે રૂપે મારું પ્રાકટય છે, તેને મારી કૃપા વિના કોઇ જાણતું નથી, એવો ભાવ છે. ।।૨।।

યો મામજમનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।
અસંમૂઢઃ સ મર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।।૩।।

જે મને અજન્મા, અનાદિ અને લોકોનો મહાન ઇશ્વર જાણે છે, મનુષ્યોમાં પ્રમાદ રહિત તે બધાં પાપોથી આત્યંતિક રીતે મુક્ત થઇ જાય છે. ।।૩।।

એ પ્રમાણે ભગવાનની કૃપા વિના અને સ્વરૂપના જ્ઞાન વિના દેવોમાં પ્રગટેલું દેવત્વ વ્યર્થ જ છે, એમ કહીને ભગવાનની કૃપાથી જ્ઞાન દ્વારા મનુષ્યોમાં શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થાય છે, એમ 'યો મામ્ અજમ્' વગેરે શબ્દોથી કહે છે. મનુષ્યોમાંનો જે મને જન્મ વગેરેના દોષ વગરનો, અનાદિ એટલે લીલા વગેરેથી નિત્ય, એવા પ્રકારનો જ લોકોનો પરમેશ્વર, કરવાને માટે કે અન્યથા કરવાને માટે સમર્થ હોવાનું જાણે છે તે પ્રમાદ રહિત થઇને બધાં પાપોથી એટલે કે મારી ભક્તિમાં પ્રતિબંધરૂપ હોય તે બધાંથી આત્યંતિક રીતે મુક્ત થઈ જાય છે, મનુષ્યભાવથી પર થયેલો તે દેવરૂપ થઇ જાય છે, એમ અર્થ છે. ।।૩।।

બુદ્ધિર્જ્ઞાન મ સંમોહઃ ક્ષમા સત્યં દમઃ શમઃ ।
સુખં દુઃખં ભવોડભાવો ભયં ચાભયમેવ ચ ।।૪।।

બુધ્ધિ, જ્ઞાન, મોહનો અભાવ, ક્ષમા, સત્ય, ઇંદ્રિયનિગ્રહ, શાન્તિ, સુખ, દુઃખ, ઉત્પત્તિ અને નાશ, ભય તેમ જ અભયતા, ।।૪।।

એ પ્રમાણે જેઓ જાણે છે તેઓના અને નથી જાણતા તેઓના વિવિધ પ્રકારના ભાવો,

✓

જે સૌ સૌના જ્ઞાનને અનુરૂપ હોય છે તે બધા, મારું સર્વેશ્વરપણું હોવાથી મારાથીજ થાય છે, એમ ‘બુધ્ધિજ્ઞાનમસંમોહઃ’ વગેરે શબ્દોથી બે શ્લોકથી કહે છે. બુદ્ધિ એટલે ધર્મ અને જ્ઞાનમાં નિપુણતા, જ્ઞાન એટલે સ્વરૂપાત્મક જ્ઞાન, અસંમોહ એટલે માયાના વિલાસોમાં મોહ વગરના હોવું, ક્ષમા એટલે દૂષિત કાર્યો વગેરે પ્રત્યે સહનશીલતા, સત્ય એટલે આપત્તિ વગેરેમાં પણ યથાર્થ બોલવું, દમ એટલે ઇંદ્રિયનિગ્રહ, શમ એટલે પરમ આનંદની પ્રાપ્તિરૂપ શાંતિ, સુખ એટલે પરમાત્મભાવના આનંદરૂપ સુખ, દુઃખ એટલે આનંદના તિરોભાવરૂપ દુઃખ, ભવ એટલે સંસારાત્મક ઉત્પત્તિ, અભાવ એટલે નાશ, ભય એટલે મૃત્યુકાળ વગેરેનો ભય, ‘ચ’ અક્ષરથી યમની યાતના વગેરેનો ભય, અભય એટલે મારા ચરણની પ્રાપ્તિથી કાળ વગેરેના ભયનો અભાવ. ।।૪।।

અહિંસા સમતા તુષ્ટિસ્તપો દાનં યશોઽયશઃ ।
ભવન્તિ ભાવા ભૂતાનાં મત્ત એવ પૃથગ્વિધાઃ ।।૫।।

અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન, યશ, અપયશ (વગેરે) પ્રાણીઓના જુદા જુદા ભાવો મારાથી જ થાય છે. ।।૫।।

અહિંસા એટલે દયાવાળી અહિંસા, સમતા એટલે સર્વત્ર ભગવદ્ભાવ, તુષ્ટિ એટલે સદાય ભગવદ્ભાવવાળો સંતોષ, તપ એટલે ભગવદર્થે કલેશને સહન કરવાપણું, દાન એટલે મારો ઉપદેશ વગેરે આપવા તે, યશ એટલે મારો સેવક હોવાના કારણે સત્કીર્તિ, અયશ એટલે દુષ્ટતા વગેરે લક્ષણવાળી અપકીર્તિ. પ્રાણીઓના બુધ્ધ વગેરે આ ભિન્ન ભિન્ન બધા ભાવો મારી વિશિષ્ટ પ્રકારની કૃપાવાળાઓને અને મારા સ્વરૂપના જ્ઞાનવાળાઓને થાય છે, જ્યારે અપકીર્તિ સહિત દુઃખ વગેરે (દુઃખ, ઉત્પત્તિ, નાશ અને ભય એ) ચાર પ્રકારના ભાવો અન્યજનોને થાય છે, એવો ભાવ છે. ।।૫।।

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક

પ. ભ. શ્રી અરવિંદભાઈ જવેરચંદ મહેતા (કલકત્તા)
ના જય શ્રી કૃષ્ણ

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિત પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ) કોવિદ

(લેખાંક બીજો)

જેઓશ્રીની ચરણરજ પોતાના સેવકોની અપાર ચિંતાઓનો નાશ કરનારી છે, તેવા પોતાના જ (અનન્ય) આચાર્યશ્રીને હું (શ્રી વિઠ્ઠલેશજી) વારંવાર પ્રણામ કરું છું. ।।૧।।

અરે, ભગવદીય જનોના મનમાં ચિંતા ઊભી થાય જ શી રીતે ? અહીં તેના કારણનો વિચાર કરાય છે આત્મ નિવેદન કર્યું હોય તેવા ભગવદીયો જ ભગવાનનું ભજન કરવા માટે અધિકારી છે, બીજા ભજનના અધિકારી નથી. વળી, આત્મ નિવેદન કર્યું હોય તેને ત્યાં આ લોક કે પરલોક સંબંધી કશુંય સમર્પણ કર્યા વિનાનું હોતું નથી. (અહીં પ્રશ્ન થાય કે) જો બધું જ સમર્પણ કરી દેવાય તો દેહ વગરનો નિર્વાહ શેનાથી કરવો ? નિવેદન કર્યું હોય તેથી શું અને વળી નિવેદન ન કર્યું હોય તેથી શું ? (તેનું સમાધાન કરતાં કહે છે કે) તેમાં પહેલો પ્રશ્ન ઉચિત નથી; કારણકે, ભગવાનની વસ્તુ ભગવાનની ઇચ્છા વગર લેવી તે વ્યવહારુ નથી. વળી ભગવાનની ઇચ્છાને જાણવી પણ શકય નથી. ખરી રીતે તો સેવકની ઇચ્છા હોય તો પણ તેનો ઉપયોગ કરવો યોગ્ય નથી. ભગવદીયજનોનાં દેહ વગેરેનું પોષણ ભગવાનની વસ્તુથી થાય, તેમાં દોષ નથી, એમ પણ કહેવાય નહિ; કારણકે આપમેળે તેમ કરવાથી દોષલાગે અને ભગવાનની ઇચ્છાને જાણવાનું શકય નથી, તેથી તેમ કહ્યું છે. (નિવેદન ન કર્યું હોય તેથી શું ? એવો) બીજો પ્રશ્ન પણ યોગ્ય નથી; કારણ કે તે સ્વધર્મ નથી. નિવેદન કરાયેલ વસ્તુ મારી છે એવો મમત્વનો વિચાર પણ આચરણની શુદ્ધતા વગેરે માટે અનુચિત છે. મમત્વનું અભિમાન સ્વધર્મનું વિરોધી છે. (અહીં અન્ય શંકા કરાય છે કે) જો એમ હોય તો દેહ વગેરેની દુર્દશા થાય અને તે કારણે ભજન વગેરે થાય નહિ અને તેથી સ્વધર્મની વ્યર્થતા આવી પડે, અને આ માર્ગ જ સમૂળ નષ્ટ થઈ જાય. વળી નિવેદન કરીએ ત્યારે ભજનનો અધિકાર મળે છે. નિવેદન કરેલી વસ્તુથી નિર્વાહ થાય નહિ. એમ બંને બાજુએ પાશરજ્જુ જેવી સ્થિતિ થાય, એમ કહેવાય તો (સમાધાન કરે છે કે) તે અંગે અમે કહીએ છીએ કે (શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે) 'પત્ની, પુત્ર, ઘર અને પ્રાણ અને જે કંઇ હોય તે પરમાત્માને નિવેદન કરવું,' (ભાગ–૧૧-૩-૨૮), 'એ પ્રમાણે આત્મ નિવેદન કર્યું હોય તેવા મનુષ્યોના ધર્મોથી, હે ઉદ્ધવજી, મારામાં ભક્તિ પ્રકટ થાય છે અને તેને

અન્ય કાંઇ પણ મેળવવાનું શેષ રહેતું નથી,' (ભાગ-૧૧.૧૯.૨૪), વગેરે (ભાગવતજીનાં) કથનથી આત્મ નિવેદન કરવું આવશ્યક છે; કારણકે (નિવેદન કરવાનો હેતુ એ છે કે) જેવી રીતે દ્વિજને વૈદિક કર્મના અનુષ્ઠાનનો અધિકાર ગાયત્રી મંત્રના ઉપદેશજન્ય સંસ્કારથી મળે છે. તેમ જ (પુષ્ટિજનોને ભગવત્સેવાનો અધિકાર આત્મનિવેદનના સંસ્કારથી મળે છે) (નિવેદનની સાર્થકતા માટે, ભજનની સિદ્ધિ અર્થે, આવશ્યક વ્યવહાર માટે અને નિવેદન કર્યું હોય તેને પોતાને માટે વિનિયોગ કરવાનું આવશ્યક છે.) નહિ તો પત્નીના પરિગ્રહ (લગ્ન) પછીની ક્ષણમાં જ તેણીએ નિવેદન ન કર્યું હોય ત્યારે (અધિકાર ન હોવાથી) આગળ (સેવામાં) તેનાથી વિનિયોગ થાય નહિ ત્યારે તેવા લગ્નની સાર્થકતા રહે નહિ. અને વળી દાન (એટલે મમત્વના-મારું છે એવા ભાવના ત્યાગ પૂર્વકનો મનો વ્યાપાર,) તેમાં નિશ્ચયપૂર્વક નિજી વિનિયોગ કરવામાં દોષ નથી; નિવેદન (એટલે તદીયતાના—આ બધું પરમાત્માનું છે એવા અનુસંધાનપૂર્વક મારું હોવાના અભિમાનના ત્યાગપૂર્વકનો મનોવ્યાપાર,) તેમાં પણ નિશ્ચયપૂર્વક નિવેદન કરવામાં દોષ નથી. નહિ તો નિવેદન કરાયેલ અન્ન વગેરેનું ભોજન કરવું, એમ કહેવાયું નહોત: કારણકે નિવેદન ન કરાયું હોય તેનો ઉપભોગ નિષિદ્ધ ગણાયો છે. ભગવાનના ભોગ માટે વિનિયોગ કરાય છે. ત્યારે નિવેદન કરાયેલ અને ભગવાને પ્રસાદ રૂપે આપેલ વસ્તુથી પોતાના ઉપભોગનું કાર્ય વધારે મધુર હોય છે; કારણકે એ દાસધર્મ છે. 'ઉચ્છિષ્ટભોજિનો દાસાઃ' (દાસજનો ઉચ્છિષ્ટનું ભોજન કરનાર હોય છે) વગેરે વાક્યોથી એમ કહેવાયું છે. વળી ઉચ્છિષ્ટ ભોજન આત્મશુદ્ધિ કરનારું છે.

પરંતુ પ્રભુને નિવેદન કરાયેલ વસ્તુનું હવે પછી વિનિયોગ કરવાનું થાય ત્યારે તેને માટે તેમ કરાય કે નહિ, એમ ચિંતા થાય. તેમ કરવામાં બહિર્મુખતાનો સંભવ રહે છે અને સેવામાં અવરોધ આવે. 'ત્રૈવર્ગિકા યાસા' (તે કે જે ધર્મ, અર્થ અને કામ સાથે સંબંધિત છે. વૃત્ર કહે છે કે, હે ઈંદ્ર, અમારા સ્વામી અધિકારીઓના ધર્મ, અર્થ અને કામ સંબંધી પ્રયત્નોને નિષ્ફળ કરી દે છે, તેનાથી ભગવાનની કૃપાનું અનુમાન થાય છે, જેને અકિંચન જનો સમજી શકે છે, અન્ય જનોથી સમજવું કઠિન છે. ભાગ. ૬ ૧૧-૨૩) એ વાક્યથી ભગવાને કરેલ અવરોધ કદાચ ત્યાં થાય, તેમ નહિ કરવામાં નિવેદન કરવાના અભાવે દુઃખ થાય, એવા પ્રકારનાં પોતાનાં જનોને (દીક્ષિત જનોને, અથવા શરણે આવેલાંઓને) 'ચિંતા કાપિ ન કાર્યા' વગેરે શબ્દોથી ઉપદેશે છે.

[અહીં આપેલ ટિપ્પણ પ્રભુશ્રીએ પાછળથી આપ્યું હોય એમ લાગે છે. 'તેમ કરવામાં બહિર્મુખતાનો સંભવ રહે છે,' ત્યાંથી આરંભીને, કહેવાયેલ ચિંતાના અભાવમાં અહીં આ પ્રમાણે વિચારાય છે : સેવાને માટે યત્ન કરવામાં બહિર્મુખતા અને સેવામાં પ્રતિબંધ સંભવે નહિ. તે સેવાનું અંગ છે, તેનું પૂરક છે તેથી તે ન કરવામાં પણ બહિર્મુખતા કે સેવામાં પ્રતિબંધનો સંભવ નથી. 'ત્રૈવર્ગિકા યા સા' (તે કે જે ધર્મ, અર્થ

અને કામ સાથે સંબંધિત છે,) એ વાકયથી સેવામાં ભગવાને કરેલ પ્રતિબંધ પણ નથી, એમ કહેવું જોઇએ; કારણકે તેથી ત્રૈવર્ગિક પદની વ્યર્થતા આવી પડે. નહિ તો પ્રયત્ન અને બાધાની એ પ્રકારે સફળતા ગણી શકાય. તેથી પોતાનાં જનોનાં જ ત્રૈવર્ગિક (ધર્મ, અર્થ અને કામ સંબંધી) પ્રયત્નોને ભગવાન નિષ્ફળ કરે છે, પોતાની સેવા અર્થે ભગવાન પ્રયત્નોને નિષ્ફળ કરતા નથી, એમ નિર્ણય કરાય છે. નહિ તો કેવળ પ્રયત્નના નિષેધમાં ભજનનો માર્ગ જ નષ્ટ થાય.

અરે, જેઓએ આત્મનિવેદન કર્યું છે તેઓનો અન્ય પ્રયત્ન અશકય છે; કારણકે તેથી થતી ચિંતાનો અભાવ છે, તો ચિંતા ન કરવી, એવો ઉપદેશ શા માટે ? એમ પ્રશ્ન થાય તો કહે છે કે, અહીંયા આ વાત સ્પષ્ટ છે કે, ભજનના માર્ગમાં પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહના ભેદથી ભગવાન ત્રણ પ્રકારે અંગીકાર કરે છે, અને તે પ્રત્યેકના ત્રણ પ્રકાર છે. જેઓનો પુષ્ટિપુષ્ટિમાં અંગીકાર થયો છે તેઓને માટે અન્ય પ્રયત્નની સંભાવના નથી. મર્યાદાપુષ્ટિમાં અને પ્રવાહપુષ્ટિમા જેઓનો અંગીકાર થયો છે તેઓએ ઈતર પ્રયત્ન કરવામાં મર્યાદા અને પ્રવાહનો અંશ રહેલો છે, પરંતુ પુષ્ટિઅંશ ઈતર પ્રયત્નોને ટાળનારો છે. એ રીતે જેઓએ આત્મનિવેદન કરેલું છે તેવા મર્યાદા અને પ્રવાહ મિશ્રિત જનોએ ઈતર પ્રયત્ન કરવામાં જેમ બહિર્મુખતા સેવામાં પ્રતિબંધ અને તેનો નાશ વગેરે રહેલ છે, તેમ જ સેવા માટે પણ પ્રયત્ન કરાય છે ત્યારે એ પ્રમાણે ચિંતા થાય છે. તેથી ચિંતાના અભાવ માટે તેવા જનો પ્રત્યે 'ચિંતા કાપિ ન કાર્યા' (કોઇ પણ ચિતા કરવી નહિ) એમ કહ્યું છે. તેથી સેવા માટે યત્ન કરવો જ જોઇએ, અને એમ કરવામાં કશુંય અનુચિત નથી.]

પૃષ્ઠ પ્રકાશન સહાય :– રૂ. ૧૦૧

શ્રીમતી ચુનીબેન હરગોવનદાસ ઉગરચંદ ભગત ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ હ. પ. ભ. શ્રી નટવરલાલ હરગોવનદાસ શાહના સપ્રેમ જય શ્રીકૃષ્ણ.

શ્રી હરિરાયજી મહાપ્રભુનો અનન્ય સત્સંગ–અનુરાગ

લેખક : **શ્રીવલ્લભ પદરેણુ**

પુષ્ટિ માર્ગના મહાન આચાર્ય :

શ્રી વિઠ્ઠલેશજીના પ્રપૌત્ર, શ્રી ગોવિંદરાયજીના પૌત્ર અને શ્રી કલ્યાણરાયજીના પુત્ર શ્રી હરિરાયજીનું પ્રાકટ્ય સંવત ૧૬૪૭ ના ભાદરવા વદ પાંચમના શુભદિને વ્રજમાં શ્રી ગોકુલ ગામમાં થયું. શ્રી વલ્લભકુલ કૌસ્તુભ શ્રી હરિરાયજી પુષ્ટિ સંપ્રદાયમાં એક મહાન આચાર્ય થઇ ગયા શ્રી વલ્લભાચાર્ય શ્રી વિઠ્ઠલેશજી અને શ્રી ગોકુલેશજીને અનુરૂપ ભગવદ્‌પ્રેમ, વિરક્તિ, દીનતા, દિવ્યતા, ત્યાગ સહિષ્ણુતા, પ્રખર વિદ્વતા અને કર્મઠતા જેવાં અનેક ગુણો ધરાવતા હોવાથી શ્રી હરિરાયજી 'મહાપ્રભુ' અને 'પ્રભુચરણ' જેવા અસામાન્ય વિશેષણોથી વિભૂષિત થયેલા છે, તેમ જ 'દીનતાસાગર' અને 'શિક્ષાસાગર' ના બિરુદથી સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. દર વર્ષે ભાદરવા વદ પાંચમના દિને પુષ્ટિ સૃષ્ટિમાં ઠેર ઠેર તેમનો પ્રાકટ્યોત્સવ અતિ ઉત્સાહ, આનંદ અને ભક્તિભાવથી ઉજવવામાં આવે છે.

વૌષ્ણવો પ્રતિ અનન્ય પ્રીતિ :

"હોં વારી ઇન વલ્લભિયન પર" નામના સુંદર અને ભાવવાહી પદના ગાયક શ્રી હરિરાયજી મહાપ્રભુનાં જીવનમાં 'વૈષ્ણવ' અને 'સત્સંગ' મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા તેમને તેઓશ્રીના દીક્ષાગુરુ શ્રી ગોકુલેશજી પ્રભુની કૃપાથી વૈષ્ણવોના અલૌકિક સ્વરૂપનું જ્ઞાન થયું હતું. તેથી તેમનામાં વૈષ્ણવો પ્રતિ અનન્ય અનુરાગ હતો. બાલ્યાવસ્થાથી જ તેમને વૈષ્ણવો સાથે સત્સંગમાં બેસી ભગવદ્‌વાર્તા કરવાનું એક પ્રકારનું વ્યસન પડી ગયેલું હતું.

'વૈષ્ણવ' શબ્દમાં પ્રથમ અક્ષર 'વૈ' એ વૈશ્વાનરાવતાર શ્રી વલ્લભ મહાપ્રભુનું સ્વરૂપ સૂચવે છે અને આ શબ્દનો મધ્યમાં બિરાજમાન 'ષ્ણ' ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના સ્વરૂપનું સૂચક છે અને તેથી 'વૈષ્ણવ'માં શ્રી મહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ બંને સ્વરૂપ બિરાજે છે એવી દૃઢ માન્યતા શ્રી હરિરાયજી ધરાવતા હોવાથી સ્વાભાવિક રીતે જ તેમનામાં વૈષ્ણવો પ્રતિ અનન્ય અનુરાગ હતો. વૈષ્ણવો માટે તેમની આ વ્યસનાત્મક પ્રીતિના કારણે બાલ્યાવસ્થામાં તેમના જીવનમાં એક નોંધપાત્ર પ્રસંગ બની ગયો.

શ્રી કલ્યાણરાયજીની આજ્ઞા :

કેટલીક વાર ગૈષ્ણવોના સત્સંગમાં થતી ભગવદ્‌વાર્તામાં શ્રી હરિરાયજી એટલા બધા ભાવવિભોર અને રસલીન બની જતા કે દેહનું અનુસંધાન પણ ગુમાવી દેતા તેમના સરળ, મૃદુ અને સ્નેહમય સ્વભાવના કારણે તેઓશ્રી ગૈષ્ણવવૃંદમાં અતિ પ્રીતિપાત્ર બન્યા હતા. એમના આવા સ્વભાવના કારણે ગૈષ્ણવોમાં સત્સંગ કરવાના ખબર જાણતા તેમને અતિ આનંદની અનુભૂતિ થતી અને તેમના હૃદયમાં ન નિવારી શકાય એવો સાદ પડતો સત્સંગમાં જવા વગર તેમનાથી રહેવાતું નહીં. તેમને માટે સત્સંગ એક અનિવાર્ય વસ્તુ બની ગઇ હતી.

આ વાત એમના પિતૃચરણા શ્રી કલ્યાણરાયજીના ધ્યાન પર આવી. એક દિવસ તેમણે શ્રી હરિરાયજીને આ બાબત પૂછ્યું. 'મેં સાંભળ્યું છે કે આપ વૈષ્ણવોના સત્સંગમાં વારંવાર બેસવા જાઓ છો અને અર્ધરાત્રિ પર્યંત તેમની સાથે બેસી ભગવદ્ રહસ્યની કથા કરતા રહો છો. શું આ વાત સાચી છે? વલ્લભકુલના બાલકને ન છાજે એવું આચરણ આપ શા માટે કરો છો?'

હરિરાયજીએ હકારમાં જવાબ આપ્યો અને કહ્યું: 'આપણે પણ બધા વૈષ્ણવો જ છીએ તો પછી ભગવદીય વૈષ્ણવો સાથે સત્સંગ કરવાનો નિષેધ હોઇ શકે ખરો?'

શ્રી કલ્યાણરાયજી તેમને સમજાવવા પ્રયત્ન કર્યો 'બાવા, વૈષ્ણવો સાથે આપનું વધુ પડતું હળવું ભળવું આપણા વલ્લભકુલની પ્રચલિત પ્રણાલિકા સાથે સુસંગત નથી. ન ભુલો કે આપ શ્રી વલ્લભકુલમાં પ્રકટ થયા છો, તેથી આ પ્રકારનું આચરણ આપનાથી ન થઇ શકે.'

શ્રી હરિરાયજીનું સત્યાગ્રહીપણું

વૈષ્ણવો સાથે સત્સંગ કરવાથી આપણા હૃદયમાં રહેલ અલૌકિક પ્રેમભાવ જાગૃત થાય છે અને તેથી વૈષ્ણવોએ ભગવદીય ભકતો સાથે સત્સંગ અવશ્ય કરવો જોઇએ એવો દૃઢ ભાવ શ્રી હરિરાયજીનો હોવાથી પિતૃચરણની આજ્ઞા છતાં ભગવદ્ વાર્તા કરવાનો આગ્રહ રાખી તેમણે સત્સંગમાં જવાનું ચાલુ રાખ્યુ તેમના સ્વભાવમાં રહેલ સત્યપ્રિયતા અને ટેકીલાપણાને લીધે સત્સંગ નિષેધની આજ્ઞા છતાં તેમની સત્સંગભાવના એટલી ઉત્કટ હતી કે તેમનાથી સત્સંગ કર્યા સિવાય રહી શકાતું નહીં. જયાં જયાં સત્સંગ સભા થતી તે સ્થળે બધું ભુલી જઇ તેઓશ્રી દોડી જતા. સત્સંગમાં પ્રેય શ્રેય બંનેના એક રૂપે દર્શન કરનાર હરિરાયજીને સત્સંગ પ્રાણથી પણ અધિક પ્રિય હતો. સત્સંગ માટેની તેમની આ પ્રકારની અચળ ટેક અન્ય કોઇને કદાચ હઠાગ્રહ લાગે. તેમને પોતાના પિતૃચરણ માટે પૂર્ણ પૂજ્યભાવ અને માન હતાં. આ વસ્તુ જો તેના વાસ્તવિક રૂપમાં જોઇ શકાય તો એ સમજી શકાશે કે પિતૃચરણની આજ્ઞા છતાં સત્સંગ માટે તેમનો આગ્રહ એ હઠાગ્રહ કે દુરાગ્રહ નહીં પરંતુ સત્યાગ્રહ હતો.

અગ્નિસ્વરૂપ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીનો સાક્ષાત્કાર :

હરિરાયજીની સત્સંગ–ભાવનાને હઠાગ્રહીપણું સમજી તથા પોતાના કુલની મર્યાદાનો વિચાર કરી શ્રી કલ્યાણરાયજી બાવાએ તેમની સામે કડક પગલું ભરવા નિર્ણય કર્યો. તેમણે હરિરાયજીને એક ખંડમાં પુરી તાળું લગાવી દીધું જેથી તેઓ કયાંય બહાર ન જઈ શકે. હરિરાયજીના સત્સંગની ટેકને તેઓશ્રી દુરાગ્રહ તરીકે અનુચિત માનતા હતા અને તેથી તે દૂર કરવાના શુભ આશયથી તેમણે આવું કડક પગલું ભરવાનું ઉચિત માન્યું.

બપોરના સમયે હરિરાયજી માટે ભોજનનો થાળ મોકલવામાં આવ્યો પરંતુ હઠાગ્રહી હરિરાયજીએ અન્નનો સ્પર્શ માત્ર કર્યો નહીં. રાત્રિએ ભોજન સમયે શ્રીકલ્યાણરાયજીએ તેમને બોલાવ્યા ત્યારે પણ તેઓ માન્યા નહીં.

આ રીતે શ્રી હરિરાયજીએ ત્રણ દિવસ એકાંતવાસમાં પસાર કર્યા. વૈષ્ણવોના સત્સંગ

અને ભગવદ્‌વાર્તાના અભાવને લીધે તેમનું હૃદય અલૌકિક વિરહના તાપ અને કલેશથી ઉત્તપ્ત બની ગયું. આ વિયોગાવસ્થામાં તેમણે સતત 'શ્રી સર્વોત્તમજી'ના રટણમાં ચિત્તને પરોવી દીધું. આથી અતિ પ્રસન્ન થઇ કરુણાસાગર શ્રીમહાપ્રભુજીએ તેમને સાક્ષાત દર્શન આપ્યા અને પોતાના અલૌકિક વિરહાગ્નિ સ્વરૂપને શ્રીહરિરાયજીના હૃદયમાં સ્થાપિત કરી તેમને અલૌકિક આનંદની અનુભુતિ કરાવી.

સુખદ સમાધાન :

આ બાજુ શ્રી કલ્યાણરાયજીને પણ હરિરાયજીના હઠાગ્રહીપણા અને અનશનના કારણે હૃદયમાં સંતાપ થયા કરતો હતો. તેમણે જે ઉપાય અજમાવેલો તેથી ધારેલું પરિણામ નહીં આવતાં પોતે જે કરી રહ્યા છે તે ઉચિત છે કે અનુચિત છે એ વિષેની દ્વિધામાં તેઓશ્રી થોડા ચિંતિત રહ્યા કરતા હતા. આ કારણે મોડી રાત્રે તેમને નિદ્રા આવી, સ્વપ્નમાં તેમને શ્રીમહાપ્રભુના દર્શન થયા તેઓશ્રીએ કહ્યું: "કલ્યાણરાય, હરિરાયને આપ સામાન્ય બાલક સમજી એમને દુભવશો નહીં. એમનામાં મારું અગ્નિસ્વરૂપ બિરાજે છે. એમનું પ્રાકટ્ય પુષ્ટિમાર્ગના ઉત્કર્ષ માટે થયું છે. તેઓશ્રી જે કંઇ પ્રવૃત્તિ કરે છે એ હમેશાં સદાચરણ જ હશે તેથી એ બાબત આપ નિશ્ચિંત રહેો."

શ્રીકલ્યાણરાયજી સફાળા બેઠા થઇ ગયા. તેમના મનમાંથી ચિંતાનું વાદળ અદૃશ્ય થઈ ગયું. તરત જ તેઓશ્રી હરિરાયજીના ખંડ પાસે આવ્યા અને તાળું ખોલી ખંડમાં પ્રવેશ્યા તેમણે ખંડમાં અલૌકિક અગ્નિપુંજના દર્શન કર્યા. સંપ્રદાયમાં શ્રી વલ્લભાચાર્યજીને વૈશ્વાનરાવતાર–અગ્નિના અવતાર ગણવામાં આવે છે. આ કારણથી શ્રી કલ્યાણરાયજીએ પોતાના પ્રપિતામહનું ધ્યાન ધરી એમને નમન કર્યું.

થોડીવારમાં અગ્નિપુંજ વિલીન થઇ ગયો. શ્રી કલ્યાણરાયજીની દૃષ્ટિ હવે શ્રીહરિરાયજી તરફ ગઇ, તેઓ ધ્યાનવસ્થામાં બેઠા હતા. દિવ્ય પ્રકાશની આભાથી તેમનું મુખ દેદિપ્યમાન લાગતું હતું તેમને જોઇ શ્રીકલ્યાણરાયજીનું હૃદય પિતાની મમતાથી ઉભરાઇ આવ્યું. હરિરાયજીની પાસે જઇ તેમના શિરે વાત્સલ્યભાવથી હાથ ફેરવ્યો પછી તેમણે સ્નેહપૂર્ણ વ્યવહારથી પ્રભાવિત કરી તેમને સાથે લઈ જઇ મહાપ્રસાદ લેવડાવ્યો.

આ પ્રસંગ પછી શ્રી કલ્યાણરાયજીએ હરિરાયજીને આજ્ઞા કરી: "બાવા, આપ જેમ ઇચ્છો તેમ ભગવદ્‌વાર્તા રહેજો." હવે કોઇની પણ રોકટોક વિના હરિરાયજી સ્વેચ્છાથી કોઇ પણ સ્થળે સત્સંગ કરવા જતા આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે શ્રી હરિરાયજી મહાપ્રભુનાં વૈષ્ણવો પ્રતિ અનન્ય અનુરાગ હતો. તેમનામાં સત્યપ્રિયતા, ટેકીલાપણું, લોકપ્રેમ અને જનકલ્યાણની ભાવના પ્રારંભથી વિદ્યમાન હતાં સદ્‌કર્મ, જ્ઞાન, ગુરુભકિત અને ભગવદ્‌ભકિત પ્રતિ તેઓ સદૈવ ઉત્સુક રહેતા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના હૃદયમાં શ્રીહરિરાયજી મહાપ્રભુનું સ્થાન સદા અજર–અમર રહેશે.

શ્રી વલ્લભ

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

“શ્યામ ગરીબન હીં કે ગાહક”

(લીલામાં-બાદામી સખી)

લે. રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી

મોહનદાસ–અરે પટેલ! તને તો આજે બહુ જ શુરાતન ચઢયું છે! જોને? માટી ખોદીને ઢગલા કરી દીધા! આવો ઉત્સાહ કયાંથી આવ્યો?

પટેલ–એ તો હું પણ વિચાર કરૂં છું. પરંતુ હા! યાદ આવ્યું આ યાદ આવ્યું આ સામે તળાવને કીનારે કોઈ મહાપુરૂષે મુકામ કર્યો છે. તે તેજપુંજ પ્રભુનાં સવારમાં જ દર્શન થયાં હતાં. અને મારા સર્વાંગમાં આનંદ આનંદ થયો હતો પરંતુ આજે તો ઘણુ કામ કર્યું મોહન ચાલ એ મહાપુરૂષનાં દર્શન કરીએ.

મોહનદાસ–અરે પટેલ તું તો ફકકડરામ છો. આગળ પાછળ કોઇ નથી. મારે ઘરનાં ઘણાં કામ છે. મને ફુરસદ નથી. તું જઇ શકે છે. અને પટેલ ગયા.

પટેલ–(મનમાં) અરે! આ મહાત્મા તો કોઇ ચમત્કારી પુરૂષ લાગે છે. દર્શન માત્રથી તેઓના લાવણ્યામૃતનું અનિમેષ નયને પાન કરવા મન લલચાય છે. તેઓને શરણે જાઉં તો જન્મ સફળ થઇ જાય. આમ વિચારી શ્રીગુસાઇજીની સન્મુખ જઇ સાષ્ટાંગ દંડવત કરી. વિનંતિ કરી મહારાજ! મને કૃપા કરી અને સેવક કરો. હું આપને શરણે છું અને આપનો છું. આ સંસારમાં આપના સિવાય મારૂં કોઇ નથી. પટેલની દીનતા અને દૈવી જીવ જાણી આપશ્રીએ તેને નામ નિવેદન કરાવી સેવક કર્યો અને બીજા ઘણા જીવો આપને શરણે આવ્યા. પછી આપશ્રી તો દ્વારકા પધાર્યા.

હરિભાઇ–કેમ ડાહ્યાભાઇ! સાંભળ્યું છે કે ગુજરાતમાંથી એક સંઘ શ્રીજીદ્વાર વ્રજમાં જવાનો છે. તો આપણે કેમ કરીશું?

ડાહ્યાભાઇ–તો આપણે પણ હવેલીએ દર્શનમાં “હેલો” પાડીએ. કે શ્રીજીદર્શન અને યમુના પાન માટે જેને વ્રજમાં જવું હોય તે તૈયાર થઇ જજો. ચોથે દિવસે સંઘ અહીંથી નીકળશે તેની સાથે જવાનું છે. અને ગામના ઘણા વૈષ્ણવો વ્રજમાં જવા તૈયાર થયા. પટેલનું પણ મન થયું.

પટેલ–રામચંદ કાકા! મારે પણ શ્રીજી-દ્વાર આવવું છે. સંઘમાં સાથે લઇ જશોને?

રામચંદભાઇ–પટેલ અમે તો બધા દ્રવ્ય પાત્ર છીએ. તારા જેવા ગરીબ મજુરનું અમારી સાથે કામ નહીં. અમારો સંઘ અને અમે તો ત્યાં જઇ અને શ્રીગુંસાઇજીને ખુબ દ્રવ્ય ભેટ કરીશું. શ્રીનાથજીના મનોરથો કરીશું. તું શું કરશે? અને તું કાંઇ ન કરે તો અમારે નીચું જોવું પડે સમજ્યો? અમારા સંઘમાં તારા જેવા ગરીબ હોય તો શ્રીગુંસાઇજી

આગળ અમારા ગુજરાતના સંઘની આબરૂ, શું ? માટે તું બીજા સંઘમાં જજે.

પટેલ–કાકા ! ભલે મારા પાસે દ્રવ્ય નથી પરંતુ પ્રભુ માટે ભાવનામય તાપ ક્લેશ તો છે. પ્રભુ દીન વત્સલ છે. નિષ્કિંચન જીવોનું સર્વ કાંઇ પ્રભુ સ્નેહથી હંસી હંસી અને અંગીકાર કરે છે.

રામચંદભાઇ–ખાલી ભાવનાથી શું થવાનું હતું પટેલ ! કાંઇ કરવું પણ જોઇએ સમજ્યો ? દ્રવ્ય હોય તો જ બધું થાય. એમ કહી હસીને ચાલ્યા ગયા.

વામન–કેમ પટેલ ! આજે ઢીલા થઇ ગયા છો શરીર તો સારૂ છે ને ?

પટેલ– વામનભાઇ શરીરતો સારૂં છે પરંતુ યાત્રાનો સંઘ જાય છે મને પણ શ્રી ગુંસાઇજી શ્રીનાથજીનાં દર્શનની બહુજ ઇચ્છા છે. પરંતુ રામચંદ કાકા કહે છે કે તારા જેવા ગરીબ લોકો સંઘમાં હોય તો અમારા ગામની અને સંઘની આબરૂ શી ? માટે બીજા કોઇ સંઘમાં જજે ત્યારથી મને દુઃખ થાય છે, કે અરે મને શ્રી વ્રજનાં અને પ્રભૂનાં દર્શન નહીં થાય.

વામન–પટેલ ! એ રામચંદ કાકા ભલે ના કહે તેને તો વૈષ્ણવ અને પ્રભૂ કરતાં દ્રવ્ય અને આબરૂની વધારે કીંમત છે. કાકા જયારે અહીંથી પરલોકમાં જશે ત્યારે અહીંથી પોટલો બાંધી અને લેતા જશે. જો પટેલ ! હું અને ચીમન પણ યાત્રામાં આવવાના છીએ. અમારાથી બનતી બધી સહાય તને કરીશું. મનમાં જરાપણ ઓછું લાવશો નહીં હવે તમે જાઓ અને તૈયારી કરો. જુઓ ચીમન પણ સામેથી આવી રહ્યો છે.

ચીમન–કેમ વામન ! પેલા પટેલ સાથે શાની વાતો કરતો ? તેને પણ આપણી સાથે લેવા ઇચ્છે છે ?

વામન–હા. ચીમન ! એ, બીચારો દ્રવ્ય પાત્ર નથી પરંતુ પ્રભૂ દર્શનની તેને તાલાવેલી બહુજ છે. તેને સાથ આપીશું તો તેના ગરીબ અંતઃકરણનો આશિર્વાદ મળશે. અને તે સમવય હોવાથી આપણને પણ મજા આવશે.

ચીમન–વામન ! તું પણ વેવલો અને વેદીયો થતો જાય છે. આપણા જેવા શ્રીમંત પુત્રો સાથે એક ગરીબ મજુર ! તારી અકકલ પણ દીવસે દીવસે ગુમ થતી જાય છે. એમ તને નથી લાગતું વામન ?

વામન–અક્કલ તો કોની ગુમ થાય છે તે આગળ ખબર પડશે. પરંતુ ગરીબ વૈષ્ણવને સાથ આપી અને પ્રસન્ન કરવાથી પ્રભૂ પણ પ્રસન્ન થાય છે. કે જેની પ્રસન્નતા માટે આપણે કષ્ટ વેઠી અને વ્રજમાં જઇ રહ્યા છીએ. ગરીબ વૈષ્ણવની સેવા અને પ્રસન્નતામાં જ પ્રભૂની પ્રસન્નતા છે. એ પુષ્ટિ સિધ્ધાંત ભૂલાવો ન જોઇએ. તારી શ્રીમંતાઇથી લોકો અંજાઇ જશે. પ્રભૂ નહીં અંજાય સમજયો ? પ્રભૂ અનંત કોટી બ્રહ્માંડોના સામ્રાટ છે અને સાક્ષાત લક્ષ્મીજી કરોડો સ્વરૂપે પ્રભૂ ચરણમાં સદા સ્થિત રહે છે. ત્યાં તારી શ્રીમંતાઇની શું કીંમત છે ? ગરીબ હૃદયની સાચી 'આહ' નો એક આર્તનાદ પ્રભૂ તુર્ત જ સાંભળશે. અને પ્રભૂ હૃદયને દ્રવિત પણ કરી શકશે. તારી શ્રીમંતાઇનાં નગારાં તો મહોલ્લા બહાર પણ નહીં સંભળાય.

(ક્રમશઃ)

શ્રી હરિ, ગુરૂ, અને ભગવદીયોમાં વિશુદ્ધ સ્નેહની આવશ્યકતા છે.

લે. પ. ભ. શ્રી નટવરલાલ મહાસુખલાલ શેઠ, અરાદ

ભગવદ્ભક્ત ભગવાનનું ખિલોનું છે, જ્યારે જગત માયાનું ખિલોનું છે. ભગવદ્ ભક્તને ભગવાન જ નચાવે છે, જ્યારે જગતને માયા નચાવે છે. માયા પણ પ્રભુનીજ વસ્તુ છે, પરંતુ પોતાના ભક્તો માટે તેને નિર્માણ કરી નથી. એવો વિચાર રાખી ભગવદ્ભક્તોના દોષો તરફ આપણે ન જોવું જોઇએ, ચાકુ ઉપર ફળ પડે અથવા ફળની ઉપર ચાકુ પડે તો પણ ફળનો નાશ થાય છે. આજકાલ સર્વસ્થળોએ સમગ્ર સૃષ્ટિમાં સર્વ ક્ષેત્રે વિપરિતતા દૃષ્ટિગોચર થાય છે. સાચું છે. કર્મની ગતિ પણ વિલક્ષણ છે, તેજ રીતે ધર્મ કોને કહેવો, અધર્મ કોને કહેવો, ન્યાય કોને કહેવો, અન્યાય કોને કહેવો. ગુણ કોને કહેવા, અવગુણ કોને કહેવા. એ મનુષ્યની સમજણની બહાર છે, એ બધી મહાન વિલક્ષણ બાબતો છે, કોઇ વખત ધર્મ કરતાં અધર્મ થઇ જાય. સારૂં કરવા જતાં નરસું થઇ જાય. પાત્ર જોયા વગર એક શ્રીમંતે દાન કર્યું, દાન લેનારે તે દાનથી હિંસા, પાપ, અધર્મ કર્યો, જેનો ભાગીદાર શ્રીમંત થયો, કરેલા સત્કર્મનું ફળ વિપરિત ભોગવવું પડ્યું, આજકાલ જે જે વિપરિત છે. તો તેનું પરિણામે ફળ પણ વિપરિત જ આવવાનું છે, ખેર ! અહીં તો ભગવાનનું સ્વરૂપ વિરૂધ્ધધર્માશ્રયી છે, પોતાના ધર્મો ભગવાન પોતાના અનન્ય ભગવદ્ભક્તોમાં મૂકે છે, તેમાં કોઇ કદાચ વિરૂધ્ધધર્માશ્રયનો દેખાવ દેખાયો, તો તે દેખાવ માત્ર જ છે, પણ સાચો નહીં, કેમકે જગતના જીવોથી જે ભૂલો થાય છે તે માયા કરાવે છે, અને ભક્તોની ભૂલો થતી હોય છે. તે ભગવાન પોતે જ કરાવે છે, તો તેમાં પ્રભુની કોઇ ઇચ્છા હોવી જોઇએ. તેમ સમજવું. ભગવદ્ભક્તોમાં પ્રભુએ એ દોષ શા માટે મૂક્યો, એના જવાબમાં મારી માન્યતા મુજબ ભગવાન પોતાના જીવોની પરિક્ષા કરે છે કે મને ઓળખી શકવાની જીવમાં શક્તિ છે કે નહીં, જો એ જીવ ભગવદીયના ગુણ ઓળખી નથી શકતો, માત્ર તેનો એકાદ અવગુણ જોઇને દૂર ભાગે છે, તો પછી એ જીવ મને તો ક્યાંથી ઓળખી શકવાનો છે? કારણ કે મારામાં તો કોટિઘણા વિરૂધ્ધ ધર્માશ્રયી ખેલ ભર્યા પડ્યા છે, અને તે જુએ તો જીવ પાગલ બની જાય. માટે આપશ્રી આપના અનન્યોમાંયે જીવના શિક્ષાર્થે વિપરિતતા બતાડે છે. સારાંશમાં આપણે કોઇના દોષ ન જોવા. એજ ઉત્તમોત્તમ માર્ગ છે, ભગવદ્ધર્મ તે કરે છે તે સાચો છે કે દેખાવ માત્ર છે, તેની ખાત્રી કરીને તેનો સત્સંગ કરવો હોય તો કરવો, તેની કૃતિ સામું પછી કદાપિ ન જોવું. ભગવદીય જાન, સત્સંગકુ અનુસરે, ન દેખે દોષ અરુ સત્ય ભાખે. તેનું કથન શ્રીમદ્ આચાર્યજીના સિદ્ધાન્તથી વિરૂદ્ધ છે કે તેને અનુસરતું છે તે જ જોવું, કારણ શ્રી વિઠ્ઠલનાથ વસત જિય જાકે, તાકી રીત પ્રીત છબિ ન્યારી. આ પદમાં ભગવદ્ધર્મ ઓળખવા

માટે ભગવદીયના ગુણ ગાયા છે, "કુશલ કેલિ ગોવર્ધનધારી" એ તૂકમાં વિરૂધ્ધ ધર્માશ્રયની ભાવના મળે છે. વિરૂદ્ધ ધર્માશ્રય કેલિ કરવામાં આપ અતિ કુશળ છે, પતિવ્રતાના જે ધર્મો છે. તે જ ધર્મો ભગવદ્ભકતોના હોવા જોઇએ, જેવો સતિ સ્ત્રીનો પતિ પ્રત્યે ભાવ અડગ હોય છે, તેવો જ વૈષ્ણવનો ભાવ પોતાના પ્રભુ પ્રત્યે, પોતાના ગુરૂ પ્રત્યે અને ભગવદ્ ભકતો પ્રત્યે હોવો જરૂરી છે, આપણને પ્રભુએ ભાવનું દાન તો કર્યું જ છે, આપણે એ ભાવને સર્વમાં વહેંચી દઇ કરેલી ભૂલોને, સદા સર્વ ભાવથી સર્વેશ્વરના સ્મરણ સેવાથી સુધારીએ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૨૫ મું.

શ્રીયમુને રસખાનકોં શિષ નાઉં,
એસી મહિમાજાન, ભકતકોં સુખદાન;
જોઈ માગોં સોઇ જુ પાઉં ૧
પતિતપાવન કરને, નામ લીધો તરને,
દઢ કર ગહિચરન, કહૂં ન જાઉં,
'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત
યહી ચાહત, નહિ પલક લાઉં. ૨

અર્થ–જે રસની ખાણ છે. સાક્ષાત્ રસ સ્વરૂપ છે. એવા શ્રીયમુનાજીને મસ્તક નમાવી પ્રણામ કરૂં છું. આપનો મહિમા હું જાણું છું. કારણ કે મારા સમસ્ત મનવાંછિત સુખો મને આપની પાસેથી જ પ્રાપ્ત થાય છે. ૧

જે પતિતને પાવન કરવાવાળા છે જેણે શ્રીયમુના નામ ધારણ કર્યું છે, જેના સ્મરણ માત્રથી જ ગમે તેવા પતિતને પણ ભવ સાગરથી તારે છે, એમ જાણીને મેં દઢતા પૂર્વક આપના ચરણકમલ પકડી લીધા છે. હવે મારે કયાંય અન્યત્ર જવાપણું છે જ નહિ.

'કુંભનદાસજી' યાચના કરે છે કે–હે મા ! શ્રીયમુને ! હું આપની કૃપાની એવી અભિલાષા રાખું છું કે–શ્રીનાથજીના ભૂવન મોહન મુખના દર્શન કરવામાં એવો તલ્લીન બની જાઉં કે નેત્રની પલક પણ લાગે નહિ. કૃપા કરી મને આવી આસકિતનું દાન કરો.

વિવેચન–ભક્તવર્ય કુંભનદાસજીની આસકિત શ્રીનાથજીના સ્વરૂપમાં છે તે કયાં સુધી કે શ્રીનાથજી સિવાય અન્ય સ્વરૂપના દર્શનની કદિ અભિલાષા પણ કરી નથી.

એક સમય શ્રીગિરિધરજી વગેરે બાળકો સત્સંગ નિમિતે કુંભનદાસજીને સાથે લઇ શ્રી ગોકુલ તરફ ચાલવા લાગ્યા. કુંભનદાસજી તો ભગવદ્ રસમાં એવા તલ્લીન હતા કે પોતે કયાં જઇ રહ્યા છે એનો એને ખ્યાલ નથી. બાળકોની એવી ઇચ્છા હતી કે કુંભનદાસજીને શ્રીનવનિતપ્રિયજીના દર્શન કરાવવા ગોકુળ થોડું દૂર રહ્યું ત્યારે કુંભનદાસજીને ખ્યાલ આવ્યો: અરે હું કયાં આવ્યો? કેટલું મોડું થઇ ગયું ? શ્રીનાથજીનો જાગ-

વાનો સમય થયો છે. મારી કિર્તનની સેવા છૂટી જશે ! શ્રીનવનિત પ્રિયજીના દર્શન થશે એવી તો કલ્પના પણ નથી. વિહ્વળ બનીને એ જતિપુરા દોડયા. બાળકો બુમ મારે છે પણ સાંભળે છે કોણ ! આ તો વરઘેલી વનિતા છે ને ! પતિનો વિયોગ એનાથી કેમ સહન થાય ? જલ્દી શ્રીનાથજીના સાન્નિધ્યમાં પહોંચવું છે ને !

પ્રીતિ પરસ્પર હોય છે. શ્રીનાથજીને પણ કુંભનદાસજી વગર કયાંથી ગમે ! એટલે આપશ્રીએ પણ અટપટી લીલા કરી. મુખિયા ભીતરીયા સ્નાન કરી ગિરિરાજ ઉપર સેવામાં જવા તત્પર થાય છે, ત્યારે એ છોવાય જાય છે. ત્રણ વખત આવું બન્યું ત્યારે શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી કે 'કુંભનદાસજી' ના આવ્યા સિવાય શ્રીનાથજીને જાગવું નહીં હોય એટલે આવું બને છે. અને ખરેખર કુંભનદાસજી આવ્યા પછી જ સેવકો મંદિરમાં જઈ શકયા છે. ત્યાર પછી શ્રીનાથજી જાગ્યા અને કુંભનદાસજીએ કિર્તન કર્યા છે.

શ્રીનાથજીમાં જેની આવી આસકિત છે એવા કુંભનદાસજી પણ જાણે છે કે મને જે શ્રી નાથજીની સેવાનું અલૌકિક સુખ પ્રાપ્ત થયું છે તે સર્વ શ્રીયમુનાજીની કૃપાથી થયું છે એટલે એ શ્રીયમુનાજીને વિનતિ કરે છે કે–શ્રીનાથજીના દર્શન કરતાં મારી પલક પણ લાગે નહિ. એવી કૃપા કરો.

આનું નામ જ સ્વરૂપાસકિત.

બ્રહ્માજીએ નેત્રોની સાથે પલક પણ બનાવી છે. તે આવા પ્રેમી ભકતોને વિઘ્ન કરતા લાગે છે. એટલે જ ગોપીજનોએ પણ કહ્યું છે કે–

બડો મંદ અરવિંદ સુત,
જીહી નહીં પ્રેમ પહેચાન;
પિય મુખ દરશત દ્રગનબિચ,
પલન રચી હે આન.

બિચારા બ્રહ્માજી પ્રેમી ભકતોના આવા મનોભાવને એ કયાંથી સમજે ? સ્વપ્નામાં પણ આવા સુખનો અનુભવ થયો હોય ત્યારે ને !

આતો પ્રેમી ભકતોની મસ્તી છે. '**પલક ન લગે પલક બિનુ દેખે**' આવું પરમ સૌભાગ્ય આપણને પણ શ્રીમહારાણીજીની કૃપાથી પ્રાપ્ત થાય એવી અભિલાષા રાખીયે.

સોરઠો – "ભૂલ્યો ભટકયો બાળ, મા આવ્યો
તારે બારણે લઇને તું સંભાળ,
'ચરણ રજ' ને સંભાળ જે.

॥ શ્રીવલ્લભ ॥

સંપાદક : **પ્રો. જીવ. વનલાલ જોશી (શ્રી દયારામભાઈ પટ્ટ શિષ્ય જોશી રણછોડભાઈના પ્રપૌત્ર ડભોઈ, જિ. વડોદરા.)**

"મમ પ્રભુ શ્રીગિરિરાજધારી" (શ્રીમદ્ વલ્લભાચાર્યજી)

"નિકુંજ નાયક શ્રીનાથજીનું–શ્રીગિરિરાજધરણનું નિત્ય નૂતન ગુણગાન એજ શ્રીવલ્લભનું શ્રીવલ્લની બિંદુ અને નાદ સૃષ્ટિનું તેમનાં પરિવાર, પરિકર અને ઉપસ્કરાદિનું સાચું અને સર્વોત્તમ સલુણું સર્વસ્વ જીવન ધન" (જોશી)

પદઃ-રાગ-લલિત(૬/૮, પૂ-૧૧, ના-લિ-ગુ-ભા)
ગારે ગારે, ગિરિરાજધરણ ગારે,
ગોકુલેશ, રાધિકેશ, પ્રાણ પ્યારે પ્યારે.
(તે) ગારે ગારે ગિરિરાજધરણ ગારે (ટેક)

ત્રિગુણ અજા કાલ, અક્ષર પર, સ્વામી રે,
ઇશ-ઇશ, આત્મત્તરામ, અંતરજામીરે;
જકત ઉદ્ભવ-સ્થિતિ-લય-કર બહુનામીરે,
વિભુ પ્રધાન પુરુષેશ્વર અચ્યુત સચ્ચિદાનંદ,
સકલ રૂપ, અકલ-સકલ, ન્યારે-ન્યારે.

(તે) ગિરિરાજધારણ-ગારે ગારે, ગિરિરાજધરણ ગારે-(૧)
વાણિ મન અગમ્મ, અનિર્દેશરૂપારે;
અકલગતિ સ્વયંપ્રકાશ શ્રી-અનુપારે;
છબ લલિત ત્રિભંગિ, નટવર **રૂપારે,-(વ્રજ ભુપોર)**
નંદત્મજ યશોદોત્સંગલાલિત વ્રજ ભુષણ
વ્રજવલ્લભ વ્રજરત્નાદગતારે-તારે

(તે) ગિરિરાજધરણ, ગારે ગારે, ગિરિરાજધરણ ગારે-(૨)
પુરણ પરમાનંદ રૂપ રૂપરાશીરે,
આદિ વૃંદાવન રાસ-રસ-વિલાસીરે,
દયા પ્રીતમ-પ્યારી, નિકુંજવાસીરે,
પુરણાનંદ પુરુષોત્તમ અદ્ભુત આનંદકંદ (અચ્યુત)
મનમથ-મનહરણ, બંસીવારે-વારે

(તે) ગિરિરાજધરણ-ગારે ગારે, ગિરિરાજધરણ ગારે, (૩)
પદ-રાગ-કાલીંગડો :

“કામણગારા કાનુડાનું કામણ”
કાનુડો કામણગારોરે, હો (ઓ) સાહેલી !
આ તો, કાનુડો કામણગારોરે-(ટેક)

કાનુડો કામણગારો, રસભર્યો ને રૂપાળો;
આ શો, આંખલડીનો ચાળો રે. ?
હો (ઓ) સાહેલી ! આ તો, કાનુડો કામણગારોરે-(૧)
રંગ રાતો, મદમાતો, વાંસલડીમાં ગીત ગાતો,
નેણાં શું કરે છે વાતો રે
હો (ઓ) સાહેલી ! આ તો, કાનુડો કામણગારોરે-(૨)
ભરવા હું ગઇ પાણી, પ્રેમ-પીડા ભરી આણી,
ઘેલી થઇ હું-આવી શાણી રે
હો (ઓ) સાહેલી ! આ તો, કાનુડો કામણગારોરે-(૩)
તેં કહ્યું મેં નાં માન્યું; આજે મારી જાતે જાણ્યું;
આવડું મેં જ નહોતું જાણ્યું રે
હો (ઓ) સાહેલી ! આ તો કાનુડો કામણગારોરે-(૪)
પાઠાંતર-"તેં કહ્યું-'**મનમાં ન આણ્યું**
બેની ! તારે પાયે (પાય) લાગું, વાહાલા વિના ઘેલું (ઘેલી) લાગું,
દયાનો પ્રીતમ માણું રે
હો (એ) સાહેલી ! આ તો, કાનુડો-કામણગારોરે-(૫)

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

અહીં એક બીજા પ્રશ્નનો પણ જન્મ થાય છે કે જે જ્ઞાન, બ્રહ્મને સ્વરૂપજ્ઞાન કરાવે છે તે જ્ઞાન છે કે નહિ ? અગર ના કહો તો તે સ્વરૂપજ્ઞાન કરાવી શકતું નથી. અને તે પણ જ્ઞાન છે આમ કહો તો પછી 'બ્રહ્મ પણ જ્ઞાનસ્વરૂપ છે વાસ્તે તે પોતાના સ્વરૂપને પોતે સમજી લેશે. બીજાને શું પડી છે? યદિ બલાત્ જ્ઞાનસ્વરૂપ બ્રહ્મને પણ આત્મયાથાત્મ્ય સમજવા માટે 'બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે આ શાસ્ત્રજ્ઞાનની અપેક્ષા માનશો તો આ જ્ઞાન માટે પણ અન્ય જ્ઞાનની અપેક્ષા હોવી જોઇએ. આવી રીતે અનવસ્થારૂપ દોષ આવી પડશે. અહીં એક બીજો પણ પ્રશ્ન થાય છે કે 'બ્રહ્મને જે પોતાના સ્વરૂપનું અજ્ઞાન થઈ રહ્યું છે તો તેનો પ્રકાશક કોણ ? યદિ અજ્ઞાનનો પ્રકાશક જ્ઞાન જ માનો તો સ્વાશ્રિતનાશરૂપ દોષ

આવશે કારણ કે બ્રહ્મરૂપ જ્ઞાન જ તે અજ્ઞાનનો આશ્રય છે, અને તેજ જ્ઞાન મુક્તદશામાં તેનું નાશક થશે. અગર કહો કે સ્વરૂપજ્ઞાન કરાવનારૂ જ્ઞાન બીજુ છે તો પણ ઠીક નહિ કારણ કે સ્વયંપ્રકાશ બ્રહ્મને પોતાનું સ્વરૂપ સમજાવવા માટે અન્ય જ્ઞાન જોઇએ, એ મહાન આશ્ચર્યની વાત છે. વાસ્તવમાં તો જે બ્રહ્મ પોતાના નાક ઉપર બેઠેલી માખીને પણ દૂર કરી શકતું નથી તો આવા અકર્મણ્ય નિર્વિશેષ, અજાગલસ્તન જેવા નિરર્થક બ્રહ્મને માનવાથીએ પણ શું ફાયદો ? આનાથી તો નાસ્તિક ભલો કે બિચારો સાફ સાફ કહી નાંખે છે કે ઇશ્વર કોઇ છે જ નહિ.

અનાદિ અવિદ્યાથી બ્રહ્મ તિરોહિત સ્વરૂપ થઇ જાય છે આ કથન પણ અવિચારમધુર જ છે, કારણ કે એવે વખતે બે પ્રશ્ન થઇ આવે છે. પ્રથમ પ્રશ્ન તો એ છે કે અવિદ્યાથી તિરોહિત થનારૂં તે બ્રહ્મનું સ્વરૂપ થોડું પણ પ્રકાશિત રહે છે કે નહિ ? કંઇ પણ પ્રકાશિત રહેતું નથી ?. આમ કહો તો બ્રહ્મને તુચ્છતાપતિ આવી પડશે, અર્થાત્ એક પ્રકારે તે બ્રહ્મસ્વરૂપનો નાશજ સમજો યદિ કહે કે કંઇક પ્રકાશમાન રહે છે તો એ સંદેહ ઉઠે છે કે જ્ઞાનૈકરસ બ્રહ્મને કયો અંશ તિરોહિત રહે છે, અને કયો પ્રકાશિત રહે છે ?

બીજું નિરવયવ બ્રહ્મમાં વિભાગ ન હોવાથી પ્રકાશ અને અપ્રકાશ બંને એક સાથે રહીજ શકતા નથી યદિ કહો કે જ્ઞાનસ્વરૂપ બ્રહ્મના સ્વરૂપનો સ્પષ્ટ પ્રકાશ ન થવાને જ અમે સ્વરૂપતિરોધાન કહીએ છીએ, તો પણ ઠીક નહિ કારણ કે જે પદાર્થ અન્યનો વિષય, સાવયવ, સવિશેષ અને પ્રત્યક્ષ થાય છે, તેનો સ્ફૂટપ્રકાશ, વિશદપ્રકાશ, કિંચિત્પ્રકાશ વિગેરે બની શકે છે. પરંતુ આપનું બ્રહ્મ તો નિરંશ, નિર્વિશેષ, અપ્રત્યક્ષ અને અવિષય છે, માટે તેનો વિશદપ્રકાશ કે કિંચિત્પ્રકાશ કહેવો એ ભ્રમમાં નાણવા જેવું છે.

બીજું અવિદ્યા સત્ અને અસત્ બંનેથી વિલક્ષણ હોવાથી અનિર્વચનીય છે, અપૂર્વ છે. આ એક કથન પણ વિચાર વગરનું છે. કોઇ પણ પ્રતીતિ એકજ દેશ અને એકજ કાલમાં સત્ય વા અસત્યથી જુદી નથી હોતી એ અમે પૂર્વભાગમાં યુક્તિઓથી સિદ્ધ કરી આવ્યા છીએ અગર સ્વપ્નપ્રતિતને લઇને જ કહેતાં હોય કે જેમ સ્વાપ્નિક પદાર્થો જાગ્યા પછી નથી જણાતા માટે તે સત્ય નથી કહેવાતા અને સ્વપ્નમાં તેઓની પ્રતીતિ થઇ રહી છે, માટે અસત્ય પણ નથી. આમ સ્વપ્નના પદાર્થોની માફક અવિદ્યા (અજ્ઞાન) પણ (અહમજ્ઞઃ) (હું અજ્ઞાની છું) આ પ્રતીતિથી સિદ્ધ થાય છે માટે અસત્ય નથી અને જ્ઞાન થયા પછી જોવામાં પણ નથી આવતી. માટે સત્ય પણ ન કહેવાય તો આ યુક્તિ પણ સમજ વગરની જ છે. ! ! સ્વપ્નનાં પદાર્થો એક જ કાલમાં સત્ અને અસત્થી ભિન્ન માલૂમ પડતાં નથી, પરંતુ દેશકાલના ભેદથી જુદાં ભાસે છે. જે વખતે તે પ્રતીત થાય છે તે સમયે તે (પદાર્થો) સત્ય જ છે, અને જ્યારે તેઓનો બાધ થાય છે ત્યારે અસત્ય જ હોય છે. બન્નેથી જુદાં તો રહે જ ક્યાં ? વાસ્તવમાં તો રજ્જુસર્પ શુક્તિરજત તથા સ્વાપ્નિક પદાથો વિગેરે બધાં પ્રતીત થાવ કે ન થાવ પરંતુ લોકમાં તેઓની (ક્રમશઃ)

!! શ્રીવલ્લભો જયતિ ।।

।। વાક્પતિર્વિબુધેશ્વરઃ ।।

શ્રીવલ્લભાયન હાર્દ

પત્રિ પ્રાર્થના: શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

(લેખાંક આઠમો) (ગતાંકથી ચાલુ)

શ્રીવલ્લભની બાલચેષ્ટા

નિલકંઠરૂપ યોગીને જોતાં શ્રીભટ્ટજી સમજી ગયા કે પોતે શિવજી છે. બાલકે જવાબ આપ્યો તે પણ મર્મ સમજ્યા.

ચોપાઈ

શિશુ મુખ બચન સુનત સુખ પાયે, વિશ્વેશ્વર નિજ ભવન સિધાયે;
યહવિધ પ્રતિદિન લખ પ્રભુતાઇ, સીખે ઘૂટન ચલન દ્વિજરાઈ.
રામકૃષ્ણ વામન છબિસોહે, મધુર બચન નિકસત મન મોહે;
કબહુંક ગ્રંથ લેત હરખાંઇ, તોતરી વાણી બદત મુસકાઇ.
કબહુંક ધરત લેખિનીધાઇ, ચિંતવત બાત ગહન મતિ લાઈ;
કબહુંક હરિ સેવા ચિત્ત ધ્યાવેં, નયન સજલતન અતિ પુલકાવેં.
કબહુંક મંચ બિરાજત કૈસે, કરત બોધ મુનિજન જગ જૈસે;
નુતન ચરિત લખત પિતુમાતા, પરમાનંદ મગન સુખ દાતા.
બાતે ચાર બર સુખકારી, વલ્લભ બચન અગમ શ્રુતિ ધારી;
મહત ગ્રંથ લખ બઢત હુલાસા, મનહું પઠનકી અતિ અભિલાષા.

પુત્રની બાલચેષ્ટા મહાન આચાર્યની જોતાં માતા પિતાના મનમાં અતિ આનંદ થવા લાગ્યો. તેમ પોતાને ત્યાં સંત, સન્યાંસી અને ભકતો આ બાલકના લક્ષણ જોઇ મનથી મુગ્ધ થતા. બાલકને કંઇક પૂછવાની ઇચ્છા કરતા. તેઓના અભિપ્રાયને સમજી શ્રી વલ્લભ તેમની સામે મંદહાસ્યપૂર્વક જોઇ ઊભા રહેતા.

પંડિતો જ્યારે વેદ પાઠ કરતા ત્યાંજ વચમાં ઉભા રહી શ્રીવલ્લભ તેમની સાથે વેદ પાઠ શરુ કરી દેતા. જ્યારે પંડિતો વિચારમાં પડી જાય ત્યારે શ્રીવલ્લભ મૌન ધારણ કરી ચાલ્યા જતા.

કવચિત પંડિતો બાલકને પોતાની પાસે ઉભા રાખી જ્યારે એમ પૂછતા કે શ્રીમદ્ ભાગવતના અસુક સ્કંધમાં અસુક અધ્યાયનું વર્ણન ગીતાના કયા અધ્યાય સાથે મલતું આવે છે ? અને તેનો મર્મ શું છે ? તે જરા ઉપનિષદની રુચાથી સમજાવો.

ત્યાં શ્રીવલ્લભ હૃદયમાં સરસ્વતીનો વાસ સ્વાભાવિક હોય તેમ નિરાભિમાન પણે મંદ મંદ હસતા સુંદર જવાબ આપતા.

તેમ સમય જતાં વર્ષ ત્રણથી ચાર અને પાંચમા વર્ષની શરૂઆત થતાં બાલક રામ, કૃષ્ણ અને વામનજીની ઉપમા સંપૂર્ણ પણે આપી શકાય. તેમ દર્શન થતા સર્વના મનમાં અતિ આનંદ થતો હતો.

દોહા-ચરણ પાદુકા અતિ સુખદ, પુષ્પ છડિ ધર હાથ;
ક્રિડત નિજ આંગન ભવન કછુક સખાલિય સાથ.
કરત ક્રીડા ચિતવત કછુ પુનિ મખશાલા આય;
ઇષ્ટ યજન કરતે પિતા બઢત નિકટ શિરનાંય.

અગ્નિ હોત્રની ઇષ્ટિ કરતા ઘણા વિદ્વાનોથી શોભતા શ્રીલક્ષ્મણ ભટ પાસે શ્રીવલ્લભ આવી પ્રણામ કરી ઉભા રહ્યા.

ચોપાઇ

તેજ પુંજમય બાલક દેખી, ભટજી કા સદકૃત દ્વિજ લેખી;
કિય પ્રણામ બૈઠે દ્વિજ જે તે, શુભાશિષ દેવત સબ તેતે.
બદત પિતા સન્મુખ કર જોરી, ઇક સંશય પાવત મતિ મોરી;
ભૂ સુર સહા રાજત મખશાલા, પૂછન ચાહત આપ કૃપાલા.
જપ તપ તિરથ નિયમ વિચારે, યોગજ્ઞાન વ્રતકૃત મખ સારે;
સબ સાધન ફલ ફલિત મનાયે, જબ શ્રીહરિ પદ ભક્તિ બઢાયે.
શ્રીમુખ પાઠ સુનત મમ કાના, નેહ સકલ હિતુ સાધન ઠાના;
તનય બચન સુન પિતુ મુસકાયે, લક્ષમન ભટ્ટ પૂછત મન ભાયે;
કૌન પાઠ સુન પાવત કૈસે, કહિયે બચન સુનત તુમ જૈસે.
સંત વિપ્ર ભોજન હિત આવે, લખ સુત લક્ષન અચરજ પાવે;
વય કુમાર પાવત દ્વિજ રાઇ, મન હું સરસ્વતી હૃદય બિઠાઇ.
પ્રતિ દિન ધરત નવીન શંગારુ, નિરખતલાલ ઇલ્લંમાગારુ;
વય કિશોર સુતશ્યામશરીરા, કમ્બુકંઠ નાભી ગંભીરા.
નુતન જલજ લજાવત નૈના, નિકસત શ્રીસુખ મધુરે બૈના;
તિલક ભાલ મોતિનકી માલા, દ્વય કર કંકણ નયન વિશાલા.
કુંતલ કટિ સમ કર નખ ચરણા, પીતામ્બર પટ ધરત ઉપરણા;
કાજલ રેખ કરત મહતારી, દુખદ દૃષ્ટિ જનુ લેત નિવારી.

[ક્રમશઃ]

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૮ તા. ૧૧-૯-૮૬ ગુરુવાર શ્રી રાધાષ્ટમી.

ભાદરવા સુદ ૧૦ તા. ૧૩-૯-૮૬ શનિવાર નવનાગરીના પદ બોલાય વર્ષાઋતુ પૂરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૧૪-૯-૮૬ રવિવાર પરિવર્તિની (દાન) એકાદશી વ્રત દાનના પદ ભાદરવા વદ ૧૧ સુધી બોલાય છે. શ્રીકૃષ્ણચંદ્રનો પ્રભાસ ક્ષેત્રમાં દેહોત્સર્ગ. લેખવાળા શ્રી પુરૂષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ (સં. ૧૭૨૪). શ્રી દયારામભાઈ જયંતિ (સં. ૧૮૩૩). શરદઋતુની શરૂઆત કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા ૧૫-૯-૮૬ સોમવાર વામન જયતિ વ્રત.

ભાદરવા સુદ ૧૪ તા. ૧૭-૯-૮૬ બુધવાર અનંત ચતુર્દશી.

ભાદરવા સુદ ૧૫ તા. ૧૮-૯-૮૬ ગુરુવાર સાંજીનો પ્રારંભ. સાઝીના પદ ભાદરવા સુદ ૧૫ થી અમાસ સુધી બોલાય છે.

ભાદરવા વદ ૧ તા. ૧૯-૯-૮૬ શુક્રવાર આજથી મુરલીના પદ અમાસ સુધી બોલાય અને ભોગમાં કરખાના પદ વિજ્યાદશમી સુધી બોલાય મુંબઈ શ્રી લાડુબેટીજીના મંદિરમાં શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ.

ભાદરવા વદ ૫ તા. ૨૩-૯-૮૬ મંગળવાર શ્રી હરિરાયજીનો પ્રાકટ્યોત્સવ (સં. ૧૬૪૭)

ભાદરવા વદ ૮ તા. ૨૬-૯-૮૬ શુક્રવાર શ્રી ગોપીનાથજીના લાલ શ્રી પુરુષોત્તમજીનો ઉત્સવ (સં. ૧૫૮૭)

ભાદરવા વદ ૧૧ તા. ૨૯-૯-૮૬ સોમવાર ઇન્દિરા એકાદશી વ્રત

ભાદરવા વદ ૧૨ તા. ૩૦-૯-૮૬ મંગળવાર શ્રી મહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭).

ભાદરવા વદ ૧૩ તા. ૧-૧૦-૮૬ બુધવાર શ્રી ગુસાંઇજીના ત્રીજા લાલ શ્રી બાલકૃષ્ણલાલજીનો ઉત્સવ (સં. ૧૬૦૬).

ભાદરવા વદ અમાસ તા. ૩-૧૦-૮૬ શુક્રવાર કોટની આરતી. સાંઝીની સમાપ્તિ.

આસો સુદ ૧ તા. ૪-૧૦-૮૬ શનિવાર નવરાત્ર આરંભ. જવારા વાવવા રાસના પદ બધા સમયમાં. કરખાના પદ ભોગમાં તથા નવવિલાસ. રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેન ભોગ વખતે બોલાય.

સમાચાર

પૂનામાં સગરુડચયન અગ્નિષ્ટોમ સોમયાગ

તા. ૨૪-૧૨ ૮૬ બુધવારથી તા. ૧-૧-૮૭ સુધી આયોજન કરવામાં આવ્યું છે. તા ૨૪-૧૨-૮૬ના રોજ શોભાયાત્રા. તા. ૨૫-૧૨-૮૬ના રોજ યજ્ઞનો પ્રારંભ થશે. આ યજ્ઞના સર્વાધ્યક્ષ ષષ્ઠપીઠાધિશ્વર પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી સુરત, અને સમાયોજક પૂ. પા ગો. શ્રી બાલકૃષ્ણલાલજી, ગો. શ્રી કલ્યાણરાયજી, ગો. શ્રી વલ્લભરાયજી મહોદય સુરતના છે. યજ્ઞકર્તા મહાનુભાવ શ્રી ગોવિંદ પ્રભુના તૃતીયાત્મજ ગો. શ્રી વલ્લભરાયજી છે. આ યજ્ઞ અંતર્ગત તા. ૨૮-૧૨-૮૬ના રોજ આં. રા. પુ. વૈ. પ.નું અધિવેશન તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્થળ : પૂના મ્યુનિસિપલ સ્પોર્ટસ કલબ, સારસબાગ સામે, **-પૂના.**

પત્રવ્યવહારનું સરનામું : આજ્ઞાનુવર્તિની શ્રી સોમયાગ સમિતિ, C/o કૃષ્ણદાસ દ્વારકાદાસ દલાલ
૭૫૩, રવિવાર પેંઠ, પૂના-૨

: શ્રદ્ધાંજલિ :

જુનાગઢ : પુષ્ટિમાર્ગના આદર્શ ભગવદ્‌ભક્ત શ્રી લક્ષ્મીદાસ વચ્છરાજભાઈ દોશી ઉ.વ. ૮૪ મૂળ વતન રાજુલા, હાલ નિવાસસ્થાન કાંદીવલીવાળા તા. ૧૨-૭-૮૬ શનિવારના રોજ ગોલોકવાસી થતાં તા. ૨૦-૭-૮૬ના રોજ શ્રી નાનજી જેઠાભાઇ મેખડીવાળાના નિવાસસ્થાને આ. રા. પુ. વૈ. પરિષદ જુનાગઢ શાખાના ઉપક્રમે પ. ભ. શ્રી હરસુખભાઇ પ્રભુદાસ લાતીવાળાના પ્રમુખસ્થાને વૈષ્ણવ સમાજની સભામાં બે મિનિટ મૌન પાળી સદ્‌ગતને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

હરિરાય પ્રભુની બલિહારી

(રાગ : ગરબાના ઢાળમાં)

રંગતાળી રંગતાળી રંગતાળી કે રંગમાં રંગતાળી
હરિરાય પ્રભુની બલિહારી કે રંગમાં રંગતાળી
લીધો અવતાર વલ્લભ વંશે કે રંગમાં રંગતાળી
કલ્યાણરાયના સૂત અતિ પ્યારા કે રંગમાં રંગતાળી
મહાપ્રભુ બીજા પુષ્ટિ પંથે કે રંગમાં રંગતાળી
'શિક્ષાસાગર' નામથી પ્રકાશે કે રંગમાં રંગતાળી
સત્સંગના અનન્ય અનુરાગી કે રંગમાં રંગતાળી
કીધી યાત્રાઓ પુષ્ટિ પ્રચારે કે રંગમાં રંગતાળી
કીધાં પારાયણો ભાગવતી કે રંગમાં રંગતાળી
જીરે સાત બેઠકમાં બિરાજે કે રંગમાં રંગતાળી
સખી ચાલોને દર્શને જઈએ કે રંગમાં રંગતાળી
પહેલાં બેઠક તે ગોકુળગામે કે રંગમાં રંગનાળી
વિઠ્ઠલનાથના મંદિરમાં બિરાજે કે રંગમાં રંગતાળી
બીજાં બેઠક તે સિંહાડગામે કે રંગમાં રંગતાળી
એ તો વિઠ્ઠલેશ મંદિર બિરાજે કે રંગમાં રંગતાળી
ત્રીજાં બેઠક તે ખીમનોર ગામે કે રંગમાં રંગતાળી
હાંરે રળિયામણા એ ધામે કે રંગમાં રંગતાળી
જે ચોથાં તે જેસલમેરે કે રંગમાં રંગતાળી
ગિરિધારી મંદિરે બિરાજે કે રંગમાં રંગતાળી
પંચમ બેઠક તે ડાકોરધામે કે રંગમાં રંગતાળી
જીરે ગોમતીતટે બિરાજે કે રંગમાં રંગતાળી
છઠ્ઠાં બેઠક તે સાવલીગામે કે રંગમાં રંગતાળી
જીરે સુંદિર મંદિરે બિરાજે કે રંગમાં રંગતાળી
હાંરે સાતમા તે જંબુસરગામે કે રંગમાં રંગતાળી
એ તો તટે તળાવના બિરાજે કે રંગમાં રંગતાળી
રંગતાળી રંગતાળી રંગતાળી કે રંગમાં રંગતાળી

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेऽस्मिन्मार्ग रक्षकाः

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

વેણુવાદન મેં ગોપિયોં કી પ્રેમકે આવેગ વાલી અવસ્થા

સુરલી મધુર બજાઇ સ્યામ ।
મન હરિ લિયૌ ભવન નહિં ભાવૈ,
વ્યાકુલ બ્રજ કી વામ ॥
ભોજન ભૂષન કી સુધિ નાહીં,
તનુ કી નહીં સમ્હાર ।
ગૃહ ગુરુ-લાજ સૂત સૌં તોરયૌ,
ડરી નહીં બ્યવહાર ॥
કરત સિંગાર બિબસ ભઇ સુન્દરી,
અંગનિ ગઇ ભુલાઇ ।
'સૂર-સ્યામ' બન બેનુ બજાવત,
ચિત હિત રાસ રમાઇ ॥

['સૂર ભાવ ધારા'માંથી સાભાર]

卐

વર્ષ ૫ : અંક ૭ ✠ ઓક્ટોબર, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

શ્રીવલ્લભ વિજ્ઞાન-રાજકોટ
તા. ૩૧-૩-૮૫ના રોજ પૂરા થતા
વર્ષનો આવક-ખર્ચનો હિસાબ

સી. આર. ધોળકીયા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
બસ સ્ટેશન સામે,
ઢેબરભાઇ રોડ, રાજકોટ.

આવક	રૂ.	ખર્ચ	રૂ.
વ્યાજ આવક	૨,૪૦૨-૩૦	સ્ટેશનરી ખર્ચ	૯૨-૦૦
વાર્ષિક લવાજમ	૭,૬૨૨-૦૦	મુસાફરી ખર્ચ	૩૦૫-૦૦
પ્રકાશન સહાય	૭૬૩-૦૦	તાર ટપાલ ખર્ચ	૭૫૬-૯૫
સામયિક વેચાણ	૩૯૫-૦૦	પરચુરણ ખર્ચ	૪૩-૦૦
આવકનો ઘટાડો	૨,૨૨૫-૬૫	પ્રકાશન ખર્ચ	૧૨,૨૧૦-૫૦
કુલ રૂ.	૧૩,૪૦૭-૯૫		૧૩,૪૦[illegible]-૯૫

તા. ૩૧-૩-૧૯૮૫ના રોજનું સરવૈયું

ફંડ તથા જવાબદારી			મિલ્કત તથા લ્હેણા		
આજીવન સભ્ય ફી			શ્રી અરવિંદભાઇ પારપાણી ખાતે		૮૦-૦૦
ગત વર્ષ	૨૦,૬૩૭-૦૦		,, સુભાષભાઈ ભીખાભાઇ		૧૫૦-૦૦
ચાલુ સાલે	૪,૫૩૦-૦૦		,, હરકીશનભાઇ સોની		૧૦-૦૦
		૨૫,૧૬૭-૦૦	,, ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ		૨૦-૦૦
એડવાન્સ લવાજમ			શ્રી રોકડ બેલેન્સ		
૧૯૮૫-૮૬	૧,૫૬૦-૦૦		,, રા. ના. સ. બેંક ફીક્સ્ડ ડીપોઝીટ		૨૧,૦૦૦-૦૦
૮૬-૮૭	૨૦-૦૦		,, રા. ના. સ. બેંક બચત		૬૫૨-૬૦
		૧,૫૮૦-૦૦	,, સીટીઝન્સ કો-ઓ. બેંક બચત		૪૫૨-૮૦
ડાહ્યાભાઈ કસ્તુરચંદ એન્ડ કું. ખાતે		૧,૨૦૦-૦૦	,, પુરાંત સિલક		૩૦૨-૭૦
આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ		૧૦-૦૦	શ્રી આવક ખર્ચ ખાતે		
ભોગીલાલ રમણલાલ ખાતે		૧૦-૦૦	ગત વર્ષ	૩,૦૩૩-૨૫	
			ઘટાડો	૨,૨૨૫-૬૫	
					૫,૨૫૮-૯૦
કુલ રૂ.		૨૭,૯૬૭-૦૦	કુલ રૂ.		૨૭,૯૬૭-૦૦

રાજકોટ
તા. ૧૯-૫-૮૬

તપાસ્યું અને બરાબર માલુમ પડેલ છે.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

✓

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૫ : અંક ૭ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮ * ઓકટોમ્બર, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાવાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૪૪મો)

અધ્યાય દશમો

મહર્ષયઃ સપ્ત પૂર્વે ચત્વારો મનવસ્તથા ।
મદ્ભાવા માનસા જાતા યેષાં લોક ઇમાઃ
પ્રજાઃ ॥૬॥

સાત મહર્ષિઓ, પહેલાં થયેલ ચાર–સનકાદિ તથા મનુઓ, મારામાં ભાવવાળા, મનથી ઉત્પન્ન થયેલા છે, જેઓની લોકમાં આ પ્રજાઓ છે. ॥૬॥

અરે, કૃષિ વગેરેમાં જોડાયેલા જનોને ધર્માચરણ વગેરેથી તે તે ફળરૂપ ભાવો થાય છે, તે સર્વેના ભાવો આપશ્રી જ શી રીતે થાય છે ? એવી આકાંક્ષાવાળાને 'મહર્ષયઃ' વગેરે શબ્દોથી કહે છે. ભૃગુ વગેરે સાત મહર્ષિઓ, તેની પહેલાં અન્ય (સનકાદિ) ચાર મહર્ષિઓ તથા સ્વાયંભુવ વગેરે મનુઓ હિરણ્યગર્ભાત્મક, મારા મન સાથે સંબંધવાળા, મારામાં ભાવવાળા, મારો અનુભવ અને મારી ક્રીડા માટેનું રૂપ જેઓમાં છે તેવા પ્રકારના જન્મેલાઓ કે જેઓની લોકમાં આ પ્રજાઓ છે, તે ઉપર કહ્યું તે પ્રમાણે પ્રવર્તમાન છે, એમ અર્થ છે. આથી પણ મારાથી જ તે બધું છે, એવો ભાવ છે. ॥૬॥

એતાં વિભૂતિં યોગં ચ મમ યો વેત્તિ તત્ત્વતઃ ।
સોઽવિકમ્પેન યોગેન યુજયતે નાત્ર સંશયઃ
॥૭॥

મારી આ વિભૂતિ અને યોગને વાસ્તવિક રીતે જાણે છે, તે નિશ્ચલ યોગ વડે (મારામાં) જોડાય છે, એમાં શંકા નથી. ॥૭॥

આ વર્ણનનું પ્રયોજન 'એતામ્' વગેરે શબ્દોથી કહે છે. આ મારા અનુભાવરૂપ લક્ષણોવાળી ભૃગુ વગેરે મારી વિભૂતિ છે,

તેને મારી ક્રીડા માટે પ્રકટ કરેલી છે. વળી ક્રીડાને માટે પ્રકટ કરાયેલ છે તેવા મારા યોગને સમગ્રતાથી વાસ્તવિક રૂપે એટલે કે મારી લીલાના સ્વરૂપે જે જાણે છે તે નિશ્ચલ રૂપે એટલે કે મારા વિયોગ રહિત યોગથી, મારા સંયોગરૂપે, મારી ભક્તિરૂપે, મારી સાથે જોડાય છે, એમ અર્થ છે, તેમાં સંશય નથી, એમ તેમાં નિશ્ચિતતાનો અર્થ છે. એનાથી જ્યારે સંદેહ થાય ત્યારે તે રહેતો નથી, એમ જણાવ્યું છે. ॥૭॥

અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે ।
ઇતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ ॥૮॥

હું બધાનું ઉત્પત્તિસ્થાન છું, મારાથી બધું પ્રવૃત્ત થાય છે, એ પ્રમાણે માનીને (મારામાં) ભાવવાળા ડાહ્યા માણસો મને ભજે છે. ॥૮॥

એ પ્રમાણે જ્ઞાનીનું ભક્તિ સાથે જોડાણ 'અહમ્' વગેરે શબ્દોથી ચાર શ્લોકથી સ્પષ્ટ કરે છે. હું સર્વ જગતનું ઉત્પત્તિસ્થાન છું. બુદ્ધિ, જ્ઞાન વગેરે રીતે અને ભૃગુ વગેરેએ કહેલ ધર્મ વગેરે રીતે મારાથી સર્વજગત પ્રવર્તે છે, એટલે કે મારી ક્રીડા માટે તેવા ભાવવાળા થાય છે, એમ અર્થ છે. 'ભાવસમન્વિતાઃ' (મારામાં ભાવવાળા) એટલે મારી સેવા એ જ એક માત્ર પ્રયત્નવાળા થાય છે. એ પ્રકારે ક્રીડાત્મકતાથી મારાથી પ્રકટ થયેલ પંડિતો એટલે કે વિવેકીઓ મને ભજે છે, મારી સેવા કરે છે. ॥૮॥

મચ્ચિત્તા મદ્ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।
કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ ॥૯॥

મારામાં ચિત્ત રાખનારાઓ અને મને જેઓએ પ્રાણ અર્પણ કરેલ છે તેવા, પરસ્પર ઉપદેશ આપતા અને કથા-વાર્તા કરતા તેઓ સદાય સંતુષ્ટ રહે છે અને આનંદ-ઉત્સવ કરે છે. ॥૯॥

ભગવાનનું ભજન કરવાના પ્રકાર 'મચ્ચિત્તાઃ' વગેરે શબ્દોથી કહે છે. 'મચ્ચિત્તાઃ' એટલે મારામાં જ જેઓનું ચિત્ત છે તેઓ, મારા ચિંતનમાં રત, લીલા અવસ્થાના મારા સ્વરૂપની વિચારણામાં લીન થયેલાં, 'મદ્ગતપ્રાણાઃ' એટલે મને જ જેઓએ પ્રાણ અર્પણ કર્યા છે તેવા, મારા દુઃખે દુઃખી અને મારા સુખમાં સુખી રહેનારા, એમ અર્થ છે. તેવા પ્રકારના થઇને પરસ્પર તાદૃશ જનોને જ મારા એવા પ્રકારના સ્વાનુભવ, પ્રમાણો વગેરે દ્વારા ઉપદેશ કરતા, કીર્તનોથી વારંવાર ભગવાનના યશોગાન કરતા, 'ચ' અક્ષરથી (વિશેષ અર્થ કરે છે કે) અન્યને કીર્તનો સંભળાવતા રહે છે અને વળી મારું ગાન થાય ત્યારે તે વિષેના જ્ઞાનથી સંતોષ અનુભવે છે અથવા આનંદ ઉત્સવ કરે છે. મારા કીર્તનોથી સૌ સ્વયં આનંદિત થાય છે અથવા આનદ ઉત્સવ કરે છે, સંતોષ અને આનંદ મેળવે છે. એવો ભાવ છે. અથવા વિપ્રયોગ વગેરે લીલાની અવસ્થાઓમાં સદાય મારી કથા-વાર્તા કરતા રહે છે અને પરસ્પર સતત ઉપદેશ આપતા રહે છે. ॥૯॥

તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપુર્વકમ્ ।
દદામિ બુદ્ધિયોગં તં યેન મામુપયાન્તિ તે ॥૧૦॥

તેઓમાંના જોડાઇને રહેલાઓને (અને) પ્રેમપુર્વક ભજનારાઓને તેવો બુદ્ધિયોગ હું

આપું છું, જેના વડે તેઓ મને પામે છે. ॥૧૦॥

એ પ્રમાણે ભાવથી ભજનારાઓને હું ફળ આપું છું, એમ 'એવમ્' વગેરે શબ્દોથી કહે છે. એ રીતે સતત જોડાઇને રહેલાઓને, પ્રસન્નતાપુર્વક ભજનારાઓને એટલે કે ઉદ્વેગ રહિત થઇને ભજનારાઓને એવો બુદ્ધિયોગ આપું છું, એટલે કે મારા સ્વરૂપનો અનુભવ કરાવનાર ભક્તિરૂપી એવું સાધન આપું છું કે જે સાધન વડે તેઓ મને પ્રાપ્ત કરે છે. 'ઉપયાન્તિ' શબ્દમાં 'ઉપ' એવો ઉપસર્ગ છે, તેનાથી એવી સ્થિતિ આપું છું કે જેનાથી તેવા પ્રકારના ભાવમાં ઊણપ ક્યારેય નહિ, એમ દર્શાવ્યું છે. ॥૧૦॥

તેષામેવાનુકમ્પાર્થમહમજ્ઞાનજં તમઃ ।
નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥૧૧॥

તેઓ ઉપર અનુગ્રહ કરવા માટે જ આત્મસ્વરૂપે રહેલો હું પ્રકાશતા જ્ઞાનરૂપ દીપક વડે અજ્ઞાનજનિત અંધકારને નષ્ટ કરાવું છું. ॥૧૧॥

અરે, અન્યને ઉપદેશ કરવામાં, તેઓ અજ્ઞાની હોવાથી અને ઘણા સમયથી સંસારમાં થયેલી આસક્તિને કારણે સેવાનું કાર્ય છૂટી જવાથી તેઓને કલેશ થાય, એમ હોય તો ઉપદેશ શી રીતે સંભવે ? એવી શંકા થાય તો 'તેષામ્ એવ' વગેરે શબ્દોથી કહે છે. તેઓની ઉપર જ એટલે કે તેવા ભક્તોની ઉપર જ દયા કરવાને માટે, મારી સેવા છૂટી જવાથી થતા કલેશમાંથી છૂટવાને માટે, પરમાત્મભાવે રહેલા તેઓ પ્રત્યે 'મારો છે' એવા ભાવવાળો હું અન્ય જનોના સંસારરૂપી અંધકારનો, પ્રકાશતા જ્ઞાનરૂપી દીવા વડે નાશ કરું છું. પછી સંસારરૂપી અજ્ઞાનથી પૂર્ણપણે છૂટી ગયેલા તેઓને મારા સ્વરૂપના જ્ઞાનથી, ફરીને પરસ્પર કરાતા મારા ગુણાનુવાદથી શીઘ્રતાથી પરમ આનંદ જ પ્રાપ્ત થાય છે, પરંતુ કલેશ થતો નથી, એવો ભાવ છે. ॥૧૧॥

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક

પ. ભ શ્રી અરવિંદભાઇ જવેરચંદ મહેતા (કલકત્તા)
ના: જયશ્રી કૃષ્ણ

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિત પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ) કોવિદ

(લેખાંક ત્રીજો)

ચિંતા કાપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ
ગતિમ્ ।।૧।।

જેઓએ આત્મ નિવેદન કર્યું છે તેઓએ કોઇ પણ પ્રકારની ક્યારેય ચિંતા કરવી નહિ. ભગવાન પણ કૃપાળુ છે તે (તેઓની લૌકિક ગતિ કરશે નહિ. ।।૧।।

લૌકિક કે તે સિવાયની ભગવાન સંબંધી પણ ચિંતા કરવી નહિ. 'કાપિ' (કોઇ પણ) એવા શબ્દોથી એમ જ કહ્યું છે. અંગીકાર કરાયાથી જ બધું એની મેળે જ ભગવાન કરશે, એવો વિશ્વાસ નિવેદન કરનારને માટે આવશ્યક છે. ભગવાનનો પણ એ પ્રમાણેનો નિયમ છે. કોઇ વાર પરીક્ષા કરવા માટે અથવા પ્રારબ્ધ ભોગવવાને માટે પ્રભુ વિલંબ કરે તો પણ ચિંતા કરવી નહિ, એમ 'કદાપીતિ' (એ પ્રકારે ક્યારેય) એ શબ્દોથી કહ્યું છે. (અહીં શંકા થાય કે) અરે, લૌકિક રીતે કુટુંબ વગેરેમાં આસક્તિ હોવાથી પોતાનાની પણ પ્રભુ લૌકિક ગતિ કોઇ વાર કરે તો, 'ભગવાનપિ' (ભગવાન પણ) વગેરે શબ્દોથી કહે છે કે, ભગવાન કૃપાળુ છે તેથી મર્યાદામાર્ગીય વૈરાગ્ય વગેરેના અભાવમાં પણ 'મહાપુરુષે નિવેદન કર્યું છે' તેથી પોતાનો છે, એમ અંગીકાર કર્યો હોવાથી લૌકિક ગતિ નહિ કરે, એમ અર્થ છે. ।।૧।।

જો એમ હોય તો, સ્વચ્છંદ વ્યવહાર કરવાના દોષથી બહિર્મુખતા આવે, એવી શંકાના સમાધાનમાં 'નિવેદનમ્' વગેરે શબ્દોથી કહે છે.

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ ।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ।૨।

તાદૃશી જનોની સાથે પોતે નિવેદન કર્યું છે, એવું સ્મરણ સર્વ પ્રકારે રાખવું. સર્વના સ્વામી અને સર્વના આત્મસ્વરૂપ પરમાત્મા પોતાની ઇચ્છાથી કરશે. ।।૨।।

સદૈવ પૂર્ણપણે હું તેનો છું એવા સતત સ્મરણથી બહિર્મુખ નહિં થવાય, એવો ભાવ છે. શ્લોકમાં 'તુ' શબ્દ છે તે અશક્તિથી સેવા આદિ ન થઇ શકે તેવા સમયમાં પણ આ તો કરવું જ જોઇએ, એવો ભાવ સૂચવે છે. શ્લોકમાં 'ચ' અક્ષર છે તે સમુદાયનો અર્થ સૂચવે છે. 'સર્વથા' શબ્દ છે તે તેની આવશ્યકતા દર્શાવે છે. અથવા, સંપૂર્ણપણે જેઓ તાદૃશ જનો છે, એટલે કે આત્મનિવેદન કર્યું હોવાથી જેઓ પ્રભુપરાયણ છે તેઓની સાથે પોતે નિવેદન કર્યું છે, એવું સ્મરણ રાખવું. એમ કરવાથી સંગદોષનું

નિવારણ થાય છે. તાદૃશી જનો સાથે સ્મરણ રાખવું, એમ કહેવામાં તાદૃશી ન હોય તેવા જનોથી તેને ગુપ્ત રાખવાનું સુચન છે. 'સર્વદા' એમ કહેવામાં સમય ગુમાવ્યા વિના તેમાં સાતત્ય દર્શાવ્યું છે. સાતત્ય ન જળવાય તો આસુરપ્રવેશ થાય, એવો કહેવાનો ભાવ છે. ક્યારેક અલૌકિક ધ્યેયને માટે કે લૌકિક સિદ્ધિને માટે પ્રભુને પ્રાર્થના કરાયને ? એવો પ્રશ્ન થાય તો તેમ કરવાનું નકારતાં 'સર્વેશ્વર' વગેરે શબ્દોથી કહે છે. અહીં 'સર્વ' શબ્દ છે તેનો અર્થ નિવેદન કર્યું હોય તે બધા, એમ છે. જેમ કે, સર્વે બ્રાહ્મણો ભોજન કરાવવા યોગ્ય છે, તેનો અર્થ એમ કે નિમંત્રિત એવા સર્વે, એમ સુચવ્યું છે, નહિ કે બીજા બ્રાહ્મણો પણ 'સર્વાત્મ' પદમાં પણ સર્વના આત્મા, એટલે કે જેઓએ નિવેદન કર્યું હોય તે સર્વના આત્મા, એમ અર્થ જાણવો એમ હોવાથી જેવી જેવી રીતે શરણે આવે છે, તેવી જ રીતે પ્રભુ પણ સ્વામિત્વ સ્વીકારતાં તેઓના પ્રત્યે આત્મીયતા જ વિચારે છે. તેથી પ્રભુ તેના હિતના કાર્યમાં પ્રાર્થનાની અપેક્ષા રાખતા નથી, એમ જણાવાયું છે અથવ પ્રભુ કાળ વગેરેના નિયામક હોવાથી તેમનાથી કરાયેલ પ્રતિબંધનો પણ સંભવ નથી. પોતાની ઇચ્છા પ્રમાણે, એમ સુચવવાને સર્વ એવું પદ કાળ વગેરેના સંબંધમાં છે. પ્રાર્થના કરવા છતાં પોતે વિચારેલું હોય તેમ જ કરશે, એમ હોવાથી પ્રાર્થના પણ પ્રેરક નહિ થાય, એમ જણાવવાને ભગવાન પોતાની ઇચ્છાથી કરશે, એમ કહ્યું છે. અથવા, નિજ એટલે પોતાના ગણીને સ્વીકારેલા છે તેવા સેવકો તેમની યથેષ્ટ ઇચ્છા અનુસાર, પોતાની મેળે જ, અપેક્ષા રાખી હોય તેમ કરશે, એમ હોવાથી પ્રાર્થનાની આવશ્યકતા રહેતી નથી, એમ અર્થ છે. પરંતુ પરિવર્તન રહિત અલૌકિક ઇચ્છા જ અપેક્ષિત છે, એમ જણાવવાને માટે 'નિજેચ્છાતઃ' એવા અવ્યયનો પ્રયોગ કર્યો છે. ॥૨॥

અરે, ભગવાનને દેહાદિનું કરલા સમયેપણ સ્ત્રીપુત્ર વગેરેના સંબંધમાં થયેલ વિનિયોગથી સ્વધર્મની હાનિ થવાની ચિંતા સતાવે છે. એમ કહેવાય તો 'સર્વેષામ્' વગેરે શબ્દોથી કહે છે.

સર્વેષાં પ્રભુ સંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।
અતોન્ય વિનિયોગેડપિ ચિંતા કા સ્વસ્ય સોડપિચેત્
॥૩॥

પ્રભુ સાથેનો સંબંધ બધાયનો છે, એકનો જ સંબંધ નથી, એવી મર્યાદા છે. તેથી અન્યના વિનિયોગમાં પણ શી ચિંતા ? જો પોતાનો અન્યમાં વિનિયોગ થાય તોપણ શી ચિંતા ? ॥૩॥

પોતાના આત્માની સાથે જેટલાનું નિવેદન કરાયું છે, તેઓની સાથે જ પોતાનો અંગીકાર થયો છે તેથી તે સર્વનો પ્રભુ સાથે સંબંધ થયો છે, નહિ કે મુખ્યત્વે કરીને પોતાનો એકનો જ. તેમાં તેઓના સંબધમાં પોતાના વિનિયોગની શી ચિંતા ? કશીય ચિંતા નહિ, એમ અર્થ છે. આ છે અંગીકારની મર્યાદા, એમ 'સ્થિતિઃ' વગેરે શબ્દોથી કહ્યું છે. કોઇનો વિશિષ્ટતાથી અંગીકાર થયો હોય તો તે પુષ્ટિ (કૃપા) ગણાય, એવો ભાવ છે. અથવા પુત્ર વગેરે અન્યના વિનિયોગનો વિશિષ્ટ વ્યવહાર થાય તેમાં પોતાના વિનિયોગની શી ચિંતા ? કારણ કે, તેઓનો પણ અંગીકાર થાય તો જ કૃતકૃત્યતાની સંભાવના છે, એમ અર્થ છે. વળી પુનરાવૃત્તિ પામેલ સ્વસ્ય' (પોતાનું) એવો શબ્દ 'અપિ' શબ્દની સાથે સંબંધિત છે. ॥૩॥

શ્રીવલ્લભ

પરમ ફળની પ્રાપ્તિ

પ્રેષક ।– **પીરસણિયો**

દૈવીજીવોમાં પ્રભુ પ્રત્યેની આસક્તિ સહજ હોય છે. પ્રભુ જ્યારે પુષ્ટિમાર્ગીય ફળ આપવાની કૃપા વિચારે છે ત્યારે જ પુષ્ટિમાર્ગમાં આસક્તિ થાય છે.

પ્રભુ કૃપાપૂર્વક જે જીવનું વરણ કરે છે. તેનો જ પુષ્ટિમાર્ગમાં અધિકાર પ્રાપ્ત થાય છે. જીવના સાધનથી કાંઈ બનતું નથી. અને એના માટે સર્વપ્રથમ જીવને પ્રભુ કૃપાથી સત્સંગની પ્રાપ્તિ થાય, ભગવદીઓની કૃપા થાય ત્યારે સેવા, શ્રવણ સત્સંગનો લાભ મળે હદયમાં સહજ રૂચી ઉત્પન્ન થાય અને ભગવદાવેશ પ્રકટ થાય છે. એથી ચિત્ત શુદ્ધિ થાય છે. દયારામ ભાઇએ પણ કહ્યું છે કે : 'ભકતજન પદરજ પ્રતાપે સકલ સરીયા કાજ' સત્સંગ દ્વારા શ્રવણાદિકથી જે અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે, તેનું વર્ણન કરતાં શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે :–

॥પ્રવિષ્ટકર્ણરંધ્રેજ સ્વાનોભાવ સરોરુહમ્ ।
ધુનોતિશમલં કૃષ્ણઃ સલિલસ્ય યથાશરિદ્ ॥

'ભક્તોના ભાવ રૂપી કમળમાં ભગવાન શ્રી કૃષ્ણ કર્ણરંધ્રદ્વારા પ્રવેશ કરી શરદઋતુ જેમ જળને સ્વચ્છ કરે છે. તેમ પાપને ધોઇ હૃદયને નિર્મલ બનાવે છે.

આવી રીતે ભગવદ્ગુણાનુવાદ શ્રવણમાં આશક્તિ થતાં ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થાય છે.

દૈવીજીવોમાં ભક્તિનો બીજ ભાવ તો ભગવદ્ કૃપાથી પ્રથમથી જ હોય છે કારણ કે, એ તો ભગવાનના શ્રી અંગની સૃષ્ટિ છે ને ! એટલે પુષ્ટિમાં એનું વરણ છે જ પરંતુ એ બીજ ભાવને અંકુરીત થવા માટે સત્સંગરૂપી જળની ખાસ આવશ્યકતા છે. ત્યારે જ એ ફલિત થાય છે. અને ભગવાન હૃદયમાં બિરાજે છે આનંદમાં વૃદ્ધિ થાય છે. ત્યાર પછી જ સ્નેહપ્રધાન ભક્તિરસ (પ્રેમલક્ષણાભક્તિ) પ્રકટ થાય છે. અને જીવને સમજાય છે કે, ભગવદ્પ્રેમ સિવાય અન્ય સર્વ પદાર્થ જીવનમાં બાધકરૂપ છે. એનો અર્થ એવો સમજવાનો નથી કે, 'ગૃહત્યાગ કરી ચાલ્યા જવું'. પરંતુ ઘરમાં અનાસક્તિપૂર્વક રહેવું. ગોપીજનોએ પણ ઘરમાં રહીને જ ભગવદ કૃપા પ્રાપ્ત કરી છે.

'પરમાનંદ ગોકુલકી ગોપી ઘરહી મેં બનકીનો'

ઘરમાં રહેવા છતાં પણ ભગવાન સિવાય બીજું બધું જ બાધકરૂપ લાગે. આવો ભાવ દ્રઢ થાય ત્યાર પછી જ વ્યસન દશાની શરૂઆત થાય છે. વ્યસન દશા એટલે ? ॥વિસેષેજઅસ્યન્તે અનેન ઇતિ વ્યસનમ્ ॥ જેનાથી વિશેષ કરીને દૈહિક ધર્મો દુર થાય તેનું નામ વ્યસન'. એટલે કે માનસીભાવ નિરંતર ભગવદ લીલાનુ અનુસંધાન બની રહે, જેનાથી જીવ કૃતાર્થ થાય છે. સેવાનું લક્ષણ પણ, 'ચેતસ્તત્પ્રવણમ સેવા' એમ કહ્યું છે એટલે કે આસક્તિપૂર્વક ચિત્તને પ્રભુમાં પરોવવું અને એ સિદ્ધ થવા માટે સત્સંગ, શ્રીયમુનાજીનું શરણ, શ્રી મહાપ્રભુજીના ચરણકમળનો દ્રઢ આશ્રય, અન્યાશ્રય, અસમર્પિત, અસદાલાપના ત્યાગ ની ખૂબ આવશ્યકતા છે.

છેવટ સારનો પણ સાર એટલો જ કે, "શ્રી વલ્લભ કૃપાથી પડે સહુ સહેલુ"

'મુરખ મનને'

પદ રાગ લલીત (ભકત કવિ શ્રી દયારામભાઇ)

નિર્ભય થાને રે મનુઆ ! મુક મુરખતા તારી;
અઢળક ઢળિયા શ્રીજી તુજનેં, શેં નવ જોય વિચારી...(૧)
પુષ્પમાળ શ્રી કંઠતણી શ્રી દ્વારકેશ તુનેં આપી;
"સહજ ન છૂટી, તમને આપી"–નિજ સેવકે અલાપી...(૨)
વિનતિ સુણી, પ્રભુ ચક્ર સુદરશન, તુજ રક્ષણને આપ્યૂં,
અબરીષની પેર સમઝજે, હરિ–ઈચ્છા આલાપ્યૂં...(૩)
રક્ષણ કરે સુદરશન, તે ઉપર કહાંનૂં બલ ચાલે; ?
કાંઈ ભાસે ભ્રમ, તે લીલા, હરિ–રુચિવણ પત્ર ન હાલે...(૪)
આપ્યૂં કમલ કૃપા કરિ, વિનતિ સુણતાં શ્રીજી તુજનેં;
એ તે અનુગ્રહ કે નહિ, કહે મુગ્ધાં તૂં મુજનેં...(૫)
શ્રીવલ્લભ–સુત એમ જ તુજનેં, નિજ રુચિએં લખિ આપ્યૂં,
"શ્રીનાથજી દયાના પ્રીતમ", સત્ય કહી...દુખ કાપ્યું...(૬)
શ્રીવલ્લભ–કુલ નિજ રુચિ વર દીધો, અધરામૃત આપી;
"રૂકિમણી તુલ્ય, કરિશ તૂં સેવા"; આત્મારામ અલાપી...(૭)
"શ્રીગુરુપદ શિર ધરિ, ર્નિજ ભાખ્યો,' ભસ્મ પાપ સહું બોલ્યા;
"મ્હેતો પુષ્ટિનો, 'અંત જનમ," તુજ માફિ દોષ,' કહિ ડોલ્યા...(૮)
"તુનેં પ્રાણ નિજ", મ્હાપ્રભુ બોલ્યા; અચલ વાણિ કહિ ફરિને;
"ધાર્યું છે તે સિદ્ધ જ કર, જા;"—બોલ્યા કરુણા કરિનેં...(૯)
નિજ ઈચ્છાથી શ્રી ગોકુલપતિ શિર કર ધરિ વર દીધે;
"ત્રિલોકમાં તુજનેં કોઈન્હૈં જીતે," મ્હા અનુગ્રહ કીધો...(૧૦)
"શ્રીજીમાં ચિત્ત અખંડ રહેશે," "ચિંતા સકલ પળશે;
"દ્વારકેશ, વર, "શ્રીજી વાતો કરશે," સંશય જાશે...(૧૧)
"ફરિ નથિ અવતરવું", "સુત મ્હારા," થા અખંડ ગોકુલવાસી;
"શ્રીસ્વામિની–મંદિર, ઉર ત્હારૂં", શિર કર ધરિ, કરિ દાસી...(૧૨)
શ્રી પુરુષોત્તમ નિજરુચિ બોલ્યા, "કદા ન રહેશો ત્રસે;
કરતવ કશું તમારે છે નહિ, રહો દઢ પ્રભુ વિશ્વાસે...(૧૩)
ઈત્યાદીક કરુણા શ્રીજી, શ્રી વલ્લભ બલ લેં જોઈ;
તે આગળ તુંને વિઘ્ન કરવા, સમ્રથ છે નહિ કોઈ...(૧૪)
હરિ–કરુણાનો ગર્વ ન ધરવો, રેહેવું **દીનતા** રાખી;
તદુપરાંત બણે **હરિ ઈચ્છા,** એ વિવેક શ્રુતિ સાખી...(૧૫)
છે ભગવાન હરિ ઈશ્વર, જયમ રાખે ત્યમ રહેવું;
તેમને જેહ ગમ્યૂં તે સારું, જે પાડે તે સેહેવું...(૧૬)
સહુ કરવા સમરથ શ્રીજી, પણ નિજ જન–અહિત ન થાયે;
દયા ! રાખ વિશ્વાસ, સરવ સારું કરશે વ્રજરાયે...(૧૭)

(નોંધ :– દ.હ.પ્ર.પ્રમાણે સંપાદન) સં. પ્રો. **જીવનલાલ છ. જોશી**

પત્ર

શ્રીમહાપ્રભુજીના લાડિલા પરમ વૈષ્ણવ, હરિ, ગુરુ, વૈષ્ણવના પ્યારા, મારા ભગવદ્ સંબંધી ભાઇ, આત્મીય વ્હાલા સ્વજનો.

હું આજ્ઞાની આપની કને મારા હૃદયના ઉદ્ગારો આપની પ્રસન્નતા માટે જ મોકલું છું. આપણી પાસે મૂળ અનન્યતા હશે, એકાશ્રય દઢ હશે તો બીજી ચતુરાઈની શી જરૂર છે.

વ્હાલા ! આપણો માર્ગ કૃપામાર્ગ હોઇ, આપણા ઉદ્ધારક શ્રીવલ્લભાધીશ શ્રી વિઠ્ઠલેશ પ્રભુના ચરણ કમલોનો જ એક માત્ર દઢ આશ્રય થશે તો અષ્ટાક્ષર ફલિત થશે. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ.'

શ્રીમહાપ્રભુજીના સંબંધવાળા સ્વરૂપ શ્રીવિઠ્ઠલેશ્વર આપણા શ્રીકૃષ્ણ છે, એમનું જ એક માત્ર શરણ હોવું જોઇએ. 'યેહી હમારે શ્રીનાથજી.' અધિક ન્યૂન સમજવાનું નથી. કિંતુ ! 'તેહી યેહી, યેહી તેહી કછુ ન સંદેહ.'

શ્રીગોપાલદાસ આજ્ઞા કરે છે કે આ એજ કૃષ્ણ છે. સાક્ષાત શ્રીનાથજી જે સાત દિવસ ગિરિવર ધાર્યો, વ્રજાંગનાઓને આનંદ પ્રદાન કર્યું વ્રજભકતોના અન્યાશ્રયો છોડાવી એકાશ્રય દઢ કરાવ્યો. એજ પ્રભુ આપણા ઉદ્ધાર માટે સ્વયંભૂતલ પર ફરી પધાર્યા છે. પરમકૃપાળુ પરમ ઉદાર, મહોદાર, મહાદાની એવા સર્વેશ્વર (યોગેશ્વરેશ્વર) શ્રી વલ્લભ પ્રભુના ચરણારવિંદને દઢતાથી પકડી લ્યો, છોડશો નહિ.

અનેક જગ્યાએ ખાડા કરવાથી જળ નહિ નીકળે એકજ જગ્યાએ ખાડો કર્યા કરો, જરૂર જળ ભંડાર મળશે. પ્રભુના હાથમાં સર્વની જીવનદોરી છે. એક છેડો દોરીનો જીવ માટે પ્રભુએ રાખ્યો છે. તો ચિત્તના ચિપીયા વડે તે દઢતાથી પકડી રાખવો. પ્રભુ કોણ જાણે કયારે દોરી ખેંચશે ત્યારે પ્રભુના ચરણ કમળમાં જ પહોંચીશું દોરી–આધાર–આશ્રય કદાપિ ન છોડવા નમ્ર અરજ કરતો.

–નટવરલાલ (અરાદ)

શ્રીયમુનાજીન ૪૧ પદો

(અર્થ–વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ
(ચરણરજ–સુરત)

–ગતાંકથી ચાલુ

પદ ૨૬ મું

શ્રીયમુને અગનિત ગુન ગિને ન જાઇ,
યમુને તટ રેણુ તેં, હોત હૈ નવિન તનુ;
ઇનકે સુખ દેનકી કહા કરો બડાઇ. ૧
ભકત માગત જોઇ, દેત હે તિહિ છિનુ,
સો એસી કો, કરે પ્રણ નિવાઇ,
'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત,
કહો કેસે કરી મન અઘાઇ. ૨

અર્થ :– શ્રીયમુજીના ગુણોની ગણના થઇ શકતી નથી. શ્રીયમુનાજીના તટની રેણુ (રજથી) ભકતોના દેહ અલૌકિક બને છે. સેવોપયોગી તનુનવત્વ પ્રાપ્ત થાય છે. આવા સુખ આપવા વાળા શ્રીમહારાણીજીની કેટલી પ્રશંસા કરૂં ?

ભકતો જયારે જયારે જે ઇચ્છા કરે તેવું સુખ આપ તત્ક્ષણ આપે છે, આવી તો

આપની પ્રતિજ્ઞા છે આવું અપ્રતિમ પ્રતિજ્ઞા પાલન શ્રીયમુનાજી વિના બીજું કોણ કરી શકે ? કુંભનદાસજી કહે છે કે શ્રીનાથજીના શ્રીમુખ દર્શનનું જે સુખ આપ આપો છો તેનાથી તો મારૂં મન કદીએ ધરાય જ શેનું ? 'કમલ–મુખ નિરખત તૃપ્તિ ન હોય !' ૨

વિવેચન–કુંભનદાસજી કહે છે કે શ્રી યમુનાજીના અગણિત ગુણોની ગણના કોઇ કરી શકે નહિ કે જેના તટ પરની રેણુના સ્પર્શથી પણ તનુ–નવત્વની પ્રાપ્તિ થાય છે.

અહીં તનુનવત્વ પ્રત્યે થોડું વિચારવાનું છે. શ્રીગોકુલનાથજી આજ્ઞા કરે છે કે 'તનુનવત્વ થયા પછી પણ દેહ તો અત્યારે છે એવા જ જણાય છે, પરંતુ એમાંથી લૌકિક ધર્મોનો નાશ થાય છે અને અલૌકિક ધર્મો પ્રગટ થાય છે.

જીવમાં પૂર્વ જન્મની રહેલી અવિદ્યા જેવી કે દેહાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ, અંતઃકરણાધ્યાસ, વગેરેનો નાશ શ્રીયમુનાજીની કૃપાથી થાય છે, ત્યાર પછી જીવને પ્રભુની દિવ્ય લીલાઓનો અનુભવ થાય છે.

ભગવાન મુકુંદ છે, એટલે મોક્ષ આપવો એ ભગવાનનો સ્વભાવ છે. તથાપિ શ્રીયમુનાજી આપને પરમ પ્રિય છે એટલે શ્રીયમુનાજીના અનુરોધથી શ્રીઠાકોરજી સ્વસેવકોને પુષ્ટિ લીલા રસનું સુખ આપે છે. કારણ કે શ્રીયમુનાજીની નિષ્કામ સેવાથી પ્રભુ આપને અધીન બની ગયા છે.

સામાન્ય જીવો પ્રત્યે પણ પોતાના અલૌકિક સામર્થ્ય દ્વારા અનુગ્રહ કરવાળા શ્રીયમુનાજીની કૃપાની બલિહારી છે.

કુંભનદાસજી કહે છે કે–આવા પરમ કૃપાળુ શ્રીયમુનાજીની કૃપાથી જ મને શ્રીનાથજીનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું છે, તો પછી મારા અમૂલ્ય ધન એવા શ્રીનાથજીના મંગળ મુખના દર્શન કરતાં મને તૃપ્તિ કેમ થાય ? (નજ થાય)

સોરઠો

અગણિત ગુણ તુજ માવડી, કોઉન પાવે પાર,
તવ તટ રેનુ પ્રતાપથી મળશે પ્રાણાધાર.

–ક્રમશઃ

આ માસના ઉત્સવ

આસો સુદ ૧૦ તા. ૧૨–૧૦–૮૬ રવિવાર વિજયા દશમી, રાસના પદની શરૂઆત.

આસો સુદ ૧૧ તા. ૧૩–૧૦–૮૬ સોમવાર પાશાંકુશા એકાદશી વ્રત.

આસો સુદ ૧૩ તા. ૧૫–૧૦–૮૬ બુધવાર શ્રી બાલકૃષ્ણલાલજીનો પાટોત્સવ (સુરત)

આસો સુદ ૧૪ તા. ૧૬–૧૦–૮૬ ગુરુવાર શરદ પૂર્ણિમા. રાસોત્સવ. ફલાત્મક મહારાત્રિ (પુનમે ગ્રહણ હોવાથી આજે) આસો સુદ ૧૫ તા. ૧૭–૧૦–૮૬ શુક્રવાર ખગ્રાસ ચંદ્રગ્રહણ. સ્પર્શ રાત્રે ૧૦–૫૯ મોક્ષ રાત્રે ૨–૩૭ આસો વદ ૧ તા. ૧૮–૧૦–૮૬ શનિવાર શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ. શ્રી ગોવર્ધનલીલાલાના પદની શરૂઆત.

આસો વદ ૧૧ તા. ૨૯–૧૦–૮૬ બુધવાર રમા એકાદશી વ્રત.

આસો વદ ૧૩ તા. ૩૧–૧૦–૮૬ શુક્રવાર ધનતેરસ, ધન્વંતરી ભગવાનનો જન્મદિન.

આસો વદ ૧૪ તા. ૧–૧૧–૮૬ શનિવાર રૂપચૌદશ, દિવાળી, લક્ષ્મીપૂજન, હટડી

આસો વદ અમાસ તા. ૨–૧૧–૮૬ રવિવાર ગોવર્ધન પૂજા, અન્નકૂટ ઉત્સવ

સંવત ૨૦૪૨ પૂર્ણ. કારતક સુદ ૧ તા. ૩–૧૧–૮૬ સોમવાર વિક્રમ સંવત ૨૦૪૩ પ્રારંભ ભાઇબીજ ચંદ્રદર્શન.

।। શ્રીવલ્લભો જયતિ ।।

।। વાક્પતિર્વિંઠ્ઠુધેશ્વરઃ ।।

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઇ, (ધમ્બોલા)

(લેખાંક દસમો)   (ગતાંકથી ચાલુ)

જે બાલકને બાલવયથી સીવેલા વસ્ત્રો ઉપર અભાવ અને મોતી તથા શ્વેત સુંગધી પુષ્પ તથા કરમાં છડી, ચરણમાં પાદુકા, તુલસીની માલા, ઉર્ધ્વપુણ્ડ્ર તિલક અંગે ઉપરણો ધારણા કરવાની સ્વાભાવિક રુચિ, માતા, પિતા, વૃદ્ધ વૈષ્ણવો અને આચાર્યોને જોતાં જેમનું મુખ કમલ સમાન ખીલે છે અને સમાન વયના દ્વિજ બાલકો સુશિલ સ્વભાવવાળા જેમને ચારે બાજુ ઘેરી ઉભા રહેતા. સખાઓને ભગવદ્ ધર્મ સમજાવતા. ગજગતિથી ઘર તથા આંગણામાં ચાલતા.

શ્રીવલ્લભ સર્વ પંડિતોને પ્રણામ કરી પિતાને પૂછવા લાગ્યા કે આપ જયારે શ્રી ભાગવત તથા અન્ય ગીતા વગેરેના પાઠ કરો છો ત્યારે મને તેનો મર્મ સમજાય છે કે સર્વ સાધનોનું ફલ ભક્તિ છે. સાધનો બધા ભક્તિ માટે છે (આત્મધર્મ) જો યજ્ઞાદિ સાધનો કરતાં ભક્તિનો ઉદય ન થાય તો સાધનો સાધકને અન્ય લોકની પ્રાપ્તિ થનાર કહેવાય (સ્વર્ગાદિલોક) આત્મધર્મ સર્વોપરિ હોવાથી નિત્ય માન્ય છે. જયારે સ્માર્ત ધર્મ દૈહિક હોવાથી દેહ ધર્મને ઉદ્દેશી આત્મધર્મની પ્રાપ્તિ માટે હૈતુકિકનું વર્ણન સિદ્ધ છે.

શ્રીવલ્લભ પૂછે છે કે મારી સમજણ આપના પાઠ મુજબ બરાબર છે કે ભૂલ છે તે કૃપા કરી કહો. શ્રીવલ્લભ પાઠના શ્લોકો બોલ્યા.

શ્લોક – દાન વ્રત તપો હોમ જપ સ્વાધ્યાય સંયમૈઃ ।
શ્રેયોભિર્વિવિધૈશ્ચાન્યૈઃ કૃષ્ણે ભક્તિ હિં સાધ્યતે ।।
જન્માન્તર સહસ્ત્રેણ તપો ધ્યાન સમાધિ ભિઃ ।
નરાણાંક્ષીણ પાપાનાં કૃષ્ણે ભક્તિઃ પ્રજાયતે ।।

ભા. ૧૦–૪૭–૩૪

નોટ :– કદાચ ભક્તિ પ્રાપ્ત ન થાય તો યજ્ઞ કરનાર બ્રાહ્મણોને પશ્ચાતાપ થયો.

શ્લોક :– ધિગ્જન્મનસ્ત્રિવૃદ્ વિદ્યાંધિગ્વતાં ધિગ્બહુજ્ઞતામ્ ।
ધિક્કુલંધિક્ક્રિયા દાક્ષ્યં વિમુખાયેત્વધોક્ષજે ।।

ભા. ૧૦–૨૦–૩૯

દોહા – વય કિશોર વાણી મહત, શ્રવણ કરત સુખ છાય;
અચરજ પાવતવિપ્રજન, દેવત હૃદય જુડાય.

નોટ – શ્રીવલ્લભના ગહન વાક્યો શ્રવણ કરતાં સર્વ પંડિતો વિચારમાં પડતાં એક વૃદ્ધ પંડિત કહેવા લાગ્યાં કે બાલકો શ્રવણ કરે તે બોલે શાસ્ત્રના અનેક વાકયો સાથે અર્થનું સામ્ય કરી કર્મ કરવું તે કર્મ ધર્મ રુપ થાય કારણ કે વેદ આજ્ઞા શ્રુતિ વાકય "યાવજ્જીવમગ્નિહોત્રંજુહુયાત" (જીવતાં શુધી અગ્નિહોત્રાદિનો ત્યાગ ન કરવો.)

શ્રીવલ્લભ કહેવા લાગ્યા કે આપનું જે કહેવું થાય છે તેજ મારૂં માનવું છે. અગ્નિહોત્રાદિ કર્મ નિત્ય કરતાં આત્મધર્મ પ્રાપ્ત થાય છે. ઉદય હૃદય આકાશે થતાં મુખ્ય ફલ મલે છે. તેથીજ સર્વસાધનો ભક્તિ હૈતુકિક છે. તેનું જ આપે મંડન કર્યું છે.

બાલકની ચતુરાઈ જોતા ખંડન કરનાર પંડિતો વલ્લભના વાકયનું મંડન કરનાર બન્યા જોઇ શ્રી લક્ષ્મણ ભટ તથા અન્ય મૌન ધારણ કરીને જોઇ રહ્યા. વિચાર કરવા લાગ્યા કે આ બાલક હજુ યજ્ઞોપવિત અને અભ્યાસ રહિત તે. જયારે અભ્યાસનો સ્નાતક થશે ત્યારે શું કરશે. કોઇ કહેવા લાગ્યું કે શ્રી લક્ષ્મણભટજીના સો સોમયાગરુપ શ્રી વલ્લભ વાણીના પતિરુપ પ્રકટ થયા છે તેમને શું અભ્યાસની જરુર.

પ્રસંગ સાંભળતા શ્રી લક્ષ્મણભટજીની આંખમાં આંસુ આવ્યા અને ગદગદ કંઠે કહેવા લાગ્યા કે આ તો બ્રાહ્મણોની કૃપા એજ કારણ છે.

ચોપાઇ – તર્જ રાધેશ્યામ

બોલે સબ યાજ્ઞિક ભટજીકો, સુકૃત મખ સફલં તુમ્હારે હૈં
પ્રકટે શ્રી વલ્લભ અગન કુંડ, નારાયણરુપ નિહારે હૈં
બોલે લછમન ભટ વિપ્રોંકો, મૈં રંક રામ ફલ પાંયા હૂં
સબ પૂર્વ પુરુષકી મહત કૃપા, પરમાર્થ સુલભસે લાયો હૂં
બૈઠાવત ગોદપિતા સુતકો, અતિ પ્રેમ વિવશાદક ભરતે હૈં
મસ્તક પર હાથ ફિરાવત જબ, ત્રય તાપ હૃદયે સે હરતે હૈં
છોટી વય મેં લાલન તુમને, શુભ વિદ્યાકિનસે પાઇ હૈ
બોલે શ્રી વલ્લભ આપ કૃપા, પાવત પદરજ ફલિતાઇ હૈ
રાજત પિતુ પાઠ કરનેકો જબ, શ્રીમુખ વચનામૃત પાયા હૂં
જાનત નહિં મેં કછુ શાસ્ત્ર મરમ, મખદર્શન કે હિત આયા હૂં

દોહા – પ્રસન્ન કર દ્વિજ મંડલીક્રીડત મુદિત દ્વિજેશ,
શીલ સ્વભાવુક બાલક લખ, દેત ભક્તિ ઉપદેશ.

શ્રી વલ્લભને યજ્ઞોપવિત

શ્રીવલ્લભ યજ્ઞોપવિત પહેલાં અને પછી પણ પોતાની શેરીમાં રહેતા સમાન વયના બાલકો જ્યારે તેમની પાસે રમવા આવતાં ત્યારે શેરીમાં એક ચોતરા ઉપર આસન બિછાવી શ્રીવલ્લભને પોતાના ગુરુ બનાવી આસન પર માનથી બેસાડી દ્વિજબાલકો શ્રીવલ્લભને વિનયપૂર્વક કહેતા કે અમોને બોધ આપો.

ત્યારે શ્રીવલ્લભ બાળકોને ભગવન નામ બોલાવી પછી ભકતોની વાર્તાઓ સમજાવતા અને કહેતા કે પાપ કરી પુણ્ય કરવું તે કરતાં પાપ ન કરવું એજ ઉત્તમ છે. સર્વ પ્રાણીઓમાં ભગવાન વસે છે. સર્વ જીવો ઉપર દયા રાખવી. સર્વનું હિત કરવું તે શ્રી હરિને પ્રસન્ન કરવાનું મુખ્ય લક્ષણ છે.

(આ કાવ્યમાં ચૌપાઇ, તુલસી કૃતની પદ્ધતિ અને કયાંક રાધેશ્યામની પદ્ધતિ અનુસાર આખા કાવ્યમાં છે)

ચૌપાઇ-રાધેશ્યામ તર્જ

ગુરુ શિષ્ય બનત બૈઠત આસન, બાલક સબ સવિનય ગાતે હૈં ।
હમ ચાહત દેવેં બોધ આપ, જબ વલ્લભ બચન સુનાતે હૈં ॥
દેખો બાલક યહ જગત રુપ, અન્તરયામીકી લીલાકો ।
સબ બિલગ બિલગતન પ્રકટ કિયે, આપુહિ આપકિય ક્રીડાજો ॥

નહિં અન્ય લખેં ઇનમેં કોઇ, જિમિ અંગન અંગી ન્યારો હૈ ।
માનેં સબ સદચિદ્ ઇશ રુપ, રસ ધનમય બ્રહ્મ નિરાલા હૈ ।
સદ્ચિદ્ કે આત્મા કૃષ્ણચન્દ્ર, વહ સબ દેવોં કે સ્વામી હૈં ।
દીન બન્ધુ સબ સુખ કે દાતા, નિજ ભકતોં કે અનુગામી હૈં ॥
મનું કાલ ચક્કી ફિરત, લગરહત કુશલ ઇન કિલ્લીસે ।
પ્રહલાદ ધ્રૂવ સમ હરિ આશ્રિત, બચ પાવત બાલક ભિલ્લી કે ॥
ભકતોં કે કારણ છોડ ધામ, રક્ષાકિય પાન્ડવ દિલ્હી કે ।
સબ ભોગ છોડ ભાજી ખાઇ, અરુ બેર ખા ગયે ભિલડી કે ॥
હરિ મહા દયાલુ દુખ નાશક, ભકતો કે ભવમય હરત હૈં ।
ભકતોં પર ધાવત દાવાનલ, અગ્નિકા, પાન હરિ કરતે હૈં ॥

સંસાર કલેશ અતિ દોષ રુપ, હરિ માયા લખજન હારે હૈં ।
હરિ શરણ લેત ભય દોષ તજત, હરિ રતિ બિન ગિરત નિહારે હૈં ॥
ચિનગારી સમ હૈં જીવ સભી, વહ કર્મ વિવશ ભવ પાતે હૈં ।
સમજત સજજન હરિ શરણ લેત, હરિ પ્રિય હરિ લોક સુહાતે હૈં ॥

(દોહા) પ્રતિદિન ગાથા બઢત શુભ, બહત પ્રેમ સરિક્ષીર ।
ભક્તિ વિવશબાલક બનત બહત નયનેસે નીર
પન્દ્રહ સું બહેંતાલિસા, ગર્ભ વર્ષ વિનયોગ ।।
રામ જન્મ તિથિ સુભગ દિન, કિય ઉપનયન સુજોગ ।।

રાધેશ્યામ તર્જ

જબ દેત જનેઉ વલ્લભકોં, સબ સગે સહોદર બુલવાયે ।
મંજુલ મંડપ ગૃહ હાટવાટ, શૃંગારત તોરણ બન્ધવાયે ।।
કાશી કોવિદ દ્વિજ વેદ પઢત, વૈદિક વિધિ વિપ્ર કરત જાઈ ।
મિલ મધુ કંઠ ગાવત ગોરી, ચહુ વાદ્ય વિવિધ ધ્વનિ પ્રકટાઇ ।।
કશ્યપ અદિતિ સમ માત પિતા, વલ્વભજનુ વામનરાજ રહે ।
ઉપનયન ધરત ગાયત્રી સહિત, સુન્દર બાજે ચહું બાજ રહે ।।
સંસ્કાર દ્વિજાતીય ધારણકિય, ગોપાલમંત્ર પિતુ દેતે હૈં ।
દ્વય ભગિનિ ભ્રાતકોં તિલક કરત, પુનિ દેત દ્રવ્ય દ્વિજ જેતે હૈં ।।

શ્રી વલ્લભે જનેઉ ધારણ કર્યા, સભા મંડપમાં અને પંડિતો વિદ્યમાન શ્રી વલ્લભને જોઈ પ્રસંન હતા. ત્યાં જ એક શાક્ત પંડિત સભામાં બેઠેલ હતો તે એકાએક ઉભો થઇ ગાયત્રીના વિષે કહેવા લાગ્યો કે.

શ્લોક સર્વશાક્ત દ્વિજા જાત્યાન શૈવા ન ચ વૈષ્ણવા: ।
યસ્માદુપાસતે નિત્યં ગાયત્રી વેદ માતરમ્ ।।

બ્રાહ્મણનું કહેવું એમ થાય છે કે ગાયત્રી એક દેવી (શક્તિ) છે તેની ઉપાસના કરનાર જે કોઇ બ્રાહ્મણો છે તે સર્વ શાક્ત ગણાય, કારણ કે શક્તિની ઉપાસના કરનાર શાક્ત છે. તેણે શિવ વિષ્ણુની ભક્તિ ન કરવી જોઇએ.

શ્રી વલ્લભ મંત્ર ગ્રહણ કરેલ છે, અભ્યાસ કર્યો નથી, છતાં સભામાં એકદમ ઉભા થઇ સર્વ સભાસદોને પ્રણામ કરી આજ્ઞા પ્રાપ્ત કરી ગાયત્રીના અર્થને કહેવા લાગ્યા કે હાલમા જે બ્રાહ્મણે શ્લોક કહ્યો તે પ્રમાણ રહિત અને પોતે ગાયત્રીના સ્વરૂપને સમજેલા નથી. ગાયત્રી વેદમાતા એટલે બ્રહ્મ વિદ્યા બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન અક્ષરે અક્ષરે કરેલ છે. શક્તિ શક્તિશાળી ભિન્ન નથી જેમ ભક્તિ ભગવાનના સ્વરુપમાં ઓતપ્રોત છે. આસક્તિ સ્નેહ તનમયતા અલગ નથી, તેમ બ્રહ્મવિદ્યા ભગવાનના સ્વરૂપનું દર્શન કરાવનાર છે. કદાચ શક્તિ સત્તાધીશથી અલગ માનતા, પણ સત્તા સત્તાધીશની હોવાથી ધારણ કરનારને આધિન છે, સ્વતંત્ર નથી. ગાયત્રી મંત્રમાં બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરી જ્ઞાન

આપી ભક્તિ સિદ્ધ કરે છે. જે તત્ત્વ પુરુષોત્તમ પરબ્રહ્મ કૃષ્ણ સદ્ ચિત્ આનંદ. આનંદાકાર બન્ને સદ્ ચિત્ પોતાના અંશોને પૃથક કરી આનંદ રુપ, રુપ નામના વિભેદે ક્રીડા કરે છે.

દિવ્ય ધર્મ આકારમય, ભુવન સ્વરુપી ધ્યાન;
બ્રહ્મરુપ બ્રાહ્મણ ભજત, દેત મંત્ર હરિ જ્ઞાન.

ગાયત્રી મંત્રનો અર્થ

ૐ પ્રણવ પૂર્વ ભૂ સત ભુવ ચિદ્, સ્વાનન્દ સચ્ચિદાનન્દ સદા;
સામર્થ્ય સહિત સવિતુઃ પદ હૈ, તત્ લોક વેદ સુખ કન્દ સદા.
હરિ વરણ (વરેણ્યં) કૃપામય માન્ય કરેં, ભર્ગઃ પ્રકાશ બલ લાતે હૈં;
દેવસ્ય ક્રીડા કરતે હૈં દિવ્ય છન ધ્યાન ધિમહિ ધર પાતે હૈં.
ધિય બુદ્ધિ હમારી શ્રી હારસે, આસકત રહે સુધ લાતી હૈ;
પદ પ્રેરત પ્રચોદયાત સુગુણ, સે ભવબન્ધન બિસરાતી હૈ.
ગાયત્રી અર્થ સબ સુનત સભા દ્વિજ ધન્યવાદ દે માન કરેં;
યહ બ્રહ્મવાદ મેધા લખ કર, બૈઠે પંડિત સનમાન ધરેં.

શ્રી વલ્લભે ગાયત્રીના અર્થને, સભાસદોના સાંભળતા વર્ણન કરેલ અર્થને સર્વ કોઈ ધન્યવાદથી વધાવી લેતા, માયાવાદી પંડિત સભામાં મૌન ધારણ કરી બેસી ગયો. ગાયત્રી બ્રહ્મ વિદ્યા બ્રહ્મ સ્વરુપનું જેમ વર્ણન છે. શાકત પક્ષ કલ્પિત છે.

—ક્રમશઃ

માટી જેવા કેમ માટીને ભલે સારા પાણીમાં પલાળે કે હલકા ગટરના ગંદા જલમાં પલાળો પરંતુ સુકાય ત્યારે કઠણ પત્થર જેવી થઈ જાય તેમ કેટલાક શ્રોતાઓ સાંભળે ત્યાં સુધી નરમ રહે અને પાછા કઠણ પત્થર જેવા થઈ જાય.

શ્રી વલ્લભ

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

“શ્યામ ગરીબન હીં કે ગાહક”

(લીલામાં–બાદામી સખી)

લે. રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી

ચીમન–વામન ! તું પણ મોટો શાસ્ત્રીજી થઇ ગયો છે. ઠીક ચાલ તારી ઇચ્છા હોય તો મારી ના નથી. પરંતુ તેના ખર્ચ માટે મને કાંઇ આગ્રહ કરતો નહી.

વામન–ચીમન ! ભકત હૃદય પ્રભૂસિવાય કોઇની આશા કરતું નથી. તેને આપણે તો ફકત સાથ આપવાનો છે. જેથી તેને આશ્વાસન મળે અને તે ભૂખ્યા ન રહે એટલું જ આપણે જોવાનું છે. આપણી વૈભવશાળી ભોજન સામગ્રીમાં તેનો ચપટી ચુન આપણને ભારે નહીં પડે. ચીમન ! તું વૈષ્ણવ પરિવારનો હોવા છતાં પુષ્ટિ સિદ્ધાંતનો ખ્યાલ નથી એક વૈષ્ણવને પ્રસાદ લેવરાવી અથવા ગૌ ગ્રાસ કાઢી અને પછી જ આપણાથી પ્રસાદ લેવાય. સમજ્યો ! હવે ખ્યાલ રાખજે.

ચીમન–બરાબર છે. હવે તને ઠીક પડે તેમ કરજે. મારી સર્વ રીતે સંમતિ છે. બસને ? હવે તો મારે પણ પુષ્ટિ સિદ્ધાંતોનો અનુભવ કરી અને તારા સામે મેદાનમાં આવવું પડશે. સમજ્યોને વામન ?

વામન–મારા સામે મેદાનમાં આવે તો તો મને પણ મઝા આવે ચીમન ! લે ચાલ હવે યાત્રાની તૈયારી કરીએ. આમ કહી સર્વ તૈયારી કરી અને પટેલ સહિત સંઘ સાથે રવાના થયા.

સંઘમાં પટેલ કોઇનું જલ ભરી આપે. કોઇનું સીધું સામાન લાવી આપે કોઇના ડેરા તંબુ નાખી આપે. કોઇ પ્રસાદ લેવરાવે તો લ્યે, નહીં તો તે સંઘમાંથી ચુન માગી લાવી રસોઇ કરી અને પ્રસાદ લ્યે આમ ચાલ્યા કરે એક વખત પટેલ સંઘમાં ચુન લેવા ગયા ત્યારે.

લક્ષ્મીચંદ શેઠ–અલ્યા પટેલ ! તું તો દરરોજ અમારા પાસે આવી ચુન માટે શરમાવે છે. આવું તે કંઇ ચાલે ? પૈસા ન હોય તો સંઘ સાથે ચાલવું જ ન જોઇએ સમજ્યો ? તારે તો દરરોજ માગવાની જ વાત છે.

રામચંદ શેઠ–ખરીવાત છે લક્ષ્મીચંદ ! આવા લોકોને સંઘ સાથે ચાલવા જ ન દેવા જોઇએ આપણે શરમાવું પડે તેને શું ? માગવું ને મઝા કરવી.

પટેલ–કાકા મને માફ કરો. હવેથી કદાચ ભૂખ્યા રહેવું પેડે તો ભલે પરંતુ હવે તમારા પાસે તો નહીં જ. આવું રામચંદ કાકા ! હવે એ ચિંતા કરશો નહીં.

વામન–રામચંદ કાકા ! એવું બોલવું ન જોઇએ આપણે શરમાવા જેવું તો ત્યારે થશે કે જ્યારે પટેલના નિષ્કિંચન અને સ્નેહમય હૃદયની મકરંદની સુવાસનો પ્રભુ પ્રથમ

અંગીકાર કરશે. અને આપણા માયા મદથી ભરેલા હૃદયની દુર્ગંધથી પ્રભુ આપણાથી દુર ભાગશે. કાકા ! સમજયાને ? એ પટેલ સંઘની કેટલી ટહેલ કરે છે એ તો જુઓ છો ને ?, તેના જેવું થવા માટે તો આપણે હજુએ કેટલા જન્મ લેવા પડશે. અને ત્યારે પણ આપણી નાવ પાર લાગે ત્યારે ખરી. લક્ષ્મી મદમાં રાચશો નહીં.

લલ્લુભાઇ-વામન ખરૂં કહે છે રામચંદભાઈ ! શ્રીમંતાઇનું અભીમાન તો આપણી વૈષ્ણવતા માટે કલંકરૂપ કહેવાય-લક્ષ્મીમદ, જાતીમદ વિદ્યામદ વીગેરે મદો આપણને પ્રભુથી વિમુખ કરે છે આ પટેલ જેવા ગરીબ સ્નેહ યુક્ત ભાવનાવાળાની ઉપેક્ષા કરવી ન જોઇએ પ્રભુને જો પ્રસન્ન કરવા હોય તો આવા વૈષ્ણવની ટહેલ કરવી જોઇએ.

વામન-ઉપેક્ષા કરીશું તો પ્રભુ પણ આપણાથી રીંસાઇ જશે સમજયાને કાકા ! કે જે પ્રભુની પ્રસન્નતા માટે આપણે વ્રજમાં જઇએ છીએ.

લક્ષ્મીચંદભાઇ-પ્રભુ શા માટે રીંસાઇ જશે ! પચાસ પચાસ વરસ થયાં દર્શને આવીએ છીએ. મંદિરનાં પગથીયાં પણ ઘસી નાખ્યાં છે.

વામન-હું પણ એજ કહું છું કાકા ! પગથીયાં ઘસી નાખ્યાં પરંતુ શ્રી વલ્લભ વલ્લભીય ઉપર ન્યોછાવર થવાની ભાવના જાગી નહીં.

રામચંદભાઇ-જોયું ને લક્ષ્મીચંદ ! આ આજ કાલનાં છોકરાઓ આપણા કરતાં ડાહ્યા થઈ ગયા છે. જુઓને ? આવ્યો છે મોટો ન્યોછાવરની ભાવનાવાળો આમ કહેતા મોઢુ બગાડી અને પોતાના તંબુમાં ગયા આમ કરતાં સર્વ સંઘ શ્રી નાથદ્વાર આવ્યો. શ્રીનાથજીનાં દર્શન કરી સહુનાં મન પ્રસન્ન થયાં. રૂદ્ર કુંડ ઉપર ડેરા કરી રસોઈ કરી સર્વેએ પ્રસાદ લીધા અને સવારે શ્રી ગુંસાઇજીનાં દર્શન માટે શ્રી ગોકુલ જવાનું હોવાથી સર્વ પોતપોતાની ભેટ કાઢી અને તૈયારી કરવા લાગ્યા.

પટેલ-અરે ! આ સર્વ વૈષ્ણવો તો શ્રી ગુંસાઇ માટે ભેટની તૈયારી કરે છે હું શું કરીશ ! આમ તાપ ક્લેશમાં આખી રાત્રિ નિંદ આવી નહીં. સવાર થતાં સર્વ સંઘ શ્રી ગોકુલ જવા રવાના થયો. અને પટેલ પણ ચાલ્યા. પરંતુ હદયમાં તાપ કલેશાગ્નિ ભડકી ઊઠયો. ચાલતાં ચાલતાં એક બાગમાં "જુહી"નાં સુંદર ફૂલ જોયાં. અને પટેલ રાજી થયા. માળીને કહ્યું ભાઇ ! મને એક માલા જેટલા ફુલ આપીશ ? માળી ભલો હતો. પટેલના ભાવાગ્નિનો તાપ તેના હદયને પણ લાગ્યો. અને તેણે કહ્યું કે તારે પ્રભુ માટે જોઇએ છીએ તો અહીં બેસીને જ માલા ગુંથી લે.

પટેલનો, પોતાનો મનોરથ સિદ્ધ થતો જોઇ અને બહુજ પ્રસન્ન થયો. અને તુલસીજીના થાક મુકી સુંદર માલા ગુંથી. પરંતુ સંઘ ઘણો આગળ નીકળી ગયો હતો. જેથી ઉતાવળે ચાલવા લાગ્યા. અને મનમાં વિચારે છે કે, મારા પ્રાણેશ પ્રભૂ માટે માલા તો તૈયાર થઇ. પરંતુ સુર્યની ગરમીથી કુમ્હલાઇ જશે. અને મકરંદ પણ ઓછી થશે. પ્રભુને જલદી અંગીકાર થાય તો સારૂં આમ તાપ

ક્લેશ સહિત માલાને એક ભીના છન્નામાં બાંધી. પરંતુ જેમ સુર્યનો તાપ વધતો ગયો તેમ તેમ પટેલનું દુઃખ વધતું ગયું. અને તે પણ પરાકાષ્ઠાએ પહોંચ્યું. પટેલનો આ અતી તાપ ક્લેશ શ્રી ગુંસાઈજીથી સહન થયો નહીં. શુદ્ધ સ્નેહભરી તાપ ભાવનાથી પ્રભુ હૃદય પણ દ્રવી જાય છે. તેમ પટેલની સ્નેહ સુવાસભરી માલા અંગીકાર કરવા માટે શ્રી ગુંસાઈજી મહારાજ વ્યાકુલતા સહ તત્પર થયા. અને ખવાસને ઘોડો તૈયાર કરવાની આજ્ઞા કરી.

આમ શ્રી ગુંસાઇજી શ્રી યમુનાજી પારથી ઘોડા ઉપર બીરાજી બે ત્રણ સેવકોને સાથે લઇ અને સંઘની સામે પધાર્યા. સાથેના સેવકોને આજ્ઞા કરી કે, ગુજરાતનો એક સંઘ આવે છે. તેમાં એક નિષ્કિંચન પટેલ મારા માટે ભેટની માલા ગુંથીને લાવે છે. એ માલાની ભેટ પ્રથમ અંગીકાર થશે. તે પછી બીજાની. એમ સંઘને કહી દેજો. અને ઘોડો રવાના થયો.

હીરજી શેઠ—અરે! પ્રભુ શ્રી ગુંસાઇજી તો ઘોડા ઉપર અહીં પધારી રહયા છે. બધા સાવધાન થાઓ. અને ભેટધરી દંડવત કરીએ. શ્રી ગુંસાઇજી નજીક પધાર્યા. પરંતુ ઘોડો ઉભો ન રાખતાં આગળ પધાર્યા. અને સેવકોએ કહ્યું કે, તમારા સંઘમાં એક નિષ્કિંચન પટેલ પાછળ આવે છે. તેની ભેટ ચરણ સ્પર્શ પ્રથમ અંગીકાર થશે. એ પટેલ પાસે ઘોડો ઉભો રહેશે. આ સાંભળી સંઘના વૈષ્ણવો તો સ્થિર થઈ ગયા. અને જોઇ જ રહયા કે આ સ્વપ્નુ છે કે સાચું.! વિચારતા જ રહયા.

વામન– ચીમન! જોયોને આ પહેલોજ પરચો. અને પટેલની સ્નેહમયી ભાવના! શ્યામ તો ગરીબોની તાપયુકત ભાવનાના ગ્રાહક છે.

પટેલ : અરે ! આતો મારા પ્રાણવલ્લભ પ્રભુ શ્રીગુંસાઈજી પધારે છે. આમ કહી ભીના છન્નામાંથી માલા બહાર કાઢે છે. એટલામાં તો પ્રભુ શ્રીગુંસાઇજી પટેલ પાસે પધાર્યા. અને ઘોડાઉપરથી નીચે ઉતરી પટેલ ની પાસે પધાર્યા. પટેલના સર્વાંગમાં હર્ષ છવાઇ ગયો. ગદ્ગદ્ કંઠ થઇ ગયા. અને હૃદયના સર્વોત્કૃષ્ટ મનોરથના સૌરભરૂપે ફુલમાલા શ્રી ગુંસાઇજીના કંઠમાં ધરાવી અને સાષ્ટાંગ દંડવત્ કર્યા અને પરમ કારૂણીક દીન વત્સલ પ્રભુની અસીમ કૃપાનું દર્શન કરી દેહાનુંસંધાન ભૂલી ગયા. દયાળુ પ્રભુ શ્રી ગુંસાઈજી મહારાજે પોતાનો કૃપાપૂર્ણ વરદ્ હસ્ત પટેલને માથે ધર્યો. અને કાનમાં અષ્ટાક્ષર મંત્ર કહ્યો એટલે પટેલ સચેત થયા ત્યારે શ્રી ગુંસાઇજીએ હાસ્યયુકત શ્રીમુખેથી આજ્ઞા કરી.

શ્રી ગુંસાઈજી : અરે પટેલ ! તમારા સર્વ મનોરથમયી ફુલમાલાની ભેટનો અંગીકાર કરવાં તો હું શ્રી ગોકુલથી અહીં સુધી સામે આવ્યો છું. અને તમે મારા ચરણારવિંદમાં લીન થવા ઇચ્છો છો ? તમારા સંઘના સર્વ વૈષ્ણવ મને શું કહેશે ? હજુ તો તમારા પાસે ઘણી સેવા કરાવવી છે. આમ આજ્ઞા કરતા જાય અને વચ વચમાં ફુલમાલા ની સરાહના કરતા જાય ત્યારે પટેલે પોતાના સર્વ સમાચાર કહ્યા અને દૈન્યપૂર્ણ વિનંતી કરી. ગદ્ગદ્ કંઠ થઈ ગયા.

પટેલ : મહારાજ ! આપતો પ્રભુ છો દિનવત્સલ દયાનિધાન છો પતિતપાવન

હો નાથ ! આપની ઉપમાઓનું વર્ણન કરવાનું જીવનું શું સામર્થ્ય છે ? આપ કેવળ કૃપા કરીને જ આપના નીજજનોની 'રાઇ જેટલી સેવાનું ફળ માનત મેરૂ સમાન, સમજી દાસ અપરાધ સિંદુસમ બુંદ ન એકો જાન' એ આપનું બીરૂદ છે. જીવતો સદા સદોષ છે.

વામન : (સર્વ સંઘને) વૈષ્ણવભાઇઓ ! સર્વેએ પ્રભુની કૃપાનો ચમત્કાર જોયો ને ? જેના તરફ તમે ધૃણાની દ્રષ્ટિએ જોતા હતા અને ઉપેક્ષા કરતા હતા તે જ પટેલ પાસે પ્રભુ પ્રસન્નતાપૂર્વક આનંદથી બીરાજે છે. અને હસી હસીને વાતો કરે છે. જો દંડવત ભેટ કરવાં હોય તો અત્યારે સમય છે. નહીં તો હમણાં જ ઘોડા ઉપર બીરાજી શ્રીજીદ્વાર પધારશે તો રહી જઇશું. પ્રભુ તો દૈન્યપૂર્ણ શુદ્ધ સ્નેહના ગ્રાહક છે.

ઠાકુરદાસ : હા, હા. ચાલો જલદી વામન ખરૂં કહે છે. નહીં તો રહી જઈશું અને પાછા શ્રીજીદ્વાર જઇશું ત્યારે જ ભેટ દંડવત થશે.

આમ કહી સર્વ દોડી અને આવ્યા. અને શ્રી ગુંસાઇજીને ભેટ દંડવત કર્યા. અને આશ્ચર્ય સહિત સર્વ વિચારમાં પડી ગયા. શ્રી ગુંસાઇજી તો ઘોડા ઉપર બીરાજી શ્રીજી દ્વાર પધાર્યા. સર્વ સંઘ પણ શ્રીજી દ્વાર આવ્યો.

પુરૂષોત્તમદાસ : કેમ ભાઇઓ ! આપણા ધનમદ, કીર્તિમદ અને ગરીબ શ્રીમંતાઇના ભેદભાવોનુ ચૂર્ણ થઇ ગયુ ને ? કે હજુ કંઇ બાકી છે ? આપણે આટલાં વર્ષો થયાં. ભગવદ્ વાર્તા વાંચીએ છીએ, સાંભળીએ છીએ. વૈષ્ણવોનો સંગ કરીએ છીએ અને વિશ્વવંદનીય શ્રીવલ્લભ કુલનાં વચનામૃતો પણ વાંચીએ સાંભળીએ છીએ. છતાં પણ ઉપર કહેલા મદ આપણા છુટયા નહી. અને છુટે પણ કયાંથી જયાં સુધી મદ, અભીમાન અને લૌકીકાસકિત રૂપ ગંદવાડ હૃદયમાંભર્યો હોય ત્યાં સુધી ભાવના મય સ્નેહની સુવાસ કયાંથી પ્રવેશે.

શ્રી સુરદાસજીનું એક પદ સાંભળવા જેવું છે.

હરિ ભકતન સોં ગર્વ ન કરનો ।।
યહ અપરાધ પરમ પદ હું તે ઉતર
નરક મેં પરનો ।।૧।।
હોં કૂલિન ધનવાન યહ ભિક્ષુક—યહ કબહુ
મનમેં નહીં ધરનો
ગજ, સિંહાસન, અશ્વ, પાલખી, ચઢ
ભવ સાગર નહીં તરનો ।।૨।।
ખાઈ પાન એંઠાઇ ચલત, ફીર બદન
પસાર કે મરનો।

સુરદાસ હોં સત્ય કહત હોં ભકતન સંગ
ઉબરનો ।।૩।।

ચોરાસી બસો બાવન ગૈષ્ણવો અને તે પછીના મહાનુભાવ ભકતોએ ગૈષ્ણવો પ્રત્યે પ્રભુ તુલ્ય ભાવના સેવી છે. માટે આપણે શ્રીમંતાઇ ગરીબાઇના ભેદભાવોને કલંકરૂપ સમજી તેનો સત્વરે ત્યાગ કરી પુષ્ટિમાર્ગના વિશ્વવ્યાપક, વિશ્વોધ્ધારક, વિશ્વવંદનિય ઉજવલ સિધ્ધાંતોને હૃદયમાં સ્થિર કરી, આગ્રહપુર્વક અનુસરીએ. તોજ ફલપ્રાપ્તિ થઇ શકે. નહીં તો જન્માન્તરો ચાલ્યા જાય તો પણ પાર પહોંચીએ નહીં. માટે આપણે સર્વ રીતે સાવધાન રહેવાની જરૂર છે.

વામન–કેમ ભાઇઓ. પુરૂષોત્તમદાસે કહ્યું તે સાંભળ્યુંને. આપણે સર્વ આ રીતે અનુસરીએ તો જ આપણી વૈષ્ણવતા દિપી ઉઠે. અને પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો સર્વ જગતમાં પ્રકાશી અને જગતને ઉજાળે.

ચીમન–ખરૂં છે વામન. શ્રીમંતાઇ અને ગરીબાઇના ભેદભાવમાં રાચતા મારા હૃદયને સચોટ શિખામણ મળી છે. શ્રીમંતાઇના અભિમાનનું ફલ કેવું હોય એ પણ શ્રી ગુંસાઇજી મહારાજે પ્રત્યક્ષ બતાવ્યું છે. અને સંઘની ભેટના દ્રવ્ય કરતાં ગરીબ પટેલની સ્નેહભીની ફુલમાલાને પટેલની સામે જઇ અને અંગીકાર કરી. એ પણ સાક્ષાત નજરે જોયું. આપણી વિકસતી વૈષ્ણવતાનાં કુમળાં અંકુરો જો સુકાઇ જતાં હોય તો તે આવા ભેદભાવ અને મિથ્યાભિમાનના ગંદવાડને લીધેજ. જયાં સુધી આપણે વૈષ્ણવોમાં દૈન્ય અને દાસત્વથી હળામળીને નહી રહી શકીએ ત્યાં સુધી આપણી વૈષ્ણવતામાં ઉણપ છે. એ પુષ્ટિમાર્ગિય શુદ્ધાદ્વૈતનું ઉજવલ સ્વરૂપ છે હરિજન તે હરિરૂપ છે તેને મુરખનિજ સમજાણે (દયારામભાઇ)

શ્રીહરી શ્રી ગુરૂ ભગવદીય ત્રણે એક સ્વરૂપ
ત્રય ધારા જેમ સુરસુરી
તેમાં ભેદ નહીં તદ્રૂપ (દયારામભાઇ)

પરંતુ આપણું તો શ્રી "પંચામૃતમાં" વ્યાસબાવાએ કહ્યું તેવું છે.

–દોહા–

અહરનકી ચોરી કર–કરે "સુઇ"ન કો દાન
ઉંચે ચઢ દેખન લગ્યો. કબ આવે વિમાન
(પંચામૃત)

વામન. તારા જેવા મિત્ર મળવા બદલ હું મને ધન્ય માનું છું હવેથી તારૂં દાસત્વ કરીશ અને તું મને પોતાનો માની સિદ્ધાંતામૃતથી સિંચી–ભાવવેલીને સદાય હરીભરી રાખજે આમ વાતો કરતા સહુ શ્રીજીદ્વાર આવ્યા.

શ્રીજીદ્વાર આવી સર્વ સંઘે રાજભોગના દર્શન કર્યાં આરતી કરી શ્રીગુંસાઇજી નિજ બેઠકજીમાં બીરાજ્યા અને સર્વ સંઘ આપશ્રીનાં દર્શને ગયો ત્યારે પણ શ્રીગુંસાઇજી મહારાજે પટેલને તુરત જ પાસે બોલાવ્યા. ત્યારે પણ સર્વ સંઘને નવાઈ લાગી અને પટેલને શ્રીગુંસાઇજીએ આજ્ઞા કરી.

શ્રીગુંસાઇજી–પટેલ ! હવેથી તમે અહીં અમારા ચરણમાં રહો. અને કાલે સવારથી તમે નિત્યને માટે ફૂલઘરની સેવા સંભાળો. અને શ્રીગોવર્ધનનાંથજીની રસોઇમાં પ્રસાદ લેજો. આમ આજ્ઞા કરી અને આપશ્રી તો ભીતર પધાર્યા. અને સંઘના પુંજીપતિઓના દ્રવ્ય મદનું ચુર્ણ થઇ ગયું અને તેઓ તો જોઇ જ રહ્યા કે, આપણે જેને ગરીબ મજુર માની ચપટી ચુન માટે પણ કડવાં વેણ કહેતા હતા તેનો તો પ્રભુએ કૃપા કરી અને પોતાની કૃપા પુર્ણ ચરણ છાંયામાં રાખી પોતાના કર્યા અને આપણે એના એ રહ્યા.

લલ્લુભાઇ–ખરૂં છે ભાઇઓ ! શ્રીગુંસાઇજી મહારાજે પટેલને પોતાના કરી અને આપણી આંખ ઉઘાડી દીધી છે. છતાં પણ આપણે નહી સમજીએ તો આપણી વૈષ્ણવતાને કલંક લાગશે. શ્રીગુંસાઇજી જો અપ્રસન્ન થશે

તો આપણે ક્યાંઇના નહી રહીએ. અને કીનારે આવેલું નાવ 'વમળ'માં ફસાઇ જશે.

વામન–કેમ ચીમન! તેં જોયું ને? હવે કહે જોઈએ કોની અક્કલ ગુમ થઇ હતી?

ચીમન–વામનભાઈ! આમાં તો જાણે મારી જ અક્કલ ગુમ થઇ ગઇ હતી તેવું સ્પષ્ટ દેખાયું. અને તે તારી કૃપાથી ઠેકાણે પણ આવી ગઇ.

હવે પેલું કીર્તન પુરૂં સંભળાવ એટલે મારી યાત્રા સફલ થઇ જાય.

વામન–સાંભળ ત્યારે ચીમન!

શ્યામ ગરીબન હીં કે ગાહક ॥
શ્યામનાથ હમારે ઠાકુર
સાચી પ્રિત નિબાહક ॥૧॥
કહાં વિદુરકી જાત પાત
પ્રેમ પ્રિતિ કે લાયક ॥
કહાં સુદામાકે ધન હુતો
પરમ પ્રેમ કે ચાહક ॥૨॥
કહા પાંડવ ઘરકી ઠકુરાઇ
અર્જુન રથકે વાહક ॥
'સુરદાસ' શઠ તાતેં હરિ ભજ
આરત દુઃખકે દાહક ॥૩॥

"પ્રભુની પ્રતિજ્ઞા"

હમ ભકતન કે ભકત હમારે ॥
સુન અર્જુન પ્રતિજ્ઞા મેરી
યહ વૃત ટરત ન ટારે ॥૧॥
ભકતકાજ લાજ હોં છાંડો
પાઉં પ્યાદે ધાઉં ॥
જહાં જહાં ભીર પરે ભકતનકો
તહાં તહાં જાય છુડાઉ ॥૨॥
જો કોઇ વૈર કરે ભકતન સોં
સો વૈરી નિજ મેરો ॥
દેખ વિચાર ભકત કે નાતે
રથ હાંકત હોં તેરો ॥૩॥
ભકતનકે જીતે હો જીતોં
ભકતન હારે હારોં ॥
"સુરદાસ' જો ભકત વિરોધી
ચક્ર સુદર્શન મારોં ॥૪॥

ચીમન–વામન! સાચી યાત્રા તો તારી કૃપાથી મેં કરી પરમકૃપાળુ શ્રીવલ્લભાધિશ પ્રભુ આપણી મિત્રતા નિભાવે એટલી વિનંતિ જરૂર કરીએ કરીએ. અને બન્ને છુટા પડે છે.

સમાચાર

સિહોર – પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે પવિત્રા એકાદશી તથા પવિત્રા બારશની ઉજવણી પુષ્ટિ ધ્વજવંદન, શ્રી સર્વોત્તમ સ્તોત્ર પાઠ, ઘોળ, વધાઈ, હિંચ હમચીના કાર્યક્રમથી કરવામાં આવી હતી.

કડી કોટાવાળા પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (રાજેશકુમારજી) નો ત્રણ દિવસનો જાહેર વચનામૃતનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો સ્થાનિક તેમજ બહારગામના વૈષ્ણવોએ સારી સંખ્યામાં હાજરી આપી લાભ લીધો હતો.

સમાચાર

થાનગઢ -- આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ શાખાના ઉપક્રમે શ્રાવણ સુદ ૧૨ પવિત્રા બારસ મહોત્સવ પ્રભાત ફેરી, ધ્વજવંદન, સમૂહ પાઠ શ્રી મહાપ્રભુજીને પવિત્રા-ભોગ ધરાવ્યા, સત્સંગ સભા વગેરે કાર્યક્રમથી ઉજવેલ અને વૈષ્ણવોએ અરસ પરસ મીશ્રી લેવડવી આનંદ માણ્યો હતો.

જામનગર — વૈષ્ણવાચાર્ય મહા કવિ ગોસ્વામી શ્રી હરિરાયજી વિરચીત "શ્રીમદ્ ભાગવત ભાષા લક્ષણમ" ગ્રંથનો વિમોચન વિધિ કાર્યક્રમ ગોસ્વામી શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને જામનગર મુકામે તા. ૧૫-૭-૮૬ ના રોજ વૈષ્ણવ સમાજના આગેવાનો, જામનગરના વિદ્વાનો પ્રોફેસરો વિગેરેની હાજરીમાં યોજવામાં આવેલ હતો. આ ગ્રંથનુ વિમોચન પોરબંદરના વિદ્વાન પ. પુ. ગોસ્વામી શ્રી શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના વરદ હસ્તે કરવામાં આવેલ હતું.

સ્વાગત પ્રવચન શ્રી જેઠાલાલ રુગનાથે કરેલ હતું. પ્રસંગના ઉપલક્ષે શ્રી ગોપાલ શાસ્ત્રી, માર્કંડભાઈ ધોળકીયા, શ્રી જયંતિભાઈ સોની, તેમજ અન્યના પ્રવચનો થયેલ હતા. ગ્રંથ કર્તા શ્રી હરીરાયજીએ ગ્રંથ બાબતે પ્રકાશ પાડેલ હતો. તેમજ ગોસ્વામી શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીએ શ્રીમદ્ ભાગવત ત્રણ ભાષાઓની ઉપર વિદવદત્તા ભરી છણાવટ કરી એક કલાક સુધી મનનિય પ્રવચન આપેલ. અધ્યક્ષસ્થાનેથી ગોસ્વામી શ્રી વ્રજભુષણલાલજી મહારાજશ્રીએ શ્રીમદ્ ભાગવત અને વર્તમાન પરિસ્થિતિ ઉપર મનિય પ્રવચન આપતા વૈષ્ણવ સમાજને ધર્મની રક્ષા માટે જાગૃત રહેવા અપીલ કરેલ.

કાર્યક્રમના અંતે શ્રી જમનાદાસભાઈ પટેલે આભાર દર્શન કરેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી જયેન્દ્રભાઈ અડાલજાએ કરેલ.

જામનગર — પુષ્ટિમાર્ગ સંપ્રદાયના સંરક્ષણ-સંવર્ધન માટે, વૈષ્ણવ સમાજમાં એકતા પ્રાસ્થાપિત કરવા, યુવાનોમાં સંપ્રદાય માટેની આસ્થા શ્રાધ્ધા ઉભી કરવા અને વૈષ્ણવ સમાજ સમક્ષ આવી રહેલા પડકારોને પડકારવા માટે હવે વૈષ્ણવ સમાજે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના નેજા હેઠળ સંગઠિત બનવાની તાતી જરૂરિયાત છે. એવું પૂ. ગો. શ્રી વ્રજભુષણલાલજી મહારાજે વૈષ્ણવ સમાજની વિશાળ સભાને સંબોધન કરતાં અપીલ કરી હતી.

આંતરરાષ્ટિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું કાર્ય-ઉદ્દેશ તથા થયેલા કાર્યો અને વિભિન્ન પ્રકારના પ્રોજેકટો વિષેની વિસ્તૃત સમીક્ષા પરિષદના ગુજરાતના સંગઠક મંત્રી પ્રો. ચીમનભાઈ શેઠે કરી હતી. જામનગર ખાતે કાર્યને ગતિમાન કરવા માટેની એક સમિતિની સંગઠન મંત્રીએ જાહેરાત કરી હતી.

આગેવાન વૈષ્ણવ પ. ભ. શ્રી જેઠુભાઇ બદીયાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. અને પૂ. આચાર્યશ્રી અને મહેમાનોનું ફુલહારથી સ્વાગત કર્યું હતું. શ્રી જમનાદાસભાઈ પટેલ અને શ્રી જયંતિભાઈ સોનીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સભાનું સંચાલન શ્રી માર્કંડભાઈ ધોળકીયાએ અને શ્રી જયેન્દ્રભાઈ અડાલજાએ આભાર દર્શન કર્યું હતું.

નીચે મુજબના હોદ્દેદારોની વરણી કરવામાં આવી

૧. ધર્માધ્યક્ષ-પ. પૂ. શ્રી વૃજભૂષણલાલજી મહારાજશ્રી ૨. પ્રમુખ શ્રી જેઠાલાલ રૂગનાથ બદીયાણી ૩. ઉપપ્રમુખ શ્રી જયંતિભાઇ દામજીભાઇ ૪. ઉપપ્રમુખ શ્રી ગોકલદાસ લાલજી રાજાણી ૫. કોષાધ્યક્ષ શ્રી ગોવિંદભાઈ લીલાધર માવાણી ૬. સહ. કોષાધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ ડાહયાલાલ ઉનડકટ ૭. મંત્રી શ્રી માર્કંડ-

રાય વૈકુંઠરાય ધોળકીયા ૮. સહમંત્રી શ્રી વેલજીભાઈ રઘુદાસ વિરાણી ઉપરાંત કારોબારીના કુલ ૨૫ સભ્યોની નિયુકિત કરવામાં આવી.

મથુરા વૃજમંડળના સ્થાનોનો વિકાસ તથા સુવિધા સત્વરે કરવા બાબત વડાપ્રધાનને પત્ર

ભગવાન શ્રી કૃષ્ણની જન્મ ભૂમિ તેમજ શ્રી બાલકૃષ્ણની કર્મભૂમિ મથુરા વૃજ મંડળ ભારતીય જનોનું જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના લોકોનું શ્રધ્ધા કેન્દ્ર છે.

ત્યાં હર હંમેશ હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુજનો શ્રી બાલકૃષ્ણની લીલા ભૂમિનાં દર્શન કરવા જતાં હોય છે. તેમજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ આચાર્યના નેતૃત્વ તળે દર વર્ષે હજારોની સંખ્યામાં વ્રજમંડળની પદયાત્રા ૪૫ થી ૬૦ દિવસ દરમ્યાનની કરતાં હોય છે. જે પરિક્રમા ચોરાસી કોસની કહેવાય છે.

હજારોની સંખ્યામાં દેશભરમાંથી આવતાં લોકોનો સમુહ યાત્રા કરતો હોય ત્યારે તેના આરોગ્યની વ્યવસ્થા તેમજ દરેક પ્રકારની સુવિધા પ્રાપ્ત થાય તે માટે વ્યવસ્થા કરવી અતી જરૂરી ગણાય.

કેન્દ્ર સરકારે મથુરા વ્રજમંડળનાં વિકાસ માટે જરૂરી નાણાં ભંડોળ ફાળવવાની જાહેરાત કરી છે તે આવકાર દાયક છે.

તો કરોડો લોકોનું શ્રધ્ધા કેન્દ્ર મથુરા વ્રજમંડળના વિકાસ માટે નીચેનાં સૂચનો ધ્યાનમાં લઈ સત્વરે પગલાં લેવા વિનંતી.

(૧) શ્રી યમુના નદીમાં કારખાના તથા શહેરો દ્વારા ઠલવાતા કચરા તેમજ ગંદા પાણીને અટકાવી પ્રદુષણ અટકાવવા તેમજ ગોકુળ વૃંદાવન અને મથુરામાં જયાં જયાં લાખો લોકો શ્રધ્ધાથી સ્નાન કરે છે તેના ઘાટો રીપેર કરી યોગ્ય વ્યવસ્થા કરવા.

(૨) મથુરા વજમંડળની યાત્રામાં આવતાં કુંડો તેમજ જળાશયો જે શ્રધ્ધા કેન્દ્રોનું પ્રતિક છે તેમાંથી કચરો ગંદવાડ સાફ કરી કુંડોનું યોગ્ય બાંધકામ કરી વ્યવસ્થિત આયોજન કરવું.

(૩) ચોરાસી કોસની વ્રજ પરિક્રમાના રસ્તે ઠેર ઠેર વિશ્રામ સ્થાનો ઉભા કરવા તેમજ દર કિલોમીટરે હજારો લોકોને શુદ્ધ જલની સુવિધા પ્રાપ્ત થઈ શકે તે માટે કુવા તેમજ જળાશયો નિર્માણ કરવા.

૪. પગપાળાં ખુલ્લે પગે યાત્રા કરતા યાત્રાળુઓને ઓછી તકલીફ પડે તે હેતુથી સમગ્ર યાત્રાના રસ્તે બન્ને તરફ ઠેર ઠેર વૃક્ષોનું આયોજન કરવું.

૫. યાત્રાસ્થાનોમાં ઠેરઠેર વીજળી પ્રાપ્ત થઈ શકે તે માટેનું આયોજન.

ઉપરોકત સુચનો ધ્યાનમાં લઈ યોગ્ય સમિતિની નીમણુંક કરવા જેમાં ગોસ્વામી આચાર્ય મથુરાના ગોર ચોબા જેઓ વ્રજયાત્રા કરાવતાં હોય છે. તેના પ્રતિનિધિ, વૈષ્ણવ પરિષદના પ્રતિનિધિ, સ્થાનિક ચુંટાયેલા પ્રતિનિધિ-તેમજ સરકારશ્રીના પ્રતિનિધિની વગદાર કમિટિ બનાવી મથુરા વ્રજમંડળના વિકાસ માટે યોગ્ય રકમ ફાળવી વહેલી તકે કાર્ય શરૂ કરાવવા વિનંતી.

ડાયાલાલ ક. ડેલાવાળા

નસવાડી — તા. ૨૦-૭-૮૬ ના રોજ નસવાડી વૈષ્ણવોની સભા શ્રી દ્વારકાધીશજીના મંદિરમા આંતર રાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના છોટા ઉદેપુર વિભાગના મુખ્ય સંયોજક અને જિલ્લાના મહામંત્રી શ્રી વિઠ્ઠલદાસ શાહ ના પ્રમુખ પદે મળી હતી તેમા નસવાડી શાખાની કારોબારી સમિતિની વરણી કરવામાં આવી તેમાં પ્રમુખશ્રી મોદી રસિકલાલ છોટાલાલ, ઉપપ્રમુખશ્રી શાહ જયંતિલાલ મોહનલાલ, મંત્રીશ્રી શાહ સુભાષચંદ્ર હીરાલાલ અને સહમંત્રાશ્રી શાહ કનૈયાલાલ વસંતલાલ ને નિયુકત કરવામાં આવ્યા તેમજ દર અગિયારસે સત્સંગ માટે એકત્ર થવાનું નકકી કરવામાં આવ્યું હતું.

નવા પ્રકાશન

સૂર ભાવ ધારા : (હિંદીમાં લખાયેલ પુસ્તિકા) લેખક ડૉ. શ્રી રમણલાલ એન. તલાટી, રીડર આર્ટ્સ ફેકલ્ટી હિદી વિભાગ, મહારાજા સયાજીરાવ વિદ્યાલય (વડોદરા) :

પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન : શ્રી વલ્લભ વિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન ટ્રસ્ટ–વડોદરા, "રાધા કૃષ્ણ કુંજ" મરીમાતા લેન, રાજ મહેલ રોડ, વડોદરા. ૩૯૦૦૦૧ પૃષ્ઠ સંખ્યા ૫૬+૧૬, મૂલ્ય રૂા. ત્રણ + એક રૂા. પોસ્ટેજ.

ભાવના પ્રધાન આ ગ્રંથમાં 'સ્વકર્તવ્યને માટે શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ' પ્રારંભમાં અપાયેલ છે, જે સર્વ કોઈને સ્વકર્તવ્નું ભાન કરાવે છે. ઉપરાંત પૂ પા. ગો. શ્રી વ્રજેશકુમારજીએ શુભાશીર્વચનો ઉચ્ચારતાં લખ્યું છે 'કે 'મહાત્મા સૂરદાસજીને શ્રી આચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણની રસ લીલાઓનું અવગાહન કરાવ્યું હતું. શ્રીમદ્ ભાગવતના દશમા સ્કંધમાં વર્ણવેલ લીલાઓને સૂરદાસજીએ હૃદયસ્થ કરી અને શ્રી આચાર્ય ચરણની પ્રેરણા તેમજ અનુગ્રહથી તેમણે વ્રજાધિપતિ રસેશ ભગવાન શ્રીકૃષ્ણના લીલા વિલાસોની યથાચિંત્ય કાવ્યાભિવ્યકિત પ્રસ્તુત કરી.' એવા શ્રી સૂરદાસજીનાં પદોને લક્ષમાં રાખીને આ ગ્રંથની રસપૂર્ણ રચના કરવામાં આવી છે, જે સર્વે પુષ્ટિજનોને આનંદ સાથે પ્રેરક બની રહે છે.

પુષ્ટિ પ્રેમીઓને ઉત્તમ પ્રકારનું પુષ્ટિ સાહિત્ય પ્રાપ્ત થાય અને નષ્ટ થતું અલૌકિક પુષ્ટિ સાહિત્ય જળવાઈ રહે તે માટે વડોદરામાં પૂ. ગો. શ્રી ચંદ્રગોપાલજીએ ઉપર્યુક્ત એક વિશિષ્ટ ટ્રસ્ટ સ્થાપ્યું છે, જેના દ્વારા શ્રેષ્ઠ ગ્રંથો પ્રસિદ્ધ થવા માંડયા છે. આ ટ્રસ્ટની માહિતી ઉપરાંત કેટલાક પ્રસિદ્ધ થયેલા. અને કેટલાક હવે પછી પ્રસિદ્ધ થવાના ગ્રંથોની ઉત્તમ માહિતી પણ આ ગ્રંથમાંથી મળે છે. જેનો લાભ લેવા સર્વે પુષ્ટિજનોને આગ્રહ ભરી વિનંતિ છે.

–સમીક્ષક

રસદષ્ટિની તરફેણમાં : લેખક પૂ. પા. ગો. શ્રી શ્યામ મનોહરજી (મુંબઈ કિશનગઢ)। ન્યોછાવર રૂા. સાત, પોસ્ટેજ અલગ.

શ્રી વલ્લભ ગ્રંથ માળાનું આ બીજું પુષ્પ છે. ગ્રંથના પ્રારંભે શ્રી રમેશભાઈ પરીખે લખ્યું છે કે, "ગો. શ્રી શ્યામ મનોહરજીનાં દર્શન કરતાં, વચનામૃતોનો આસ્વાદ કરતાં આપના સિદ્ધાંત નિષ્ઠ જીવનની સૌરભ માણતાં આપણને સૌને 'શ્રી સર્વોત્તમ સ્તોત્રનું એક નામ 'સ્વવંશે સ્થાપિતાડશેષસ્વમાહાત્મ્ય:' સરખી રીતે સમજાય છે."

પૂ. પા. શ્રી એ સમગ્ર ગ્રંથને પાંચ પ્રકરણમાં વહેંચી દીધેલ છે: (૧) બ્રહ્મ રસનો અનુભવ, (૨) ધર્મમાં આપણી રસ દષ્ટિ, (૩) દર્શનમાં આપણી રસ દષ્ટિ (૪) વિજ્ઞાનમાં આપણી રસ દષ્ટિ અને (૫) કલામાં આપણી રસ દષ્ટિ

આ ગ્રંથની મહત્તા વિષે લખવું તે સમર્થ લેખકોને માટે પણ અપૂરતું જ છે. પૂ. પા. શ્રી એ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની તરફેણમાં એટલી ઉચ્ચ કક્ષાએ છતાં એટલી સરળ રીતે વિવેચન કર્યું છે કે, તેનું વાચન સૌ કોઈને અદ્ભુત અલૌકિક લાગ્યા વગર રહેશે નહિ. 'બ્રહ્મ રસનો અનુભવ' અને 'ધર્મમાં આપણી રસ દષ્ટિ' તથા 'દર્શનમાં આપણી રસ દષ્ટિ' આ ત્રણ પ્રકરણો વાંચતા આપણે તેમાં એટલા તો રસનિમગ્ન થઈ જઈશું કે આપણને એમ જ લાગશે કે, સ્વયં મહાપ્રભુજી વિજયનગરમાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની શ્રેષ્ઠતા જાણે કે સિદ્ધ કરી છે. ગીતાજી, શ્રીમદ્ ભાગવત અને ઉપનિષદોના શ્લોકોમાંનું રહસ્ય તેના સત્ય સ્વરૂપે થતા અર્થની રેલંછેલ કરી રહ્યા છે. તો ચોથા પ્રકરણ 'વિજ્ઞાનમાં આપણી રસ દષ્ટિ'માં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ આગળ વિજ્ઞાનની ક્ષુલ્લકતા સમજાયા વગર રહેશે નહિ. વળી, 'કલામાં આપણી રસ દષ્ટિ' નામના પ્રકરણમાં કલાનું મહત્ત્વ સરળતાથી હૃદયમાં ઊતરી જાય છે, એટલું જ નહિ. પરંતુ ભગવાનનું પ્રકટ સ્વરૂપ અને શ્રીમદ્ ભાગવતનું રહસ્ય આપણી સમક્ષ મનની સ્થિરતા પૂર્વક સંસારનું ભાન ભુલાવી દે તે રીતે તેમાં સૌને લીન કરી દે છે. શ્રીમદ્ ભાગવ-

તજીના દશમ સ્કંધના 'મલ્લાનમ શનિ:' (૧૦-૪૩-૧૭) શ્લોકનું વિવરણ વાંચતા તો આપણને એમ જ થઈ જશે કે સ્વયં શ્રીમહાપ્રભુજી આપણી સમક્ષ શ્રીમદ્ ભાગવતના અગમ્ય રહસ્યને સુબોધિજીની રસલહેર દ્વારા પ્રકટ કરી રહ્યા છે.

ગ્રંથની રચના એટલી ઉત્તમ છે કે, સૌ કોઈને તે ફરી ફરીને વાંચવાની વિચારવાની ને સમજવાની ઈચ્છા થશે.

ભકિત એ દશમો રસ છે. તે દશમો રસ શા માટે અને કેમ છે? તે જાણવા તો માટે આ નાના ગ્રંથનાં પાનાંઓ ધ્યાનપૂર્વક વારંવાર વાંચવાં જોઈશે. પરંતુ ગ્રંથકાર પૂજ્યપાદશ્રી લખે છે કે 'પૂર્ણને માણવાનો રસ તે ભકિત રસ, તેમાં બીજા બધા જ રસોને પૂર્ણતાથી માણી શકાય છે.

આવા પૂર્ણકોટિના ગ્રંથને પોતાના પુસ્તકાલયમાં સ્થાન આપીને વારંવાર વાંચવા, વિચારવા સમજવા આગ્રહભરી વિનતિ છે. ખરેખર તો ગ્રથની અલૌકિકતા તેના વાચન પછી જ સમજાશે. અહીં તેનું સામર્થ્ય અક્ષરોમાં ઉતારવું અશકય છે.

પ્રાપ્તિસ્થાન : **શ્રી ભોગીલાલ રમણલાલ શાહ**
૩૪/૪ બજાજ રોડ, નંદ ભુવન, ૧લે માળે, વિલેપારલે (પશ્ચિમ) મુંબઈ, ૪૦૦૦૫૬.

"આચાર્ય શ્રી વલ્લભ" હિંદી માસિક, જેના સંપાદક પૂ. પા. ગો. શ્રી ચંદ્રગોપાલજી છે, તે હવે આવતા ઓકટોબર મહિનાથી ગુજરાતીમાં પણ પ્રકટ થશે. વળી, તે પુસ્તિકા રૂપે બહાર પડશે. ઓગસ્ટ, ૧૯૮૬ ના હિંદી માસિક 'આચાર્ય શ્રી વલ્લભ' માં દર્શાવાયું છે કે, "ઓકટોબર, ૧૯૮૬ થી આનું ગુજરાતી સંસ્કરણ પણ પ્રકાશિત કરવામાં આવશે. તેનું વાર્ષિક ગ્રાહક શુલ્ક રૂ. પાંચ (પોસ્ટેજ સહિત) છે, જે પ્રત્યેક ગ્રાહકને રૂ. દશની ખોટ ભોગવીને આપવામાં આવે છે. તેમાં માત્ર એજ હેતુ છે કે, રંકમાં રંક વૈષ્ણવ પણ તેનો લાભ લઈ શશે."

"સર્વે વૈષ્ણવજનોને અમારી હાર્દિક વિનતિ છે કે, યથાશકિત તેમ જ ઈચ્છાનુસાર ટ્રસ્ટના આ પ્રકાશન કાર્યને માટે દાનનો પ્રવાહ વહેવરાવે, કે જેથી સુયોગ્ય રીતે, સસ્તામાં તેમ જ શીઘ્રતાથી સર્વ સાહિત્યને વૈષ્ણવો સુધી પહોંચાડી શકાય."

આવું આ માસિક પરિવારમાં વૈષ્ણવતાના સંસ્કારોનું સિંચન કરશે, પુષ્ટિમાર્ગનું અત્યુત્તમ જ્ઞાન આપશે, જેની આજે અતિ આવશ્યકતા છે. પ્રત્યેક વૈષ્ણવ આનો પૂરો લાભ ઉઠાવે એવી હાર્દિક વિનતિ છે.

સુરત – આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીયિ વૈષ્ણવ પરિષદનું દક્ષિણ ગુજરાતની શાખાઓના પદાધિકારીઓ અને વૈષ્ણવોનું સંમેલન તારીખ ૧૪-૯-૮૬ ના રવિવારે બપોરે ૧૨ થી ૬ સુરતમાં સાતપીઠ મોટા મંદીરમાં થયુ હતું. આ પ્રસંગે પુ. પા. ગો. વ્રજરત્નલાલજી મહારાજે વચનામૃતમાં જણાવ્યું કે વર્તમાન સમયમાં મનુષ્યમાંથી મનુષ્યત્વ ચાલ્યુ ગયું છે. એટલે ચારે બાજુ હિંસા ફાટી નીકળી છે. તેવી જ રીતે વૈષ્ણવોમાંથી વૈષ્ણવત્વ ચાલ્યું ગયું છે. ચારે બાજુ વિસ્તાર વિકાસની વાતો ચાલે છે. પણ જીવનમાં વાંચન અને ઉડુંજ્ઞાત ઓછા થઈ ગયાં છે. એટલે ધર્મ-સંસ્કાર બ્રહ્મ સબંધથી મનુષ્યત્વ વધે એ દિશામાં મોટા પાયા પર પ્રયત્ન થવા જોઈએ. મંદિરો દ્વારા પાઠશાળા-ગૌશાળા-પુસ્તકાલય વાંચનાલય-સત્સંગ અને ઉત્સવોની પ્રવૃત્તિ વિકસાવી કળેયુગમાં સગઠનનો પાયો મજબુત કરવાની જરુર છે તેથી ભરતમાં અને પરદેશમાં આપણે માનભેર રહી શકીએ.

સમેલનની શરુઆતમાં શ્રી શશિકાન્તભાઈ કાપડીઆએ સ્વાગત પ્રવચન-શ્રી શશિકાન્તભાઈ ગાંધી એ રથયાત્રા-જન્માષ્ટમી અને પંચસુત્રી કાર્યક્રમ અંગે ઠરાવ વાંચન શ્રી રમેશભાઈ શ્રોફે સુરત શાખાનો હેવાલ હિસાબ વાંચન, તથા સંમેલનનું સચાલન કર્યું હતું. ગુજરાતના સંગઠન મંત્રી પ્રો. ચિમનભાઈ શેઠે વિવિધ પ્રવૃતીની માહિતી આપી હતી. અને દક્ષિણે ગુજરાતની એડહોક સમિતિની જાહેરાત કરી હતી. શ્રી બચુભાઈ ગાંધીએ આભાર દર્શન કર્યું હતું.

॥ વિજયતે શ્રીમદનમોહન પ્રભુઃ ॥

વધાઇ.... **વધાઈ...** **વધાઈ....**

✻ શુભ સુચના ✻

અખંડ ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંશ સપ્તમ પીઠાધીશ્વર શ્રી ૧૦૮ ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ એવં ચિ. ગો. શ્રી વ્રજેશકુમારજીના, પરમ વૈષ્ણવ શ્રી.....................
મું...ને શુભાશીષ :–
પ્રભુકૃપાથી શ્રીમહાપ્રભુજીના નિધીસ્વરૂપ, શ્રીલઘુપુરુષોતમદાસજીના સેવ્ય સ્વરૂપ શ્રીમદનમોહનપ્રભુને રાજકોટમાં લક્ષ્મીવાડી શેરી નં. ૭/૧૨, શ્રીમદનમોહનજીની હવેલીમાં સં. ૨૦૪૩ના મહા સુદ ૬ને બુધવાર તા ૪–૨–૮૭ના શુભ દિને પાટ પધરાવાશે.

આ શુભ અવસરે શ્રી..........ના વિવિધ મનોરથો તથા સં. ૨૦૪૩ના મહા વદ ૧ ને શનિવાર તા. ૧૪–૨–૮૭ના શુભ દિને શ્રીમદનમોહનપ્રભુને **છપ્પન ભોગ** અરોગાવવાનો શુભ મનોરથ થશે.

આ અલૌકીક ઉત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત અષ્ટોત્તરશત પારાયણ (૧૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ) થશે. જેમાં પ્રધાનવ્યાસપીઠે પ. ભ. શ્રી નવનિતપ્રીય શાસ્ત્રીજી નડીઆદવાળા બીરાજશે.

*** શ્રીમદ્ ભાગવત ૧૦૮ સપ્તાહ પ્રારંભ ***

સં. ૨૦૪૩ના મહા સુદ ૯ ને શનિવાર તા. ૭–૨–૮૭

✻ શ્રીમદ્ ભાગવત ૧૦૮ સપ્તાહ પૂર્ણાહુતી ✻

સં. ૨૦૪૩ના મહા સુદ ૧૫ ને શુક્રવાર તા. ૧૩–૨–૮૭

આ અલૌકીક પ્રસંગે આં. રા. પુ. વૈષ્ણવ પરિષદના પ્રચાર સંમેલન આદિ સંગઠનાત્મક કાર્યક્રમો થશે. તો શ્રીમદ્ ભાગવત કથા શ્રવણ દર્શન, કિર્તન અને પૂ. આચાર્યશ્રીઓના વચનામૃતોનો લાભ લેવા સર્વે વૈષ્ણવોને હાર્દિક આમંત્રણ છે.

: પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રી મદનમોહનજીની હવેલી
"વ્રજધામ" ૭/૧૨, લક્ષ્મીવાડી,
રાજકોટ–૩૬૦૦૦૧.
ફોન PP **૨૭૪૦૮** તથા **૨૫૯૧૯**
જયંતીલાલ શાન્તીલાલ પઢીયા
(કોષાધ્યક્ષ)
C/o. **મે. પોપટલાલ હીરાચંદ**
માંડવી ચોક, — **રાજકોટ**
ફોન : ઓ. ૨૫૧૪૭ રેસી. ૩૪૦૨૫

આજ્ઞાનુસાર નિવેદક :–
શ્રીમદનમોહનપ્રભુ પાટોત્સવ સમિતિ
શાન્તીલાલ હરીભાઇ પારેખ (પ્રમુખ)
કેશવલાલ મોનજી પટણી (સંયોજક)
ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાળા (મંત્રી)
અધિકારી **નંદલાલ ચતુર્વેદી**

સને ૧૯૮૬ના અંક ૬ના અનુસંધાને
શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૧૯૧ શ્રી વલ્લભદાસ જીવણદાસ, રાજકોટ
૧૯૨ ,, અરવિંદભાઇ ઝવેરચંદ મેહતા, કલકત્તા
૧૯૩ ,, ધીરજલાલ છગનલાલ મહેતા, રાજકોટ
૧૯૪ શ્રીમતી નિરૂપમાબેન આર. મણીયાર, સુરત
૧૯૫ શ્રી ઉકાભાઇ દેવસીભાઇ સુરાણી, સમઢીયાળા
૧૯૬ શ્રી હરિ સ્ટોર્સ, ઉપલેટા
૧૯૭ ,, સોની વસંતરાય દયાળજીભાઈ, અમદાવાદ
૧૯૮ ,, ગુણવંતરાય જે. માંડલીયા, અમદાવાદ
૧૯૯ ,, પ્રમોદભાઈ પારેખ, મુંબઇ
૨૦૦ ,, કૃષ્ણદાસ મથુરાદાસ અઢીઆ, કલ્યાણ

"અંતરની ઇચ્છા" મંગલ ભાવના

[રાગ–પ્રભાતના પહોર, ગુરૂ વલ્લભનાં લેઉં નામ]

ચિત્ત ચોંટયુ છે ચંપારણ્યમાં, મહાપ્રભુમાં મન મોહયું;
કરો કૃપા હવે શ્રીવલ્લભ, કયારે તેડાવશોરે ? ટેક

જીવ ભટકે છે જન્મોજનમથી, જાગીને ના જોયું;
શ્રી ગોવરધનધર કયારે મિલન કરાવશો રે ! ૧

વલ્લભ વ્હાલા શરણે લઈને, ચિત્ત અમારૂં ચોર્યું;
છે તમ દરશનની આશા, કયારે બોલાવશો રે ! ૨

શરણાંગતનુ રક્ષણ કીધું, ચર્ણકમલ ચિત્ત પ્રોયું,
હવે અધમઉદ્ધારણ, કયારે બંધ છોડાવશો રે ! ૩

ભવસાગરમાં જીવન નૌકા, ડગમગવાને લાગી;
મને એક ભરોંસો વલ્લભ ચરણે રાખજો રે ૦ ૪

જીવ પડયો છું માયા મધ્યે, ભય લાગે છે ભારી;
છું અપરાધિ તોયે તારો, દરશ દાખવજો રે ૦ ૫

દાસ પોતાનો જાણી વલ્લભ, ના દેશો તરછોડી;
હું **તો** તુજ ચરણની દાસી, નાથ નિભાવજો રે ૦ ૬

ઘોર કલિમાં દીનદયાળુ, કોણ અમારો બેલી ?
ઓ: કૃપાસિંધુ પકડયો છે હાથ, નિભાવજો રે ૦ ૭

શ્રદ્ધા ને વિશ્વાસે વ્હાલા, જોઉં છું રાહ તમારી;
દીન **'નટવર'** દાસ તમારો, બિરૂદ વિચારજો રે ૮

લે. દાસાનુદાસ દીનકિંકર, નટવરલાલ મહાસુખલાલના
સદૈય ભગવદ્ સ્મરણ.

મોહન માવા

હું ભ્રમર બનીને આવ્યો છું, તારા હ્રદયકમળમાં પૂરાવા;
જરા ખોલો તમારી પાંખડિયો, મારા મનડાના મોહન માવા.
હું બંસી બનીને આવ્યો છું, તારાં ગીત મધુરાં રેલાવા;
જરા સુરને રમતા મેલી જુઓ, મારા મનડાના મોહન માવા.
હું બિંબ બનીને આવ્યો છું, તારા મુખદર્પણમાં ઝીલાવા;
જરા ઘુંઘટપટને હઠાવી જુઓ, મારા મનડાના મોહન માવા.
હું ધૂળ બનીને આવ્યો છું તારા ચરણકમળની રજ થાવા;
જરા પા પા પગલી પાડી જુઓ મારા મનડાના મોહન માવા.
હું ફૂલ બનીને આવ્યો છું તારા ચરણ તળે પ્રભુ ચંપાવા;
ના રાખો મુજને મસ્તકપર મારા મનડાના મોહન માવા.

–દેવેન્દ્ર આર. પાલેજા

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

શ્રીવલ્લભસુધા

।। શ્રી હરિઃ ।।

બ્યાહ કા પદ

રાગ- બિલાવલ

મૈં બલિ જાઉં માનિ કહ્યો મેરો ।
ચંચલ ચપલ દુહુ દિસ ડોલત,
કો બ્યાહ કરેગો તેરો ।।
શીલ ગહો તૌ સબ કોઉ જાને,
પૂત જસોદા જાયો ભલેરો ।
કીરત–સુતા કૌ માંગનો કરિ હોં,
સુનિ વૃષભાન બસત હૈ નેરો ।।
મધુ મેવા પકવાન મિઠાઇ;
માંગિ લેહુ મોપે સાંઝિ સવેરો ।
'સૂરદાસ' પ્રભુ ધોરી ધૂમરિ કૌ,
દૂધ દહી અપને ઘર હૈ ઘનેરો ।।

[વલ્લભીય સુધામાંથી સાભાર]

❖

ક્ષમા યાચના :

અનિવાર્ય સંજોગોને લઇને આ અંક મોડો પ્રકાશિત થઈ રહ્યો છે. તેની સર્વે વાંચકોની ક્ષમા માગીએ છીએ.

વર્ષ ૫ : અંક ૮ ❖ **નવેમ્બર, ૧૯૮૬**
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિ ॥

આત્મીય નિવેદન

: પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજ

વર્તમાન સમયમાં પુષ્ટિમાર્ગ ગમ્ભીર પરિસ્થિતિથી ગુજરી રહયો છે અને આના ભવિષ્યમાં ઘણા માઠા પ્રત્યાઘાતો સંપ્રદાય ઉપર થશે જેનાથી સમસ્ત પરમ્પરાનોજ ઉચ્છેદ તેમજ સંપ્રદાયની સ્થિતિ રહી શકશે કે કેમ તેવો પ્રશ્નચિન્હ વિકરાળ સ્થિતિમાં આવી જવાની પૂરી સંભાવના થઇ છે. આ વિષયમાં ગમ્ભીર વિચારની તાત્કાલિક અપેક્ષા અનિવાર્ય છે તેમાં શંકા નથી.

ઇતિહાસમાં યુદ્ધ કે ગૃહકલહના દુષ્પરિણામો શાસ્ત્રોથી સ્પષ્ટ જણાય છે ત્યારે ધાર્મિક જગત ધીંગાણે ચડે તો સમાજની નૈતિકતા હણાવા મંડે છે. આવા કપરા સમયમાં, જે પુષ્ટિસિધ્ધાન્ત સંરક્ષણ સમિતિના શપથ પત્રો જોવા મળ્યા છે તેમા આવશ્યકતાથી અધિક લખાણ એટલુ વધુ પડતુ છે કે તેમા સત્યજ ઢંકાઇ જાય છે અને આક્ષેપો એવા તરી આવે છે કે જેમા સમસ્ત પરમ્પરાજ વગોવાઇ જાય. આમ હોવાથી સિદ્ધાન્તોને સમર્થન મળવા કરતા એક અનેરો ફાંટોજ ઉભો થવાની સંભાવનાનું અનુમાન તરી આવે છે.

આમાં પૂજય આચાર્યોને અને વૈષ્ણવો તથા શ્રીહરિ માટે લખાએલ શબ્દો અસહ્ય અને વિરોધાભાસવાળા છે. તેમના સભ્યોનુ મન્તવ્ય આ ન જ હોઈ શકે પણ આવી પ્રત્યાઘાતી અભિવ્યક્તિથી સમસ્યાનુ સમાધાન ન થતા વિપક્ષોને હસવા જેવુ થઈ જાય છે, જેનો તેઓ સ્વયં વિરોધ કરવા ઇચ્છે છે. આવા પરસ્પર વિરૂદ્ધ લખાણો કરતા તેઓશ્રી અને વૈષ્ણવો અન્ય રીતે વિચારે અને આચાર્યચરણો સંપીને એક માર્ગદર્શન પ્રદાન કરે તેવી વિનંતી પ્રથમપીઠ થકી કરવાના નિર્દેશથી આ જાહેર નિવેદન સેવાર્પિત છે. આશા છે સમસ્ત પુષ્ટિસૃષ્ટિ સંપ્રદાયની રક્ષા માટે મળીને સદ્ભાવ સર્જવાં પ્રયત્નો કરવા તસ્તી લેશે. આશા છે આ અભ્યર્થના ઉપર વિચારીને સહુ સમવેત વિચાર કરશે અથવા લખાણોને વિચારી પોતાના મન્તવ્ય સુધી સીમિત રાખે તો વધુ પ્રભાવશાળી રીતે સમાજને વિચારવાની તેમજ સમજવાની સહેલાઈ થશે અમોને વિશ્વાસ છે કે શ્રીમદાચાર્ય વંશજ તેમજ વૈષ્ણવવૃન્દ આ શબ્દોનુ સમતોલપણુ જાળવી, પ્રકટતા દાવાનળને શ્રીહરિની જેમ પાન કરી ભક્તજનોની રક્ષા કરશે અને પોતાના આચાર્યચરણોનુ સન્માન જાળવી કાર્ય કરશે, આજ કાર્યપધ્ધતિ ઉપરજ સંપ્રદાયનુ ભવિષ્ય નિર્ભર છે.

ભવદિય ર. પ્રથમેશ

પુષ્ટિમાર્ગના સિધ્ધાંતો માટે સુપ્રીમ કોર્ટના ચુકાદા સામે અપીલ

સમગ્ર ભારતના પુષ્ટિમાર્ગના આચાર્યશ્રીઓની એક કોન્ફરન્સ પુષ્ટિ માર્ગના મુળભુત સિદ્ધાન્તોના વિરૂદ્ધ આવેલ સુપ્રીમકોર્ટના તાજેતરના ચુકાદાના પરિણામો અને તેના પ્રતિકારના ઉપાયોને વિચારવા માટે સોમવાર તા. ૬-૧૦-૮૬ના દિને મુંબઇમાં મળી હતી તેમાં આ આખા પ્રશ્નને સમજી શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તોને સાંભળે એ માટે હાજર રહેલા સર્વ ગોસ્વામી આચાર્યોએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો હતો. તેમજ આ સમગ્ર વિવાદની બાબતમાં પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અને પરંપરાને દૃષ્ટિગત રાખી એક એવું સર્વાનુમતે સંયુક્ત નિવેદન બહાર પાડવાનુ નક્કી કર્યુ હતુ કે જેનાથી પુષ્ટિ માર્ગની અનુયાયી વૈષ્ણવ જનતાને આપણા ધર્મના સિદ્ધાન્તિક દૃષ્ટિબિંદુનો સરખો ખ્યાલ આવી જાય.

પ્રેષક : ભોગીલાલ રમણલાલ શાહ પારલા, મુંબઇ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૫ : અંક ૮ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮ * નવેમ્બર, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧

શ્રીમદ્ ગો. શ્રીહરિરાયજી મહાકવિ વિરચિત

જરાસંધવધમ્

(મહાકાવ્યમ્)

અનુવાદક : **પ.ભ.શ્રી મગનભાઇ તન્ના**
બી.એ. (ઓનર્સ), કોવિદ

[જરાસંધવધમ્ એ સંસ્કૃતમાં લખાયેલું મહાકાવ્ય છે, તેના રચયિતા આપણા મહાકવિ ગો. શ્રી હરિરાયજી (જામનગર, ચોપાસની, જોધપુર) છે. સંસ્કૃતમાં માન્ય પાંચ મહાકાવ્યો છે, જેમાંનું એક (સાતમા સૈકાના પ્રારંભમાં થયેલ) મહાકવિ ભારવિએ લખેલ 'કિરાતાર્જુનીયમ્' છે. કહેવાય છે કે ગાય ચરાવતાં ચરાવતાં તેમણે આ મહાકાવ્યની રચના કરેલી તેમાં ૧૮ સર્ગ છે અને તે મહાભારતના વનપર્વ ઉપર આધારિત છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણની પ્રેરણાથી દિવ્યાસ્ત્રની પ્રાપ્તિ માટે તપ કરી રહેલ અર્જુન અને કિરાતના રૂપમાં ભગવાન શંકરનું શસ્ત્રયુદ્ધ વર્ણવેલું છે, જેની એક મહાકાવ્યરૂપે પ્રશંસા થઇ છે. ત્યાર પછી (સાતમા સૈકાના અંતમાં) મહાકવિ માઘ થયા. તેમણે 'શિશુપાલવધ' મહાકાવ્ય લખ્યું, તેમાં ૨૦ સર્ગ અને ૧૬૫૦ શ્લોક છે. તેની રચના એટલી ઉત્તમ છે કે, વિદ્વાનોએ તેની અમર પ્રશંસા કરીને લખ્યું છે કે, તાવદ્ ભા ભારવેર્ભાતિ યાવન્માઘસ્ય નોદયઃ' એટલે કે માઘનો ઉદય થયો નહોતો ત્યાં સુધી જ ભારવિની પ્રતિભા ઝળહળતી હતી. સંસ્કૃતમાં એક જ શબ્દના અનેક અર્થ થાય છે. આ જ વાક્યનો એમ પણ અર્થ થાય કે, જયાં સુધી માઘ મહિનો બેઠો નથી ત્યાંસુધી જ સૂર્યનો પ્રકાશ ગમે છે. એવું માઘનું પાંડિત્ય પ્રખ્યાત હતું, શિશુપાલનો વધ ભરી સભામાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે સુદર્શનથી કરેલો. પૂ. પા. શ્રીએ સ્વયં લખ્યું છે કે, 'શ્રીમાઘોઽનુસૃતો મયા' (અમે પણ માઘનું અનુસરણ કર્યું છે.) જરાસંધનો વધ ભીમ દ્વારા થયો છે, પરંતુ તેમાં સંપૂર્ણ પ્રેરણા અને સામર્થ્યપ્રદાન શ્રીકૃષ્ણનું

જ છે. અને તેથી જ મંગલાચરણના પ્રારંભમાં જ લખાયું છે કે, 'શ્યામભ્રૂકુટિવશીકૃત શ્યામમ્', શ્યામભ્રૂકુટિથી જેમણે બધું અધીન કર્યું છે એવા શ્યામલને હું શરણે જાઉં છું. પૂઠા પરનાં ચિત્રજીનો પણ એવોજ ભાવ છે.

મહાભારતના સભાપર્વમાં ૧૫ થી ૨૪ અધ્યાયમાં જરાસંધવધનું વર્ણન મળે છે, તે ઉપરાંત શ્રીમદ્ભાગવતજીના દશમ સ્કંધના ઉત્તરાર્ધના ૭૦ થી ૭૪ અધ્યાય એ આ મહાકાવ્યની આધારશિલા છે. તેમાંનાં વર્ણનોને અનુલક્ષીને રચાયેલ આ મહાકાવ્ય પુષ્ટિપ્રથાનુસારી, રસભરપૂર, અદ્ભુત રચના છે.

આજના સમયમાં સંસ્કૃતમાં બહુ ઓછું લખાય છે, જયારે મહાકાવ્યનો ઉદ્ભવ તો વિરલ જ ગણાય. આ જરાસંધ મહાકાવ્યમાં ૨૦ સર્ગ અને ૧૬૯૩+૩ મંગલાચરણના મળીને ૧૬૯૬ શ્લોક છે, જે વિવિધ ગેય રાગોમાં લખાયા છે. અને તેથી જ પ્રાચાર્ય શ્રી રા. વિ. કૌડિન્ય અને સાહિત્યરત્ન શ્રી ગોપાલદાસ ગજ્જરએ આ મહાકાવ્યનું ઉત્તમ મૂલ્યાંકન કર્યું છે.

માઘની કૃતિ તો સુવર્ણયુગ જેવા સમયમાં રાજ્યાશ્રયે લખાયેલી છે, પરંતુ આજના વીસરાતી જતી સંસ્કૃત ભાષાના યુગમાં 'જરાસંધવધમ્' જેવું અનુપમ મહાકાવ્ય સંસ્કૃતમાં લખવું એ તો અજોડ પ્રતિભા ગણાય. તેથી આજના સમયમાં અને ગોસ્વામી બાલકશ્રીએ કરેલી આ રચના અલૌકિક છે, એ નિઃસંશય છે. એમ હોવાથી 'વલ્લભ સુધા'ના સંચાલકોએ તેમાંના થોડા થોડા શ્લોક પ્રત્યેક અંકમાં ગુજરાતી અનુવાદ સાથે આપવાનું નકકી કર્યું છે, એ ખરેખર આવકાર દાયક અને આનંદ જનક છે. આવા અમૂલા મહાકાવ્યનો આસ્વદ લેવા સર્વે વૈષ્ણવોને આગ્રહભરી નમ્ર વિનતિ છે. –અનુવાદક]

જરાસંધવધમ્

(મહાકાવ્યમ્)

અભિનવજલદશ્યામં શ્યામભ્રૂકુટિવશીકૃતશ્યામમ્
શ્યામં વામશ્યામમનણિમકરુણં ક્ષણં શરણ-
મેમિ ॥૧॥

નવનવાં વાદળાંના જેવી શ્યામ આભાવાળા, શ્યામભ્રૂકુટિથી જેમણે બધું અધીન કર્યું છે એવા શ્યામલ, આનંદપ્રદ, આશ્રયસ્થાન, અનંત, શ્યામ સુંદર ભગવાન શ્રીકૃષ્ણને હું શરણે જાઉં છું. ॥૧॥

શ્યામશ્યામે સરિન્માતર્યમુને ત્વજ્જનોઽસ્મ્યહમ્
શ્રીકરં શ્રીકરં મૂર્ધ્નિ સર્વસિદ્ધયૈ નિધેહિમે ॥૨॥

હે શ્યામના જેવાં શ્યામ સ્વરૂપા અને નદી સ્વરૂપા માત યમુનાજી, હું તારો જન છું, તેથી સર્વ પ્રકારની સિદ્ધિને માટે આપનો મંગલકારી શ્રીહસ્ત મારા મસ્તક ઉપર મૂકો. ॥૨॥

શ્રીવલ્લભં શરણ્યં શ્રીકૃષ્ણાસ્યં જગદ્ગુરું તાતમ્ ।
શ્રીમદ્ભાગવતામૃતરસાસ્વાદનક્ષમં પ્રભુ નૌમિ॥૩

પરમ પૂજ્ય તાત, ભગવાન શ્રીકૃષ્ણના મુખારવિંદ, શ્રીમદ્ ભાગવતજીના અમૃત ભર્યા રસનું આસ્વાદન કરાવવાને સમર્થ, શરણે જવા યોગ્ય, જગદ્ગુરુ, પ્રભુ શ્રીવલ્લભાચાર્યજીની હું સ્તુતિ કરું છું. ॥૩॥

[પ્રારંભે મંગલા ચરણના ત્રણ શ્લોકો આપવામાં આવ્યા છે. તેમાં પ્રથમ શ્લોકમાં વારંવાર શ્યામ શબ્દ આવે છે તે, આ શ્લોકમાં છે તેમ સમગ્ર વિશ્વ શ્યામસુંદર, ભગવાન શ્રી

કૃષ્ણમય છે અને જેમ શ્લોકમાં શ્યામનું આધિક્ય છે તેમ સંપૂર્ણ વિશ્વમાં પણ તેમનું જ આધિપત્ય છે, એવો ભાવ તેમાં ભરેલો છે. વળી તે શ્યામ સુંદરનાં વિશેષણો પણ શ્યામ સુંદરનો મહિમા દર્શાવી જાય છે. આ ‘અભિનવજલદશ્યામમ્’ અને ‘શ્યામભ્રૂકુટિવશીકૃતશ્યામમ્’ એ બે શબ્દોથી તે જ પરાત્પર છે અને તેમના જ આંખના અણસારે સારું યે વિશ્વ ગતિ કરી રહ્યું છે, એમ સૂચવે છે. બીજા વિશેષણો એ ઉકિતનાં સમર્થક છે. એટલે કે એ જ શ્યામ સુંદર અનંત, આશ્રય સ્થાન, પૂર્ણાનંદ સ્વરૂપ એક માત્ર શ્રીકૃષ્ણ જ છે, એમ ફલિત થાય છે.

પુનઃ પુનઃ શ્યામ શબ્દ અવિરત શ્યામનું સ્મરણ સૂચવે છે. માત્ર શ્યામ, શ્યામ અને શ્યામ જ, અન્ય કશું જ નહિ, એ ભાવના તેમાં ભરેલી છે.

ગ્રંથનું મંગલાચરણ એ સંપૂર્ણ ગ્રંથનું સારસર્વસ્વ છે. તેના ઉપરથી ગ્રંથનું વિષય વસ્તુ અને ગ્રંથકર્તાનું સામર્થ્ય અવગત થાય છે. મંગલાચરણ ત્રણ પ્રકારનાં છેઃ નમસ્કારાત્મક વસ્તુનિર્દેશાત્મક અને આશીર્વાદાત્મક. ‘શરણમ્એમિ’ શબ્દોથી નમસ્કારાત્મક ભાવ આવે છે, જ્યારે ‘શ્યામ’ શબ્દની પુનઃ પુનઃ આવૃત્તિથી તેમાંનું વસ્તુ શ્યામમય છે, શ્યામપ્રેરિત છે અને શ્યામમાં પરિણમિત છે, એમ જ્ઞાત થાય છે. વળી શ્યામનાં અન્ય વિશેષણોથી પણ તે પરાત્પર પરબ્રહ્મની કૃપારૂપ હોવાનું જણાઇ આવે છે. અને છેવટે એ આશીર્વાદાત્મક હોવાનું પણ નિશ્ચિત છે; કારણ કે આ કૃતિ ગોસ્વામી બાલક શ્રીની છે. એમ અહીં તો ત્રણેય પ્રકાર નિર્દિષ્ટ થયેલા છે.

મંગલાચરણથી નિર્દેશ મળે છે કે, ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ કરવું જ જોઇએ; કારણ કે, ‘મંગલાચરણં શિષ્ટાચારત્ ફલપ્રદર્શનાત્ શ્રુતિતશ્ચેતિ ।’ મંગલાચરણ કરવું એ શિષ્ટાચાર છે, સફળ દર્શાવનાર છે અને તેમ કરવા શ્રુતિ પણ કહે છે. આમ મંગલાચરણમાં પ્રભુશ્રીને વંદન અને શરણ એ મહત્ત્વનાં છે. પુષ્ટિપથમાં તો દૂતી દ્વારા સિદ્ધિ કહી છે, તેથી બીજા શ્લોકમાં શ્યામ સ્વરૂપા શ્રીયમુનાજીના આશીર્વાદની વાંછા વ્યકત થઇ છે.

ત્રીજા શ્લોકમાં જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની સ્તુતિ હેતુપુરઃસરની છે. ગુરુકૃપાથી જ કૃષ્ણકૃપા શકય છે. આમ મંગલાચરણની ભાવભરપૂર રચના સમગ્ર ગ્રંથનું અને તેથી જ ગ્રંથકારના વાગ્વૈભવનું પણ અનોખું મહત્ત્વ દર્શાવી જાય છે.

સમગ્ર ગ્રંથરચના વિદ્વાનોને આનંદ આપનારી, વિદ્વત્તા પૂર્ણ અને રસિક તેમજ ભકિતસભર છે. તેમાંના એકાક્ષરી જેવા શ્લોકો તો વિદ્વાનોની પણ કસોટી કરી જાય તેવા છે. આ બધું જોયા પછી મને તો સ્પષ્ટ લાગ્યું છે કે, તાવદ્ ભવેદ્ધિ પ્રિય માઘ કાવ્ય યાવન્ન દૃષ્ટં હરિરાયકાવ્યમ્ ।। જયાં સુધી ગો. શ્રી હરિરાયજી મહાકવિનું મહાકાવ્ય નજરે ચડયું નથી, ત્યાં સુધી જ માઘનું મહાકાવ્ય ગમશે. – અનુવાદક]

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક

પ. ભ શ્રી અરવિંદભાઇ જવેરચંદ મહેતા (કલકત્તા)

ના: જયશ્રી કૃષ્ણ

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી-ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : પ. ભ. શ્રી મગનભાઈ તન્ના

(લેખાંક ૪૫મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

અર્જુન ઉવાચ -

પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્ ।
પુરુષં શાશ્વતં દિવ્યમાદિદેવમજં વિભૂમ્ ॥૧૨॥

અર્જુને કહ્યું, આપ પરમ બ્રહ્મ, પરમ ધામ, પરમ પવિત્ર, શાશ્વત, દિવ્ય, પુરુષ, આદિદેવ, અજન્મા અને સર્વવ્યાપી છો. ॥૧૨॥

એ પ્રમાણે મારી ઉત્પતિને 'દેવગણો જાણતા નથી' (૧૦-૨) વગેરેથી નિવેદન દ્વારા ભગવાન સાથે જોડાયેલા બધામાંના 'જે મને અજન્મા ને આદિ જાણે છે તેઓ' (૧૦-૩) વગેરેથી પરમાત્મા સંબંધી જ્ઞાનનું ઉત્તમપણું સિદ્ધ કર્યું. તેનાથી પોતાના સ્વરૂપ સાથે સંબંધિત સર્વે ભાવોની ઉત્પતિ સ્વતઃ કહેવાયેલી છે. પરમાત્માની અંતર્હિત વિભૂતિના જ્ઞાતાને તે વિભૂતિના ભજન દ્વારા પરમાત્માની પ્રાપ્તિ કહેલી છે. આ બધું જાણવાની ઈચ્છાવાળો અર્જુન પ્રભુને સાત શ્લોકથી વિનંતિ કરે છે. પ્રાર્થનાનું પણ ભગવદાત્મપણું હોવાથી છ ગુણધર્મોવાળા ભગવાન અને સમરૂપ સખ્યભક્તિવાળો અર્જુન, એમ સાત થાય છે, તેથી સાત શ્લોકોથી પ્રાર્થના કરે છે. અર્જુને 'પરં બ્રહ્મ' વગેરે શબ્દોથી કહ્યું, પર એટલે પુરુષોત્તમ નામે બ્રહ્મ, બૃહદ ને વ્યાપક હોય તે બ્રહ્મ કહેવાય છે. પરમ ધામ, પુરુષોત્તમસ્વરૂપ, તેજો રૂપ, રમણ સ્વરૂપ અથવા અક્ષરસ્વરૂપ, પરમ પવિત્ર, સર્વશ્રેષ્ઠ, સર્વને પાવન કરનાર, આ બધાં રૂપે આપ જ છો, એમાં સંદેહ નથી, એમ અર્થ છે. એમ હોવાનું શી રીતે જાણ્યું ? પ્રત્યુત્તરમાં 'પુરુષમ્' વગેરે શબ્દોથી કહે છે. પુરુષ એટલે પુરુષોત્તમ. અન્ય સ્થળે પણ તેવા હોવાની શંકા કરીને પ્રત્યુતરમાં શાશ્વત નિત્ય એમ કહેલ છે. અક્ષર વગેરેમાં પણ નિત્યપણું હોવાની શંકાના પ્રત્યુતરમાં દિવ્ય એટલે એકમાત્ર ક્રીડાસ્વરૂપ છો, એમ કહેલ છે. અવતારો વગેરેમાં પણ તેવાપણું હોવાની શંકાના પ્રત્યુતરમાં આદિદેવ વગેરે કહેલ છે. આદિદેવ એટલે મૂળ રૂપ, એમ અર્થ છે. ચોતરફ દેખાઇ રહેલ જન્મ (એટલે જન્મ, વૃદ્ધિ, મૃત્યુ) વગેરેમાં શંકાના પ્રત્યુતરમાં 'અજ' એટલે જન્મ રહિત, એમ કહેલ છે. જન્મનો અભાવ છતાં જન્મ તો દેખાય છે, એમ કેમ ? તે 'વિભૂમ્' શબ્દથી કહે છે. વિભૂ એટલે સમર્થ, એમ અર્થ છે. તેવી પ્રતીતિ કરાવનાર સમર્થ છે, એવો ભાવ છે. ॥૧૨॥

આહુસ્ત્વામૃષયઃ સર્વે દેવર્ષિર્નારદસ્તથા ।
અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે ॥૧૩॥

સર્વે ઋષિઓ, દેવર્ષિ નારદ, અસિત, દેવલ, વ્યાસજી આપને એ પ્રમાણે કહે છે, અને આપ પોતે પણ મને કહો છો. ॥૧૩॥

આપને એવા પ્રકારે બધા કહે છે. એ પ્રમાણે આનાથી જાણી શકાય છે, એમ 'આહુ;' વગેરે શબ્દોથી કહે છે. સર્વે ઋષિઓ એટલે ભૃગુ વગેરે ઋષિઓ, તથા દેવોના પણ

મંત્રદ્રષ્ટા અને સર્વના મોક્ષદાતા દેવર્ષિ નારદ, ભગવદ્ધર્મરૂપ અસિત, દેવો પર કૃપા કરનારા દેવલ, જ્ઞાનાવતાર વ્યાસજી અને વળી સાક્ષાત આપ પોતે પણ મને 'દેવોનો આદિ હું જ છું', (૧૦–૨) વગેરે શબ્દોથી કહો છો. આથી આપને હું તેવા માનું છું, એમ અર્થ છે. ।।૧૩।।

સર્વમેતદૃતં મન્યે યન્માં વદસિ કેશવ ।
ન હિ તે ભગવન્ વ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ ।૧૪।

પૂર્વે કહેવાયેલું હોય તો પણ પોતાનો અનુભવ ન હોય ત્યારે વિશ્વાસ આવે નહિ, તેથી 'સર્વમ્ એતત' વગેરે શબ્દોથી કહે છે. 'પરંબ્રહ્મ' (૧૦–૧૨) વગેરેથી પહેલાં કહેવાયેલું બધું હું મારા અનુભવથી સત્ય માનું છું. અને વળી, 'મને દેવો જાણતા નથી,' (૧૦–૨) વગેરેમાં દાનવોના વિરોધ વગર પણ મોક્ષદાતા એવા હે ભગવાન, આપના પ્રાકટયને એટલે કે આપના સ્વરૂપને, ક્રીડાસ્વરૂપના દેવો પણ જાણતા નથી, એમ કહ્યું છે. દુરાચારીને કે સદાચારીને પણ મોક્ષ આપનાર હે કેશવ, આપ મને જે કાંઇ કહો છો તે બધું હું નિશ્ચયપૂર્વક સત્ય માનું છું. ।।૧૪।।

સ્વયમેવાત્મનાત્માનં વેત્થ ત્વં પુરુષોત્તમ ।
ભૂતભાવન ભૂતેશ દેવ દેવ જગત્પતે ।।૧૫।।

હે પુરુષોમાં ઉત્તમ શ્રીકૃષ્ણ, હે ભૂતમાત્રને પોતાના સ્વભાવમાં જોડનાર, હે ભૂતમાત્રના ઇશ, હે દેવોના દેવ, હે જગતના પતિ, આપ પોતે જ પોતા વડે પોતાને જાણો છો. ।૧૫।

જેથી અન્ય કોઈ આપને જાણતા નથી તેથી આપના સ્વરૂપને આપ જ જાણો છો, એમ 'સ્વયમ્ એવ' વગેરે શબ્દોથી કહે છે. સ્વયમ્ એટલે પોતે, પોતાની ઇચ્છાથી, અન્ય કોઇની યે પ્રેરણાથી નહિ. પોતે પોતાના સ્વરૂપથી પોતાને જાણો છો, એટલે કે આપ જેવા છો તેવા આપ જ આપને જાણો છો, એમ અર્થ છે. અન્યથા જ્ઞાન એ જીવાત્માના બંધનું કારણ હોવાથી 'હે પુરુષોત્તમ,' એમ સંબોધન કર્યું છે હે પુરુષોત્તમ, આપ કોનાથી અથવા કેવી રીતે જાણવાને યોગ્ય છો ? એમ અર્થ છે. આથી જ બ્રહ્માંડ પુરાણમાં 'આ પુરુષોત્તમ કોઇનાથી યે સમજમાં આવે તેવો નથી,' એમ કહ્યું છે. અરે, તો પછી 'જે મને અજન્મા ને અનાદિ જાણે છે,' (૧૦–૩), એમ શા માટે કહ્યું ? એવી શંકા કરનારને કહે છે કે, તેમની કૃપાથી, ભગવાનને જાણવારૂપ પોતાની શક્તિ આપવાથી તે જાણે છે, એમ 'તને હું તેવો બુદ્ધિયોગ આપુ છું,' (૧૦–૧૦), વગેરે શબ્દોથી કહ્યું છે. એમ હોવાથી જ 'ભૂતભાવન' વગેરે શબ્દોથી સંબોધન કરીને કહે છે. ભૂતભાવન એટલે પ્રાણીઓને ભાવના આપો છો, પોતાના સ્વભાવમાં જોડો છો, એ પ્રમાણે છે. એમ શા માટે કરે છે ? પ્રત્યુત્તરમાં 'ભૂતેશ' શબ્દથી કહે છે. ભૂતેશ એટલે તે ભૂતમાત્રનો સ્વામી છે, નિયામક છે, તેથી પોતાપણાથી તેમ કરે છે, એવો ભાવ છે. ઇશ હોવા છતાં એમ શા માટે કરે છે ? પ્રત્યુત્તરમાં 'દેવદેવ' શબ્દથી કહે છે. તે દેવોનો પણ દેવ છે તેથી, એટલે કે પૂજ્યોનો પણ પૂજ્ય છે તેથી પૂજાથી પણ સંતોષાયેલો તે તે પ્રમાણે કરે છે, એવો ભાવ છે. જો એમ હોય તો દેવો પ્રત્યે જ તેમ કરવું ઉચિત છે, નહિ કે સર્વ પ્રત્યે.

તેના પ્રત્યુત્તરમાં 'જગત્પતે' શબ્દથી કહે છે, તે જગતનો પતિ છે તેથી, એટલે કે જગતનો બધાયનો પતિ પાલન કરનાર, રક્ષણ કરનાર, એમ છે તેથી. રક્ષા માટે તે તેમ કરે છે, એવો ભાવ છે. ॥૧૫॥

વક્તુમર્હસ્યશેષેણ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।
યાભિર્વિભૂતિભિર્લોકાનિમાંસ્ત્વં વ્યાપ્ય
તિષ્ઠસિ ॥૧૬॥

જે વિભૂતિઓ વડે આપ આ લોકોને વ્યાપીને રહેલ છો, તે દિવ્ય આત્મ વિભૂતિઓને પૂર્ણપણે કહેવાને આપ જ શકિતમાન છો. ॥૧૬॥

એ પ્રમાણે સંબોધન કરીને, જગતના પતિ હોવાથી, પોતાનાંનું પણ પતિપણું સંપાદન કરીને હવે પોતાના ગણીને અનુગ્રહ કરો જેથી હું પહેલાં કહયા પ્રમાણેના આપના સ્વરૂપને જાણીને શરણાગત થાઉં, એમ 'વક્તુમ્ અર્હસિ' વગેરે શબ્દોથી કહે છે, દિવ્યા એટલે ક્રીડાસ્વરૂપ, આત્મવિભૂતિઓ એટલે પોતાની વિભૂતિઓ, કાર્યને માટે પોતે જ અંશરૂપે થયેલ છો, એ બધું પૂર્ણતાથી કહેવાને આપ જ યોગ્ય છો. યોગ્યપણાના કથનથી વિભૂતિનું જ્ઞાન પણ અન્યને નથી. દરેક ઠેકાણે સક્ષાત્ આપ છો, આપના એવા જ્ઞાન વગર શું કહેવું ? એમ દર્શાવ્યું છે. આથી આપ જ યોગ્ય છો, તેથી કૃપા કરીને આપ જ કહો, એવો ભાવ છે. જે વિભૂતિઓથી આ લોકમાં વ્યાપીને, પોતાપણાથી અંગીકાર કરીને રહેલ છો, તે વિભૂતિઓને આપ જ કહેવા યોગ્ય છો, એમ અર્થ છે. ॥૧૬॥

કથં વિદ્યામહં યોગિંસ્ત્વાં સદા પરિચિન્તયન્
કેષુ કેષુ ચ ભાવેષુ ચિન્ત્યોડસિ ભગવન્મયા
॥૧૭॥

હે યોગી, નિરંતર ચિંતન કરતો હું આપને શી રીતે જાણું ? અને હે ભગવાન, કયાં કયાં સ્વરૂપોમાં મારા વડે આપ ચિંતન કરવા યોગ્ય છો ? ॥૧૭॥

વિસ્તરેણાત્મનો યોગંવિભૂતિંચ જનાર્દન ।
ભુયઃ કથયતૃપ્તિર્હિ શૃણ્વતો નાસ્તિમેડમૃતમ્ ।૧૮।

હે જનાર્દન, આપના પોતાના યોગને અને વિભૂતિને ફરીથી કહો; કારણ કે અમૃત જેવાં વાકયને સાંભળતાં મને તૃપ્તિ થતી નથી. ॥૧૮॥

કહેવાનું પ્રયોજન 'કથમ્' વગેરે શબ્દોથી કહે છે. યોગી, હે સર્વ વ્યાપક, કે બધું જ

પૃષ્ઠ પ્રકાશન સહાય :-

ગોલોકવાસી હડાળાવાળા કસ્તુરમાના જયશ્રી કૃષ્ણ
હસ્તે હસમુખલાલ હીરાલાલ

કરવાને સમર્થ, પ્રકટ સ્વરૂપ, આનંદમય એવા આપને સદાય ધ્યાનમાં ધારણ કરીને, એટલે કે બહાર અને અંદર એવા ભેદથી સ્મરણ કરતો હું વિભૂતિઓને શી રીતે જાણું ? એમ અર્થ છે. અહીં આ ભાવ છેઃ સાક્ષાત્ ભગવાનનું ચિંતન કરાય છે ત્યારે વિભૂતિઓ સંબંધી જે જ્ઞાન છે તેમાં મન લગાડીને ચિંતન કરવામાં અવરોધ આવશે, એમ હોવાથી હું શી રીતે જાણું ? અરે, તો પછી પ્રશ્ન શા માટે ? એવી શંકા કરીને કહે છે કે, 'એતામ્ વિભૂતિમ્' થી આરંભીને 'યેન મામુયયાન્તિ તે,' સુધીમાં (૧૦–૭ થી ૧૦ સુધીમાં) જે કહેવાયું છે તેનાથી આપની પ્રાપ્તિ માટે હું પૂછું છું, તેમાં પણ પોતાના અધિકાર પ્રમાણે જે પોતાને આવશ્યક હોય તે કહો, એમ 'કેષુ' વગેરે શબ્દોથી વિનતિ કરે છે. વળી કયા લોકોમાં અને કયા પદાર્થોમાં, હે ભગવાન, હે ષડ્ગુણૈશ્વર્ય, એટલે કે હે પૂર્ણ ગુણોથી સર્વમાં વ્યાપક, આપ મારાથી ચિંતન કરવાને યોગ્ય છો ? જે ચિંતનથી આપને હું મેળવું, જેવા છો તેવા સ્વરૂપે જાણું, તેવા પ્રકારના આત્મયોગને, પદાર્થોમાં ક્રીડાત્મક યોગને આપ કહો. વળી તેવા પ્રકારની જ વિભૂતિને, હે જનાર્દન, હે સર્વ અવિદ્યાનાશક, પહેલાં સંક્ષેપમાં આપે કહેલી છે, છતાં ફરીને વિસ્તાર પૂર્વક આપ કહો; કારણ કે અમૃત જેવાં એટલે કે મોક્ષાત્મક, મરણને નિવારનારાં આનંદરૂપ આપનાં વાક્યોને સાંભળતાં મને તૃપ્તિ થતી નથી, હવે બસ, એમ થતું નથી, એમ અર્થ છે. ।।૧૭, ૧૮।।

પૃષ્ઠ પ્રકાશન સહાય :-

ગોલોકવાસી હડાળાવાળા ગોપાલદાસ હીરાલાલના જયશ્રી કૃષ્ણ
હસ્તે હીરાલાલ ગોવીંદજી

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રી વિઠ્ઠલેશ્વર ત્રિરચિત પ્રકાશનું ગુજરાતી ભષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ)

(લેખાંક ચોથો)

જેવી રીતે પુત્ર વગેરેનો વિનિયોગ થયો છે, તેમ જ પોતાનો પણ વિનિયોગ થયો. અને જો અન્યનો વિનિયોગ થયો હોય ત્યારે ચિંતા કરવી જોઇએ નહિ, એમ 'અજ્ઞાનાત્' વગેરેદોથી કહે છે.

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।
યૈઃ કૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥

સમજપૂર્વક કે સમજ વિના જેઓએ આત્મનિવેદન કર્યું છે, પોતાના પ્રાણોને પૂર્ણપણે કૃષ્ણાધીન કરી દીધેલ છે, તેઓને શી ચિંતા હોય ? ॥૪॥

જેઓએ આત્મ નિવેદન કર્યું છે તેવા હીન અને મધ્યમ અધિકારીઓએ પણ જયાં ચિંતા કરવાં જેવું હોતું નથી, ત્યાં જેઓએ પોતાના પ્રાણોને પૂર્ણપણે કૃષ્ણાધીન કરી દીધેલ છે, તેઓએ ચિંતા ન કરવી, એમાં તો કહેવાનું જ શું હોય ? એમ અર્થ છે. જેઓએ કેવળ પ્રભુને જ પ્રાણ અધીન કરી દીધેલ છે, તેઓને ચિંતા જેવા વિષયનો જ અભાવ છે, તેથી ચિંતા નહિ, એવો ભાવ છે. અને તેથી જ 'કા' (કઇ, શેની) એવો શબ્દ કહ્યો છે. શ્લોકના પ્રથમ ચરણની સફળતા એમ છે કે, અજ્ઞાનથી કે જ્ઞાનથી જેઓએ પ્રાણોને પૂર્ણપણે કૃષ્ણાધીન કર્યા છે, તેઓને ચિંતા હોય નહિ, એમ ઉમેરવું. કૃષ્ણાધીન કર્યા છે પ્રાણોને જેઓએ એમ આચર્યું છે, તેઓને ચિંતા શી ? એમ કહ્યું છે. ॥૪॥

અરે, સખ્ય અને આત્મ નિવેદનમાં ખરેખર ભગવાનના અંગીકારથી જ સિદ્ધિ મેળવાય છે, અને તેવી રીતે સ્વયં આત્મનિવેદન કરાય છે ત્યારે પ્રભુ અંગીકાર કરે છે કે નહિ, એમ ચિંતા થાય જ છે, એમ હોય તો 'તથા' વગેરે શબ્દોથી કહે છે.

તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।
વિનિયોગેપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ
સ્વતઃ ॥૫॥

તેવી રીતે શ્રીપુરુષોત્તમમાં કરાયેલ નિવેદન અંગે ચિંતા ત્યજી દેવી જોઇએ. જયારે (અન્યમાં) વિનિયોગ થયેલ હોય ત્યારે તેમાં પણ ચિંતા ત્યજી દેવી જોઇએ; કારણ કે શ્રીહરિ સ્વતઃ સમર્થ છે. ॥૫॥

શ્રીપુરુષોત્તમે અંગીકાર કર્યો છે કે નહિ, એવી નિવેદન સંબંધી જે ચિંતા છે તે નિવેદનમાં કહેવાયું છે. તેમ ત્યજી દેવી જોઇએ, એમ અર્થ છે. શ્રીપુરુષોત્તમે નિરોધ લીલામાં પોતાની મેળે જ, અન્યનું ભજન કરી રહેલા ભકતોને તેમાંથી છોડાવીને પોતે જ પોતાના કર્યા. એવા પ્રકારના પ્રભુ પ્રત્યે સ્વયં પૂર્ણપણે નિવેદન કરાયું છે ત્યારે તેવી શંકા યોગ્ય નથી, એમ દર્શાવવાને માટે

'પુરુષોત્તમ' એવું પદ મૂળ શ્લોકમાં આપ્યું છે. તેમાંયે સ્વરૂપનો આનંદ પ્રદાન કરવાથી નિરંતર પોષાઈ રહેલા ભકતોની અન્યત્ર આસકિત શકય નથી, અને તેથી શંકાનો ઉદ્ભવ જ થાય નહિ, એમ દર્શાવવા માટે 'શ્રી' એવું પદ છે, એટલે કે શ્રીપુરુષોત્તમ એમ કહ્યું છે. અને વળી ભકત સાથે જોડાયેલ ભગવાન પ્રત્યે નિવેદનમાં ચિંતા ત્યજવા યોગ્ય છે, એવો ભાવ છે, કદાચ લોકભય આવી પડતાં તેના નિવારણ માટે જીવના સ્વભાવ પ્રમાણે અન્યના વિનિયોગમાં પણ તથા (તેમ જ) 'વિનિયોગેપિ' (વિનિયોગમાં પણ એમં કહ્યું છે. પ્રમાદથી તેમ થવાના સંભવમાં પણ પ્રભુ ત્યજશે નહિ. તેથી તેવા સ્વભાવના કારણે તેમ થયું હોય તો પણ તેમાંથી ઊગરવાને તેવા સાધનની આવશ્યકતા નથી. ॥૫॥

અંગીકાર થવામાં અન્ય વિશિષ્ટતા 'લોકે' શબ્દોથી કહે છે.

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્ સાક્ષિણો
ભવતાખિલાઃ ॥૬॥

પરંતુ શ્રીહરિ લૌકિકમાં તેમ જ વૈદિકમાં દઢતા થવા નહિ દે; કારણ પ્રભુ પુષ્ટિમાર્ગમાં (કૃપા માર્ગમાં) સહાય કરનારો છે, તેથી તમે બધા (તેમના કાર્યને જોનારા) સાક્ષી બની રહો. ॥૬॥

કોઇ વાર પ્રવાહના કારણે લૌકિક વ્યાપાર વગેરેમાં અથવા વૈદિક આશ્રમધર્મ વગેરેમાં કર્તવ્ય પાલનમાં વિઘ્ન આવે છે અને તેનું ફળ પણ મળતું નથી, એમ અર્થ છે તેનું કારણ 'પુષ્ટિ' વગેરે શબ્દોથી કહે છે. એવા (લૌકિક કે વૈદિક) સાધન વિના પણ પ્રભુ પોતાના સામર્થ્યથી જ કર્તવ્યનું પાલન કરાવશે; કારણ કે પ્રભુ સર્વ કાંઇ કરનારા છે, એવો ભાવ છે. પુષ્ટિ માર્ગમાં અંગીકાર થયો છે ત્યારે પ્રભુ મર્યાદાને સહન નહિ કરે, એમ જાણવું. એમ છે તો શું કરવું ? એવી આકાંક્ષાવાળાને કહે છે કે, સાક્ષીની જેમ પ્રભુનું કાર્ય તમે જોયા કરો. ॥૬॥

સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ।
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ।૭।

સેવાનું કામ ગુરુની આજ્ઞા પ્રમાણે થાય. પરંતુ શ્રીહરિની ઇચ્છાથી તેનો બાધ થઇ શકે. તેથી મનને સેવામાં લીન કરીને પ્રસન્નતાપૂર્વક અનુરૂપ થઇને રહો. ।૭।

'સેવાકૃતિઃ' એટલે સેવાનું કાર્ય પહેલાં તો ગુરુની આજ્ઞાનું ખંડન ન થાય તેમ સેવાકાર્ય કરવાનું આવશ્યક છે. એવી રીતે વર્તી રહેલાઓને કોઈ વાર ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ હોય તેમ વિશેષતાથી જો ભગવાનની આજ્ઞા થાય તો ભગવાનની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવું, એવા હેતુથી 'પરંતુ શ્રીહરિની ઇચ્છાથી બાધ કરાય,' એમ કહ્યું છે. એટલે વિકલ્પથી કરવામાં બાધ નથી, એમ અર્થ છે. એમ હોય ત્યારે ગુરુની આજ્ઞાનો બાધ થાય કે ન થાય, પરંતુ સેવા જ મુખ્ય છે, તેથી તે પ્રમાણે આજ્ઞા માનવી જોઇએ; એમ 'અતઃ' શબ્દથી કહ્યું છે. એમ છે ત્યારે નિશ્ચિતરૂપે સુખ જ છે, એવા હેતુથી ,સુખમ્' એમ કહ્યું છે. ।૭।

કદાચ પુત્ર વગેરેનો વિયોગ થશે, એવી શંકાથી થયેલ દુઃખને કારણે ચિંતા થાય

ત્યારે તેનો ભાવ 'ચિત્તોદ્વેગમ્' વગેરે શબ્દોથી કહે છે.

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ ।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ।૮।

મનમાં ઉદ્વેગ કરીને પણ શ્રીહરિ જે જે કરશે, તેવા પ્રકારની જ તેની લીલા છે, એમ માનીને ચિંતાને શીઘ્રતાથી ત્યજી દેવી. ।૮।

અરે, (ઉદ્વેગ થાય ત્યારે લીલા સમજવી અને શીઘ્રતાથી ચિંતાનો ત્યાગ કરવો) એ બધું તો અશકય હોય એમ લાગે છે. તેમ જ શ્રવણથી આરંભીને સખ્ય પર્યંત પહોંચાય તે પછી જ નિવેદનની વાત થાય. તેમાં શ્રવણ કીર્તન આદિ એક એક ભકિત પ્રાપ્ત કરવી કઠિન છે, જ્યારે નિવેદન સંબંધમાં વિચારવું તે પણ અધિક કઠિન છે. એમ હોવાથી કરાયેલા નિવેદન સંબંધી ચિંતા, અન્યના વિયોગની ચિંતા વગેરેનું સમાધાન નિરર્થક છે, એમ વિચારીને સાધન (શ્રવણ વગેરે આઠ પ્રકારની ભકિત) અને ફળને (આત્મનિવેદનને) એક કરીને સર્વનું સમાધાન 'તસ્માત' વગેરે શબ્દોથી કરે છે. ।૮।

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવં સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ।૯।

તેથી સર્વાત્મભાવે નિત્ય 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ પ્રમાણે સતત રટણ કરતાં જ આશ્રિત થઇને રહેવું. એમ જ અમારો નિશ્ચય છે. ।૯।

જેથી ઉપર કહેલી રીતે આપોઆપ બધું થવું અશકય છે, તેથી પૂર્ણ રીતે શરણાગતિ કરવામાં જ પ્રભુ બધું મેળવાવી આપશે, એવો આચાર્યશ્રીનો આશય છે. ભકિતમાર્ગના બધા અંશોને વિચારીને તેમાં પ્રતિબંધ અને પોતાની અશકિત જો તે જુએ તો, ત્યારે અચળ વિશ્વાસ રાખવાથી તે પ્રમાણે થાય છે. (એટલે કે પ્રભુ જ બધું મેળવી આપે છે.) 'નિત્યમ્' શબ્દથી નિરંતર, એમ કહેલ છે. નહિ તો કાળક્ષેપથી આસુર-ધર્મનો પ્રવેશ થાય. અંતઃકરણમાં તેવો ભાવ હોય ત્યારે અથવા તેવો ભાવ ન હોય ત્યારે તે પ્રમાણે (શ્રીકૃષ્ણઃ શરણં મમ) રટણ કરવું આવશ્યક છે, એમ જણાવવાને માટે 'એમ સતત રટણ કરતાં કરતાં' એમ કહ્યું છે. એમ થતાં લોકશિક્ષા પણ સાથો સાથ સિદ્ધ થશે એમ કહેલી રીતે સેવા પરાયણથઇને રહેવું, એમ જ અર્થ છે. અરે, એ પણ પોતાને શકય ન હોય તો? એવી શંકા થાય તો કહે છે કે, 'આ પ્રભુ જેને સ્વીકારે છે,' (આ જેને સ્વીકારે છે તેનાથી જ તે પ્રાપ્ત થઇ શકે છે.–કાઠક–૧–૨–૨૩) એમ શ્રુતિમાં કહ્યા પ્રમાણે એ પ્રકારનો જ અમારો નિશ્ચય છે, એમ અર્થ છે. ।૯।

ભકિતમાર્ગમાં પ્રવૃત્ત થયેલની દઢતા માટે આ 'નવરત્ન' ઉપદેશાયેલ છે. અંધને સૂર્યની જેમ (અંધ સૂર્યને જોઇ શકતો નથી, તેમ) ભકિતમાર્ગથી વિમુખ હોય તેને માટે અહીં ભગવાનની પ્રાપ્તિ માટેનો પ્રયત્ન ઇચ્છયો નથી. ॥૧॥ ભકિતમાર્ગરૂપી અમૃતના સાગરનું વિચારરૂપી મથન કરીને સ્વયં પંડિત એવા શ્રીમદ્ આચાર્યશ્રીએ નવરત્નોને ઉજ્જવળ કરેલ છે. ॥૨॥ એ પ્રમાણે અમારાથી ઉજ્જવળ કરાયેલ નવરત્ન દ્વારા વ્રજાધિપને હૃદયમાં ધારણ કરીને ભકતો ભગવાનનું ભજન કરે, જેનાથી આ ભગવાન તેમને કયારેય છોડે નહિ. ॥૩॥

એ પ્રમાણે શ્રી શ્રીવિઠ્ઠલદીક્ષિત રચિત નવરત્ન પ્રકાશની ટીકા પૂરી થઇ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૨૮ મું

શ્રીયમુને પર તન, મન, ધન પ્રાણ વારોં,
જાકી કિરતિ વિશદ, કોન અબ કહિ સકે;
તાંહિ નૈનનતેં ન નેક ટારોં ૧
ચરનકમલ ઈનકે જુ ચિંતત રહોં,
નિશદિના નામ મુખતેં ઉચ્ચારો;
'કુંભનદાસ' કહે, લાલ ગિરિધરન મુખ,
ઈનકી કૃપા ભઈ તબ નિહારોં. ૨

અર્થ – કુંભનદાસજી કહે છે કે શ્રીયમુનાજી ઉપર હું મારૂં તન-મન-ધન સર્વસ્વ વારી નાખું (તો પણ ઓછું છે) જેની વિશદ કીર્તિનું વર્ણન થઇ શકે તેમ નથી. આવા શ્રી મહારાણીજી મા ને મારા નેત્રોથી દૂર થવા નહીં દઉં. આપના મંગળ નામોચ્ચાર સાથે ચરણકમળનું ચિંતન કરતો રહું. શ્રી નાથજીના મંગળ મુખ દર્શનનું જે સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે તે શ્રી યમુનાથજીની કૃપાનું ફળ છે.

વિવેચન – કુંભનદાસજી શ્રી યમુનાજી પર તન, મન, ધન સર્વસ્વ ન્યોછાર કરવાનું કહે છે. કારણ કે શ્રી યમુનાજીનો કુંભનદાસજી ઉપર અનહદ ઉપકાર છે.

એવી જ રીતે સમસ્ત પુષ્ટિમાર્ગી જીવો ઉપર પણ શ્રી યમુનાજીના અનહદ ઉપકાર છે. યોગી, મુનિ, તપસ્વીઓ જન્મપર્યંત દેહદમન કરવા છતાં પણ સ્વભાવ પર વિજય પ્રાપ્ત કરી શકતા નથી. કહેવત છે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. જેના અનેક દૃષ્ટાંતો પુરાણોમાં છે.

જ્યાં સુધી દુષ્ટ સ્વભાવ દૂર થાય નહીં, અવિદ્યાની નિવૃત્તિ થાય નહીં, ત્યાં સુધી ભગવદ્ પ્રાપ્તિ કયાંથી થઈ શકે? છતાં બલિહારી છે શ્રી યમુના મહારાણીની કે આપની કૃપાથી દુષ્ટ સ્વભાવ દૂર થતાં જીવ પ્રભુની ચરણસેવાનો અધિકારી બને છે.

સંસારમાં કોઈ એવી પટરાણી છે કે જે પોતાના પતિનું દાન કરે? એક માત્ર આપણાં શ્રી મહારાણીજી એવા ઉદાર છે કે જેણે પોતાના પ્રાણપ્રિયતમ જીવને સોંપી દીધા છે. એટલે જ શ્રી મહાપ્રભુએ પણ યમુનાષ્ટકમાં કહ્યું છે કે –"નમોસ્તુ યમુને સદા તવ ચરિત્ર મત્યદ્ભુત" અત્યંત અદ્ભુત ચરિત્ર તો એક માત્ર શ્રી યમુનાજીનું છે કે જેને ભક્ત અને ભગવાનના સુખ સિવાય કોઇ અપેક્ષા જ નથી. આપ સંપૂર્ણ નિષ્કામ છે. જે નિષ્કામ હોય તે કૃપાળુ પણ હોય. જેમાં સહેજ પણ સ્વાર્થવૃત્તિ હોય તે પરમકૃપાળુ બની શકે જ નહીં.

એટલે જ કુંભનદાસજી કહે છે કે- મને જે સુખ-સૌભાગ્ય પ્રાપ્ત થયું તે શ્રી યમુનાજીની કૃપાનું ફળ છે, તો એના ચરણકમળ કેમ છોડું ?

સોરઠો- ગ્રહી અધમનો હાથ, સોંપ્યા છે શ્રીનાથ;
સર્વસ્વન્યોછાવર કરૂં, તુઝ પર યમુને માત.

–ક્રમશઃ

॥ શ્રીહરિ ॥

પત્ર

પ્રેરક **શ્રી વલ્લભપ્રભુ**

નિમિત્ત **દીનકિંકર નટવરલાલ મહાસુખલાલ**

વ્હાલા ! વલ્લભિય બંધુઓ ? આજકાલ તમામ જીવોમાં આપણે વિપરિતતા જોઇએ છીએ, આમ તો જગત્ પ્રભુનું ક્રિડાંગણ છે, સર્વ જીવોના સંચાલક પ્રભુ છે, જીવો નિમિત્ત માત્ર છે, પ્રભુની ઇચ્છાનુસાર સર્વ બનતું હોય છે, જીવ કાંઇ કરી શકવા સમર્થ નથી. ભગવદ્ ભકતોની દૃષ્ટિ નિર્દોષ હોવાથી સર્વ કાર્યોમાં ભગવદ્ ઇચ્છા માને છે, જીવો દૈવી અને આસુરી બે પ્રકારના ભુતલપર છે, દ્રવ્ય દૈવી અને આસુરી આમ બે પ્રકારનું મનાય છે. આ સૃષ્ટિના દ્રશ્યો બે પ્રકારની દૃષ્ટિથી નિહાળી શકાય છે, એક લૌકિક દૃષ્ટિ અને બીજી અલૌકિક દૃષ્ટિ. ભગવદ્ ભકતો અલૌકિક દૃષ્ટિથી જુએ છે. વૈષ્ણવો સદા નિર્દોષ જ છે, તેઓનામાં જે કંઇ સંસારાસકિત ક્રોધ, લોભ, મોહ, ઇત્યાદિ દેખાય છે, તે પ્રભુએ પોતે જ ભિન્ન ભિન્ન રસોના આસ્વાદન માટે સર્વમાં મૂકેલા છે. નાટકમાં જેમ ઇર્ષાળુનું પાત્ર ભજવનાર વ્યકિત મૂળમાં સાચે જ ઇર્ષાળુ નથી હોતી, પરંતુ ! એનો પાઠ ઇર્ષાળુનો હોવાથી એને મેનેજરની ઇચ્છા મુજબ તે પાઠ ભજવવો પડે છે. એટલે એને સમજવામાં ભલભલો થાપ ખાઇ જાય છે; આપણો માર્ગ અનુગ્રહ માર્ગ કોઇ કૃત્તિ નથી જોવાતી ચંદ્ર કલંકિત છે, છતાંય આપણને પ્રકાશ આપે છે, તેવી જ રીતે ભગવદ્ ભકતોની ચિત્તવૃત્તિ ઇશ્વરાભિમુખ હોઇ તેમનો સંગ ફળદાયી નિવડે છે, ભગવદીજાન સત્સંગકુ અનુસરે; ન દેખે દોષ, અરૂ સત્ય ભાખે. પારસમણિનો કોઇની ઉપર ઘા કરીયે તો, તેને લોહી નિકળે પરંતુ ! એજ પારસમણીને લોઢું અડાડીયે તો લોઢું સોનું બની જાય. દુષ્ટને દુષ્ટ ગણતાં પહેલાં, એના અંતઃકરણને તપાસી એની ચિત્તવૃત્તિની ખાત્રી કરી સત્સંગ દ્વારા અનુભવ કરવો, ત્યારબાદ સંગ કરવા લાયક હોય તો કરવો હરિ વિમૂખનો સંગ ત્યજવો. ભગવદ્ ભકતો સંસારમાં વિચરતા અને સંસારવત્ કાર્યો કરતા હોવા છતાંય પારસમણીની જેમ ગુપ્ત ગુણોવાળા હોય છે. અનન્ય ભગવદ્ ભકતોરૂપ પારસમણીનો શ્રદ્ધા અને વિશ્વાસપુર્વક સંગ કરીશું તો અવશ્ય જીવન મુકત થઇ શકીશું. એમાં લગારેય સંશય નથી. ચોર્યાશી બસો બાવન વૈષ્ણવોમાં પણ કોઇની કેવી કૃતિ તો કોઇની કેવી કૃતિ આપણને દૃષ્ટિગોચર થાય છે, કોઇ વિશ્વાસ જ ન મૂકે; પોતાના ઉદ્ધારની સમસ્યા ઉકેલવા અને શ્રીગુસાંઇજીની પરિક્ષા માટે એક વૈષ્ણવે સ્મશાનના અગ્નિમાં રોટી શેકી અને સ્મશાનમાં જ બેસીને ખાનપાન કર્યું. હવે એમની આવી કૃતિ દેખીને કોને મોહ ન થાય ? વ્હાલા વલ્લભિયો તેમની સ્નેહમય ભાવનાનો પ્રવાહ નિરંતર શ્રીગુસાંઇજીના સ્વરૂપમાં અસ્ખલિત વહી રહ્યો હતો. તે કોની દ્રષ્ટિમાં આવે ? શ્રીગુરુદેવમાં કેટલી બધી શ્રદ્ધા હતી.

પોતાના ગુરૂદેવમાં કેટલો બધો વિશ્વાસ હતો એમને. ? આ પ્રકારના નિઃસાધન અનન્ય ભગવદ્ ભકતોના હાર્દને જાણવું ખુબજ કઠીન

છે, એમની ચિત્તવૃત્તિ પ્રભુમાં સતત્ પરોવાઇ ગયેલી હોય છે, ભગવદ્ ભકતો અલૌકિક છે, લૌકિક દૃષ્ટિ એમને ન ઓળખી શકે, વલ્લભકુળ, વલ્લભિયો, અલૌકિક છે, શ્રીવલ્લભપૂર્ણ બ્રહ્મ, શ્રી વિઠ્ઠલેશ પ્રભુ સાક્ષાત લીલા પુરૂષોત્તમ છે, શ્રી વલ્લભકુળ સાક્ષાત અલૌકિક અગ્નિ સ્વરૂપ છે. અપ્રાકૃત છે; નિઃષ્કલંકકુળ છે, પોતે વિરૂદ્ધ ધર્માશ્રયી છે. “વલ્લભ ચાહે સો કરે.” કર્તું, અકર્તું અન્યથાકર્તું સર્વસમર્થ છે. આ વાત અનુભવથી સમજાશે, આપણો જેવો ભાવ હશે, તેવી લીલા બતાડશે શ્રીવલ્લભ વિરૂદ્ધ ધર્માશ્રયી હોઇ, એમના ચર્ણાર્વિંદનો જેઓને દઢ આશ્રય છે, એવા અનન્ય ભગવદ્ ભકતોમાં પણ એવા ગુણો બિરાજમાન હોઇ, એમનો સંગ સંબંધ આપણને અવશ્ય ફલિત થશે, ભગવદ્સંગ–લૌકિક ભૂલવા માટે, અને ભગવદ્ આસકિત ભગવદ્ પ્રાપ્તિ માટે કરવાનો છે, લૌકિક, લૌકિક ચક્ષુથી દેખી શકાય છે. અલૌકિક આંતરચક્ષુથી, હૃદયથી અનુભવાય છે. લૌકિક સંપત્તિ, ચર્મચક્ષુ જોઇ શકે છે, અલૌકિક–સંપત્તિ હૃદયથી અનુભવ કરી શકાય છે. લૌકિક સંપત્તિથી સુખ શાન્તિ કે આનંદ કદાપિ મળતાં નથી, સુખ શાન્તિ અને આનંદ આપી શકે છે અલૌકિક સંપત્તિ. જગતના પદાર્થો આપણા નથી, એ તમામના ધણી પ્રભુ છે, મનુષ્ય જન્મ મહાદુર્લભ છે, તો ભગવદ્ ચર્ણાવિંદએથીયે દુર્લભ છે, તો ભગવદીયોના સંગથી ભગવદ્ ચર્ણાવિંદમાં આસકિત કરી, ભગવદકાર્યો કરતા રહેવું, ચિત્તથી કદાપિ ભગવદ્ ચર્ણાર્વિંદ છોડવા નહીં. ભકિતમાર્ગ તો પરાપૂર્વથી ચાલ્યો આવે છે, પહેલાં સાધનોથી ભકિત સિદ્ધ થતી હતી. આજે સાધનો બની શકે તેમ નથી; શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવો ઉપર મહાકરૂણા કરી, નિઃસાધન જીવોનઃ ઉદ્ધાર અર્થે સ્વયં ભુતલ પર પધારી નીજજનોને શરણે લઈ અંગીકાર કર્યા, યોગ્યતા કે અધિકાર જીવોની કૃતિ જોયા સિવાય જે જીવ શરણે આવ્યો તે જીવને મહાઉદ્દાર પ્રભુએ હાથ પકડયો પોતાનો કર્યો. માનો કે લોહચુંબકનો મહાન ગોળો. પોતાની જાતી લોઢાને પકડી પોતાના ચરણમાં ચોંપડી દે છે, બીજાં–તમામ કિંમતી ગણાતાં ખનીજ જયાંનાં ત્યાં પડી રહે છે, આપણે આપણા ઉદ્ધારક પ્રભુ સર્વેશ્વરના અનન્ય ભાવથી ચર્ણકમલ દઢતાપૂર્વક પકડી કૃતાર્થ થઈએ. અસ્તુ.

લે. દીન કિંકર ભગવદ્ ચર્ણાનુરાગીદાસાનુદાસ નટવરલાલ મહાસુખલાલ–અરાદ

વિવાહ લીલાવગાહન

-ગો. વા. પ. ભ. શ્રી દ્વારકાદાસ પરીખ

ભાવ – વ્રજ બરસનાના વૃષભાનુ ભવનના આંગણામાં એક સમયે શ્રી રાધાજીની માતા શ્રી કીરતીજી અને શ્રીકૃષ્ણની માતા શ્રી યશોદાજી બન્ને બેસીને કંઇક વાતો કરતા હતા. તે સમયે શ્રી રાધકાજી ખેલતા ખેલતા આપની માતાની પાસે આવ્યા. તે જ દિવસે શ્રી કીરતીજીએ શ્રી રાધાજીને એક સુંદર પોંચી પહેરાવી હતી. જેવા શ્રી રાધાજી માતાની ગોદમાં બેઠા કે તુરત જ એમની દૃષ્ટિ શ્રી રાધાજીની પોંચીની જંગ્યાએ ગઈ, તો એમના હાથમાં પોંચી તો જોઈ નહિ. પરંતુ કંઠમાં નવી મોતીની એક માળા પહેરેલી જોઇને કીરતિજી શ્રી રાધાજીને પૂછવા લાગ્યા કે બેટી–

પદ-૧

યહ દુલરી વૃષભાનુ લઇ કબ ।
ન જાનોં કાહૂ કૌ ઢોટા, પહુંચી પલટે મોહિ દઈ તબ ।।
સુનિ મૃદુ બચન કુંવરિ કે સુખતેં, બહુરિ હંસી જનની દોઉ તબ ।
યહ વિવાહ અપને સ્યામ કૌ ત્રિભુવન જોટ જુગલ દંપતિ કબ ।।
ઐસી બહોરિયા વ્યાર ઉડાવે બડે મહર જેંવન બૈઠેં તબ ।
'કૃષ્ણા' કહે દાસ ગિરિધરકી કારજ સુફલ હોય મેરો તબ ।।

ભાવાર્થ – "યહ દુલરી વૃષભાનુ લઇ કબ ?" આ માળા તારા પિતા વૃષભાનજીએ કયારે વેંચાતી લઇ દીધી. મેં તો આજ સુધી આવી માળા જોઇ નથી. તું કયાંથી પહેરી આવી છો, અને તારી પહોંચી કયાં ગઈ ? ત્યારે શ્રી રાધાજી કહેવા લાગ્યા.–

"ના જાનોં કાહુ કૌ ઢોટા, પહુંચી પ્લટે મોહિ દઇ તબ" અરે માતા એ તો હું નથી જાણતી કે કોનો બેટા હતો તે બેટાએ મારી પોંચી લઇને મને આ માળા પહેરાવી છે.

શ્રી રાધા કુંવરીના આવા સુંદર મૃદુ વચન સાંભળીને બન્ને માતાઓ હસ્યા, કેમકે બન્ને જાણી ગયા કે આ માળા શ્રીકૃષ્ણની છે ! બન્નેની ગુપ્ત પ્રીતિને સમજી હસ્યા. બન્નેની ઈચ્છા પણ એવી જ હતી. આ પ્રમાણે બન્ને માતાને હસતા જોઇને "કૃષ્ણા" એ કહ્યું –"સુનિ મૃદુ બચન કુંવરિ કે સુખ તેં બહુરિ હંસી જનની દોઉ તબ."

વળી માતા યશોદાજી પોતાના મનમાં મનોરથ કરવા લાગ્યા તે "કૃષ્ણા" કહે છે–
"યહ વિવાહ અપને શ્યામ કૌ ત્રિભુવન જોટ જુગલ દંપતિ કબ.

ઐસી બહોરિયા વ્યાર ઉડાવૈ બડે મહર જેંવન બૈઠેં જબ. "કૃષ્ણા" કહૈ દાસ ગિરિધર કૌ કારજ સુફલ હોય મેરો તબ."

માતા યશોદા મનમાં જ મુસકાયને કહે છે કે આ રાધા મારા શ્યામને વિવાહ યોગ્ય છે. ત્રિભુવનમાં શ્યામને લાયક આજ એક જોડી વિધાતાએ બનાવી છે. તેથી યુગલ–

દંપતિ રૂપે કહું યારે જોઇશ. અને જયારે મોટા મહર નંદરાયજી જમવા બેઠા હોય આવી સુંદર વહુ પંખો કરે ત્યારે મારો મનોરથ સફળ થાય. આ પ્રકારે મનોરથ કરીને યશોદાજી ત્યાંથી ઉઠીને નંદગામમાં પોતાને ઘેર આવ્યા. તે વખતે શ્રી રાધાજીને પોતાની સાથે લઇને આવ્યા હતા. નંદગામમાં આવીને પોતાના પુત્ર બાલ ગોપાલ કૃષ્ણને બોલાવ્યા.

પદ–૨

યશોદાજી તબ ગોપાલ બુલાયો ।
દુલરી કહાં સ્યામ તેરે ગરેકી, સુનિ હંસિ બચન સકુચસિર નાયો ।।
દુલરી લઇ દઇ મોહિ પોંહુંચી, મૈયાઇન ઢોટિયન બહોરાયો ।
રાધા કહી પહલેં તુમ પલટી, ભલે ભલે કહી ભરમ જુ પાયો ।।
અન્તર પ્રીત બદન મુખ ઝગરો, જસુમતિ કે મન ભાયો ।
બાલ વિનોદ ચરિત્ર ગિરિધર કે, 'કૃષ્ણાજન' તહાં યહ યશ ગાયો ।।

શ્રીયશોદાજીએ ગોપાલને બોલાવ્યા તો શ્યામના કંઠમાં માળા નહિ જોતાં પૂછવા લાગ્યા કે લાલા ! "દુલરી કહાં સ્યામ તેરે ગરેકી, સુનિ હંસિ બચન સકુચ સિર નાયેં" તારા ગળાની માળા કયાં ગઇ ? કૃષ્ણ આ સાંભળીને, રાધાજીને જોઇને હસીને શરમાય ગયા ને પોતાનું મસ્તક નીચું કરી દીધું. પછી સમજી વિચારીને માતાજીને તુરત કહેવા લાગ્યા કે અરે, માતા–

"દુલરી લઇ દઇ મોહિ પોંહુંચી, મૈયા ઇન ઢોટિયન બહેરાયો" તારી પાસે જે આ ઉભી છે તે છોકરીએ મારી માળા લઇને મને પોતાની પોંચી દીધી છે. શ્યામ સુંદરના શ્રીમુખના વચન સાંભળતા જ શ્રીરાધાજી ઝટ દઇને બોલ્યા–

'રાધા કહી પહલેં તુમ પલટી, ભલે ભલેજુ કરી ભરમજુ પાયો' જુઓ પહેલા તમે જ બદલાવી છે ને અમારૂં નામ માતાજી આગળ કેમ કહો છો ?

અંતરની પ્રીતિ અને ઉપરનો આ પ્રકારના બનાવટી ઝઘડાનું રૂપ જોઇને જશોદાજીએ રહસ્ય જાણી લીધું અને કહ્યું કે સારૂં, સારુ.

આ પ્રકારે અંતરની પ્રીતિ અને મુખથી ઝઘડો, આ કૌતુક યશોદાજીને ગમ્યું ને કહે છે–

'અન્તર પ્રીતિ બદન મુખ ઝગરો, જસુમતિ કે મનભાયો,
બાલ વિનોદ ચરિત્ર ગિરિધરકે 'કૃષ્ણાજન' જહં યહ જસ ગાયો.'

આ પ્રકારે ગિરિધરના બાલ વિનોદ ચરિત્ર 'કૃષ્ણા'એ ગાયું છે.

[વલ્લભીય સુધામાંથી સાભાર]

।। શ્રીહરિ ।।

"પુષ્ટિ સમ્રાજયમાં પ્રવેશની દીવાદાંડી"

લેખક : **શ્રીવલ્લભપાદ પદ્મમિલિન્દ**

[આ લેખ સર્વભોગ્ય નહી બની શકે પરન્તુ સહસ્ત્રોમાં એકાદને માર્ગદર્શક બનશે તો આ લેખની સફલતા છે.

વેરાવળવાળા નિ. લી. શ્રી ગોવર્ધનલાલજી મહારાજના વચનામૃતો છે તેમાં એક વચનામૃતમાં આપે જતાવ્યું છે કે "લીલાથી વિછુરેલા જીવો બહુધા લીલામાં પહોંચ્યા છે. હવે કવચિત રહ્યા છે તે જો દુઃસંગથી બચી વિપ્રયોગના અનુભવમાં સ્થિત રહેશે તો લીલાધામમાં પ્રવેશ થશે.

ઉપરોકત કથન મુજબ વિદ્યમાન કવચિત રહેલા લીલાના દૈવીજીવનો માર્ગદર્શક આ લેખ થશે તો આ લેખની અને પ્રકાશકોની નામ સેવાની સાર્થકતા છે. વિશેષ શું ? પુષ્ટિમાર્ગની સ્થિતિ કવચિત આવા અધિકારી માટે જ છે. કારણ કે શ્રી મહાપ્રભુજીએ જે માર્ગ પ્રકટ કર્યો છે તે ધર્મી સાક્ષાત સ્વરૂપાનંદના અનુભવનો છે, નહીં કે બ્રહ્માનંદમાં જ ડૂબાવી રાખનારો. – લેખક]

સ્નેહીભાઇશ્રી આપનો પત્ર મલ્યો ! આપે પત્રમાં લખ્યું છે કે "આપણું જીવન કેટલુંક પંડિતાઇમાં જાય છે જેથી સ્વરૂપાનંદ બહુ દૂર છે" ! આપનું આ કથન મહા કારૂણિક શ્રી વલ્લભની પ્રેરણાનું હું સમજુ છું અને તે (લૌકિક સંસાર સમુદ્રમાંથી પાર થતું. પુષ્ટિ સામ્રાજય (લીલા જગત) માં પ્રવેશ કરાવતું જીવન નાવ માયા મોહની ભેખડોમાં ભરાઇ શ્રી વલ્લભના સબંધ વાળુ અનમોલ દૈવી જીવન બરબાદ ન કરે તે માટે) દીવાદાંડી જેવું માનું છું !

મારી જેવા માયા મોહના અંધકારમાં અથડાતા જીવને આ દીવાદાંડી જેવા કથને પ્રકાશ આપ્યો છે ! જો કે આ કથન માં પ્રેરક દૈવોદ્ધાર પ્રયત્નામા વાણીના પતિ શ્રી વલ્લભજ છે. પરન્તુ આવી પ્રેરણા આત્મીયોમાં અને ધર્મિ સાક્ષાત સ્વરૂપાનંદની પ્રાપ્તિના માર્ગે ચાલનારાઓમાં જ થાય છે ! આપ તેમાં નિમિત બન્યા છો ! આપનો આ ઉપકાર જીવનભર સ્મરણીય બન્યો છે ?

ભગવતી ગીતાજીમાં ભંગવાને અર્જુન પ્રતિ આજ્ઞા કરી છે કે જે જીવ મારા એકલાનેજ શરણે આવે છે તે જ મારી દુસ્તર માયાને તરી શકે છે ! પ્રભુના કેવલ ધર્મિ સ્વરૂપનું શરણુ વિરહના અનુભવમાં સિદ્ધ થાય છે ! વિરહના અનુભવમાં પ્રભુના કેવલ-ધર્મિ (વિપ્રયોગ–ભાવાત્મક) સ્વરૂપ સિવાય અન્ય કોઇનો પણ સંબંધ રહે તો વિરહનો અનુભવ થઇ શકતો નથી ! વિરહમાં પ્રિય પ્રભુ સિવાય અન્ય સર્વનું વિસ્મરણ થાય છે ! વિરહનો અનુભવ કરનારા ભકતનું ‘અહં” વિરહમાં જ દગ્ધ થઇ જાય છે ત્યારે ભૂમા ભાવ’ પ્રગટ થાય છે ! અર્થાત તદાત્મકતાથી પ્રભુ સમાન ઐશ્વર્ય સિદ્ધ થાય છે, ત્યારે જ તનુનવત્વતાને પ્રાપ્ત કરી અગણિતાનંદના ભોકતા પ્રિય પ્રભુની સાક્ષાત તત્સુખાત્મક સેવા કરી શકે છે !

વિરહ અનલ યાતે કહત સબગુન પૂરણ એહ ।
પકવ દશા કર દેતહે ભર દે નિરવધિ નેહ ॥

'નિરવાધ' એટલે જેની અવધિ–સીમા નથી । સમુદ્ર જેમ પૂર્ણ છે. સદા પ્રવાહિત છે તેવા અગણિતાનંદમાં પ્રવેશ કરાવનાર વિરહ છે !

પુષ્ટિ પ્રભુ અગણિતાનંદના ભોકતા છે । આવા પ્રભુની સાથે તદાત્મકતા પ્રાપ્ત કરાવનાર વિરહ છે ! વિરહી ભકતમાં અગણિતાનંદને ધારણ કરવાની પાત્રતા વિરહના અનુભવથી સિદ્ધ થાય છે ત્યારે પુષ્ટિ પ્રભુની સાક્ષાત સેવાને યોગ્ય બને છે ! આવા ભકતો જ 'શુદ્ધ પુષ્ટિ'ના ગણાય છે અગણિતાનંદનો ભોગ કરવાનો પ્રભુનો સ્વાર્થ આવા શુદ્ધ પુષ્ટિ ભકતોમાં જ સિદ્ધ થાય છે ! જે વિરહના માર્ગે નથી તેવા, અલૌકિક સ્વલ્પ આનંદનો અનુભવ કરી તેમાં જ નિમગ્ન રહી સ્વસ્થતાનો અનુભવ કરનારા સાયુજયના અધિકારી છે તેઓ સાક્ષાત સ્વરૂપાનંદનો સ્વતંત્રતાએ અનુભવ કરી શકતા નથી ! તે તો તાપાત્મક માર્ગે (વિરહના માર્ગે) ચાલનારાઓજ સ્વતંત્રભકિતમાં પ્રવેશ થાય છે ! તાપાત્મક સ્વરૂપશ્રી મહાપ્રભુજીનું છે ! આપશ્રીના ચરણ કમલનો જ અનન્ય આશ્રય કરનારમાં આપનું તાપાત્મક સ્વરૂપ બિરાજે છે ! તે સ્વરૂપ જ વિરહનો અનુભવ કરાવે છે ! અગણિતાનંદને ધારણ કરવાનું પાત્ર આપશ્રીનું તાપાત્મક સ્વરૂપ જ સિદ્ધ કરે છે ! આપશ્રીને ભકત હૃદયમાં પધારવાનું સાધન, શ્રી સર્વોત્તમજીથી આપશ્રીના યશોગાન કરવા તે છે ! તેથી નામ કહ્યું– "સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટર" ! શ્રી સર્વોત્તમજીનું યશોગાન અગણિતાનંદને ધારણ કરવાનું પાત્ર સિદ્ધ કરે છે ! આપશ્રીનું સ્વરૂપ તાપાત્મક હોવાથી શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં આપશ્રીનું તાપાત્મક સ્વરૂપ વ્યાપ્ત છે તેથી આધિદૈવિક દેહને સત્વરે સિદ્ધ કરે છે ! પુષ્ટિમાર્ગમાં તાપ ભાવની જ મુખ્યતા હોવાથી શ્રી દમલાજીએ પ્રભુ ચરણશ્રી ગુંસાઇજી પ્રતિ વિનંતી કરી છે.

"રાજ યહ માર્ગ હાંસી ખેલ કો નહી હે
તાપ કલેશ કો હૈ"

'યહ મારગ' શ્રી વલ્લભાગ્નિએ પ્રકટ કરેલો માર્ગ તાપાત્મક છે ! શ્રી દમલાજીએ શ્રી ગુંસાઇજી પ્રતિ આ તાપ ભાવની વિનંતી કરેલી હોવાથી શ્રી વલ્લભકુલ અને વૈષ્ણવ સૃષ્ટિ બન્નેને તાપાત્મક માર્ગનું સૂચન કરેલું છે તેમ માનવું યોગ્ય છે ।

શ્રી મહાપ્રભુજીના તાપાત્મક (વિપ્રયોગભાવાત્મક) સ્વરૂપના આશ્રયથી વિરહની કાષ્ટાપન્ન અવસ્થાને ભોગવીને અગણિતાનંદને ધારણ કરે તેવા તનુનવત્વને પ્રાપ્ત કરનારા વ્રજરત્ના શ્રી ગોપીજનો પ્રિય પ્રભુની સ્તુતિના વિષય બન્યા. અને આવા ભકતોનું સદા ઋણિત્વ સ્વીકાર્યું, તેની પુષ્ટિ નીચેના શ્લોકથી થાય છે–

"ન પારયેડહં નિરવદ્ય સંયુજાંસ્વ સાધુ કૃત્યં
વિબુધાયુષાપિ વઃ (સુ ૧૦–૨૯–૨૨)

ઉપરોકત શ્લોક ઉપરના શ્રીમતી ટિપ્પણીજીમાં શ્રીમત્પ્રભુચરણે વિસ્તૃત વિવેચન કરીને શ્રી ગોપીજનોની સર્વોત્કૃષ્ટતા સિદ્ધ કરી છે. તત્રે શ્રી પ્રભુચરણ આજ્ઞા કરે છે કે જે કાર્ય પ્રભુથી ન થઇ શકે તે કાર્ય આ શ્રી ગોપીજનો કરી શકે છે,

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

(લેખાંક ૧૧મો)

(ગતાંકથી ચાલુ)

શ્રીકૃષ્ણદાસ મેઘનની શરણાગતિ

સભામાં ઉભા રહી શ્રીવલ્લભે ગાયત્રીમંત્રનો અર્થ કરતા સર્વ સભાસદો ધન્યવાદ દેતા મંદમંદ હસતા હતા. શ્રીવલ્લભ ગુપચુપ મંડપ મધ્યથી બહાર ઉભા રહી એક વિરકત વિરહી સાથે ઘણા ધીરા સ્વરે પૂછતા જોવામાં આવ્યા. કોણ, કયાંથી કેવા રુપથી.

ચોપાઇ-તર્જ રાધેશ્યામ

ઈક ક્ષત્રી મંડપ સમીય આય, શ્રીવલ્લભરુપ નિહાર રહા ।
અતિ આતુર નયના સજલદીન, મુખ દેખત મરમ વિચાર રહા ॥
સરયૂ ગંગા કે તટપર ઈક, શ્રીનંદનગર કહલાતા થા ।
શ્રીકૃષ્ણદાસ મેઘન ક્ષત્રી, પરિકર સહ વહિં રહ પાતા થા ॥
કેશવ પંડિત જ્યોતિષ જ્ઞાતા, ઉનકી સેવામેં રહતા થા ।
ગુરુ પ્રમુદિત કર ચાહત વિદ્યા, જ્યોતિર્વિદ બનના ચાહતા થા ॥
પુનિ એક સમય કેશવ પંડિત, સબ શિષ્ય નિકટ બૌઠાતે હૈ ।
જ્યોતિષ બલત્રિકાલ જ્ઞાન ધરત, ઈક અનુપમ બાત સુનાતે હૈ ॥
બોલે ગુરુ સુનિયે શિષ્ય સભી, અબ પરમ યોગ ઈક આયેગા ।
આતા હૈ અગલા વર્ષ શુભ, વહ મહત પુરુષ પ્રકટાયેગા ॥
વંદન કર ગુરુ કે ચરણ કમલ, બોલે મેઘન મહારાજ કહેં ।
કિન દેશ વર્ણ અરુ ગાંવ ઠાંવ, લચ્છન બલ ગુણ પુનિ કાજ કહેં ॥

દોહા દ્રવિડ દેશ દ્વિજ વર્ણ ગુણ, યજ્ઞ પુરુષ અવતાર ।
પરમ પ્રતાપી અગન સમ, વિદ્યા ભકિત પ્રચાર ॥
યોગ સુભગ લચ્છન સુનત, મેઘન મન હરખાય ।
આયસુ લેવત ભેટ ધર, દક્ષિણ દિશિ બઢ પાય ॥

ચોપાઇ

કર પાવત નિર્ણય અપને મન, અવતાર પરમ પહચાનેગા ।
બુલવાયેંગે મમ નામ સહિત, મેં ઉનકો ઈશ્વર માનોંગા ॥
સારે દક્ષિણ કે ગાંવ ઠાંવ, દ્વિજ ઘરમેં બાલક દેખલિયે ।
બીતે યહ બિધ સાત બરષ, નહિં મિલત કહિં ઉલ્લેખ લિયે ॥

જબ ભયે થકિત મેધન ફિર કર, ઈક ઉપાય કોઇ બતલાયા ।
તુમ અમુક જયોતિષી કો પૂછો પૂછત નિજ કાર્ય સફલ પાયા ॥
મેધન જયોતિર્વિદ કે ઘર જા, આનેકા કારણ કહતે હૈં ।
જબ કહત જયોતિષી રમલ ડાર, દેખો કાશી મેં રહતે હૈં ॥
યોં અષ્ટ વર્ષભી પૂર્ણ ભયે, મેધન કાશી મેં આતે હૈં ।
ઢુંઢત દ્વિજ બાલક સમવયકે, ષટ માસ બિતત બિકલાતે હૈ ॥
આવત જબ લછ મન ભટકે ઘર, મંડપ મંગલ ધ્વનિ વાદ્ય બજે ।
ગાયત્રી અર્થ સમઝાવત પ્રભુ, વૈદિક વિધિકે સમ સાજ સજે ॥
પ્રભુ મુખાકૃતિ પેખત મેધન, અચરજ પાવત મુખ બચન સુની ।
સબ દેવત ચહું દિશિ ધન્યવાદ, જનુ બિચ ઠાડે શુક દેવમુની ॥
ગાયત્રી અર્થ જબ પૂર્ણ કરત, મેધન સમીપ પ્રભુ આતે હૈં ।
પ્રકુલિત હોવત મેધન મનસે, પ્રભુ નામ સહિત બુલવાતે હૈં ॥
તૂં નંદ નગર મેં બાસ કરત, શ્રીકૃષ્ણદાસ મેધન નામી ।
ઢુંઢત તૂં હમકો મિલત આજ, સન્મુખ ઠાડે અન્તરયામી ॥
જિમિવ્રતતપ જપસે થકિત ભયે, મુનિ શ્રી હરિદર્શન પાતે હૈં ।
સુન બચન પરમ આનન્દ મગન, મેધન તનસુધબિસરાતે હૈં ॥

દોહા ગિરત ચરનમેં દીનબન, બહત નયન સે ધાર ।
મન હું સુતી ક્ષણ રામકા, લેવ હું મિલન વિચાર ॥
ચકોર પાવત ચન્દ્ર જિમિ, ચાતક સ્વાતી નીર ।
શ્રી વલ્લભ મેધન મિલત, જૈસે સરિતા ક્ષીર ॥
શરણ મંત્ર દ્વિજ વર દિયા, ધર તુલસી કી માલ ।
અબ તૂં મેરે નિકટ રહ, બોલે બચન કૃપાલ ॥
ભેટ કીન્હ કર મુદ્રિકા, મેધન હૃદય સમેત ।
શ્રી વલ્લભ મારગ મરમ, કૃષ્ણ દાસ કો દેત ॥
દૈન્ય તોષ હરિ પદ બિરહ, પર ઉપકાર વિચાર ।
આયુષમેધા અમલ મય, સદ્ કૃતિ શુભ નિર્ધાર ॥

છંદ ગીતિ-માત્રા છંદ

અભય દ્વય લોક ચહત જનજો, સમર્પણ શ્રી હરિ ચરનનકો ।
બેદન ને કર્મ કહે ભારી, કાલકલિ ઉચિત ન આધિકારી ॥
સાંખ્ય અરુ યોગ જ્ઞાન ધારે, કઠિન સાધન કર સબ હારે ।
શરણ હરિ ધરમ દૈન્ય લેખા, પરમ ફલ યહ જગમેં પેખા ॥

(ક્રમશઃ)

॥ શ્રીહરિ ॥

વિચારણીય અપીલ

પુષ્ટિમાર્ગના તથા સનાતન ધર્મના હિત ચિંતક પૂજ્ય આચાર્યશ્રીઓને તથા વૈષ્ણવ સમાજને સાનુનય વિનંતિ છે કે પુષ્ટિમાર્ગના પ્રથમ પીઠાધીશ્વર પરમ પુજય ગોસ્વામીશ્રી ૧૦૮ શ્રી રણછોડાચાર્યજી મહારાજશ્રી (પુ. પ્રથમેશજી મહારાજશ્રીની અપીલ શાન્ત ચિત્તે વિચારેઃ —સંપાદક)

પુષ્ટિ સિદ્ધાંતની સંરંક્ષક સમિતિ તરફથી છવાયેલ શપથપત્ર દષ્ટિગત્ થયો. જોકે તેની પ્રતિ કાર્યાલય તરફથી અમોને પ્રાપ્ત થઇ ન હતી છતાં વૈષ્ણવ દ્વારા તે પ્રાપ્ત થવાથી અમોને તે વાંચવાનું સૌભાગ્ય મળ્યું હતું.

આપશ્રીએ આડકતરી રીતે વૈષ્ણવ અને આચાર્ય બાળકો ઉપર એવં ચાલતી પરંપરા ઉપર મૂકેલા આક્ષેપોને સ્વીકારી સૂચિત કરીએ છીએ કે અમોને આપ પુષ્ટિમાર્ગમાંથી બહાર કરવાની સત્તા ધરાવતા નથી. તેનો અમોને ખેદ છે. કેમકે શ્રીમહાપ્રભુજીએ અમારો હાથ પકડયો છે તેઓશ્રી કદીએ અમને છોડશે નહીં ગુલાબદાસના ગુલાબખાં થયા પછી પણ અમારા આચાર્યો તેવાંઓને અપનાવી ઉદ્ધાર કરી શકે તો વિશ્વાસ છે કે શ્રીમહાપ્રભુજી અમારા જેવા દંભી પાંખડી આડંબરીઓના પણ અપરાધ ક્ષમા કરી અમારા દોષો દૂર કરી શુદ્ધ બનાવી સ્વીકારશે અને ધર્મનો ધંધો કરવા છતાં પણ શ્રીમહાપ્રભુજીએ પ્રમાણમાનેલ ગીતાના અનેક વાકયાનુસાર સર્વોધ્ધારક અને દૈવોદ્ધારક શ્રીહરિઃ અમોને અવશ્ય અપનાવશે તેવો આત્મ વિશ્વાસ અભિવ્યક્ત કરીએ છીએ અને અમારી પરંપરાને આવા શબ્દોથી બિરદાવેલી તેની સવિનય અવજ્ઞા કરીએ છીએ. કેમકે આવા લખાણોથી સમસ્યાઓનું સમાધાન થઇ શકે તેવી માન્યતા અસ્થાને છે સંગઠનની વાત તો આપને કહી શકાય તેમ નથી કેમકે આપના સિદ્ધાંત મુજબ સંગઠન સંગ્રહ મહાપાપ છે. માટે આ શપથ પત્રની સવિનય અવગણના કરી બધાં મહાપાપોને સ્વીકાર કરી શ્રીમહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ.

ભવિષ્યમાં આપ જે કંઇ પણ ખોટું ખરૂ કહેશો તે આજથી જ બધુ સહર્ષ આનંદથી સ્વીકાર કરીને શ્રીમહાપ્રભુજીને પ્રાર્થના કરીએ કે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતની રક્ષા કરવાનો યોગ્ય પ્રકાર આપશ્રી પ્રદાન કરે. ક્ષમા કરશો કે અમો શપથપત્રની જેમ સંપ્રદાયની આધારરૂપ પરંપરાને વગોવી શકતા નથી.

સને ૧૯૮૬ના અંક ૭ના અનુસંધાને શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૨૦૧	શ્રી હિરાલાલ છોટાલાલ કારીયા	કલ્યાણ
૨૦૨	શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ કારીયા	કલ્યાણ
૨૦૩	શ્રી કિશોરભાઈ પ્રભુદાસ વોરા	કલ્યાણ
૨૦૪	શ્રી મહેન્દ્રકુમાર પ્રભુદાસ વોરા	કલ્યાણ
૨૦૫	શ્રી દિનેશચંદ્ર જમનાદાસ ઠક્કર	કલ્યાણ
૨૦૬	શ્રી કનૈયાલાલ જેઠાલાલ દેવડા	કલ્યાણ
૨૦૭	શ્રી દામોદરદાસ ભાણજીભાઈ ઠક્કર	કલ્યાણ
૨૦૮	શ્રી નટવરલાલ પરમાણંદદાસ કોટડીઆ	કલ્યાણ
૨૦૯	શ્રી ધીરજલાલ ટપુભાઈ વિઠ્ઠલાણી	કલ્યાણ
૨૧૦	શ્રી કાંતિલાલ મોહનલાલ કારીયા	કલ્યાણ

આપણો મૂળભૂત બંધારણીય અધિકાર

અનુકુળ ધર્મ પાળી પ્રભુમય જીવન જીવવાનો નષ્ટ થઈ રહ્યો છે.

ભારતનું બંધારણ ધર્મમાં ખલેલ પહોંચાડયા વગર સૌને અનુકુળ ધર્મ પાળવાનો અને તદનુસાર જીવન જીવવાનો અબાધિત અધિકાર આપે છે. પરંતુ તાજેતરમાં કેટલાક કહેવાતા વૈષ્ણવોએ જુનાગઢની પુષ્ટિમાર્ગની હવેલીના માલિક શ્રીમાજી મહારાજ ઉપર ચેરીટી કમિશ્નર દ્વારા કેસ કરી આપશ્રીના હવેલી–મંદિર અને તમામ અસ્કયામતો જાહેર મિલ્કત હોવાનો ચૂકાદો સુપ્રિમ કોર્ટ દ્વારા મેળવ્યો છે. આ ચુકાદા અનુસાર હવેથી તમામ ધર્માચાર્યો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવવાના બદલે જાહેર ટ્રસ્ટના માત્ર નોકર નહી તાબેદાર લેખાઇ શકશે.

પુષ્ટિ સંપ્રદાય અનુસાર પ્રભુને પતિ, પુત્ર કે સખાભાવે ભજવાનો અને તેમ કરવા માટે પોતાની પાસે રાખેલું પ્રભુનું (ચિત્ર/મૂર્તિ) સ્વરૂપ પોતાની અંગત માલિકીનું રાખવાનો અધિકાર છે. માટે તો પુષ્ટિ માર્ગના ધર્મચાર્યોના નિવાસ–હવેલી ખાનગી ઘર જેવા આકારના બંધાય છે. જાહેર દેવળ આકારના નહી. એકમાત્ર શ્રીનાથજી (નાથદ્વારા)નું મંદિર શિખરબંધ સૌને સેવા પ્રકાર શિખવતું સ્થાન બંધાયું છે. અંતઃ પ્રભુમય જીવન જીવવા માટે પ્રભુ કે જેમાં અટલ શ્રદ્ધા ધરાવતો હોય તેવો પ્રત્યેક માનવ પોતે પ્રભુનું સ્વરૂપ પોતાની પાસે રાખે તે અતિસ્વાભાવિક છે. ધર્માચાર્યો પણ પોતાના પ્રભુ (સ્વરૂપ) પોતાની અંગત માલિકીના રાખે છે. હા, જેમણે તે આચાર્યોમાં શ્રદ્ધા અને અનન્યતા હોય તેમણે પ્રભુ સાથે તેવો સંબંધ ધરાવવાનું (સેવા પ્રકાર) શિખવા માટે પોતાની અનુકુળતાએ તેઓશ્રી (પ્રભુના) દર્શન કરાવતા અને કરાવે છે. અને શ્રદ્ધાયુકત દર્શનાર્થિઓ ધર્માચાર્યોને યથાભાવ દ્રવ્ય–ઇત્યાદી નિવેદીત કરે છે. આપે છે. આવા ધર્માચાર્યોમાંના કેટલાકના આવાસો હવેલી આર્થિક સમતુલન અને વ્યવસ્થા માટે પાછળથી જાહેર ટ્રસ્ટમાં સ્વેચ્છાએ ફેરવાયાં. જે ધર્માચાર્યોએ સ્વેચ્છાએ પોતાના આવાસ–હવેલી અને તેમાં બિરાજતા પ્રભુને જાહેર ટ્રસ્ટની માલિકીના ગણાવ્યા હોય કે જે વૈષ્ણવો હવેલી ટ્રસ્ટના આશ્રયે નિર્માણ કરી હોય તે ટ્રસ્ટના આશ્રયે ભલે ચાલે. પરંતુ તેથી કાંઇ પ્રત્યેક આચાર્યના અંગત આવાસ–હવેલી જાહેર સ્થાન બનતા નથી.

આચાર્યનું કામજ પોતે પોતાની માલીકીના પ્રભુ (સ્વરૂપ/ચિત્ર) નું સેવન (પૂજા) કરવું અને શ્રદ્ધા ધરાવનારને પોતાના દ્વારા તેમ કરતાં શિખવવાં માટે તેમનામાં શ્રદ્ધા ધરાવતા વૈષ્ણવોની ઇચ્છાનુસાર દ્રવ્ય ઇત્યાદી સ્વીકારી પોતાના દ્વારા પ્રભુને અંગિકાર કરાવે

છે તે ધર્માચાર્યોના નિવાસ–હવેલી તેથી કરીને જાહેર મિલ્કત બનતા નથી. લોકસેવા કરનારના આવાસો જો જાહેર મિલ્કત બનતા હોય તો પ્રત્યેક લોકશિક્ષણ આપનાર શિક્ષક, અધ્યાપક કે પ્રાધ્યાપકના આવાસો જાહેર મિલ્કત ગણાવી જોઇએ. પ્રત્યેક ડાકતર વકીલ અને જાહેર કાર્યકર (નેતાઓ)ના આવાસો શહેર મિલ્કત લેખાવા જોઇએ. પ્રજાના હીતમાં ન્યાય આપતા પ્રત્યેક ન્યાયધીશના નિવાસ અને પરિવાર જાહેર ટ્રસ્ટના લેખાવા જોઇએ. તેમની તમામ આવક જાહેર ટ્રસ્ટની આવક લેખાવી જોઇએ.

આવાં મહાનુભાવો જો જાહેર ટ્રસ્ટના તાબેદાર બને તો પોતાને અનુકુળ ધર્મ પાળી પ્રભુમય જીવન જીવવાનો તેમને અધિકાર કયાંથી રહેશે. આજે તેમનો અધિકાર જશે, આવતી કાલે આમ પ્રજાનો પણ. વ્યકિત સ્વાતંત્ર્યનું આમ દેવાળું નીકળી જશે. માટે જેમણે પ્રભુએ બુધિ જેવું કાંઇક આપ્યું છે તેવા આપણે સૌ ભારતિય સવિધાન બંધારણનો વિચ્છેદ થતો અટકાવીએ. સુપ્રિમ કોર્ટને કહીએ કે આ દેશને નિતિ અંગે ચારિત્ર્યનું પોષણ આપતા ધર્માચાર્યોને જાહેર ટ્રસ્ટની સંપત્તિ ન બનાવીએ.

નિવેદક

જયંતભાઇ હ. દેસાઇ

સહમંત્રી આ. સ. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત

પૃષ્ઠ પ્રકાશન સહાય

રૂા. ૫૧–૦૦ શ્રી એમ. આર. પાલેજા (રાજપીપળા) તરફથી ચિ. ચેતન સેકન્ડ એમ. બી.બી.એસ,માં ઉત્તીર્ણ થયા તે પ્રસંગે.

શરણમ્

શરણં પ્રભુનંદન: શરણં મે વૃષભાનુ કન્યકા ।
શરણાગતભકતરક્ષકા સ્મરણં મંગલકારિણં તયો: ॥

નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણ મારું શરણ હો અને વૃષભાનુકન્યકા શ્રીરાધાજી મારું શરણ હો. શરણે આવેલાઓનું તેઓ બે રક્ષણ કરનારા છે અને (રાધેકૃષ્ણ, એમ) તેઓ બેનું સ્મરણ મંગલ કરનારું છે.

લેખક –પ. ભ. શ્રી મગનભાઇ તન્ના

પુષ્ટિ સિદ્ધાન્ત સંરક્ષણ સમિતિના શપથપત્ર પર એક ઉડતી નજર

સામયીક અપિલ

જૂનાગઢ હવેલીના સંઘર્ષમા ધર્માનુરાગી આગ્રહીજનોએ જે વિનંતી કરી હતી તેના સાવ માઠા પરિણામો આવ્યા નથી અને ભારતની સર્વોચ્ચ અદાલતે તેને પોતાની સીમામા રહીને બનતો ન્યાય આપવા પ્રયત્ન કર્યો છે તેમા જરાય શંકા નથી.

કાયદાઓની એક સીમા છે અને તેમા રહીને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની ખામીઓ દુર કરી સુપ્રીમકોર્ટે વિચાર કરવાનો પ્રયત્ન સ્તુત્ય છે અને વૈષ્ણવજનોના પ્રતિનિધિઓની માગણી ઉપર ઇન્ટરવિનરને સાંભળ્યા તે ન્યાય સંગત અને અદાલતને શોભે તેવી ન્યાય આપવાની પરમ્પરાનો પ્રમાણ દાખવવા પ્રયત્ન કરાયો છે.

આમા વૈષ્ણવ જગત મા આ માની લેવાનું કારણ નથી કે તે ચુકાદો સંપ્રદાયની સદન્તર વિરુદ્ધ ગયો છે. આ ચુકાદાથી વૈષ્ણવજનો ગુરુદ્રવ્ય ખાવાના પાપથી બચ્યા છે અને તેના માટે કોર્ટના વિચાર બિરુદાવા યોગ્ય છે.

આજે સંપ્રદાયમા સંગઠન નથી અને જે લખાણો આ વિષય મા કેસને અનુંલક્ષીને છપાયા છે તે અસ્થાને છે. આવા લખાણોથી સમસ્યાઓનુ સમાધાન થશે નહીં. આવી પત્રિકાઓમા સાવધાની રાખીને જે શબ્દોનું સમતોળપણુ જાળવવું જોઇએ તે જળવાયુ નથી અને આક્ષેપો વધુ પડતા તરી આવતા સત્ય વાત ઢંકાઇ જતી હોય તેમ તરી આવે છે.

સંપ્રદાયને આવા ઉપાયો પ્રભાવશાળી નિવડશે નહીં પણ આના થકી વિપક્ષીઓને વાતો કરવાનો બળ અને સબળ મળી જશે જે આધાર વિનાનો હશે. આ સમય ઉશ્કેરણી વધારવાનો નથી. આવી પત્રિકાઓ આના સિવાય કંઈ કરી શકવામાં સમર્થ થશે તેની આશા નજેવી દેખાય છે.

જે હવેલીઓ જાહેર છે તે બન્ધ કરી શકાય નહીં અને આપણી પરમ્પરા મા તેવી વ્યવસ્થા જાહેર હવેલી તરીકે તો નોહતી પણ આચાર્યશ્રીના ઘર તરીકેની જ આ વ્યવસ્થા કરવામાં આવી હતી જેમા કાળે કરી આ જાહેર ટ્રસ્ટો ફરજિયાત કે લાચારીમા કરવામા આવ્યા છે. આની પાછળ અનેક કારણો છે. તેની સમીક્ષા ન કરતા અમો સહુ વિચારક વર્ગ તેમજ અમારા શ્રદ્ધાસ્પદોને અનુરોધ કરીએ છીએ કે આપ સમજી વિચારીને કપરા કાળમા માર્ગદર્શન કરો જેનું આચારણ સહેલાઇથી કરી શકાય અને ભવિષ્યમા સંપ્રદાયની પરમ્પરા અને સ્વરુપ જાળવી શકાય. સોગનનામાઓની ભાષા અને અન્ય જાતના લખાણો માત્ર રોષ ઠાલવવા જેવી પ્રક્રિયાજ છે તેમા કોઇને પણ સન્તોષ મળશે નહીં અને આ સેલ્ફ કમિટમેન્ટ હોય તો આગળ ગમ્ભીરપણે વિચારી માર્ગ અપનાવશોજી.

અમારી વાત આપને રુચિકાર નહીજ થાય છતા આવા અશકયોપદેશ કે અસમ્ભવ ધર્મને કઇ રીતે લોકો જીવનમા અપનાવશે તે આપ વિચારી ને સ્થિતિનુ અધ્યયન કરવાની તસ્તી લેશો. આવા પ્રતિજ્ઞા પત્રોની અમોને સખેદ અવજ્ઞા કરવી પડે છે. આશા છે તકરારી સાહિત્ય કરતા માર્ગદર્શક સાહિત્ય પ્રકાશિત કરી વૈષ્ણવજનોને આશીર્વાદ આપી સક્ષમ બનાવશો. આજે પ્રથમપીઠ તરફથી આ નિવેદન તટસ્થ ભાવે સર્વ સ્વજનોને કરવામાં આવે છે.

આજ્ઞાનુસાર **ડાહ્યાભાઇ કંસારા**

ગ્રંથ સમીક્ષા

ગોસ્વામી શ્રીહરિરાયજી મહાકવિ વિરચિત શ્રીમદ્ ભાગવત ભાષાલક્ષણમ (સટીક): ગોસ્વામી શ્રીહરિરાયજી મહાકવિએ (જોધપુર) મૂળ સંસ્કૃતમાં લખેલો આ ગ્રંથ છે, અને તેના ઉપર ગોસ્વામી શ્રીશ્યામમનોહરજીએ (જોધપુર) 'ભકતી ભૂષણી' નામની સંસ્કૃતમાં સરળ ટીકા લખેલી છે. આ અમૂલ્ય ગ્રંથનો લાભ સર્વ કોઈ વૈષ્ણવ લઈ શકે તે માટે સંસ્કૃત ઉપરાંત હિંદીમાં તેમજ ગુજરાતીમાં ભાવાર્થ પણ સાથે જ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પોતાના 'તત્ત્વાર્થદીપનિબંધ'ના 'ભાગવતાર્થ પ્રકરણમાં' સમાધિભાષા, પરમતભાષા અને લૌકિકી ભાષાનું સ્વરૂપ દર્શાવ્યું છે, તેના ઉપર જે જનો વગર સમજ્યે આક્ષેપો કરે છે તેનું ગ્રંથકારશ્રીએ શાસ્ત્રોકત પદ્ધતિથી સપ્રમાણ નિરાકરણ કર્યું છે. ઉપરાંત ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી (જોધપુર) પ્રસ્તાવનામાં લખે છે કે, જે માણસ પુષ્ટિમાર્ગીય દીક્ષા બ્રહ્મસંબંધ'ના વિષયે અજ્ઞાનવશ અનુચિત પ્રલાપ કરે છે, તેને માટે પણ આ ગ્રંથ અવશ્ય જોવા યોગ્ય છે.

ગ્રંથમાં વિસ્તારપૂર્વક સરળતાથી સ્પષ્ટ રીતે સમજાવવા માટે શ્રીમદ્ ભગવદ્ ગીતા, બ્રહ્મસૂત્ર અને ઉપનિષદોના અનેક આધારો આપવામાં આવ્યા છે. ત્રણેય ભાષા સંબધી વિસ્તૃત સમજ આપીને સિદ્ધ કર્યું છે કે, સમાધિ ભાષા દ્વારા એક માત્ર ભગવાનની લીલાઓ જ વર્ણવેલી છે અને તેનાથી અચિંત્ય અલૌકિકતા સધાયેલી છે એ રીતે સમાધિ ભાષાની વિશિષ્ટતા છે.

આ ગ્રંથમાં જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીને સંમતબ્રહ્મસૂત્રનો પાઠ (ચારેય અધ્યાયનાં બ્રહ્મસૂત્રો) આપવામાં આવેલ છે, જેથી પુષ્ટિમાન્ય સૂત્ર કયું છે તે જાણી શકાશે.

એવો આ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ પુષ્ટિજનોને પોતાના પુસ્તકાલયમાં સ્થાન આપીને તેનું વારંવાર વાચન શ્રવણ, મનન કરવા વિનતિ કરવામાં આવે છે.

પ્રાપ્તિસ્થાન : એચ. આર. ગોસ્વામી, દાઉજી મંદિર, જોધપુર (રાજસ્થાન), અથવા મોટી હવેલી, જામનગર

બધાં મળીને પૃષ્ઠોની સંખ્યા ૨૦૦ ઉપરાંત થાય છે, જેનું મૂલ્ય રૂા. ૪૦-૦૦ છે, પરંતુ વૈષ્ણવો માટે માટે માત્ર રૂા ૨૫-૦૦ છે.

આ માસના ઉત્સવ

સં. ૨૦૪૩ કારતક સુદ ૮ તા. ૯–૧૧–૮૬ રવિવાર ગોપાષ્ટમી

કારતક સુદ ૯ તા. ૧૦–૧૧–૮૬ સોમવાર અક્ષય નવમી, સત્ય યુગાદિતિથિ, ગોવિંદાભિષેક વિવાહના પદની શરૂઆત, પુનમ સુધી બોલાય.

કારતક સુદ ૧૦ તા. ૧૧–૧૧–૮૬ મંગળવાર શરદઋતુ પૂરી થઈ.

કારતક સુદ ૧૧ તા. ૧૨–૧૧–૮૬ બુધવાર પ્રબોધિની એકાદશીવ્રત મંડપ સાંજે ભોગ સંધ્યામાં, રસાત્મક મહારાત્રિ તુલસી વિવાહ હેમન્ત ઋતુ શરૂ થઈ પોષ વદ ૮ સુધી

કારતક સુદ ૧૨ તા. ૧૩–૧૧–૮૬ ગુરુવાર શ્રી ગુસાંઈજીના પ્રથમલાલજી શ્રી ગિરિધરજી (સં. ૧૫૯૭) પંચમલાલજી શ્રી રઘુનાથજી (સં. ૧૬૧૧) જન્મોત્સવ.

કારતક સુદ ૧૫ તા. ૧૬–૧૧–૮૬ રવિવાર યજ્ઞપત્નિનો અંગીકાર ચાતુર્માસ નિયમ સમાપ્તિ. ભક્ત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યા તેનો ઉત્સવ.

કારતક વદ ૧૧ તા. ૧૭–૧૧–૮૬ સોમવાર ગોપમાસનો આરંભ વ્રતચર્યા.

કારતક વદ ૮ તા. ૨૫–૧૧–૮૬ મંગળવાર શ્રી ગુસાંઈજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો જન્મોત્સવ (સં. ૧૫૯૯)

કારતક વદ ૧૧ તા. ૨૮–૧૧–૮૬ શુક્રવાર ઉત્પત્તિ એકાદશીવ્રત.

કારતક વદ ૧૨ તા. ૨૯–૧૧–૮૬ શનિવાર શ્રી ગુસાંઈજીનાં સાતમા લાલજી શ્રી ઘનશ્યામલાલજીનો ઉત્સવ (સં ૧૬૨૮) (તેરસનો ક્ષય હોવાથી આજે)

માગશર સુદ ૪ તા. ૫–૧૨–૮૬ શુક્રવાર શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન) (પાંચમનો ક્ષય હોવાથી આજે) માગશર સુદ ૭ તા. ૭–૧૨–૮૬ રવિવાર શ્રી ગુસાંઈજીના ચોથાલાલ શ્રી ગોકુલનાથજીનો જન્મોત્સવ, (સં. ૧૬૦૮)

સમાચાર

રાજકોટ – સં. ૨૦૪૨ ના ભાદરવા વદ ૫ મે શ્રી હરિરાયજી મહાપ્રભુનો પ્રાકટ્ય મહોત્સવ શ્રી શ્રી મદનમોહન પુષ્ટિ સેવા-સમાજ (યુવક મંડળ) ના ઉપક્રમે પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભ લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને આપશ્રીના બંગલે વિવિધ કાર્યક્રમોથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં શ્રી હરિરાયજી કૃત સ્તોત્રના પાઠ, વધાઈ, કીર્તન તથા 'સિદ્ધાન્ત મુક્તાવલી' ગ્રંથ ઉપર પરિચર્યા તથા સભાનો કાર્યક્રમ હતો. જેમાં પૂ પા ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી, પૂ. પા. ગો શ્રી ગોપીકાલંકર બાવાશ્રી તથા પૂ. પા ગો શ્રી પુરુષોત્તમલાલજી બાવાશ્રી એ પ્રસંગોચિત વચનામૃત દ્વારા વૈષ્ણવ સૃષ્ટિના સાચા કર્તવ્યનો ઉદ્બોધ કરેલ આ અલૌકિક કાર્યક્રમનો બહોળા વૈષ્ણવ સમુદાયે લાભ લીધેલ.

જાતપુરા – પરિસ્થિતિ અને સંજોગોને લક્ષમાં લઈ હવે વ્રજ પરિક્રમા દર વરસે એક જ રાખવાનો આચાર્યશ્રીઓએ આગ્રહ રાખવો જોઈશે એવું તૃતીય પીઠાધીશ્વર પૂ. ગો. શ્રી વ્રજેશકુમારજીએ, આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પારષદ જતીપુરા (મથુરા) મુકામે યોજેલા અખિલ ભારતીય પ્રચાર અધિવેશનમાં અત્યંત વિશુદ્ધ ભાવથી જણાવ્યું હતું. વ્રજ મંડળના વિકાસ માટે સરકાર પ્રયત્નશીલ બની છે ત્યારે વૈષ્ણવ સમાજ પણ તેના વિકાસમાં સહયોગ આપવો જોઈશે અને તેના માટે પરિષદના માધ્યમ દ્વારા એક વિશિષ્ટ સમિતિની રચના કરવાની પણ તેઓશ્રીએ અપીલ કરી હતી.

'સંઘે શક્તિ કલૌ યુગે' એ પ્રમાણે સુરતના પૂ. ગો. શ્રી વલ્લભ બાવાશ્રીએ વૈષ્ણવ સમાજને અપીલ કરતાં જણાવ્યું હતુ.

ગંગા નદીના પ્રદુષણને મીટાવવાના સરકારશ્રીએ કરેલા પ્રયાસોની પ્રશંસા કરતાં આં. પુ. વૈ. પરિષદના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રીશ્રી પ્રા. ચીમનભાઈ શેઠે યમુના નદીના પ્રદુષણને મીટાવવા તથા વ્રજ મંડળના વિકાસ માટે તેમજ વ્રજ પરિક્રમા કરતા વૈષ્ણવો માટેની કાયમી કેમ્પીંગની સગવડતા ઉભી કરવા અને ખાસ સ્વચ્છ પાણીના પ્રબંધની વ્યવસ્થા અંગે ચોક્કસ પ્રબંધ કરવા સંગઠન મંત્રી શ્રી શેઠે પ્રવચનમાં કેન્દ્ર અને પ્રાંતિય સરકારને અનુરોધ કર્યો હતો પાઠશાળા ગોશાળા, પુસ્તકાલય, વાંચનાલય, સત્સંગની પ્રવૃત્તિ, ઉત્સવોના આયોજનના પંચસૂત્રી કાર્યક્રમ અંગે ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ શ્રી રમેશભાઈ પરીખે વિસ્તૃત સમજ આપી હતી જ્યારે ગુજરાત પ્રદેશના મંત્રી શ્રી પ્રિ. વી. પી. પરીખે પરિષદ દ્વારા સંસ્કાર સિંચન માટે યોજાતી ધર્મ સસ્કાર શિબિરો વિષે સમજૂતિ આપી હતી.

એ છે વલ્લભ વિઠ્ઠલ નામ

જગમાં પાવનકર એ નામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.
દિવ્ય અંશ ધર્યો અવતાર
નામ રટે નાશે કુવિચાર
પુનિત પવિત્ર જે મંગલ નામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.
ચિંતાનો અગ્નિ હરનાર
દયા કરુણાના ભંડાર
અધમાધમ ઉદ્ધારક નામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.
વૈષ્ણવજન અધિનાયક જે
પુષ્ટિમાર્ગ પ્રદાયક જે
સદ્ભક્તોના પૂરણકામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.
ભવના પાપ નિવારક જે
શરણાગત ઉદ્ધારક જે
નિર્બલના બંને બલરામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.
મંગલમય જેના ગુણગાન
ભક્તવત્સલ કૃપા નિધાન
પુષ્ટિ જીવોના જે સુખધામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.
કર્મ – ધર્મ – સદ્‌બુદ્ધિદાતા
સંકટમાં ભક્તોના ત્રાતા
વૈષ્ણવ જનના તીરથ ધામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.
જગમાં પાવનકર એ નામ
એ છે વલ્લભ વિઠ્ઠલ નામ.

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
तेहिसन्मार्गरक्षकाः

શ્રી
વ
લ્લ
ભ
સુ
ધા

॥ શ્રી હરિઃ ॥

શ્રીગુસાંઇજીની વધાઈ

રાગ-દેવગંધાર

ભૂતલ આજ મહા આનંદ,
પોષ કૃષ્ણ નૌમીકો સુભ દિન,
પ્રગટે પૂરનાનંદ ॥૧॥
શ્રી વિઠ્ઠલનાથ પૂરન-પુરુષોત્તમ,
અગનિત કીરતિ છંદ, ॥
નવધા ભકિત પ્રકાશ કરનકોં,
અદ્ભુત પૂરન ચંદ ॥૨॥
નખશિખ શ્રી ભાગવત ભાવ રસ,
ભૂષન લસત અમંદ ॥
નિરખિ બદન વિધુ નિજ જન મનકે,
મિટે સકલ દુઃખ દ્વંદ ॥૩॥
દુર્લભ યહ અવતાર ભયો હૈ,
સેવૌ પદ અરવિંદ ॥
'રસિક' મહારસ મત્ત ભયે હૈ,
કરત પાન મકરંદ ॥૪॥

◆

વર્ષ ૫ : અંક ૯ ◆ ડીસેમ્બર, ૧૯૮૬
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

આ માસના ઉત્સવ

માગશર સુદ ૯ તા. ૯–૧૨–૮૬ મંગળવાર શ્રી ગટ્ટુલાલજીનો સ્મરણ દિન શ્રી ગુસાંઈજીની વધાઈ પ્રારંભ.

માગશર સુદ ૧૧ તા. ૧૧–૧૨–૮૬ ગુરુવાર મોક્ષદા એકાદશી, શ્રીમદ્ ભગવદ્ ગીતા જયંતિ.

માગશર સુદ ૧૫ તા. ૧૬–૧૨–૮૬ મંગળવાર ગોપમાસ સમાપ્તિ, શ્રી બલદેવજીનો ઉત્સવ શ્રીનાથજીનો છપ્પન ભોગ, ધનુર્માસ આરંભ.

માગશર વદ ૭ તા. ૨૩–૧૨–૮૬ મંગળવાર શ્રી ગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં. ૧૬૨૫)

માગશર વદ ૯ તા. ૨૫–૧૨–૮૬ ગુરુવાર શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સં. ૧૫૭૨)

માગશર વદ ૧૧ તા. ૨૭–૧૨–૮૬ શનિવાર સફલા એકાદશી વ્રત. દશમ તથા અગીયારસના રોજ બાળલીલાના પદ ગવાય.

માગશર વદ ૧૨ તા. ૨૮–૧૨–૮૬ રવિવાર લલિત પંચમના પદની શરૂઆત કરી મહાસુદ ૫ ના રોજ રાજભોગ આવે ત્યાં સુધી બોલાય.

માગશર વદ ૧૪ તા. ૩૦–૧૨–૮૬ મંગળવાર દર્શ–અમાવાસ્યા શ્યામ ઘટા.

સમાચાર

શ્રીનાથદ્વારા પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી પ્રેરિક શ્રીહવેલી સંગીત કીર્તન શિબિર શ્રી વલ્લભ કોટેજ (પાયગા) માં તા. ૧૦–૧૦–૮૬ થી તા. ૧૭–૧૦–૮૬ સુધી આયોજન થયેલ.

આ શિબિરનો પ્રારંભ પૂ. પા. ગો. શ્રી ૧૦૮ તિલકાય શ્રીદાઉજી બાવાશ્રીના આશીર્વાદ અને આજ્ઞાથી શ્રીજી બાવાના મુખ્યાજી શ્રી ગંગાધરજીની ઉપસ્થિતિમાં થયેલ.

આ શિબિરનું સંચાલન કીર્તનકાર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાયે કરેલ. કાર્યક્રમની સમાપ્તિ વેળાએ શિબિરાર્થીઓએ શ્રીજીબાવાની સન્મુખ કીર્તનો અંગીકાર કરાવેલ.

જામજોધપુર પૂ. પા. ગો. શ્રી કોકિલાબેટીજીના અધ્યક્ષસ્થાને શ્રી વલ્લભ પ્રીતિ સેવા સમાજના ઉપક્રમે શ્રીયમુનાષ્ટક સ્તોત્રની મૌખિક પાઠ સ્પર્ધાનાનો કાર્યક્રમ તા. ૧૯–૧૦–૮૬ ના રોજ યોજવામાં આવ્યો હતો. તેમાં ૧૫ વર્ષની ઉમરના ઘણા બાળકોએ ભાગ લીધો હતો. અને ઈનામ વિતરણ કરવામાં આવેલ.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૫ : અંક ૯ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮ * ડીસેમ્બર, ૧૯૮૬
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧
શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧

જીવન ધર્મ

પુ. પા. ગો. શ્રી રણછોડાચાર્યજી મહારાજ
'પ્રથમેશ'

[આ. પુ. વૈ. પરિષદના પ્રત્યેક કાર્યોને પોતાના કૃપાબળ વડે સતત પ્રેરણા આપતાં પ. પુ. આચાર્યશ્રી **પ્રથમેશજી** મહારાજશ્રીના શ્રીઅંગને દિવાળી બાદ તુરત પરિશ્રમ જન્ય અસ્વાસ્થ્ય થતાં વૈષ્ણવોમાં અત્યંત ચિંતાની લાગણી થયેલ ભગવદ્ કૃપાથી પુ. પા. શ્રી ના શ્રીઅંગે હવે સારો સ્વાસ્થ્ય લાભ થઈ રહ્યો છે. પુ. પ,શ્રીએ બિછાને બિરાજતાં જ તા. ૧૫-૧૧-૮૬ ના દિને **શ્રીવલ્લભ સુધા** માટે ખાસ પ્રેરક લેખ સ્વહસ્તાક્ષરે લખી મોકલ્યો છે જે પ્રકાશિત કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

સંપાદક]

જીવન અને ધર્મ બન્ને એક બીજાના પર્યાય છે. જીવનની સમસ્યાઓનું સમાધાન ધર્મની સમસ્યાઓ નથી. પણ ધર્મને ન આચરવાથી આવેલી અગવડો છે. જો આવી મુશ્કેલીએ દુર કરી શાંતિથી જીવવું હોય અને જીવનને સુખમય વીતાવતા પ્રભુ સાથે તેને સંકળાવી આનંદ માણવો હોય તો શ્રી વલ્લભાચાર્યના સેવા અને સર્પણના ઉપદેશને જીવનમાં ઉતારવા જોઇએ. આ ઉપદેશને આચરવા માટે સ્નેહમય ત્યાગની જરૂર છે.

સ્નેહથકી ત્યાગ સહેલો બની જાય છે. સ્નેહ તે શ્રીહરિનું સ્વરૂપ છે. આ વાત શ્રી વ્યાસદાસજી એ "પ્રેમહરીકો રૂપ હૈ" આ શબ્દોથી જણાવી આપણને આ સમજાવ્યું છે કે નિસ્વાર્થ સહજ સ્નેહ અને શ્યામ સુંદર તે બન્ને અભિન્ન છે. આના થકી આપણે સમજવાનું છે કે જો સ્નેહ ભગવદ્ રૂપ ન હોય તો તેના થકી પ્રભુની પ્રાપ્તિ થઇ શકે નહીં.

આવી રીતે આ સ્નેહનું રચનાત્મક સ્વરૂપ જ સેવા છે. જેથી કાર્ય પણ પ્રભુરૂપ બની જાયછે. આ વાતને સ્વીકાર્યા પછી વૈષ્ણવ જીવન સાવ સહેલું અને આનંદરૂપ બની જાય તો આશ્ચર્યની વાત નથી.

આવી ભાવના જીવનમાં અપનાવવા માટે સમર્પિત જીવનની જરૂર છે. આમ વિચારતા

પ્રભુમાં સહજ સ્નેહ અને તેમની સેવાના સિદ્ધાન્તમાં જીવનમાં દરેક કાર્યોનો સમાવેશ થાય છે. માટે સર્વ કાર્ય અને ધર્મ સેવા રૂપ બની જાય છે. તેવા કાર્યો અને સેવા પ્રભુનું કાર્ય છે. જે આપણા પરમ પ્રેમાસ્પદ છે.

આમ સમજીને સહુનું કાર્ય કરો આ જ જીવનનો વિવેક છે. જો આ વિવેક ધર્મમાં માનવી જાળવી શકે તો જીવનના ક્લેશો અને અવ્યવસ્થાઓ સહેજે દૂર થઇ જાય અને માર્ગ સુગમ થઇ જાય છે.

મનમાં આ વાત ઉતારીને સ્વધર્મનું પાલન કરશો તો જીવનનું મૂલ્ય અને સંગઠનની મહત્તા સમજી શકશો આટલા સરળ તત્ત્વને આપણે કઠિન કે દુર્ગમ ન સમજીએ તો પ્રભુ સેવાની સાથે સર્વસેવા આવી જાય છે. આ સેવાજ આનંદરૂપ હોવાથી સતત આનંદના સેવનથી આનંદમય બનવું એ જ "આનંદ-મયોભ્યાસાત્" આ વ્યાસ સૂત્રનું સ્વરૂપ અને લીલાત્મક ભાવ છે. જેને આપણે જીવવાનું છે.

આવું જીવન પરિષદ થકી આપણને સાંપડી શકે જો અમો આચાર્યના સિદ્ધાન્તને સમજીને ચાલીએ તો આમાં પોતાની વાત ઉમેરવાની જરૂર નથી કેમકે સ્નેહી અને સ્નેહની દરેક વાત આપણી જ છે. તેમાં શું ઉમેરવું ? આ વિચારશો.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

(લેખાંક ૪૬મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

શ્રી ભગવાનુવાચ–

હન્ત તે કથયિષ્યામિ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ ।
પ્રાધાન્યતઃ કુરુશ્રેષ્ઠ નાસ્ત્યંતો વિસ્તરસ્ય મે ।૧૯।

શ્રી ભગવાને કહ્યું, હર્ષની વાત છે કે, હે કુરુવંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન, મુખ્ય દિવ્ય આત્મવિભૂતિઓ હું તને કહીશ; કારણ કે મારા વિસ્તારનો અંત નથી. ।૧૯।

એ પ્રમાણે જાણવાની ઇચ્છાવાળા અર્જુનથી પ્રાર્થના કરાયેલા ભગવાને 'હન્ત' વગેરે શબ્દોથી કહ્યું પોતાના સ્વરૂપના જ્ઞાન માટે તેવા પ્રકારની પ્રાર્થનાથી થયેલ પ્રસન્નતા 'હન્ત' શબ્દથી વ્યકત થાય છે. 'હન્ત' શબ્દ હર્ષના અર્થમાં છે. હે કુરુશ્રેષ્ઠ, હે ભકત વંશમાં જન્મેલ, દિવ્ય વિભૂતિઓ એટલે ક્રીડારૂપ વિભૂતિઓ જે મુખ્ય મુખ્ય, તને યોગ્ય અને તારે માટે તને હું કહીશ. અરે, વિસ્તારથી શા માટે નથી કહેવાતી ? એમ શંકા થાય તો 'નાસ્તિ' વગેરે શબ્દોથી કહે છે. મારી વિભૂતિઓના વિસ્તારનો અંત નથી, તેથી તારા પૂછવાથી જે તને યોગ્ય છે તે જ કહીશ, એવો ભાવ છે. ।।૧૯।।

અહમાત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ ।
અહમાદિશ્ચ મધ્યં ચ ભૂતાનામન્ત એવ ચ
॥૨૦॥

હે નિદ્રાને જીતનાર અર્જુન, સર્વે પ્રાણીઓના અંતઃકરણમાં રહેલો આત્મા હું છું. અને પ્રાણીઓના આદિ મધ્ય અને અંત પણ હું જ છું. ॥૨૦॥

એ પ્રમાણેના કથનને નિશ્ચિતતાથી દર્શાવીને પહેલાં સર્વત્ર પોતાનો સંબંધ 'અહમ્' (હું) એવા શબ્દથી કહે છે. સાવધાનતાથી શ્રવણ કરવા માટે 'હે ગુડાકેશ' એવું સંબોધન કરે છે. પ્રાણીમાત્રના અંતઃકરણમાં રહેલો આત્મા હું છુ. તેનાથી એટલે કે મારા આત્મસંબંધથી સર્વ જીવોને વિષયાનંદથી માંડીને બ્રહ્માનંદ સુધીના આનંદનો અનુંભવ થાય છે, એમ અર્થ છે. તારાથી પણ તેઓમાં આનંદનો અનુભવ થાય તે માટે મારા અંશના સંયોગના કારણે હું ચિંતન કરવા યોગ્ય છું, એવો ભાવ છે. અરે, તારો આત્મસંબંધ હોય તો નાશ કેમ સંભવે? એવી આકાંક્ષાવાળાને 'અહમ્' વગેરે શબ્દોથી કહે છે. ભૂતોનો આદિ એટલે ઉત્પત્તિસ્થાન હું છું, વળી વચગાળાની સ્થિતિ પણ હું છું અને અંત એટલે લય સ્થાન પણ હું છું, જેથી મારી ઇચ્છા અનુસાર મારી ક્રીડા માટે ઉત્પન્ન કરાયેલા, જ્યાં સુધી ક્રીડા ચાલે ત્યાં સુધી રક્ષાયેલા અને ક્રીડાના ઉપસંહારની ઈચ્છા થતાં લયને પ્રાપ્ત થાય છે, તેથી તેમાં દોષ નથી, એવો ભાવ છે. મારાથી ઉત્પન્ન થયેલાઓનો, મારા આત્માના અંશથી જોડાયેલાઓનો અન્ય પ્રકારે નાશ થવામાં અન્યમાં લીન થવાનો દોષ હોય, પરંતુ મારામાં લીન થયેલામાં દોષ હોય નહિ. આ જ 'એવ' (નિશ્ચિતતાના અર્થમાં છે એવા) શબ્દથી સ્પષ્ટ કર્યું છે. આથી જ નિર્દોષ ભાવે મારા અંશનો આત્મ સંબંધ સર્વમાં તું ધ્યાનમાં લે એવો ભાવ છે. ॥૨૦॥

આદિત્યાનામહં વિષ્ણુજ્યોતિષાં રવિરંશુમાન ।
મરીચિર્મરુતામસ્મિ નક્ષત્રાણામહં શશી ।૨૧।

આદિત્યોમાંનો વિષ્ણુ હું છું, પ્રકાશિત પદાર્થોમાંનો કિરણવાળો સૂર્ય અને મરુતોમાંનો મરીચિ હું છું, નક્ષત્રોમાંનો ચંદ્ર હું છું.
॥૨૧॥

'આદિત્યાનામ' શબ્દથી આરંભ કરીને અધ્યાયની સમાપ્તિ સુધીમાં વિભૂતિયોગમાંની વિભૂતિઓને વર્ણવે છે. બાર આદિત્યોમાંથી વિષ્ણુ એટલે સર્વવ્યાપક ધર્મસ્વરૂપ સૂર્ય ચંદ્રના મંડળને પ્રકાશ આપનાર હું છું. જ્યોતિઓમાં એટલે બાહ્ય જગતને પ્રકાશિત કરનારાઓમાં સર્વનો પ્રકાશક કિરણોવાળો સૂર્ય હું છું, એમ અર્થ છે. વાયુઓમાં સર્વમાં સુખને ઉપજાવનાર મરીચિ નામે કોઈ વાયુ હું છું. નક્ષત્રોમાં ચંદ્ર હું છું, એટલે કે શશી એવા નામવાળો રોહિણીમાં આસક્તિથી થયેલ લાંછનવાળો છે. તેનાથી રસાત્મક આસક્તિ ધર્મરૂપ શૃંગારને રસાત્મકતા દર્શાવી છે. ॥૨૧॥

વેદાનાં સામવેદોઽસ્મિ દેવાનામસ્મિ વાસવઃ ।
ઈંદ્રિયાણાં મનશ્ચાસ્મિ ભૂતાનામસ્મિ ચેતના ।૨૨।

વેદોમાંનો સામવેદ હું છું. દેવોમાંનો ઇંદ્ર હું છું. ઇંદ્રિયોમાંનું મન હું છું અને પ્રાણીઓમાંની ચેતના હું છું. ॥૨૨॥

ચાર વેદોમાં પણ સામવેદ હું છું, ગાનાત્મક મધુર રસવાળો હોવાથી સામવેદમાં અધિકતા દર્શાવી છે, એવો ભાવ છે. દેવોમાં વાસવ એટલે ઇંદ્ર હું છું; કારણ કે ઇંદ્રે સો યજ્ઞો કર્યા છે, ધાર્મિક બધી ક્રિયાઓનો આંશિક રીતે ઇંદ્ર ભોક્તા છે અને દેવોનું રાજ્ય-ભોગવે છે. ઇંદ્રિયોમાં આધિદૈવિક ઇંદ્રિયરૂપ હું છું અને સર્વનું પ્રેરક હોવાથી મન હું છું. ચૈતન્યવાળાં પ્રાણીઓની ચેતના એટલે કે જ્ઞાનશક્તિ હું છું. ॥૨૨॥

રુદ્રાણાં શંકરશ્ચાસ્મિ વિત્તેશો યક્ષરક્ષસામ ।
વસૂનાં પાવકશ્ચાસ્મિ મેરુઃ શિખરિણામહમ્ ।૨૩।

રુદ્રોમાંનો શંકર હું છું અને યક્ષો અને રાક્ષસોમાંનો હું કુબેર છું. વસુઓમાંનો હું અગ્નિ છું અને પર્વતોમાંનો હું મેરુ છું. ॥૨૩॥

તામસ અગિયાર રુદ્રોમાં શંકર હું છું, એટલે કે સુખ કરનાર, બધાયને ભક્તિ અને જ્ઞાનનો ઉપદેશ કરનાર શંકર હું છું. યક્ષો અને રાક્ષસોમાં વિત્તેશ કુબેર હું છું. વસુઓમાં મુખ્યત્વે દ્રોણ હું છું, તેથી જ વસુઓમાં દ્રોણ શ્રેષ્ઠ છે, એમ શ્રીમદ્ ભાગવતમાં (૧૦-૮-૪૮ માં) કહ્યું છે. વળી અગ્નિ હું છું, ઊંચાં શિખરવાળાંઓમાં મેરુ હું છું. ।૨૩।

પુરોધસાં ચ મુખ્યંમાં વિદ્ધિ પાર્થ બૃહસ્પતિમ્ ।
સેનાનીનામહં સ્કંદઃ સરસામસ્મિ સાગરઃ
॥૨૪॥

હે પૃથાના પુત્ર અર્જુન, પુરોહિતોમાંના મુખ્ય બૃહસ્પતિ તું મને જાણ, સેનાપતિઓમાંના કાર્તિકેય હું છું અને જળાશયોમાંનો સાગર હું છું. ॥૨૪॥

હે પાર્થ, પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ મને જાણ હે પાર્થ, એવા સંબોધનથી પૃથાના સબંધથી હું તારા ઉપર કૃપા કરું છું, તથા નિંદાયેલા પુરોહિતપણામાં પણ દેવક્રિયા વડે તેમાં બુદ્ધિ વગેરે શક્તિ રૂપે હું રહું છું. તેનાથી તેને મારું સ્વરૂપ તું જાણ, એમ દર્શાવ્યું છે. સેનાપતિઓની સેનામાં દેવોના સેનાપતિ હોવાથી હું સ્કંદ છું. રસવાળાં સ્થિર જળાશયોમાં હું સાગર છું, રત્નાકર છું, એમ અર્થ છે. ॥૨૪॥

મહર્ષીણાં ભૃગુરહં ગિરામસ્મ્યેકમક્ષરમ્ ।
યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ સ્થાવરાણાં હિમાલયઃ
॥૨૫॥

મહર્ષિઓમાંના ભૃગુ ઋષિ હું છું. વાણીમાંનો એકાક્ષર (ૐ) હું છું. યજ્ઞોમાંનો જપયજ્ઞ હું છું અને પર્વતોમાંનો હિમાલય હું છું. ॥૨૫॥

મહર્ષિઓમાં સર્વે વેદો સાથે સંબંધવાળા ભૃગુ હું છું. પદાત્મક વાણીમાં એકાક્ષર ૐકારસ્વરૂપે હું છું. યજ્ઞકર્મોમાં જપયજ્ઞ હું છું. અચલ એવા પર્વતોમાં હિમાલય હું છું. ॥૨૫॥

અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં દેવર્ષીણાં ચ નારદઃ ।
ગંધર્વાણાં ચિત્રરથઃ સિદ્ધાનાં કપિલો મુનિઃ ॥૨૬॥

બધાં વૃક્ષોમાંનો પીપળો, દેવર્ષિઓમાંના નારદ, ગંધર્વોમાંનો ચિત્રરથ અને સિદ્ધ પુરુષોમાંના કપિલ મુનિ હું છું. ॥૨૬॥

બધાં વૃક્ષોમાં પીપળો હું છું. દેવર્ષિઓમાં મંત્ર દ્રષ્ટા, મારા સંબંધવાળા આંતરિક

ભાવનો ઉપદેશ કરનાર હોવાથી નારદ હું છું. ગવૈયા એવા ગંધર્વોમાં હું ચિત્રરથ છું. જેઓએ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા સિદ્ધપુરુષોમાં કપિલ મુનિ હું છું, એટલે કે જેણે પરમ તત્ત્વનું સ્વરૂપ સ્વતઃ જાણ્યું છે તેવા કપિલ મુનિ હું છું. ।।૨૬।।

ઉચ્ચૈઃશ્રવસમશ્વાનાં વિદ્ધિ મામમૃતોદ્ભવમ્ ।
ઐરાવતં ગજેંદ્રાણાં નરાણાં ચ નરાધિપમ્ ।।૨૭।।

અશ્વોમાંનો અમૃત સાથે નીકળેલો ઉચ્ચૈઃશ્રવા, શ્રેષ્ઠ હાથીઓમાંનો ઐરાવત અને મનુષ્યોમાંનો રાજા તું મને જાણ. ।।૨૭।।

અશ્વોમાંના અમૃત મંથનના સમયે અમૃતની સાથે ઉત્પન્ન થયેલ ઉચ્ચૈઃશ્રવાને મારો અંશ તું જાણ ગજેંદ્રોમાં ઐરાવત મને જાણ નર એટલે પુરુષોમાં પાલન કરનાર રાજા મને જાણ ।।૨૭।।

આયુધાનામહં વજ્ર ધેનૂનામસ્મિ કામધુક્ ।
પ્રજનશ્ચાસ્મિ કંદર્પઃ સર્પાણામસ્મિ વાસુકિ ।૨૮।
અનંતશ્ચાસ્મિ નાગાનાં વરુણો યાદસામહમ્ ।
પિતૃણામર્યમા ચાસ્મિ યમઃ સંયમતામહમ્ ।।૨૯।।

આયુધોમાંનું વજ્ર, ગાયોમાંની કામદુધા હું છું. પ્રજા ઉત્પન્ન કરનાર કામદેવ હું છું અને સર્પોમાંનો વાસુકિ હું છું. ।।૨૮।। નાગોમાંનો અનંત હું છું અને જળચરોમાંનો વરુણ હું છું. પિતૃઓમાંનો અર્યમા હું છું અને નિયંત્રણ કરનારાઓમાંનો યમ હું છું. ।।૨૯।।

આયુધ એટલે શસ્ત્રોમાં હું વજ્ર છું. દૂધ આપનારી ગાયોમાં કામધેનુ હું છું. પ્રજાને ઉત્પન્ન કરનાર કંદર્પ એટલે કામદેવ હું છું. 'ચ' અક્ષરથી માત્ર સંભોગનો હેતુ નથી, એમ કહ્યું છે. વિષધર સર્પોમાં અથવા ગતિવાળાઓમાં વાસુકિ હું છું. ।।૨૮।।

નાગોમાં એટલે વિષ રહિત નાગોમાં, અથવા સ્થિર રહેનારાઓમાં અનંત હું છું, એટલે કે તેઓનો અધીશ શેષનાગ હું છું. જલચરોમાં જલચરોનો પતિ વરુણ હું છું. પિતૃઓમાં મુખ્ય અર્યમા હું છું. 'ચ' અક્ષરથી બધાંનું પિતૃરૂપપણું જણાવ્યું છે. સંયમી જનોમાં એટલે કે નિયંત્રણ કરનારાઓમાં મુખ્ય યમ હું છું. ।।૨૯।।

પ્રહલાદશ્ચાસ્મિ દૈત્યાના કાલઃ કલયતામહમ્ ।
મૃગાણાં ચ મૃગેંદ્રોહં વૈનતેયશ્ચ પક્ષિણામ્ ।।૩૦।।

દૈત્યોમાંનો પ્રહ્લાદ હું છું, તથા ગણતરી કરનારાઓમાંનો કાળ હું છું, વળી પશુઓમાંનો સિંહ હું છું અને પક્ષીઓમાંનો ગરુડ હું છું. ।।૩૦।।

અનાદરને પાત્ર દૈત્યોમાં દૈત્યકુળનો ઉદ્ધારક પ્રહલાદ હું છું. ગણતરી કરનારાઓમાં કાળ હું છું. પશુઓમાં હું સિંહ છું, પાંખવાળાંઓમાં તેઓનો રાજા ગરુડ હું છું. ।।૩૦।।

સુધારો

ગતાંકમાં ૧૪ મા શ્લોકનો અર્થ ભૂલથી રહી ગયો છે, તે નીચે પ્રમાણે વાંચવો ;–

'હે કેશવ, આપ મને જે કહો છો તે બધું હું સત્ય માનું છું. હે ભગવાન, આપના પ્રાકટયને ખરેખર દેવો જાણતા નથી, દાનવો પણ જાણતા નથી. ।।૧૪।।

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પાચમો)

વાચકોને વિનંતિ

[શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત નવરત્ન ઉપરની શ્રીમદ્ વિઠ્ઠલેશ્વર વિરચિત પ્રકાશ નામની ટીકાનું ગુજરાતી ભાષાંતર મૂળ શ્લોક અને તેના અનુવાદ સાથે પૂરું થયું હવે શ્રીમત્ પુરુષોત્તમજી વિરચિત વિવૃતિ પ્રકાશના ગુજરાતી ભાષાંતરનો પ્રારંભ થાય છે. તેમાં પૂ. પા. શ્રી શ્યામ મનોહરજીના ગ્રંથ પરિચયનો અભ્યાસ અતિ મહત્ત્વનો છે ઉપરાંત મૂળ શ્લોક, તેનો અનુવાદ અને શ્રીમદ્ વિઠલેશ્વર વિરચિત પ્રકાશ ટીકાનું ગુજરાતી ભાષાંતર સાથે રાખીને શ્લોકવાર વાંચવાથી, અધ્યયન કરવાથી સારી રીતે સમજાશે. આ વિવૃત્તિનું અધ્યયન પ્રકાશને સારી રીતે સમજાવશે. પુષ્ટિ સાહિત્યનો અભ્યાસ અને તેનું પ્રેમપૂર્વક વાચન, શ્રવણ જેમ જેમ જેમ વધતાં જશે, તેમ તેમ તેમાં વધુને વધુ સમજાતું જશે અને તેથી તેમાં રસ ઉત્પન્ન થતો જશે, આનંદમાં અભિવૃદ્ધિ થતી રહેશે. ઉત્તમ કોટિનું પુષ્ટિ સાહિત્ય સંસ્કૃતમાં જ છે, અને તેથી તેને સમજવામાં લાંબા સમયનો સાહિત્ય પ્રેમ અગત્યનો ગણાશે. કંટાળીને અઘરું છે, નથી સમજાતું, એમ કહીને છોડી દેવાથી કંઈ વળશે નહિ. પરંતુ વારંવાર અભ્યાસથી કઠિન વસ્તુ પણ સરળ થઇ જશે. પુષ્ટિપથ સર્વશ્રેષ્ઠ છે, એમ તો વારંવાર ઠેકઠેકાણે વાંચ્યું અને દિલમાં પણ ઠસી ગયું પરંતુ શા માટે અને કેમ ? એ જાણવું અતિ અગત્યનું છે. આમ હોવાથી સતત અધ્યયન અનિવાર્ય છે. જે કઠિન છે તે વધારે શ્રમ અને સમય માગે જ છે, પુષ્ટિપ્રેમીઓ માટે વિશેષ શું ? પુષ્ટિ સાહિત્યમાં રુચિ વધતી જાઓ, તેના ઊંડાણમાં જઇને વાંચન, શ્રવણ અને મનન વિશેષ ને વિશેષ થતાં રહો, એજ અભ્યર્થના !

—અનુવાદક]

શ્રીમદ્ વલ્લભાચાર્યજીને પ્રભુ શ્રીવિઠ્ઠલેશ્વરજીને નમસ્કાર કરીને, નવરત્નમાં અને (શ્રી (વિઠ્ઠલેશ્વર વિરચિત) પ્રકાશ નામની ટીકામાં (જેનું ભાષાંતર આ પહેલાં અપાઇ ગયું છે, તેમાં) જે તેઓશ્રીની વાણી છે તેની અમે (શ્રી પુરુષોત્તમજી) આરાધના કરીએ છીએ.

સિદ્ધાંત રહસ્ય'માં શ્રીમદ્ આચાર્ય ચરણશ્રીએ (શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ) કહ્યું કે, જેઓએ આત્મ નિવેદન કર્યું છે તેઓનાં પહેલાનાં અને પછીનાં લાગેલાં પાપોનો નાશ કરવાનો ઉપાય ભગવાને કહેલો છે, તેમ છતાં ત્યાં કહેવાયેલ છે તેવા પ્રકારની કાર્ય સિદ્ધિમાં ઉપયોગી થાય એવા પ્રકારના ભોગ વડે અલૌકિક ભોગ ભોગવવાની માત્ર અનુકુળતા દર્શાવી છે, પરંતુ સેવામાં પ્રતિબંધક

હોય તેનું નિવારણ પણ દર્શાવ્યું છે, એમ નથી. સેવામાં પ્રતિબંધક હોય તેના નિવારણના અભાવમાં સેવાના આધિદૈવિકપણાનો અભાવ હોય છે. એમ હોય ત્યારે 'તેમાં ચિત્તનું પરોવાઇ જવું,' એવા સ્વરૂપની માનસી સેવાની શકયતા રહેતી નથી, એમ વિચારીને અને કાળ, પ્રારબ્ધ તથા સ્વભાવના કારણે વારંવાર ઉદ્વેગ વગેરે થયા કરે છે, તેની નિવૃત્તિ માટે 'સેવાફલ' ગ્રંથના વિવરણમાં (શ્લોક ૫ માં) વિઘ્નવાળા હોવાના કારણે અને તુચ્છ હોવાથી ભોગો ત્યજી દેવા યોગ્ય છે, એમ કહ્યું છે. વળી લૌકિક ભોગનો ત્યાગ કરવામાં સંબંધમાં કહેવાયું છે કે, ભગવાનના સ્વરૂપનો જ વિચાર એજ લૌકિક ભોગના ત્યાગનો ઉપાય છે. સાધારણ પ્રતિબંધના નિવારણમાં સૌ પ્રથમ તે બુદ્ધિથી ત્યજવા યોગ્ય છે, એટલે કે માત્ર બુદ્ધિ જ ત્યાગનો ઉપાય છે, એમ કહેવાયું છે, પણ ઉદ્વેગના નિવારણ સંબંધે કોઇ સાધન કહેવાયું નથી. જેમાં બુદ્ધિની વિશેષતા હોય તેવો કોઇ ઉપાય કહેવો જોઇએ.

જો કે અતત્ત્વનો નિર્ધાર અને અવિવેક એ પ્રતિબંધના સાધક છે, એવા કથનથી તેના વિરોધી એવા તત્ત્વ નિર્ધાર (સત્ય સ્વરૂપનો નિર્ધાર) અને વિવેક (સાચું જ્ઞાન) બધા પ્રતિબંધોને દૂર કરવાના સાધનરૂપે છે, એમ સૂચવ્યું છે. તેમ છતાં તત્ત્વ નિર્ધારના સ્વરૂપને સંક્ષેપમાં કયાંય કહેવામાં આવેલ નથી 'વિવેકધૈર્યાશ્રયમ'માં વિવેકનું સ્વરૂપ દર્શાવાયું છે તો પણ, અને શેષ રહેલ આશ્રયનું **કથન થયું** છે છતાં સેવા વિષે કહેવાયું નથી તેથી સેવાની આધિદૈવિક સંપત્તિ માટે ત્રણ પ્રકારનાં પ્રતિબંધોનો નાશ થાય તે માટે સંક્ષેપમાં કહેતાં, અને કારણનો નાશ થાય તો કાર્યનો નાશ થાય, એમ હોવાથી કાર્યના કારણરૂપ ચિંતાના નાશનો ઉપાય ઉપદેશે છે. તેના અનુસંધાને શ્રીમત્પ્રભુચરણશ્રી 'નવરત્ન ઉપર વ્યાખ્યા કરવા ઇચ્છે છે. તેમાં ચિંતા ન કરવાની આજ્ઞા કરે છે અભાવને કારણે થતી ચિંતા અનિવાર્ય છે, તેનું નિરાળુ સ્વરૂપ નકકી કરીને તેની નિવૃત્તિનો ઉપાય ઉપદેશે છે અને 'ચિંતા' વગેરે શબ્દોથી મંગલાચરણ કરે છે.

ચિંતા શબ્દ સ્મરણ, મનની ક્રિયા, તર્ક વિતર્ક એવા અર્થમાં યોગરૂઢ છે. 'ચિત્' ધાતુ ઉપરથી થયેલો ચિંતા શબ્દ સ્મૃતિના અર્થમાં છે. 'ચિત્' ધાતુમાં 'ન્' નો લોપ થતો નથી, તેથી 'ચિન્ત્' ધાતુ ઉપરથી ચિંતા શબ્દ સિદ્ધ થાય છે, એવા અર્થમાં 'ચિતિ સ્મૃત્યામિત્યતો ભાવેડઙિ કૃતે ચિંતાપદસિદ્ધેઃ' એમ પાણિનિનો આધાર આપ્યો છે. કોશ પ્રમાણે ચિંતાનો અર્થ સ્મૃતિ, આધ્યાન (દુઃખપૂર્ણ સ્મરણ) એમ છે. વળી ચિંતા પ્રયત્ન વિના અને યોગ્ય છતાં કલ્પનામાં પણ ન હોય તેમ અણધારી થાય છે, તેના અગાઉનાં મુળ કારણોને જાગૃત કરનારી અને તે તે સમયે થતી હોય છે, તે નિવારવી શકય નથી. વળી 'કશી પણ ચિંતા કરવી નહિ,' 'નિવેદન કર્યું છે તેનું સ્મરણ કરવું,' એમ ગ્રંથના પ્રારંભમાં (શ્લો. ૧,૨માં) તેનો વિરોધ દર્શાવ્યો છે, ચિંતા સંબંધે વિશેષતાથી અહીં (મંગલાચરણમાં) કહેવા ઇચ્છયું

નથી, પરંતુ શાસ્ત્રમાંના ચાલી રહેલ વિચારમાં 'હવે આ સંબંધી તમે વિચારો' વગેરે પ્રયોગ જોવાથી વિચારનું બીજું નામ, કઠિનાઈ ભરેલ સ્મરણની વિશિષ્ટતાવાળી ચિંતા, તે સંબંધે કહેવા પ્રયત્ન થયો છે. ચિંતાની પણ વિશેષ પ્રકારની અંતર્ગત ભિન્ન સ્થિતિ છે કે જે સ્થિતિમાં આવી પડેલ એવા મારું શું થશે? એવા લક્ષણવાળી, તે અહીં 'ચિંતા' એવા શબ્દથી વિચારાય છે.

ચિંતાની પરંપરાને નિવારનાર જેમના ચરણકમળની રજ છે એવા પોતાના આચાર્યશ્રીને વારંવાર, એટલે જ્યારે જ્યારે તેવી સ્થિતિ સંભવે ત્યારે ત્યારે તેના નિવારણ માટે ઉત્કૃષ્ટતાથી એટલે કે કાયા, વાણી અને મનથી હું નમન કરું છું, એમ અર્થ છે. તેનાથી તેઓશ્રીના જનોનું પ્રથમ તો આ (નમન) જ (ચિંતાની) નિવૃત્તિનું સાધન છે, એમ જણાવેલું છે.

તે પછી વ્યાખ્યા થાય છે તેવા આ ગ્રંથમાં નિવેદન કરાયું છે તેને આત્મધર્મથી ચિંતા ન કરવાનું કહેવાયું છે. તેનાથી બ્રહ્મસંબંધ કરવારૂપ નિવેદન એ ભગવદ્ધર્મને આચરવાના અધિકારની પ્રાપ્તિ છે, એમ કહેવા ધાર્યું છે. તેનાથી ભગવદીયપણું પ્રાપ્ત થતાં જે રીતે ચિંતા ઉદ્ભવે છે તે રીતે તેનો પ્રકાર ગ્રંથમાં ઉતારવાને માટે 'નનું' વગેરે શબ્દોથી પ્રશ્ન કરે છે.

સિદ્ધાંતરહસ્યમાં (બીજા શ્લોકમાં) બ્રહ્મસંબંધ કરવાથી સર્વે દોષોની નિવૃત્તિ થાય છે, અને અસમર્પિત વસ્તુના ત્યાગથી ભવિષ્યના દોષો સાથે સંબંધ રહેતો નથી, એમ કહ્યું છે. તેમ જ વ્યવહારને અનુસરતા ગૌણ ધર્મના ઉપદેશથી લૌકિક અને અલૌકિક નિર્વાહનો પ્રકાર કહેવાયો છે. તેનાથી તે રીતે ભગવાનમાં સતત જોડાઇને રહેલાની આ લોકની ને પરલોકની ચિંતાનું કારણ નિવારાયું છે. કયે પ્રકારે ચિંતાનો ઉદ્ભવ થાય છે, તેની નિવૃત્તિ માટે 'નવરત્ન'ની રચના કરાયેલી છે, એમ અર્થ છે.

એ પ્રમાણે હેતુપૂર્વકના મુખ્ય પ્રશ્નથી તેવા પ્રકારની ચિંતા ઉદ્ભવે છે ત્યારે તેઓને જેવા પ્રકારની ચિંતા થાય છે તેવો પ્રકાર, તેમ જ નિવેદનના અધિકારનું સ્વરૂપ અને તેનો પ્રકાર વગેરે કોઇપણ પ્રકરણ ગ્રંથમાં કહેવાયેલ નથી, તેથી તેવા પ્રકારના કથન વગેરેથી અને તેની આવશ્યકતા દઢ કરવાને માટે, અને જેઓમાં લૌકિકી ચિંતા નથી તેવા પ્રકારના ભગવદીય જનોનાં સ્વરૂપને દર્શાવવાને માટે પ્રથમ તો આગળના એકાએક થઇ આવતા સ્મરણરૂપ ચિંતા ઉદ્ભવવાના પ્રકારને કહેતાં, 'ઇત્થમ' વગેરે શબ્દોથી ત્યાં તેનો હેતુ વિચારાય છે. અને વળી, સિધ્ધાંત રહસ્યમાં કહેલી રીતે ચિંતાનો સંભવ ન હોય તો પણ શરીર વગેરેનો નિર્વાહ કરવાનો પ્રકાર તેમાં કહેવાયેલો નથી, તેથી અનન્ય ભાવવાળા, મારું ચિંતન કરનારા જે લોકો મને ઉપાસે છે તેઓમાંના નિત્ય જોડાઇને રહેલાઓનો યોગક્ષેમ (જીવનનિર્વાહ) હું ચલાવું છું, (ગીતાજી, ૯–૨૨), એ પ્રમાણે ભગવાને કહ્યા પ્રમાણેના નિર્વાહના પ્રકારમાં પ્રાપ્તિના કહેવાયેલા વિકલ્પાત્મક

હેતુથી ચિંતા થવાનો સંભવ રહે છે. એમ હોવાથી ચિંતાના નિવારણ માટે 'નવરત્નમ' ગ્રંથની રચના થઇ છે, એમ અર્થ છે.

એ પ્રમાણે શકયતાના હેતુને વિચારીને 'તત્ર' વગેરે શબ્દોથી પ્રથમનાનું નિરાકરણ કરે છે, એટલે કે નિવેદન થયું હોય તેનાથી જ નિર્વાહ કરવો, એમ છે, તેથી શરીરનિર્વાહનો વિકલ્પ રહેતો નથી. તેમાં રહેલો હેતુ 'તદીય અર્થસ્ય' વગેરે શબ્દોથી કહે છે. અરે, (શ્રીમદ્ ભાગવતના) એકાદશ સ્કંધના ઓગણીસમા અધ્યાયમાં આત્મનિવેદન કરનારાઓના ધર્મો 'મારી અમૃતભરી કથામાં શ્રદ્ધા,' (શ્રીમદ્ ભાગવત, ૧૧–૧૯–૨૦) વગેરે શબ્દોથી (ભાગ ૧૧–૧૯–૨૦થી૨૩માં) ઉપઉપદેશાયા છે. (સિદ્ધાંત રહસ્યમાં છઠ્ઠા શ્લોક નીચે શ્રીમદ્ ભાગવતજીના ૧૧–૧૯–૨૦થી૨૩ શ્લોકનું સંપૂર્ણ ભાષાંતર અપાઇ ગયું છે, પૂર્ણ વિગત જાણવા માટે ત્યાં જોવું.) તે બધા શરીરની સ્થિતિ વિના પ્રાપ્ત ન થાય તેવા છે. તેના હેતુને નકારતાં, નિવેદન કરાયું હોય તેનાથી જ નિર્વાહ કરવાનું સૂચવે છે. એટલું જ નહિ. ઇચ્છાને જાણવી અશકય છે એમ 'વસ્તુતઃ' વગેરે શબ્દોથી કહે છે. (ખરેખર તો સેવકની ઇચ્છા હોવા છતાં તેનો ઉપયોગ અનુચિત છે ત્યાં) અનુંચિત એટલે ભગવાનના વાકયનું તાત્પર્ય જાણવાનો અભાવ હોવાથી અનુચિત છે. 'સેવકની' એમ કહ્યું છે ત્યા હેતુગર્ભ વિશેષણ છે. અને વળી, ઇચ્છા અને જ્ઞાનમાં પણ પ્રત્યક્ષ આજ્ઞાનો અભાવ હોવાથી પોતાની મેળે તેમ કરવામાં ભકિતમાર્ગને વિરુદ્ધ એવી સ્વતંત્રતાનો સંભવ હોવાથી અનુચિત છે, એમ અર્થ છે. પરંતુ બીજી રીતે ઔચિત્યની શંકા કરીને 'ન ય' વગેરે શબ્દોથી નિવારણ કરે છે. આજ્ઞા વગર પોતાની મેળે કરવામાં દોષ લાગે. તેમ કરવાથી દેહ વગેરે ભગવદીય હોવા છતાં ત્યાં મારાપણાનું અભિમાન દૂર થયું ન હોવાથી અનુચિત છે, એમ અર્થ છે.

(ક્રમશઃ)

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક

પ. ભ. શ્રી અરવિંદભાઇ જવેરચંદ મહેતા (કલકત્તા)
ના જય શ્રી કૃષ્ણ

શ્રીવલ્લભ

નામ અપરાધ

પ્રેષક : **પીરસણીયો**

મારા ગુરૂદેવ શ્રીગોવર્ધન લાલજી મહારાજ (વેરાવળ) ગીર માધવપુર પધાર્યા હતા ત્યાં એક વૈષ્ણવે વિનતી કરી :– કૃપાનાથ! શાસ્રોમાં કહ્યુ છે કે, ભગવદ નામનો એવો પ્રભાવ છે કે એના પ્રભાવથી ગમે તેવા પાપો ભસ્મ થઇ જાય છે, ત્યારે પ્રત્યક્ષ અનુભવ તો જુદોજ જણાય છે, ભગવદ નામ લેનારા પણ અનેક પ્રકારના કષ્ટો ભોગવતા જોવામાં આવે છે તો તેમાં શું સમજવું?

ત્યારે આપશ્રીએ આજ્ઞા કરી કે ભગવદ નામ જપથી પાપો અવશ્ય નાશ પામે છે, પરંતુ કોઇ એવો વિચાર કરેકે, આપણે ગમે તેટલો પાપો કરીને પછી થોડી અષ્ટાક્ષર મંત્રની માળાઓ જપ કરશુ એથી આપણે કરેલા પાપો ભસ્મ થઇ જશે, તો એ અજ્ઞાનતા છે ઇરાદા પુર્વક કરેલા પાપો. આ પ્રકારથી નાશ પામતા નથી; પણ મોટામાં મોટો 'નામ અપરાધ' બને છે, એવાઓને માટે તો ભયંકર નર્ક યાતના સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

ઘણા એમ પણ માનતા હોય છે કે, આપણે વ્રજમાં આવ્યા મંદિર બેઠકજી વિગેરેમાં સેવા, સ્મરણ, ઝારીજી ભર્યા વિગેરે સેવાના કાર્યો કર્યા, વળી અહીં તો અલોકિક ભૂમિ છે, એટલે અપરાધ થાય તો ચિંતા નહીં; થોડી માળા વધારે ફેરવી લેશુ એટલે આવા અલોકિક સ્થાનના પ્રભાવથી અહીંના પાપો નષ્ટ થઇ જશે. આપણે કોઇ ચિંતા કરવાની નથી; વિગેરે.... તો ભયંકર આત્મ વંચના છે. મહાન નામાપરાધ છે. આવાને વૈષ્ણવ પણ કેમ કહેવાય? વૈષ્ણવની વૃતિ તો હરિ–ગુરૂ વૈષ્ણવની સેવામાં હોય. હૃદયમાં ભગવદાવેશ હોય પાપ બુદ્ધિ તો એનામાં હોય જ નહીં. એનાથી પાપ થાય પણ નહીં પણ જે માત્ર નામધારી વૈષ્ણવ હોય અને અનાચાર કરી તેના નિવારણાર્થ ભગવદનામ લેતા હોય તેના અપરાધની નિવૃત્તિ તો થાય નહીં પણ પાપમાં અનેક ગણી વૃદ્ધિ થાય. અન્ય ક્ષેત્રમાં અજાણતા કરેલા પાપો આવા પુણ્ય ક્ષેત્રમાં અવશ્ય નિવૃત થાય, પરંતુ આવા પુણ્યક્ષેત્રમાં કરેલા પાપો તો વજ્ર લેપ બની જાય છે. અને એનું પરિણામ ભોગવવુજ પડે છે.

પુષ્ટિમાર્ગના વૈષ્ણવો ઉપર યમરાજની સત્તા નથી; પણ નામના અપરાધીએ તો યમરાજને આધિન થવુજ પડે છે.

આવા અપરાધો કરનારા તો ભગવાનને પણ જાણે એવું કહેતા હોય તેમ લાગે કે,

પ્રભુ ! મે અનેક પ્રકારના પાપ રૂપી ગંધવાડ એકઠો કર્યો છે. તેને આપ આપના નામરૂપી સ્વરૂપથી સાફ કરી નાખો.... કેવી દુર્બુદ્ધિ !

ભગવદ્ નામના પ્રભાવથી તો જન્મો જન્મના પાપો ભસ્મ થઇ જાય છે, પરંતુ ઇરાદા પુર્વક કરેલા પાપોનું પરિણામ તો ભોગવવુંજ પડે છે.

અલબત અજાણતાં અપરાધ થઇ ગયો હોય; અને એ માટે ખુબ પશ્ચાતાપ થતો હોય તો એવા પાપો ભગવદ્ નામથી અવશ્ય નાશ પામે છે. પરંતુ ભગવદ્ નામની શકિત 'નામાપરાધી' ને સહાયક બનતી નથી આવા અપરાધીને તો વંચક કહેવામાં આવ્યા છે. શાસ્ત્ર પુરાણોમાં જે ભગવદ્ નામનું મહાત્મ્ય બતાવવામાં આવ્યુ છે તેને યથાર્થ સમજ્યા વિના મન માન્યો અર્થ કરી પાપાચાર કરનાર માટે દુર્ગતિ સિવાય અન્ય કોઇ ગતી નથી.

દ્રષ્ટાંત તરીકે કોઇ ન્યાય નિપૂણ રાજવી હોય તે પોતાનો પુત્ર અપરાધ કરે તો તેને પણ દંડ આપે છે. તો પછી ન્યાય કર્તા ભગવાન આવા વંચકને ક્ષમા કરે ખરા ?

આ ઉપરથી ખુબ વિચારવાનુ છે. પ્રભુ પોતાના ભકતોના રક્ષક અવશ્ય છે. પણ ભગવાનને નામે અનાચાર કરનારાને ક્ષમા મળતી નથી એ ભૂલવાનું નથી.

◆

આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે સખી ! સુણજો એક વાતજી, વૈકુંઠ ધામથી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે આસોપાલવનાં તોરણ બંધાવજો,
હાં રે દીપમાલા સૌ હોંશે પ્રગટાવજો,
હાં રે સખી ! વીતી આ રાતજી, ઊગ્યું પ્રભાતજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે દેવ – દેવો સૌ દર્શને આવે,
હાં રે સાધુ–સંતો સૌ દર્શને આવે;
હાં રે દેજો દેવોને માનજી, સાધુને સન્માનજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે દીનદુખિયા સૌ આંગણિયે આવે,
હાં રે મારા લાલાના ગુણ ગવડાવે;
હાં રે દેજો ભૂખ્યાને ધાનજી, વસ્ત્રોના દાનજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે જલ જમનાના સ્નાન કરાવજો;
હાં રે રૂડા વસ્ત્રોનાં સાજ શણગારજો;
હાં રે એને જોઈને હાથજી, કરજો પ્રણામજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે એને હળથી ગોદમાં રમાડજો;
હાં રે પૂરા પ્રેમથી એને જમાડજો;
હાં રે એ તો ત્રિભુવનના નાથજી, ગોકુલને દ્વારજી,
આજે પધાર્યા શ્રીનાથજી !

હાં રે સોના રૂપાનાં પારણે પોઢાડજો;
હાં રે હીર–રેશમની દોરે ઝુલાવજો;
હાં રે એ તો જગને ઝુલાવનાર ઝુલે જીવણલાલ,
આજે પધાર્યા શ્રીનાથજી !

– દેવેન્દ્ર આર. પાલેજા

શ્રીકૃષ્ણનામ જબતેં શ્રવણ સુન્યોરી આલીરી !

પ્રા. એમ. આર. પાલેજા
(રાજપીપળા)

શ્રી મોહનભાઇજી મુળ ભરૂચના વતની, મહાબુદ્ધિશાળી, વિચક્ષણ અને અતિ મુત્સદ્દી શ્રી મોહનભાઇજી મોગલ સલ્તનતમાં ઉચ્ચ હોદ્દો ભોગવતા હતા. તેમને આગ્રાના દીવાનની પદવી પ્રાપ્ત થયેલી હતી. તે સમયે તેઓને ચારસો રૂપયા માસિક પગાર મળતો હતો. આ ચારસો રૂપિયા આજના હિસાબે તો કંઇ કેટલાયે ઘણા થાય. એ જમાનામાં એક માણસનો આહાર આજના માણસ કરતાં ચાર ગણો હતો અને તેનો માસિક ખર્ચ માત્ર આઠ આના ! આ ઉપરથી આપણને તે સમયના ચારસો રૂપિયાની કિંમતનો અંદાજ આવી શકે.

આપણને માટે આનંદની વાત તો એ છે કે આવો ઉચ્ચ હોદ્દો ભોગવનાર શ્રી મોહનભાઇજી પરમ ભગવદીય વૈષ્ણવ હતા. તેઓ શ્રી ગોકુલેશ પ્રભુના અનન્ય સેવક હતા. તેમના જીવનમાં એવા અનેક પ્રસંગો બનેલા છે કે જે તેમની વૈષ્ણવતાને અને અનન્યતાને દીપાવે છે અને આપણા જેવા માટે પ્રેરણાદાયક બની રહે છે. તેમના જીવનમાં બનેલ એક નાનકડો પ્રસંગ આપણા વૈષ્ણવોમાં અનન્યતા કેવી હોવી જોઇએ, સાચી અનન્યતા કોને કહેવાય, તેના પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે.

એક વખત એક ફકીર ભીખ માગતો રસ્તા પરથી પસાર થઇ રહ્યો હતો. કરુણ અવાજે મોટેથી તે ભીખ માગી રહ્યો હતો. એકાદ કલાક જેટલા પરિશ્રમ યુકત રઝળપાટમાં તેના ભિક્ષા પાત્રમાં માંડ એકાદ પૈસો દૃષ્ટિગોચર થતો હતો. આ જોઇ એક વૈષ્ણવને તે ફકીર ઉપર દયા આવી. તેણે કહ્યું:" "ઓલિયાજી તમારે માગવું હોય તો શ્રી મોહનભાઇજી દીવાન જેવા અમીર માણસ પાસેથી માગો જેથી તમારું દારિદ્રય દુર થઇ શકે. આમ તો તમે સવારથી સાંજ સુધી ભટકયા કરશો તો પણ તમારો દહાડો વળવાનો નથી. તેમની પાસેથી શ્રીગોકુલનાથજીના નામથી માગજો એટલે તમારો બેડો પાર થઇ જશે."

ફકીરને આ વાત જચી ગઇ. તે રસ્તામાં રાહ જોતો ઊભો રહ્યો. થોડીવાર થઇ ત્યાં તેણે એક પાલખીને આવતી જોઇ. વૈષ્ણવી તિલક અને માળા ધારણ કરેલ શ્રી મોહનભાઇજીએ પાલખીમાં બિરાજેલા હતા. પાલખી પાસે આવતાં ફકીરે ઊંચે અવાજે પોકાર કર્યો: "મોહનભાઇજી, શ્રી ગોકુલનાથજી કે નામપે કયા દેતા હૈ ?"

પોતાના પ્રાણપ્રિય શ્રી ગોકુલનાથજીનું નામ પડતાં જ જાણે કે જાદુ થયું 'શ્રીકૃષ્ણ નામ જબતેં શ્રવણ સુન્યોરી આલીદી'ના જેવી વિહ્વળ દશા તેમની થઇ. તે એટલા બધા તો ભાવ વિભોર બની ગયા કે કોઇ પણ જાતના વિલંબ વિના તેમણે પોતાના હાથના કાંડા પરના હીડા જડિત કડાં ફકીરના ભિક્ષા પાત્રમાં પોતાના પ્રાણપતિ શ્રી ગોકુલનાથજીના

નામ પર ન્યોચ્છાવર કરી દીધાં હજારો રૂપિયાની કિંમતના આ કડાં ન્યોચ્છાવર કરતી વખતે તેમનો ચહેરો એક અનેરા આનંદની આભાથી ઝળકી રહ્યો હતો ફકીર દુવાના શબ્દો ઉચ્ચારતો ચાલ્યો ગયો.

આ પ્રસંગે શ્રી મોહનભાઇજીની અનેરી અનન્યાસક્તિનું ઉદાહરણ પૂરું પાડે છે. શ્રી ગોકુલેશ પ્રભુમાં તેમની આશ્ચર્ય પમાડે તેવી આસક્તિ હતી. શ્રીજીના કૃપાપાત્ર આ સેવકને લીલાનો સાક્ષાત્ અનુભવ થતો. શ્રીગોકુલેશ પ્રભુના નિત્ય લીલાસ્થ સ્વરૂપનાં દર્શન તેમને ભૂતલ પર બિરાજમાન શ્રીગોકુલેશમાં થતા. શ્રીગોકુલનાથજી પ્રત્યે તેમની ભક્તિ એટલી તો અનન્ય અને પ્રીતિપૂર્ણ હતી કે તેઓ તેમના પર તન મન ધન સર્વસ્વ ન્યોચ્છાવર કરતા. એટલે જ તો શ્રી મોહનજીભાઇ દીનતાના મૂર્તિમંત સ્વરૂપ જેવા વંદનીય વૈષ્ણવ હતા.

શરણ્યૌ

વલ્લભો વલ્લભીયશ્ચ શરણ્યૌ સર્વદા હિતૌ ।
તાભ્યાં વિના ન પશ્યન્તિ ભક્તા: કૃષ્ણપશત્પરમ્ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને વલ્લભવંશીય આચાર્યશ્રી (અથવા વલ્લભ-સંપ્રદાય, પુષ્ટિમાર્ગ), તેઓ બે સદાય શરણે જવાને યોગ્ય છે; કારણ કે તેઓ બે વિના, એટલે કે શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને વલ્લભવંશીય ગુરુશ્રી વિના, (અથવા શ્રીમદ્ વલ્લભાચાર્યજી અને તેઓશ્રીના સંપ્રદાય વિના-પુષ્ટિમાર્ગ વિના) ભક્તજનો સર્વથી પર એવા (પૂર્ણ પુરુષોત્તમ) શ્રીકૃષ્ણને પ્રત્યક્ષ કરી શકતા નથી.

લેખક –પ ભ. શ્રી મગનભાઇ તન્ના

।। શ્રીહરિ ।।

"શ્રી સર્વોત્તમ સપ્તાહ પ્રવચન"

લે. ગો. વા. પ. ભ. દ્વારકાદાસ પરીખ

[હાલમાં "પુષ્ટિમાર્ગીય મંદિર" સંબંધમાં વિવાદાસ્પદ પ્રશ્નોની ચર્ચાઓ ચાલી રહી છે તે સમયમાં પ્રસ્તુત લેખ સંપ્રદાયના તમામ વર્ગને માર્ગદર્શક નિવડશે એવી નમ્ર અપેક્ષા સહ. પ્રે. મધુકર]

આધુનિક કાળની ધર્મ નિરપેક્ષ અને ધર્મ સાપેક્ષ જનતા અને તેના લબ્ધપ્રતિષ્ઠિત નેતાઓ, આચાર્યો, શ્રેષ્ઠિવર્ગ, વિદ્વદ્વર્ગ અને પાશ્ચાત્ય વિદ્યાવિદ્ વર્ગો તેમજ સંસ્થાઓનો પણ અતિ નિકટનો સમ્પર્ક સાધ્યા પછી એવો નિશ્ચય થાય છે કે;–

(૧) શ્રી વલ્લભાચાર્યજી પ્રતિ સમાજ સુધારકો, ઇતિહાસકારો, વિદ્વાનો અને પ્રાયઃ તમામ તત્ત્વવેત્તાઓનો દિનપ્રતિદિન આદર વધતો જાય છે.

(૨) તેવીજ રીતે આધુનિક મંદિરો અને આચાર્યો પ્રતિ આદર ઘટતો જાય છે.

(૩) સંપ્રદાયની પ્રત્યેક સંસ્થા સંપ્રદાયના હિતની અપેક્ષાએ પોતાની સંસ્થાના લાભ અને પૂજા પ્રતિ વધારે પ્રયત્નશીલ છે (અને ઘણીવાર સંપ્રદાયનું અહિત થાય એવી પ્રવૃત્તિઓ પણ કેટલીક સંસ્થાઓ દ્વારા થતી હોય છે)

(૪) કાર્યકર્તાઓમાં દ્વેષ છે. (મતભેદ હોવા એ સ્વાભાવિક છે, તે તો ઉન્નતિ તરફ લઇ જાય છે, કિન્તુ વ્યકિતગત કે સંસ્થાગત દ્વેષ સંપ્રદાયને સર્વનાશ તરફ ઘસડી જાય છે.)

(૫) સંપ્રદાયમાં સાચા પ્રચારની જગ્યાએ અન્યથા પ્રચાર ઘણોજ છે. એનાથી કોઇપણ સત્પ્રવૃત્તિમાં પણ છિદ્રોનો આરોપ કરવામાં સારા સારા અને વિદ્વાન ગણાતી વ્યકિતઓ પણ ખંચાતી નથી.

(૬) આ સંપ્રદાયમાં અનધિકારીઓનો પ્રવેશ ખૂબ થઈ ચૂકયો છે, એટલે જગતનો પ્રવાહ (અર્થ સાધનાની દષ્ટિવાળો) સંપ્રદાયનો નાશ કરી રહયો છે.

(૭) આચાર્યો, વિદ્વાનો અને વિરકતો સંપ્રદાયના હિતની અપેક્ષાએ પોતાની માન્યતાઓ અને લાભમાં વિશેષ રસ છે.

આ પ્રમુખ સાત કારણોથી એક વાત નકકી થાય છે કે યદિ સંપ્રદાયના સ્વરૂપને (કોઇપણ રૂપમાં) કાયમ રાખી શકાતું હોય તો તે કેવળ સર્વોત્તમ સ્તોત્રના આશ્રય વડે જ રહી શકે તેમ છે. કેમકે શ્રી મહાપ્રભુજીમાં બધાયનો આદર વધતો જાય છે. વિશ્વ વિદ્યાલયમાં તો શ્રી મહાપ્રભુજી અને પુષ્ટિ માર્ગ ઉપર ઘણા પ્રકારે ઘણા રૂપોથી અધ્યયન ચાલુ છે.

સાર્વજનિક ટ્રસ્ટના કાયદાની રૂપરેખાને જોતાં એ નિશ્ચિત છે કે–

"મંદિરો ભલે રહે. કિન્તુ તેની પુષ્ટિ માર્ગીય સેવાની શુરક્ષા કદી પણ થઇ શકશે નહિ." એને માટે ગૃહ–મંદિર સિવાય બીજો રસ્તો દેખાતો નથી. કહેવાતી પુષ્ટિમાર્ગીય જનતા પણ આજે સેવાને, પ્રવાહી પૂજા રૂપમાંજ જોવાની બુદ્ધિવાળી થઇ રહી છે. એટલે હવે મંદિર દ્વારા સંપ્રદાયનું સંગઠન અને સંપ્રદાયનું રૂપ જાળવવું કઠિનજ નહીં, કિન્તુ અસાધ્ય છે.

આજની ભગવદ્ મંડળીઓ નામ માત્રની છે. તેમાં જીજ્ઞાસાનું જોસ નથી અને જ્ઞાન–વિજ્ઞાનની વિચાર પ્રણાલી પણ દેખાતી નથી. તે એક “રીતના રાયતા”ની કહેવત ચરિતાર્થ કરી રહી છે.

આવી પરિસ્થિતિઓમાં સંપ્રદાયના હિતનો એકમાત્ર ઉપાય નામ સ્મરણ અને સર્વોત્તમ–સપ્તાહ પ્રવચનજ મને દેખાય છે. “અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ” આ શ્રી મદાચાર્ય ચરણના વાક્યનો આશ્રય લઇને પુષ્ટિ માર્ગ પ્રતિ સાચી હિતકામના રાખવાવાળા આચાર્યો, વિદ્વાનો, વિરક્તો, ગૃહસ્થો અને જનસામાન્યને માટે પણ અષ્ટાક્ષર જપ–યજ્ઞો અને શ્રી સર્વોત્તમ–સપ્તાહ પ્રવચનો યોજવા એજ લાભદાયક પ્રતીત થાય છે.

અષ્ટાક્ષર જપ–યજ્ઞો તો ઘણી જગ્યાએ ચાલી રહયા છે. શ્રી સર્વોત્તમ પાઠ મંડળો પણ શરૂ થયા છે. યદ્યપિ તેમાં પુષ્ટિમાર્ગીય અષ્ટાક્ષરનું સ્વરૂપ જનતા સમજી શકી નથી. જેને પરિણામે કેવલ ક્રિયાવત એ જપો થાય છે.

જનતા નવીનતાને સ્વભાવથીજ ચાહનારી છે, એટલે બીજો નવીન કાર્યક્રમ–સર્વોત્તમ સપ્તાહ પ્રવચનનો કાર્યક્રમ અપનાવવો જોઇએ. એમાંથી શ્રી મહાપ્રભુજીના એકસો આઠ નામનો સવારે બે કલાક જપ કરવો અને સાંજના તે નામો ઉપર ક્રમશઃ ચરિત્રો અને લીલાના અનુસંધાનવાળું પ્રવચન યોજવું જરૂરી છે.

જેમકે શ્રી મહાપ્રભુજીનું એક નામ છે. “દૈવોદ્ધાર પ્રયત્નાત્મા” એનું વિવેચન ચરિત્રના અનુસંધાનપૂર્વક યદિ કરવામાં આવે તો વિવેચન કર્તા તેના પાઠ કે જપ કરનારાઓને સમજાવી શકે કે દૈવી જીવોના ઉદ્ધાર માટે શ્રીમદાચાર્યચરણે એવો કયો મહાન પ્રયત્ન કર્યો કે જેમાં અન્ય સર્વ પ્રયત્નોનો સમાવેશ થઇ શકતો હોય.

આપે તો ભગવત્સેવાની સ્થાપના પુષ્ટિ ભક્તિ માર્ગનું પ્રાકટ્ય, ગ્રંથ રચના, શાસ્ત્રાર્થ આદિ અનેક પ્રયત્નોનું મૂળ તો ત્રણ પૃથ્વી પરિક્રમાઓ છે. તેના દ્વારા આપે જીવોની પ્રકૃતિને સમજીને દેશકાળને જાણ્યો અને તેના આધારે પુષ્ટિમાર્ગની ઉપયોગીતા સમજીને ગ્રંથો દ્વારા તેનું પ્રતિપાદન અને નિર્માણ કર્યું. તેમજ તેનું ક્રિયાત્મકરૂપ સર્વ જીવોને તેમજ તેમની વિવિધ પ્રકૃતિઓને અનુકૂલ બને એવી રીતે સેવારૂપથી નિર્માણ કર્યું.

દૈવીજીવો મુખ્યત્વે ત્રણ પ્રકારની પ્રકૃતિવાળા છે. એક મુઢ પ્રકૃતિવાળા, એક જ્ઞાન પ્રકૃતિવાળા અને એક વ્યવહાર પ્રધાન પ્રકૃતિવાળા તદનુસાર આપે ચરિત્રો કરીને એ ત્રણે પ્રકારના જીવોને આકર્ષીને શરણે લીધા. આ વિષય ઉપર બે કલાક પ્રવચન થઇ શકે.

આ પ્રમાણે અનુસંધાન પૂર્ણ પાઠ કરવામાં આવે તો પાઠકને તે સ્તોત્રમાં રસ ઉત્પન્ન થાય શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ પ્રતિ પ્રીતિ થાય અને તન્મયતા થાય.

આ પ્રકારની સપ્તાહ પ્રવચન યોજના ગામે ગામ થાય એ આજના સમયનાં અભિષ્ટ છે. તેનાથી પુષ્ટિ માર્ગનું સંગઠન અને પ્રચાર બન્ને થઇ શકે છે.

શ્રીવલ્લભ

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

ઠગોના સરદાર છીત સ્વામિજી પોતે ઠગાયા

(એક પ્રસંગ)

લે. રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી

શ્રી છીત સ્વામિજી જેવા ભકત શિરોમણીનું વાર્તા પ્રસંગ રૂપે સ્મરણ કરતાં આનંદ થાય છે. તેઓ લીલામાં શ્રી ચંદ્રાવલીજીનાં ખાસ અંતરંગ સખી 'પદ્માવતીજી' રૂપે છે. અને અહીં ભૂતલ ઉપર પણ શ્રીગુંસાઇજીના (હાંસીમિષે) અનન્ય અને અંતરંગ સેવક બન્યા પ્રથમ તેઓના લુંટારૂ-ઠગ, અને ગુંડાગિરિ મય જીવનની થોડી ઝલક આપી. પછી અનન્ય ભકત જીવનની ઝલકનું દર્શન કરીએ જેથી વૈષ્ણવો અને વૈષ્ણવેત્તર સર્વ જીવોને પરમ કૃપાળુ શ્રી ગુંસાઈજીની પરમ કૃપાળુતાનું સાક્ષાત દર્શન થઇ શકે કે આવા ઠગ અને ગુંડાઓના **સરદારના પણ શિરોમણી** ને પુષ્ટિ માર્ગે કેવા પાવન કર્યા

ગિરધારી-લખનજી! શ્યામલાલ શેઠનું શું થયું ? હાથમાં આવ્યો કે છટકી ગયો ?

લખનજી-અરેગિરધારી! એ કામ તો મારે મન રમત જેવું હતું. તું તો હાથમાં આવવાની વાત કરે છે. પરંતુ નજરે ચડયો એટલે કામ પતી ગયું જ સમજવું. એ રકમ તો કયારની છીતુને હવાલે થઇ ગઇ. હમણાં જલસા કરો.

લખનજી-અરે નંદુજી (નંદકુમાર) પેલી મલ્લિકાબાઈના ઝવેરાતનો પત્તો લાગ્યો ? મલ્લિકાબાઇએ ઘણાએ લખપતિઓને ફસાવી અને ખંખેર્યા છે. બહુજ ચાલાક છે. પેલો મુરલી તેનો અંગત ખાસ ટેકેદાર છે.

નંદુજી-લખનજી! શું, તું, મને એવો કાચો પોચો સમજે છે! મુરલીને ચકકરમાં ચડાવી અને મલ્લિકા બાઇનું તળીયા ઝાટક કરી આવ્યો. અને એ બધું છીતુ સરકારની તિજોરીમાં જમા થઇ ગયું. આપણું મંડલતો ઉડતાં પંખી પાડે તેવું છેને ? નજર પડી કે તુરત મેદાન સાફ ખરૂંને ?

ચંદુજી-(ચંદનજી) અરે છીતુજી! આ લખનજી તો અમારી નંદુ ચંદુની જોડી ને હજુ પણ ઓળખી શકયો નહી! ભારત ભરના દરેક દેશોના સ્ત્રી પુરૂષોના પોશાક અને ભાષાની કલા તો અમારી સ્વતંત્ર અને આગવી કલા છે. ગમે તેવાને પણ ગુલાંટ ખવરાવી ખંખેરી લઇએ.

છીતુજી-હા, ભાઇ, હા! તમારા કોઈમાં કાંઇજ કસર નથી. આપણું પંચ એટલે-પરમેશ્વર અને પરમેશ્વર એટલે આપણે પોતે જ બીજો કોઇ પરમેશ્વર છેજ નહીં. ધારી એ તે કરી લઇએ. પછી આપણી ઝપટમાં જે કાંઇ, અને જેટલું આવે તેટલું. આ મથુરાં મંડલના તો આપણે ચકવર્તિ સામ્રાટ છીએ અરે! દુનિયાના મહારાજા જ સમજોને! કોની હીંમત છે કે આપણી સામે અગરતો પાછળથી પણ આપણા વિરૂદ્ધ બોલી શકે કે, કાંઈ પણ કરી શકે!

ગીરધારી-છીતુજી! એ બરાબર છે પરંતુ આજે એક શુકનવંતા સમાચાર છે. કે

પુર્વનો એક યાત્રા સંઘ મથુરાં આવ્યો છે. અને બહારની ધર્મશાળામાં મુકામ કર્યો છે. તેમાં વીશ પચ્ચીશ શેઠીયાતો લખપતી અને કરોડ પતિ છે. ગરીબ અને મધ્યમ વર્ગને છોડી અને બીજાઓને ખંખેરીએતો પણ એકાદ બે, લાખ રૂપૈયા મેળી જાય તેમ છે. તો હમણાં મેવા મિઠાઇ અને ભાંગના જલસાઓ ચાલે.

છીતુજી–ગીરધારી! તેઓ યાત્રા કરવા આવ્યા છે, એટલે લુંટવા ઠીક નહીં. પણ આપણાં કર્મ ધર્મ તો બીજા પુરોહિત ચોબાઓ કરતાં જુદાં જ છે, એટલે આપણને તો બધું પાચન થઇ જશે. જાઓ બીજાઓ પાસે પાંચ પાંચ હજાર અને શેડીઆઓ પાસે વીશ વીશ હઝાર રહેવા દઈ અને બાકીના પડાવી લ્યો. અને તેમાંથી તે સંઘમાના સાવ ગરીબોને પાંચસો પાંચસો રૂપૈયા આપજો. હવે તમે બધા પુરોહિત થઇ જાઓ. ગરીબ અને મધ્યમ વર્ગના કેટલા છે, તે તપાસ કર્યા પછી જ બધાને ખંખેરજો. છીતુ ધર્મ શાળાને દરવાજે ઉભા અને બીજા અંદર જઇ તે પ્રમાણે દ્રવ્ય લઇ આવ્યા અને છીતુને આપ્યું.

લખનજી–છીતુ અને સાથીઓ! હવે દીલ્હીના જગુમલને લ્હાણુમાં લઇએ. એ બેટાએ દીવાળું કાઢી ઘણાને રડાવ્યા છે. તેમાં બીચારા ગરીબો અને વિધવાઓ પણ છે. તેની મિલ્કત સાથે ચોપડા પણ જપ્ત કરીએ એટલે ગરીબો અને વિધવાઓને રૂપૈયા ચુકવી દેવાય.

છીતુ–એક જગ્ગુ શેઠનું કરીએ એટલે પાંચ સાત લાખનો જોગ થઇ જશે. એટલે થોડો સમય જલસા ચાલશે. મલાઇ–પુડી બરફી–પેંડા–ખુરચન–રસગુલ્લાં, ઉડાવીએ તો પણ નહીં ખુટે પરંતુ ઘરાક થઇ અને જવાનું છે. બીજા ચાર પાંચ ભાડુતી સાથીઓ પણ લેવાના છે. છુપા હથીયારની પણ તૈયારી રાખી અને જવાનું છે. અને દીલ્હીના જગ્ગુમલ ઝવેરીના ઘર દુકાન ઉપર મોડી રાતે હાથ મારી આવ્યા. અને વિચારવા લાગ્યા.

ગીરધારી–છીતુ! આપણે ઘણાં વરસની નિરાંત તો કરી લીધી. પણ સાથે સાથે આનંદ પ્રમોદ પણ જોઇએ. નાચ ગાનનો જલસો પણ કરીએ. મસાણીયાં મોઢાં કરી મલાઈ પુડી અને રસગુલ્લાં ઉડાવવાની મઝા નહીં આવે કેમ કરીશું સર્વ વિચારો.

નંદુજી–આપણે બંસીધરની મંડલીના રાસનો જલસો કર્યો હવે આજે અંગુરી બાઈની ગઝલ ઠુમરીની મહેફીલ માણીએ. કાલે વળી બીજો કોઇ ફતવો શોધી કાઢી અને નવો જલસો કરીશું.

છીતુજી–લ્યો, આ સો રૂપૈયા! સહુની ઇચ્છા થાય તેમ કરો વધારે જોઇએ તો માગજો લઇ આવો તમારો સહુની મન માની મિઠાઇ અને જે ઇચ્છા થાય તે અને અંગુરીબાઇને કહેજો કે રાત્રે દશ વાગે આવી જાય. અને ગુલાબ·જામન–રસ ગુલ્લાં–કેસરી રબડી–મલાઈ

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧

ગો. વા. સોની હસમુખલાલ કનૈયાલાલ ટંકારાવાળાના જયશ્રીકૃષ્ણ
હા. સોની કનૈયાલાલ મોહનલાલ

અને નમકીન (ફરસાણ) વસ્તુ બધી આવી ગઇ. રાત્રે દસ વાગે નૃત્યાંગના અંગુરીબાઇ અને તેના સર્વ સાજીંદાઓ આવી ગયા અને સર્વેએ નૃત્ય અને મિઠાઇનો સ્વાદ લીધો.

ચંદુજી–હવે ! આજે તો ભાંગ છાણી એ અને અરામ કરીએ. પરંતુ કાલે પણ કાંઇક રમુજ મનોરંજન તો જોઇશે. જ શું કરી શું સહુ વિચારજો.

ગીરધારી–એમાં વિચાર વળી શું કરવાનો હતો ! આ ગોકુલના ગુંસાઇ બધા ઉપર જાદુ, ટોના કરી અને બધાને લટુ બનાવે છે. કાલે આપણે ગોકુલ જઇ અને તેને બનાવી જોઇએ. કે ખરા તો જાદુટોનાં કેવાંક કરે છે. અને આપણને મનોરંજન થશે.

લખન–છીતુ ! તું શું કહે છે. તું કહે તો એ ગુંસાઇજીને બનાવી. આનંદ લઇએ.

છીતુ–તમારા સહુની ઇચ્છા હોય તો નવા અખતરાં કરીએ. પરંતુ અત્યારે સવારમાં ભાંગ ચડાવી છે. એટલે પહેલાં તો કેસરી મલાઇ બાસોંદી રસગુલ્લાં–પુડી સાક અને આલુ પકોડાનું પ્રાતઃ ભોજન પતાવી, અને મધ્યાહ્‌ન પછી ગોકુલ જઇએ. અને સહુ ભોજનથી પરવારી ત્રીજા પ્રહરે ગોકુલ જવાની તૈયારી કરવા લાગ્યા. અને રમુજ કેમ કરવી તે વિચારવા લાગ્યા

નંદજી–છીતુ ! એ ગુંસાઇજીને સહુએ સાક્ષાત્ પ્રભૂ માને છે. તો આપણે તેની પ્રભૂતાની કસોટી કરીએ. પછી જોઇએ. કે તેઓ શું કરે છે.

છીતુ–એક ખોટું નારીયલ લાવો. તેમાં રાખ ભરીએ. અને એક ખોટો રૂપૈયો ભેટ ધરીએ અને કરીએ તમાશો. પછી આગળ જોઇ લેવાશે.

પરંતુ મનમાં તો ડર હતો કે આવા પ્રખ્યાત અને જગત પ્રિય શ્રીગુંસાઇજીના સર્વ મહારાજાઓના પણ પુજ્ય સ્થાને છેઃ અકબર તાનસેન–બીરબલ ટોડરમલ અને ઘણા મહારાજાઓ પણ તેના દાસ બની ગયા છે ઘણા દિવાનો–સભાસદો અને શ્રેષ્ઠીઓ પણ જેઓના દાસ છે. અને આપની આજ્ઞાનુસાર વર્તન કરે છે. જેથી પહેલાં તો આવી હળવી હાંસી જ બરાબર છે. અને જેનાં રૂપ છાપ બરાબર હોવા છતાં તે ખોટી ધાતુના રૂપૈયો અને નારીયલ તૈયાર કરી બધાઓ ખુબ હંસ્યા. અને સર્વ મંડળી શ્રીગોકુલ આવી. તે વખતે શ્રી ગુંસાઇજીનું ઉત્થાપન સમયે જાગી અને ગાદી ઉપર બીરાજયા હતા. મંડળી મંદિર પાસે આવી.

છીતુ–મિત્રો ! તમે હમણાં અહીં બહાર બેસો પહેલાં હું જઇ અને અંદરનો ખેલ તમાશો અને રંગ રાગ જોઇ આવું એમ કહી આવું ખોટું નારીયલ અને ખોટો રૂપૈયો અંગોછામાં બાંધી અને છીત સ્વામી અંદર ગયા. અને આપશ્રીનાં દર્શન કરી દંડવત્ કર્યા. લીલાની પોતાની સખી જાણી અને

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧
ગો. વા. સોની છોટાલાલ રાજશીભાઈ ટંકારાવાળાના જયશ્રીકૃષ્ણ
હા. સોની ધિરજલાલ મોહનલાલ

શ્રી ગુસાંઇજીએ છીત સ્વામી ઉપર કૃપા દ્દષ્ટિ કરી. અને તેના સન્માન સાથે કૃપાની ધારા પણ વહાવી મંદ મંદ હસતાં કટાક્ષથી તેનું સન્માન કર્યું અને મધુર વાણીથી આજ્ઞા કરી.

શ્રીગુંસાંઇજી–આવો, આવો, છીત સ્વામી ! કેમ છો ? સારા છોને ? ઘણા દીવસે તમને જોયા. આટલા દીવસ કયાં હતા ? પ્રભૂ કયાં સુધી તમારી રાહ જોશે.

શ્રીગુંસાંઇજીનાં અલૌકિક દર્શન અને તે પછી વશિકરણ ભરેલી મધુર વાણીની અમૃત વર્ષા થતાં જ, છીત સ્વામીના મોતીયા મરી ગયા. અને ઢીલા થયા. વર્ષો જુની સ્મૃતિ સાથે લીલાત્મક સબંધનો પણ અદ્રષ્ય સંચાર થયો. અને આત્મા સાથે રોમ રોમ જાગૃત થયાં.

છીત સ્વામી–(હાથ જોડી અને વિનંતિથી) મહારાજ હું તો આપનો છું. એમ કહી પરમ સ્નેહ અને નિર્મળ મનથી તેણે શ્રીગુંસાઇજીને સાષ્ટાંગ દંડવત્ કર્યા. મનમાં સંકોચ થયો, કે સાક્ષાત્ પ્રભૂ સાથે હું કપટ કરી રહ્યો છું. પરંતુ મનને સ્વસ્થ કરી અને વિનંતિ કરી કે મહારાજ ! હવે તો કૃપા કરી મને શરણે લઇ પાવન કરો એમ હાથ જોડી ઉભા રહ્યા.

શ્રીગુંસાઈજી–છીત સ્વામી ! તમે એવું કેમ બોલો છો ! તમે તો ચોબા અને અમારા પુજનિય છો. તમે પોતે જ સ્વતઃ સિદ્ધ છો. તમે અમને દંડવત્ કેમ કરો છો ? એ, તમને શોભે નહીં અમારાથી તમને શરણે કેમ લેવાય !

છીત સ્વામી–મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. અને મને શરણે લઈ મારો અંગીકાર કરો. પ્રભૂ ! મને એજ....સમજમાં આવતું નથી કે, હું કયા અપરાધથી સ્વામી થયો છું. પરંતુ હવે આપનાં દર્શન માત્રથી મારાં ભાગ્ય ખુલી ગયાં. અને સાથે અનેક જન્મોના અંતરાયો ભસ્મિભૂત થઇ, કંઇક કાળની અજ્ઞાનતાના અને જડતાના વજ્ર કપાટ ખુલી ગયા. હવે તો એવી કૃપા કરો કે સ્વામિત્વ છુટે, અને આપનો દાસ કહેવાઉં. મનમાં તો કુટિલતાનાં પોટલાં બાંધીને જ આવ્યો હતો. પણ આપનાં દર્શન માત્રથી તે અદ્રષ્ય થઈ ગયાં. હવે તો હું આપનો વગર મૂલનો દાસ છું. એટલે આપની ઇચ્છા થાય તેમ કરો. આપ તો મહાદાની છો ! પ્રભૂ ! દીનજનોના નાથ છો. દયાના સાગર છો. મારા જેવા કુટિલ જીવની કૃતિઓ સામે આપને જોવા જેવું શું હોય ! માટે આપનો જાણી કૃપા કરી સેવક કરો. છીત સ્વામીની આવી દૈન્યમય શુદ્ધ અંતરની ભાવના જોઇ આપશ્રી પરમકૃપાળુ થયા. અને છીત સ્વામીને કહ્યું.

શ્રીગુંસાઇજી–છીત સ્વામી ! અહીં પાસે આવો બેસો. ત્યારે છીત સ્વામી પાસે આવી.

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧
ગં. વા. અ. સૌ. રમાગૌરી ઇન્દુકુમાર ટંકારાવાળાના જયશ્રીકૃષ્ણ
હા. સોની ઇન્દુકુમાર કનૈયાલાલ

દંડવત કરી અને બેઠા. એટલે આપણીએ કૃપા કરી અને “નામ” આપ્યું. એટલે છીત સ્વામીને પોતાના લીલાત્મક સ્વરૂપની સ્ફુરણા થઇ. કુટીલતા રૂપ અપરાધના નિવારણ–અપરાધની ક્ષમા અને કૃપા નિધાન પ્રભૂની, પ્રભૂતાનું એક પદ ગાયું–

પદ–ભઇ અબ ગીરધર સે પહેચાન ।।
કપટ રૂપ ધર છલવે આયો
પુરૂષોત્તમ નહીં જાન ।।૧।।
છોટો બડો કછુના જાન્યો
છાઇ રહ્યો અજ્ઞાન ।।
છીત સ્વામી દેખત **અપનાયો**
શ્રીવિઠ્ઠલ કૃપા નિધાન ।।૨।।

આ કીર્તન બહાર બેઠેલા સાથીદાર ચોબાઓએ સાંભળ્યું અને તેઓ જાગૃત થઇ ગયા.

લખન–મિત્રો ! છીતુને તો હવે ટોનું લાગી ગયું. એ હવે આપણા કામનો નહીં રહે. હવે આપણે અહીંથી તુરત જ રવાના થઇ જઇએ. નહીં તો આપણને પણ ટોનું લાગી જશે. અને આપણે પણ વેરાગી થઇ જઇશું અને તેઓ ત્યાંથી પલાયન થઇ, તુરત જ મથુરાં પહોંચી ગયા. અને છીત સ્વામીજીએ તુરત બીજું પદ ગાયું.

પદ–ગયે પાપ તાપ દુર દેખત
દરસ પરસ શરણં ।।

હોંતો એક પતિત તિંહારો–પતિત પાવન બીરદ હો તમ જગત કે ઉદ્ધરણ સ્તુતિ શેષ કર, ન, સકે સકલ કલા ગુણ નિધાન, જાનતહોં તિહારી સબબિધ અનુશરણં ।। “છીત સ્વામી” ગિરિવરધર, તેસે હીં શ્રીવિઠ્ઠલેશ;
હોં તો તિહારી જનમો જનમ શરણં ।।૨।।

આ પદ ગાતાં ગાતાં છીત સ્વામીનો કંઠ ગદ્ ગદ્ અને નેત્રો સજલ થઇ ગયાં. એ જોઇ શ્રીગુંસાઇજી પ્રસન્ન થયા.

(ક્રમશઃ)

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧
ગો. વા. સોની જગદીશ વાડીલાલ ટંકારાવાળાના જયશ્રીકૃષ્ણ
હા સોની વાડીલાલ મોહનલાલ

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)**

(ગતાંકથી ચાલુ)

પદ ૨૮ મું

ભકત ઇચ્છા પૂરન શ્રીયમુને જુ કરતા,
બિના માંગેહુ દેત, કહાલોં કહોં હેત;
જેસેં કહુકો કોઉ હોય ધરતા. ૧
શ્રીયમુના પુલિન રાસ, બ્રજ–બધૂલિયે પાસ,
મંદ–મંદ હાસ કર મન જુ હરતા;
'કુંભનદાસ' લાલ ગિરિધરન મુખ નિરખત,
યહી જિય લેખત શ્રીયમુને જુ ભરતા. ૨

અર્થ–શ્રીયમુનાજી ભકતની ઇચ્છા પૂર્ણ કરે છે. પોતાના ભકતો પ્રત્યે શ્રીમહારાણીજીનું કેવું હેત છે કે વગર માગ્યે પણ ઇચ્છિત ફળ આપે છે. કેમ જાણે કોઈ અબોધ બાળક હોય અને પોતાની ઇચ્છા વ્યકત ન કરી શકતું હોય ત્યારે માતા–પિતા જેવી રીતે એની સાર–સંભાળ રાખે છે એવી જ રીતે ભકતની જવાબદારી આપે સ્વીકારી લીધી છે.

આપના તટ ઉપર વ્રજ રત્નાઓ સહિત શ્રીનાથજી રાસાદિક લીલાઓ કરે છે ત્યારે આપ મંદ–હાસ્ય કરતાં પ્રભુનું મન હરણ કરે છે.

કુંભનદાસજી ધન્યતા અનુભવતા કહે છે કે નિકુંજ નાયક શ્રીનાથજીના પ્રસન્ન મુખારવિંદના દર્શનનું સૌભાગ્ય મને પ્રાપ્ત થાય છે ત્યારે હું એ નથી ભૂલતો કે આ રસિક રાસેશ્વર મારા શ્રી મહારાણીજીમાના ભર્તા (પતિ) છે અને આ સ્મૃતિ પણ મને શ્રીયમુનાજીની કૃપાથી જ રહે છે.

વિવેચન–સંસારમાં ભગવાન સિવાય કોઈ એવું પરમોદાર નથી કે વગર માગે ઇચ્છા પૂર્ણ કરે કહેવત છે કે માગ્યા વગર તો 'મા' પણ ન પીરસે. પ્રભુ પણ કોઇ પ્રસંગે પરિક્ષા અર્થે ભકતની ઇચ્છા પૂર્ણ કરવામાં વિલંબ કરતા હશે. પરંતુ દયાના સાગર શ્રીયમુનાજી ભકતેચ્છા પૂર્ણ કરવામાં સહેજ પણ વિલંબ કરતા નથી. કારણ કે ભકતનું દુઃખ 'મા' પોતાનું જ દુઃખ માની લે છે. એટલે પ્રભુ કૃપા કરવામાં સહેજ વિલંબ કરે તો શ્રીયમુનાજી તુરત આપને વિનતિ કરે છે કે 'નાથ ! જીવ આપણો છે, દુઃખી છે. એના પ્રત્યે સત્વર કૃપા કરો." એટલું જ નહીં પરંતુ રાસાદિક લીલા પ્રસંગે જીવને અલૌકિક લીલા દર્શનનું સુખ પણ આપે છે. આવા કૃપાળુ 'મા' ને છોડી કયાં જઇએ ?

સોરઠો

સ્વારથમય સંસાર, ભવસાગરમાં ભટકતાં,
આવ્યો તારે દ્વાર, શરણે લીધો તેં માવડી.

–ક્રમશઃ

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂ. ૫૧

ગો. વા. સોની મોહનલાલ રાજશીભાઇ ટંકારાવાળાના જયશ્રીકૃષ્ણ
હા. સોની ધિરજલાલ મોહનલાલ

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધરુબોલા)

(લેખાંક ૧૨મો) (ગતાંકથી ચાલુ)

મકર મુખ કુંજર દુખ પાયો, શરણ લિય બન્ધન છુડવાયો ।
બન્ધ દેવન થલિ મહતારી, દીન લખ બન્ધન લિય ધારી ॥
ગોપીકા ફિરત ફિરત હારી, ભયે લખ રુદન કૃપા કારી ।
ગોપ વૈકુંઠ લોક પેખ્યો, ધ્રૂવ ઉત્તમ હરિ પદ દેખ્યો ॥
દ્રૌપદી કી લજ્જા રાખી, ભયે પ્રહલાદ બચન સાખી ।
દીન આતુર ચિત ગુણ ગાયે, ભજત સાધક હરિ સુખ પાયે ॥

નોંધ – શ્રી કૃષ્ણદાસના હૃદયમાં પૂર્ણ દૈન્ય હોવાથી શ્રી વલ્લભની પ્રાપ્તિ થઇ. આ ઉપરથી ભક્તિમાર્ગીય જીવોએ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે હરિની પ્રાપ્તિમાં વિલંબ એ પોતાનો દોષ માનવો. ભગવાન નિર્દોષ છે. સાધનના પ્રકારો દૈન્યમાં પ્રવેશ કરે તો જ દૈન્ય દયાનિધિની પ્રાપ્તિનું મહાન સાધન બને. જે દીનતા વ્રજ ભક્તો, હાથી દ્રૌપદી ધ્રૂવ, પ્રહ્લાદ વગેરેમાં હતી. ગદાધરદાસ, પદ્મનાભ પંડિત, પુરુષોત્તમદાસ શેઠ અને કૃષ્ણદાસ વગેરેને દીનતાથી શ્રી વલ્લભના દર્શન થયા. ગણપતરામ કવિ પૂર્વના અનુભવીયોનો અનુભવ જીવનમાં ઉતારી પોતાના આચાર્ય ઇશ્વર વલ્લભ વ્રજેશરુપના વાક્ય સદા સત્ય સત્ય અને સત્ય એ જ કે–

‘નહિ સાધન સંપત્યા હરિ તુષ્યતિ કર્હિચિત ।
ભક્તાનાં દૌન્યમેકહિ હરિ તોષણ સાધનમ’ ॥

આ પ્રમાણે શ્રીકૃષ્ણદાસ શ્રી વલ્લભ પ્રભુ પાસે સહુથી પ્રથમ સેવક તરીકે રહયા ને પોતે ખવાસની સેવા કરવા લાગ્યા.

શ્રી વલ્લભનો વિદ્યાભ્યાસ

શ્રીવલ્લભ વૈદિક સંસ્કાર પંછી અભ્યાસ કરવા ગુરુકુલમાં પિતાની આજ્ઞાથી પધાર્યા માધ્વેન્દ્રપુરિ મધ્વસંપ્રદાયના આચાર્ય હતા. જે વિદ્યાપીઠ ચલાવતા. અનેક વિષયોના પંડિતો અને આચાર્યો પોતાની પીઠમાં બ્રાહ્મણ બાલકોને અભ્યાસ કરાવતાં. પોતે માધવેન્દ્રપુરિ સર્વોપરી આચાર્ય બની વિદ્યાર્થીનો અધિકાર અનુભવમા લઈ ઉત્તમ પ્રકારનું ગુપ્ત જ્ઞાન અમુક વિદ્યાર્થીઓને આપતા. શ્રીવલ્લભની બાલ પણામા સુખ્યાતી જોઈ પોતાને ત્યાં અભ્યાસ માટે આવેલા શ્રી વલ્લભને જોઇ પ્રસન્ન થયા ને જાતે જ અભ્યાસ કરાવવા લાગ્યા.

ચોપાઇ

અમલ દૂજ આષાડ સુહાઈ, ગુરુ ઘર આવત જબ દ્વિજરાઇ ।
બ્રહ્મચર્ય વ્રત લિય અભ્યાસી, પ્રમુદિત ગુરુ ઘર ભયઉ નિવાસી ।।
માધવેન્દ્ર યતિ મધ્વાચારી, દેવત પાઠ લખત અધિકારી ।
અંગ સહિત ગુરુ પાઠ પઢાવે, આપત્વરિત ષટ દશ બઢ ગાવે ।।
સાંગોપાંગ સહિત અભ્યાસી, બેગિ પઢત ગુરુ ભય ઉહુલાસી ।
સહ પાઠી જન પાઠ પઢાવેં, વિદ્યા ગુપત મરમ સમઝાવેં ।।
બલગ બિલગ આચાર્ય મનાયે, મુખ્ય પુરુષ માધ્વેન્દ્ર કહાયે ।
છેહ માસ વિદ્યા સબ પાઇ, માધવેન્દ્ર વિસ્મયતા છાઇ ।।
ગુરુકે મન ભઇ મહત પ્રતીતી, હરિ અવતાર પઢનકી રીત ।
શતયાજી લછમન ભટ જેહી, અગન કુંડ પ્રકટત હરિ એહી ।।
છેહ માસ સત્સંગ સુહાવા, ભયેશિષ્ય હરિ દર્શન પાવા ।
દરસ પરસ કર હમ ભડભાગી, પરખ લેન હૃદય રુચિ જાગી ।।
મિલ ઇકાન્ત વલ્લભ બૈઠાયે, માધ્વેન્દ્ર શુભ બચન સુનાયે ।
દ્વિજ અવતાર લખત જગદીશા, વૈશ્વાનર વલ્લભ વાગીશા ।।
સ્વલ્પ સમય પઢ પાવત વેદા, અચરજ પાવત લખ કર મેધા ।
બ્રહ્મવાદ મંડનકે હેતૂ, પ્રકટત તુમ આચાર્ય અજેતૂ ।।
પ્રકટ વિલય જગ હરિકીમાયા, સુનત બચન મમચિત સુખ પાયા ।
બ્રહ્મ સ્વરુપ જગત સબ જાના, એક મનોરથ મમ ચિત ઠાના ।।
તનુ તજ મમ ગુરુ કિય કહિં વાસા, ચાહત ગુરુ દર્શન અભિલાષ ।

દોહા – મુદિત કરન ગુરુચરનકો, બોલે વલ્લભ રાય;
ઘર ભીતર રાજત સદા, દેખેં સન્મુખ જાય.
માધવેન્દ્ર ભીતર ગયે, દેખત સારા ઠાઠ;
શ્રીમદ્ ભાગવત કા ગુરુ, મુદિત કરત મુખ પાઠ.

નોંધ :– શ્રીવલ્લભથી દિવ્ય મેધા જોતાં ગુરુએ વિચાર કર્યો કે નારદ પંચરાત્રમાં તેમજ અન્ય પુરાણોમાં કલિયુગમાં આચાર્ય તરીકે યજ્ઞનારાયણનો અવતાર તૈલંગ કુલમાં થશે, તેજ શતસોમયાજી લક્ષમણ ભટજીને ત્યાં આજ બાલક અગ્નિના અવતારરુપ છે તેથી તેમની પાસે પૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત કરવા પોતાના ગુરુ ઘણાં વર્ષ પહેલા દેહાન્ત થયા હતા, તેજ ગુરુના દર્શન કરવાની અભિલાષા પ્રકટ કરતાં શ્રી વલ્લભે ગુરુના દર્શન ઘરમાં કરાવ્યા.

મધ્વેન્દ્રપુરિ પોતાના ગુરુના દર્શન કરી પ્રાર્થના કરી શિષ્ય શ્રી વલ્લભનો અવતાર ભેદ ગુરુ દ્વારા જાણ્યો.

ગુરુએ આજ્ઞા કરી કે પૂર્વે તું સાંદીપની હતો, ત્યારે તારા શિષ્ય વલ્લભ કૃષ્ણરુપ હતા. તેં દક્ષિણામાં પુત્રની ચાહના કરી તેથી તને યમ પાસેથી પુત્ર લઇ તને આપ્યો, તારી કામના પૂર્ણ થઈ. કામના કરતા આ બીજો જન્મ તારે લેવો પડયો. હવે તું તેમની પાસે ગિરિરાજમાં ગોવર્ધનેશનું સ્વરુપ પ્રકટ થયેલું છે. તે શ્રીકૃષ્ણનું સ્વરુપ તેની સેવા શ્રી વલ્લભ પાસે ગુરુ દક્ષિણમાં માગી સેવા કરી તારા અન્તિમ જન્મનું સાર્થક કરી વૈકુંઠી મુકિત મેળવી લે.

તે પ્રમાણે પોતાના ગુરુના વચનામૃત સાંભળી દંડવત્ કર્યા. ગુરુ અદૃષ્ય થતાં શ્રી વલ્લભ પાસે આવી માધ્વેન્દ્રપુરિ ગદગદ કંઠ થઇ શ્રીવલ્લભને ભેટી પડયા અને અવતારો ધારણ કરનાર પરમ પુરુષ આપ, ગુરુ દ્વારા જાણી માધ્વેન્દ્રપુરિ મૌન ધારણ કરી ઉભા રહ્યા.

શ્રીવલ્લભે પોતાનો અવતાર ભેદ ન ખુલે તે માટે ગુરુજીને પ્રાર્થના કરી. ગુરુજીએ ગિરિરાજ કંદરામાંથી પ્રકટ થયેલ દેવ શ્રીજીની સેવા માગતાં શ્રીવલ્લભે ગુરુનો મનોરથ પૂર્ણ કરવાનું કહ્યું.

ત્યારે શ્રીવલ્લભે કહ્યું કે જ્યારે પાટ પધરાવીશ ત્યારે તે સ્વરુપની સેવા આપને આપીશ. પછી ગુરુએ પરમ હર્ષ યુકત શ્રી વલ્લભને આશીર્વાદ આપ્યા ને ગુરુ ઘરથી વિદાઇ થઇ શ્રીવલ્લભ પિતાજી પાસે આવ્યા. ટુંક સમયમાં સર્વ વિદ્યા પ્રાપ્ત કેવી રીતે કરી તેવી પિતાના મનમાં શંકા થતાં રાતના સ્વપ્નમાં પિતા સન્મુખ પ્રકટ થઇ શ્રીવલ્લભ પિતાજીને કહેવા લાગ્યા.

ચોપાઇ

સંશય પાવત પિતુ જબ સોચે, સુત પ્રતિભા મહિમા ચિત ગોચે.
સુપન પાય શ્રીવલ્લભ દેખે, બદત બચન શુભ પરમ બિશેખે.
ત્રય અવતાર ભયે સુખકારી, વલ્લભ વામન રાસ બિહારી.
વ્રજમેંગ્યારહ બરષ બિતાયે, બન્ધનસે સુત સુખ બિસરાયે.
વહ સુખ દેવન મમ અભિલાષા, કર પાવત પિતુ સન્મુખ વાસા.
અંગ વિલય બાલાજી ભાવેં, અક્ષર મય અક્ષય સુખ પાવેં.
દોહા–સંશય તજ સબ બાતસે, કરિયે આપ વિચાર.
હમ પ્રકટે સુતરુપધર, યજ્ઞ પુરુષ અવતાર.
ભકતોં કે વશમેં સદા, દેત સ્વજન અભિરામ;
ખગ મૃગ માનવ દેહ ધર, કરત સન્તકે કામ.

–ક્રમશઃ

સમાચાર

રાજકોટ તા. ૧૩–૧૧–૧૯૮૬

ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં છેલ્લા એક વરસાદની કમીને કારણે ચાલુ વર્ષે દુષ્કાળની પરિસ્થિતિનું સર્જન વ્યાપક પ્રમાણમાં ડોકીયું કરી રહ્યું છે ત્યારે વૈષ્ણવ સમાજે "વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે" ની વાતને ચરિતાર્થ કરવા કટિબદ્ધ બની દુષ્કાળની ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા અને સહાયભૂત બનવું જોઈશે એવું આં. પુ. વૈષ્ણવ પરિષદ, તરફથી રાજકોટ મુકામે યોજાયેલી કાર્યકરોની મીટીંગમાં સંગઠન મંત્રી પ્રા ચીમનભાઈ શેઠે જણાવ્યું હતું. પરિષદ તરફથી દુષ્કાળના કાર્યને ગતિમાન કરવા પ. ભ. શ્રી ડાહ્યાલાલ કસ્તુરચંદ કંસારા, શ્રી હસમુખભાઈ ખખ્ખર શ્રી કાંતિભાઇ રાધનપુરા, શ્રી જયંતિભાઈ પડીયા, શ્રી નટુભાઈ ઠક્કર વિગેરે લોકોની એક રાજકોટ વિભાગની સમિતિ બનાવી છે.

રાજકોટના કાર્યકરોની તા. ૯મી ના રોજ મળેલી મીટીંગમાં કામવવાળા, પુ ગો. શ્રી વ્રજેશબાવાશ્રીએ વર્તમાન પરિસ્થિતિમાં પરિષદના કાર્યનો વ્યાપ વધારી તેને મજબુત બનાવવા કાર્યકરોને અપીલ કરી હતી, પંચસૂત્રિ કાર્યક્રમ, દુષ્કાળ રાહત, ગૌવંશ હત્યા પર પ્રતિબંધ અને ગોપાલન, વિગેરે પરના ઠરાવો આ મીટીંગમાં પસાર કરવામાં આવ્યા હતા. શ્રી ડાયાલાલ કંસારા, શ્રી હસમુખભાઈ ખખ્ખર, કાંતિભાઈ રાધનપુરા વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. અને પરિષદની કાર્યવાહી વિભિન્ન પ્રોજેકટો અને આવનારા પડકારો અંગે સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે વિસ્તૃત સમજ આપી હતી.

ચીમનભાઈ શેઠ

નવું પ્રકાશન

શિક્ષાપત્રનું આચમન: (ભાગ બીજો, શિક્ષાપત્ર ૧૧ થી ૨૦) લેખક પ્રા. રમેશભાઈ વિ. પરીખ (મહેસાણા) : પૃષ્ઠ સંખ્યા ૩૪૪, ન્યોછાવર રૂા. પચીસ, (લેખકશ્રીના કથન અનુસાર નહિ નફો, નહિ નુકસાનના ધોરણે)

એમાં શિક્ષાપત્રના મૂળ શ્લોકો, તેનું ભાષાંતર અને તે ઉપરાંત રસમય વિવરણ આપવામાં આવ્યું છે. શિક્ષાપત્રથી વૈષ્ણવ સંપ્રદાય ખૂબ ખૂબ પરિચિત છે, પરંતુ તેનું પુન: પુન: પઠન એટલું જ જરૂરી છે. શિક્ષાપત્ર ૧ થી ૧૦ નું સિંહાવલોકન પણ પ્રારંભે આપવામાં આવેલ છે.

તેમાં આશીર્વાદાત્મક ભૂમિકા પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારશ્રી (કાંકરોલી) એ લખેલ છે. પૂ. પા. ગો. શ્રી ઈંદિરાબેટીજી મહોદયાએ આ બીજો ભાગ વહેલામાં વહેલી તકે પ્રકાશિત થાય તે માટે તેમના ટ્રસ્ટ તરફથી જરૂરી બધી જ વ્યવસ્થા કરી આપવાની કૃપા કરી છે.

સુંદર, શુદ્ધ અને મોટા અક્ષરે છપાયેલ આ ગ્રંથ આંખને પણ ગમી જાય તેવો છે. તેનું અધ્યયન પુષ્ટિજનોને પ્રેરક બની રહેશે, એ નિ:શંક છે. દરેક વૈષ્ણવજન પોતાના પુસ્તકાલયમાં સ્થાન આપી તેનું વાચન, મનન, અધ્યયન કરે એવી નમ્ર વિનંતિ.

–સમીક્ષક

પ્રાપ્તિસ્થાન : પ્રા. શ્રી રમેશભાઈ વિ. પરીખ, 'વ્રજરજ', ૩૧ શિવ સોસાયટી નાં. ૨, બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા, ૩૮૪૦૦૨.

આપણા પ્રાચી તીર્થો :– શ્રી નગીનદાસ માણેકલાલ શેઠ, પૃષ્ઠ સંખ્યા ૪૮+૮=૫૬ ન્યોછાવર રૂા. ૨–બે

પૂ. પા. ગો. ઈન્દીરાબેટીજીના આશીર્વાદ મેળવેલ પુસ્તકમાં ચરણાટ, અડેલ ચિત્રકૂટ, અયોધ્યા, નૈમિષારણ્ય, સોરમ, કાશી વગેરે બેઠકોની માહિતી તથા હરદ્વાર–ઋષિકેશ વગેરે સ્થળોનો ઈતિહાસ છે. તેમજ આ સ્થળો જોયા પછી જે અનુભવ થયો છે તે તથા તે સ્થળો એ જવાની વ્યવસ્થાનો ખ્યાલ છે. ઉપરાંત ઝારીજી કેવી રીતે ભરવા તેની નોધ આપેલી છે.

શ્રી નગીનદાસ માણેકલાલ શેઠ ૬૨ બી, ગજાનંદ સોસાયટી માંજલપુર નાકા, વડોદરા–૩૯૦૦૧૧

।। શ્રી હરિ ।।

।। નિ:સાધનાધીશ શ્રી ગોપીજન વલ્લભાય નમ: ।।

[વલ્લભ વિઠ્ઠલ હરિ ન જાણ્યા એણે સર્વસ્વ ખોયું રે એ રાહ]

(૧)

વલ્લભ મુખર્થી કહીયે, ચર્ણકમલ ચિત્ત રાખી વ્હાલા.
વલ્લભકુળનું શરણું સાચું, જાણે તે સદ્‌ભાગી વ્હાલા.
દૈવીજન પર કરૂણા કીધી જીવ પોતાના જાણી વ્હાલા.
એને છોડી બીજે ભટકે, તે તો મહા દુર્ભાગી વ્હાલા.
બ્રહ્મસંબંધની દીક્ષા દીધી, દીધી અમૃતવાણી વ્હાલા.
જન્મો જનમની ભ્રમણા ભાંગી, શિક્ષા દીધી છાની વ્હાલા.
સકળ શસ્ત્રનું તત્વ બતાવ્યું, અષ્ટાક્ષર મંત્ર આપી વ્હાલા.
ગુપ્ત મહારસ પ્રગટ જણાવ્યો, સેવા રીતિ બતાવી વ્હાલા.
સેવા હરિની પ્રીતે કરવી, આશા ફળની ત્યાગી વ્હાલા.
નામસ્મરણનું બલ અદ્‌ભુત છે, ભવની ચિંતા ભાગી વ્હાલા.
વૈષ્ણજનની સંગે રહેવું, સત્સંગને પ્રીત રાખી વ્હાલા.
અસમર્પિત કાંઈ ન લેવું, શિક્ષા એવી આપી વ્હાલા.
લૌકિક વૈદિક ચિંતા ત્યાગો, શ્રીજી સૌના સાખી વ્હાલા.
પરનિંદા ના કરવી સૂણવી, દુ:સંગનો ડર રાખી વ્હાલા.
વલ્લભવરનો આશ્રય એકજ, રાખો દ્રઢતા રાખી વ્હાલા.
પુષ્ટિમાર્ગે ગુપ્ત રહેવું, 'નટવર' દીનતા ધારી વ્હાલા.

–શેઠ નટવરલાલ મહાસુખલાલ અરાદ

(૨)

"હું તો જાઉં વારી ઝારીજી"

(ઢાળ : રાતું રાતું ગુલાબનું ફુલ)

હું તો જાઉં વારી ઝારીજી, પરમ સુખકારીજી !
નહીં દેજો વિસરી ઝારીજી, મોટાં મહારાણીજી !
ભજું કૃષ્ણ મુરારિ ઝારીજી, હે કરુણાકારીજી !
દેજો ભકિત વધારી ઝારીજી, શ્રીકૃષ્ણ પ્રીતિકારીજી !
રહું ના રહું વિકારી ઝારીજી, હે દોષ પરિહારીજી !
કાપો જાળ સંસારી ઝારીજી, હે અષ્ટ સિદ્ધિકારીજી !
દ્યો લૌકિક સુધારી ઝારીજી, અલૌકિકકારીજી !
કરું આરતી તમારી ઝારીજી, મનોરથકારીજી !

–પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રી વલ્લભ સુધા

॥ શ્રી હરિઃ ॥

શ્રી દામોદરદાસ હરસાનીજીનું સ્વરૂપ

દલ મધ્ય અંકુર અથવા
મંજરી પણ જોજો;
જુગલરૂપથી એમજ લલિતા
છે ચિત્ત પ્રોજયો.

[શ્રી દયારામભાઇ]

રાગ–સારંગ

આજ બધાયો મંગલ ચાર,
માધ માસ શુક્લ ચોથ હે,
હસ્ત નક્ષત્ર રવિવાર ૧
પ્રેમ સુધા સાગર રસ પ્રગટયો,
આનંદ બઢયો અપાર;
દાસ 'રસિક' જન જાય બલિહારી,
સરવસ દીયો વાર. ૨

વર્ષ ૫ : અંક ૧૦ ✥ જાન્યુઆરી, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

સમાચાર

રાજકોટ—સપ્તમ્ પીઠાધીશ્વર અને અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના માજી અધ્યક્ષ પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી ત્રીસેક વર્ષ બાદ કામવનથી રાજકોટને આંગણે તા. ૨૭–૧૧–૮૬ ના રોજ પધારતા રાજકોટ વૈષ્ણવ સમાજે ભવ્ય સ્વાગત કર્યું હતું. બેડીનાકા કેસરેહિન્દ પુલ પાસેથી શોભાયાત્રાનો પ્રારંભ થઈ શહેરના બેડીનાકા–દરબારગઢ–સોની બજારના રસ્તે થઈ શ્રી જશુબાઈ મંડાણમાં સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી પરિષદની ગુજરાત પ્રદેશ સમિતિના મંત્રી શ્રી ડાયાભાઈ ડેલાવાળાએ સ્વાગત પ્રવચન કર્યા બાદ પૂજ્ય મહારાજશ્રીનું અગ્રગણ્ય–સંસ્થાઓ અને વ્યકિતઓ દ્વારા ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂજ્ય મહારાજશ્રીએ વચનામૃત કર્યા હતા. તેમાં રાજકોટમાં પધારવાનું કારણ દર્શાવતા જણાવ્યું હતું કે મહાનુભાવ લઘુપુરુષોત્તમદાસના સેવ્ય શ્રી મદનમોહન પ્રભુનો પાટોત્સવ, શ્રીમદ્ ભગવત ૧૦૮ સપ્તાહ પારાયણ, છપ્પન ભોગ વગેરેનું આયોજન રાજકોટમાં કરવામાં આવ્યું છે. તે બધા અલૌકિક કાર્યક્રમમાં અત્યારે જેમ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સહકાર આપેલ છે–તેમ ઉપસ્થિત રહી લાભ લેવાનો અનુરોધ કરેલ હતો. આ સન્માન સમારંભનું સંચાલન પરિષદની રાજકોટ શાખાના સંગઠન મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે કરેલ હતું.

વઢવાણસીટી– અાં. રા. પુ. વૈ. પરિષદ સુરેન્દ્રનગર જિલ્લાના કાર્યકરોનું સંમેલન તા. ૨૩–૧૧–૮૬ ના રોજ પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી કામવનવાળાની ઉપસ્થિતિમાં અને લખતરના ઠાકોરસાહેબ પ. ભ. શ્રી બલભદ્રસિહજી ઝાલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતું.

આ સંમેલનમાં થાનગઢ, પાટડી, ધ્રાંગધ્રા, હળવદ, લખતર, જોરાવરનગર, સુરેન્દ્રનગર, વઢવાણ સીટી, લીંબડી, બોટાદ વગેરે શાખાના કાર્યકરોએ હાજરી આપી કાર્યનો પરિચય આપ્યો હતો.

સ્વાગત ગીત – વધાઈ થયા બાદ શ્રી કાંતિભાઈ પાવાગઢીએ સ્વાગત પ્રવચન કર્યા બાદ શ્રી ધીરૂભાઈ કંસારા, શ્રી ડાયાભાઈ ડેલાવાળા, શ્રી ચિનુભાઈ શાસ્ત્રી, શ્રી ચીમનભાઈ શેઠ તથા અધ્યક્ષશ્રીએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા. છેલ્લે પૂ. બાવાશ્રીએ આશીર્વચન કહ્યા હતા.

આ સંમેલનમાં સુરેન્દ્રનગર જિલ્લાની કારોબારી સમિતિની રચના ૨૧ સભ્યોની કરવામાં આવી હતી. તે પ્રમુખ અને મંત્રી તરીકે અનુક્રમે શ્રી ઉપકાંતભાઈ મણીલાલ શેઠ અને કાંતિભાઈ વી. પાવાગઢીને નિયુકત કરવામાં આવ્યા. તેમજ પાંચ સભ્યોની સલાહકાક સમિતિમાં શ્રી બલભદ્રસિંહજી ઝાલા લખતર ઠાકોર સાહેબ, શ્રી ધીરૂભાઈ કંસારા વગેરેની વરણી કરવામાં આવી હતી.

સંમેલનના સમાપન વખતે પૂ. બાવાશ્રીએ સલાહકાર સમિતિના સભ્યો તથા કાર્યકર્તા સંયોજકોને ઉપરણા ઓઢાડયા હતા.

"પુષ્ટિ પ્રસાદ" વિમોચન સમારોહ

અમદાવાદ – અાં. રા. પુ. વૈ. પરિષદ, ગુજરાતના ઉપક્રમે ગુજરાતની વિવિધ શાખાઓના વૈષ્ણવ કાર્યકરો તેમજ ગુજરાતની કારોબારીના સભ્યોની હાજરીમાં પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર મહારાજશ્રી (કાંકરોલી) તેમજ પૂ. પા. ગો. શ્રી ઈન્દીરાબેટીજી, પૂ. પા. ગો. શ્રી રાજેશબાવાશ્રી (કડી) ની નિશ્રામાં તા. ૩૦–૧૧–૧૯૮૬ ના રોજ "પુષ્ટિપ્રસાદ" પુસ્તિકાનું વિમોચન ગુજરાત યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર શ્રી કે. એસ. શાસ્ત્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું હતું.

પ્રારંભમાં ગુજરાત પ્રદેશના પ્રમુખ ઈન્દ્રકુમાર ત્રિકમલાલ શેઠે સર્વે ભગવદીય વૈષ્ણવોનું હાર્દિક અભિવાદન કર્યું હતું. સ્વાગત પ્રવચન અમદાવાદ શાખાના પ્રમુખ શ્રી જયંતિલાલ સી. વોરા (એડવોકેટ) એ કર્યા બાદ સંગઠન મંત્રી પ્રા. શ્રી ચીમનભાઈ શેઠે પરિષદના કાર્યની ઝાંખી કરાવી પ્રવર્તમાન દુષ્કાળની પરિસ્થિતિમાં પરિષદ પણ પોતાનું યોગદાન કરવા તત્પર છે તેની જાહેરાત કરી હતી. ત્યારબાદ પ્રા. રમેશભાઈ

(અનુસંધાન ટા. ૩જું)

।। શ્રી હરિઃ ।।

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૫ : અંક ૯ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮ * જાન્યુઆરી, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

બી.એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક ૪૭મો)

પવનઃ પવતામસ્મિ રામઃ શસ્ત્રભૃતામહમ્ ।
ઝષાણાં મકરશ્ચાસ્મિ સ્રોતસામસ્મિ જાહ્નવી ।૩૧।

વેગવાળાંઓમાંનો પવન હું છું, શસ્ત્રધારીઓમાંના શ્રીરામ હું છું. જળચર પ્રાણીઓમાંનો મગર હું છું અને વહેતાં જલમાંની ગંગા હું છું. ।૩૧।

વેગવાળાઓમાં પવન એટલે વાયુ હું છું શસ્ત્રો ધારણ કરનારાઓમાં દશરથ પુત્ર રામ હું છું. જળચર પ્રાણીઓમાં વિશેષ પ્રકારનો મત્સ્ય એટલે કે મગર હું છું. વહેતાં જલ મધ્યે જાહ્નવી એટલે ગંગા હું છું. ।૩૧।

સર્ગાણામાદિરન્તશ્ચ મધ્યં ચૈવાહમર્જુન ।
અધ્યાત્મવિદ્યા વિદ્યાનાં વાદઃ પ્રવદતામહમ્ ।૩૨।

હે અર્જુન, સૃષ્ટિઓનો આદિ, મધ્ય અને અંત હું જ છું. વિદ્યાઓમાંની અધ્યાત્મવિદ્યા અને વિવાદ કરનારાઓમાંનો વાદ છું. ।૩૨।

‘સર્ગાણામ્’ વગેરે શબ્દોથી આગળ કહે છે. સર્જન કરાય છે તે સર્ગ કહેવાય, સર્ગ એટલે ઉત્પત્તિ, સર્જન, ભૂત વગેરે. સર્ગ ત્રણ પ્રકારનો છેઃ કાર્યસર્ગ, કારણસર્ગ અને ભગવલ્લીલાત્મક સર્ગ તેમાં કાર્યસર્ગ લૌકિક અને બાહ્યસૃષ્ટિરૂપ છે. તે જીવોના નાશરૂપ હોવાથી પ્રલયાત્મક છે. કારણસર્ગ તો મોક્ષાત્મક હોવાથી અલૌકિક છે. ત્રીજો ભગવાનની લીલારૂપ સર્ગ છે. તેમાં પણ અવાંતરે ભેદ તત્ત્વરૂપ, કાલરૂપ, જીવાદિરૂપ છે. તેઓના સર્ગમાં આદિ એટલે કારણરૂપ હું છું. વળી, અંત એટલે રજોગુણ સાથે સંબંધિત બ્રાહ્માએ કરેલ છે તેના અંત સાથે સંબંધિત એ પણ હું છું. આદિ અને અંત પછી મધ્ય એવો

લીલાત્મક સર્ગ પણ હું છું, તે મારા સ્વરૂપ જ છે, એમ અર્થ છે. હે અર્જુન, હે મુક્તિના અધિકારવાળી જાતિમાં જન્મેલ, અસત જનોની મુક્તિ નહિ, એ માટે જ એ પ્રમાણેના ત્રણ પ્રકારના સર્ગ સ્વરૂપે તું વિચાર, એમ અર્થ છે. 'અધ્યાત્મ' સંબંધે કહે છે કે, સર્વ વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું. વાદ કરનારાઓમાં એટલે કે વાદ, વિતંડા અને જલ્પ એ ત્રણમાંથી વાદ એ તત્ત્વના સ્વરૂપનું નિર્ણાયક રૂપ હું છુ. ।૩૨।

અક્ષરાણામકારોઽસ્મિ દ્વંદ્વઃ સામાસિકસ્ય ચ ।
અહમેવાક્ષયઃ કાલો ધાતાહં વિશ્વતોમુખઃ ।૩૩।

અક્ષરોમાંનો 'અ' અક્ષર હું છું સમાસોમાંનો દ્વદ્વ સમાસ અને ક્ષય ન થાય તેવો કાળ હું જ છું. ચારે તરફ મુખવાળો સર્જન કરનાર બ્રહ્મા હું છું. ।૩૩।

અક્ષરોમાં 'અ' અક્ષર હું છુ, કારણ કે તે બધા અક્ષરોમાં રહેલો છે. સમાસોમાં દ્વંદ્વ સમાસ હુ છું. જેમ કે, ગોપીમાધવ, ગોપી અને માધવ, એમ એમાં દ્વંદ્વ સમાસ છે, વગેરે અક્ષય એટલે લીલાત્મક અલૌકિક કાળ હું જ છું. 'એવ' શબ્દથી કાળનુ સાક્ષાત સ્વરૂપ હોવાથી વિભૂતિ હોવામાં શું કહેવાનું હોય ? એમ જણાવ્યું છે. વિધાતાઓમાં વિશ્વતોમુખ એટલે સર્વતોમુખ, ચતુર્મુખ ધાતા હું છું, એટલે કે અલૌકિક સૃષ્ટિકર્તા હું છું, એમ અર્થ છે. ।૩૩।

મૃત્યુઃ સવ હરશ્ચાહમુદ્ભવશ્ચ ભવિષ્યતામ્ ।
કીર્તિ શ્રીર્વાક્ચ નારીણાં સ્મૃતિર્મેધા ધૃતિ ક્ષમા ।૩૪।

સર્વનો સંહાર કરનાર, મૃત્યુ તથા ભવિષ્યમાં થનારાંઓનો અભ્યુદય તેમ જ કીર્તિ, લક્ષ્મી સરસ્વતી, સ્મૃતિ, બુદ્ધિ, ધૈર્ય અને સ્ત્રીઓમાં રહેલી ક્ષમા હું છું. ।૩૪।

'મૃત્યુ' વગેરે શબ્દોથી આગળ કહે છે. કહે છે. સંહાર કરનારાઓમાં સર્વનો સંહાર કરનાર હું છું, વળી મૃત્યુ પણ હું છું. હવે પછી થનારાં સર્વે પ્રાણીઓ અને પદાર્થોનો ભાગ્યરૂપ અભ્યુદય હું છું. 'કીર્તિઃ' શબ્દથી આગળ કહે છે કીર્તિ ધર્મની સ્ત્રી છે. શ્રી એટલે લક્ષ્મી, વાક્ એટલે સરસ્વતી, શ્રી ભાગવત વગેરે રૂપ વાણી, ભગવાનના સ્મરણરૂપ સ્મૃતિ, મેધા એટલે બુદ્ધિ, ભગવાનના ગુણોમાં એકનિષ્ઠા, ધૃતિ એટલે આપત્તિ સમયે ધર્મમાં એકનિષ્ઠા. બધા પ્રકારના વિરોધને સહન કરવારૂપી ક્ષમા, સ્ત્રીઓમાં ક્ષમા, એ બધું મારી વિભૂતિરૂપ છે. ।૩૪।

બૃહત્સામ તથા સામ્નાં ગાયત્રી છંદસામહમ્ ।
માસાનાં માર્ગશીર્ષોઽહમૃતૂનાં કુસુમાકરઃ ।૩૫।

તેવી જ રીતે સામવેદના મંત્રોમાંનો બૃહત્સામ અને વેદોમાંની ગાયત્રી હું છું મહિનાઓમાંનો માગશર અને ઋતુઓમાંની વસંત ઋતુ હું છું. ।૩૫।

સામ ઋચાઓમાં બૃહત્સામ મારી વિભૂતિરૂપ છે, એમ અર્થ છે. વેદોમાં ગાયત્રી મારી વિભૂતરૂપ છે. (અથવા છંદોમાં ગાયત્રી છંદ હું છું.) મહિનાઓમાં માગશર માસ હુ છુ. ઋતુઓમાં વસંત ઋતુ હુ છું ।૩૫।

દ્યુત છલયતામસ્મ તેજસ્તેજસ્વિનામહમ્ ।
જયોઽન્મિ વ્યવસાયોઽસ્મિ સત્વં સત્વવતામહમ્ ।૩૬।

છળ કરનારાઓમાં જુગાર હું છું તેજસ્વીઓમાં તેજ હું છું; વિજય હું છું, વ્યવસાય હું છું, સાત્વિકોમાંનો સત્ત્વગુણ હું છું. ।૩૬।

‘દ્યુતમ્’ વગેરે શબ્દોથી આગળ કહે છે. છેતરનારાઓમાં દ્યુત એટલે જુગાર હું છું, જેનાથી ક્રીડાધર્મ, ક્ષાત્રધર્મ વગેરેના જ્ઞાનથી મોહમાં પડેલો, જાણવા છતાં છેતરે છે. તેજસ્વીઓમાં તેજ એટલે કે પ્રભા હું છું. વિજય મેળવનારાઓમાં વિજય હું છું. વ્યવસાયીઓમાં એટલે કે ઉદ્યમ કરનારાઓમાં અથવા નિર્ણય કરનારાઓમાં વ્યવસાય, ઉદ્યમ કે નિશ્ચય હું છું. સાત્વિક જનોમાં સત્ત્વ હું છુ. ।૩૬।

વૃષ્ણીનાં વાસુદેવોડસ્મિ પાંડવાનાં ધનંજય ।
મુનીનામપ્યહં વ્યાસઃ કવીનામુશના કવિઃ ।૩૭।

વૃષ્ણિઓમાંના (યાદવોમાંના) વાસુદેવ હું છું. પાંડવોમાંનો ધનંજય (અર્જુન) અને મુનિઓમાંના વ્યાસજી પણ હું છું. કવિઓમાંનો શુક્રાચાર્ય કવિ હું છું. ।૩૭।

‘વૃષ્ણીનામ્’ વગેરે શબ્દોથી આગળ કહે છે. વૃષ્ણિઓમાં એટલે કે સર્વે યાદવોમાં પ્રત્યેકના હૃદયમાં રહેલ સર્વના મોક્ષદાતા, ક્રીડાને માટે પૂર્ણ અંશોથી યુક્ત વાસુદેવ હું છું, એટલે કે યાદવો મારી વિભુતિરૂપ છે, એમ અર્થ છે. પાંડવોમાં ધનંજય એવો તું જ મારી વિભુતિરૂપે છે, મુનિઓમાં એટલે કે બ્રહ્મનું ચિંતન કરવાના સ્વભાવવાળાઓમાં વ્યાસજી એટલે કે કૃષ્ણદ્વૈપાયન હું છું કવિઓમાં એટલે કે નિર્દોષ સ્વર અને શબ્દ પ્રદર્શિત કરનારાઓમાં ઉશના કવિ એટલે કે શુક્ર (શુક્રાચાર્ય) હું છું. ।૩૭।

દંડો દમયતામસ્મિ નીતિરસ્મિ જિગીષતામ્ ।
મૌનં ચૈવાસ્મિ ગુહ્યાનાં જ્ઞાનં જ્ઞાનવતામહમ્ ।૩૮।

દમન કરનારાઓમાંનો દંડ હું છું, જય મેળવવાની ઇચ્છાવાળાઓમાંની નીતિ હું છું, ગુપ્ત વાતોમાંનું મૌન હું છું અને વળી જ્ઞાનીઓમાંનું જ્ઞાન હું છું. ।૩૮।

‘દંડ’ વગેરે શબ્દોથી આગળ કહે છે. દમન કરનારાઓમાં દંડ હું છું; કારણ કે દંડ સર્વે દોષોને ટાળનાર છે, એવો ભાવ છે. જય મેળવવાની ઇચ્છાવાળાઓમાં નીતિ હું છું. જે ગોપનીય છે તેમાં મૌન હું છું. જ્ઞાનીઓમાં જ્ઞાન હુ છું. ।૩૮।

(ક્રમશઃ)

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક

પ. ભ. શ્રી અરવિંદભાઈ જવેરચંદ મહેતા (કલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક પાચમો)

હવે બીજા પ્રશ્નનું નિરાકરણ ‘નદ્વિતીયમ્’ વગેરે શબ્દોથી કરે છે. તેમાં કારણ એ છે કે, તે સ્વધર્મ નથી, તેથી બીજો પ્રશ્ન પણ યોગ્ય નથી. તે ‘નિવેદિતસ્ય’ વગેરે શબ્દોથી યુક્તિ પૂર્વક સિદ્ધ કરે છે. આ આત્મસમર્પણ મમત્વના અભિમાનના ત્યાગ માટે જ અધિકારીની વિશિષ્ટતાથી ભગવાને ઉપદેશેલ છે. વિશિષ્ટ અધિકાર પૂર્વક ઘણા જ પ્રયત્નથી મેળવવા યોગ્ય સેવા, એ જ ભક્તિનું શ્રેષ્ઠ સાધન છે. નહિ તો અહીં કહેવાયા પહેલાં (ભાગવતજીના એકાદશ સ્કંધના) એકાદશ અધ્યાયમાં પણ કહેવાયુ હોવાથી અહીં કહેવાય તેમાં વિશિષ્ટતાના અભાવે ઉત્કૃષ્ટ કારણ રૂપ દૃઢ ઉક્તિ વિરોધી બને. શ્રેષ્ઠતા તો અહીં અનન્ય રીતે સિદ્ધ જ છે, બીજું કાંઇ શ્રેષ્ઠ નથી. તેમ છે ત્યારે પહેલાં કહેવાયેલામાં સ્વધર્મના અભાવરૂપ કારણનો અભાવ છે, તેથી ચેષ્ટાપત્તિ (કાર્યમાં આવતો અનિષ્ટ પ્રસંગ) નથી. તેમ છે ત્યારે આમાં પરપણુ કહેવાયાથી વિરોધનું કારણ બને, તેથી જેવી રીતે અન્યને નિવેદન કરાયું હોય તે સ્વીકારવા યોગ્ય નથી, તે પ્રમાણે દેહ વગેરેના સમંધમાં પણ તે યોગ્ય છે. તેથી જો નિવેદન ન કરાયું હોય તેનાથી દેહ વગેરેનો નિર્વાહ વિચારાય તો મમત્વ વગેરેનું અભિમાન દૃઢ થવાની આપત્તિ આવે, અને તેથી પોતાના સ્વધર્મનું ખંડન થાય, એ પ્રમાણે નિવેદન ન કરવું તે સ્વધર્મનું વિરોધી હોવાથી સમર્પણ કરાયેલ હોય તેનાથી નિર્વાહ કરવો જોઇએ, એમ અર્થ છે.

એ પ્રમાણે બંને કારણ દૂર કરીને, જેથી ચિંતા ઉદ્ભવે છે તે પ્રકાર ‘એવ સતિ’ વગેરે શબ્દોથી કહે છે. એ રીતે દેહ વગેરેના નિર્વાહ માટેના બંને પ્રકાર ઉચિત ન હોય ત્યારે તે દેહ વગેરેને પીડાકારક થાય છે, તેથી ભજન થઇ શકે નહિ, અને તેથી નિવેદનની વ્યર્થતા પણ આવી પડે, તેમ જ પુષ્ટિની મર્યાદાવાળો ભક્તિમાર્ગ નષ્ટ થાય. એ પ્રમાણેનું ભક્તિના અધિકારનું વાક્ય, ભક્તિ શ્રેષ્ઠ કારણ છે, એ વાક્યમાં ભગવાને કયા હેતુથી કહ્યું છે? અને પછી તે માટેના જ્ઞાનની અશક્યતામાં તે કહેવાયેલો ઉપાય પણ વિચારમાં નાખી દે તેવો છે. તેથી પરમ ભક્તિની પ્રાપ્તિ શી રીતે થાય? એમ હોવાથી ચિંતાની શક્યતા રહે છે, એમ અર્થ છે. (એવા પ્રશ્ન ઉદ્ભવે તો કહે છે કે,)

એ પ્રમાણે મુખ્યત્વે ચિંતાની શક્યતા ઊભી થવાના કારણે આત્મનિવેદનની આવશ્યકતા સંબંધે મૂંઝવણ ઊભી થાય ત્યારે આત્મનિવેદનની આવશ્યકતા છે, એમ પ્રમાણ સાથે સિદ્ધ કરે છે અને બને બાજુનાં બંધનને ‘અત્ર’ વગેરે શબ્દોથી નષ્ટ કરે છે.

અહીં (પત્ની, પુત્ર, ઘર અને પ્રાણ અને જે કાંઇ હોય તે પરમાત્માને નિવેદન કરવું, એમ ભાગ. ૧૧–૩–૨૮માં) 'દારાન્' વગેરે શબ્દોથી કહેવાયેલ વાકય એકાદશ સ્કંધમાં પ્રબુદ્ધે કહેલું છે. તેમાં નિષ્કપટતાથી ગુરુને પોતાનો આત્મા અને ઇષ્ટદેવ માને, તેમને અનુરૂપ થઇને ભાગવત ધર્મો શીખે, જેનાથી પોતાના સ્વરૂપનું દાન કરનારા, સર્વના આત્મસ્વરૂપ શ્રીહરિ પ્રસન્ન થાય. (ભાગ. ૧૧–૩–૨૨), એ પ્રમાણે ભગવાનની પ્રસન્નતાના હેતુ રૂપ ધર્મોનો ત્યાં પ્રેમપૂર્વક ઉલ્લેખ થયો છે.

સ્ત્રી, પુત્ર વગેરેનો વિચાર કરીને તેઓનું પરમેશ્વરને જે નિવેદન કરાયું છે તે બધાં સેવામાં ઉપયોગી હોવાથી સમર્પણ કરાયું છે, એમ જાણવું. એ પ્રમાણે, ત્યાં એવા પદના સંબંધથી સ્ત્રી, પુત્ર આદિના નિવેદનનો હેતુ ભગવાનની પ્રસન્નતા માટે છે, એમ સૂચવાયું છે. અને બીજું, ભકિત એ શ્રેષ્ઠ સાધન છે, ભાગ. (૧૧–૧૯–૧૯), તેનાથી પ્રારંભ કરીને એમ ભગવાને તેનો વિશેષ પ્રકારનો અધિકાર દર્શાવવાને માટે કહ્યું છે. ત્યાં તેથી આવશ્યકતા જણાવે છે. આદિ શબ્દથી 'દાસ્યભાવથી નિવેદન કરવું' (ભાગ. ૧૧–૧૨–૩૫), એવું ભગવાનનું વાકય છે. (બલિએ ભગવાનની પૂજા કરી અને) પરિવાર, ધન સહિત આત્મસમર્પણ કર્યું, (ભાગ. ૧૦–૮૫–૩૭), એ પ્રમાણે બલિનો આચાર દર્શાવતું વાકય અનુગ્રહ સાથે પ્રાપ્ત થાય છે, તેથી એવા પ્રકારનાં વાકયોથી પોતાનું જે કાંઇ છે તે બધાંની સાથે આત્મસમર્પણ કરવાનું ભકિતમાર્ગમાં આવશ્યક છે. તેમાં હેતુ અને દૃષ્ટાંત 'સાક્ષાત્' વગેરે શબ્દોથી (શ્રી વિઠ્ઠલેશ્વરજીએ પ્રકાશમાં સાક્ષાત્ શ્રી ગોકુલેશના ભજનના અધિકાર રૂપ હોવાથી' એમ કહીને) સ્પષ્ટ કરેલ છે. (શ્રીવિઠ્ઠલેશ્વરજીએ પ્રકાશમાં દર્શાવેલ 'એ પ્રમાણે આત્મનિવેદન કર્યું હોય તેવા મનુષ્યોના ધર્મોથી, હે ઉદ્ધવજી, મારા પ્રત્યે ભકિત પ્રકટ થાય છે અને તેને અન્ય કાંઇ પણ મેળવવાનું અવશેષ રહેતું નથી.') 'એ પ્રમાણેના ધર્મોથી નહિ' એ વાકયમાં પોતે સ્વીકારેલ ધર્મની અપેક્ષા કરતાં માનવતાના પૂર્વવર્તી હોવાના કારણે, તેમાં તેઓના હેતુપૂર્વકના સંબંધના અભાવમાં પણ આત્મનિવેદન કર્યું હોય તેઓનો અધિકાર છે તેથી, તેવી વિશેષતા પ્રત્યે હેતુનું આદરણીય કથન છે તેથી, અને તેના પ્રત્યે જ તેના હેતુરૂપ તેની ભકિત વિશ્વાસપૂર્વકના નિશ્ચિત જ્ઞાનથી સ્પષ્ટ થાય છે તેથી, આત્મનિવેદનના ધર્મ કાર્યમાં અધિકાર હોવાનું તેની ભકિતને અનુચિત છે, એવી શંકા કરવી નહિ. દૃશ્ય સ્વરૂપ સાથે ક્રિયાનો સંબંધ છોડી દેવાથી જ અનુસેવનમાં મૂળ કારણનો અભાવ રહે છે તેથી, અને તેમાં ધર્મની હાનિ થતાં આત્મનિવેદન કર્યા પછી તે પ્રમાણે આચરવાનો પ્રસંગ ન આવે તેથી, દાસ્યભાવથી આત્મનિવેદનનું પહેલાં કથન થયું હોવાથી, દાસ્ય કરતાં અશ્રદ્ધા વગેરે ગુણધર્મથી થતા આત્મનિવેદનનું કથન અહીં અન્ય પ્રત્યે થતું હોય તેથી, અને મૂળ કારણની જાણકારીનો અભાવ હોવાથી શકા કરવી અસ્થાને છે. તેથી આત્મનિવેદનના અધિકાર માટે જ એ

પ્રમાણે કથન છે, તે પ્રમાણેનો નિશ્ચય છે, એમ જાણવું.

અને વળી, ધર્મ, અર્થ અને કામ વડે સ્વરૂપની યોગ્યતા હોવા છતાં જે રીતે ઉપનયન (જનોઇ) વિના વૈદિક કર્મમાં અધિકાર નથી તેમ દેવો, અસુરો વગેરે (દેવો, અસુરો કે મનુષ્યો અને યક્ષો, ગંધર્વો પણ મુકુંદચરણોને સેવે તો અમારી જેમ પરમ કલ્યાણને પ્રાપ્ત કરે,-ભાગ. ૭-૭-૫૦), એ પ્રમાણે ઇંદ્રિયોવાળો કયો માનવી તેનું સેવન કરે નહિ? (હે રાજન, તો પછી ઇંદ્રિયોવાળો કયો માણસ મુકુંદનાં ચરણકમળોને ન સેવે? સર્વત્ર મૃત્યુ રહેલું છે, તેથી ભગવાન શ્રીકૃષ્ણનાં ચરણકમળોનું શ્રેષ્ઠ દેવોએ પણ સેવન કરવું યોગ્ય છે, ભાગ. ૧૧-૨-૨), એવાં વાકયોથી સ્વરૂપની યોગ્યતામાં પણ નિવેદન વિના ઇચ્છેલી ભક્તિમાં અધિકાર નથી, એ સિદ્ધ છે. એ પ્રમાણે નિવેદનના સ્વરૂપનું નિશ્ચિત જ્ઞાન ન હોય તો સેવાની સિદ્ધિ નથી, એમ અન્યથા વગેરે શબ્દોથી સ્પષ્ટ કરે છે.

જો ભગવાનના વાકયમાં રહેલ આત્મનિવેદન પદમાં પત્ની વગેરેને અને આત્માને જોડવામાં ન આવે તો પત્નીના સ્વીકાર પછીની ક્ષણમાં જ તેણીએ આત્મનિવેદન ન કર્યું હોય તો તેના આત્મનિવેદનના અભાવે હવે પછી સેવામાં અધિકાર ન હોવાથી, તેનો વિનિયોગ થયો ન હોવાથી તેવું લગ્ન વ્યર્થ હોવાની આપત્તિ આવે એમ હોવાથી કહેવાયેલી રીતે તે સંબંધનું જ્ઞાન આવશ્યક છે, એમ અર્થ છે.

વળી, જે રીતે ગાયત્રીના ઉપદેશથી થતા ઉપનયન સંસ્કાર (જનોઇ સંસ્કાર) પ્રત્યેક પુરુષને પોતપોતાના વૈદિક કર્મને સહાયક છે, એને દેહ વગેરેના નિર્વાહ માટે કરાતી ભિક્ષા વગેરે કાર્યનાં વિરોધી નથી. તેમ જ કહેવાયેલી રીતિથી નિવેદનરૂપ સંસ્કાર પણ ભજનને સહાયક છે અને દેહ વગેરેના નિર્વાહ માટે અગત્યના છે. નિવેદિત થયેલું હોય તેનો ઉપયોગ કરવામાં તે વિરોધી નથી. એમ હોવાથી બંને બાજુ બંધન નથી, એમ અર્થ છે. (ક્રમશ:)

॥ શ્રીહર ॥

"શ્રી સર્વોત્તમ સપ્તાહ પ્રવચન"

લે. ગો. વા. પ. ભ. દ્વારકાદાસ પરીખ

(ગતાંકના અનુસંધાને લેખ બીજો)

[આત્મીયતાના અભાવમાં સંગઠનનું સ્વપ્ન સાકાર ન બને અને આત્મીયતાના ભાવનું દાન ભાવ સ્વરૂપ શ્રી કૃષ્ણાસ્ય શ્રીમહાપ્રભુજીનો હૃદયમાં આવિર્ભાવ થવાથી શક્ય બને. આપશ્રીનો આવિર્ભાવ આપશ્રીનાં યશોગાન દ્વારા સાન્નિધ્ય રહેવાથી થાય છે આમ આ વિષયનું નિગૂઢત્વ હોવાથી નિમિત્ત બનેલા લેખકોના લેખોમાં શ્રી વાક્પતિની જ આજ્ઞા સમજાય તો માર્ગરક્ષક મહાનુભાવોએ લેખોના તથ્યોનો ગંભીરતાથી વિચાર કરી શ્રી મહાચાર્ય ચરણના યશોગાનરૂપી મહાયજ્ઞનો પ્રારંભ કરવો, મારી મંદમતિનું આ નિવેદન છે.

પ્રે. મધુકર]

ગતાંકમાં આ શિર્ષકવાળા પહેલા લેખમાં કહેવાયું છે કે સંપ્રદાયના સંગઠન અને પ્રચારમાં "શ્રી સર્વોત્તમ સપ્તાહ પ્રવચન" બહુ અસરકારક નિવડે એમ છે.

જેમ શ્રી ભાગવતની સપ્તાહ પારાયણથી કૃષ્ણભક્તિ અને ધાર્મિક સંસ્કૃતિને કટોકટીના સમયમાં પણ ન કેવળ ટકાવીજ રાખી છે, પરંતુ તેને ચારે તરફથી એવી પ્રસારી છે કે આજ તેના મૂળ બહુજ ઉંડા ગયા છે. ગમે તેવો કલિકાલ આવશે તો પણ ભક્તિ કલ્પ વૃક્ષને બાધ આવે તેમ નથી.

એવીજ રીતે "સર્વોત્તમ સપ્તાહ પ્રવચન" યદિ સંપ્રદાયમાં અસ્તિત્વમા આવે અને વૈષ્ણવોના ગામોગામ તેના પ્રચાર થાય તો પુષ્ટિમાર્ગને જરાપણ આંચ તો નહિજ આવે. ઉપરાંત પુષ્ટિમાગના ભક્તિ વિજ્ઞાનનો વિશ્વ ભરમાં આદર થશે, એમાં લેશ પણ સંદેહ નથી.

આપણે આપણી સૃષ્ટિમાં પુષ્ટિ માર્ગીય દૃષ્ટિની વૃષ્ટિ થાય એ લક્ષ્ય રાખીને શ્રી સર્વોત્તમજીના સપ્તાહ પ્રવચનનું આયોજન કરવું જોઇએ. આજ આપણે લૌકિક દૃષ્ટિને અપનાવીને પુષ્ટિ સૃષ્ટિના બનાવોને અવલોકીએ છીએ. જેથી તેમાં ગ્લાના, ધૃણા, તિરસ્કાર અને અન્ય વિરોધી ભાવનાઓ આવે છે. શ્રી આચાર્ય ચરણ પુષ્ટિમાર્ગની દૃષ્ટિને સમજાવતા કહે છે કે :—

"પ્રવાહથી મર્યાદાનો ભંગ થાય ત્યારેજ પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિ થાય છે" (સુ. ૩-૩-૧૭) તેથી મર્યાદા (વેદ માર્ગ)નો ભંગ પુષ્ટિ માર્ગમાં દુષણ નથી." એક માર્ગના વિરોધ બીજા માર્ગને લાગુ પડતો નથી" તેથી "મર્યાદા માર્ગનો વિરોધ પુષ્ટિ માર્ગમાં દૂષણ નથી" (સુ. ૧૦-૨૬-૪૦) "સ્ત્રીઆન વેદના અધિકાર નથી અને તેથી મર્યાદા માર્ગના સિદ્ધાંત પ્રમાણે તેમને મુક્તિ દુર્લભ છે '(સુ.૩-૩૩-૩૦)

પરંતુ "પુષ્ટિ માર્ગમાં સ્ત્રી પ્રધાન છે" (સુ. ૩-૧૨-૨૭) ઇત્યાદિ.

આચાર્યશ્રીના ઉક્ત વાક્યો પુષ્ટિમાર્ગના સાચા સ્વરૂપને પ્રકટ કરનારા છે. એ દૃષ્ટિને પુષ્ટિ માર્ગીઓએ અપનાવવી જોઇએ અને તો જ તેમની લૌકિક વૈદિક દૃષ્ટિ દૂર થાય, અને પુષ્ટિમાર્ગમાં ઘટતા બનાવો પ્રતિ તેમને ઘૃણા આદિ ઉત્પન્ન ન થાય.

એવી જ રીતે ભગવદ્ધર્મો કરતાં દેહ ધર્મને મહત્ત્વ આપનારાઓએ શ્રી વલ્લભના વાક્યો વિચારવા જોઇએ.

"ધર્મશાસ્ત્ર જાણનારા બહિર્મુખ છે, કારણ કે તેઓ આત્માને જાણતા નહિ હોવાથી ધર્મ (વર્ણાશ્રમ આદિ) તે જ સ્વધર્મ કહે છે, પરંતુ આત્માના ધર્મને અથવા ભગવદ્ધર્મને સ્વધર્મ કહેતા નથી" (સુ. ૧૦-૨૯-૩૨) ઇત્યાદિ.

આ બધી પુષ્ટિમાર્ગીય વિશેષતાઓને જો સમજવામાં આવે તો સમ્પ્રદાયમાં દોષોના આરોપો દ્વારા સંગઠનને તોડવાની જે પ્રવૃત્તિઓ થઇ રહી છે તે નષ્ટ થાય આ બધાનો શ્રી સર્વોત્તમ સ્તોત્રના સપ્તાહ પ્રવચનમાં સમાવેશ થઇ શકે છે,

"ઉપાસનાદિ માર્ગાતિ મુગ્ધ મોહ નિવારકઃ" તથા "ભક્તિમાર્ગે સર્વમાર્ગ વૈલક્ષણ્યાનુભૂતિકૃત્" અને "પૃથક શરણમાર્ગોપદેષ્ટા" આદિ નામોમાં પુષ્ટિમાર્ગની આ વિલક્ષણતાઓ સ્પષ્ટ થઇ જાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે વિશુદ્ધ પુષ્ટિ માર્ગીય દૃષ્ટિને કેળવવી એજ પુષ્ટિ સૃષ્ટિના સંગઠનનો સાચો રાહ છે. એ સિવાય સંગઠનના બધાય માર્ગો સાચા નથી. એનાથી કદાપિ કાળે સુદૃઢ સંગઠનનો સંભવજ નથી.

એજ રીતે સાજ સંપ્રદાયમાં શ્રી ઠાકુરજીનું માહાત્ત્મ્ય એટલું બધું ફેલી ગયું છે કે શ્રી ઠાકોરજીના આ અસાધારણ માહાત્મ્યને દર્શાવનાર શ્રી આચાર્ય ચરણને પણ પુષ્ટિ સૃષ્ટિ ભૂલી ગઇ છે તે કેવી રીતે કે પુષ્ટિ મંદિરોમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરનાર વૈષ્ણવ એ પણ નથી જોતા કે અહીં શ્રી આચાર્યચરણ નિર્મિત સેવા-પ્રણાલીથી શ્રી ઠાકોરજી સેવાય છે કે કઇ રીતે ?

પુષ્ટિમાર્ગીય ભગવત્સ્વરૂપનો બોધક અને તેમના નિજલીલા ઐશ્વર્યરૂપ માહાત્મયને વધારનાર તો શ્રી આચાર્યજી અને તેમની નિર્મિત સેવા-પ્રણાલી જ છે. યદિ આચાર્યશ્રીનો જો મંદિરોમાં આદર કે સંબંધ નથી તો કેવળ વૈભવથી શું પુષ્ટિમાર્ગની સેવા કે સ્વરૂપનો અનુભવ થઇ શકે છે ?

શ્રીનાથજીનું ભાવાત્મકપણું, પુષ્ટિતત્વ વિ. શ્રી આચાર્યજીનાજ સંબંધે છે. શ્રીનાથજીનાં સ્વરૂપમાં ઉત્ક્ષિપ્ત હસ્તથી શ્રીનાથજી ભક્તને બોલાવે છે" એ પ્રકારની નિકુંજ નાયકની ભાવના શ્રી આચાર્યજીએજ સ્થાપિત કરીને શ્રીજીનું તે ભાવાત્મક રૂપનું માહાત્મ્ય વધાર્યું છે. શ્રીનાથજીનું સ્વરૂપ આ ભાવના સિવાય શ્રીકૃષ્ણની કોઇપણ લીલાથી સંગત નથી. જે લોકો શ્રીજીને શ્રીગિરિરાજને ધારણ કરનાર તરીકે સમજે છે તે ભાવના પણ પ્રમાણબદ્ધ નથી. શ્રી ગિરિરાજજીને ધારણ કરનાર તો

શ્રી ગોકુલનાથજીનું સ્વરૂપ છે. અને શ્રીજીનું સ્વરૂપ તો નિકુંજ દ્વાર ઉપર સ્થિત ભક્તોને બોલાવનારૂંજ છે. એ ભાવનાં શ્રી આચાર્ય દ્વારાજ પ્રગટ થયેલી છે.

એ ભાવને અનુરૂપ શ્રી મહાપ્રભુજી અને શ્રી ગુંસાઇજીએ ભોગ, રાગ અને શૃંગારની ક્રિયાઓને તેની ભાવનાઓ સાથે પ્રગટ કરી છે અને તેથીજ શ્રીનાથજીનું એ નિકુંજ ભાવનાનુ સ્વરૂપ ઝળકી રહ્યું છે.

હવે જ્યારે શ્રી આચાર્યજીનો વંશ અને સેવા–મર્યાદાને બાજુએ મૂકીએ તો નિકુંજ નાયક શ્રી નાથજી ત્યાં બિરાજી શકે ખરા ? આ ઉપર આજનો સંપ્રદાયનો પ્રવાહી વર્ગ વિચાર કરશે ? આ સંપ્રદાયમાં જે કંઈ છે એ શ્રી આચાર્યચરણજ છે. એજ આ સંપ્રદાયનું મૂલ અને એમના વડે જ એમનો વંશ, એમની નિધિઓ વિ. બધું સેવનીય છે. સ્વતંત્રરૂપે નહીં જ !

આ શ્રી આચાર્ય ચરણનું સ્વરૂપ જાણવું પુષ્ટિ માર્ગના જીવોને માટે અતિ આવશ્યક છે તોજ આ માર્ગનો અને તેની ક્રિયાઓંનો ફલાત્મક અનુભવ શક્ય છે. આચાર્યશ્રી દૃષ્ટિ, સ્પર્શ અને વાણી વડે અનેક શ્રીનાથજીને આ ભૂતલ ઉપર પ્રકટ કરી શકે છે અને આપશ્રીના ચરિત્રમાં તેનાં દર્શન પણ થાય છે. કિન્તુ શ્રીનાથજી શ્રી આચાર્યજીનાં અનેક રૂપો પ્રકટ કરી શકતા નથી કેમકે શ્રી આચાર્યજી ત્રિદલાત્મક છે. (ભોગ્ય–ભોક્તા અને સાક્ષીરૂપ) જ્યારે શ્રી નાથજી કેવલ ભોક્તા જ છે.

[અહીં 'ત્રિદલાત્મક' અને 'ભોક્તા' ઉભય સ્વરૂપોમાં જેવા પ્રકારની સ્વરૂપ મર્યાદા ધારણ કરી છે તેવા પ્રકારની એકજ સ્વરૂપ પૂર્ણ બ્રહ્મની આ લીલા હોવાથી આ તો ઉત્તમ અને આતો ગૌણ એવી અસંભાવના–વિપરીત ભાવનાનાં દોષને ઉત્પન્ન ન થવા દેવો જોઇએ કારણ કે આપશ્રીએ જ આજ્ઞા કરી છે– "રૂપનામ વિભેદેન જગત ક્રિડતી યો યતઃ"]

શ્રીવલ્લભનું આ પ્રકારનું ત્રિવિધ સ્વરૂપ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી ગુંસાઇજીએ સમજાવ્યું છે. યદિ તે સમજમાં આવે તો "આજે દર્શને જતો પ્રવાહી વૈષ્ણવ વર્ગ અને પેલો ભાવુક કહેવાતો વૈષ્ણવ વર્ગ અવશ્ય તત્ત્વ સમજે અને સંપ્રદાયમાં શ્રી મહાપ્રભુજીના સ્વરૂપના જ્ઞાન વડે અદ્‌ભૂત સંગઠન સધાય."

શ્રી સર્વોત્તમ સ્ટોત્ર, મનોવિજ્ઞાનીક દૃષ્ટિએ પણ પુષ્ટિ માર્ગના સ્વરૂપને સુસંગત રૂપમાં ઉપસ્થિત કરી શકે છે, સંપ્રદાયના સાચા સ્વરૂપને યાદ હ્રુદયારૂઢ કરવું હોય તો શ્રી સર્વોત્તમ સ્તોત્રનું મનોવૈજ્ઞાનિક અધ્યયન કરવું જોઇએ. એને માટે આચાર્યશ્રીના ચરિત્રગ્રંથો, સિદ્ધાંતવાળા ગ્રંથો, ભક્તિ ભાવનાના ગ્રંથો વિ. વાંચવા અને તેમનામાં સંપૂર્ણ આસક્ત એવા ભગવદ્ ભક્તનો સંગ કરવો, તો જ આપણે આચાર્યશ્રીના "પૂરણબ્રહ્મ શ્રી લક્ષ્મણ સુત" જ્ઞાન–વિજ્ઞાનમય સ્વરૂપને જાણીને માણી પણ શકીશું અને ત્યારેજ મર્મજ્ઞ શિરોમણિ શ્રી હરિરાય પ્રભુના આ કથનના મહત્વને પણ સમજી શકીશું.

પદ રે મન ! શ્રીવલ્લભ ગુણ ગાય;
વૃથા કાલ કાહેકો ખોવત,
વેદ પુરાણ પઢાય.
શ્રી ગિરિરાજધરણ પૈવેકો,
નાહિન, ઓર ઉપાય;
'રસિક' સદા અનન્ય હોય કે,
ચિત ઇત ઉત ન ડુલાય.

એક અંજલિ

લે. એક કહેવાતો વૈષ્ણવ

[આંતરરાષ્ટ્રીય બહુમુખી પ્રતિભા ધરાવતા મુંબઈ મોટા મંદિર પૂ. પા ગો. શ્રી મુકુંદરાયજી મહારાજશ્રી તા. ૨૩-૯-૧૯૮૬ ના રોજ નિત્યલીલામાં પધારતા સને ૧૯૮૨ માં જુહુ-મુંબઇ માં સોમ યજ્ઞ સમયે એકાદ માસ રોકાયેલ તે દરમ્યાન આપશ્રીના સંપર્ક સાનિધ્યમાં રહેલ સમયે આપશ્રીના વચનામૃત-હૃદયોદ્ગાર દ્વારા સાંપ્રદાયિક-સાંપ્રદાયિકેતર વિવિધ વિષયની સચોટ છણાવટ સાંભળેલી તે હકીકતને સ્મૃતિરૂપે-શ્રદ્ધાંજલિરૂપે ભારે હૈયે નમ્રતાથી પ્રસ્તુત કરી રહ્યો છું-લેખક]

આંતરરાષ્ટ્રીય બહુમુખી પ્રતિભા આટલી જલદી તિરોધાન પામશે. કોને ખબર હતી કે પરમ પૂજ્ય ગોસ્વામી શ્રી મુકુંદરાયજીના સાન્નિધ્યમાં બે ઘડી જીવ્યા જેવા પસાર કરેલા બે ચાર કલાકનો આવો અંજામ આવશે. **"તે હિ નો ગતાઃ - દિવસો ગતાઃ"** નું આવું પરિણામ આવશે "હાર્ટ એટેક" લાગે એવું એ અંજામને-એ પરિણામને ઉકળતા ચરુના ગરમ જલમાં દાઝતા દેહને દઝાંડે એવું છતાં સહન કરવું પડે છે.

એના રટણમાં-એના વિચારમાં-પ્રભુ! આ શું થયું? શુંનું શું થયું? આ શું કર્યું? કરવું તો તું આટલું બધું વહેલું શું કામ કર્યું? જ્યારે જગત્‌ને, કલા-જગત્, પુષ્ટિ જગતને, કલાકારોને, સંગીતકારોને ખાસ જરૂર છે ત્યારે! ભલા માણસ! એક બે દાયકા તો જવા દેવા'તા. એટલી બધી શી ઉતાવળ હતી કે બોલાવી લીધા ત્યાં. અહીં શુન્યાવકાશનાં દર્શન કરાવીને ત્યાં નિત્ય નુતન લીલામાં (નાં) દર્શન કરાવીને ત્યાં જ કાયમનું-શાશ્વત સ્થાન આપીને-નિત્યલીલાસ્થનાં સૌભાગ્યનું દાન કરીને એ તો ત્યાં પરમ સુખ માણે છે પણ અમે અહીં ટટળીએ છીએ-રડીએ છીએ તેનું શું? ભલા માણસ! અમારો તો વિચાર કરવો'તો. લગીરે દયા ન આવી. નિજ જન પર દયા કરનાર દયાળુ-કંઇક તો કરુણા રાખવી'તી. અમારે માટે એ કરુણાના સાગર હવે તો એમના મિલન માટે પ્રાણ ઝંખે છે-એને તૈયાર કર્યા છે. એટલી વાર-સોહાગીને મળવા અહીં વૈધવ્ય ગાળવું એના કરતાં ત્યાં જઇને સોહાગી બનવું. સોહાગ માણવો શો ખોટો?

રાત દિવસ વલોપાતમાં વીતે છે-ક્યાં ગયા અમારા 'એ' આંતરરાષ્ટ્રીય બહુમુખી પ્રતિભા ધરાવનાર! 'સતી' થવું ગમે નહીં 'વિધવા રહેવું રુચે નહીં'. છતાં આશા મોટી છે સધવાની-સંગમની કોણ કહે છે તિરોધાન પામ્યા છે! એ વાત ખોટી. કરો દર્શન મારી પાસે આવીને મારા હૈયામાં બિરાજે છે. તેમને તમને પણ સૌભાગ્ય મળશે એ ક્ષણ ભરનું એ કાંઈ નાનું સુનું ન કહેવાય.

"ન ભૂતો, ન ભવિષ્યતિ" સમાન દક્ષિણ ભારતના વીણા વાદનના બેતાજ બાદશાહ સદાએ પ્રસન્નવદન-કૃપા-કટાક્ષે અમીરસ ઝરતી આંખલડીએ રાગબદ્ધ, તાલ બદ્ધ, અનન્ય રસપ્રદ-ફલપ્રદ આંગળીઓની-આંગળીઓના ટેરવાની બેતાજ કરામત દ્વારા પ્રગટતી એમની વીણા-વાદન શ્રવણ

કરીને સંગીતજ્ઞો નાચી ઊઠતા. ડોલી ઊઠતા ઝુમી ઉઠતા. થોકે થોકે ઉમટતા સંગીત રસિકો, સંગીતના–નાદબ્રહ્મના–નાદરસના રસિયાઓ રસિકજન એમનું વીણા વાદન શ્રવણ કરવાને એના પર રમણ કરતી એમની આંગળીઓનાંએનાં ટેરવાનાં દર્શન કરવાને–એમનું એમની વીણાનું–એવું કામણ હતું–અનોખું. કલાકોના કલાકો સુધી રિયાઝ કરતા. સવારે, સાંજે, રાતે, પ્રાતઃ કાળે, મધ્યાહને, સમય મળે ત્યારે એકલા–સાગરીતોના સાથમાં–સાજિંદા–ના સથવારે–સમય મેળવીને–સેવ્ય સ્વરૂપનાં સેવા–સ્મરણાદિમાં જપ–પાઠાદિમાં ખલેલ ન પડે–પહોંચે એ રીતે.

શાંત સ્વભાવ–સૌમ્ય મુખાકૃતિ–પ્રસન્ન વદન–ગૌર વર્ગ, લાલ હિંગળોક જેવું મુખારવિંદે છાયેલું–શોભા આપતું રક્ત, રૂપાની ઘંટડી જેવો મધુર અવાજ–અધર મધુર–વદન મધુર–નયન મધુર–ગમન મધુર–બધું જ મધુર એમને સાંભળવા, એ એક જિંદગીનો લહાવો છે. અનોખો એમની વીણા–વાદનને સાંભળવી એ એક જીવનની કૃતાર્થતા છે–એ એક જીવતરની સાર્થકતા છે.

મુંબઈમાં મોટા મંદિરમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીના, રજો ક્ષત્રાણીના સેવ્ય સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીની સેવાના રસિયા–રસ રસિયા રંગરસિયા–સ્વકીયા સ્વરૂપે–પરકીયા સ્વરૂપે–શ્રી સ્વામિનીજી સ્વરૂપે–શ્રીચંદ્રાવલીજી સ્વરૂપે સાંપ્રદાયિક સેવાદિ પ્રકારના જ્ઞાતા. સાંપ્રદાયિક સૈદ્ધાંતિક–દાર્શનિક – સાંગીતિક–ગૂઢ – નિગૂઢ જ્ઞાનની ઊંડી સમઝ–લાજવાબ–બે જોડ. પુષ્ટિમાર્ગની પ્રાચીન પદ્ધતિના, કીર્તન પ્રણાલીના જાણકાર. સૂરદાસ–નંદદાસાદિ આઠ સખાના કીર્તનના ગાયક, તેમના તલસ્પર્શી અભ્યાસક હોંશીલા સંશોધક.

વાત–વાતમાં વાત નીકળતાં મધુર સ્વરે મીઠા અવાજે કહેવા લાગ્યા–અત્યારના ગણ્યા ગાંઠયા, આંગળીને વેઢે ગણાય એવા, પોતાની જાતને માની બેઠેલા નામાંકિત કીર્તનકાર, કીર્તનની સાચી ખુબી સમઝતા નથી. કયારે પણ ન ખસે એવી ખુબીને એમણે ખેસવી નાખી છે. એની ’ડાંડી ગુલ કરી દીધી છે. ખુબીને બખુબી બનાવી દીધી છે. એની સાચી મઝા મારી નાખી છે. ગમે તેમ કીર્તન કરે રાખે છે એના કરતાં ઝીલણિયા સારા–ભજનમાં ભજન–મંડળીમાં ખપાવીને.

એમનો **‘નાદરસ’** અનોખી ભાત પાડે છે. શાસ્ત્રીય સંગીત પધ્ધતિમાં–સાંપ્રદાયિક કીર્તન પદ્ધતિમાં સાંગીતિક સાંપ્રદાયિક સાહિત્યમાં મહા મુશીબતે સંગ્રહિત, સંપાદિત, સંશોધિત એમનો એ **‘નાદરસ’** સાંપ્રદાયિક સાહિત્યિક, સાંગીતિક, દાર્શનિક, પુષ્ટિમાર્ગીય કીર્તન પદ્ધતિનું શાસ્ત્રીય પ્રણાલીનું કાયમનું સંભારણું બની રહેશે. શાશ્વત સીમા–ચિહ્ન બની રહેશે.

એમનું વારે વારે કહેવું એ હતું કે અત્યારના આજકાલના કહેવાતા નામાંકિત કીર્તનકારોએ, સાંપ્રદાયિક પુષ્ટિમાર્ગીય કીર્તનકારોયે, સૂરદાસ–નંદદાસાદિ આઠ સખાઓની સાંપ્રચયિક–પુષ્ટિ માર્ગીય કીર્તન–પધ્ધતિ પર પાણી ફેરવ્યું છે. મોટું પોતનું કરીને સંગીત સમ્રાટ ગોવિંદ સ્વામીની બેનમૂન ગાયકીને

ધોઇ નાખી છે. નથી જાણતા રાગ, નથી જાણતા તાલ, નથી ભાન અંતરાનું નથી સમજ ગમકની નથી અનુભવ મીંડનો, નથી જ્ઞાન તરજોનું–ને બની બેઠા છે કીર્તનકાર, ગમે તેમ ગાયે રાખે છે, ગમે તેવું હાંકે રાખે છે, ને છાતી કાઢીને ફરે છે મહાન–મહા મોટા કીર્તનકાર તરીકે મનથી માની બેઠા છે એટલુ જ પણ એ નથી કીર્તકાર પણ છે ભજનિક મહાન મહા મોટા ભજનિક,

શ્રીનાથદ્વારા અને કાંકરોલીની કીર્તન પધ્ધતિમાં–ગાયકીમાં પણ એવું જ મિશ્રણ દૂધમાં સાકર જેવું નહીં, પણ છાશમાં લૂણ જેવું. એ બંને રજવાડાં હોવાથી ત્યાં આવતા ભારત પ્રસિધ્ધ સાંપ્રદાયિકેત્તર ગાયક–ગાયિકાની, વાદક–વાદિકાની, નર્તક–નર્તકીની થોડે ઘણે અંશે અશાંશે અસર જોવામાં આવે છે. એથી એ શુધ્ધતો નથી જ.

સમગ્ર ભારતમાં પ્રસિધ્ધ પ્રથમ નંબરના હારમોનિયમ વાદક મથુરા પોરબંદરવાળા ગો. શ્રી ઘનશ્યામ લાલજીનાં ભારોભાર વખાણ કરતાં થાકતા નહોતા. એમને એમની પાસેથી ઘણું જાણવાનું મળ્યું હતું. એમના જેવા મેં હજી સુધી કોઇને જોયા નથી. ફક્ત જોયા છે એમના સુપુત્ર ગો. શ્રીદ્વારકેશ લાલજીને, પૌત્ર રસિક રાયજીને થોડે ઘણે અંશે, પણ એમના જેવા તો નહી. એમના પેંગડામાં પગ નાખે તેવા તો નહિ જ. પણ છે તે સારા છે. બાપ દાદાનું નામ નામ રાખ્યું છે. એ શું ઓછું છે? નામ રાખવું, નામ ટકાવી રાખવું એ કાંઈ ઓછું નથી. પણ જે જાય છે તે પાછા આવતા નથી. આવે છે તો બીજે સ્વરૂપે, જેને આપણે ઓળખી શકતાં નથી. થપ્પડ વાગે છે ત્યારે ઓળખાણ પડે છે. પણ તે પ્રથમને ભૂલાવે 'એવા તો નહીં જ. તેથી તેમની યાદ, કાયમની યાદ, કાયમ સતાવે છે.

ભારતના કૃષ્ણભક્ત કવિજન, પુષ્ટિમાર્ગના પારસમણિ, ચાણોદના વતની અને ડભોઇના નિવાસી, સાઠોદરા નાગર ગૃહસ્થ, શ્રીવલ્લભી વૈષ્ણવજન, મહાનુભાવી તાદૃશીજન શ્રીદયારામભાઇને માટે એમનો મત ઘણોજ ઊંચો હતો; એમને ઘણું જ માન હતું એમના જેવા થયા નથી ને થશે પણ નહી. એ તે એ બીજા બે તે બે સાંપ્રદાયિક, સાહિત્યિક, સાંગતિક જગતમાં એમ કહેતાં કહેતાં જીભ સૂકાઇ જતી ડૂમો ભરાઈ આવતો શ્રી દયારામભાઇના સમગ્ર સાહિત્યના–ગ્રંથ પદાદિના પ્રકાશન માટે શ્રી ગોકુલનાથજી મહારાજશ્રીના ટ્રસ્ટમાંથી દરેકની પાંચ પાંચ હજારની પ્રતની યોજના કરશું. એ બાબતનું અમારું અધુરું કામ અમારા દીક્ષિતજીના શ્યામ કરશે. આ બાબતમાં અમે અમારા શ્યામને (શ્યામુબાવા શ્યામ મનોહરને) વાત કરીશું એ આપણને ઘણી જ મદદ કરશે. એ આપણને ઘણા જ ખપના છે. સંપ્રદાયને સાહિત્યને ઘણું જ આપી જશે. પણ આ શું નું શું થઈ ગયું અચાનક સ્વપ્ને પણ ખ્યાલ નહીં, માન્યામાં ન આવે એવું. ભગવદ્ ઇચ્છા.

સાંપ્રદાયિક, સાહિત્યિક, નિબંધ, વિદ્વન્મંડન, શૃંગાર–રસ–મંડન, ગુપ્તરસ, સ્વપ્ન દર્શન, મધુરાષ્ટક, પરિવૃઢાષ્ટક, શ્રીસુબોધિનીજી અને ષોડશ ગ્રંથાદિની વાત નિકળતાં ખિન્નહૃદયે કહ્યું–એની વાત જ ન કરશો. કોને

ભણવું છે ને કોણે ભણાવવું છે. સૌ પોતપોતાની મસ્તીમાં, પોતપોતાની રીતે. મોજ શોખમાં એશ આરામમાં અમે લોકોએ જ ભણવાનું ભણાવવાનું છોડી દીધું છે. પછી બિચારા ભલા ભોળા વૈષ્ણવો શું કરે ? કોઇને ભણવું નથી. કોઇને ભણાવવું નથી. કોઇને શિખવું નથી. કોઇને શિખવવું નથી. અમારા શ્યામ–શ્યામ મનોહર અમારા શ્યામુબાવા એ દિશામાં મહેનત કરે છે પ્રગતિ કરે છે, પણ એમના એકલાથી શું થાય ? કેટલું થાય ? એ બિચારા એકલા શું કરે ? શ્રીગોકુલનાથજીના શ્રીકૃષ્ણ જીવનજીના, શ્રી દીક્ષિતજીના શ્રીવ્રજનાથલાલજીના સમયમાં મુંબઇ ગાજતું હતું એમની પોતાની સિંહ ગર્જનાથી. કોઇ નામ નહોતું દઇ શકતું, કોઇ આંગળી નહોતું ચીંધી શકતું અત્યારે એથી ઉલટું છે. અમારો અવાજ સિંહનો રહ્યો નથી. અમે સિંહનાં બચ્ચાં હોવા છતાં પણ એમનો જેવો અમારો 'પ્રભાવ' પડતો નથી. કાગળના સિંહનાં જેવું સિંહના બચ્ચાં જેવું અમારું જીવન છે–જ્યાં આભ ફાટયું ત્યાં શું કરીએ ?

સાંપ્રદાયિક માસિકોની–લેખોની વાત નીકળતાં કહ્યું કે–અત્યારની તો વાત જ ન કરશો. વે–શા. સં; ભગવચ્છાસ્ત્ર નિષ્ણાત પ્રાતઃ સ્મરણીય મગનલાલ શાસ્ત્રીજી, ગો. વા. મૂલચંદ તેલીવાલા, ધીરજલાલ સાંકળિયા, વાડીલાલ નગીનદાસ શાહ, પ્રો. ગોવિંદલાલ ભટ્ટ અને વસંતરામ શાસ્ત્રીના સમયમાં નીકળતાં હતાં તેવાંનાં તો દર્શન થતાં જ નથી. કોરાં–કહેવાતાં ખપ પૂરતાં, જીભનો સ્વાદ લેવા પૂરતાં, હૃદયને શાંત કરવાં પૂરતાં ક્ષણિક આનંદ મેળવવાં પૂરતાં પ્રમેયનાં માસિક, લેખ અને ગ્રંથનાં પ્રકાશન થાય છે. શાશ્વત કશું જ નહીં ઉધઇના રાફડા જેવાં વાંચ્યું જાણ્યું માણ્યું અને અનુભવ્યું ને ભૂલી ગયા. કાયમની છાપ કશી જ નહીં કે જેનાં દર્શન કર્યાં કરીએ, જેને વારે વારે વાગોળ્યા કરીએ સુરત છે, પોરબંદર છે–નામ પ્રમાણે ગુણવાળું એનાં કાર્ય અમર છે.

પુષ્ટિમાર્ગના માસિકના તંત્રી કે લેખક, પ્રમેયને, પ્રમેયના સ્વરૂપને, કાચા પારા જેવા પ્રમેયના સાચા સ્વરૂપને, શ્રીમહા પ્રભુજીએ, ગુસાંઇજીએ, શ્રીગોકુલનાથજીએ, શ્રીહરિરાયજીએ બતાવેલા પ્રમેયના શાશ્વત સ્વરૂપને જાણતા નથી ને મોટા બડેખાં જેવી, મોટા માંધાતા જેવી મોટી મોટી પ્રમેયની વાતો કરે છે. સરવાળે મીંડું–એનાથી કાંઈ અર્થ ન સરે એ ફલિત ન થાય. સાચું પૂછાવો તો પ્રમાણની સમાપ્તિ ત્યાંથી પ્રમેયનો પ્રારંભ એમના હસ્તાક્ષરના લેખાદિ વાંચો તો માલુમ પડશે. ખબર પડશે કે તેઓ વાકયની વાકય રચનાની જોડણીની કદી માફ ન કરી શકાય એવી કેવી ભદ્દી ભૂલો કરે છે. એવી કરે છે તો પણ લેખક તરીકે નામના મેળવે છે. પાંચસો વર્ષ પછીના પુષ્ટિમાર્ગની બોલબાલા છે. તેમને બધાને અણુભાષ્ય–વિદ્વન્મંડનદિ આકર ગ્રંથો કે જે યુનિવર્સિટીના એમ. એ. ના અભ્યાસ ક્રમમાં છે ને જે પી. એચ. ડી. માટે નિશ્ચિત થયેલા છે તે તેમને વાંચવા ગમતા નથી. અધ્યયનની વાત તો બાજુએ રહી તેમને તો ભાવનાના ગ્રંથો વાંચવા–સાંભળવા ગમે છે. પણ તે તો પ્રમાણ ગ્રંથોને, સિદ્ધાંત ગ્રંથોને

બરાબર પચાવ્યા પછી જ સૌથી છેલ્લાં 'ફલિત દશામાં'-સાધન દશામાં નહિ. જ હર્ગિઝ નહીં. એથી સારું થવાને બદલે નરસું થાય છે. આવિર્ભાવ થવાને બદલે તિરોધાન થાય છે. હોય તે જતું રહે છે. સરવાળો શૂન્ય એ બિચારા. આ જાણતા નથી ને પ્રમેય, પ્રમેય કર્યા કરે છે, કહ્યા કરે છે, વાગોળ્યા કરે છે પણ એથી શું ? ઘરનું ગોપીચંદન નહીં ઘરના, નહીં ઘાટના નથી આવડતો સિદ્ધાંત નથી હૃદયારૂઢ થતું પ્રમેય.

અમે જ, અમારા વિદ્વાનો, અમારા માનીતા કહેવાતા વિદ્વાનો જ આવું જ કરતા હોઇએ-હોય; અમે જ અમારા વિદ્વાનો જ ચાલતી ગાડીએ બેસી જતા હોઇએ-હોય, સાચું સૈદ્ધાંતિક માર્ગદર્શન ન આપતા હોઇએ ત્યાં એ બિચારા શ્રીવલ્લભી વૈષ્ણવજન શું કરે ? ગાય જેવા દોરે ત્યાં જાય. પાય તે પીએ. ખવડાવે તે ખાય. ધવડાવે તે ધાવે. પ્રમેયમાર્ગી વેવલો ન હોય. સિંહણનું દૂધ પિનારો સિંહ હોય. સિંહણનું બચ્ચું સિંહણનું દૂધ પીએ. પ્રમેયમાર્ગી સિંહ જેવો-સિંહણના બચ્ચાં જેવો હોય. પ્રમેય સિંહણના દૂધ જેવો કાચો પારો છે. 'સિંહણનું કેરું દૂધ સિંહણ સુતને જ જરે" સાચો પ્રમેયમાર્ગી પ્રમેયને જેરવી-પચાવી શકે.

આપણા શ્રી દયારામભાઈનું 'ભકિત પોષણ' 'રસિક વલ્લભ' 'પુષ્ટિપથ રહસ્ય' જુઓ એમનાં સૈદ્ધાંતિક અને ભાવ પ્રધાન ગ્રંથ-પદાદિ જુઓ એમનો સટીક સતસઇ, રસિક રંજન, પ્રેમ પચાવ, અનુભવ મંજરી જુઓ, એમનાં ગુજરાતી ભાષાનાં ઊર્મિગીત જુઓ, એમનાં વ્રજ ભાષાનાં પદાદિ જુઓ કયાંયે વેવલાશ જોવામાં નહીં આવે જયાં જુઓ ત્યાં ભાવના અને સિદ્ધાંત. ઘણે ઠેકાણે સિદ્ધાંત અને ભાવનાને એકી સાથે વણી-ગૂંથી દેવામાં આવ્યા છે. સૂરદાસ-નંદદાસાદિ આઠ સખા અને શ્રી દયારામભાઈના સર્જન જેવું સર્જન થવું જોઇએ. પોતાનામાં અનુભવની સરવાણી વહેતી નથી તે શું બીજાને અનુભવના દર્શન કરાવવાના છે ! પોતે જ પારસ નથી તે શું બીજાને સુવર્ણ કે પારસ બનાવી શકશે ? પુષ્ટિમાર્ગનો એકડો આવડતો નથી-ઘૂંટયો નથી ને મોટા માંધાતા, મોટા બડેખાં જેવા છાતી કાઢીને, શ્રીવલ્લભી વૈષ્ણવ વેશે ફરે છે. શ્રીવલ્લભી વૈષ્ણવ સમાજમાં કાંઈ ઉપજતું નથી, છતાં ધૂતી ખાવાને-આખો ચિતાર આપું તો ઘણો સમય થઇ જાય. આટલું ઘણું છે. ઇશારા પૂરતું-ટકોર પુરતું. એમને ડફણાંની જરૂર ન જ હોય.

મારું તો વારે વારે એટલું જ કહેવું છે કે સુરદાસ-નંદદાસાદિ આઠ સખાના અને શ્રીદયારામભાઇના જેવું સલુણું સર્જન પ્રકાશન થવું જોઇએ એવું લખવું કે પ્રકાશિત થવું જોઇએ કે તરત જ ગળે ઉતરી જાય, ઉપડી જાય. દ્રાક્ષાસવની માફક એવાં ગ્રંથ-પદાદિનું અધ્યયન કરો દરેક રીતે, દરેક પદ્ધતિએ પ્રાચીન પ્રણાલિકાને અનુસરીને આપણી પાસે શું ઓછું છે કે બીજે જવું પડે, ભટકવું પડે, કહેવાતા ભાવ ભાવના પ્રધાન લેખક દ્વારા લખાયેલા એવા લખાણોને પ્રકાશિત કરીને-પણ એથી શું ? એમાં પણ જયાં ત્યાં નરી વેવલાશ નથી દેખાતી ? તમે છો તો

તમારી પાસે બળાપો કાઢું છું. ભારેલા અગ્નિ જેવો ઉકળતા ચરુ જેવો શું થાય ? કોઇ કોઇને પડી નથી માર્ગની. બધા ફક્કડ થઇને ફરે છે. ધન એકઠું કરવા. જેનો ત્યાગ કરવાનો શ્રી મહાપ્રભુજીનો આદેશ છે એને પણ આપણે અભરાઇએ ચઢાવી દીધો છે. બિચારા ભલા ભોળા શ્રી વલ્લભી વૈષ્ણવ જનોને, જન સમાજને છેતરી, તરછોડાએલાં છોડિયાં જેવા છોડી મૂકે છે, બોલો પછી એવાઓની અજગર જેવી દશા થાય કે નહીં ? બોલો (ગૈષ્ણવ) બોલો !

સુરતમાં શ્રી વ્રજરત્નલાલજી અને એમના પૌત્ર, વડોદરામાં શ્રી વ્રજેશકુમાર, તેમજ શ્રી વ્રજરત્નલાલજીના પૌત્ર, અમદાવાદમાં નટવરગોપાલ (શ્રી વ્રજરાયચરણ), સૌરાષ્ટ્રમાં રાજકોટમાં શ્રી વલ્લભલાલજી અને એમના વંશજ જામનગરમાં શ્રી વ્રજભુષણલાલજી અને એમના વિદ્વાન વંશજ, પોરબંદરમાં શ્રી ગોવિંદરાયજી એમના સુપુત્ર હરિ બાવા, રસિકરાયજી અને માધવરાયજીના વંશજ બિરાજે છે તેમની પાસે જાઓ-શુદ્ધાદ્વૈત સિદ્ધાંત શિખો પછી કલમ ચલાવો પ્રથમ પ્રમાણની પછી પ્રમેયની તે તે ગ્રંથો શીખ્યા પછી, તે તે ગ્રંથોના ભાવ સમજ્યા પછી આમ એકદમ દશમે પગથિયે પ્રમેય પર કુદકો ન મરાય ! પહેલે પગથિયે ઊભા રહીને !

શ્રી દ્વારકેશલાલજી પાસે વલ્લભદાસ બાપોદરા, તેમના સુપુત્ર વિઠ્ઠલદાસ બાપોદરા, ભાનુભાઇ સુપેડીવાળા વગેરે સાંપ્રદાયિક સંગીત અને પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રણાલી શીખ્યા હતા. જેનો તેઓ પુષ્ટિ સૃષ્ટિમાં જોરશોરથી પ્રચાર કરતા હતા. અત્યારે વિઠ્ઠલદાસ બાપોદરા ઠેર ઠેર શિબિરો ગોઠવી સાંપ્રદાયિક સંગીતને, પુષ્ટિમાર્ગીય કીર્તન પ્રણાલીને જીવંત રાખી રહ્યા છે. જુનાગઢના પખવાજી કંસારાભાઇના સાથ સથવારે.

એકલા મુંબઇની વાત નથી કરતો પણ કહેવાય છે કીર્તન મંડલી પણ દેખાવમાં ભજન મંડલી. ભજન ગાતા હોય તેવો શોર બકોર કીર્તનમાં. ઊંઘતાને પણ જગાડી મૂકે. કીર્તન કરે પોઢવાનાં ને બરાડા પાડે જગાડવાના ત્યાં શયનની-નીંદરની તો વાત જ કયાં ? એવાથી ભગવાન પોતે બચે, અમને અને પુષ્ટિમાર્ગને બચાવે. સમય મળે તો, સમય કાઢીને આવજો અમારા કીર્તન ક્લાસમાં તમને ખબર પડશે કે કીર્તન કેવાં થાય છે. તમે કબુલ કરશો કે બરાબર છે. કીર્તન આવાંજ થવાં જોઇએ. આજ પદ્ધતિ અપનાવવા જેવી છે. એનો ખાસ્સો પ્રચાર કરવા જેવો છે ભેખ લઇને કમર-કસીને વાજતે ગાજતે.

શ્રી ગોકુલનાથજી, શ્રી દીક્ષિતજી બિરાજતા હતા ત્યારે મુંબઇ ગાજતું-એમની ગર્જનાથી શ્રી દીક્ષિતજીની બોલબાલા હતી. હતી ત્યારે એમની પાસે ઘણા શીખવા આવતા અત્યારે અમારા અને એમના શ્યામ (શ્યામ મનોહરજી) એ જ કરી રહ્યા છે પોતાને ત્યાં ચઢતી-ઉતરતી શિબિરો દ્વારા શ્રી વલ્લભી વૈષ્ણવ-જનમાં શુદ્ધાદ્વૈત સિદ્ધાંતાદિનું-બ્રહ્મવાદનું અધ્યયન કરી અધ્યાપન કરાવી રહ્યા છે. એ એકલા કયાં સુધી કેટલું પહોંચી શકે ?

શ્રી ઇન્દિરા બેટીજીનું શ્રી શરદવલ્લભાબેટીજીનું કાર્ય લાજવાબ છે. પ્રચાર કાંઇ નાનો સૂનો નથી. દાદ માગે તેવો છે. સમગ્ર હિન્દુ સમાજમાં શ્રી વલ્લભી સૃષ્ટિમાં છાઇ ગયો છે. એનાં મીઠાં ફલ આપણે ભોગવીએ છીએ. એમનાં જેવાં બેટીજીની ખાસ જરૂર છે. બધાએ એ રીતે કરવું જોઇએ. પોત પોતાને ત્યાં, જ્યાં રહેતા હોય ત્યાં. અત્યારે પ્રથમેશ, શ્યામ અને રસિયા થવાની ખાસ જરૂર છે. તો જ કંઇક શ્રી વલ્લભ સંપ્રદાયની, પુષ્ટિમાર્ગની સેવા જીવતી જાગતી જીવંત સેવા કરી ગણાશે. એ માટે મોજશોખ-એશઆરામ ન ખપે. એને પાણીચું આપવું પડે તો જ કંઇક પુષ્ટિમાર્ગનું સાચું સ્વરૂપ જીવંત રહેશે પછી તો ભાઇ! ભગવદ્ ઇચ્છા-પાંચસો વરસ પૂરાં થઇ ગયાં છે જ્યાં જુઓ ત્યાં પ્રવાહ, પુષ્ટિનો શુદ્ધ પુષ્ટિનાં, દર્શન ભાગ્યે જ કરોડોમાં એકાદ શ્રી પદ્મનાભદાસજી, શ્રી કુંભનદાસજી, શ્રી ચતુર્ભુજદાસજી, સૂરદાસ-નંદદાસાદિ આઠ સખાના જેવાનાં, ૮૪ અને ૨૫૨ શ્રી વલ્લભી વૈષ્ણવજન જેવાનાં પુષ્ટિમાર્ગના પારસમણિ શ્રી દયારામભાઇ જેવાનાં દર્શન "જેનાં ભાગ્ય હોય તેને થાય" "તે ભગવદીયનાં દર્શન દુર્લભ, જેનું ભાગ્ય હોય તેને ભેટે રે."

અત્યારે તો વે-શા-સં. ભગવચ્છાસ્ત્ર નિષ્ણાત ગો. વા. મગનલાલ શાસ્ત્રીજી, બદરીનાથ શાસ્ત્રી; પ્રો. ગોવિંદલાલ ભટ, વસંતરામ શાસ્ત્રીજી પ્રો. નાગરદાસ, મૂલચંદ તેલીવાલા અને ધીરજલાલ સાંકળિયા જેવાની ખાસ જરૂર છે.

અત્યારે તો નવનીતપ્રિય શાસ્ત્રીજી, પ્રદ્યુમ્ન શાસ્ત્રીજી, વિઠ્ઠલદાસ બાપોદરા, ચંપકલાલ નાયક, બચુભાઇ ઝવેરી થવાની ખાસ જરૂર છે. સંપ્રદાયના ઉત્કર્ષક માટે-કીર્તનના સંરક્ષણ માટે એમાં બંનેને લાભ. એકનો વિકાસ થાય, બીજાને જાણવાનું મળે. અધ્યયન-અધ્યાપનનો એવો મહિમા છે.

અત્યારે અમારા પ્રથમેશજી સમગ્ર ભારતમાં, હિંદુ સમાજમાં, વૈષ્ણવ સમાજમાં ભારતીય સંસ્કૃતિનો, પુષ્ટિમાર્ગના સિદ્ધાંતાદિનો વેગવંતો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. પોતાના પ્રાણને હોડમાં મૂકીને, પોતાની કાયમ નાદુરસ્ત તબિયત રહેતી હોવા છતાં પણ, ભારતના વિવિધક્ષેત્રે થતા-વિવિધ સ્થાને યોજાતા સોમયજ્ઞ દ્વારા ત્યાં તેમજ ગમે ત્યાં થતાં-યોજાતાં ભારતીય સંસ્કૃતિના, પુષ્ટિ માર્ગનાં સિદ્ધાંતાદિનાં પ્રવચન દ્વારા, આંતર રાષ્ટ્રીય વૈષ્ણવ પરિષદ દ્વારા સંચાલિત પાક્ષિક શ્રી વલ્લભ સદેશ, શ્રી વલ્લભ સ્વર તેમજ માસિક શ્રી વલ્લભ સુધા દ્વારા તેમજ તેમાં અને બીજામાં આવતાં પોતાનાં સ્વતંત્ર વિદ્વતાપૂર્ણ, ભાવ ગંભીર, ભારતીય સંસ્કૃતિના લેખન પ્રકાશન દ્વારા એ માટે એમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો છે. ભારતનો સમાજ ભારતની બહાર રહેતો સમાજ, હિંદુ સમાજ, શ્રી વલ્લભી-વૈષ્ણવ સમાજ એમનો સદાનો ઋણી છે. એમના જેવું-દશબાર માંધાતાઓ કામ કરે, એમના જેવો દશબાર ગોસ્વામી બાળકો ભેખ લે, તો ભારતીય સંસ્કૃતિનું, હિંદુ સમાજનું, પુષ્ટિમાર્ગનું કોઇ નામ ન લઈ શકે, કોઇ આંગળી ચીંધી ન

શકે, કોઈ ગમે તેવી મનમાની કલમ ચલાવી ન શકે, કોઇ ગમે તેવા મન માન્યાં ભાષણ ન કરી શકે.

શ્રી મહાપ્રભુજીના પુષ્ટિ માર્ગનું પરિવારનું, પરિકરનું, ઉપસ્કરાદિનું શું થવા બેઠું છે ? કાંઈ સમજાતું નથી. કાંઇ ગેડ બેસતી નથી. કાયમની બેધારી લટકતી તલવાર જેવો કાયદો પાછળ પડયો છે. હવેલી–ભગવન્મંદિરનું નામ નિશાન રહેશે કે નહીં ? કાયમનો વસવસો રહે છે. એમને, આપણને, માર્ગને કોરી ખાવા, માર્ગના સિદ્ધાંતોને નેવે મૂકવા, માર્ગની ભાવનાને અભરાઇએ ચઢાવવા શું થાય ? શું કહીએ ? ધાર્યું આપણું થતું નથી. આપણું કારગત નીવડતું નથી કયાં એની પ્રાચીન જાહોજલાલી–ભાવભાવના ભરેલી રસ–પ્રચુર, ફલપ્રદને કયાં અત્યારની વાત. પહેલાં પ્રાણ આપતા, સમૃદ્ધિનો–જાહોજલાલીનો એક જ ક્ષણમાં સદંતર ત્યાગ કરતા અત્યારે એનાથી જુદાં જ દર્શન થાય છે, જયાં ત્યાં કાવા દાવા અમારામાં–તમારામાં આ કયાં જઇને અટકશે–કહી શકાતું નથી. વેરણ છેરણ ન થાય તો ઘણું સારું–મોટો પરમેશ્વરનો પાડ.

શ્રીમહાપ્રભુજીના પુષ્ટિ માર્ગમાં, એમના પરિવાર અને પરિકરમાં તો રસભેદે, ભાવભેદે, અનુભવભેદે, સ્વરૂપભેદે, સિદ્ધાંતભેદે તો માઝા મૂકી છે. પ્રમાણની દૃષ્ટિએ–પ્રમેયની નજરે–મતમતાંતરો કયાં જઇને અટકશે. સમઝાતું નથી. કોરો વિખવાદ બીજું શું ? ભગવદ્ ઇચ્છા (નિસાસો નાખ્યો દડ દડ આંસુ ટપકી પડયાં. ભારેલા અગ્નિ જેવા ઉભરા ઠાલવતા હતા. અમારાં બધાનાં સજલ નયન એકી સાથે ટપકી રહ્યાં હતાં. અત્યારે એમની યાદમાં શ્રાવણ–ભાદરવો વરસી રહયો છે.)

આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત આંતર રાષ્ટ્રીય ગુણીજન જેમના વખાણ કરતાં થાકતાં નથી એવા મુંબઇના મોટા મંદિરના નિ.લી. શ્રી ગોકુલનાથજી મહારાજશ્રીના ચતુર્થ આત્મજ પુત્ર રત્ન–માતુશ્રી કુસુમપ્રભાના તૃતીય ગર્ભરત્નનું પ્રાકટય તા. ૬–૭–૧૯૨૪ના રોજ થયું હતું. શ્રી વલ્લભના પરિવાર, પરિકર અને ઉપસ્કરાદિના, શ્રીવલ્લભી વૈષ્ણવજનના સાંપ્રદાયિકોના, સાંપ્રદાયિકોના, સાંપ્રદાયિકેતરના, સાહિત્યકારોના સંગીત કારોના કલાકારોના કીર્તનકારોના વિદ્વાનોના લાડીલા પરમ પૂજ્ય ગોસ્વામી કુલભૂષણ નિ. લી. શ્રી મુકુંદરાયજી મહારાજશ્રીતો પોતાના ભકતોને મોક્ષ આપવાના હતા તેની સાથે ભકિત પણ શુદ્ધ પુષ્ટિ સ્વરૂપની પાત્ર પ્રમાણે અધિકાર અનુસાર પોતાના પ્રસન્નવદન દ્વારા મધુર સ્વર દ્વારા, કૃપા કટાક્ષે, અમીરસે વરસતા નયન દ્વારા દક્ષિણ ભારતની બેનમૂન વીણાવાદન દ્વારા–એના મધુર નાદ દ્વારા પોતાનો અનુપમ ગ્રંથ (કીર્તન સાહિત્ય સાંપ્રદાયિક કીર્તન સાહિત્યનો) **"નાદ–રસ"** દ્વારા–ભકતજનોને, ગુણીજનોને, શ્રોતાજનોને કીર્તનકારોને, કલાકારોને, સંગીતકારોને–પણ હવે ? હવે શું ? **"ન ભૂતો ન ભવિષ્યતિ"** "તેહિનો દિવસો ગતાઃ" ।

આ દુઃખ ઘટનાના લેખમાં આ વસમી વિદાયની અંજલિમાં – આ કારમા આઘાતની પંકતમાં–એ તો જાણે તે માણે–માણે તે પરમાણે.

નોંધ :– પણ, હવે તો એકજ આશા છે–અમારા આપણા રસિયાની, સાહિત્યિક, સાંગીતિક, સૈદ્ધાંતિક, સાંપ્રદાયિક ક્ષેત્રે, ભારતના સંગીત માર્તંડ, અસાધારણ હારમોનિયમ (પેટી)વાદક નિ. લી. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીના **પૌત્ર** અને તેવાજ નિ લી શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના **પુત્રરત્ન** (દ્વિતીય આત્મજ) શ્રી રસિકરાયજી (રસિયા) પર અમારી–આપણી સૌની મીટ છે. આશા છે એ **મીટ** ફલિત થશેજ. વંશ પરંપરાપ્રાપ્ત, સાંપ્રદાયિક, સાંગીતિક, સાહિત્યિક શિક્ષણ પ્રાપ્ત, પોતાની અનૂઠી આંગળીઓની, એનાં અનુપમ ટેરવાંની અજોડ કરામત દ્વારા પોતાની મધુર મુસ્કાન દ્વારા, પ્રસન્ન વદને કૃપા કટાક્ષે થતા પ્રવચન દ્વારા, શાંતચિત્તે–પ્રશાંત-હૃદયે થતા લેખન દ્વારા, સાહિત્યિક, સાંગીતિક, સાંપ્રદાયિક, સૈદ્ધાંતિક વિચારધારા દ્વારા, ચર્ચા વિચારણા સહિત–માલાતિલક રક્ષક, પુષ્ટિ માર્ગના ફલસ્વરૂપ, ગલિત–ફલિત ફલસ્વરૂપ શ્રી ગોકુલનાથજીને હૃદયમાં પધરાવીને હૃદયમાં પધારવા વિનતિ કરીને, પોતાનો જાણીને, પોતાનો દાસ જાણીને, નિરંતર તેમનું સ્મરણ કરતાં કરતાં "આશરો એક શ્રી ગોકુલનાથકો" એજ એનેજ '**જીવન**' સાથે જડીને.

આ માસના ઉત્સવ

પોષ સુદ ૧૧ તા. ૧૦–૧–૮૭ શનિવાર પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૪ તા. ૧૩–૧–૮૭ મંગળવાર ભોગી. ધનુર્માસ સમાપ્તિ

પોષ સુદ ૧૫ તા. ૧૪–૧–૮૭ બુધવાર મકરસંક્રાંતિ. તિલવા ભોગમાં ધરવા. પોષ પુનમ માઘ સ્નાન આરંભ.

પોષ વદ ૧૧ તા. ૨૬–૧–૮૭ સોમવાર ષટ્તિલા એકાદશી વ્રત દાન આપવું. ભારત માર્તંડ પંડિત શ્રી ગટુલાલજીનો જન્મદિન (સં. ૧૯૦૧) (બારસનો ક્ષય હોવાથી આજે)

મહા સુદ ૪ તા. ૨–૨–૮૭ સોમવાર શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ. શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં ૧૫૩૧) શિશિર ઋતુ પૂરી થઈ.

મહા સુદ ૫ તા. ૩–૨–૮૭ મંગળવાર વસંત પંચમી શ્રી મદન મોહનજી (શેઠ પુરુષોત્તમદાસ કાશી વાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ ભકત કવિ શ્રી જયદેવનો જન્મદિન વસંત ઋતુની શરૂઆત થઇ વૈશાખ સુદ ૨ સુધી.

અભિનંદન

અમદાવાદ–પ્રખર વિદ્વાન, ભાષાવીદ અને ઈતિહાસવીદ માનનીયશ્રી કે. કા. શાસ્ત્રીજીને ગુજરાતના રાજ્યના રાજ્યપાલ શ્રી આર. કે. ત્રિવેદીના હસ્તે તા. ૨૩–૧૧–૮૬ના રોજ "**વિશ્વ ગુર્જરી એવોર્ડ**" એનાયત કરવામાં આવેલ છે તે બદલ અભિનંદન.

શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ
અને સંપાદક મંડળ.

શ્રીવલ્લભ

જનકલ્યાણમય પુષ્ટિમાર્ગ

ઠગોના સરદાર છીતસ્વામિજી પોતે ઠગાયા

(એક પ્રસંગ)

(ગતાંકથી ચાલુ)

લે. રવજીભાઇ મીસ્ત્રી (વ્રજ) ધોરાજી

શ્રીગુંસાઇજી-(હંસીને) અરે છીત સ્વામી! અમારી ભેટ લાવ્યા છો એતો લાવો? આ સાંભળતાંજ છીત સ્વામી પોતાની કુટિલતાનો વિચાર કરી સંકોચ અને પશ્ચાતાપના સાગરમાં ડુબી ગયા. કે, પ્રભૂની પ્રભુતાઈ જાણ્યા પછી ખોટું નારીયલ રૂપીઓ ભેટ કેમ ધરાય! પણ વિચાયું કે એતો ભંડારમાં પડયું રહેશે કોને ખબર પડશે કે કોનું છે. ત્યારે શ્રી ગુંસાઇજીએ ફરી કહ્યું કે અમારી ભેટનાં નારીયલ અને રૂપૈયો લાવ્યા કે કેમ છુપાવી રાખ્યાં છે. એ લાવો અને તમારો ભેટ ધરવાનો: મનોરથ મથુરાંથી કરી અને આવ્યા છો તે પુર્ણ કરો?

આ સાંભળતાં જ છીતસ્વામીનું મુખ સુકાઇ ગયું. અને પશ્ચાતાપના વિચારોમાં અટવાઇ ગયા. કે શ્રી ગુંસાઇજીતો સાક્ષાત પ્રભૂ છે. હું નારીયલ લાવ્યો છું. એ જાણી ગયા તો તેમાં રાખ ભરી છે, તે પણ જાણ્યુજ હોય. એ વિચારી સંકોચ અને દૈન્યતાથી આપશ્રીને વિનંતિ કરી. કે, પ્રભૂ! આપ મારી કુટીલતા તો જાણો છો. મહારાજ! હવે મારી આટલી કુટિલતા તો છાની રાખો.

શ્રીગુંસાઇજી-છીત સ્વામી! પ્રભૂએ તમારો અંગીકાર કર્યો છે. પછી હવે ચીંતા શા માટે કરો છો? તમે તો હવે સર્વાંગ રોમ રોમ અમારાજ છો. એ નારીયલમાં તમારી એકની જ નહીં પણ પ્રભૂના બીરદની લાજ પણ સાથે છે. એમ કેમ નથી માનતા? છીત સ્વામી સંકોચ કરો નહીં. તમારો જસ તો જગતમાં વિખ્યાત થશે. માટે નિઃસંકોચ ભેટ લાવો. પરંતુ છીત સ્વામીતો સ્તબ્ધ થઇ ગયા હતા એટલે શ્રી ગુંસાઇજી આજ્ઞાથી હરીદાસ ખવાસે અંગોછાની ગાંઠમાંથી રૂપૈયો અને નારીયલ લઇ લીધાં. અને પ્રભૂ શ્રી ગુંસાઇજી સન્મુખ ધર્યા એક વૈષ્ણવને કહી ખોટા રૂપીઆના પૈસા મંગાવ્યા. અને નારીયલ ત્યાંજ ફોડયું તો તેમાંથી સુંદર અમૃત જેવું જલ અને સુંદર "ગર" નીકળ્યાં. છીત સ્વામી તો જોઇ જ રહ્યા. અને શ્રી ગુંસાઇજીને હરીદાસને આજ્ઞા કરી. કે, તેમાંથી અરધું છીત સ્વામીને આપો. તેઓ તેના સાથી દારોને વહેંચી આપશે. અને અરધામાંથી અહીં બેઠેલા સર્વને કણિકા આપો. અને હરિદાસે આપશ્રીની આજ્ઞા પ્રમાણે કર્યું. પછી છીત સ્વામિ એ અરધી "ફાડ" પોતાને છેડે બાંધી. શ્રી ગુંસાઇજીની આવી કૃપા જોઇ, અને છીત સ્વામી વીચાર કરવા લાગ્યા.

છીતસ્વામી-(મનમાં) અરે! કયાં સવારનો ગુંડો-ઠગ-કુટિલ-અભિમાની હું છીતુ! અને કયાં આજનીજ સાંઝનો દીન-હીન અને પ્રભૂનો વગર મુલનો દાસાનુદાસ છીતુ. એક વખત મથુરાં મંડલમાં મારી હાક વાગતી. સ્ત્રી પુરૂષો મારૂં નામ સાંભળતાંજ થર થરી ડરી

જઈ દ્વાર બંધ કરી દેતાં ક્યાં એ અપરાધોના અને પાપના પોપના પોટલા બાંધનાર છીતુ! અને ક્યાં આજનો પાપોનો પશ્ચાતાપ કરતો અને કેવળ નિષ્કિંચન-પ્રભૂનો અંગીકૃત અને કૃપા કલ્પતરૂની શિતલ છાંયાથી શિતલ અને સનાથ થયેલો છીતુ! અરે! ભવ સાગરના ભયંકર વમળોમાં અડવાતો અને અથડાતો એવો હું તેને પ્રભૂ શ્રી ગુંસાઇજીએ હાથ ઝાલી બહાર કાઢયો અને પોતાની કૃપા છાયામાં પોતાનો કરી અને અંગીકૃત કર્યો. આપશ્રીના દસ નખ ચંદ્રથી મારા હૃદયના તિમિરનો નાશ કરી, અવિનાશિ અજવાળું કર્યું. આમ વિચારતાં છીત સ્વામીજીનું હૃદય દ્રવિ ગયું. અને તે સમયે હૃદય સ્નેહ અને કરૂણા રસથી રસબોળ થઇ ગયું. અને હૃદયમાં દીનતાનો સાગર ઉમડયો અને એક કીર્તન ગાયું.

પદ-હોં ચરણાર પત્રકી છૈયાં

કૃપા સિંધુ શ્રી વલ્લભ નંદન
બહ્યો જાત રાખ્યો ગહી બહીયાં ।૧।
ભવ નખ શરદ ચંદ્રમા મંડલ
ત્રિવિધ તાપ મેટત છીન મહિયાં ।।
છીત સ્વામી ગીરીધરન શ્રી વિઠ્ઠલ
સુજસ બખાન સકત શ્રુતિ નહિયાં ।૨।

આ પદ સાંભળી શ્રી ગુંસાઇજી બહુજ પ્રસન્ન થયા. અને પછી છીત સ્વામીજીને એક જ સમયે શ્રી નવનિતપ્રીયાજી પાસે અને બેઠકમાં શ્રી ગુંસાઈજીનાં દર્શન થયાં. અને નિશ્ચય થયો કે, શ્રી વિઠ્ઠલ અને શ્રી ગીરધર એકજ છે. પરંતુ સ્વરૂપાસક્તિ વિશેષ દ્રઢ કરવા માટે આપશ્રીએ છીત સ્વામીજીને આજ્ઞા કરી.

શ્રીગુંસાઇજી-છીતસ્વામી ! તમે કાલે સવારે જ જાઓ. અને શ્રીગિરિરાજજી ઉપર શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરી આવો. એટલે તુરત છીતસ્વામી સવારમાં સાતે સ્વરૂપના મંગલા કરી અને રવાના થઇ શ્રીનાથજીના રાજભોગ આરતીનાં દર્શન કર્યા તો શ્રીગોવર્ધનનાથજી પાસે શ્રીગુંસાઇજીનાં દર્શન થયાં. નીચે ઉતરી સેવકોને પુછયું કે શ્રીગુંસાઇજી અહીં કયારે પધાર્યા છે ? ત્યારે સેવકો એ કહ્યું કે એ તો શ્રીગોકુલ બીરાજે છે. અને સંદેહ નિવારણ માટે છીતસ્વામી તુરત જ રવાના થઈ ઉત્થાપન વખતે શ્રીગોકુલ આવ્યા. ત્યાં તો ગાદી ઉપર બીરાજેલા શ્રીગુંસાઇજીનાં દર્શન થયાં. એટલે સાષ્ટાંગ દંડવત કર્યા.

શ્રીગુંસાઇજી-છીતસ્વામી ! શ્રીનાથજીનાં દર્શન કર્યાં ?

છીતસ્વામી-હા મહારાજ! શ્રીગોવર્ધનનાથજી પાસે આપનાં પણ દર્શન કર્યાં.

એટલે શ્રીગુંસાઇજી મુસકાયા તુરત જ શ્રીછીતસ્વામીએ એક પદ ગાયું.

પદ-જે વસુદેવકીયે પુરણ તપ,
સો, ફલ ફલિત શ્રીવલ્લભ દેહ.
જે ગોપાલ હુતે ગોકુલ મેં,
સો અબ આન વસે કર ગેહ. ।૧।

જે, વે, ગોપ વધૂ હી બ્રજમેં,
સો અબ વેદ ઋચા ભઇ તેહ ।।
છીતસ્વામી ગીરીધરન શ્રીવિઠ્ઠલ,
એહી તેહી તેહી એહી કછુન સંદેહ. ।૨।

આ પદ સાંભળી શ્રીગુંસાઈજી બહુ જ પ્રસન્ન થયા. અને છીતસ્વામીને નિવેદન કરાવી પ્રસાદ લેવરાવ્યા પછી.

છીતસ્વામી–પ્રભુ ! આજ્ઞા હોય તો મથુરાં જાઉં.

શ્રીગુંસાઇજી–સ્વામી ! રાજભોગ આરતી પછી તમારી વિદાય કરીશું. અને રાજભોગ આરતી પછી છીતસ્વામીને પ્રસાદ લેવરાવી વિદાય કર્યા.

છીતસ્વામીને મથુરાં પોતાને ઘેરે આવ્યા.

ગીરધારી–એરે છીતુ ! અમારા સરદાર અને શિર જોર નામચિન ઠગ જેવા, તને પણ ટોનો લાગી ગયો ? એ તો ગજબ થયો કહેવાય ! !

લખન–છીતુ ! એણે તને કંઇક ચમત્કાર બતાવ્યો હશે ?

નંદુજી–મિત્રો ! છીતુ જેવા સર્વ રીતે પરિપૂર્ણ અને મથુરાં મંડલના સમ્રાટ અને ખતરનાક માણસને ટોનો લાગ્યો. એટલે શ્રીગુંસાઇજીમાં જરૂર કંઇક હશે. નહીં તો કાગડો કદીએ રાજહંસ થાય નહીં. એણે જરૂર કંઈક જોયું હશે....જ.

છીતસ્વામી–ત્યારે લ્યો આ ચમત્કારની સાક્ષી. આપણે રાખ ભરેલું નારીયલ બધાની વચ્ચે....જ ફોડયું અને તેમાંથી નિર્મલ જલ અને આ બરફી જેવી 'ગરી' નીકળી. ખોટા રૂપૈયાના પૈસા મંગાવ્યા અને તે પણ આવ્યા. તેઓમાં બીજી પણ ઘણી ઇશ્વરતા જોઇ. એટલે હવે તો હું તમારા કામથી ગયો. મિત્રો ! આપણે જે જલસા અને આનંદ માણતા હતા. તે તો શ્રીગોકુલેશ્વર પ્રભુના શિતલ આનંદ સાગરની ફકત ઠંડી હવા જ હતી. તેમાં સાચી શિતલતા કે સાચી પ્યાસ બુઝાવવાની શકિત જ ન હતી. એ રસના સાગરમાં મહાપ્રભુ શ્રીગુંસાઇજી મહારાજે મને રસ બોળ કરી દીધો છે. જેની પાસે હવે સર્વ ફીકું લાગે છો એમ કહી છીતસ્વામી ઘેરે ગયા.

સાથીમિત્રો–મિત્રો ! છીતુએ તો સાચો અને સુખમય માર્ગ અપનાવી લીધો. હવે આપણે પણ આ ગુંડાગિરિ છોડી શ્રીયમુનાજીને આશ્રયે વ્યાવૃત્તિ અને પ્રભુ ભજન કરીએ અને સાચુ સુખ માણીએ સાથે સાથે આપણે કરેલા અક્ષમ્ય અપરાધોનો પશ્ચાત્તાપ કરી અને જીવનને નિર્મળ અને ઉજવલ કરી સફલ કરીએ. જય હો શ્રીયમુનામૈયા કી. કહી સર્વ છુટા પડયા.

જય હો. પતિત પાવન પુષ્ટિ માર્ગની
જય હો પુષ્ટિ સૃષ્ટિના હૃદય સમ્રાટ શ્રીવલ્લભની
જય હો સંગઠ્ઠન સમ્રાટ શ્રીવલ્લભની

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૨૯ મું

રાસ રસ સાગર શ્રીયમુને જુ જાની.
બહત ધારા તન પ્રતિછિન નૌતમ,
રાખત અપને ઉરમેં જુ ઠાની. ૧
ભકત કો સહેજુ ભાર, દેત જુ પ્રાણ આધાર,
અતિ હિ બોલત મધુર મધુર બાની;
શ્રીવિઠ્ઠલ ગિરિધરન વર બસ કિયે,
કોન પેં જાત મહિમા જુ બખાની. ૨

અર્થ–રાસ રસના સાગર શ્રીયમુનાજી છે. એવું હું સમજુ છું. કારણ કે શ્યામા શ્યામ યુગલના શ્રીઅંગમાંથી પ્રતિક્ષણ વિવિધ રસ લીલાઓરૂપી ધારાઓ પ્રગટ થાય છે જેને શ્રીયમુનાજી પોતાના હૃદયમાં ધારણ કરે છે. શ્રીયમુનાજી નિરંતર ભકતોની ચિંતા કરતા રહે છે. ભકતોને સુખી કરવા શ્રીઠાકોરજી સાથે એનો મિલાપ કરાવી આપે છે. જેથી શ્રીઠાકોરજી પણ ભકતને સાનુભાવ વગેરે જતાવી એમની સાથે મધુર વાર્તાલાપ કરે છે આવા પૂર્ણ પુરૂષોત્તમને જેણે વશ કરી રાખ્યા છે એવા શ્રીયમુનાજીના મહિમાનો પાર કોણ પામી શકે ?

વિવેચન–આ ચાર પદના રચિયતા પ. ભ. શ્રી ગંગાબાઇ છે કે જેઓ શ્રી નાથજી વ્રજમાંથી મેવાડમાં પધાર્યા હતા ત્યારે સાથે હતા તે છે. "શ્રીવિઠ્ઠલગિરિધર" છાપથી એમણે પદ રચના કરી છે) તે સ્નાનુભવથી કહે છે કે–શ્રી યમુનાજી રાસ–રસના સાગર છે. શ્રી ઠાકોરજી સાથે આપનો નિત્ય સંબંધ છે. શ્રી ઠાકોરજી સમાન શૃંગાર ધારણ છે. ગુણ, ધર્મ અને વર્ણથી પણ શ્રી કૃષ્ણ સમાન છે. શ્રીઠાકોરજીના અંતરંગ પ્રિયા છે એટલે શ્રીઠાકોરજી અને વ્રજ ભકતો સાથેની સમગ્ર-લીલામાં આપ મધ્યપાતી છે. લીલા પ્રસંગે પ્રગટ થયેલા પ્રસ્વેદ જળ રસથી આપ સમૃદ્ધ છે.

આવા પરમ સૌભાગ્યશાળી શ્રીયમુનાજી નિરંતર શ્રી ઠાકોરજીને સુખ આપવા માટે પ્રભુની સાન્નિધ્યમાં બિરાજતા હોવા છતાં પોતાના ભકતને ક્ષણવાર ભૂલતા નથી. ભકતની ચિંતા આપ નિરંતર કરતા જ રહે છે. જે જીવ શરણે આવે છે તેને પ્રભુ સન્મુખ કરી ભગવદ્ લીલા રસનું સુખ આપે છે, ત્યારેજ આપને સંતોષ થાય છે. ભકત અને ભગવાન જ્યારે મધુર વાણીથી વર્તાલાપ કરતા હોય ત્યારે આપ ખૂબ પ્રસન્ન થાય છે. પ્રભુ પણ શ્રી યમુનાજી પ્રસન્ન થાય તેમ કરે છે. શ્રી ઠાકોરજી યમુનાજીને વશ છે.

સોરઠો

ચૌદ લોકના નાથ, આધિન છે સહુ આપને,
તે શ્રીયમુનાજી પાસ, આધિન થઇ બિરાજતા.

—ક્રમશઃ

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

(લેખાંક ૧૩મો) (ગતાંકથી ચાલુ)

ચોપાઈ ભક્તિ રુચિરા

મમ પ્રાપ્તિ કે મારગ હૈ, ઇનસે યહ રતિ પથ ન્યારા હૈ;
પાવત પરમાનંદ ભકત સદા, આશ્રિત જન અધિક પ્યારા હૈં.
રતિ રહિત ધરત જન ભોગ જહાં, હરિ દૃષ્ટિ ન જાને દેતે હૈ;
લખ પૂર્ણ દૈન્ય અરુ દિવ્ય ભાવ, ઇન અંગીકૃત કર લેતે હૈં.
નિજ ભોગ છોડ કર જગતરાય, કર્માકી ખિચડી ખાઇ જો;
મથુરામેં રાખે માતપિતા, વ્રજજન સે ધૂમ મચાઇ જો.
પ્રેમીજન પ્રિય પુરુષોત્તમકો, લખતન મન સુધ બિસરાતે હૈં;
કદલી ફલ છિલકે મધુરવદત, પુનિ સાગ રુચિરસે ખાતે હૈં.
અક્ષત પ્રિય લગત સુદામા કે, માખનસે મન લલચાતે હૈં.
હરિ સંગ સખા ભોજન પાવત, નિજ કર ગિરિરાજ ઉઠાતે હૈં.
હરિ દૂત ભયે પાન્ડવ હિત કર, કટુ બચન સહત દુર્યોધન કે;
રક્ષક રથ હાંકત અર્જુનકા, કઈ કાર્ય કરત નિજ ભકતનકે.
દ્રૌપદી પાય આશિષ પિતુસે, ગંગા સુત આશા ભંગ કરી;
પ્રાણ રાખત ભિષ્મપિતામહકા, માલી બન કછની અંગધરી.

દોહા–હરિ પ્રાપ્તિ હરિ ભક્તિ સે, નહિં સાધન બલકામ;
મરમ સુનાવત સુપનમેં, પાવત પિતુ વિશરામ.
મુદિત રહત માતપિતા, સુત સહ કરત નિવાસ;
બ્રહ્મવાદ મંડન કરન, પ્રભુકે ચિત્ત અભિલાષ.

બ્રહ્મવાદનું મંડન સ્વગૃહે :

સ્નાતક થયેલ શ્રીવલ્લભ માતાપિતા પાસે રહેતા પોતાનું મન ઉદાસ રહેતું, કારણ કે પોતે માનતા હતા કે ૧૧ વર્ષ સુધી પિતાનું સાનિધ્ય રહેવાનું, તેમની આજ્ઞા સિવાય કંઇ પણ ન થઇ શકે. પોતાને ટૂંક સમયમાં અનેક કાર્ય કરવાના છે (માર્ગની મર્યાદા, ગ્રંથ રચના, તીર્થસનાથ, પરિક્રમા, ગૃહસ્થ ધર્મ વગેરે) તે કેમ થશે. જો હાલમાં કંઈક કામ કાશીથી શરૂ થાય તો અહિંનો સમય વૃથા ગયેલ ન ગણાય. તેથી શ્રી વલ્લભ કંઇક બાનુ જોવા લાગ્યા.

શ્રી લક્ષ્મણ ભટ વિષ્ણુ સ્વામીમતના આચાર્ય હતા. સ્વભાવે ઘણા સૌમ્ય, શાન્ત, દયાળુ અને મહાન દાતા, કોઈપણ જાતના કલેશથી દુર, તેવા શેષ સ્વરુપ શ્રી લક્ષ્મણભટજી તેમના પાસેથી સભામાં જવાની આજ્ઞા કેમ પ્રાપ્ત કરવી ?

એક સમયે પોતાને ત્યાં અનેક સન્યાસી ભોજન કરવા આવેલ. ભોજન કર્યા પછી સન્યાસી એવા વાદે ચડી ગયા કે પ્રથમ પૂર્વ મીમાંસા (કર્મકાંડ યાજ્ઞિકો)ની હાંસી કરવા લાગ્યા. પછી સંપ્રદાયવાશ મધ્વ, રામાનુજ, નિબાર્ક અને વિષ્ણુસ્વામીની ભક્તિ નિજ ઇચ્છિત સિદ્ધાન્તો બતાવી બ્રહ્મજ્ઞાન રહિત ભાવનાના ભાવલાવેડા કરનાર કહી હસવા લાગ્યા.

શ્રીવલ્લભ તેમના પાસે બેસી પૂછવા લાગ્યા કે આપનો સન્યાસ કયા પ્રકારનો છે જે પૂર્વ મીમાંસા વેદ સંમતિની નિંદા કરી પુનઃ ભક્તિમાર્ગીય આચાર્યોને મિથ્યા ભાવોની વાતો કરવાવાળા કહી હાંસી કરવી, શું વેદનું કર્મ સત્ય નથી, ત્યારે ભક્તિમાર્ગ સર્વોપરિ ગીતા, શ્રીમદ્ ભાગવતમાં અને વેદમંત્રોમાં પદે પદે પ્રતિપાદન કરેલ તે મંત્રો અને કર્મ કલ્પિત છે ? આમ કહી શ્રીવલ્લભે વાદની શરુઆત કરી.

જયારે વેદમાં બતાવેલાં કર્મથી ચિત્તશુદ્ધિ થાય ત્યારે કર્મ કરનાર જ્ઞાનનો અધિકરી બનતા અવિધ નિવૃત્તિ થતાં કયાંક ભક્તિ ઇશ્વરના અનુગ્રહથી પ્રાપ્ત થતાં પરમ મોક્ષ અથવા અક્ષરમાં લયરુપ ફલ પણ પ્રાપ્ત થાય છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ ઉત્તરોત્તર એક બીજા પર ઉપકારક રુપ છે.

જો મૂલથી કર્મનું ખંડન કરનાર ચિત્તાશુદ્ધિ કયા પ્રકારે કરી શકે તેમજ સાત્વિક ભાવ વગર સન્યાસ જે જ્ઞાનનું અંગ છે તે કેમ સિદ્ધ થાય ? જો જ્ઞાન સિદ્ધ ન થાય તો ગીતામા બતાવેલ નિર્ગુણ ભક્તિનો આધકારી તો તમારા વિચાર પ્રમાણે વંધ્યાનો પુત્ર પંડિત છે તેજ ગુરુ માનવો કે શું ?

સન્યાસ એટલે સર્વત્યાગ, જ્ઞાન માર્ગમાં સ્થિતિ તે સાત્વિક ભાવથી સિદ્ધ છે. જો રજ અને તમ ગુણથી પ્રકટ થતો રાગદ્વેશ સ્વપક્ષ અને પરપક્ષ માન્ય કરી વેદ નિંદા, સત્પુરુષોનો દ્વેષ તેવા સન્યાસીને બ્રહ્મભાવ કેવી રીતે સિદ્ધ થાય. તમો જે બોલી રહયા છો તે ધર્મ સન્યાસીનો છે ? આપ મારા પર ખોટું ન લગાડતા, વિચારો કે મારું કહેવું યોગ્ય છે કે અયોગ્ય છે. હું તો બાલક છું, આપ પરમ જ્ઞાની છો.

એક વિદ્યાકૃત જ્ઞાન જ્ઞાનીમાં હોય, તેવો જ્ઞાની અવિદ્યાકૃત જ્ઞાનને સ્વીકારે તો સાચો જ્ઞાની કોને માનવો. મહા મર્મ અને ધર્મયુકત વાકયો શ્રીવલ્લભના શ્રવણ કરતા સન્યાસીઓ ચૂપ થઇ ગયા અને શ્રી લક્ષ્મણભટના સામે પોતાના નેત્રો રોષયુકત કરી ચાલતા થયા.

ક્રમશઃ

(ટા. ૨ ઉપથી ચાલુ)

પરીખે (મહેસાણા) ગુજરાત પ્રદેશની મીટીંગમાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ. ગોધનને બચાવવાના ઠરાવની ઉદ્‌ઘોષણા કરી. આ અંગે કાયમી ધોરણે કંઈક વિચારણા કરવી જોઈએ. એ વાતને દોહરાવી હતી.

ઉપસ્થિત મહાનુભાવોના પ્રવચનો થયા બાદ આભારવિધિ પરિષદના મંત્રી પ્રિન્સીપાલ વિ. પી. પારેખે કરી હતી. છેલ્લે પ્રા. શાંતીભાઈ બાંભણીઆએ આશરાનું પદ ગાઈને સમારંભનું સમાપન કરવામાં આવ્યું હતું.

“પુષ્ટિ પ્રસાદ” પુસ્તિકામાં સને ૧૯૮૪–૮૫ તથા ૮૫–૮૬ માં કરેલ કાર્યવાહીની રૂપરેખા તથા પરિષદ અંગે અન્ય જાણવા અને કરવા જેવી માહિતિનો સમાવેશ કરવામાં આવેલ છે.

“ધુવારણમાં આં. પુ. વૈ. પ. ની શાખાની સ્થાપના”

વર્તમાન પરિસ્થિતિમાં ધર્મના સંસ્કારોની નિતાંત આવશ્યકતા છે એવું આં. પુ. વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી પ્રી. ચીમનભાઈ શેઠે ધુવારણ ખાતે વૈષ્ણવોની યોજાએલી સભામાં જણાવ્યું હતું અને આં. પુ. વૈ. પ. તેના માટે સંસ્કાર શિબિરોનું આયોજન કરે છે તથા મંદિરો માટે પંચસૂત્રી કાર્યક્રમ માટે પ્રયત્નશીલ છે તેવી જાણકારી તેઓએ આપી હતી. ધુવારણ ખાતે આં. પુ. વૈ. પ. ની શાખાની સ્થાપના કરવામાં આવી છે અને તેના માટે શ્રી જી. એમ. રીન્દાની અને શ્રી મનહરભાઈ આર. શાહને સંયોજક તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. બોરસદ શાખાના પ્રમુખ શ્રી સુમનભાઈ વ્યાસ (એડવોકેટ) અને મંત્રીશ્રી સતીશભાઈ આર. શાહ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

શ્રી ગોકુલનાથજી પ્રાકટ્ય મહોત્સ ઉજવાયો

આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે ગો. શ્રી ગોકુલનાથજી પ્રાકટ્ય મહોત્સવની ઉજવણી તા. ૭–૧૨–૮૬ ને રવિવારે સાંજે ૭–૩૦ કલાકે ખત્રીવાડ શ્રી જસુબાઈ માંડાણમાં ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે સપ્તમ પિષ્ઠાધિશ્વર ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ કામનવાળા તથા ગો. શ્રી ગોવિંદરાયજી બાવા શ્રી રાજકોટવાળાએ પ્રાસંગીક વચનામૃતો આપ્યા હતા. સ્વાગત પ્રવચન આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત શાખાના સહમંત્રી શ્રી ડાહ્યાભાઈ ડેલાવાળાએ કર્યુ હતું. સંચાલન તેમજ આભાર વિધી સંગઠન મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે કરી હતી.

આ કાર્યક્રમ દરમ્યાન રાજકોટ વૈષ્ણવ મહિલા મંડળ તથા સાંપ્રદાયિક સંસ્થાઓએ ધાર્મિક પ્રોગ્રામ રજુ કરી ખૂબ જ આનંદભેર શ્રી ગોકુલનાથજીનો પ્રાકટ્ય મહોત્સવ ઉજવ્યો હતો.

કાર્યાલયને મળેલ પુસ્તિકા

શ્રીવલ્લભ પ્રભુનું ધ્યાન: સંકલનકર્તા શ્રીવલ્લભ પાદપદ્મમિલિંદ, કુલ પૃષ્ઠ સંખ્યા ૩૨, ન્યોચ્છાવર પોસ્ટેજ સાથે રૂ. ૬–૦૦

સિદ્ધહસ્તથી લખાયેલી આ નાની પુસ્તિકા ન્યોચ્છાવર જોતાં જેટલી ભારે લાગે છે, તેટલી જ તેમાંના જ્ઞાનથી તે ભારે છે.

પ્રારંભમાં કરેલું વિવેચન પુષ્ટિમાર્ગનું ઉત્કૃષ્ટ રહસ્ય આપી જાય છે. અને પછી આપેલી પ્રશ્નોત્તરી ષોડશગ્રંથો જેવા પુષ્ટિગ્રંથોના આધારે સચોટ રીતે લખાયેલ હોવાથી રસિક અને જ્ઞાનસભર છે.

તે પછી અપાયેલું ગદ્યાત્મક લેખન પણ ઉત્તમ પ્રકારના પુષ્ટિજ્ઞાનથી ભરેલું છે, જ્યારે કેટલાંક પદોનો ભાવાર્થ અને વિવરણ મનને આનંદમાં ડુબાડી દે છે. છેલ્લે આપેલાં કેટલાંક પદો પણ પુસ્તિકાની વિશિષ્ટતા દર્શાવે છે.

આમ નાની છતાં ઉપયોગી પુસ્તિકા વૈષ્ણવ જનોએ વસાવવા તેમ જ તેનું વાચન, મનન કરવા વિનંતિ છે.

—સમીક્ષક

પ્રકાશક : શ્રી પુષ્ટિ પરાગ વૈષ્ણવ વિહાર, કંસારા બજાર, સિહોર (૩૬૪ ૨૪૦)

॥ શ્રી હરિ ॥

(૧) કા'નની બંસી વાગીરે બહેન !

જમુનાને કાંઠડે જમુનાને કાંઠડે,
કાન'ની બંસી વાગીરે બહેન (૨)
વાંસલડી વાગીરે કદંબ કેરે છાંયડે રે...જમુનાને.

સરખી સાહેલી મારી સરખી સાહેલી,
ચાલોને જોવા જઈએ રે બહેન (૨)
વાંસલડી વગાડે રે ઓલો નંદજીનો છેલડો રે...જમુનાને.

મહીની મટુકી માથે મહીની મટુકી માથે
ગોરસ વેચવા જઈએ રે બહેન (૨)
માગશે દાણ કા'નો વનરાવનની વાટે રે...જમુનાને.

વીરા બલભદ્ર સાથે વીરા બલભદ્ર સાથે
સખા શ્રીદામ સંગાથે રે બહેન (૨)
ગેડી દડુલો ખેલે કાલિંદીને કાંઠડે...જમુનાને.

પાણીડાં ભરવા પાણીડાં ભરવા
જઈએ સૌ સાથ સંગાથે રે બહેન (૨)
કાંકરી ચાળો કરતો રે કાન જમુનાને ઘટરે...જમુનાને.

ગોધેન ચરાવે વા'લો ગોધેન ચરાવે
વનમાં તે રાસ રચાવે રે બહેન (૨)
શોભા અનેરી વ્રજ ધામની રે...જમુનાને.

માસી પુતનાને મારી માસી પુતનાને મારી
યમલાર્જુનને તારી રે બહેન (૨)
કાલીય મર્દન કીધું કા'નેરે ...જમુનને.

–માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्‌-राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

શ્રી વલ્લભ સુધા

હોળી ખેલ

[રાગ–કાફી]

હોરી ખેલે નવલ કિસોરી.
બાજત તાલ–મૃદંગ–ઝાંઝ–ડફ,
મુખ મુરલી–ઉપંગ દોનો જોરી;
પીત ગુપાલ–ગ્વાલ રસમાતો,
શ્રી બ્રષભાન–નંદિની ગોરી.
પ્રભુજી કૌ લટપટ પાગ બિરાજત,
સ્રવન કુંડલ રાજત દોઉ જોરી;
તરબન કનક ભાનુ–છબિ નિંદક,
અલક તિલક રાધે સિર ઓરી.
ફગુવા દેહુ મંગાઇ સ્યામ પ્રભુ,
ફેંટ પકરિ સખિયન બરજોરી;
'ચંદસખી' હિત લલિત લટપટી,
બાલકૃષ્ણ કે પાંય પરેં રી.

❀

ખાસ નોંધ

શ્રી વલ્લભ સુધા કાર્યાલયનું સરનામું બદલાએલ છે

જેની નોંધ લેવા વિનતી

શ્રી વલ્લભ સુધા કાર્યાલય
C/o શ્રી જયસુખલાલ એન. વોરા
સોની બજાર સવજીભાઈની શેરીના નાકે
રાજકોટ–૩૬૦૦૦૧

હવેથી **શ્રી વલ્લભ સુધા** નો તમામ પત્રવ્યહાર મનીઓર્ડર વગેરે ઉપરને સરનામે મોકલવા વિનંતી.

વર્ષ ૫ : અંક ૧૧ ❀ ફેબ્રુઆરી, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી
આકાશવાણી સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧

ગ્રાહકોને નમ્ર વિનંતિ

શ્રી વલ્લભ સુધાનું ચાલુ વર્ષ માર્ચ ૮૭ની આખરે પૂરું થાય તે પહેલા ઘણા ગ્રાહકોએ નવી સાલ એટલે કે સને ૧૯૮૭-૮૮ ના વર્ષનું લવાજમ મોકલાવી આપેલ છે. તો જે વૈષ્ણવજનો નવા વર્ષમાં ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગતા હોય તે મહાનુભાવો પોતાનું લવાજમ મોડામાં મોડું ૨૦ માર્ચ ૮૭ સુધીમાં જમા કરાવી આપીને સાંપ્રદાયિક સાહિત્ય પ્રચાર કાર્યમાં સહયોગ ચાલુ રાખવા કૃપા કરે, અગર કોઈ સંજોગોમાં ગ્રાહક રહેવા ઈચ્છા ન હોય તો નામ કમી કરાવવા પત્રથી કાર્યાલયને જાણ કરવા પરિશ્રમ લે તેમ વિનંતિ છે.

શ્રી વલ્લભ સુધાના સેવાભાવી કાર્યકર ભાઈઓ જોગ નમ્ર નિવેદન.

ઉપરોકત હકીકત તેમજ કાગળ-છપાઈ-પોસ્ટેજના ઉત્તરોત્તર વધતા જતા ભાવને કારણે બાકી લવાજમે અંકો મોકલવાનું શકય ન બને તે ધ્યાનમાં લઈ આપના હસ્તકના ગ્રાહકોના લવાજમ નવી સાલ માટે મેળવી મોડામાં મોડા ૨૦ માર્ચ ૮૭ સુધીમાં જમા કરાવવા કૃપા કરશો. અગર કોઈ વૈષ્ણવ નવી સાલમાં ગ્રાહક રહેવા ન ઈચ્છતા હોય તેઓના નામ તુરત કાર્યાલયમાં જાણ કરશો જેથી સંસ્થા ખોટા ખર્ચાથી બચી શકે.

ચાલુ સાલનું બાકી લવાજમ તુરત મોકલવા વિનંતિ.

જુના ગ્રાહકોને ચાલુ સને ૧૯૮૬-૮૭ ના વર્ષના અંકો મોકલાયા છે અને દરેક અંક ઉપર લવાજમ બાકી છે તેમ રબ્બર સ્ટેમ્પથી સૂચિત કરાયું છે છતાં તેવા ઘણા ગ્રાહકોએ લવાજમ જમા કરાવેલ નથી. તો હવે વર્ષ પૂરું થવામાં છે માટે બે વર્ષનું લવાજમ ભરી સહકાર ચાલુ રાખવા વિનંતિ છે.

સમાચાર

રાજકોટ – શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ પ્રાગટ્ય મહોત્સવના ઉપક્રમે "શ્રીવલ્લભાખ્યાન – વિવેચન" સપ્તાહનું આયોજન પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને તા. ૧૭-૧૨-૮૬ થી તા. ૨૫-૧૨-૮૬ સુધીનું કરવામાં આવેલ. વકતા પ. ભ. શાસ્ત્રીજી જયવલ્લભ ધનેશ્વર ભટ્ટ હતા. સપ્તાહ દરમ્યાન પૂ. પા. ગોસ્વામી બાલકોના વચનામૃતનો લાભ મળેલ. જેમાં પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ, પૂ. પા. ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી, પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી, પૂ. પા. ગો. શ્રી ગોપિકાલંકારજી બાવાશ્રી પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ (કામવન) ચિ. ગો. વ્રજવનિતા બેટીજીના અલૌકિક વચનામૃત થયેલ, આ કાર્યક્રમ દરમ્યાન રાત્રિના સમયે સાંપ્રદાયિક કિર્તન સંગીતનો ક્રમ રહેતો. જેમાં ઈન્દોરના ધ્રૂવપદ ધમાર ગાયક "પવાર બંધુ" ના સંગીતનો તથા સંપ્રદાયના સુપ્રસિદ્ધ કીર્તનકાર શ્રી મુરારીલાલ ચૌબેજીના કીર્તનનો કાર્યક્રમ તેમજ શ્રી મદન મોહન પુષ્ટિ સેવા સમાજ (યુવક મંડળ)ના ભાઈઓનો હીંચલમચી, દાંડીયારાસનો કાર્યક્રમ રજુ થયો હતો. શ્રી ગુસાંઈજીના પ્રાકટ્ય દિને સવારે 'શ્રી નામરત્નાખ્ય સ્તોત્રના પાઠ" નો અને સાંજના વધાઈ-કીર્તન અને સભાનો કાર્યક્રમ યોજાયો હતો.

શ્રી ગુસાંઈજીના પ્રાકટ્ય મહોત્સવ દિને શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં પૂ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી કામવન) ના અધ્યક્ષસ્થાને જાહેર સભાનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં વધાઈ-કીર્તન તથા પ્રસંગોચિત પ્રવચનો – વચનામૃતનો અલૌકિક લાભ વૈષ્ણવજનોએ લીધેલ.

મહેમદાબાદ – અ. ભા. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના ઉપક્રમે ખેડા જીલ્લાના કાર્યકરોનું પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના અધ્યક્ષપદે સંમેલન યોજાયેલ તેમાં "ગાય એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. હિન્દુઓનું શ્રદ્ધાનું કેન્દ્રબિન્દુ છે અને ખેતી પ્રધાન દેશ માટે તે આર્થિક આધાર સ્તંભ છે. તેમજ

(અનુસંધાન ટા. ૩જુ)

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રી વલ્લભ સુધા

વર્ષ ૫ : અંક ૧૧ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮ * ફેબ્રુઆરી, ૧૯૮૭

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ **આજીવન રૂ. ૧૫૧**

શ્રીવલ્લભ સુધા ૫૫૧, તક્ષશિલા સોસાયટી આકાશવાણી સામે, રાજકોટ–૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥

આજે નહીં તો કયારે ?

લે. પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજશ્રી

આજે જેવી પરિસ્થિતિ દેશ અને ધર્મની સામે આવી છે, તે જોઇને જો આપણો સમાજ કાંઇ કામમાં નહી આવે, તો પછી આપણે બીજું શું કરી શકીશું ? આ તો ઉંડાણથી વિચારવું જોઇએ, અને કોઈ એક નિશ્ચિત માર્ગ પર દઢતાથી ચાલવાનો નિર્ણય કરવો જોઇએ.

આ રીતે આવી પરિસ્થિતિમાં ઉદાસીન રહેવું ખૂબજ ભયાનક છે. જો ધાર્મિક ક્ષેત્રના લોકો પોતાં સુધી જ સીમિત રહે અને સક્રિય ન થાય, તો ભજન કીર્તનોમાં નાચવું ગાવું, પોતાના સ્વાર્થ વિના, તટસ્થ ભાવથી ધર્મરક્ષા ન કરવી અને શહેરોમાં સજી ધજીને ફરવાથી કર્તવ્ય પૂરૂ નહિ થાય. મંદિર વગેરે પણ નિષ્ક્રિય પ્રદર્શન તથા શ્રેષ્ઠ જનોની પ્રતિષ્ઠાની પતાકા માત્ર બની ગયા છે. આપણી પરમુખાપેક્ષી આચાર્યોની સ્થિતિ પણ અનુપયોગી છે. આ બધા તથ્યો આપણી વિવશતાને વ્યંકત કરે છે. આવી પરિસ્થિતિથી દેશજ ખંડિત થશે, પછી ધર્મ રહેશે કે નહિ એ વિચારણીય છે.

બીજા ધર્મોની વાત તો હું નથી કરતો, પણ વલ્લભ સંપ્રદાયની સ્થિતિ તો અત્યંત ચીંતાજનક છે. જેના લોકોએ મોગલ કાલમાં વર્ષો સુધી સંઘર્ષ કર્યો, આકંચનોને આત્મનિર્ભર બનાવી, ગામડા તથા વન પ્રદેશો સુધીમાં ધર્મની સ્થાપના કરવાનો સબર પ્રયાસ કર્યો, તે આજે બીજાના મોઢા જુએ છે !

આપણી સ્વરૂપ વિસ્મૃતિનું આ એક અજોડ ઉદાહરણ છે. ભગવદાશ્રયી સમાજ આજે પરાશ્રયી થઇ ગયો છે. ધર્મનું સ્વાવલંબન ન રહે તો આવીજ દશા થાય છે. આપણા ધર્મ પર જયારે આપણને અંતઃકરણપૂર્વક આસ્થા નથી રહેતી અને માત્ર ઉપરનો દેખાવ કરીએ છીએ, ત્યારે આત્મસુખ શાંતિ નષ્ટ થઇ જાય છે. મનોવૃત્તિઓની પીડામાં કસ્તુરી મૃગની માફક ભટકયા કરીએ છીએ, જેને એ સ્મરણ નથી રહેતુ કે જે સુગંધની શોધ એ બહાર કરી રહયો છે, એ એની પોતાની અંદરનીજ મકરન્દ છે. સ્વધર્મના ત્યાગ પછી આવી જ રીતે મનુષ્ય ભટકે છે. વલ્લભ સંપ્રદાયમાં પણ આજ વાત ચરિતાર્થ થઇ છે.

શ્રી વલ્લભાચાર્ય બધાથી છેલ્લા આચાર્ય થયા છે.

દેશ અને સમાજની ઘણી કઠિન સમસ્યાઓ એમની સામે હતી. જેનું સમાધાન કરી, ધર્મ તથા માનવ જીવનને ભયરહિત બનાવીને એમણે સંપૂર્ણ સમુદાયને સુખ શાંતિ તથા સામંજસ્યની દિશા બતાવી. આ સમય એવો હતો કે જયારે આપણાં ઉપર આપણા સ્વજનો સાથે બીજા પણ બલવાન આક્રમણ થતા હતા. બધી જાતની વ્યવસ્થાઓ ખળભળી ઉઠી હતી. મહાપ્રભુએ આ ભીષણ પરિસ્થિતિને જોઇ, સમજી અને સહન કરી. આજે આપણે ધર્મ દ્વારા એવું માર્ગદર્શન નથી લઇ રહ્યા જે આપણને કરૂણા કરીને પ્રદાન કરવામાં આવ્યું હતું. મનુષ્યને સહેલાઇથી જે કાંઈ મળી જાય છે, તેનું મહત્વ એ સમજતો નથી, અને મુશ્કેલીથી મળે એવી વસ્તુ તરફ દોડે છે. ભલે એનું કાંઇજ મહત્વ ન હોય, અને પરિણામ પણ ભલે ખરાબ હોય આ સ્વભાવજ આપણી દુર્ગતિનું કારણ છે. કારણ કે આપણે સ્વયં પર નિયંત્રણ કરવામાં અસમર્થ થઇ ગયા છીએ. આ સ્થિતિ મનુષ્ય માટે આજે હાનિકારક થઇ ગઇ છે. આપણો સમાજ આટલુ સમજી ગયો છે. એને સમજવાનો અવકાશ કે સમય નથી. તો પછી સ્વધર્મને સમજવાની તો વાત પણ ન થઇ શકે. બીજુ બધું થઈ શકે છે. પણ ધર્મપાલન નથી થઇ શકતું, હા, એ વિષે વાતો કરીને ત્રુટીઓ કાઢવાનું કામ આપણે ખૂબ સારી રીતે કરી શકીશું. આ વિવશતા છે. જેને મહાપ્રભુ શ્રી વલ્લભે દૂર કરીને લોકોને સેવા દ્વારા ધર્મપરાયણ બનાવ્યા, જેનાથી મનુષ્યમાં સાધુતા જાગૃત થઇ. આપણા સમાજમાં તથા વિશ્વ સમાજમાં આપણે પણ આજ પ્રમાણે કરવું જોઇએ. આપણે એ વિચારવું જોઇજો કે આપણા આચાર્યોએ કરાલ કાલમાં પણ જીવનની દિશા કેવી રીતે બદલાવી હતી. તોજ આપણે સાચા અર્થમાં સ્વધર્મને સમજવા સક્ષમ થઇશું.

સિદ્ધાન્તચિન્તન

લે. પૂ. પા. શ્રી અનિરૂદ્ધ લાલજી મહારાજ (માંડવી-હાલોલ)

વર્તમાન સમયમાં કેટલાક વખતથી સાંપ્રદાયિક માસિક પત્રો વગેરે દ્વારા શ્રીવલ્લભ સિદ્ધાન્તને જુદા જુદા દૃષ્ટિકોણથી સમજાવતા લેખ પ્રકટ થઈ રહ્યા છે.

આ એક નિર્વિવાદ સત્ય છે કે આપણા સંપ્રદાયના આચાર્યો પોતાના ઘરમાં રહી સિદ્ધાન્ત અનુસાર ગૃહસેવા કરતા રહ્યા છે. આ આચાર્યગૃહને જ હવેલી તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ કેટલાક સમયથી કોર્ટો દ્વારા આ આચાર્યગૃહો જાહેર જનતાની માલીકીના છે તેવા ચુકાદાઓ આવ્યા છે.

શ્રીવલ્લભના સિદ્ધાન્તથી વિરૂદ્ધ કેટલીક રુઢીગત માન્યતાઓને કારણે અને ઈન્કમટેક્ષ વગેરે ટેક્ષ અંગેના કાયદાઓને કારણે પણ આ પરિણામ ભોગવવું પડયું છે.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી એ પ્રકટ કરેલા આપણા માટેના સિદ્ધાન્ત ગ્રન્થો જેવા કે ષોડશગ્રન્થો વગેરેનો પાઠ ઘણાખરા વૈષ્ણવો નિત્ય કરે છે પરંતુ તેનો સાચો અર્થ સમજવા પ્રયત્ન થતો નથી. તેવી જ રીતે ૮૪, અને ૨૫૨ વૈષ્ણવોની વાર્તા શિક્ષાપત્ર પણ ઘણા વૈષ્ણવ ઘરોમાં વંચાય છે. આમાં પણ આજ સિદ્ધાન્ત સમાયેલ, છે. પરન્તુ તે તરફ જોઈએ તેટલું ધ્યાન આપવામાં આવતું નથી. તેથી આપણા માર્ગના સિદ્ધાન્તોને ભુલી રહ્યા છીએ.

આ પૂર્વભૂમિકા નજરે મુખ્યત્વે બે વિચારધારા જોવા મળે છે,

(૧) શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તોમાં કોઈ પણ સંયોગોમાં કોઇથી પણ બાંધછોડ ન થઇ શકે, કારણ કે આ સિદ્ધાન્તો સનાતન છે. શ્રી મહાપ્રભુજીની 'સિદ્ધાન્ત મુક્તાવલી' સિદ્ધાન્ત રહસ્ય, ભકિતવર્ધિની વગેરે ગ્રંથો રૂપી આજ્ઞાથી ફલિત થાય છે કે 'પોતાના જ ઘરે પોતાના તન-ધનના શ્રી કૃષ્ણમાં વિનિયોગથી જ આપણું ચિત્ત ભગવત્પ્રવણ બની શકે છે. અને માનસિ ફલિત થઇ શકે છે. આપણી અહંતા, મમતા પણ ગૃહસેવાના પ્રકારમાં જ ભગવત્સંબંધી થઇ શકે છે. પ્રભુને સમર્પણ કરીને જે પ્રસાદરૂપે લેવાની આજ્ઞા છે તે પણ ગૃહસેવામાં જ સંભવી શકે, સાર્વજનિક મંદિરોમાં આ પ્રકાર સંભવી શકતો નથી. માનસી ફલીત થવાનો તો પ્રશ્ન જ નથી. અને જેની પોતાના ઘરમાં ઠાકુરજીની સેવા થઇ શકે એવી સ્થિતિ ન હોય તેવાઓ માટે શ્રીમહાપ્રભુજીએ ભક્તિર્વધિનીમાં ભગવલ્લીલા

નું શ્રવણ મનન કીર્તનનો પ્રકાર બતાવ્યો જ છે. એવાઓ માટે પણ સાર્વજનિક મંદિર ઉપયોગી નથી.

(૨) બીજી વિચારધારા એ છે કે આ મન્દિર પ્રથા ઘણા સમથી ચાલતી આવી છે અને તેમાં કંઇ ખોટું નથી.

આ પ્રયાસ સિદ્ધાન્ત માટે જિજ્ઞાસા ઉત્પન્ન કરવાનો છે. સિદ્ધાન્ત સ્પષ્ટ નજર સમક્ષ હોય તો જ જીવનમાં ઉતારી શકાય.

ઉપરોક્ત બે વિચારચાધારાઓમાંથી કઇ સિદ્ધાન્ત સંમત છે આ સંબન્ધમાં સૌએ સાક્ષાત શ્રીમહાપ્રભુજી સમ્મુખ બેઠા છીએ તેવો ભાવ રાખી સિદ્ધાન્ત વિચારી મનન કરી કર્તવ્ય નિશ્ચિત કરવું જોઇએ એજ ઉત્તમ પ્રકાર જણાય છે.

આ બાબતમાં શ્રીમહાપ્રભુજી, ગોપિનાથજી શ્રી ગુસાંઇજી, સાતબાલકો શ્રી હરીરાયજી, શ્રી પુરુષોત્તમજીના ગ્રંથો, ૮૪, ૨૫૨ વૈષ્ણવોની વાર્તાના આધારે વિચાર વિમર્શ પત્ર/પ્રત્યક્ષ દ્વારા આવકાર્ય છે.

સિદ્ધાન્ત પ્રમાણના ઉલ્લેખ પૂર્વક આ સંબંધમાં પત્ર વ્યવહારનું સરનામું.

ગો. શ્રીઅનિરૂદ્ધલાલજી
(માંડવી-હાલોલ)
૨૦ કિરણ સોસાયટી
હાલોલ (પંચમહાલ)
ગુજરાત-પીન-૩૮૯૩૫૦

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક

પ. ભ. શ્રી અરવિંદભાઈ જવેરચંદ મહેતા (કલકત્તા)ના જય શ્રીકૃષ્ણ.

✓

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

(લેખાંક ૪૮મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

યચ્ચાપિ સર્વભૂતાનાં બીજ તદહમર્જુન ।
ન તદસ્તિ વિના યત્સ્યાન્મયા ભૂતં ચરાચરમ્ ।૩૯।

હે અર્જુન, વળી ભૂતમાત્રનું જે ઉત્પત્તિનું કારણ છે તે પણ હું છું. એવું જડ અને ચૈતન્ય વસ્તુ નથી, જે મારા વિના થયું હોય. ।।૩૯।।

'યત્' વગેરે શબ્દોથી આગળ કહે છે. ભૂતમાત્રનું જે બીજ એટલે ઉત્પત્તિનું કારણ છે તે પણ હું જ છું. 'અપિ' શબ્દથી યોનિ, તે રૂપે પણ હું જ છું, એમ દર્શાવ્યું છે. જે જડ અને ચૈતન્ય વસ્તુ છે, તે ઉત્પન્ન થયેલું બધું મારા વિના કાંઈ પણ નથી. ।।૩૯।।

નાન્તોઽસ્તિ મમ દિવ્યાનાં વિભૂતીનાં પરંતપ,
એષ તૂદ્દેશતઃ પ્રોક્તો વિભૂતેર્વિસ્તરો મયા ।।૪૦।।

હે પરંતપ, મારી દિવ્ય વિભૂતિઓનો અંત નથી. આ તો સંક્ષેપમાં વિભૂતિનો વિસ્તાર મારા વડે કહેવાયો છે. ।।૪૦।।

એ પ્રમાણે વિભૂતિઓને કહીને "ન અન્તઃ અસ્તિ" વગેરે શબ્દોથી ઉપસંહાર કરે છે. સ્વેચ્છાચારી એવા મારી દિવ્ય ક્રીડાત્મક વિભૂતિઓનો પાર નથી. હે પરંતપ, એવું સંબોધન વિશ્વાસ બેસાડવા માટે છે. અરે, જો અંત નથી તો આટલી જ કેમ કહી? એવી આકાંક્ષાવાળાને 'એષઃ' વગેરે શબ્દોથી કહે છે. આ તો સંક્ષેપથી વિભુતીનો વિસ્તાર મે કહ્યો. જે કહેલ છે તેનાથી એટલા જ્ઞાનમાં પણ અન્ય જનોનું સામર્થ્ય નથી, એમ દર્શાવ્યું છે. ।।૪૦।।

યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા ।
તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોશસંભવમ્ ।૪૧।

જે જે અલૌકિક શક્તિવાળું, ઐશ્વર્યવાળું અથવા નિશ્ચિતરૂપે શ્રેષ્ઠ વસ્તુ હોય તે તે બધું જ મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલું તું જાણ. ।।૪૧।।

અરે, બધાં સ્વરૂપોના જ્ઞાન વડે સર્વત્ર આપનું ચિંતન કરવાના હેતુથી મેં વિભૂતિ સંબંધી વિસ્તાર પૂછેલો, તેના અંતનો અભાવ છે એવા કથનથી મારાથી ક્યાં, કોણ શી રીતે ચિંતન કરવા યોગ્ય છે? એવી આકાંક્ષાવાળાને 'યદ્ યદ્' વગેરે શબ્દોથી કહે છે. જે જે સત્ત્વ એટલે કે વસ્તુમાત્ર વિભૂતિ-

માન, ઐશ્વર્યવાન, શ્રીયુકત, સંપત્તિવાન, શ્રેષ્ઠ હોય તે જ, કોઈ પણ પ્રકારે ઉત્કૃષ્ટતા વાળું કે વિશેષ રમણીય હોય તે બધું એવી રીતે મારા તેજના અંશથી ઉત્પન્ન થયેલુ છે એટલે કે મારા પ્રભાવથી ઉત્પન્ન થયેલ છે, એમ તું જાણ. ।।૪૧।।

અથવા બહુનૈતેન કિં જ્ઞાતેન તવાર્જુન ।
વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમેકાંશેન સ્થિતો જગત્ ।૪૨।

અથવા હે અર્જુન, આ બહુ જાણવાથી તારે શું (પ્રયોજન) છે, આ સંપૂર્ણ જગતને એક અંશથી ધારણ કરીને હું રહેલો છું. ।૪૨।

એ પ્રમાણે ઉપનિષદ રૂપ, બ્રહ્મવિદ્યારૂપ યોગશાસ્ત્ર રૂપ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં, શ્રી કૃષ્ણ અને અર્જુનના સંવાદમાં વિભૂતિયોગ નામનો દશમો અધ્યાય પૂરો થયો. ।।૧૦।।

એ પ્રમાણે અલૌકિક શકિત વગેરેથી યુકત હોય તેઓમાં ભગવાનનો અંશ છે, તેવા, જ્ઞાનથી અને તે સિવાયનામાં તેઓ ત્યાગવા યોગ્ય હોવાથી ત્યાગ બુદ્ધિ રાખવા છતાં સર્વનું ભગવદાત્મકપણું છે, એમ સ્વીકારવું. એમ હોવાથી 'અથવા' વગેરે શબ્દોથી બીજો પ્રકાર કહે છે. અથવા એટલે અન્ય રીતે કહે છે. હે અર્જુન, અનેક પ્રકારના જ્ઞાન સાથે તારા શું પ્રયોજન છે? કાંઇપણ નહીં, એમ અર્થ છે જેથી આ અનેક પ્રકારના જ્ઞાન સાથે કાંઇ પ્રયોજન નથી તેથી કર્તવ્યમાં ઉપયોગી સ્વરૂપ કહે છે. આ ચોતરફ દેખાતું સંપૂર્ણ જગત મારા ક્રીડાત્મક સ્વરૂપના એક અંશથી જ હું ધારણ કરીને રહેલો છું, એમ અર્થ છે, એનાથી બધું મારુ ક્રીડાત્મક સ્વરૂપ જ છે, તેનું જ તું ચિંતન કર, એવો ભાવ જણાવ્યો છે. ।।૪૨।।

પોતાના અજ્ઞાનને કારણે જગત વિવિધ પ્રકારનું લાગે છે, તેવા અજ્ઞાનનો નાશ કરવા માટે શ્રીકૃષ્ણે વિભૂતિનું સ્વરૂપ અર્જુનને કહી બતાવ્યું. ।।૧।।

એ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં અમૃતતરંગિણી ટીકામાં દશમો અધ્યાય પૂરો થયો. ।।૧૦।।

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૫૧/-

ચિ. કિરણબેનના લગ્ન પ્રસંગે સોની હરિદાસ જમનાદાસ રાણપરા, રાજકોટ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક સાતમો)

અહીં 'દાર' એવું પદ ચેતનવંતા પુત્ર અને આપ્તજનનું ઉપલક્ષક પણ છે, એટલે કે જે નથી કહેવાયેલ તેનું તે સૂચક છે. અને ઉત્તરક્ષણે (પછીની ક્ષણમાં) એવું પદ છે તે આવશ્યકતા સાથે સંબંધિત છે. પરંતુ વિકટતાના સંબંધવાળું ઉત્તરપણું સંબંધિત નથી; કારણ કે તે અશક્ય ઉપદેશ કરાવનારું છે. અથવા પછીની ક્ષણમાં જ તે વ્યર્થ હોવાનું સંકટ આવી પડશે, એ પ્રમાણે કાર્યની રીત છે, તેમ હોવાથી કોઈ દોષ નથી.

એ પ્રમાણે કહેવાયેલાં બંને વાક્યનો વિચાર કરતાં પોતાના આત્મા સાથે પત્ની વગેરેનું કરાતું નિવેદન અલગ ધર્મરૂપે છે અને પત્ની વગેરેની સાથે પોતે કરેલું નિવેદન તો અધિકારરૂપે છે, એ પ્રમાણે સિદ્ધ છે. ઘણા માંહેના કોઇ એકથી પોતાનું બધું જ નિવેદન કરી દેવામાં, તેઓનું પણ નિવેદન કરી દેવાયું હોવાથી તેઓના પોતપોતાના સંસ્કારવિધિ અલગ અલગ થવા છતાં તેઓનું જોડાણ થવું યોગ્ય છે. તેથી ઉત્તમ રીતે કહેવાયું છે કે, 'નહિ તો (નિવેદન ન કરાયું હોય) તેવું લગ્ન વ્યર્થ હોવાનું થઇ પડશે.'

ભલે, એ પ્રમાણેની કામનાવાળા જ્ઞાનથી બંને બાજુનાં બંધનથી છુટકારો પમાતો હોય, તોપણ આજ્ઞાના અભાવે પોતાની મેળે તે પ્રમાણે કરવામાં જે દોષ છે તે શી રીતે દૂર થાય? એમ પ્રશ્ન થાય તો 'અપરં ચ' (અને વળી), વગેરે શબ્દોથી કહે છે. દાન એટલે મમત્વના ત્યાગપૂર્વક અન્યને આપી દે છે, એવા ભાવને અનુરૂપ, 'હું તમને આપું છું. હવે તે મારું નથી,' વગેરે શબ્દોથી સ્પષ્ટતા કરીને કરેલું મનના સંકલ્પપૂર્વકનું કાર્ય.

તેનું દાન કરાય છે ત્યારે નિશ્ચયપૂર્વક પોતાનો વિનિયોગ થતો નથી; કારણ કે અપાઇ ગયેલાને પાછું વપરાશમાં લેવાનો દોષ લાગે. પરંતુ નિવેદન એટલે તેનું છે એવા અનુસંધાન પૂર્વક, પોતાનું હોવાના અભિમાનના ત્યાગને અનુરૂપ 'આપને સમર્પણ કરું છું, આપનું આપને નિવેદન કરું છું,' ઇત્યાદિ શબ્દ સૂચક અનોખો મનનો સંકલ્પ. એ પ્રમાણે કરવામાં આવે તો તેમાં પોતાનો વિનિયોગ દોષપાત્ર નથી; કારણ કે, તેમાં આપેલાને પાછું લેવામાં દોષ થતો નથી. તેમાં વિશ્વાસ બેસાડવાને 'અન્યથા' વગેરે શબ્દોથી વિશેષ કહે છે.

જો મારું હોવાનો ત્યાગ અને પરમાત્માને નિવેદન કરાયેલાનું મમત્વ ઉત્પન્ન થાય તો તે બંનેની અનુકુળતામાં, દાનમાં અને નિવેદનમાં સમાનતા હોવા છતાં કોઇ એકની વિશેષતા ન હોત તો, નિવેદન ન કરાયું હોય તે નિષિદ્ધ છે, અને તેથી અનિવેદિત અન્ન

વગેરેનું ભોજન ન કરવું જોઇએ, એમ પુરાણોમાં કહેવાયું ન હોત; પરંતુ નિવેદન ન થયું હોય તેનું ભોજન કરવું નહિ, એમ જ કહેવાયું છે. તે જ પ્રમાણે સ્કંદ પુરાણમાં હરિવલ્લભ સુધોદયમાં કહ્યું છે કે, શેષ રહેલ નૈવેદ્યને, અને વિશેષે કરીને તુલસીદલ મેળવેલ ચરણામૃતથી સિંચેલ હોય તેવા નૈવેદ્યને શ્રીકૃષ્ણની સન્મુખ જે નિત્ય પ્રસાદરૂપે લે છે તે દશ હજાર કરોડ યજ્ઞોના પુણ્યને મેળવે છે.

કલિયુગમાં તો છ માસના ઉપવાસોથી મળતું જે ફળ કહેવાયું છે તે ફળ વિષ્ણુના નૈવેદ્ય ભાતનો પ્રસાદ લેવાથી મળે છે, એમ છે. ગરુડ પુરાણમાં પણ કહ્યું છે કે, શ્રીહરિના ચરણામૃતનું નિત્ય પાન કરવું, શ્રીહરિના નૈવેદ્યને પ્રસાદ તરીકે લેવું, અને શેષાને મસ્તક ઉપર ધારણ કરવી, એવી વેદની આજ્ઞા છે. બ્રહ્માંડ પુરાણમાં પણ કહ્યું છે કે, પત્ર, પુષ્પ, ફળ, જલ, અન્નપાન, ઔષધ વગેરે ખાદ્ય આહારને માટે નિશ્ચિત થયું હોય તે બધું નિવેદન કર્યા વગર લેવું નહિ. નિવેદન ન કરાયું હોય તેનું ભોજન કરવાથી માણસે પ્રાયશ્ચિત કરવું પડે, તેથી બધું વિષ્ણુને નિવેદન કરીને જ સદાય પ્રસાદરૂપે લેવું, એમ છે.

પદ્મ પુરાણમાં પણ ગૌતમ કહે છે કે, હે અંબરીષ, ઘરમાં પકાવેલું, પોતાને સદાય જે પ્રિય હોય તેવું, શ્રીહરિને નિવેદન કર્યા વગરનું હોય તેવું ભોજન લે છે તે સાત જન્મ સુધી નરકના જેવું જીવન જીવે છે. હે અંબરીષ, નવું વસ્ત્ર, નવાં ફળ, નવાં અન્ન અને નવા રસ વગેરે વિષ્ણુને ધરાવીને જ વૈષ્ણવોએ સદાય તેનું સેવન કરવું જોઇએ.

શ્રીમદ્ ભાગવત્માં છઠ્ઠા સ્કંધમાં, દિતિના પુંસવનવ્રતમાં અધ્યાયની સમાપ્તિમાં (છેલ્લા અધ્યાયમાં) કહ્યું છે કે, 'ભગવાનને પોતાના ધામમાં વિસર્જન કરીને પછી આત્મશુદ્ધિને માટે સર્વે કામનાઓની પ્રાપ્તિ માટે પહેલેથી જ ભગવાનને નિવેદન કરાયેલ હોય તેવા પ્રસાદને ગ્રહણ કરે,' (ભાગ. ૬-૧૯-૨૦), તેનાથી નિવેદન કરાયેલાનું, વગેરે શબ્દોથી શરૂ કરીને શુદ્ધિ કરનાર હોવાથી ત્યાં સુધીનું કહેલું સિદ્ધ છે. (શ્રીવિઠ્ઠલેશ્વરજીના પ્રકાશમાં કહેલ પૂરું વાક્ય એમ છે કે, ભગવાનના ભોગ માટે વિનિયોગ કરાય છે ત્યારે નિવેદન કરાયેલ અને ભગવાને પ્રસાદરૂપે આપેલ વસ્તુથી પોતાના ઉપભોગનું કાર્ય વધારે મધુર હોય છે; કારણ કે એ દાસ ધર્મ છે. 'ઉચ્છિષ્ટભોજિનો 'દાસાઃ'- દાસજનો ઉચ્છિષ્ટનું ભોજન કરનાર હોય છે-વગેરે વાક્યોથી એમ કહેવાયું છે. વળી ઉચ્છિષ્ટ ભોજન આત્મશુદ્ધિ કરનારું છે.)

વળી, એ પ્રમાણે ભગવાને આપેલ પ્રસાદથી ભગવાનને નિવેદન કરાયેલ હોય તેને ગ્રહણ કરવામાં દાસધર્મ સિદ્ધ થાય છે. જે આજ્ઞા કરાઇ છે તે પણ તે વસ્તુથી સિદ્ધ છે. એમ હોવાથી ભક્તિમાર્ગ વિરુદ્ધના સ્વાતંત્ર્યની આપત્તિ નથી, એમ અર્થ છે. વળી, કહેવાયેલાં વાક્યોમાં 'ત્વયા ઉપભુક્ત' (ભગવાને ભોગવેલ) એ વાક્યમાં (આ વાક્ય 'સિદ્ધાંત રહસ્ય'ના ૪-૫ શ્લોક નીચેની શ્રીપુરુષોત્તમજીની ટીકામાં આવે છે અને તેના પૂરા શ્લોકનો અર્થ એમ છે કે, 'ભગવાને ધારણ કરેલી માળા પહેરવી, તેમજ ગંધ, વસ્ત્ર, અલંકાર, સુગંધી લેપ વગેરે અર્પણ કરીને ઉપયોગમાં લેનારાઓ

અને ભગવાનને ધરાવેલ પદાર્થોનું ભોજન કરનારાઓ ભગવાનના દાસજનો ભગવાનની માયાને વશ કરે છે,'–ભાગ. ૧૧–૫–૪૬), એ પ્રમાણે કહેવાયેલી રીતે અચેતનોનું (ગૃહ, વિત્ત આદિનું) સમર્પણ કર્યા પછી તેનો પ્રસાદરૂપે ઉપયોગ કરવાનું કહેવાયું હોવાથી પત્ની આદિના વિનિયોગમાં દોષ છે, એવી શંકા કરવી જ નહિ. પાક વગેરેની સેવામાં પણ તેઓનો વિનિયોગ સફળ હોવાથી દોષ નથી. અને એ પ્રમાણે એટલા પૂરતા ગ્રંથથી સિદ્ધાંત રહસ્યમાં કહેવાયેલ બધું જ નિશ્ચિત કરેલું છે, એમ જાણવું. તેથી અહીં કહેવાયેલ તેવા વિચારથી ચિંતાનો સંભવ નથી, પરંતુ ભિન્ન પ્રકારે કહેવાયું છે, એમ જણાવેલું છે. તે પછી ચિંતાની શકયતાનો પ્રકાર કહેતાં 'કિન્તુ' વગેરે શબ્દોથી ગ્રંથનો (શ્રીવિઠ્ઠલેશજી એ પ્રકાશ ટીકાનો) પ્રારંભ કર્યો છે.

(શ્રીવિઠ્ઠલેશજીએ પ્રકાશ ટીકામાં) 'લૌકિક' વગેરે શબ્દોથી વિવરણ કર્યું છે. સિદ્ધાંત રહસ્યમાં કહેલી રીતે તેનું તાત્પર્ય પ્રકટ કરનાર પહેલાં કહ્યું છે તેવા વિચાર પ્રમાણે લૌકિક ચિંતાનો અભાવ હોય તો પણ પહેલાં કહેલી રીતે ભગવાનને અર્થે પણ ચિંતા કરવી જોઇએ નહિ. તેમાં કારણ અને અપેક્ષા સંબંધમાં 'નિવેદિતાત્મ' (આત્મ નિવેદન કર્યું હોવાથી) એવા પદથી (કારણ) અને 'ભગવાન્ અપિ' પુષ્ટિમાર્ગમાં ભગવાન પણ કૃપાળુ છે તેથી) એવા ઉત્તરાર્ધના અર્ધચરણથી (અપેક્ષા) એમ બે હેતુ સૂચવેલ છે. વિવરણનો પ્રારંભ કરતાં 'અંગીકારેણ એવ' (અંગીકાર કર્યો હોવાથી એની મેળે જ બધું કરશે) વગેરે શબ્દોથી 'આવશ્યકઃ' (વિશ્વાસ આવશ્યક છે,) એટલે કે 'બ્રહ્માસ્ત્રચાતકન્યાય'થી (વિશ્વાસ) આવશ્યક છે, એમ કહ્યું છે. એનાથી 'નિવેદિતાત્મ' એવા પદથી સૂચવેલ કારણ સ્પષ્ટ કર્યું છે. બીજું (અપેક્ષા) સ્પષ્ટ કરે છે કે, ભગવાનનો પણ તેવો જ નિયમ છે; એટલે કે અંગીકાર કરેલાંનું પાલન કરવું એવો નિયમ છે. 'યોગક્ષેમનું વહન' (યોગક્ષેમ હું ચલાવું છું, ગીતાજી–૯–૨૨) એ વાકયથી પણ તેમ જ સિદ્ધ છે. એમ અર્થ છે.

[પરંતુ ઉત્તરાર્ધની પહેલાં વર્ણવેલ હોવાથી એની પૂર્વે કહેવાયેલ છે તેમાં શેષ રહેલનો સ્વીકાર થાય તો એની સાર્થકતા જાણવી. ખરેખર તો ઉત્તરાર્ધના વ્યાખ્યાનમાં પણ મહાપુરૂષ દ્વારા નિવેદન કરાયું હોવાથી અને પૂર્વાર્ધમાં કહેવાયું છે તેમાં હેતુનું કથન હોવાથી પૂર્વાર્ધમાં પણ ઉત્તરાર્ધના અર્થનો સ્વીકાર થાય તે દોષ નથી, એમ જાણવું–આ કથન ઘણાં પુસ્તકોમાં નથી.] તેમાંયે 'કદાચિત્' વગેરે શબ્દોથી વિશેષ કહે છે. 'કદાપીતિ' એવા પદથી કહેવાનો હેતુ સમજાવે છે કે 'કદાપિ' એવા શબ્દથી એટલે કે કદા અને અપિ એ બે શબ્દોથી જોડાયેલા એવા પદથી કહ્યું છે, એમ અર્થ છે. અને બે પ્રકારમાંના એકથી વિલંબે પણ ચિંતા ન કરવામાં (નિવેદન અને પુષ્ટિસ્થ ભગવાન) બે જ કારણ છે, એમ જણાવવા માટે (કદા+અપિ+ઇતિ એમ) છેડે 'ઇતિ' શબ્દ કહ્યો છે. વળી અહીં 'ઇતિ' શબ્દ જોડેલા પાઠથીઉપગીતિ છંદ હોવાનું જણાય છે. આર્યા છંદના બીજા અર્ધ ચરણમાં જે લક્ષણ કહેવાયું છે તે, એટલે કે આર્યા

નામના છંદમાં ચોથા ચરણમાં જે લક્ષણ છે તે બીજાને ચોથા બંને ચરણમાં હોય તો તેને ઉપગીતિ કહેવાય, એમ 'મુનિ' કહે છે. એ પ્રમાણે 'વૃત્તરત્નાકર' માં તેનાં લક્ષણ ઉદાહરણ આપીને કહેલ છે. પરંતુ ઇતિ શબ્દ વગરનો પાઠ જો હોય તો આ વૃત્તિગંધ કે ચુર્ણિકા એવો કોઇ છંદ હોય નહિ. ૮ વૃત્તિગંધિ અને ચુર્ણિકાનાં લક્ષણ સંબંધે 'છંદોમંજરી'માં કહેલ છે. ચુર્ણિકા, ઉત્કલિકાપ્રાય અને વૃત્તિગંધિના વિશેષ ભેદથી અપાદ, પદ સંતાન અને ગદ્ય એમ ત્રણ પ્રકાર માનેલ છે. કઠોર વર્ણ વગરની અને બહુ થોડા સમાસવાળી રચનાને ચુર્ણિકા કહેવાય છે. જેમાં કઠોર વર્ણ હોય અને ઘણા સમાસ હોય તેવી રચનાને ઉત્કલિકાપ્રાય કહે છે. અને વૃત્તના એક ભાગના સંબંધથી વૃત્તિગંધિ માનેલ છે.—આ ટિપ્પણ ઘણા ગ્રંથોમાં નથી.) એમ છે તેથી 'ઇતિ' શબ્દ કારણ અને અપેક્ષા દર્શાવવા માટે જ કહેવાયો છે.

આ માસના ઉત્સવ

મહા સુદ ૧૧ તા. ૯-૨-૮૭ સોમવાર જયા એકાદશી વ્રત

મહા સુદ ૧૨ તા. ૧૦-૨-૮૭ મંગળવાર શ્રી લાડીલેશજી (વેરાવળ)નો પાટોત્સવ.

મહા સુદ ૧૩ તા. ૧૧-૨-૮૭ બુધવાર શ્રી વિશ્વકર્મા જયંતિ.

મહા સુદ ૧૫ તા. ૧૩-૨-૮૭ શુક્રવાર માઘસ્નાન સમાપ્તિ, હોરીદંડા રોપણ સાંજે સૂર્યાસ્ત પછી, ધમારનો પ્રારંભ, ખેલના પદ.

મહા વદ ૫ તા. ૧૮-૨-૮૭ બુધવાર શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ.

મહા વદ ૭ તા. ૨૦-૨-૮૭ શુક્રવાર શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા)

મહા વદ ૧૧ તા. ૨૫-૨-૮૭ બુધવાર વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૩ તા. ૨૬-૨-૮૭ ગુરુવાર મહાશિવરાત્રી.

ફાગણ સુદ ૬ તા. ૫-૩-૮૭ ગુરુવાર શ્રી લલિત ત્રિભંગીજી (વેરાવળ) નો પાટોત્સવ, આજથી બગીચા.

ફાગણ સુદ ૭ તા. ૬-૩-૮૭ શુક્રવાર શ્રીમથુરેશજી (કોટા) નો પાટોત્સવ. હોળાષ્ટક.

ફાગણ સુદ ૯ તા. ૮-૩-૮૭ રવિવાર નેકનો બગીચો, બગીચા નોમ.

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : **પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ-સુરત)**

(ગતાંકથી ચાલુ)

ભકત પ્રતિપાલ જંજાલ ટારે,
અપને રસ રંગમે સંગ રાખત સદા;
સર્વદા જો શ્રીયમુને નામ ઉચ્ચારે ૧

ઇનકી કૃપા અબ કહાંલગી બરનિયે,
જેસે રાખત જનનિ પુત્ર બારે;
'શ્રીવિઠ્ઠલગિરિધરન' સંગ બિહરત,
ભકત કોં એક છિનું નહીં બિસારે. ૨

અર્થ-શ્રીયમુનાજી નિરંતર ભકતોનું પ્રતિપાલન કરે છે. જંજાળ રૂપી લૌકિક આસકિતને દૂર કરે છે. વળી જે ભકત નિરંતર આપનું નામ-સ્મરણ કરે છે તેને આપ પ્રભુ સાથેની અનેક પ્રકારની લીલામાં પણ સાથે રાખે છે. ભકતને સ્વસમાન સુખની પ્રાપ્તિ કરાવે છે. ૧

એની કૃપાનું હું કયાં સુધી વર્ણન કરું ? જેવી રીતે 'માતા' પોતાના બાળક પ્રત્યે વાત્સલ્ય રાખે છે તેવી જ રીતે શ્રીયમુનાજી ભકતો પ્રત્યે સ્નેહ રાખે છે. શ્રીઠાકોરજી સાથેના લીલા પ્રસંગે પણ ભકતોને ક્ષણભર ભૂલતા નથી.

વિવેચન-લૌકિક માતા પણ પોતાના બાળકો પ્રત્યે અદ્દ્ભુત વાત્સલ્ય રાખે છે. ખાન-પાનાદિક અને વસ્ત્રાભુષણથી એને સજાવે છે. પરંતુ પોતાના બાળકને એ ભગવદ્દ પ્રાપ્તિ કરાવી શકતી નથી. શારીરિક દુઃખો દૂર કરવા બનતો પ્રયત્ન કરે છે. છતાં બાળકના ભાગ્યમાં જે દુઃખ નિર્માણ થયું હોય તે દૂર કરી શકતી નથી. ત્યારે આપણા અલૌકિક 'માતા' શ્રીયમુનાજી પ્રમેય બળથી પોતાના ભકત રૂપી બાળકોના આ લોક અને પરલોક સંબંધી દુઃખો દુર કરે છે.

જે તનુનવત્વ આપી શકે છે તેની કૃપાથી ગમે તેવી ભયંકર બિમારી દૂર થાય તેમાં આશ્ચર્ય શું ? બસો બાવન વૈષ્ણવોની વાર્તામાં કિશોરીબાઇનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. છતાં એ માટે શ્રીયમુનાજીને પરિશ્રમ આપી શકાય નહિ બાળકની વ્યથા 'મા' સ્વયં સમજે છે. પ્રમેય બળથી કૃપા કરે જ છે. એટલું જ નહિ પણ જીવને પ્રભુ સન્મુખ કરી, લીલા રસનો અનુભવ કરાવે છે. આપ અહર્નિશ પ્રભુની સાનિધ્યમાં રહેવા છતાં ભકતોને ક્ષણ ભર ભુલતા નથી.

શ્રીયમુનાજીની કૃપાથી દુર્ભાગ્ય-સદ્દ્ભાગ્યમાં પલટાઇ જાય છે, અલૌકિક માતાના આપણે સદ્દ્ભાગી બાળકોને પછી શું ચિંતા હોય ?

સોરઠો-બાળક સમ માતા તમે, રાખો છો સંભાળ પિતા દિન દયાળ, સોંપ્યા અમને શ્રીનાથજી.

ક્રમશઃ

કલ્કિ સામ્ય નિરૂપણ

લે. શ્રી....ચરણરજ કિંકર

[ગત અંક ૯-૧૦ માં "શ્રી સર્વોત્તમ સ્તોત્ર સપ્તાહ પ્રવચન" ના બે લેખ વાંચ્યા. પ્રસ્તુત લેખમાં શ્રી સર્વોત્તમ સ્તોત્ર સપ્તાહના સ્વરૂપને ઉપસ્થિત કરવામાં આવેલ છે અને તેને માટે કેવા પ્રકારની પ્રચાર તૈયારીની આવશ્યકતા છે તે સમજાવવામાં આવેલ છે. -લેખક]

સંપ્રદાયની કટુ આલોચનાનો પ્રસંગ જે અત્યારે ઉપસ્થિત થયો છે તેમાં શ્રીહરિની ઇચ્છા જ કારણભૂત છે. પ્રભુના એક કાર્યમાં નિજ સૃષ્ટિના હિતના અનેક પ્રયોજનો સમાયેલા છે, તેને વેદ પારંગત બ્રહ્માદિ પણ ન જાણી શકે, કારણ કે પુષ્ટિ પ્રભુ સ્વતંત્ર છે તેના કાર્યો તર્કથી અગોચર છે. તેનું પ્રમાણ શ્રી હરિરાય ચરણની વાણીમાં નીચે મુજબ જાણવા મળે છે.

યદ્યપિ તર્ક વિતર્કા નિગમ
પ્રતિપાદ્ય એવ રૂપ્યતે ।
નહિ નહિ તદતીતે યત
એ વૈવં વિધં પરં બ્રહ્મ ।।

(સ્વતંત્ર લેખ)

જો કે તર્ક અને વિતર્ક, નિગમ પ્રતિપાદિત એવા બ્રહ્મમાં જ કરી શકાય છે, પણ વેદાતીત બ્રહ્મમાં નહિં નહિં નહિં જ, કારણ કે પર બ્રહ્મનું સ્વરૂપ આવા વિલક્ષણ પ્રકારનું છે.

ઉપરોકત શ્રીહરિરાય ચરણનાં કથન મુજબ પુષ્ટિ પ્રભુના કાર્યો તર્કોથી અગોચર હોવાથી અને આપ નિજ સૃષ્ટિ (પુષ્ટિ સૃષ્ટિ) ના પક્ષપાતિ અને હિત ચિંતક હોવાથી આપના કાર્યમાં ભાવિ નિજ સૃષ્ટિનું હિતજ સમાયેલું હોય છે તે કાર્યોનો આપણે નિર્ણય ન કરી શકીએ તેવી અવસ્થામાં પણ પ્રભુ બધુંય પોતાની ઇચ્છાથી જ કરી રહ્યા છે તેવું આપણને સમજાય અને પ્રભુના જ આશ્રયમાં આપણે રહી આવીએ તે માટે વિવેક ધૈર્યાશ્રય માં આપે આજ્ઞા કરી છે—વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ" વળી આપત્તિ કાળમાં સર્વ પ્રકારનાં દુઃખને હરનારા 'હરિ' નું સ્મરણ કરવું એજ ભકિતમાર્ગીય સિધ્ધાંત છે. તેથી મારી અલ્પ માત અનુસાર અહિં એક નિવેદન કરૂં છું કે–

પુષ્ટિમાર્ગીય મંદિરોમાં અને સર્વત્ર પુષ્ટિ સૃષ્ટિમાં શ્રીસર્વોત્તમજીના પાઠનું આયોજન કરવું. શ્રીમહાપ્રભુજીના ચિત્રજી પધરાવીને શ્રીસર્વોત્તમજીના અખંડ પાઠનો અથવા સમયની અનુકુળતા મુજબના પાઠનો ક્રમ આપત્તિના વાદળો હટે નહિં ત્યાં સુધી ચાલુ જ રાખવો. માર્ગના રક્ષણ માટે પુષ્ટિ માર્ગના પ્રકટ કર્તા અને તેના અધિષ્ઠાતા શ્રીવલ્લભની પ્રસન્નતા તેમની સ્તુતિથી થતાં કઇ વસ્તુ અશકય છે ?

આ વિષયમાં માર્ગના મર્મજ્ઞ શિરોમણિ અને ભૂત, ભાવિ, વર્તમાન સમયે થતી પ્રભુની પ્રત્યેક ક્રિયા લીલા) ને જાણનારા 'સર્વજ્ઞ' શ્રીહરિરાય ચરણે જે મંતવ્ય આપેલું છે તે અહિં નિવેદન કરૂં છું.

આપનો, 'શ્રીમહાપ્રભુ સર્વાવતાર સામ્ય નિરૂપણ' નામનો ગ્રંથ છે તેમાં 'કલ્કિ સામ્ય' માં આપ આજ્ઞા કરે છે.

કલ્કિર્યથા કલેરન્તે,
જીવજ્ઞાનં વિનાશયન્;
ભદ્ર પ્રદશ્ચ જીવાના
સમ્ભવિષ્યતિ સર્વતઃ ॥૧॥

એવં વૈશ્વાનરોઽપિ,
કલિનષ્ટં ચ દુર્લભમ્;
પુષ્ટિ માર્ગ પુનઃ શ્રીમાન
ધોતિષ્યતિ નિર્મલમ્ ॥૨॥

પુષ્ટિ માર્ગ તુ ભગવાન,
સર્વ કાલેષુ રક્ષતિ;
પુત્ર પૌત્રાદિ રૂપૈશ્ચ,
દુર્લભાંઘ્રિ સરોરૂહઃ ॥૩॥

ભૂતેષુ ચ ભવિષ્યત્સુ,
વર્તમાને ષ્વપીશ્વરઃ;
ચતુર્યુગેષુ કૃતાભુક્,
માર્ગં રક્ષતિ રક્ષતિ ॥૪॥

જેવી રીતે કલિયુગનાં અંતમાં કલ્કિ ભગવાન ચારે તરફથી જીવોના અજ્ઞાનનો નાશ કરતા અને જીવોના કલ્યાણ કરનારા થશે. એ પ્રકારે સમર્થ એવા શ્રીમાન વૈશ્વાનર પ્રભુ પણ કલિયુગથી નષ્ટપ્રાય અને દુર્લભ બનેલા જીવોને નિર્મલ અને પુષ્ટિ માર્ગનો ફરીથી પ્રકાશ કરશે. ભગવાન સર્વ કાળમાં પુષ્ટિ માર્ગનું તો રક્ષણ કરે છે અને દુર્લભ જેમના ચરણકમલ છે એવા કૃતયુગને ભોગવનાર સમર્થ (પ્રભુ) પુત્ર–પૌત્ર વગેરે સ્વવંશ દ્વારા પુષ્ટિ માર્ગનું અવશ્ય રક્ષણ કરશે જ ॥૧ થી ૪॥

એ પ્રમાણે ઉપર કહ્યું હવે આ ગ્રંથની અન્તિમમાં શ્રીહરિરાય ચરણ પુષ્ટિ સૃષ્ટિના કર્તવ્યનો નિર્દેશ કરે છે.–

એવં સર્વ અવતારણાં
ગુણ–કર્મ પરાક્રમાન ।
દધાતિ નિતરાં સોઽયં
શ્રીમાન્ લક્ષ્મણ નંદનઃ ॥૧॥

તસ્માત્સર્વ વૈષ્ણવૈશ્ચ
ત્રૈલોક્યે વિબુધેશ્વરઃ ।
પ્રકીર્તિતઃ કૃષ્ણરૂપઃ
શ્રીપૂર્ણ પુરૂષોત્તમઃ ॥૨॥

અતઃ સે એવ સંસેવ્યો
વૈષ્ણવૈઃ પાપભીરૂભિઃ ।
દયાતવ્ય સ્મરણીયશ્ચ
તૈલંગ તિલકઃ પ્રભુઃ ॥૩॥

એ પ્રમાણે શ્રીમાન્ લક્ષ્મણ નંદન શ્રીમહાપ્રભુજી સર્વ અવતારોના અત્યંત ગુણ, કર્મ, પરાક્રમોને ધારણ કરે છે. તેટલા માટે ત્રૈલોક્યમાં સર્વ વૈષ્ણવોથી પંડિતેશ્વર શ્રીકૃષ્ણરૂપ શ્રીવલ્લભ પૂર્ણ પુરુષોત્તમ કહેવાય છે અને એટલા જ માટે પાપથી ભય પામતા વૈષ્ણવોએ તેજ તૈલંગકુળ તિલકરૂપ શ્રીમહા પ્રભુજીનું જ સ્મરણ અને ધ્યાન કરવું. ॥૧ થી ૩॥

આપત્તિ નિવારણમાં (અથવા ત્રિવિધ માયાના બંધનમાંથી છૂટીને લીલા મધ્યપાતિ તનુનવત્વતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી દૈવીજીવ આપત્તિથી જ ગ્રસીત–ઘેરાયેલા છે, તેવી

આપત્તિ નિવારણમાં ઉપરોક્ત શ્રીહરિરાય ચરણે પુષ્ટિ સૃષ્ટિનુ કર્તવ્ય શ્રીવલ્લભનું સ્મરણ અને સ્વરૂપ ચિન્તન બતાવેલું છે તેથી શ્રીસર્વોત્તમજીના પાઠનું આયોજન વ્યાપકરૂપે થવું આ સમયે યોગ્ય છે.

'કલિક સામ્ય'માં પુત્ર-પૌત્રાદિ દ્વારા માર્ગનું રક્ષણ કરશે તેવી આજ્ઞા કરી છે, તેમાં 'પુત્ર-પૌત્ર' નિજવંશ અને 'આદિ' શબ્દથી વૈષ્ણવ સૃષ્ટિ. આમ ઉભય સૃષ્ટિ દ્વારા રક્ષણ કરશે તેમ જાણવા મળે છે. આ રક્ષણનું સ્વરૂપ કેવા પ્રકારનું હશે તેનો વિચાર કરીએ.

જેમ ૧૦૦ સોમયજ્ઞથી તૈલંગકુલની મહત્ પવિત્રતાને (નિજ પ્રાકટયના અધિષ્ઠાનને) સિદ્ધ કરીને પછી જ શ્રીમહાપ્રભુજીનું પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે પ્રાકટય થયું. તેમ વર્તમાન સમયમાં શ્રી સર્વોત્તમજી સ્તવન રૂપ (મહા) યજ્ઞથી પુષ્ટિ સૃષ્ટિમાં આપશ્રી પોતાનું અધિષ્ઠાન સિદ્ધ કરીને તેમાં પૂર્ણ સામર્થ્ય પુનઃ સ્થાપન કરશે અને ઉભય (નાદ-બિન્દુ) સૃષ્ટિના હૃદયમાં પુનઃ પ્રાદુર્ભૂત થશે. આવા પ્રકારે આપનો પ્રાદુર્ભાવ થવાની પ્રતીતિ "સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાં ભોજ વિષ્ટરઃ" આ નામથી થાય છે.

'કલિકસામ્ય'ના બીજા શ્લોકના ઉતરાર્ધમાં "પુષ્ટિ પુનઃ શ્રીમાન્ દ્યોતયિષ્યતિ નિર્મલમ્" આ પંક્તિમાં 'પુનઃ' શબ્દ ભવિષ્ય કાળનો સૂચક છે. તેથી પુનઃ આપના પ્રાદુર્ભાવ માટે શ્રી સર્વોત્તમ સ્ત્રોતના સ્તવનરૂપ મહા યજ્ઞનો પ્રચાર ઉભય સૃષ્ટિમાં વ્યાપક્તાએ થવો અતિવ અભિષ્ટ છે. શ્રી સર્વોત્તમ સ્તોત્રનું આયોજન સર્વત્ર-વ્યાપકરૂપે કરવા શ્રીગોસ્વામી બાલકો અને વૈષ્ણવ સૃષ્ટિના મહાનુભાવો ભગવદીયોને નમ્ર વિનંતિ કરૂં છું.

પૃષ્ઠ પ્રકાશન સહાય રૂા. ૧૦૧/-

તા. ૪-૧-૮૭ના રોજ ગો. વા. શ્રીમતી ધનલક્ષ્મીબેન જે. પી. પારેખના જય શ્રીકૃષ્ણ. હ. શ્રી પ્રવિણભાઈ જે. પી. તથા શ્રી ભરતભાઈ જે. પી. રાજકોટ.

શપથ પત્ર એક વિચારણુ

હાર્દિકાબેન મ. મહેતા ભોગીલાલ રમણલાલ અને
અન્ય (શપથ લેનારા) વૈષ્ણવો

જૂન ગઢ હવેલી બાબત સુપ્રીમ કોર્ટમાં અવેલા ચુકાદા સામે પુષ્ટિ સંરક્ષણ સમિતિ દ્વારા જે આંદોલન ચાલી રહ્યું છે તે કેટલી હદે આવકાર દાયક છે એ વિષે પુષ્ટિમાર્ગીય માસિકોમાં અવારનવાર નિવેદનો આવે છે. પૂ. પા. શ્રી રઘુનાથલાલજી (કામવન-પારલા) પૂ. પા. શ્રી કૃષ્ણચંદ્રજી (માંડવી-પારલા) અને પૂ. પા. શ્રી શ્યામમનોહરજી (કિશનગઢ-પારલા) ના માર્ગદર્શન હેઠળ પુષ્ટિ સંરક્ષણ સમિતિ શા માટે શપથવિધિનાં પગલાં ભરે છે એ બાબત ગોસ્વામી આચાર્યોની સંયુકત બેઠકમાં પણ ચર્ચા થઇ છે. શ્રી મહાપ્રભુના સિદ્ધાન્ત બધાએ જાણવા અને અમલમાં મુકવા અનિવાર્ય છે જો આપણે આપણને પુષ્ટિમાર્ગીય હોવાનો દાવો કરતા હોઇએ તો.

વર્ષોથી ચાલતી આવેલી હવેલી મંદિરની પ્રથામાં આપણે એટલા બધા રુઢ થઇ ગયા છીએ કે કેટલાક ગોસ્વામી આચાર્યો આ શપથ વિધિને પુષ્ટિમાર્ગ વિરોધી પ્રચાર સમજે છે. કેટલાક વૈષ્ણવો આને પુષ્ટમાર્ગીય મંદિરોને બંધ કરાવવાના સત્યાગ્રહ રુપે સમજે છે. પણ જો શપથવિધિ પાછળનો હેતુ સમજવામાં આવે તો ઘણો બધો વિરોધ ઓછો થઇ જશે. જુનાગઢની હવેલીના ચુકાદા વખતે સુપ્રીમ કોર્ટમાં વકીલોની સામસામી થયેલી ચર્ચા અને દલીલો શ્રી મહાપ્રેભુના સિદ્ધાન્તોનો ખુલ્લી રીતે થયેલ ઉચ્છેદ વિગેરે બતાવે છે કે સરકારના કાયદાઓ દિવસે દિવસે ધર્મના મુળભુત સિદ્ધાન્તથી વિરુદ્ધ આવી રહ્યા છે તો શું શ્રી મહાપ્રભુના સિદ્ધાન્તોની વિરુદ્ધ વર્તન કરી, તે સિદ્ધાન્તોને બદલી આપણે શ્રી વલ્લભના પંથે જઇ શકવા સમર્થ થશું ?

શાળામાં અને કોલેજમાં વિદ્યાર્થીઓ કોપી કરતા હોય છે તેથી શિક્ષણ-બંધારણમાં કોપી કરવાની છુટ આપતા કાયદા પસાર થયા છે ખરા !

વેપારીઓ ભેળસેળ કરી માલ વેચે છે તો સરકાર એવા કાળા બજારને માફ કરતા કાયદા બનાવે છે ખરી કે જેથી ભેળસેળવાળુ અનાજ-ઘી વિગેરે કાયદાથી વેચી શકાય ? તો અમારી આગ્રહભરી વિનંતી છે કે ગોસ્વામી આચાર્યો અને વૈષ્ણવો સમજે કે આપણા મંદિર-હવેલીઓની તેમજ આપણા નિધિ સ્વરુપોની સ્થિતિ સરકારના અત્યારના અને હવે પછી થનારા કાયદા (જેને વડી અદાલતના ચુકાદાથી મહોર મળી જાય છે) ઓથી કેવી થશે અને રહેશે, જો આપણે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાન્તોનું ખરા અર્થમાં પાલન નહિ કરીએ તો.

પુષ્ટિ સંરક્ષણ સમિતિને કોઇ આચાર્ય કે પીઠાધીશ પ્રત્યે લેશપણ દ્વેષ ભાવ ન હોઇ શકે એટલું જ નહિ પણ તેનો નમ્રતાપૂર્વક સાચી પરિસ્થિતિને સમજાવવાનો પ્રયત્ન છે કે જો હવે આપણામાં અત્યારથી જાગૃતિ નહિ આવે તો ચાર-પાંચ વર્ષમાં સરકારી કાયદા એવા આવવાના છે કે

ગોસ્વામી આચાર્યો, જેમની પાસે પોતાની વ્યકિતગત મિલ્કત, અને નિધિ સ્વરુપો છે એ પણ પબ્લીક ટ્રસ્ટમાં જાહેર જનતાની માલિકીના થઇ જશે. આંધ્ર રાજ્યમાં જો પ્રયત્નો સફળ થયા તો ત્યાંની સરકાર કાયદાની કલમે બધા પીઠાધીશોની ટ્રસ્ટની મિલ્કત પબ્લીક ટ્રસ્ટમાં રૂપાંતર કરી નાખશે તેમજ વંશ વારસાગત ટ્રસ્ટી નિમવાનો તથા સેવા કરવાનો અધિકાર પણ ઝુંટવાઇ જશે. વળી આચાર્યોની વ્યકિતગત આવતી ભેટ પણ પબ્લીક ટ્રસ્ટમાં જમા કરવી પડશે કે જેથી અંગત કંઇ રહેશે જ નહિ.

આમાંથી બચવા માટે હજુ પણ મોડુ થયુ નથી. અને આચાર્યો પોતાના શ્રી ઠાકોરજીના દર્શન કેવળ પોતાના નિજજનોને જ કરાવે-જાહેર જનતાને નહિ, અને સેવા પણ એવા વૈષ્ણવોની લે કે જેઓ નિષ્ઠાવાન હોય અને શરણાગત હોય કે જેથી એમ નકકી ન થઇ શકે કે મંદિરમાં દર્શન કરવા જવાની જાહેર જનતાને છૂટ છે અને મંદિરનો તથા આચાર્યોનો નિભાવ જાહેર જનતાની દ્વારા આવતી સેવામાંથી થાય છે, આમ નહિ થાય તો શ્રી ઠાકોરજી પબ્લીકના જાહેર જનતાની માલિકીના એમ પુરવાર થશે વખત આવતાં શ્રી સ્વરૂપો એન્ટીક તરીકે મ્યુઝિયમમાં ગોઠવાઇ જશે.

આપણે એટલુ સમજી લઇએ શ્રી ઠાકોરજી જે આપણા માથે બિરાજે છે ને આપણા બાળક છે અને વલ્લભકુળના માથે બિરાજે છે એ એમના નિજના બાળક છે આપણા બાળકનું અપહરણ થતું આપણે સાંખી શકીશું ? આપણા સેવ્ય સ્વરુપોને મ્યુઝિયમમાં એન્ટીક તરીકે ગોઠવાયેલા આપણે જોઇ શકીશું ? આમ ન થાય તે માટે અત્યારની પ્રણાલિકા મુજબ ચાલતા જાહેર મંદિરોને બદલે ઘરને જ મંદિર બનાવી જાહેર જનતાને દર્શન સેવા માટે આમંત્રણ ન આપતાં નિજ પરિવાર જેવાઓને દર્શન કરાવી તેમની સેવા લઈ શ્રીમહાપ્રભુના સિધ્ધાંત મુજબ જ આચરણ કરવાનું શરૂ કરી દેવું જોઇએ.

સમર્થ આચાર્યોને નમ્રતા પૂર્વક વિનંતી છે, કે આ આખી વસ્તુને અંદરો અંદરના વિવાદની ન ગણતાં સુપ્રીમ કોર્ટના આવેલા અને આવતા પુષ્ટિના મૂળભૂત સિધ્ધાતો વિરૂધ્ધના ચુકાદાને સમજી વિચારી તેના પ્રતિકાર માટેના ઉપાયો અત્યારથી આરંભી દે. આ પરિસ્થિતિને નજર સમક્ષ રાખી ભવિષ્યનો લાંબો વિચાર કરી આપણી પૂર્વની પરંપરા અને શ્રીમહાપ્રભુના સિધ્ધાન્તો જળવાઇ રહે એ નજર સમક્ષ રાખી અત્યારની પ્રવૃત્તિ તથા શપથવિધિની શરૂઆત કરવામાં આવી છે. અત્યારથી જાગૃત થઇ કાર્ય કરશુ તો હજી પણ કાયદાની ચુંગાલમાંથી બચી જવાની શકયતા છે.

ગુરુનો વિષય : ગુરુ કોને બનાવવા એ વિષય શપથવિધિ પત્રકમાં શા માટે લેવામાં આવ્યો છે ? સુપ્રીમ કોર્ટના ચુકાદામાં આચાર્યોને પુજારી ગણવામાં આવ્યા છે. અને તેઓશ્રીને "કોન્ડયુઇટ પાઇપ"ની જેમ ગણવામાં આવ્યા છે. એટલે કે પાઇપ જેમ એક જગ્યાએથી બીજી જગ્યાએ પાણી કે પ્રવાહી લઇ જવાનુ માધ્યમ છે તેમ ગુરુ શ્રીઠાકોરજી અને વૈષ્ણવો વચ્ચે સેવાનું માધ્યમ છે એમ ગણાયુ છે.

આ દલીલની વિરુદ્ધ શ્રીમહાપ્રભુજીના વાક્યોને બતાવીને એમ સાબિત કરવામાં આવ્યું છે કે યોગ્ય ગુરૂ ન મળવાથી ગુરૂ વગર પણ સેવા થઇ શકે છે પણ તેને પુષ્ટ માર્ગીય ફળ તો ન જ મળે. તેમ જ ગુરુ માધ્યમ નથી અને પુજારી પણ નથી પણ શ્રીમહાપ્રભુજીના વંશજ હોવાથી આચાર્ય અને ગુરુ છે. શું કોઇ પણ શ્રીમહાપ્રભુના વંશ જ વલ્લભ કુળ બાળક પુજારીની પાયરી સ્વીકારવા તૈયાર થશે ?

પ્રસાદનો અનાદર : શપથવિધિ વખતે પ્રસાદનો અનાદર કરવાના શપથ લેવડાવવામાં આવતા નથી. પણ આચાર્યો જે ભેટ સ્વીકારે તે શ્રીઠાકોરજીની ભેટ તરીકે ન સ્વીકારતાં સ્વયં પોતાને જ જે ભેટ ધરવામાં આવે તે અંગીકાર કરે, નહિતર ભેટ વિગેરે શ્રી ઠાકોરજીની સત્તાનું થઇ જતાં દેવ દ્રવ્યનો દોષ લાગુ પડે છે અને એ દેવદ્રવ્યથી આરોગેલી સામગ્રી વિગેરે દેવદ્રવ્યની પ્રસાદી હોવાથી કોઇથી તે લેવાય નહિ તે સમજાવવાનો આશય છે. આ દ્રષ્ટિએ શ્રી નાથજીના પ્રસાદનો અનાદર કરાવવાનો આશય નથી પણ તેની પાછળ જે સિદ્ધાન્તનો પ્રશ્ન છે તે સમજાવવાનો આશય છે. શ્રી ઠાકોરજી શ્રી મહાપ્રભુજીની કાનીથી આરોગે છે અને વલ્લભ કુળના બાળકો દ્વારા તેમની જ કાનીથી મનોરથો વિગેરે થાય છે અને એવા મનોરથોનો પ્રસાદ દેવદ્રવ્યનો પ્રસાદ ગણાતો નથી.

આજકાલ એવું જોવામાં આવે છે કે ઘણા લોકો, અવૈષ્ણવની વાત જવા દઇએ–વૈષ્ણવો પણ ઘણા મંદિરોમાં અને ખાસ કરીને શ્રી નાથદ્વારામાં પણ આચાર્યોને ન માનતાં શ્રીઠાકોરજીના મનોરથ સીધે સીધા કરાવે છે. પુ પા. શ્રી શ્યામમનોહરજીને પુછેલા જવાબમાં આપશ્રીએ એ પ્રમાણે જણાવેલ કે મારા છોકરાને મારા ઘરમાં કોઇ મળવા માગતું હોય અને મારી જોડે સંબંધ ન રાખવો હોય તો એવી વ્યક્તિને હું શા માટે મારા ઘરમાં આવવા દઉં ? આપણા માથે બિરાજતાં શ્રી ઠાકોરજીને લોકો મળવા માગતા હોય અને આપણી સામે જેને જોવાની તૈયારી પણ ન હોય એવાઓને શા માટે આપણા મંદિર–હવેલીમાં આવવા દેવા જોઇએ. આપણે તેવાઓને આવવાની છૂટ રાખીએ છીએ. એથી કરીને જોબનપુત્રા અને કક્કડ જેવા જૂનાગઢના કહેવાતા વૈષ્ણવોએ આપણા જૂનાગઢની હવેલીનાં વહુજી મહારાજને હવેલીનું પબ્લીક ટ્રસ્ટ તો બનાવી દીધું અને હવે ટ્રસ્ટી પદથી પણ દૂર કરવા માગે છે. આથી સાવચેત રહેવાની અને કાયદાની ચુંગાલમાં આવી જતાં બચવા માટે આપણે આપણી કાર્ય પ્રણાલી સિદ્ધાન્ત મુજબની નક્કી કરવી જોઇએ કે જેથી અધર્મી તત્ત્વોની વાતોમાં ફસાઇ ન જવાય.

આપણે ઘેર ઘેર શ્રી ઠાકોરજીની સેવા કરતા થઇ જઇએ અને શ્રી ઠાકોરજીને વિવિધ મનોરથ આપણા તનથી ધનથી કરીએ.

આ બધી પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વલ્લભ કુળના બાળકો–આચાર્યોનુ માન વધે અને એમના ગુરુપણાને કાંઇ બાધ ન આવે એ માટેના પ્રયત્નો છે. અને આની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટનો જે ચુકાદો આવ્યો છે તેને માટે લોકમત જગાવવાનો આશય છે–કે જેથી જાહેર જનતા સમજી શકે કે આપણા બંધારણીય મૂળભૂત હકકો (જેને જે ધર્મ પાળવો હોય તે તે ધર્મના સિદ્ધાન્ત મુજબ કે.ઇ રોક ટોક વગર પાળી શકે છે) ઉપર કેવી તરાપ પડી છે તે સમજી શકે અને વિરોધનો સૂર ઉઠાવે–

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

અસત્યરૂપેજ પ્રતીતિ પ્રસિદ્ધ છે. મૂર્ખમાં મૂર્ખ માણસ પણ તેઓને અનિર્વચનીય અથવા સત્ય સમજતો નથી. ઓ યુક્તિ પ્રધાનવાદીઓ ! જરાં તો તમારાં લૌકાયતિકપણાને સમાલો યુક્તિ અને લોકથી વિરૂદ્ધ લોકમાં ક્યાંય પણ સત્ અને અસત્થી જુદો કોઇ પણ પદાર્થ પ્રસિદ્ધ છે કે ?

ખરી રીતે જોતાં તો શાસ્ત્રમાં માયાદ્વારા ભગવાનને જ તે સ્વાપ્નિક પદાર્થોનો કર્તા કહ્યો છે. માટે સ્વપ્નના સઘળાય પદાર્થો માયિક હોવાથી સ્વપ્નનું જ્ઞાન 'અન્યખ્યાતિ જ' છે પણ કંઇ અનિર્વચનીયખ્યાતિ નથી ન તંત્ર વેશન્તાઃ પુષ્કરિણ્યઃ સ્રવન્ત્યો ભવન્તિ અથવેશન્તાઃ પુષ્કરિણ્યઃ સ્રવન્ત્યઃ સૃજતે 'સ હિ કર્તા ન તં વિદાથ ય ઇમા જનાના અન્યદ્યુષ્મા કમન્તરા ભવતિ ઇત્યાદિ શ્રુતિસમૂહોથી એ જ્ઞાત્ થાય છે કે સત્ય સંકલ્પ, સર્વાશ્ચર્યમય, સર્વવિચિત્રશક્તિ નિખિલગુણગણાર્ણવ, તે પરમપુરૂષ ભગવાન પોતાની ક્રીડાને માટે સ્વેચ્છાથી સમય સમય પર અનેક શક્તિઓથી અનેક પ્રકારની વિવિધ સૃષ્ટિ રચના કરે છે. તે સ્વયં એક છે પણ પોતે અચિંત્યશક્તિ હોવાથી કોઇ વખત વિસ્ફુલિંગ ન્યાયથી, ક્યારે પુરૂષદ્વારા આકાશ (તસ્માદ્વા એતસ્માત્ આત્મન આકાશઃ સમ્ભૂતઃ ઇત્યાદિ શ્રુતિઃ) વાયુ, વિગેરે ક્રમસૃષ્ટિ કોઇ વખતે સાક્ષાત્ સ્વરૂપથી, જ્યારે ક્યારેક માયાદ્વારા (સ આત્મન્ સ્વયમકુરૂત શ્રુતિઃ । દ્વેધા અપાતયત્ રેયિંચ પ્રાણંચ શ્રુતિઃ ।) ઇન્દ્રજાલ જેવાં કાલ્પનિક જગતનું નિર્માણ કરે છે. આ માયિક સૃષ્ટિ અનેક પ્રકારની છે, શ્રુતિસ્મૃતિઓમાં આ સૃષ્ટિને આભાસ પ્રતિબિંબ અંધકાર અંતરા, પ્રતિધ્વનિ, આવરણ, માયિક માયા અને ગંધર્વનગર વિગેરે અનેકાનેક શબ્દોથી કહી છે. નૃસિંહોત્તરતાપિનીમાં ઋતેઅર્થં યત્પ્રતી ચેત અને

નયદિદમગ્ર આસ ન ભવિષ્યદતો ઇત્યાદિ સ્મૃતિમાં ઉકત અંતરા સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે, જે માયિક, પદાર્થો ઘટાદિપદાર્થોનું ગ્રહણ કરતી વખતે વચમાં આવે છે અને જેની આડ રહેવાથી ભગવદ્રુપ સત્ય પદાર્થો પણ અસત્ય જેવા લાગી આવે છે તેને અંતરાસૃષ્ટિ કહે છે સત્ય પદાર્થોની ગણત્રી જેવી રીતે પ્રપંચાન્તર્ગત છે માટે કોઇ સ્થળે પુરાણોમાં વૈરાગ્ય થવા કાજે સ્વપ્નાદિ સૃષ્ટિને લઇ કાર્યસૃષ્ટિને પણ મિથ્યા કહી નાંખી છે. પરંતુ વાસ્તવમાં તો માયિક સૃષ્ટિ જ અસત્ય છે અને કાર્ય સૃષ્ટિ બ્રહ્માત્મક છે, બંને પ્રપંચ છે અને બંને સૃષ્ટિ છે માટે ભલભલા વિદ્વાનો પણ આ બંનેના વિવેકમાં ચકરાઈ જાય છે. વાસ્તવમાં છ પ્રકારની ભગવાને સૃષ્ટિ રચના કરી છે. માટે કાર્યસૃષ્ટિ, અને માયિક સૃષ્ટિ બંને જુદી જુદી છે અને એથીજ સ્વપ્ન સૃષ્ટિનું દ્રષ્ટાંત આપી ભગવત્કાર્ય રૂપ સૃષ્ટિને પણ અસત્ય અથવા અનીર્વચનીય કહી નાંખવી એ માયાવાદીઓનો ભારે ભ્રમ છે, આ સર્વ સૃષ્ટિઓનું વર્ણન શ્રીમદાચાર્ય ચરણે આવી રીતે કર્યું છે.

એવં કદાચિત્ ભગવાન્સાક્ષાત્સર્વં કરોત્યજઃ ।
કદાચિત્પુરૂષદ્વારા કદાચિત્પુનરન્યથા ।।
કદાચિત્ સર્વમાત્મૈવ ભવતીહ જનાર્દનઃ ।
મહેન્દ્ર જાલવત્સર્વં કદાચિન્માયયા અસૃજત્ ।।
અચિંત્યાનંતશકતેસ્તયદેતદુપપદ્યતે—તત્વદીપનિબંધ

અહીં બીજું એટલું પણ કહી નાંખીએ છીએ કે માયિક સૃષ્ટિના પદાર્થો યદ્યપિ અસત્ય છે તથાપિ તેનું કારણ તે ભગવાનની શકિત, માયા, અસત્ય નથી, તે તો બ્રહ્માત્મકજ છે, બાજીગરની મંત્રશકિત અથવા યુકિત શકિતથી ઉપજેલા સર્વ પદાર્થો જો કે અસત્ય છે તો પણ તેની (માટે જે માયાને અથવા છ પદાર્થોને કે ઉપાધિને ‘કત્રી’ માનીને પણ તેને અસત્ય માને છે એ પુરેપુરૂં યુકિત વગરનું છે) તે યુકિત શકિત અસત્ય નથી, નહિ તો બધાંય એમ કરી શકે.

"પુષ્ટિ પ્રતાપ"
સમીક્ષાને સથવારે

બોલવાનું ઓછું, આચરવાનું બધું જ. સંપૂર્ણ પ્રમેય સ્વરૂપ, સંયોગાત્મક ધર્મિ સ્વરૂપે સુશોભિત, 'અમારા સરકાર' કાંકરોલી નરેશ, તૃતીય ગૃહ પીઠાધીશ્વર શ્રી દ્વારકાધીશની સેવાનાં રસિયા શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી સદાએ પ્રસન્નવદને એમનો–કાંકરોલીના ઘરનો સૌને ચરણ સ્પર્શ આપ્યા પછી જ ભોજન. તેને તે અપરસે. એ ગમે ત્યાંનો હોય, ગમે તે હોય, ગમે તે રીતે આવતો હોય–પગ રસ્તે, બસ કે ટ્રેનમાં તે નહીં જોવાનું. શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ નો ને અમારાનાને નહીં આપીએ તો પછી કોને આપશું? રાજભોગ અને શયનપછી સેવામાંથી પધારી સૌને પ્રસન્ન વદને કૃપા કટાંક્ષે ઊભા ઊભા કે બેઠા બેઠા ચરણ સ્પર્શ આપ્યા પછી જ તેને તે અપરસે તપેલીના ભોજન માટે પધારવાનું. શ્રી દ્વારકાધીશની સેવામાં જાણે અજાણે થતા અપરાધને મહાનુભાવી તાદશીજનને ચરણ સ્પર્શ આપીને તેમના રસાત્મક શ્રીહસ્તના ભાવાત્મક સ્પર્શ દ્વારા ક્ષમા કરાવી ભોજને પધારવાનું. આવું જીવન કાંકરોલીના ઘરના વિના કયાંયે જોવામાં આવતું નથી.

આ છે અમારા સરકારનો કરુણારસે છલકાતો, ભકિત રસની ઝડીઓમાં ભીંજતો પુષ્ટિ પ્રભાવ. પુષ્ટિ પ્રભાવે પ્રગટતો શ્રી વલ્લભી વૈષ્ણવજન દ્વારા પ્રાપ્ત "પ્રગટ પુષ્ટિ–પ્રતાપ."

શ્રીમતિ વ્રજલતાની ગુરુ ભકિત–શ્રીમદ્ ગુરુદેવ શ્રી વ્રજભૂષણલાલજી તરફની ભકિત અજોડ છે. પ્રતિબંધને અવરોધને ઠુકરાવીને "સુદઢ સ્નેહ સહિત સેવા એજ ભકિત" એ એમણે માણી છે. જેનાં દર્શન "પુષ્ટિ પ્રતાપ"ના જુદા જુદા પાત્રમાં "અમારા સરકાર" "અમારા સરકાર" એમ વારે વારે કહેતાં થાકતાં જ નથી. ત્રીજા ઘરના જેવી શ્રીમતિ વ્રજલતા જેવી સાંપ્રદાયિક લેખિકા હજી સુધી સાત ઘરેમાંથી કે કોઈ પણ ઉપઘરમાંથી થઈ હોય એવું હજી સુધી કયાંયે જાણવામાં આવ્યુ નથી. એમનામાં શ્રીમદ્ ગુરુદેવ શ્રી વ્રજ ભૂષણલાલજીનું ભાવદાન, અનુભવ દાન કૃપા કટાક્ષે અનાયાસે વિના પ્રાર્થનાએ થયેલું હોવાથી એઓ એમનામાં અનન્ય અંતરંગ અને પરમ કૃપાપાત્ર છે. "પુષ્ટિ પ્રતાપ" એનો સાચો સાક્ષી છે.

પુષ્ટિ પ્રતાપનાં–અભિ–અર્ચના, અમી–આશિષ, આરતી–અશોક, અવનિ–આનંદ તેમજ બીજા બધાં નાનાં–મોટાં પાત્રો, નાનાં–મોટાં ફ્લેગ સ્ટેશન જેવાં–પ્લેટફોર્મ જેવાં–છતાં પણ પોત પોતના સ્થાને કાયમનો શાશ્વત સંદેશો આપી જાય છે.

પુષ્ટિ પ્રતાપનાં બીજાં બધાં જ પાત્રો કરતાં 'અર્ચના' આગળ વધી જાય છે. મહા કારુણિક શ્રીમહાપ્રભુજીનું અને એમનાં કૃપાપાત્ર અને અનન્ય અંતરંગ રજો ક્ષત્રાણીનું સેવ્ય સ્વરૂપ, મુંબઈના મોટા મંદિરમાં બિરાજતા યશોદોત્સંગ લાલિત શ્રી બાલકૃષ્ણ પ્રભુએ પલને ઝૂલતાં–ઝૂલતાં, હસતાં–હસતાં પલનેથી નીચે ઉતરીને અને પાછા પલને ઝૂલવા બિરાજીને અર્ચનાને દર્શન દીધાં. વિના નામ–નિવેદને, વિના બ્રહ્મ સંબંધે કેવલ કૃપા કટાક્ષે, પોતાના કૃપાપાત્ર અક્ષત પાત્રને

આ પણ એક અત્યારના પાંચસો વરસ પછીના પુષ્ટિ માર્ગનો પ્રબલ પ્રતાપ છે, પુષ્ટિમાર્ગની બલિહારી છે.

વ્રજની લતા પોતે એકરાર કરે છે કે છસો-સાતસો પાના લખવાનું મારું ગજું નથી પણ લખાઈ ગયું. એમાંનાં કેટલાંક વાક્યો ઘર કરે એવાં છે. એમાંનાં કેટલાંક એમના જીવનનાં સુખ-દુઃખનાં (તડકી-છાંયડીનાં) પ્રસંગના દર્શન થાય છે. એમણે જોયેલા, અનુભવેલાં, સાંભળેલા વિવિધ પાત્રોમાં વણાએલા એમ લાગે છે કે એ પ્રસંગોને એમણે એમના જીવન સાથે ગુંથી દીધા છે સાથો સાથ ક્યાંક ક્યાંક સાંપ્રદાયિક સંસ્કૃત ગ્રંથોના વાક્યો મુક્યાં છે, પરંતુ સંસ્કૃતના અનભિજ્ઞ હોય તેમ જણાય આવે છે. પાત્રમાં જ્યાં જુઓ ત્યાં, જ્યારે જુઓ ત્યારે ભાવ, ભાવ ને ભાવ, માનસી, માનસી અને માનસી. અનુભવ, અનુભવને અનુભવ એ વારે વારે થતાં એ બધાંને સસ્તાં બનાવી દીધાં છે. પોતે સ્ત્રીજન હોવાથી પાત્રને તેમાંયે ખાસ સ્ત્રી પાત્રને-લાડ લડાવતાં સરસ આવડે છે. છતાં સાંપ્રદાયિક સ્ત્રી ભાવ અને પુષ્ટિમાર્ગી પુંભાવને બરાબર સમજ્યાં લાગતાં નથી, કાંતો હું સમજ્યો નથી. કાંતો એ એમને એમના પાત્રને અભિ-અર્ચનાને જે પોતાને 'પુંભાવ' અને 'સ્ત્રીભાવ' કહે છે. એ આ અને એમનાં નવલનાં પાત્ર-અભિ અને અર્ચના એમ જ સમજે છે કે પુરુષ એટલે 'પુંભાવ' અને સ્ત્રી એટલે 'સ્ત્રીભાવ.' આ એક સપ્રમાણ, પ્રામાણિક-ચર્ચા-વિચારણા માગે છે. સાંપ્રદાયિક દૃષ્ટિએ-પુષ્ટિમાર્ગની ભાવનાએ.

છેલ્લાં પ્રકરણોથી એમ સમજાય છે કે લેખિકા જેમ તેમ નવલ કથા પૂરી કરવાના મુડમાં છે.

તેમ છતાં 'પુષ્ટિ પ્રતાપ' એ કાંઈ કોઈ આલતુ ફાલતુ નવલ કથા નથી. પૂરી વાંચવા જેવી છે. નકામી મથામણની નથી. એમાં સિદ્ધાંતની ઝલક છે, અનુભવનો ઉજાગર છે. વિરહનો છલકતો સાગર છે. બીજી ફાલતુ નવલકથા વાંચવી એના કરતાં આવી નવલકથા વાંચવી સારી. 'એક પંથ દો કાજ'ની ગરજ સારે એવી. નોછાવર રૂા. ૩૦-૮૦ ટપાલ ખર્ચ જુદું-પ્રાપ્તિ સ્થાન. (૧) શ્રીમતી શાંતાબેન ગો. અમીન, ઠે. કમલા નિવાસ, પુરંદર હોસ્પીટલ પાછળ ચોપાટી, સી ફેસ, મુંબઈ-૪૦૦૦૦૭ (૨) શ્રી હેમેન્દ્ર હીરાલાલ શ્રોફ, ૧૦/૩૧૪-હોળી ચકલા મોટા મંદિર પોળ સુરત-૩૯૫૦૦૩

શ્રી આ રા. પુ. વૈ. પરિષદ્ સંચાલિત
શ્રી વલ્લભ સુધા શ્રી વલ્લભ સંદેશ શ્રી વલ્લભ સ્વર
ના સભ્ય બની પ્રકાશન કાર્યમાં સહયોગી બનો.

વધાઇ

શ્રી હરિ-ગુરુ-વૈષ્ણવના આશીર્વાદ અને આગ્રહથી 'વૈષ્ણવ પરિવાર' માસિકનું પુન: પ્રકાશન શ્રી મહાપ્રભુજીના ઉત્સવ (સં. ૨૦૪૩ ના ચૈત્ર વદ ૧૧) થી થશે. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૨૫-પચીસ રાખ્યું છે.

આ અગાઉ જે વૈષ્ણવોએ 'વૈષ્ણવ પરિવાર'ના પ્રકાશન ફિક્સ્ડ ડિપોઝીટ ફંડમાં શ્રીકૃષ્ણાર્પણ ટ્રસ્ટને રૂા. ૧૦૦- કે તેથી વધુ રકમ આપી છે તે રકમ 'વૈષ્ણવ પરિવાર'ના આગામી વર્ષો માટે તે તે વૈષ્ણવના લવાજમ તરીકે જમા કરવામાં આવી છે.

'વૈષ્ણવ પરિવાર'ના ગ્રાહક બનવાની ઈચ્છા રાખતા વૈષ્ણવોએ પ્રથમ વર્ષના લવાજમના રૂા ૨૫-પચીસ રૂબરૂ, મનીઓર્ડરથી કે ડ્રાફ્ટથી મોકલાવી નીચેના કોઈપણ સ્થળેથી પાવતી મેળવી લેવા વિનંતિ છે.

(૧) શ્રી ભોગીલાલ રમણલાલ શાહ
૩૪/૪ નંદ ભુવન, ૧ લે માળે
બજાજ રોડ, વિલે પાર્લે (વેસ્ટ)
મુંબઈ-૪૦૦૦૫૬

(૨) શ્રી ઘનશ્યામભાઈ ગોપાળદાસ શાહ
૧૬૫૮, શુક્રવાર પેઠ, પુના-૪૧૧૦૦૨

(૩) શ્રી અરવિંદભાઈ ચંદુલાલ મહેતા
'ગિરિધર નિવાસ' મજમુદારની ખડકી
બાજવાડા, વડોદરા-૩૯૦૦૦૧

(૪) શ્રી ગોપાલભાઈ બુક સેલર
C/o ન્યૂ નોબલ પ્રિન્ટર્સ
૧૨/૩૪૫ છકકપીર ગલી
સુરત-૩૯૫૦૦૩

(૫) શ્રી પંકજભાઈ વિ. પરીખ
૧, શિવ એપાર્ટમેન્ટસ, નારાયણ પાર્ક
એલ. ડી. આર્ટસ કોલેજ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

પુસ્તક પરિચય

વ્રજ-રત્ન પુષ્પ ત્રીજું : ગો. વા. પ. ભ. શ્રી વ્રજરત્નદાસભાઈ પરીખનું સાહિત્ય પ. ભ. પ્રો. શ્રી રમેશભાઈ વિ. પરીખ સંપાદીત અને શ્રી કૃષ્ણાર્પણ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ ગ્રંથમાં પાંચ પ્રકરણથી પ્રસ્તુત છે.

શ્રીમદ્ વિઠ્ઠલેશ પ્રભુચરણ વિરચિત શૃંગાર રસમંડન અન્તર્ગત (૧) રસ સર્વસ્વ-ચીરહરણ લીલા (૨) દાનલીલા (૩) દશ ઉલ્લાસ-રાધા-કૃષ્ણની માનલીલા. મુળ સંસ્કૃતમાં છે તેનું ગુજરાતીમાં સરળ શૈલીમાં ભાષાંતર વિવેચન છે. (૪) શ્રી નંદદાસજી કૃત રાસપંચાધ્યાયી મુળ વ્રજભાષામાં ૩૮૧ કડીનું મહા કાવ્ય છે તેના મુળ સાથે ગુજરાતીમાં સમજૂતિ છે (૫) શુદ્ધ સ્નેહનું સ્વરૂપ-ભકતકવિ શ્રી જયદેવનું "ગીત ગોવિન્દ" સંસ્કૃતમાં છે તેનું ગુજરાતીમાં ગદ્ય-પદ્ય વિવેચન પ્રસ્તુત છે.

આવા ભગવદ્ લીલાની અદ્ભુત ઝાંખી કરાવતા ગ્રંથના વિવેચક-સંપાદક અને પ્રકાશકને હાર્દિક અભિનંદન.

ઉપરોકત સમગ્ર સાહિત્ય ૮ પેઈજી ક્રાઉન સાઈઝના ૨૩૬ પૃષ્ઠનું પાકા બાઈન્ડીંગવાળું રૂા. ૪૦ (પોસ્ટેજ સાથે) થી નીચેના સ્થળેથી પ્રાપ્ત થઈ શકશે.

પ્રા. રમેશભાઈ વિ. પરીખ
"વ્રજરજ" ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં-મહેસાણા, ૩૮૪૦૦૨

સમાચાર

સિહોર – પુષ્ટિપરાગ વૈષ્ણવ વિહારના ઉપક્રમે માગશર વદ ૯ તા. ૨૫–૧૨–૮૬ ના રોજ શ્રી ગુસાંઈજીનો પ્રાકટ્ય મહોત્સવ વધાઈ, રાસ–ગરબા, "આદર્શ વૈષ્ણવી ગૃહ" નાટીકા, ભાવનગર મહિલા કોલેજના પ્રાધ્યાપક શ્રી લક્ષ્મીપતી શુકલના વૃંદ શાસ્ત્રીય સંગીત વગેરે કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવ્યો હતો.

"પુષ્ટિ પ્રસાદ" પુસ્તિકા રૂા. ૨ –બેનું મ. ઓ. મોકલવાથી નીચેના સ્થળેથી મળી શકશે.

પ્રા. ચીમનભાઈ એમ. શેઠ
શેઠવાડા, બજાર રોડ
કપડવંજ – ૩૮૭૬૨૦

પાદરા – આં. રા. પુ. વૈ. પરિષદના ઉપક્રમે વડોદરા જીલ્લાના મંત્રી શ્રી વિઠ્ઠલદાસ શાહ – છોટા ઉદેપુરવાળાના પ્રયાસથી પાદરાના વૈષ્ણવોની સભા મળી હતી. તેમાં શાખા ખોલવાની વાતને સર્વેએ વધાવી લીધી. કન્વીનર તરીકે પાદરાના આગેવાન પ. ભ. શ્રી જગુભાઈ કેશવલાલ શાહની વરણી કરી અને કામચલાવ કમિટિની નિયુકિત કરવામાં આવી. જેમાં શ્રી બાબુભાઈ માણેકલાલ ચોકસી, શ્રી ગિરધરલાલ નાનાલાલ શાહ, શ્રી હરિવદનભાઈ ચોકસી, શ્રી રમેશભાઈ ચોકસીનો સમાવેશ કરવામાં આવેલ.

જુનાગઢ – શ્રી ગુસાંઈજીના પ્રાકટય મહોત્સવના ઉપલક્ષમાં જુનાગઢ મુકામે મોટી હવેલીમાં સવારે–મંગળાના દર્શન બાદ શ્રી પુરુષોત્તમલાલજીના બેટીજીના વરદ હસ્તે ધ્વજવંદન થયેલ, તથા બપોરે પાઠ, સાંજે વરણાંગી, કળશ તથા કીતર્નીયા મંડલી અને વૈષ્ણવો સાથે તથા શયનના દર્શન પછી ઢાઢીલીલા વિ. થયેલ.

૨. શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા સુરત દ્વારા લેવાતી ધાર્માંક પરીક્ષામાં પસાર થયેલ વૈષ્ણવોને બાલક બાલીકાઓને પ્રમાણપત્ર ગો. ૧૦૮ શ્રી પુરુષોતમલાલજીના બેટીજીના વરદહસ્તે આપવામાં આવેલ તથા આ પ્રસંગે ઈનામ, તથા રાસ, ધોળ સ્તોત્રપાઠ વિ. રાખેલ, અને બહોળા પ્રમાણમાં વૈષ્ણવોએ હાજરી આપી શ્રી પુરુષોત્તમ બાલ પાઠશાળાને પ્રોત્સાહિત કરેલ. આ પ્રસંગે શાસ્ત્રીજી અનંતભાઈ તથા બિલખાવાળા મર્યાદી શ્રી મગનભાઈ નાનજી અને પોપટલાલ જમનાદાસે પ્રસંગને અનુરૂપ પોતાનું વ્યકતવ્ય રજુ કરેલ હતું.

૩. શ્રી ગુંસાઈજીના પ્રાકટ્ય મહોત્સવના ઉપલક્ષમાં શ્રી આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-જુનાગઢ શાખા પ્રેરીત શ્રી વલ્લભ સેવા મંડળના ઉપક્રમે તા. ૨૮–૧૨–૮૬ રવીવારના રોજ ગો. ૧૦૮ શ્રી શ્યામમનોહરજી જુનાગઢવાળાના અધ્યક્ષસ્થાને શ્રી 'પુષ્ટિમાર્ગીય ધોળ સંગીત સ્પર્ધા' શ્રી શામળદાસ ગાંધી – ટાઉનહોલ જુનાગઢમાં રાખવામાં આવેલ જેમાં કુલ ૩૬ સ્પર્ધકોએ ઉત્સાહભર્યો ભાગ લીધેલ જેમાં 'એ' ગ્રૂપમાં ૯ થી ૧૮ વર્ષની વયના બાલક-બાલીકાઓ અને 'બી' ગ્રૂપમાં ૧૮ થી ઉપરના તમામ ભાઈ/બહેનો હતા. જેમાં ૧ થી ૫ નંબર સુધી બન્ને ગ્રૂપમાં પુરસ્કાર આપવામાં આવેલ. તદઉપરાંત સ્પર્ધકોને પ્રોત્સાહિત પુરસ્કાર પણ આપવામાં આવેલ. આ સ્પર્ધાના નિર્ણયાત્મક ગો. ૧૦૮ શ્રી પુરુષોતમલાલજી (પંકજબાવાશ્રી મુંબઈ મોટામંદિર તથા બીલખા હાલ – રાજકોટ) હતા. આપશ્રીએ આશીર્વચન સમયે બે ધોળ સંભળાવીને વૈષ્ણવ જનતાને ભાવવિભોર બનાવી કાર્યક્રમ સફળ બનાવેલ હતો. બંન્ને ગો. બાળકોના પ્રાસંગીક વચનામૃત પણ થયેલ હતા.

સમાચાર

“આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સૌરાષ્ટ્ર વિભાગના કાર્યકરોની એક મીટીંગ તા. ૧૮–૧–૮૭ રવિવારે, પરિષદના રાજકોટ શાખાના આમંત્રણથી મળેલ. જેનું અધ્યક્ષસ્થાન પૂ. પા. ગો. શ્રી વૃજેશકુમારજી બાવાશ્રી (કામવન) એ શોભાવેલ

મીટીંગના પ્રારંભમાં મંગલાચરણ બોલ્યા બાદ પરિષદની રાજકોટ શાખાના પ્રમુખ શ્રી કાંતિલાલ ડી. રાધનપુરાએ પૂ. પા. શ્રીનું તેમજ આવેલ સૌરાષ્ટ્ર વિભાગના કાર્યકરોનું સ્વાગત કરેલ. ત્યારબાદ રાજકોટ શાખાના મંત્રી શ્રી ચંદ્રકાંત નાનાલાલ મહેતાએ પરિષદનો ઈતિહાસ, પરિષદની સર્વાંગી પ્રવૃત્તિઓ તેમજ મીટીંગના હેતુ વિષે પ્રવચન કરી ઉપસ્થિત સર્વે કાર્યકરોને વાકેફ કરેલ. પરિષદની ગુજરાત પ્રદેશ સમિતિના સહમંત્રી ડાયાભાઈ કંસારાએ રાજકોટમાં આયોજીત આગામી ઉત્સવોની માહિતી આપેલ અને તેમાં પરિષદના કાર્યકરોની ફરજ વિષે અભિપ્રાયો આપેલ. પ્રથમ પીઠાધીશ્વર પૂ. પા. શ્રી પ્રથમેશજીના પ્રસંગને અનુરૂપ આવેલ પત્રનું વાંચન કરેલ. ત્યારબાદ રાજકોટ શાખાના સંગઠન મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે પરિષદ્ના ધ્વજ હેઠળ સંગઠિત થવા માટે વૈષ્ણવોને સૂચના અનુરોધ કરેલ તથા પરિષદના પ્રચાર માટે સહયોગ દેવા અપીલ કરેલ.

ત્યારબાદ ખુલ્લી મીટીંગમાં પરિષદ્ના સદસ્યોની નોંધણી અભિયાન, શ્રી મદનમોહનપ્રભુના પાટોત્સવ પ્રસંગે રાજકોટ ખાતે તા. ૧૩–૨–૮૭ના રોજ યોજનાર ક્ષેત્રિય સંમેલન, રાજકોટ જીલ્લાનાં ગામોમાં વૈષ્ણવ પરિષદની શાખા સ્થાપના માટે ધોરાજી, વાંકાનેર, જુનાગઢ, જામનગર વ. શાખાના કાર્યકરોએ આવકાર્ય સૂચનો કરેલ અને ચર્ચામાં ભાગ લીધેલ.

પરિષદ્ના ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે ગુજરાત સ્તર પર પરિષદે કરેલ વિવિધ પ્રવૃત્તિઓનો વિસ્તૃત ખ્યાલ આપેલ અને ઉપસ્થિત કાર્યકરોને તન–મન–ધનથી પરિષદ્ના કાર્યમાં સહયોગ આપવા અનુરોધ કરેલ.

સૌરાષ્ટ્રમાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પરિષદના નેજા હેઠળ કેટલ કેમ્પ ખોલી ગાયોની સારસંભાળ લેવાની ચર્ચામાં ઉપસ્થિત સર્વેએ ભાગ લીધેલ અને શકય હશે તો રાજકોટ જુનાગઢ, જામનગરમાં કેટલ કેમ્પ ઉભા કરવાની યોજનાનો વિચાર કરેલ છે જેની જાહેરાત ૧૩–૨–૮૭ ના ક્ષેત્રીય સંમેલનમાં કરવાની ચર્ચા થયેલ.

અધ્યક્ષસ્થાનેથી પૂજ્ય શ્રી વૃજેશકુમારજી (કામવન) બાવાશ્રીએ પરિષદ્ની પ્રવૃત્તિઓ તેમજ કાર્યકરોના ઉત્સાહને પ્રસન્નતાથી બિરદાવેલ અને ગૌધનની રક્ષા માટે કેટલ કેમ્પ ખોલવા આશિર્વચન આપેલ, અને કાર્યકરોને શિથિલતા છોડી સંપ્રદાયના પ્રચાર–પ્રસાર કાર્યમાં લાગી જવા અનુરોધ કરેલ,

રાજકોટ શાખાના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ભટ્ટે ધન્યવાદ કરી અભિવાદન કરેલ. આ મીટીંગમાં ૭૦ થી અધિક કાર્યકરોએ ઉત્સાહથી ભાગ લીધેલ અને પુષ્ટિમાર્ગના સંસ્થાપક શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જયઘોષ બાદ આશરાનું પદ બોલી મીટીંગનું કાર્ય પુરૂં કરેલ.

આભાર સહ.

સી. એન. મહેતા
મંત્રી
રાજકોટ શાખા

(ટા. ૨ ઉપરથી ચાલુ)

દેશને માટે તે બિનસાંપ્રદાયિક પ્રાણી છે. છતાં સ્વતંત્રતા પછી તેની કતલ અવિરત પણે ચાલુ છે. તે ખરેખર સંસ્કૃતિ પ્રધાન દેશ માટે કલંકરૂપ અને સમાજને માટે લાંછનરૂપ છે તેથી બિનસાંપ્રદાયિકતાને વરેલી સરકારે બિનસાંપ્રદાયિક ગાયોની હત્યા રોકવા માટે તાકીદે કાનુની કાર્યવાહી કરવી જોઈએ." આ ઠરાવ સંમેલનમાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ હતો. તેમજ પુ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રીએ વલ્લભ વિદ્યાનગરમાં 'ગુરુકુળ' સ્થાપવાનું નકકી કરેલ હતું જેના માટે જીલ્લા પ્રમુખશ્રી પુરૂષોત્તમદાસ પટેલે આશરે દશ હજાર રૂપીયાના પ્રાથમિક દાનની જાહેરાત કરી હતી અને આ ગુરુકુળ માટે પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમાર મહારાજ તથા પૂ. ગો. શ્રી ઈન્દીરાબેટીજી મહોદયાની માર્ગદર્શક સમિતિની પણ રચના કરવામાં આવી હતી. આ સંમેલનમાં ડો. ઘનશ્યામભાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ગુજરાતના સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠે ગુજરાત પ્રદેશ સમિતિનો અને જીલ્લા શાખાના અહેવાલ પ્રા. ગોપાલભાઈ શાહે આપ્યો હતો. ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠ, શ્રી ચીમનભાઈ એસ. પટેલ, શ્રી સુમનભાઈ, જે. સી. વહોરા, પ્રિ. વી. પી. પરીખ, નવનીતભાઈ શાહે પ્રાસંગીક પ્રવચનો કરેલા તેમજ શ્રી યોગેશભાઈ શાસ્ત્રી તથા શ્રી રેવાશંકરભાઈ શાસ્ત્રીજીએ પુષ્ટિમાર્ગના મહત્વની વિસ્તૃત માહિતી આપેલ હતી.

પુના–આં. રા. પુ. વૈ. પરિષદનું પ્રચાર-અધિવેશન 'અગ્નિષ્ટોમ સોમયાગ' સમયે તા. ૨૮–૧૨–૮૬ ના દિવસે યોજવામાં આવેલ હતું.

આ અધિવેશનમાં પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ પૂ. પા. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી મહોદય, પૂ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહોદય, સોમયાજી દીક્ષિત પૂ. પા. ગો. શ્રી વલ્લભરાયજી મહોદય તેમજ પરિષદની કાર્યકારિણી સમિતિના પદાધિકારી ગણ, જીલ્લા પ્રદેશ સમિતિના અગ્રગણ્ય કાર્યકર ભાઈઓ વગેરેના પ્રસંગોચિત વચનામૃત–પ્રવચનો થયા હતા. સોમયજ્ઞના તા. ૨૪–૧૨–૮૬ થી તા. ૧–૧–૮૭ ના દિવસો દરમ્યાન અમદાવાદવાળા શ્રી મધુકર પી શર્મા એ શ્રીમદ વલ્લભાચાર્યજીના જીવન ચારિત્રોના ચિત્રજીઓનું પ્રદર્શન ગોઠવેલ હતું જેનું ઉદ્‌ઘાટન પોરબંદરવાળા પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીએ દીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરેલ બે લાખથી વધુ સંખ્યાના વૈષ્ણવોએ લાભ લીધેલ.

સમાપનમાં પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીએ યજ્ઞ સમિતિના સદસ્યોને તથા આં. રા. પુ. વૈ. પરિષદના કાર્યકરોને તેમજ વિદ્વાનોની સરાહના કરી આશીર્વાદ પ્રદાન કરેલ.

ખાસ નોંધ

શ્રીવલ્લભ સુધા કાર્યાલયનું સરનામું બદલાએલ છે.
જેની નોંધ લેવા વિનતી

શ્રીવલ્લભ સુધા કાર્યાલય
C/o. શ્રી જયસુખલાલ એન. વોરા
સોની બજાર, સવજીભાઈની શેરીના નાકે,
રાજકોટ ૩૬૦૦૦૧

હવેથી શ્રીવલ્લભ સુધાનો તમામ પત્રવ્યવહાર મનીઓર્ડર વગેરે ઉપરને સરનામે મોકલવા વિનતિ.

SHREE VALLABH SUDHA Regd. No. G/RJ. 212 L.P.W.P. 43

શ્રી કૃષ્ણાશ્રય

શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ પ્રભુ લાગુ પાય જો
શ્રી ગુરુદેવ કૃપા કરી મુજ મતિ દીજીયે રે લોલ. ૧
દઢ આશ્રાય શ્રી કૃષ્ણ ચરણમાં થાય જો
કલિમાં સાધન નથી બીજું તરવાતણું રે લોલ. ૨
સર્વ ધર્મ કલિજુગમાં પામ્યા નાશ જો
પાખંડ મત રહ્યો છે આ સંસારમાં રે લોલ. ૩
મ્લેલેચ્છા ક્રાંત પીડાયે નીજ ભકત જો
તેથી વિરહ થયો છે સૌ આ જગતને રે લોલ. ૪
ગંગાદિ તીરથનું આધિ દૈવિક સ્વરૂપ જો
અંતરધ્યાન થયા છે આ કાલિકાલમાં રે લોલ. ૫
સત્પુરુષો પ્રતિ પ્રાગટ્ય થાય તદ્રૂપ જો
મારી મતિ શ્રી કૃષ્ણ વિના બીજે નથી રે લોલ. ૬
અહંકારથી મૂઢ થયા પંડિત જો
પાપીના સંગેથી થયા છે આસુરી રે લોલ. ૭
સર્વે સામર્થ્ય સહિત શ્રી પુરૂષોત્તમ જો
ચક્ર સુદર્શન ધરી ભકતોની રક્ષા કરે રે લોલ. ૮
પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણ પૂર્ણાનંદ જો
નિર્ગુણ ભકિત દેનાર મારૂં શરણ છે રે લોલ. ૯
કૃષ્ણાશ્રયનો પાઠ કરે પ્રભુ સન્મુખ જો
પાઠ કરે કૃષ્ણ ભકિત દઢ થાય છે રે લોલ. ૧૦
દીન બંધુ કરૂણાસિંધુ આનંદ નિધિ જો
'**દાસી**' રાખો ચરણ કમલની પાસ રે લોલ. ૧૧
ગોવર્ધનધર પ્યારે લાડ લડાવે જો
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ પ્રભુને પાય લાગીયે રે લોલ. ૧૨

પ્રેષક-**પ. ભ. શ્રી સમરથમા (બગથરા)**

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક-રવજી પ. પટેલ, ૫૫૧, તક્ષશિલા સોસાયટી, આકાશવાણી સામે, રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.

अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्

तेऽस्मिन्मार्गे रक्षकाः

શ્રી વલ્લભ સુધા

વૃંદાબન માહાત્મ્ય

[રાગ–લલિત]

એ રી, વૃંદાબન જીવન–પ્રાન હૈ;
બિહરત જહાં નાગરી – નાગર,
રસિકન કી રસ – ખાન હૈ.
સઘન કુંજ સુખ–પુંજ ભંવર ગુંજ,
કોકિલા કલ ગાન હૈ;
રાસ – વિલાસ માસ બારહ જહાં,
સદા લાભ, નહિં હાનિ હૈ.
લલિતાદિક નિરખત હિએ હરખત,
કરત રુપ – રસ પાન હૈ.
'ચંદસખી' હિત બાલકૃષ્ણ પ્રભુ,
નૈન ચકોરન ધ્યાન હૈ.

* * *

ખાસ નોંધ

શ્રી વલ્લભ સુધા કાર્યાલયનું સરનામુ બદલાએલ છે

જેની નોંધ લેવા વિનતી

શ્રી વલ્લભ સુધા કાર્યાલય
C/o શ્રી જયસુખલાલ એન. વોરા
સોની બજાર સવજીભાઇની શેરીના નાકે
રાજકોટ–૩૬૦૦૦૧

હવેથી **શ્રી વલ્લભ સુધા** નો તમામ પત્રવ્યહાર મનીઓર્ડર વગેરે ઉપરને સરનામે મોકલવા વિનંતી.

વર્ષ ૫ : અંક ૧૨ ✠ માર્ચ, ૧૯૮૭
શ્રીવલ્લભાબ્દ ૫૦૮

વાર્ષિક લવાજમ રૂ. ૧૦ * આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, સવજીભાઇની
શેરીના નાકે, રાજકોટ ૩૬૦ ૦૦૧

પાંચમાં વર્ષના છેલ્લા અંકે

આ અંકથી જ "શ્રી વલ્લભ સુધા"ના પાંચ વર્ષ પૂરા થાય છે જેથી નીચેની ખાસ વિનતિ ધ્યાનમાં લઇ સાહિત્ય પ્રચાર કાર્યને સહકાર ચાલુ રાખવા કૃપા કરશો. આ પ્રચાર કાર્યને સહકાર ચાલુ રાખવા કૃપા કરશો. આ પહેલાના અંક ૧૧માં વિનતિ કરેલ તેનો સારો આવકાર મળી રહેલ છે અને મળે તે માટે ફરીથી વિનંતિ કરવામાં આવે છે. કે

(૧) ચાલુ સાલના ગ્રાહકોએ નવી સાલ એટલે કે સને ૧૯૮૭–૮૮ના વર્ષનું લવાજમ તા. ૨૦–૩–૮૭ સુધીમાં કાર્યાલય જમા કરાવી આપવું.

(૨) સને ૧૯૮૫–૮૬ ના જે જુના ગ્રાહકો છે તેમને સને ૧૯૮૬–૮૭ ના ચાલુ વર્ષનું લવાજમ વર્ષ પુરૂં થયું છતાં મોકલાવેલ નથી છતાં વૈષ્ણવ ઉપર વિશ્વાસ રાખી ચાલુ સાલનું તથા સને ૧૯૮૭–૮૮ નવા વર્ષનું એમ બે વર્ષનું લવાજમ રૂા. ૨૦–વીસ તુરત જમા કરાવવા કૃપા કરશો.

(૩) શ્રી વલ્લભ સુધાના સેવાભાવી કાર્યકરો ભાઇઓ પોતપોતાના હસ્તકના ગ્રાહકોનું લવાજમ વસુલ લઇ તા. ૨૦–૩–૮૭ સુધીમાં જમા કરાવવા પરિશ્રમ લે તેમ વિનતિ કરવામાં આવે છે.

(૪) જે કોઇ વૈષ્ણવ ભાઈ–બહેન નવી સાલમાં ગ્રાહક રહેવા ઇચ્છતા ન હોય તેઓએ તા. ૨૦–૩–૮૭ સુધીમાં પત્રથી જાણ કરવા વિનંતિ છે.

(૫) વૈષ્ણવ ગ્રાહકો અને સેવાભાવી કાર્યકર ભાઇઓનો જેટલો સંગીન સહકાર હશે તેટલું પ્રચાર કાર્ય સુંદર અને ચિરાયુ થશે.

(૬) લવાજમ અને પત્ર વ્યવહાર નીચેના સરનામે મોકલવા.

શ્રી વલ્લભ સુધા કાર્યાલય
સવજીભાઇની શેરીના નાકે,
સોની બજાર, રાજકોટ–૩૬૦૦૦૧.

સને ૧૯૮૬ના અંક ૮ ના અનુસંધાને
શ્રી વલ્લભ સુધાના આજીવન સદસ્યોની નામાવલી

૨૧૧ શ્રી નંદલાલ પોપટલાલ અઢીઆ કલ્યાણ
૨૧૨ શ્રી ચેતનકુમાર પી. પટેલ, અમદાવાદ
૨૧૩ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ, ધોરાજી શાખા
૨૧૪ જીવરાજ અમરશી સોનેજી, કાન્દીવલી
૨૧૫ શ્રી સુધીરભાઇ શાહ, રાજપીપળા
૨૧૬ શ્રી ગોવિંદજી માધવજી તન્ના, કાંદીવલી
૨૧૭ શ્રી નટવરલાલ કરસનદાસ દાવડા, કોલ્હાપુર
૨૧૮ શ્રી કાંતિલાલ કેશવલાલ શાહ, લુણાવાડા
૨૧૯ શ્રી કંસારા ચુનીલાલ દેવશીભાઇ હળવદ
૨૨૦ શ્રી. નરોત્તમદાસ એન્ડ કું. રાજકોટ.

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત
પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક
શ્રી વલ્લભ સુધા

વર્ષ ૫ : અંક ૧૨ * શ્રીવલ્લભાબ્દ ૫૦૮ * માર્ચ, ૧૯૮૭
વાર્ષિક લવાજમ રૂ. ૧૦ આજીવન રૂ. ૧૫૧

શ્રીવલ્લભ સુધા સોની બજાર, સવજીભાઈની શેરીના નાકે, રાજકોટ–૩૬૦ ૦૦૧

॥ શ્રી હરિઃ ॥

પૂ. ગો. શ્રી પ્રથમેશજીનું ઉદ્‌બોધન.....

[કલકત્તા તા. ૨૪-૧-૮૭ આં. રા. પુ. વૈ. પરિષદનું પૂર્વાંચલ સંગઠન સંમેલન ભરાયેલ તેમાં પૂ ગો. શ્રી પ્રથમેશજીએ કરેલ ઉદ્‌બોધનનો સારાંશ]

કાર્યકર્તાઓએ પરિષદનો ઇતિહાસ જાણવો જરૂરી છે, જેથી તે સમાજ સામે રાખી શકાય.

ચરિત્ર નિર્માણ માટે પરિષદની જરૂર છે. પરિષદ કામ કર્યે જાય. **લોકોએ ભગવાનની ટીકા કરવામાં બાકી રાખ્યું નથી તો માણસોને કેમ છોડશે ?**

વૈષ્ણવો ગુરુ અને ભગવાનને સંભાળે તો પરિષદને કેમ ન સંભાળી શકે ? પરિષદને સમર્પિત બનીએ. સેવા પરાયણ જીવન જીવીએ.

બિહાર, આસામ, ઓરિસ્સા જ્યાં સેવાની જરૂર છે ત્યાં પરિષદ કામ કરે.

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજકૃત અમૃતતરંગિણી–ટીકાનું ગુજરાતી ભાષાંતર

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**

(લેખાંક ૪૯મો) બી.એ. (ઓનર્સ), કોવિદ

અર્જુન ઉવાચ–

મદનુગ્રહાય પરમં ગુહ્યમધ્યાત્મસંજ્ઞિતમ્ ।
યત્વયોક્તં વચસ્તેન મોહોઽયં વિગતો મમ ॥૧॥

અર્જુને કહ્યું, મારા ઉપર કૃપા કરવાને માટે પરમ ગુહ્ય અધ્યાત્મ નામે જે વચન આપે કહ્યું, તેનાથી મારો આ મોહ નાશ પામ્યો. ॥૧॥

શ્રીકૃષ્ણાય નમઃ ॥ વિભૂતિઓના કથનથી સમગ્ર સૃષ્ટિ કૃષ્ણાત્મક જ છે, એમ સમજીને અને હવે તેનું સામુદાયિક સ્વરૂપ જોવાને માટે અર્જુને શ્રીહરિને વિનતિ કરી. ॥૧॥

આગળના (દશમા) અધ્યાયને અંતે 'વિષ્ટભ્યાહમ્' (હું ધારણ કરીને રહેલો છું. ૧૦–૪૨) એવા શબ્દોથી પોતાની ક્રીડા માટેના સ્વરૂપથી રહેલું વિશ્વ પોતાના આત્મ સ્વરૂપ છે, એમ સિદ્ધ કર્યું છે. તેવા સ્વરૂપનું દર્શન કરવાની ઇચ્છાવાળો અર્જુન 'મદનુગ્રહાય' વગેરે શબ્દોથી પ્રારંભીને ચાર શ્લોકથી ભગવાનને વિનતિ કરે છે. મારા ઉપર અનુગ્રહ કરવાને માટે એટલે કે 'મારો છે' એ રીતે સ્વીકારવા માટે પરમ એટલે કે જેના વડે પર એવા પુરુષોત્તમનું અનુમાન થાય છે તેવા પ્રકારનું અને તેથી જ ગુહ્ય, સર્વને નહિ કહેવા યોગ્ય, અધ્યાત્મ એવા નામવાળું, જડ અને ચેતનના જ્ઞાનના વિષયથી સર્વાત્મ સ્વરૂપ 'વિષ્ટભ્યાહમ્' (હું ધારણ કરીને રહેલો છું, ૧૦–૪૨) એવું આપે જે વાક્ય કહ્યું તેનાથી મારી સ્વાભાવિક સ્થિતિમાં રહેલો આ મોહ પૂર્ણ પણે નાશ પામ્યો, એમ અર્થ છે. ॥૧॥

ભવાપ્યયૌ હિ ભૂતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા ।
ત્વત્તઃ કમલપત્રાક્ષ માહાત્મ્યમપિ ચાવ્યયમ્ ॥૨॥

હે કમળ જેવાં નેત્રો વાળા શ્રીકૃષ્ણ, પ્રાણીઓનાં ઉત્પત્તિ અને નાશ તેમજ અવ્યય મહત્ત્વ પણ આપની પાસેથી જ વિસ્તારપૂર્વક મેં સાંભળ્યાં. ॥૨॥

અને વળી, 'ભવાપ્યયૌ' વગેરે શબ્દોથી આગળ કહે છે. પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ 'હું આદિ છું' (હું આદિ છું, મધ્ય છું અને પ્રાણીઓનો અંત પણ હું જ છું.–૧૦–૨૦ માં કહ્યા પ્રમાણે) વગેરે શબ્દોથી હે કમલપત્રાક્ષ, હે દૃષ્ટિ માત્રથી પાપનો નાશ કરનાર, આપની પાસેથી મેં વિસ્તાર પૂર્વક સાંભળ્યાં. અવ્યય, સ્થિતિરૂપ અને પાલનરૂપ મહાત્મ્ય, એટલે કે નાશ પછી પાલન રૂપ મહત્ત્વ પણ સાંભળ્યું. તેનાથી મોહ નાશ પામ્યો, એમ આગળના જ શ્લોકોની સાથે સંબંધ છે. ॥૨॥

એવમેતદ્યથાઽઽત્થ ત્વમાત્માનં પરમેશ્વર ।
દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમૈશ્વરં પુરુષોત્તમ ॥૩॥

હે પરમેશ્વર, જેવી રીતે આપ પોતાને કહો છો, એ એમ જ છે. હે પુરુષોમાં શ્રેષ્ઠ

શ્રીકૃષ્ણ, આપનું તેવું ઐશ્વર્ય રૂપ હું જોવાને ઇચ્છું છું. ।।૩।।

મોહ નાશ પામ્યો છે, એમ શી રીતે જાણવું? એવી શંકાના પ્રત્યુત્તરમાં કહે છે કે જેઓનો મોહ નાશ પામ્યો છે તેઓને ભગવાનના વાક્યમાં વિશ્વાસ અવશ્ય છે. એમ છે તે 'એવમ્' વગેરે શબ્દોથી કહે છે. હે પરમેશ્વર, હે સર્વાધીશ, જેવી રીતે આપ આપના સ્વરૂપને કહો છો, તે તેમ જ છે જેમકે, મને કોઇ જાણતું નથી (મને દેવો જાણતા નથી, ૧૦-૨), એવા શબ્દોથી આપનું સર્વથી અજ્ઞાતપણું દર્શાવ્યું છે. હું ધારણ કરીને રહેલો છું (આ બધું હું ધારણ કરીને રહેલો છું, ૧૦-૪૨), એવા શબ્દોથી સર્વાત્મપણું દર્શાવ્યું છે. હું તને બુદ્ધિયોગ આપું છું (૧૦-૧૦), વગેરે શબ્દોથી ભગવાનની કૃપાથી જ બધું જ્ઞાત થાય છે, એમ દર્શાવ્યું એ પ્રમાણે એ બધું યથાર્થ જ છે, એમ અર્થ છે.

યથાર્થપણાના કથન પહેલાં હું સ્વરૂપના જ્ઞાનથી અજાણ હતો તે હવે (દશમા અધ્યાયમાં કરેલા) વિભૂતિઓના નિરૂપણથી અને 'હું ધારણ કરીને રહ્યો છું,' (૧૦-૪૨) એવાં કૃપાભર્યાં વાક્યથી, તેમ જ તેના ચિંતનથી હું સર્વાત્મપણાના જ્ઞાનવાળો થયો છું. એ પ્રમાણે અર્જુને પોતાનો અનુભવ વ્યક્ત કર્યો હવે, તેનાથી સ્વરૂપને જેણે જાણ્યું છે તેવો અર્જુન, તેવા સ્વરૂપને બતાવો, એમ 'દ્રષ્ટુમ્' વગેરે શબ્દોથી વિનતિ કરે છે, હે પુરુષોત્તમ, આપનું તેની સાથે સંબંધિત ઐશ્વર્ય રૂપ, વિવિધ વિલાસવાળું રૂપ જોવાને હું ઇચ્છું છું. ।।૩।।

મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમિતિ પ્રભો ।
યોગેશ્વર તતો મે ત્વ દર્શયાત્માનમવ્યયમ્ ।।૪।।

હે પ્રભુ મારાથી તે જોવાને શક્ય છે, એમ જો આપ માનતા હો તો પછી હે યોગેશ્વર, અવ્યય સ્વરૂપ આપ મને બતાવો. ।।૪।।

પોતાની ઇચ્છા હોવા છતાં ભગવાનની ઇચ્છાનો અભાવ હોય તો તેવું રૂપ જોવાની પણ સરળતાથી સફળતા મળતી નથી. એમ છે તેથી 'મન્યસે' વગેરે શબ્દોથી અર્જુન વિનતિ કરે છે. હે પ્રભુ, હે બધું જ કરવાને સમર્થ, જો તેવું રૂપ મારાથી જોવું શક્ય હોય તો, દર્શન પછી તે સફળ થાય છે. એ પ્રમાણે જો આપ માનતા હો તો તે અવશ્ય સફળ થાય, એમ હોવાથી હે યોગેશ્વર, એવા સંબોધનથી, યોગીઓ પોતાના યોગબળ વડે સામર્થ્યને પ્રકટ કરે છે, તેઓનો યોગ એ આગંતુક (નિત્ય નહિ એવો ધર્મ છે. આપ તો યોગના પણ ઇશ્વર છો, તેથી મને નહિ એવો ધર્મ છે. આપ તો યોગના પણ ઇશ્વર છો, તેથી મને દર્શન કરવાનું સામર્થ્ય આપવાની કૃપા કરીને પણ તે રૂપ મને બતાવો. એ પ્રમાણે પ્રાર્થના કરતાં, પ્રભુ તેવું રૂપ બતાવીને તેમાં જ લીન કરે ત્યારે ભક્તિરસથી અનુભવાય તેવા પુરુષોત્તમ રૂપનો અનુભવ ન થાય તો, 'તતઃ' વગેરે શબ્દોથી વિનંતિ કરે છે. પછી એટલે કે આ મનોરથ પૂર્ણ થયા પછી અવ્યય, અવિનાશી એવા પરમાત્માનાં, એટલે કે આનંદમય એવા પુરુષોત્તમનાં દર્શન કરાવો, એવો ભાવ છે. ।।૪।।

શ્રી ભગવાનુવાચ-

પશ્ય મે પાર્થ રૂપાણિ શતશોઽથ સહસ્રશઃ ।
નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥૫॥

શ્રી ભગવાને કહ્યું, હે પૃથાના પુત્ર અર્જુન, મારાં અનેક પ્રકારનાં અને વિવિધ વર્ણ તથા આકૃતિવાળાં સેંકડો અને હજારો અલૌકિક રૂપોને તું જો. ॥૫॥

એ પ્રમાણે પ્રાર્થના કરાયેલ ભગવાન, તેવું રૂપ દર્શાવતાં પહેલાં અર્જુનને 'પશ્ય' વગેરે શબ્દોથી પ્રારંભ કરીને ચાર શ્લોક વડે સાવધાન કરે છે. હે પાર્થ, હે, ભક્તપુત્ર, એવું સંબોધન, કૃપાપૂર્વક હું દર્શાવું છું, એવો ભાવ બતાવે છે. નહિ તો પુરુષોત્તમનાં દર્શનથી અન્યનાં દર્શન કરવાની ઇચ્છામાં એવા પ્રકારનો રસાનુભવ પણ કરાવત, એવો ભાવ છે. મારાં સેંકડો હજારો, એટલે કે અસંખ્ય રૂપ છે. અથવા સેંકડો, હજારો જેટલાં તું ઇચ્છે તેટલાં વિવિધ પ્રકારનાં, વિવિધ પ્રભાવોને ઉત્પન્ન કરનારાં જેમનાં રૂપો છે તે વિવિધ પ્રકારનાં હોવા છતાં અલૌકિક ક્રીડા માટેનાં છે, માત્ર બતાવવા માટે જ ધારણ કરેલાં નથી. વળી, તે જ પ્રમાણે અનેક વર્ણનાં, એટલે કે ધોળાં, રાતાં વગેરે રંગનાં અને વિશેષ પ્રકારની આકૃતિઓવાળાં અને વિશિષ્ટ પ્રકારનાં અંગોવાળાં મારાં રૂપો છે, તેઓને તું જો. ॥૫॥

પશ્યાદિત્યાન્ વસૂન રુદ્રાનશ્વિનૌ મરુતસ્તથા ।
બહૂન્યદૃષ્ટપૂર્વાણિ પશ્યાશ્ચર્યાણિ ભારત ॥૬॥

હે ભરત કુલોત્પન્ન અર્જુન, આદિત્યો, વસુઓ, રુદ્રો, બે અશ્વિની કુમારો, મરુતોને તું જો. તથા પહેલાં નહિ જોયેલાં, આશ્ચર્ય-પમાડે તેવાં અનેકને તુ જો. ॥૬॥

તેઓને તું વાસ્તવિકતાથી જો, એમ નામો આપીને 'પશ્ય' વગેરે શબ્દોથી વિશેષતાથી કહે છે. બાર આદિત્યોને, આઠ વસુઓને અગિયાર રુદ્રોને, બે અશ્વિનીકુમારોને, વિશેષ પ્રકારના દેવગણ એવા મરુતોને તથા પહેલાં કોઇએ નહિ જોયેલાં એવાં અસંખ્ય અને આશ્ચર્યકારક, એટલે કે અલૌકિક એવાં બધાંને એક સાથે તું જો; કારણ કે હે ભારત, હે ઉત્તમ વંશમા જન્મેલા અર્જુન, તું તેને માટે યોગ્ય છે. ॥૬॥

ઇહૈકસ્થં જગત્કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્ ।
મમ દેહે ગુડાકેશ યચ્ચાન્યદ્દ્રષ્ટુ મિચ્છસિ ॥૭॥

હે નિદ્રાને જીતનાર અર્જુન, મારા દેહમાં એકત્ર થયેલ જડચૈતન્ય સ્વરૂપ સમગ્ર જગત અને બીજું જે કાંઇ તું જોવાને ઇચ્છે છે તે તું આ જન્મમાં જ અત્યારે જો. ॥૭॥

અને 'ઇહ' વગેરે શબ્દોથી આગળ કહે છે. કરોડો જન્મ સુધી જોયા કરીએ તો પણ સંપૂર્ણ વિશ્વને જોવું અશકય છે, એવું, ચોતરફ વિરોધી દેખાતું અને જડ અને ચૈતન્યવાળું સમસ્ત જગત મારા દેહમાં એકત્ર થયેલું, આ જન્મમાં જ, આ સમયે તું જો અને બીજું જે કાંઇ જોવું હોય તે તું જો બધાંનું વિભૂતિપણું હોવાથી હું શી રીતે મારું ? એવા વિચારથી મરવું અને મારવું વગેરે રૂપનું જે કાંઇ તું જોવા ઇચ્છે છે તે તું જો. ॥૭॥

ન તુ માં શકયસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા ।
દિવ્યં દદામિ તે ચક્ષુઃપશ્ય મે યોગમૈશ્વરમ્ ।।૮।।

પરંતુ આ તારા પોતાના ચક્ષુ વડે મને જોવાને તું શકિતમાન નથી જ. તને હું દિવ્ય ચક્ષુ આપું છું. તું મારા દિવ્ય યોગને જો. ।।૮।।

(તું જો) એમ કહેવાની સાથે તેવા રૂપને જોવા માટે ઉત્સુક એવા અર્જુન પ્રત્યે 'ન તુ' વગેરે શબ્દોથી ભગવાને કહ્યું, પરંતુ માત્ર એમ ને એમ જ જોવાને તું શકિતમાન નથી. તેથી હું તને અલૌકિક ચક્ષુ આપું છું, તેના વડે પોતાની આંખે, મારી કૃપારૂપી દૃષ્ટિથી મને પુરુષોત્તમ રૂપે તું જો. આમ થતાં જોવાયેલા એ પુરુષોત્તમ સ્વરૂપથી મારું ઇશ્વરી સ્વરૂપ એટલે કે કરવાને, ન કરવાને કે અન્યથા કરવાને શકિતમાન એવું યોગયુકત સ્વરૂપ તું જો. પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન અને દિવ્ય દૃષ્ટિ વિના સર્વસ્વરૂપ એવા ભગવાનનું દર્શન અસાધારણ દૃષ્ટિથી થાય, એવો ભાવ છે. ।।૮।।

સંજય ઉવાચ–

એવમુકત્વા તતો રાજન્ મહાયોગેશ્વરો હરિઃ ।
દર્શયામાસ પાર્થાય પરમં રૂપમૈશ્વરમ્ ।।૯।।

સંજયે કહ્યું, હે રાજા, એ પ્રમાણે કહીને પછી મહાયોગેશ્વર શ્રીકૃષ્ણે શ્રેષ્ઠ ઇશ્વરીરૂપ અર્જુનને બતાવ્યું. ।।૯।।

એમ કહીને ભગવાને અર્જુનને (દિવ્ય) સ્વરૂપ બતાવ્યું, એમ ધૃતરાષ્ટ્ર પ્રત્યે સંજય કહે છે. ક્ષાત્ર અભિમાનવાળા અને દિવ્ય દૃષ્ટિથી જોવાયેલા આસુરાવેશી ભીષ્મ વગેરેને મારવાથી થતું બધું જ દુઃખ નિવારવા માટે મહાયોગેશ્વર એટલે કે બધું જ કરવાને સમર્થ ભગવાને સર્વાત્મક યોગ બળથી એ પ્રમાણે કહીને અને અલૌકિક દૃષ્ટિ આપીને પાર્થને એટલે કે પોતે સ્વીકારેલ એવા અર્જુનને પરમ રૂપ એવું પુરુષોત્તમનું રૂપ દેખાડયું. પછી, એટલે કે તેવા રૂપનાં દર્શન પછી ઇશ્વરી રૂપ દેખાડયું. ।।૯।।

અનેકવકત્રનયનમનેકાદ્ભુતદર્શનમ્ ।
અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્ ।।૧૦।।

અનેક મુખ અને નેત્રોવાળું, અનેક અદ્ભુત દૃશ્યોવાળું, અનેક આભરણોવાળું, અનેક સજ્જ કરેલાં દિવ્ય આયુધોવાળું (સ્વરૂપ બતાવ્યું) ।।૧૦।।

બંનેનું (વિશ્વરૂપનું અને ઇશ્વરીરૂપનું) સ્વરૂપ 'અનેક' વગેરે શબ્દોથી કહે છે. અનેક મુખવાળું અનેક નેત્રોવાળું, લીલાત્મક રૂપ સહિત સંપૂર્ણ રૂપ બતાવ્યું. અનેક અદ્ભુત સ્વરૂપોવાળું, અનેક અલૌકિક અને લીલામય દૃશ્યોવાળું, અનેક અલૌકિક આભૂષણોવાળું, દિવ્ય એવાં અનેક સજ્જ કરેલાં આયુધોવાળું, એટલે કે સઘળાં દુઃખોને નિવારનારાં શંખ, ગદા વગેરે આયુધોવાળું, સ્વરૂપ દેખાડયું. ।।૧૦

પૃષ્ઠ પ્રકાશન દાન વાર્ષિક
પ. ભ. શ્રી અરવિંદભાઈ ઝવેરચંદ મહેતા (કલકત્તા) ના
જય શ્રીકૃષ્ણ.

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુ વિરચિત

નવરત્નમ્

(શ્રીમત્પુરુષોત્તમજી કૃત વિવૃતિ પ્રકાશનું ગુજરાતી ભાષાંતર)

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઇ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

(લેખાંક આઠમો)

ભલે, ખરું છે કે, ભગવાન જીવમાં પોતાની આજ્ઞા પ્રમાણે વર્તવાનું જોઇને, તેની અપેક્ષા પૂરી કરવાના હેતુથી ભગવાન અર્થે તેમ જ લૌકિક અર્થે યોગક્ષેમ ચલાવે છે. તો પણ પ્રથમ ઊતરતા અધિકારમાં ભગવાન તે રીતે યોગક્ષેમ ચલાવશે કે નહિ, એમ ચિંતા થાય જ, એવી શંકાનું સમાધાન કરે છે. એવા હેતુથી ઉત્તરાર્ધમાં 'નનુ લોકવત્' વગેરે શબ્દોથી કહે છે. 'સ્વસ્યાપિ' (પોતાનો હોવા છતાં) એવા શબ્દથી ભગવાન વિષે વિચારાય છે. 'ગતિમ્' એટલે ગતિ, સ્થિતિ, રીતિ. વળી, લૌકક જન્મ હોય તેવા સેવકની કુટુંબ વગેરેમાં આસકિત અને ભગવાન સંબંધી કાર્યમાં ઉદાસીનતા જોઇને ભગવાન પણ તેવા સેવક પ્રત્યે ઉદાસીન રહે તો શું કરવું ? એવા આશયના પ્રશ્નને 'યતઃ' વગેરે શબ્દોથી સમજાવે છે. આ જીવ પુષ્ટિજીવ છે, ભકિતમાર્ગીય છે, તેથી ભકિતના કારણે અનુગ્રહને પાત્ર છે. એમનામાં મર્યાદામાર્ગીય વૈરાગ્ય વગેરેનો અભાવ હોવા છતાં મહાપુરુષ દ્વારા એનાં સંબંધવાળાં બધાંયનું નિવેદન થયેલું છે, એ પ્રમાણે તેઓની આસકિતમાં અલૌકિક ભગવાન જેમ નારદજીનું વાકય સત્ય કરવાને માટે નલકુબર અને મણિગ્રીવ અનુગ્રહને પાત્ર થયા, એમ આપણે જાણીએ છીએ, તેમ જ તેઓ પણ અનુગ્રહને પાત્ર થશે. 'સ્વયં સમુત્તીર્ય' (હે પ્રકાશસ્વરૂપ પ્રભુ, સત્પુરુષો તો ભયંકર અને અત્યંત કષ્ટથી પાર કરી શકાય તેવા સંસારરૂપી સાગરને પાર કરી ગયા છે, પરંતુ તેઓ આપનાં ચરણ કમળરૂપી નૌકાને અહીં મૂકીને ગયા છે. આપ શ્રેષ્ઠ અનુગ્રહરૂપ છો.–ભાગ. ૧૦–૨–૩૧), એવા (બ્રહ્મા, શંકર, નારદજીને દેવોએ કરેલ) ગર્ભ સ્તુતિના વાકયમાં ભકિત માર્ગના પ્રવર્તક આચાર્યશ્રીનો અનુગ્રહ મેળવેલાઓમાં ભગવાનની કૃપા સિદ્ધ છે, તેથી પોતાને પ્રિય એવા માર્ગના પ્રવર્તક આચાર્યશ્રીએ નિવેદન કરાવેલાં પ્રત્યે, પોતાનાં છે એમ અંગીકાર કર્યો હોવાથી ભગવાન તેઓની ઉપેક્ષા કરશે નહિ. એવા ભગવાનના સ્વભાવમાં વિશ્વાસ રાખીને અને 'સંસારચક્રે ભ્રમતઃ સ્વકર્મભિઃ' (વૃત્ર ભગવાનને સ્તુતિ કરે છે કે, હે પ્રભુ, મારાં કર્મોને કારણે સંસાર રૂપી ચક્રમાં ભ્રમણ કરતાં આપના શ્રેષ્ઠ ભકતો સાથે મારી મૈત્રી થાય અને હે પ્રભુ, આપની માયાથી પુત્ર, સ્ત્રી, ઘર વગેરેમાં મારું મન આસકત થાય નહિ. શ્રી ભાગ. ૬–૧૧–૨૭), એમાં દર્શાવ્યા પ્રમાણે કલેશનું કારણ પોતાનાં પ્રારબ્ધ છે, એમ વિચારીને ચિંતા કરવી નહિ. તેમ જ વિત્તજા સેવાના સંબંધમાં તથા તનુજા સેવાના સંબંધમાં અને શારીરિક સહાયની સરળતાના અભાવમાં પણ ચિંતા કરવી નહિ, એમ જાણવું. એ પ્રમાણે અહીં માત્ર દિશાસૂચન

કરેલું છે. 'લૌકિકી ચ' એ પ્રમાણે મૂળ શ્લોકમાં 'ચ' અક્ષર છે તે મર્યાદાના અર્થમાં છે. અને કાર્ય સાથે સંબંધ ધરાવે છે. સમુચ્ચયના અર્થમાં તો નહિ કહેવાયેલી વૈદિક ગતિને સંબંધિત કરે છે. જેમ કે, આપદમાં પડેલા ચાક્રાયણ નામના ઋષિએ હાથીએ ખાધેલ કુલ્માષનું (એક જાતના હલકા ધાન્યનું) ભક્ષણ કરવાનું શ્રુતિમાં કહેવાયું છે. (આ વાત છાંદોગ્ય ઉપનિષદના પ્રથમ પ્રપાઠકના દશમા ખંડમાં કહેલી છે.) તે જ પ્રમાણે અહીં ભકિતમાર્ગમાં કયાંક શ્રવણ કે સ્મરણના અભાવથી અને યોગક્ષેમ વહન કરવાના વાકયથી એમ કહેવાયું છે. (જે લોકો અનન્ય ભાવવાળા થઇને મારું ચિંતન કરતાં કરતાં મારી ઉપાસના કરે છે તેવા નિત્ય જોડાઇને રહેલા લોકોનો યોગક્ષેમ હું ચલાવું છું. ગીતાજી, ૯–૨૨)

અને આ 'સર્વાન્નાનુમતિઃ' સુત્રમાં પણ કહેવાયું છે. ('સર્વાન્નાનુમતિશ્ચ પ્રાણાત્યયે તદ્દર્શનાત્'– બ્રહ્મસૂત્ર ૩–૪–૨૭, અને સર્વ અન્નની અનુમતિ છે, કારણ કે પ્રાણના નાશમાં તે જોવામાં આવે છે.) ॥૧॥

તો પછી આ સંબંધે દોષ થવાની શંકાને દુર કરે છે. દોષ દુર કરવાના હેતુથી 'એવં ચ' વગેરે શબ્દોથી આગળ કહે છે. કુટુંબ વગેરેમાં આસક્તિ હોય ત્યારે પણ ભગવાન જો ઉપેક્ષા ન કરે તો, ત્યારે નૈવેદ્ય આદિ સિદ્ધ કરવાને માટે પ્રયત્ન જ કરવો જોઇએ. શા માટે કલેશ સહન કરવો ? વગેરે વિચારોથી સ્વચ્છંદ વ્યવહાર કરવાની આપત્તિથી અનેક પ્રકારની બહિર્મુખતા આવે છે. તેથી એવા પ્રકારનું સંકટ આવે ત્યારે તેનો ઉપાય દર્શાવે છે, એમ અર્થ છે.

'સર્વદા' વગેરે શબ્દોથી આગળ સમજાવે છે. સેવાના અધિકાર માટે સંસ્કારરૂપે આત્મનિવેદન કરવાનું ભગવાનને પ્રિય છે, એમ પહેલાં સિદ્ધ કરેલું છે. અને વળી, તે પછી સર્વદા સેવામાં રત રહેવાથી અને સદાય ભગવદીયતાના અનુસંધાનમાં પોતાનાં કુટુંબીજનોની બહિર્મુખતા પૂર્ણપણે નષ્ટ થશે, એવો ભાવ છે, એમ અર્થ છે.

અરે, અહીં 'તુ' શબ્દથી નિવેદનનું સ્મરણ જ, એમ સમજાય છે. જો એમ હોય તો તે પ્રમાણે શી રીતે વ્યાખ્યા થાય ? એવી આકાંક્ષા થાય તો કહે છે. 'તુ' શબ્દનું તાત્પર્ય 'અશકય' વગેરે શબ્દોથી કહે છે. તે પ્રમાણે ગૌણકલ્પ દર્શાવવા માટે 'તુ' શબ્દ છે. એમ હોવાથી પહેલાંના વ્યાખ્યાનમાં દોષ નથી, એમ અર્થ છે. એને જ દઢ કરવાને માટે પાઠાંતરે 'ચકાર' વગેરે શબ્દોથી વિવરણ કરે છે. મૂળ શ્લોકમાં રહેલાં 'સર્વથા' પદને સમજાવે છે. 'અસ્ય' એટલે આનું, નિવેદનનું.

અરે, મુખ્યની અશકિતમાં ગૌણકલ્પ જ આવશ્યક છે, તેથી આ કથન યોગ્ય નથી. એવી અરુચિના સંબંધમાં બીજી રીતે (પ્રકાશ ટીકામાં) 'અથવા' વગેરે શબ્દોથી પ્રારંભીને 'સૂચ્યતે' (સૂચવાય છે) કહેવાયું છે. (પ્રકાશમાં કહ્યું છે કે, અથવા, સંપૂર્ણપણે જેઓ તાદશજનો છે, એટલે કે આત્મનિવેદન કર્યું હોવાથી જેઓ પ્રભુપરાયણ છે તેઓની સાથે પોતે નિવેદન કર્યું છે, એવું

સ્મરણ રાખવું. એમ કરવાથી સંગદોષનું નિવારણ થાય છે. તાદૃશીજનો સાથે સ્મરણ રાખવું, એમ કહેવામાં તાદૃશી ન હોય તેવા જનોથી તેને ગુપ્ત રાખવાનું સૂચવાયું છે.) આ પક્ષમાં ‘સર્વથાતાદૃશૈઃ’ એમ એક પદ લીધેધું છે. બીજો પાઠ ‘સર્વદા’ શબ્દથી સમજાવે છે. તત્ર એટલે ત્યાં, નિવેદનના સ્મરણમાં. એ પ્રમાણે બે વ્યાખ્યાનથી સર્વદા ભગવદીયપણાનું અનુસંધાન, ઉત્તમ ભગવદીયના સંગથી દુઃસંગનો ત્યાગ અને દુષ્ટોથી તેને ગુપ્ત રાખવું, એ પ્રમાણે ત્રણ વાત કહી. વળી, સદાય તે પ્રમાણે કરવામાં પહેલાં કહેવાયેલ દોષ લાગશે નહિ, એમ અર્થ છે. એના પછી પ્રારબ્ધયોગે અતિ ક્લેશની પ્રાપ્તિ થાય ત્યારે, આ કહેલ ત્રણની અથવા બેમાંથી એકની અશક્યતામાં અને પ્રભુની સાનુભાવતામાં ક્લેશની નિવૃત્તિ માટે તેની યાચના કરવી કે નહિ, એવી ચિંતામાં અન્ય ઉપાય દર્શાવે છે. એવા આશયથી ‘ક્વચિત્’ વગેરે શબ્દોથી ઉત્તરાર્ધ વર્ણવે છે. (લૌકિક કે અલૌકિક) અર્થ તિરોહિત નથી જ. ‘પ્રશ્ને’ સાતમી વિભક્તિમાં છે. અહીં સર્વ શબ્દ સમજાવે છે. આ પક્ષે સર્વ શબ્દ વ્યવહારમાં સંકુચિત અર્થમાં છે. એ પ્રમાણે અરુચિથી ‘અથવા, કાલ’ વગેરે શબ્દોથી બીજે પક્ષે કહે છે. ‘નિજેચ્છાતઃ’ (પોતાની ઈચ્છાથી) અને ‘પ્રાર્થિતઃ’ (પ્રાર્થના કરાયેલ) વગેરે શબ્દોથી સમજ આપે છે. આ પક્ષમાં ભગવાનની કૃપાલુતા અદૃશ્ય રીતે હોય છે. એમ છે તેથી ‘અથવા, નિજાઃ’ (પોતાના હોય તેઓ) વગેરે શબ્દોથી બીજે પક્ષે કહે છે. અરે, જો એમ હોય તો પહેલાંનું વર્ણન ભિન્ન રીતે કેમ છે? એમ પ્રશ્ન થાય તો ‘પરમ્’ વગેરે શબ્દોથી કહે છે. ‘અવિકૃતત્વમ્’ એટલે અવિકૃત હોવાપણું. પ્રાકૃત ગુણ અને વ્યગ્રતાથી થતો લૌકિક વ્યવહારુ તે વિકૃતપણું કહેવાય, તેવો વિકાર નહોવો તે અવિકૃતપણું કહેવાય. વળી, ઊતરતા અધિકારવાળાઓની ઇચ્છામાં વિકૃતપણું હોવાથી તેને માટે તે પ્રમાણે પહેલાં દર્શાવાયું છે. ઉત્તમ અધિકારીઓની ઈચ્છામાં વિકાર નથી. હોતો. તેમ છે તેથી હવે એ રીતે વ્યાખ્યા કરાય છે. તેથી એ બંને પ્રકારે કરેલું વર્ણન યોગ્ય જ છે. અહીં આ અર્થ છેઃ પ્રભુ સર્વજ્ઞ ન હોવામાં, પ્રભુની ઉદાસીનતામાં કે અન્ય વિષયમાં પ્રાર્થનાનો ઉપયોગ થાય છે. અહીં પોતાના સર્વેશ્વરપણાથી અને કાળ વગેરે બધાના નિયામક છે તેથી પ્રભુનું સર્વજ્ઞપણું છે જ. નિયમનની સમજ આવશ્યક છે. તે તે પ્રત્યેકનો આત્મા હોવાથી પ્રભુ ઉદાસીન નથી અને પોતાનો આત્મા હોવાથી અન્યપણું નથી. એમ હોવા છતાં પોતાનામાં ક્લેશ કે ઉપેક્ષા અથવા જે કાંઇ અન્યમાં ‘આસક્તિ થાય તો ભગવાન જ’ (શાપ અપાવે છે), એ ન્યાયે ભગવાન પોતાના ભક્તના ભલા માટે જ તેમ કરે છે. (લૌકિકમાં આસક્તિ થાય ત્યારે, અથવા લૌકિક સામાન્ય વ્યવહારમાં અહંકાર આવે ત્યારે, ક્યારેક ભગવાન જ શાપ અપાવે છે, પરંતુ તે પોતાના માર્ગમાં સ્થિર કરવા માટે જ હોય છે.–પુષ્ટિ પ્રવાહ-મર્યાદા, ૧૮). તેમાં ભગવાનના કાર્ય માટે અન્યથા પ્રાર્થના અપરાધ કરનાર છે. ભક્તના પોતાના કાર્ય માટે તો તે પોતાનું જ અનિષ્ટ કરનાર છે. તેથી તે બંનેનો વિચાર કરીને યાચના કરવી નહિ. પરંતુ પોતપોતાના અધિકાર પ્રમાણે વિવેક અને ધૈર્યનું જ પાલન કરવું, એમ અર્થ છે. આથી ‘વિવેકધૈર્યોશ્રય’ (શ્લોક બીજા)માં પણ ‘સ્વામીની ઇચ્છા સમજવામાં સંશય હોય તો યાચના કરવા છતાં શું થાય? એમ કહ્યું છે. ।।૨।।

શ્રીયમુનાજીના ૪૧ પદો

(અર્થ વિવેચન સહિત)

સંગ્રાહક : પ. ભ. શ્રી જાદવજી ખેરાજભાઇ (ચરણરજ–સુરત)

(ગતાંકથી ચાલુ)

પદ ૩૧મું

કોન પેં જાત શ્રી યમુને જુબરની
સબહિ કો મન મોહત મોહન,
સો પિયાકો મન યે જુ હરની. ૧

ઇન બિના રહત ન એક છીન જીવનધન
વ્રજચંદ મન આનંદ કરની,
‘શ્રી વિઠ્ઠલ ગિરિધરન’ સહિત આપ
ભકત કે હેત અવતાવ ધરની. ૪

અર્થ – જેના દર્શન માત્રથી સમસ્ત વિશ્વ મોહિત થઇ જાય છે, એવા શ્રીકૃષ્ણના મનનું હરણ કરનારા શ્રી યમુનાજીના સ્વરૂપનું વર્ણન કોણ કરી શકે ?

પ્રાણજીવન એના વગર ક્ષણવાર રહી શકતા નથી એવા શ્રી વ્રજચંદ્રના મનને પ્રસન્ન કરનારા શ્રી મહારાણીજીની બલિહારી છે. નિત્યલીલા ધામમાંથી શ્રીઠાકોરજી ભૂતળ પર પધાર્યા ત્યારે શ્રી યમુનાજી પણ ભકતોના હિત અર્થે સાથે જ પધાર્યા છે. ૨

વિવેચન – શ્રીકૃષ્ણ સૌંદર્ય નિધાન છે. સાક્ષાત ‘સ્મર પિતુ’ એટલે કામદેવના પિતા છે. કરોડો કામ જેની સમક્ષ નિસ્તેજ બની જાય એવું આપનું મનોહર સ્વરૂપ છે. શ્રીયમુનાજી પણ આવા જ સૌંદર્ય નિધાન છે. સર્વ પ્રકારથી શ્રીકૃષ્ણ સમાન છે.

શ્રીઠાકોરજીની સમાન મુકુટ કાછનીના શૃંગાર ધારણ કરે છે. જેથી આપની શોભા અવર્ણનીય બની જાય છે. શ્રી સ્વામિનીજી જયારે માન કરે છે, ત્યારે માન છોડાવવા શ્રી ઠાકોરજી અને અન્ય સખીજનો જયારે અસમર્થ બને છે, ત્યારે રાસેશ્વરી શ્રીયમુનાજી રાસના શૃંગાર ધારણ કરી શ્રીસ્વામિનીજી પાસે પધારે છે. ત્યારે શ્રીસ્વામિનીજી શ્રીયમુનાજીના આવા અલૌકિક સ્વરૂપના દર્શન કરી ખૂબ પ્રભાવિત બની જાય છે અને શ્રીયમુનાજીની વિનંતિથી માનભાવનો ત્યાગ કરી શ્રી ઠાકોરજી સન્મુખ દોડી જાય છે. શ્રી યમુનાજીના આવા અલૌકિક સ્વરૂપને જોયા પછી શ્રીઠાકોરજીની સ્મૃતિ પ્રગટ થતાં શ્રીસ્વામિનીજીનું માન ક્ષણવારમાં છૂટી જાય છે. ભકત અને ભગવાનનુ મિલન કરાવવું એ શ્રીયમુનાજીનો સહજ સ્વભાવ છે. આવા નિષ્કામ સેવા પરાયણ અને સૌંદર્ય નિધાન શ્રીયમુનાજીને જોતાં જ શ્રી ઠાકોરજી પણ મોહિત બની જાય એમાં આશ્ચર્ય શું ?

સોરઠો

શ્રીયમુને ગુન અપાર હે, માનો સુંદર શ્યામ,
નિશ દિના રટતે રહો, શ્રી યમુને ! નામ.

– ક્રમશઃ

આપણે ભગવદ્‌વિમુખ ન બનીએ

—શ્રીવલ્લભપદરેણુ

આપણે 'મહામંત્રજપ'ને, નામજપને કદી ન વિસ્મરીએ, તેને આપણા જીવનનું પરમ લક્ષ્ય બનાવીએ પ્રભુનું નિત્ય સ્મરણ રહે એ જ આપણી મનોકામના બની રહે. એથી આપણું આલોક અને પરલોક બંને સુધરે 'નારાયણ'ના નામોચ્ચારણ સાથે મૃત્યુ પામતાં અજામિલ જેવા દુરાચારીનો ઉદ્ધાર થઇ ગયો. જયારે મૃગમાં આસક્ત ભરતમુનિ જેવા મહાત્મા મૃત્યુ સમયે 'હરિ સ્મરણને બદલે 'હરણ સ્મરણ' કરવાથી હરણ યોનિમાં જન્મ્યા. તેથી પ્રત્યેક શ્વાસમાં આપણે પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરતાં રહીએ, આપણને પત્તો નથી કે કઇ ક્ષણે આપણો શ્વાસ અટકી જશે–વિરમી જશે. આપણા લાડીલેશ શ્રીકૃષ્ણના સ્મરણ સાથે શ્વાસ વિરમી જાય તો આપણું મૃત્યુ પણ સુભગ બની જાય. તેથી વૈષ્ણવોએ યથા સંભવ અધિકાધિક સમય નામ જપ કરવામાં ગાળવો જોઇએ. કલિયુગમાં તો ભગવન્નામોચ્ચારણનો મહિમા અપાર માનવામાં આવે છે. ગોસ્વામી શ્રી તુલસીદાસજીએ ગાયું છે.

"કલિયુગ કેવલ નામ અધારા
સુમરિ સુમરિ નર ઉતરહિ પારા"

શ્રીમાન ગૌરાંગદેવે આ ઘોર કલિકાલમાં ભગવદ્–પ્રાપ્તિ માટે જીવોને આજ માર્ગ બતાવ્યો છે.

હરેર્નામ હરેર્નામ હરેર્નામૈવ કેવલમ્ ।
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા ॥

'કૃષ્ણનામસહસ્રસ્યવકતાભકતપરાયણ' મહાકરુણાવલય શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીએ આપણા જેવા અનેક જીવોના ઉદ્ધારાર્થે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નો મહામંત્ર આપણને પ્રદાન કરેલ છે. આ કરાલ કલિકાલમાં ખલ કલિના દુષ્ટભાવથી બચવા શ્રીકૃષ્ણ પરમાત્માના નામ રટણમાં જ જીવની ગતિ છે એવું 'શ્રીકૃષ્ણાશ્રય' ગ્રંથમાં ઉદ્‌બોધ્યું છે:

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।
પાષંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥

આપણે ભારતીય સંસ્કૃતિ, પુષ્ટિમાર્ગીય સાહિત્ય અને શ્રી વલ્લભ દર્શનનો અભ્યાસ કરીએ અને તેમનામાં રહેલ સૂક્ષ્મતાને સમજીએ અને હૃદયમાં ઉતારીએ. આજે આપણા વલ્લભકુલના જાગૃત શ્રી આચાર્યગણ આપણી આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સન્નિષ્ઠ કાર્યકરો, પુષ્ટિપ્રેમી વિદ્વાન શાસ્ત્રીજીઓ અને પુષ્ટિમાર્ગના તજજ્ઞ પ્રેમી વૈષ્ણવો આપણી ઓસરતી જતી ધર્મ ભાવનાને ચૈતન્યમય અને પ્રજ્જવલિત બનાવવા પ્રયત્નશીલ બન્યા છે. આચાર્ય શ્રીવલ્લભ મહાપ્રભુજીએ વિશ્વ પર કરુણા લાવી જીવોના ઉદ્ધારાર્થ પુષ્ટિધર્મ પ્રકટ કરેલ છે જેને હૃદયસ્થ કરી કલ્યાણ પ્રતિ ઉન્મુખ થઇ શકાય છે. પુષ્ટિધર્મ એ વાતની ઘોષણા કરે છે કે માનવ જીવનનો પ્રમુખ ઉદ્દેશ્ય બ્રહ્મસંબંધ લઇ પ્રભુથી સંબંધ સ્થાપિત કરવાનો છે. એથી આપણને એક આંતરિક સુખદ અનુભૂતિ

થાય છે, અને એજ આપણા જીવનનું ઇતિ કર્તવ્ય છે.

કોઇ પણ સ્થિતિમાં હોઇએ, આપણે આપણને પ્રભુથી જોડી દઇએ. પ્રભુ પર સંપૂર્ણપણે આશ્રિત બની જઇએ, આપણું લૌકિક યથાવત્ વિધિવત્ કરતા રહીએ પરંતુ તેમાં આસકત ન બનીએ. પરમકૃપાળુ શ્રીમહાપ્રભુજીનો સદ્દુપદેશ આપણા અનેક ભ્રમોનું નિવારણ કરી આપણને પ્રબલ શકિત, દઢ ભકિત અને પ્રભુપ્રતિ અનુરકિત પ્રદાન કરે શ્રીમહાપ્રભુજીનાં 'ષોડશગ્રંથ' આપણા પુષ્ટિમાર્ગના અમર ગીતાજી છે અને શ્રીહરિરાયજી મહાપ્રભુજીના "શિક્ષાપત્રો" પુષ્ટિમાર્ગના ગાયત્રીજી છે. એમાં નિષ્કામ કર્મનું ઉદ્બોધન છે અને શ્રીનાથજી પ્રભુની સેવા કરવાનો અને પ્રભુ પર આશ્રિત રહેવાનો ઉદ્ઘોષ છે વાસ્તવિક યોગ તો પ્રભુ સાથેનો સંયોગ જ છે. પ્રભુથી વિમુખ ન બનીએ, અળગા ન થઇએ, સદા સર્વદા પ્રભુથી જ સંબદ્ધ રહીએ. સાંસારિક સંબંધ તો જગતનું કાર્ય નિભાવવા માટે છે, એ ભ્રમમય છે. અસલી સંયોગ તો પ્રભુ સાથે આપણો દઢ સંબંધ રાખવાનો છે.

આપણા જીવનમાં, જીવનના રાહમાં આજે જે જે વિષમતાઓ જોવામાં આવી રહી છે, જે નિરાશાઓ અને દુશ્ચિંતાઓ આપણને ત્રસ્ત કરી રહી છે એ બધાંનું બારીક પરીક્ષણ કરવામાં આવે તો નિષ્કર્ષ એજ નીકળશે કે આપણે આપણી જાતને પ્રભુથી વિમુખ બનાવી દીધી છે. પ્રભુમાં આપણી આસ્થા અંતરની રહી નથી. આપણી પુષ્ટિભાવના ઓસરતી જાય છે પ્રભુપ્રતિ પ્રીતિભાવ અને સાચા દર્શનની ઝંખનાને સ્થાને આસ્થાનું પ્રદર્શન કરવાનો આડંબર આપણામાં વધતો જાય છે. આપણો અને આપણા પ્રભુનો સુખદ સંબંધ વિછિન્ન બનતો જાય છે જે ખરેખર આપણા વૈષ્ણવ સમાજની શોચનીય અવસ્થા સૂચવે છે. તેથી આપણે સદા સ્મરણમાં રાખીએ કે પ્રભુ સાથેનો આપણો સંબંધ દઢ બની રહે એમનામાં આપણી આસ્થા બની રહે તથા પ્રભુને એક માત્ર આશય માનીએ. પ્રભુનું સદા સ્મરણ રહે તથા પ્રભુને એક માત્ર આશ્રય માનીએ. પ્રભુનું સદા સ્મરણ રહે એટલા માટે આપણે "શ્રીકૃષ્ણ શરણં મમ" મહા મંત્રનું રટણ–સ્મરણ કરતા રહીએ એમાં જ આપણા સૌનું કલ્યાણ છે.

'શ્રીકૃષ્ણઃ શરણં મમ'

॥ શ્રીવલ્લભો જયતિ ॥

॥ વાકપતિર્વિબુધેશ્વરઃ ॥

શ્રીવલ્લભાયન હાર્દ

શ્રીવલ્લભાયન મહાકાવ્ય

રચયિતા શાસ્ત્રી ગણપતરામભાઈ, (ધમ્બોલા)

(લેખાંક ૧૪મો) (ગતાંકથી ચાલુ)

પિતાજી શ્રી વલ્લભની સત્ય વાણી પહેલેથીજ સાંભળી રહ્યા હતા, તેથી હૃદયમાં હર્ષ અને અતિથિનું અપમાન તે વિષાદ શ્રી લક્ષ્મણભટજીને ઉભય ક્ષણે ક્ષણે હર્ષ-વિષાદ હૃદયમાં નૃત્ય કરવા લાગ્યા. પોતાને શું કરવું, શ્રીવલ્લભને શું કહેવું. તેમ વલ્લભના વાક્યો સત્ય છે, કેમ ઠપકો અપાય! તેમ ઘેરે આવેલા અતિથિનું અપમાન તે પણ અયોગ્ય ગણાય. તેથી રસ્તો એકજ કે શ્રીવલ્લભકાશીની વાદશાલામાં જઇ પોતાના અવતારનું પ્રયોજન સિદ્ધ કરે. હું કદાચ તેમને ત્યાં ન જવા દઉં તો જેને બ્રહ્મવાદનું મંડન, માયામતનું ખંડન કરી ભક્તિમાર્ગનું સ્થાપન કરવા ભૂતલ પર જન્મ છે તે હું પિતા થઇ એમની ઇચ્છા વિરૂદ્ધ કેમ જાઉં ? કદાચ હમણાં રોકું તો આગળ કેટલો સમય મારા માટે રહેવાનો છે.

શ્રી વલ્લભનો કાશીની વાદશાલામાં પ્રવેશ

(ચોપાઇ-રાધેશ્યામતર્જ)

સુનિયે સુપુત્ર મમ બાત એક, અપને યહાં અતિથિ આતે હૈં,
ચાહે બોલેં વહ વેદ રહિત, કછુ ના કહિયે દુઃખ પાતે હૈં.

તુમ કહત સત્ય કછુ દોષ નહીં, સિદ્ધાન્ત સુભગ મમ પ્યારા હૈં,
ખંડન મંડનકા સ્થાન સભા, યહ તો અપના ઘર ન્યારા હૈં.

ચાહેં કુછ ચર્ચા કરને કો, નામાંકિત પંડિત રહતે હૈં,
સાધેં સંપર્ક સભામેં જા, પ્રમુદિત પિતુ ચિતસે કહતે હૈં.

જબ ધર્મ સભામેં જાનેકી, આયસુ સુન પ્રભુ હરખાતે હૈં,
નિજ મનકી ઇચ્છા પૂર્ણ કરન, મિત્રોંકો સમીપ બુલાતે હૈં.

દોહા :- વંદન કર પિતુ ચરણમેં, સુભગ યોગ ચિત ઠાન;
સ્મરણ કરત નિજ કાર્ય જગ, બ્રહ્મવાદ લિય ધ્યાન.
માતા-પિતા વાત્સલ્ય સુખ, તજત આજ દ્વિજ રાજ;
દૈવી હિત વલ્લભ બઢત, બચન યુદ્ધકો આજ.
માતપિતાકી છાંયમેં, જો સુખ પાય હમેશ;
નહીં સ્વર્ગ સ્વામિત્વમેં, વદત શારદા શેષ.
ચલત સખા સહ માર્ગમેં, પ્રફુલ્લિત બદન સુહાય;
કાશી કી વિદ્વત સભા, પેખત વલ્લભરાય.
ક્ષત્રિય શૂરવીર રન લખિ, કોવિદ વાદ વિનોદ;
વૈશ્ય મુદિત વ્યાપારસે, ચાહત શૂદ્ર પ્રમોદ.

હરિગીત છંદ

નિરખત સભા નિજ નયનસે, ઉત્સાહ અરુદક્ રોષ ધર,
કૌંતેય જ્યોં કૌરવ લખત, ઘેરી રુચા ગો જોષ ધર;
ઘેરી રુ માયિક પથિક, કહ ધર્મ મર્મ અધર્મ મેં,
ગાંડીવ ધર જિમિ હસ્તમેં, પેખત પિતામહ ગુરુજનો,
યે દુષ્ટ દુઃસાસન ભૂરિ, રવિપૂત પાવત ભય ઘનોં;
કૌંતેય છોડે બાણ જબ, ભયભીત કૌરવ ભાજતે,
ગૌ મુકત શ્રુતિયાં મુકત, **'ગનપત'** ઇશ વલ્લભ રાજતે.

ચોપાઈ રાધેશ્યામ તર્જ

જબ સભા પ્રવેશ કરત વલ્લભ, સબ કોવિદ મિલ અતિમાન દિયા;
પુનિ પ્રણામ કરત પરસ્પર મિલ, આસન દેકર સનમાન કિયા.
પુનિ પૂછ કુશલ કોવિદ સારે, સ્વાગતમય બચન સુનાતે હૈં
પૂછત કારણ કછુ ચાહત ચિત, શ્રી વલ્લભ બચન બઢાતે હૈં
ઇક સંશય રહત સદા મનમેં, વહ દૂર કરન હિત આયા હૂં.
મેં પરમ ભાગ પિતુ પૂર્વજ બલ, વિદ્વજ્જન દર્શન પાયા હૂં
હૈ બ્રહ્મરુપ સદ અંશ જગત, કારણ સે કાર્ય અભેદ ધરેં,
જગ પ્રકટ વિલય અવિકૃત ઇકસમ, સિદ્ધાન્ત સુભગ શ્રુતિવેદ કહેં.
સબશાસ્ત્ર સ્મૃતિ શ્રુતિ સૂત્રવદત, જગબ્રહ્મરુપ સમજાતા હૈ
કછુ વાદી વાદ વિચિત્ર ધરેં, ફિર કૌન ઠગાઇ પાતા હૈ

દોહા - સર્વ સ્વરૂપી કૃષ્ણ ઇક, અપર પરાકર ભેદ;
પ્રાકૃત અપ્રાકૃત ક્રીડા, વદત ઇશમય વેદ.

સૃષ્ટિ ભેદ સે જન્તુ હિત, પંથ બિલગ પ્રકટાય;
સુખ પાવત અધિકાર સમ, નિયમ તજે દુખ હાય.

નોંધ :– શ્રીમદાચાર્યશ્રીએ પોતાની શંકાનો ખુલાસો લેવા સૂત્રાત્મક પ્રશ્નો કર્યા.

એકોડહમ્ બહુસ્યામ્ પ્રજાયે ચેતિ વીક્ષા તસ્યહ્ય-
ભૂત્સતી તદિચ્છામાત્ર તસ્તસ્માદ્
બ્રહ્મભૂતાંશ ચેતનાઃ । સૃષ્ટયા દૌ નિર્ગતાઃ સર્વે
નિરાકારાસ્તદિચ્છાયા વિસ્ફુલિંગાઈવાગ્રેસ્તુ
સદંશેન જડા અપિ । (કઠશાખા)

હું એક છું, તે અનેક રૂપે થાઉં, હું પ્રજાઓને ઉત્પન્ન કરું, એવો વિચાર તેમને થયો, તેમની એવી ઇચ્છા માત્રથી સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્મના અંશરૂપ ચૈતન્ય એટલે કે જીવો પ્રગટયા. તે બધા આકાર રહિત અને અગ્નિમાંથી તણખાઓ નીકળે તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયા. એ પ્રમાણે બ્રહ્મના સદ્ અંશથી જડ ઉત્પન્ન થયું.

યથાસુદીપ્તાત્ પાવકાદ્વિસ્ફુલિંગાઃ સહસ્ત્રશઃ પ્રભવન્તે સરૂપાઃ । (મુંડકોપનિષત્)

પ્રજ્વલિત અગ્નિમાંથી જેમ હજારો તણખાઓ સમરૂપે પ્રગટે છે તેમ અક્ષરથી વિવિધ સૌમ્ય ભાવો ઊપજે છે.

સયથોર્ણનાભિસ્તન્તુનોચ્ચરેદ્યથાડનેઃ ક્ષુદ્રાવિસ્ફુલિંગાન્યુચ્ચરન્ત્યેવમેવાસ્યાદાત્મનઃ સર્વે-પ્રાણાઃ સર્વેલોકાઃ સર્વે દેવાઃ સર્વાણિ ભૂતાનિ વ્યુચ્ચરન્તિ તસ્યોપનિષત્ સત્યસ્યસત્યમિતિ પ્રાણાવૈ સત્યં તેષામેષસત્યમ્ ।। (બ્રહદારણ્યકોપનિષદ પૃ. ૧૭૦)

જેવી રીતે કરોળિયો તંતુ વડે ઉપર જાય છે, જેવી રીતે અગ્નિમાંથી ક્ષુદ્ર તણખાઓ ઊડે છે, તેમજ આ આત્માથી સર્વે પ્રાણો, સર્વે લોક, બધા દેવો, બધાં પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. તેનું ઉપનિષદ સત્યનું સત્ય છે, એમ પ્રાણો જ સત્ય છે. તેઓમાં આ આત્મા સત્ય છે.

સ. વૈ. નૈવેરેમેતસ્માદેકાકીન રમતે સ દ્વિતીયમચ્છતસહૈતાવાનાસ (શ્રુતિવાકય)

તેમણે રમણ કર્યું નહિ. એકલાથી રમણ થાય નહિ. તેમણે બીજો હોય એમ ઇચ્છયું. તેઓ એવા થયા.

ઉપરના પ્રમાણોથી સિદ્ધ થાય છે કે બ્રહ્મ સત્ય સંકલ્પ હોવાથી સૃષ્ટિ પ્રકટ કરવાની ઇચ્છા કરતાં જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગ પ્રકટ થાય તેમ પોતાના ચિન્હરૂપ અંશથી જીવો અસંખ્ય પ્રકટ કર્યા ત્યારબાદ પોતાના સદ્રૂપ અંશથી જડરૂપ બ્રહ્માંડો પ્રકટ કરી પોતે આનંદાકારમય બન્ને અંશોની સાથે પોતાનું રમણસિધ્ધ થયું.

આનંદમય બ્રહ્મ ચિદ્રૂપ જીવોમાંથી આનંદભાગ પૃથક કરતાં ચિદ્રૂપ જીવ નિરાનંદ થયેલ સદ્રૂપ અંશરૂપ દેહાદિની પ્રાપ્તિ થતાં દેહાદિના ધર્મ ત્રણ ગુણમય માયા અધીન બની (અવિદ્યા) અહંતા મમતા ધારણ કરી જન્મ મરણનું કારણ કર્મ જે ઇશ્વર ઇચ્છા મુખ્ય તેમાં ભ્રમણ કરવા લાગ્યા. તે જીવો બ્રહ્મના ચિદ્રૂપ અંશ છે, અને સદ્રૂપ જડાદિ તત્ત્વો જે માયારૂપ ગણાય તે સર્વ સદ્અંશ છે. સદ્ અને ચિદ્ બન્ને અંશો બ્રહ્મના છે. બ્રહ્મ સ્વયં આનંદાકાર, એવાં બ્રહ્મે બન્ને અંશો પ્રકટ કરી પોતે પોતાની સાથે ક્રીડા કરી રહયા છે. તેમાં દૈવી આશુરી સૃષ્ટિભેદ કરી મોક્ષાદિ દૈવી સૃષ્ટિ પ્રાપ્ત કરે અને આસુરી ભ્રમણ કરી કર્મફલ ભોગવે તો તેમાં ઇશ્વરે પક્ષપાત કર્યો ન ગણાય, કારણ કે

(ક્રમશઃ)

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે "વલ્લભ સુધા" પત્ર અંગેની માહિતી

ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) તેના પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોત્તમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતિય
સરનામું	"અમૃત" જલારામ પ્લોટ નં. ૧ માર્ગ ૩, યુનિવર્સિટી રોડ રાજકોટ, ૩૬૦૦૦૫
(૪) પ્રકાશકનું નામ	ઉપર પ્રમાણે
રાષ્ટ્રીયતા	"
સરનામું	"
(૫) સંપાદકનું નામ	"
રાષ્ટ્રીયતા	"
સરનામું	"
(૬) જે વ્યકિતઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું નામ અને સરનામું	આં. રા. પુ. વૈષ્ણવ પરિષદ જી—૨, સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઈ—૧

હું રવજી પરસોત્તમ પટેલ આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦–૩–૮૭

મુદ્રક, પ્રકાશક અને સંપાદક
રવજી પરસોત્તમ પટેલ

જનોદ્ધારે સમર્થાઃ

[સં. ૧૯૭૪, અંક ૩, “વૈષ્ણવધર્મપતાકા”માંથી સાભાર]
લેખના પ્રણેતાનું નામ મળી શક્યું નથી.

પ્રેષક : **મધુકર**

અનુવાદક : **પ. ભ. શ્રી મગનભાઈ તન્ના**
બી. એ. (ઓનર્સ), કોવિદ

પ્રકીર્ણલેખ–અધુના તુ જનોદ્ધારે શ્રીમદ્ વિઠ્ઠલ બાલકાઃ ।
સમર્થા એવ કૃષ્ણાસ્યસ્વાચાર્યચરણાશ્રયાઃ ॥૧॥

વિવરણમ્ – વન્દે શ્રીહરિરાયાણાં મુદાહં ચરણાંબુજમ્ ।
ફલદાં ભક્તિશાસ્ત્રસ્ય જ્ઞાનંદાં મમ દેવતામ્ ॥૧॥

તત્ર પ્રથમં સર્વોદ્ધારહેતુત્વેન શ્રીમદાચાર્યચરણારવિંદાશ્રયત્વં નિરૂપ્યતે । શ્રીમદ્ વિઠ્ઠલ બાલકાઃ કૃષ્ણાસ્યસ્વાચાર્યચરણાશ્રયા એવ જનોદ્ધારે સમર્થા ઇત્યન્વયઃ । નનુ ભૂયાંસિ સાધનાનિ સન્તિ, તત્સંપત્ત્યા તથા ભવિષ્યતીતિ ચેત્, તત્રાહ અધુના ત્વિતિ । કલિસ્તુ દેશાદિષટ્સાધનાનામુપમર્દી વર્તતે, તસ્મિન્ સતીત્યર્થઃ । તુશબ્દોઽત્ર નિશ્ચયાર્થવાચી જ્ઞેયઃ । ન ચ તુપદસ્ય કથં નિશ્ચયાર્થત્વમિતિ વાચ્યમ્ । કુતઃ અવ્યયાનામનેકાર્થત્વાત્ । નહિ કલિયુગે સ્વોદ્ધારે સમર્થત્વં, તર્હિ કુતોઽન્યત્ર ? ઇતિ ભાવઃ । તર્હિ કિં કર્તવ્યમિત્યાકાંક્ષાયામાહુઃ આચાર્યચરણાશ્રયા એવેતિ । શ્રીમદાચાર્યાણાં ચરણાશ્રયો યેષાં, ત એવ જનાનામુદ્ધારે સમર્થા એવ, ન ત્વન્યે । અનેન હૃદયાજ્ઞાનાંધકારનિવર્તકસ્વપ્રકાશપ્રકાશકોત્તમોત્તમફલોદકરણસમર્થમાર્ગપ્રવર્તકાંઘ્રિકુશેશયાશ્રયત્વે ભવત્યેવેતિ ભાવઃ । નનુ સ્વકીયાનાં સ્વકીયાનામાચાર્યાણામાશ્રયઃ સર્વેષામસ્તીતિ ચેત્તત્રાહુઃ કૃષ્ણાસ્યેતિ । યે કૃષ્ણમુખારવિંદરૂપાઃ, તેષામાચાર્યાણાં ચરણારવિંદાશ્રય એવ સર્વેષાં જનાનામુદ્ધારે સમર્થત્વં, ન ત્વન્યેષાં નામ્નાચાર્યપદવીપ્રાપ્તાનામાશ્રયેણ જનોદ્ધારત્વમ્ । નનુ સર્વે જના ઇશ્વરભજનં કુર્વન્તિ, તત્ર સ્વરૂપે મુખારવિંદમપ્યાગતં, કથં ભિન્નતયા શ્રયઃ કર્તવ્ય ઇતિ ચેત્, તત્રાહ સ્વેતિ । ભગવન્મુખં સર્વસાધારણોપાસ્યમ્ । સ્વાચાર્યા ભગવન્મુખરૂપા અપિ ભગવતા પુષ્ટિમાર્ગપ્રકટનાર્થે ભિન્નતયા પ્રકટીકૃતઃ, તસ્માદ્ ભિન્નાશ્રયત્વેનૈવ પુષ્ટિમાર્ગીયં ફલં ભવતીતિ ભાવઃ । અન્યથાન્યદિત્યર્થઃ । નન્વનેકેષાં બ્રાહ્મણાદીનાં શ્રીમદાચાર્યચરણાશ્રયો વર્તતે, તેન કથં જનોદ્ધારે સમર્થત્વમિતિ ચેત્, તત્રાહ શ્રીમદ્વિઠ્ઠલબાલકા ઇતિ । યે શ્રીમદ્વિઠ્ઠલદીક્ષિતાનાં કુલે પ્રકટીભૂતાસ્ત એવ, શ્રીમદાચાર્યચરણાશ્રયાઃ સન્ત એવ, જનોદ્ધારે સમર્થા ભવન્તીતિ ભાવઃ । યદ્વા, તદ્વન્તસ્તથા, તદા તથા!સત્યાત્મીયે તસ્મિસ્તુ કૈમુતિકન્યાયઃ પ્રદર્શિત ઇત્યર્થઃ । અનેનેતરે સ્વોદ્ધારે સમર્થાસ્તથા સન્તો ભવન્તીતિ ભાવઃ । ન ચ સમાનવિષયકત્વે કુતસ્તરતમભાવ ઇતિ વાચ્યમ્ । કુતઃ ? તેષાં તથૈવેચ્છાત્વાદિત્યર્થઃ । એવકારોઽમેતરયોગવ્યવચ્છેદકત્વં પ્રદર્શયતિ । અન્યત્રાપ્યુચિતસ્થલેષૂપયોગ્યર્થેન સહ સંબધ્યત

ઈત્યર્થઃ । શ્રીહરિઃ । શ્રીકૃષ્ણઃ શરણં મમાસ્તુ સર્વદા ।।

ટિપ્પણં–કિં બહુનેતિ, દિઙ્માત્રપ્રદર્શનેન સર્વં સૂચિતમિતિ ભાવઃ । કૃષ્ણાસ્યત્વેનૈતેષાં સ્વરૂપમખ્યાનંદમયમિતિ સૂચિતં ભવતિ । ન ચ શ્રીકૃષ્ણાંગાનાં તદતિરિક્તાનાં સ્વતંત્રસામર્થ્યં નાસ્તીતિ વાચ્યમ્ । કુતઃ ? ભગવદંગાનાં સર્વેષાં સ્વરૂપાત્મત્વોપપત્તેઃ । અનેન યથા ભગવાન્ સર્વં કર્તું સમર્થસ્તથૈતેપિ સ્વતંત્રતયા તથૈવેતિ ભાવઃ ।

અનુવાદ

પ્રાપ્ત થયેલ શ્લોકઃ સાંપ્રત સમયમાં તો, શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ સર્વોત્તમ આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં ચરણકમળોનો આશ્રય જેઓને છે એવા એક માત્ર શ્રીવિઠ્ઠલેશજીના બાલકો જ જનોનો ઉદ્ધાર કરવાને સમર્થ છે. ।।૧।।

વિવરણઃ ભકિતશાસ્રનું જ્ઞાન આપનાર, ફળદાયી એવા મારા દેવસ્વરૂપ શ્રી હરિરાયજીનાં ચરણ કમળોને હું આનંદપૂર્વક વંદન કરું છું. ।।૧।।

અહીં પ્રથમ સર્વોદ્ધારના હેતુથી શ્રીમદ્ આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીનાં ચરણ કમળોના આશ્રયનો વિચાર કરાય છે. શ્રીમદ્ વિઠ્ઠલેશજીના બાલકો કે જેઓ શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ સર્વોત્તમ અથવા પોતાના આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં ચરણ કમળોના આશ્રયવાળા છે, એવા તેઓ જ જનોના ઉદ્ધાર કરવાને સમર્થ છે, એ પ્રમાણે કાર્ય અને કારણનો સંબંધ દર્શાવ્યો છે. (અહીં કાર્ય ઉદ્ધાર થવો તે કાર્ય છે અને તેમ થવા માટે કારણરૂપ એટલે કે સાધનરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં ચરણ કમળનો આશ્રય છે.)

જનોના ઉદ્ધાર માટે પુષ્કળ સાધનો છે, તેની સફળતાથી તે પ્રમાણે થવાનું છે, એમ જો કહેવામાં આવે તો તે સંબંધે 'અધુના તુ' (આજના સમયમાં તો) વગેરે શબ્દોથી કહે છે. અધુના એટલે આજના સમયમાં, કલિયુગ તો દેશ વગેરે છ સાધનોનો નાશ કરનાર છે, (એટલે કે દેશ, કાળ, દ્રવ્ય. યજમાન, અને કર્મ કલિને કારણે પવિત્ર રહ્યાં નથી. વિશેષ જાણવા માટે વાંચો કૃષ્ણાશ્રય.) તેવા સમયમાં, એમ અર્થ છે. અહીં 'તુ' શબ્દ નિશ્ચિત્તતાનાં અર્થમાં કહેવાયો છે, એમ જાણવું. 'તુ' શબ્દ નિશ્ચયાર્થક શી રીતે છે ? એમ કહેવું ન જોઈએ; કારણ કે ('તુ' અવ્યય છે અને) અવ્યયના અનેક અર્થ થાય છે. નિશ્ચયપૂર્વક કલિયુગમાં પોતાનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય નથી, તો પછી અન્યત્ર કયાંથી હશે ? એવો ભાવ છે. તો પછી શું કરવું ? એવી આકાંક્ષાવાળાને 'આચાર્યચરણાશ્રયાઃ એવ' (આચાર્યચરણોનો આશ્રય ધરાવનારાઓ જ) વગેરે શબ્દોથી કહે છે. શ્રીમદ્ આચાર્યશ્રીનાં ચરણોનો આશ્રય જેઓને છે તેઓ જ જનોને ઉદ્ધાર કરવાને સમર્થ છે, અન્ય કોઇ જ સમર્થ નથી. એવા શબ્દોથી હૃદયમાંના અજ્ઞાનરૂપી અંધકારને નિવારનાર, પોતાના પ્રકાશથી સર્વને પ્રકાશિત કરનાર, ઉત્તમોત્તમ ફળનો ઉદય કરવા માટે સમર્થ એવા માર્ગનું પ્રવર્તન કરનાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીનાં ચરણકમળોનો આશ્રય

કરવામાં જ જનોનો ઉદ્ધાર રહેલો છે, એવો ભાવ દર્શાવ્યો છે.

પોતપોતાના આચાર્યશ્રીનો આશ્રય બધાંને હોય છે, એમ જો કહેવામાં આવે તો તે સંબંધે 'કૃષ્ણાસ્ય' (શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ) વગેરે શબ્દોથી કહે છે. જેઓશ્રી શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ છે, તેવા આચાર્યશ્રીનાં ચરણારવિંદનો આશ્રય જ સર્વે જનોના ઉદ્ધાર માટે શક્તિમાન છે, પરંતુ માત્ર નામની જ આચાર્યની પદવી લઇ બેઠેલા એવા અન્યના આશ્રયથી જનોનો ઉદ્ધાર નથી.

ઇશ્વરભજન તો બધા માણસો કરે છે, તેમાં તેઓના વિશિષ્ટ લક્ષ્યમાં ભગવાનનું મુખારવિંદ પણ આવ્યું હોય છે. તો પછી આશ્રય લેવામાં જુદાઇ શા માટે ? એમ જો કહેવામાં આવે તો તે સંબંધે 'સ્વ' વગેરે શબ્દોથી કહે છે. ભગવાનનું મુખારવિંદ સર્વને સમાનતાથી ધ્યાન ધરવા યોગ્ય છે. સર્વોત્તમ (પોતાના) આચાર્યશ્રી ભગવાનના મુખસ્વરૂપ છે, ઉપરાંત ભગવાને પુષ્ટિમાર્ગ પ્રગટ કરવા માટે ભિન્ન પ્રકારે, એટલે કે અલૌકિક રીતે પ્રકટ કરેલા છે; તેથી અલૌકિક આશ્રયતાથી પુષ્ટિમાર્ગીય ફળ છે, એવો ભાવ છે. અન્યથા અન્ય ફળ મળે, એમ અર્થ છે. શ્રીમદ્ આચાર્યશ્રીનાં ચરણેનો આશ્રય અનેક બ્રાહ્મણોને છે. તેમ હોવાથી માત્ર તેઓનું જનોદ્ધાર કરવાનું સામર્થ્ય કેમ છે ? એમ જો કહેવાય તો તે સંબંધે 'શ્રીમદ્ વિઠ્ઠલબાલકા.' વગેરે શબ્દોથી કહે છે. જેઓ શ્રીમદ્ વિઠ્ઠલ દીક્ષિતજીના કુળમાં પ્રકટ થયા છે તેઓ જ શ્રીમદ્ આચાર્યશ્રીનાં ચરણોના આશ્રયવાળા છે તેથી તેઓ જ જનોના ઉદ્ધાર માટે શક્તિમાન છે, એવો ભાવ છે. અથવા તેઓ તેમના જેવા જ છે. એ રીતે તેઓ આત્મીય હોવાથી તેમાં કૈમુતિક ન્યાય (એમાં શું આશ્ચર્ય એમ) દર્શાવેલ છે. એનાથી અન્યજનોં પોતાનો ઉદ્ધાર કરવાને શક્તિમાન થાય, તેમ કરનારા તેઓ છે. એવો ભાવ છે. સમાન વિષયમાં તરતમ (ચડતા–ઊતરતા હોવાનું) કેમ હોય ? એમ કહેવું ન જોઇએ; કારણ કે તેઓની તેવા પ્રકારની ઇચ્છા હોવાથી તેમ છે, એમ અર્થ છે. અહીં 'એવ' શબ્દ છે. તે અન્યને 'જોડવું' કે 'જુદું પાડવું' એમ કરવાપણું દર્શાવે છે. અન્યત્ર પણ યોગ્ય સ્થળોમાં ઉપયોગી અર્થની સાથે જોડાય છે, એમ અર્થ છે. ॥શ્રીહરિઃ॥ સર્વદા હો શ્રીકૃષ્ણ શરણં મમ ॥

નોંધ–વિશેષ શું ? એ પ્રમાણે માત્ર દિશા સૂચન કરીને બધું સૂચવેલું છે, એવો ભાવ છે. શ્રીકૃષ્ણનું મુખારવિંદ, એવા શબ્દોથી તેઓશ્રીનું સ્વરૂપ પણ આનંદમય છે, એમ સૂચવાયું છે. તેઓશ્રી સિવાયનાં શ્રીકૃષ્ણનાં અંગભૂત હોય તેઓમાં સ્વતંત્ર સામર્થ્ય નથી, એમ કહેવાય નહિ. કેમ કે, ભગવાનના અંગભૂત બધાનું સ્વરૂપાત્મયપણું સ્વીકારાયું છે. એનાથી જેવી રીતે ભગવાન સર્વ કાંઇ કરવાને સમર્થ છે, તેમ જ તેઓશ્રી પણ સ્વતંત્ર રીતે તેવા જ છે, એવો ભાવ છે.

શુદ્ધાદ્વૈત દર્શન

જબરો મોટો ઉત્તરપક્ષ

બ્રહ્મ વિષયમાં કરેલી માયાવાદની કલ્પનાઓનું ખંડન

લેખક : **દેવર્ષી રમાનાથ શાસ્ત્રી**

અનુવાદક : **શ્રી ધીરજરામ શાસ્ત્રી**

બીજું, જે લોકો 'અહમજ્ઞ' આ અનુભવથી જીવ, ઇશાદિ ભાવોની જનયિત્રી માયા અથવા અવિદ્યાની સિદ્ધિ કરવા મથે છે તો તેઓ સર્વથા પરિહાસપાત્રજ છે કેમકે જ્યારે માયાની સિદ્ધિ થઇ જાય ત્યારે જીવસિધ્ધિ થાય છે અને જ્યારે જીવની સિદ્ધિ થાય ત્યારે તેના આ ઉપયુકત અનુભવથી માયાની કે અવિદ્યાની સિદ્ધિ થાય છે, આમ અન્યોન્યાશ્રયરૂપ દોષ આવી પડે છે, છ પદાર્થો અનાદિ છે, આ તેઓનાં સિધ્ધાંતનું ખંડન તો દ્વૈતપત્તિરૂપ મહાન દોષ તેઓને ગળે બઝાડી પૂર્વ ભાગમાંજ અમે કરી આવ્યા છીએ, અમે પૂછીએ છીએ કે મહાશય !!! આપના બ્રહ્મ એવું તે શું પાપ કર્યું કે જેને લીધે માયાએ એને દબડાવ્યું છે અથવા એને અકસ્માત સ્વરૂપ વિસ્મૃતિ થઇ ગઇ? કદાચિત બીજ વૃક્ષ ન્યાયનું ઉદાહરણ આપી જગતને અનાદિ માની એમ કહો કે 'બ્રહ્મનું પણ પૂર્વજન્મ કોઇ કર્મ છે કે જેનાથી તેને આ દોષ લાગ્યો તો એ યુકત નથી કારણ કે એવી અવસ્થામાં અપ્રમાણિકી અનવસ્થા અને અંધપરંપરા સર્વાધ્યાસનિવૃત્તૌ હિ (સર્વથા ન ભવેદ્ વ્યથા । સા ચ વિધોદયે સા ચ ન શબ્દાત્ સુવિચારિતાત્ ॥ મર્યાદાભઙ્ગ એવ સ્યાત્ પ્રમાણાનાં તથા સતિ । ગજાનુમાનં નૈવ સ્યાત્ સાંકર્યં વા તથા ભવેત્ ॥) આવી પડશે. અને 'નાસદાસીન્નો સદાસીત્ 'નાન્યત્ કિંચનમિષત' 'અહં સર્વસ્ય પ્રભવઃ' ઇત્યાદિ હજારો શ્રુતિઓનો વિરોધ થઇ પડશે. કારણ કે આ બધાં શ્રુતિવચનો બ્રહ્મની પૂર્વમાં જગત્ સંભવનો અથવા તેની સત્તાનો નિષેધ કરે છે.

કદાચ એમ કહો કે 'દશમરુત્વમ્' 'દશમો તું છે' આ વાકયના જ્ઞાનથી જેમ પોતાને પોતાનો સાક્ષાત્કાર થઇ જાય છે તેમ 'તત્વમસિ' ઇત્યાદિ વાકયાર્થોના જ્ઞાનથી બ્રહ્મરૂપ આત્માનો સાક્ષાત્કાર થશે. એમાં દોષ શું છે? તો આવું કહેવું પણ મોટી ભૂલ છે અને પ્રતારણા

પણ છે. કારણ કે દશમત્વ ધર્મ દેહનો છે, દેહ બાહ્ય છે અને દશમી સંખ્યા નવ સંખ્યાઓની અપેક્ષા રાખે છે, આવા સ્થળે શબ્દથી પોતાનો સાક્ષાત્કાર થઇ શકે છે પરંતુ આત્મા અને બ્રહ્મ બંને આંતર છે માટે આ ઉકત દ્રષ્ટાંત ત્યાં દાર્ષ્ટાંત સાથે બિલકુલ બંધ બેસતું નથી. દ્રષ્ટાંતમાં દેહનોજ પ્રથમ અનુભવ થાય છે, અને સ્મરણ પણ દેહનું જ થયું આત્માનો તો કદાપિ અનુભવ જ નથી તો પછી સ્મરણ શી રીતે થઇ શકે? શબ્દની તો પરોક્ષજ્ઞાન કરવાની જ મર્યાદા બની રહેલી છે. હવે અગર વાકયાર્થ જ્ઞાન માત્રથીજ સાક્ષાત્કાર માનવા મંડી પડશો તો પછી શબ્દની ઉકત મર્યાદા પડી ભાંગશે. અને ‘ઘટ’ આવું ઉદાહરણ થતાંની જ સાથે ‘ઘટ’ વ્યકિતનો સાક્ષાત્કાર થઈ જવો જોઈએ. બીજું, શબ્દની પરોક્ષજ્ઞાન પેદા કરવાની મર્યાદા યથાસ્થિત (બરાબર) રહેતામાં ચિત્કારથી ગજનું અનુમાન માત્ર થતું હતું પણ હવે તો તેનો સાક્ષાત્કાર પણ થવો જોઇએ. જે વસ્તુને પહેલાં એકવાર આંખોથી જોઇ હોય તો તેનું જ શબ્દ દ્વારા કોઇ પણ પ્રકારનું જ્ઞાન થઇ શકે છે, આત્માને બ્રહ્મરૂપથી જાણવામાં ‘તત્વમસિ’ અહીં ‘તત્’ પદવાચ્ય બ્રહ્મના જ્ઞાનની પૂર્વમાં અપેક્ષા રહે છે. બ્રહ્મજ્ઞાન થઇ જાય તો પછી તે રૂપથી આત્માને (ક્રમશઃ)

શ્રદ્ધાંજલી

કોટાવાળા નિ. લી. ગો. શ્રી પુરુષોતમલાલજી મહારાજશ્રીના જયેષ્ઠ અત્મજ પૂ. પા. ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજ (કડી-કોટાવાળા) તા. ૪–૨–૮૭ ના અમદાવાદ મુકામે નિત્યલીલામાં પધાર્યાના દુઃખદ સમાચારથી વૈષ્ણવોમાં અત્યંત ખેદ થયો છે પૂ. મહારાજશ્રી ઉત્તમ વકતા સ્વમાર્ગિય પરંપરાના પુરસ્કર્તા હતાં આપશ્રીના અસામયિક લીલા પ્રવેશથી સંપ્રદાયની અપૂરણીય ક્ષતી થઇ છે.

‘શ્રી વલ્લભ સુધા’ સંપાદક વ્યવસ્થાપક મંડળ આપશ્રીના શ્રીચરણોમાં શ્રદ્ધા સુમન સમર્પે છે.

વઢવાણ–પૂ. વા. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી કડી–કોટાનો નિત્યલીલા પ્રવેશ થતાં અત્રેના વૈષ્ણવોની એક સભા શ્રી પ્રભુનદાસભાઇના પ્રમુખ સ્થાને યોજાએલ બધાં વૈષ્ણવોએ શ્રધ્ધાંજલી અર્પણ કરી અષ્ટાક્ષરના પાઠ કરેલ.

ભગવદિય મયારામ બાપાનો ગોલોકવાસ

વ્રજવાસ કરી ભગવદિય જીવન વ્યતિત કરતાં જુની પેઢીના પરમ ભગવદિય શ્રી મયારામ બાપા છેલ્લા ૬૦ ઉપરાંત વર્ષોથી શ્રીમદ્ ગોકુલમાં રહેતાં મૂળ મધ્ય પ્રદેશના હીંગોના ગામના વતની જ્ઞાતે સનાઢય બ્રાહ્મણ વૈષ્ણવ હતા તેમને શ્રી મથુરાવાળા મહાનુભાવ ગોસ્વામીશ્રી રમણ પ્રભુ દ્વારા બ્રહ્મ સંબંધ દીક્ષા પ્રાપ્ત થયેલ.

નાની વયમાં બાળલગ્ન થયેલ અને તેમના પત્ની સાસરવાસ કરે તે પહેલાં જ હરિશરણ થયેલ ત્યારબાદ સાંસરરિક બંધનોથી અળગા રહી ભગવદ્ સેવા સ્મરણમાં જ સુદીર્ઘ જીવન વ્યતિત કરી એકસોસાત વર્ષની વયે સં. ૨૦૪૩ ના પોષ સુદ ૧૦ ના શ્રીમદ્ ગોકુલ મુકામે તેમનો ગોલોકવાસ થયો.

શ્રી મયારામ બાપા અહર્નિંશ અષ્ટ છાપના તેમા પણ વિશેષે શ્રી સુરદાસજીના પદોનુ અવગાહન કરતાં ફુરસદમાં જ્યારે પણ સમય મલે ત્યારે શ્રી સુરદાસજીના પદોની નવી હસ્તપ્રતો ઉતારતાં જે કોઇ વૈષ્ણવ તેમને મલવાં જાય તેમને ભગવદ્ રસ ભીંજી ગદ્ગદ્ વાણીથી શ્રી સર્વોત્તમજીની ટીકાના ભાવ સમજાવતાં. જ્યારે તેઓ ભગવદ્ વાર્તા કરતાં હોય ત્યારે સામે બેઠેલ વૈષ્ણવને સંબોધવાને સ્થાને જાણે પ્રભુ સન્મુખ વિનતિ કરતા હોય તેમ અદષ્ટમાં નજર ઠેરવી પ્રત્યેક વાકયે વ્હાલા ? એવું સંબોધન કરતાં અલૌકિક ભગવદ્ વાર્તા કરતાં.

એમના જીવનનો એક પ્રસંગ ભગવદિયને પ્રભુ કેવું અલૌકિક સામર્થ્ય આપે છે તે દર્શાવે છે પ્રસંગ આ પ્રમાણે બનેલો :- આજથી ૯/૧૦ વર્ષ પૂર્વે શ્રી યમુનાજીમાં અભુતપૂર્વ રેલ-પૂર આવેલ તેઓ શ્રીમદ ગોકુલમાં શ્રી નટવરજીના ન્હોરામાં રહેતાં ત્યાં શ્રી યમુનાજી પધારતાં નહોરાના રહિશો ઉંચાણવાળા મકાનો તરફ નીકળવા લાગ્યા મયારામ બાપાને પણ વૈષ્ણવોએ આગ્રહ કર્યો કે તમો ઉંચાણવાળા ભાગમાં ચાલો પણ બાપા તો પોતાની કોટડીમાં જ પોતાના ઉપર બીરાજતા ભગવદ્ સ્વરૂપો સાથે રહ્યાં. ઉંચા ગોખમાં પ્રભુને પધરાવી ભોગધર્યા અને ઉપલે મજલે કોટડીમાં ગોઠણ સુધી જલ ભરાયા હતાં તેમાં લાકડાની પાટ પર પોતે બેસી રહ્યાં. ચાર દિવસે જલ ઉતર્યા ત્યારે બધાં વૈષ્ણવો પાછા આવ્યા ત્યારે જુએ તો મયારામ બાપા તેમના પાટ પર બેઠા છે પ્રભુને ભોગધરેલાં તેમજ બીરાજે છે ત્યારે વૈષ્ણવો એ પુછયું બાપા આપે ભોગ સરાવી પ્રસાદ ન લીધો ? ત્યારે બાપાએ કહ્યું કે જો જલપ્રસાદ લઉં તો દેહ કૃત્ય જવું પડે, ચારે તરફ તો શ્રી યમુનાજીના જલ ભર્યા છે. ઝાડો પેસાબ કયાં જાઉં. આમ પુરા ચાર દિવસ જલપ્રસાદ લીધા વીના દેહના તમામ અધ્યાસો રોકીને આનંદ પૂર્વક ભગવદ્ નામ લેતા બેસી રહ્યાં ત્યારે તેમનું વય લગભગ ૯૯ વર્ષનું હતું આ ભગવત્ કૃપાનું બલ.

સમાચાર

પુષ્ટિમાર્ગ સંપ્રદાયના અગ્રણી પૂ. ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજ કડી-કોટાવાળાના અચાનક લીલામાં પધાર્યાના સમાચારથી સમગ્ર વૈષ્ણવ સમાજના લોકો ઘેરા શોક અને દુઃખની લાગણી અનુભવે છે તેવું આંતર રાષ્ટીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદના ગુજરાત પ્રદેશ પ્રમુખ શેઠશ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ તથા સંગઠનમંત્રીશ્રી પ્રો. ચીમનલાલ એમ. શેઠે અમદાવાદ શહેરના સંયોજક શ્રી કલ્યાણભાઈ ભાટીયા સહિત અન્ય વૈષ્ણવ અગ્રણી કાર્યકરોએ નિ. લી. પૂ. ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીને શ્રદ્ધાંજલી અર્પણ કરતાં જણાવ્યું હતુ કે તેઓશ્રી પુષ્ટિ સંપ્રદાય તેમજ આંતરરાષ્ટીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના કાર્યક્રમોમાં સક્રિય રસ દાખવતા હતા અને તેઓશ્રીના અકાળ અને અચાનક લીલા પ્રવેશના કારણે સંપ્રદાયને ભારે ખોટ પડી છે. પૂ. આચાર્યશ્રી ગોવિંદલાલજી મહારાજ પુષ્ટિ માર્ગને વરેલા વૈષ્ણવો માટે માર્ગદર્શક અને વિદ્વાન વકતા હતા તેમજ તેઓશ્રીના સાનિધ્યમાં વૈષ્ણવોને વિવિધ પ્રસંગો-ઉત્સવોમાં અનેરો લાભ પ્રાપ્ત થયો છે તે ચિર સ્મરણીય બની રહેશે.

કલકત્તા – આં. રા. પુ. વૈ. પરિષદનું પૂર્વાચલ સંગઠન સંમેલન તા. ૨૪-૧-૮૭ ના રોજ સંપન્ન થયું. શ્રી કનૈયા હિન્ડોચાએ મંગલાચરણ કર્યુ. શ્રી ચિમનભાઈ શાહે સંગઠનની પૂર્વ ભૂમિકા પ્રસ્તુત કરી હતી. પરિષદના જુના કાર્યકર્તા શ્રી દ્વારકાદાસજી રાણાએ સૌનું સ્વાગત કર્યું હતું અને કલકત્ત શાખાનો પરિચય અને તેની ગતિવિધિઓ વિષયક પ્રકાશ પાડયો હતો.

પરિષદના કેન્દ્રીય મંત્રી એવં મહારાષ્ટ્ર રાજ્ય સમિતિના ઉપાધ્યક્ષ તથા શ્રી વલ્લભ સંદેશના સંપાદક શ્રી નિરંજન શાસ્ત્રીજી એ તથા પરિષદના ભુત પૂર્વ મંત્રી અને વર્તમાન મહારાષ્ટ્ર સમિતિના સદસ્ય શ્રી શ્રી હરિભાઈ શાહે તથા શ્રી વ્રજ મોહનદાસ મોદીએ વગેરે એ પરિષદના વિકાસ, સંગઠન, પ્રસાર, પ્રચાર સંબંધે વિચારો રજુ કરેલા.

પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહોદયના વરદ્ કર કમલો દ્વારા કીર્તનની એક કેસેટનું ઉદ્ઘાટન થયેલ અને આપશ્રીએ જણાવ્યું હતું કે "કીર્તન વૈષ્ણવોએ પોતેજ ગાવાં જોઈએ. આમ છતાં કેસેટ તેમાં સહાયક થશે."

આ સંમેલનમાં ગુજરાત, ઈટારસી, આસામ, મુંબઈ તથા અન્ય સ્થળેથી વૈષ્ણવ પ્રતિનિધિઓએ હાજરી આપી હતી.

પૂ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહોદયના મનોરથ રૂપે તા. ૨૫-૧-૮૭ ના રોજ છપ્પન ભોગ આરોગાવવાનો મનોરથ સુંદર રીતે સંપન્ન થયો હતો. ભારત ભરના હજારોની સંખ્યામાં વૈષ્ણવો એ દર્શનનો લાભ લીધા. બાદ ભગવત્પ્રસાદ લીધો હતો.

કપડવંજ : 'સંઘે શકિત કલૌ યુગો' પર વિસ્તૃત સમજ આપતાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સંગઠન મંત્રી પ્રો. શ્રી ચીમનભાઈ શેઠ સૌરાષ્ટ્રના ત.. ૨૫-૨૬-૧-૮૭ ના પ્રવાસ દરમ્યાન માણાવદર બાંટવા-વંથલી-વાંકાનેર-સુરેન્દ્રનગર-જુનાગઢ-બીલખા-લખતર-ગળવાર-ટીકકર વગેરે સ્થાનોમાં વર્તમાન પરિસ્થિતિમાં પુષ્ટિમાર્ગ સંપ્રદાયના સંરક્ષણ-સંવર્ધન માટે-તેના પ્રચાર માટે વૈષ્ણવ સમાજમાં એકતા પ્રસ્થાપિત કરવા માટે હવે વૈષ્ણવ સમાજમાં એકતા પ્રસ્થાપિત કરવા માટે હવે વૈષ્ણવ સમાજે આં. પુ. પ. ના નેજા હેઠળ સંગઠિત બનવું જોઈશે. સંગઠનની તાકાતથી વૈષ્ણવ સમાજ સમક્ષ આવી પડતા પડકારોને પડકારી શકશે એટલું જ નહીં તો વિભિન્ન પ્રકારના રચનાત્મક કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરી શકાશે એવી શ્રી શેઠે વિસ્તૂત સમજ આપી હતી.

સમગ્ર પ્રવાસ દરમ્યાન વૈષ્ણવોની ખૂબ સારી મોટી સભાઓનાં આયોજન થયાં હતાં. ગ્રામ્ય વિસ્તારમાં શ્રી ગોવિંદભાઈ આહિરના સત્સંગી કાર્યક્રમોને લઈ વૈષ્ણવો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. શ્રી ચંદ્રવદનભાઈ કોકટ, શ્રી મગનભાઈ મરજાદી, શ્રી વલ્લભભાઈ દલાલ, શ્રી પોપટલાલ જોબનપુત્રા પણ પ્રવાસમાં સાથે રહ્યા હતા.

આં. પુ. વૈ, પ. ના સંગઠ્ઠનની વ્યાપ વધારવા માટે લખતર મુકામે શ્રી દિલાવરસિંહ ઝાલા અને પ્રભાબહેન, બાંટવા મુકામે ડો. બિપિનભાઈ ડઢાણિયા અને બાબુભાઈ સી કાકડીયા (એન્જીનિયર) માણાવદર ખાતે શ્રી હિરાભાઈ પટેલ અને શ્રી ચંદ્રકાન્તભાઈ કોટક તથા શ્રી નાથાભાઈ પટેલ વગેરેની સંયોજક તરીકે સંગઠ્ઠન મંત્રી શ્રી શેઠે નિયુકિત કર્યાની જાહેરાત કરી હતી.

રાજકોટ–આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ રાજકોટ શાખાના ઉપક્રમે અને સપ્તમ પીઠાધીશ પૂ. પા. ગો. શ્રી ધનશ્યામલાલજી મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને સૌરાષ્ટ્ર ક્ષેત્રિય સંમેલન તા. ૧૩–૨–૮૭ ના રોજ શાસ્ત્રી મેદાનમાં સંપન્ન થયેલ. શાખાના પ્રમુખ શ્રી કાંતિભાઈનાં સ્વાગત પ્રવચન બાદ તેમાં સંગઠન મંત્રી શ્રી ચીમનભાઈ શેઠ શ્રી ડાયાભાઈ ડેલાવાળા, શ્રી મધુસુદન શાસ્ત્રીજી, શ્રી ઈન્દ્રવદનભાઈ શેઠ, વગેરેએ પરિષદના વિકાસ અને સંગઠન સંબંધે પ્રવચનો કરેલા તેમજ પૂ. ગો. વાગિશલાલજી બાવાશ્રી (કાંકરોલી) પૂ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી બાવાશ્રી (મુંબઈ–રાજકોટ) પૂ. પા. ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (સુરત) તથા અધ્યક્ષ મહોદયશ્રીના વચનામૃતો થયેલા.

આ સંમેલનમાં ગૌવંશ હત્યા પર પ્રતિબંધ મૂકવા, શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટય દિને 'જાહેર રજા' તરીકે જાહેર કરવા અને શ્રીમદ્ વલ્લભાચાર્યજીના જીવન ચરિત્ર સંબંધનો પાઠ શિક્ષણ પાઠય પુસ્તકોમાં સામેલ કરાવવા સંબંધના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

આ ક્ષેત્રિય સંમેલનમાં સ્થાનિક તેમજ બહાર ગામના હજારો વૈષ્ણવ ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા તેમજ પૂ. પા. ગો. બાળકો સભા મંચ પર બિરાજ માન હતા. તે બધા ગોસ્વામી બાલકોનું ફૂલ હારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સમગ્ર સંમેલનનું સંચાલન શાખાના સંગઠન મંત્રી શ્રી હસમુખભાઈ ખખ્ખરે કરેલ હતું.

॥ શ્રી ગોકુલેન્દુજયતિ ॥

નિઃશુલ્ક નેત્ર એવં દન્ત યજ્ઞનું વિશાળ આયોજન

ભગવાન શ્રી શ્યામસુંદરની ક્રીડા સ્થલી વૃંદાવન કામવનમાં પંચમ પીઠાધીશ્વર ગો. શ્રી દેવકીનંદનાચાર્ય સ્મારક નિધિ ટ્રસ્ટ દ્વારા સમાજ સેવાના પુનિત હેતુથી વર્તમાન પંચમ પીઠાધીશ્વર ગો. ગોવિંદલાલજી મહારાજ તેમજ ગો. શ્રી ગીરધરલાલજી બાવાશ્રીના સદ્ પ્રયત્નથી સર્વ પ્રથમ વ્રજભૂમિની જનતાના લાભાર્થે નિઃશુલ્ક નેત્ર એવં દન્ત યજ્ઞનું આયોજન તા. ૧૭–૩–૧૯૮૭ થી પ્રારંભ થશે.

આ યજ્ઞ અમદાવાદના પ્રસિદ્ધ અનુભવી ડો. શ્રી રમેશભાઈ દેસાઈ મુંબઈના પ્રસિદ્ધ નેત્ર રોગ નિષ્ણાત ડો. પ્રભુભાઈ પટેલ તથા તેમની સાથે સદ્ વિચાર પરિવાર (મેડીકલ યુનિટ) અમદાવાદ તથા ઉમરેઠ રોટરી કલબના સંયુકત સહકારથી આયોજન કરવામાં આવી રહ્યું છે તો આ પુનિત કાર્યમાં તન, મન અને ધનથી સહયોગ આપવા નીચેના સરનામે સંપર્ક સાધવો.

શ્રી ઉમરેઠ સાંસ્કૃતિક સાહિત્ય ચેરિટેબલટ ટ્રસ્ટ
C/o ડો. એસ. એમ. ગાંધી, લાલવશાની પોળ
સાંકડી શેરી, રાયપુર, **અમદાવાદ-૧**

સુરત-અખિલ ભારતીય શ્રી બાલકૃષ્ણ શુદ્ધા દ્વૈત મહાસભા ૬૩ મા વર્ષની પરીક્ષાઓ તા. ૧-૮-૮૭ શનિ અને તા. ૨-૮-૮૭ રવિવારે થશે. અભ્યાસ ક્રમમાં ફેરફાર થયો નથી આજે જ ફોર્મ ભરી શકાશે.

તે ઉપરાંત ષોડશ ગ્રંથની પરીક્ષા ગ્રામ્ય વિસ્તારના કલ્યાણ માટે તથા વિશ્વના સમસ્ત માનવોના કલ્યાણ માટે ગામડે શરૂ કરે છે. જેમાં પહેલી પરીક્ષા ગ્રામ્ય પરીક્ષા શ્રી યમુનાષ્ટકની મે મહિનાના પહેલા રવિવારે સવારે ૮ થી ૯ થશે. આ ગ્રામ્ય વિસ્તાર કલ્યાણ યોજનાનો તમો લાભ લો.

આ ઉપરાંત કાયમી પુસ્તક દત્તક યોજના પણ વિચારી છે તે માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો.

શ્રી મધુસુદન શાસ્ત્રીજી
શ્રી દ્વારકાધીશ સોસાયટી, પાલનપુર પાટીયા
બસ સ્ટેન્ડ પાસે, રાંદેર રોડ, શાસ્ત્રીજી નિવાસ
સુરત-૩૯૫૦૦૯

પુષ્ટિ માર્ગીય કીર્તન શૈલી ટેપ કરાવવા અંગે

પુષ્ટિ માર્ગીય કીર્તન શૈલી પ્રાચીન કીર્તનકારો ક્ષિણ થતા જાય છે. હજુ પણ આ શૈલીને પ્રાચીન કીર્તન કારો પાસે કીર્તન ટેપ કરાવી આ પ્રાચીન કલાના ખજાનાનો સંગ્રહ કરી સુરક્ષિત રાખવાની જરૂર છે, નહિતર ભવિષ્યમાં પ્રાચીન કિર્તનશૈલી કેવી હતી તેનો કોઈને પણ ખ્યાલ નહીં આવે તેમજ તેનો કોઈ પુરાવો નહિ રહે.

આ માટે નીચે પ્રમાણેનું આયોજન કરવા વિચાર છે

(૧) નિત્યપદ (૨) બારમાસી ઉત્સવ (૩) વસંતધમાર શ્રીનાથદ્વારા શૈલી અને શ્રીગોકુલ, જતિપુરા, કામવન શૈલીના બારેય માસનાં કીર્તનો આ બધા કીર્તનો પ્રાચીન કીર્તનકારો પાસે વાદ્ય સંગત સહિત ટેપ કરવા. આ અંગે કીર્તન કારો અને વાદ્ય કારોને પુરસ્કાર આપી ટેપ કરવા પ્રયત્ન કરવો.

ઉપરોક્ત બન્ને શૈલીના કીર્તનો ટેપ કરી સંગ્રહનું કાર્ય થાય તે અતિ આવશ્યક છે. આ અંગે વૈષ્ણવો જાગૃત થાય તો કાર્ય મોટું, અઘરૂં કે મોટા ખર્ચનું નથી. આ કાર્યમાં સહકાર આપવા ઈચ્છતા વૈષ્ણવો નીચેના સરનામે સંપર્ક સાધવા વિનતિ.

શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા
૫૨/૫૮ બાબુ ગેનૂ રોડ
જીવરાજ શામજી બિલ્ડીંગ, ચોથેમાળે
નવી હનુમાન ગલી કાલબા દેવી રોડ
મુંબઈ-૪૦૦૦૦૨

શ્રી મહાપ્રભુજીના ૮૪ બેઠકની યાત્રા

જામનગર- પૂ. પા. ગો. શ્રી વ્રજ ભૂષણ લાલજી માહારાજશ્રીની આજ્ઞાથી શ્રી મહા પ્રભુજીના ૮૪ બેઠકજીની યાત્રાનો પ્રારંભ તા. ૧૯-૩-૮૭ ના રોજ થશે. આ યાત્રા પ્રવાસ ૧૦૧ દિવસનો થશે જેમાં ૧૫૯ બેઠકજી, ચાર ધામ તેમજ મોટા શેહેરો, પ્રસિદ્ધ તીર્થ સ્થાનો વગેરેને આ યાત્રામાં આવરી લેવામાં આવેલ છે. બસની એક ટીકીટના રૂા. ૫૫૦૧ રાખવામાં આવેલ છે. વિશેષ જાણકારી માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવો.

શ્રી બેઠકજી યાત્રા સમિતિ
શ્રી મોટી હવેલી, જામનગર
ફોન : ૭૬૨૧૨, ૭૬૨૭૭

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૧૧ તા. ૧૧-૩-૮૭ બુધવાર
કુંજ એકાદશી વ્રત
ફાગણ સુદ ૧૩ તા. ૧૩-૩-૮૭ શુક્રવાર
બગીચા તેરસ
ફાગણ સુદ ૧૫ તા. ૧૫-૩-૮૭ રવિવાર
હોલીકા ઉત્સવ
ફાગણ વદ ૨ તા. ૧૬-૩-૮૭ સોમવાર
દોલોત્સવ
ફાગણ વદ તા. ૧૭-૩-૮૭ મંગળવાર
દ્વિતીયા પાટોત્સવ આજથી છાક તથા કુંજના પદ અક્ષયતૃતીયા સુધી બોલાય
ફાગણ વદ ૫ તા. ૨૦-૩-૮૭ શુક્રવાર
રંગ પંચમી શ્રી રણછોડજી (ડાકોર) ના ષોડશોપચાર
ફાગણ વદ ૧૧ તા. ૨૫-૩-૮૭ બુધવાર
પાપ મોચની એકાદશી વ્રત
ચૈત્ર સુદ ૧ તા. ૩૦-૩-૮૭ સોમવાર
સંવત્સરોત્સવ, શાલિવાહન શક, ચૈત્ર નવરાપ્રારંભ
ચૈત્ર સુદ ૩ તા. ૧-૪-૮૭ બુધવાર
ગણગૌરી
ચૈત્ર સુદ ૬ તા. ૪-૪-૮૭ શનિવાર
શ્રી ગુસાંઈજીના છઠ્ઠાલાલ શ્રી યદુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૫) શ્રી યમુનાજીનું પ્રાકટ્ય
ચૈત્ર સુદ ૯ તા. ૭-૪-૮૭ મંગળવાર
શ્રી રામનવમી વ્રત
ચૈત્ર સુદ ૧૧ તા. ૧૦-૪-૮૭ શુક્રવાર
કામદા એકાદશી વ્રત શ્રી મહાપ્રભુજીની વધાઈનો પ્રારંભ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-બિલખા શાખા.

પ્રા. શ્રી ચીમનભાઈ શેઠ સંગઠન મંત્રીશ્રીની સૂચના મુજબ તા. ૨૫-૧-૮૭ ના રોજ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ-બીલખા શાખાની એક મીટીંગ બીલખા હવેલીમાં મળેલ જેમાં આંતરરાષ્ટ્રિય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ પ્રેરીત શ્રી વલ્લભાચાર્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બિલખામાં બાલમંદિર-પાઠશાળા માટે આગામી જુન-૮૭ ના માસમાં તેનું ઉદઘાંટન થનાર છે. જેનું એક મીટીંગ મર્યાદી મગનલાલ નાનજીના પ્રમુખસ્થાને યોજવામાં આવેલ હતું. ગુજરાતમાં આવું સહુ પ્રથમ બાલમંદિર થઇ રહ્યું છે ત્યારે વૈષ્ણવ સમાજને બિલખા શાખા સહુ વૈષ્ણવ સમાજને અપીલ કરે છે કે-તેના માટે "આર્થીક સહયોગ" આપવા નીચેના શરનામે સંપર્ક કરવા નમ્ર પ્રાર્થના છે.

આર્થીક સહયોગ મોકલવા માટેનું સ્થળ :- પ્રભુદાસ ભીમજીભાઈ પ્રમુખ
તમાકુવાળા, ફોન નં. ૪૫ ઓ. ૯૬ ઘર
બિલખા ૩૬૨ ૧૧૦,

(૧) રાધાજીની સંગે

રાધાજીની સંગે કૃષ્ણનામ આવે (૨)
કૃષ્ણનામ આવે ને મનડાને ભાવે –રાધાજીની૦ ૧
રાધાજીની સગે ગોપીજન આવે
ગોપીજન આવે જશોદાને રિઝાવે –રાધાજીની૦ ૨
રાધાજીની સંગે યમુનાજી આવે
યમુનાજી આવે ને શ્યામને મનાવે –રાધાજીની૦ ૩
રાધાજીની સગે લલિતાજી આવે
લલિતાજી આવે ફુલ મંડલી સજાવે –રાધાજીની૦ ૪
રાધાજીના સગે સખીજન આવે
સખીજન આવે ને રાસ રચાવે –રાધાજીની૦ ૫
રાંધાજીના સંગે વ્રજ જન આવે
વ્રજ જન આવે ને શ્યામગુણ ગાવે –રાધાજીની૦ ૬

–માલતીબેન એમ. પાલેજા (રાજપીપળા)

⁂

(૨) પ્રતિક્ષા – આર્તનાદ

શ્રીજીને સંભારૂ હું તો ઘડીયે ના વિસરૂં;
અંતરિયે યાદ એની વિયોગે આંસુ ભરૂં.
સંસારીનો સ્નેહ જોઈ, દિલમાં દાઝી મરૂં,
ભમે ભૂલાં પાડે ભૂલી ભૂલેલાંને શું કહું ?
સજીને શૃંગાર સારા ફાલી કુલી હુ ફરૂં;
નાથના આવ્યાની રાહે ધિરજ હૈયે ધરૂં.
જગમાં ના ગમતુ, યાદે બાવરી હું ફરૂં;
ક્યા છુપાયો નાથ મારો હવે હું લાજી મરૂં !
ચિત્તડાને ચોર્યું એણે, એના વિના શું કરૂં ?
'કિંકરી' વલ્લભ શરણે, નિર્ભય થઈને ફરૂં.

–નટવરલાલ મહાસુખલાલ શેઠ (અરાદ)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રી વલ્લભ સુધાના તંત્રી, સંપાદક, મુદ્રક અને પ્રકાશક–રવજી પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ ૧ માર્ગ ૩ યુનિવર્સિટી રોડ રાજકોટ.

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ.